શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૪	૧૨	આધક	અધિક
૫૪	૨૩	રક્ષા	રક્ષા કી.
૫૫	૨૨	અસા	ઐસા
૬૬	૪૧	સામથ્ય	સામર્થ્ય
૭૭	૩૧	મ હતઉં	મૈં હતઉં
૭૭	૩૮	જાનુધાન	જાતુધાન
૭૯	૪૨	લ આવહુ	લે આવહુ
૮૨	૨૨	આવળકંટીના	સુકાં આમળાંના
૯૯	૩	આર	ઔર
૧૬૭	૧૮	ભગમાંથી	ભાગમાંથી
૧૮૭	૯	ગારવભરી	ગૌરવભરી
૧૯૯	૧	આર	ઔર
૨૧૯	૮	તેના આ	તેના
૨૩૯	૩૨	અત્મશ્રદ્ધા	આત્મશ્રદ્ધા
૨૪૪	૧૭	આર	ઔર
૨૫૧	૧૧	આર	ઔર
૨૫૩	૨૮	આર	ઔર
૨૫૮	૩૬	મેં લ	મેં ધૂલ
૨૮૦	૩૮	સૌત્યેઽનિ	સૌત્યેઽહનિ
૨૮૫	૬	–સા શિવ	–સૌ શિવ
૨૯૮	૧	૩૯૮	૨૯૮
૨૯૯	૧	૩૯૯	૨૯૯
૨૯૯	૨૨	આર	ઔર
૨૯૯	૨૩	મ	મૈં
૨૯૯	૪૨	હ.	હે.
૩૦૨	૧૩	ડોવન	ડોવર્ન
૩૦૩	૩૭	ખિલ્કુલ	બિલકુલ
૩૦૩	૩૮	ઇસક	ઇસકે
૩૦૩	૩૮	હે	હો
૩૨૧	૬	પદાથની	પદાર્થની
૩૨૪	૩૨	હરણાને	હરણુને
૩૪૫	૩૭	રીત	રીતિ
૩૪૯	૧૭	નાકરશાહી	નોકરશાહી
૩૫૪	૧૯	બ્રડલે	બ્રડલે
૩૫૮	૧૯	અતિરક્તિ	અતિરિક્ત
૩૬૪	૭	ઔર	ઔરા

અમદાવાદ–રાયખડમાં 'સસ્તુ સાહિત્ય મુદ્રણાલય' માં
ભિક્ષુ–અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત

પ્રકાશકનું નિવેદન

શુભસંગ્રહનો આ ચોથો ભાગ વિવિધ ગ્રંથમાળાના અંક ૨૦૭ થી ૨૧૦ તરીકે નીકળે છે. આગલા ભાગોની પેઠે આમાં પણ પ્રત્યેક લેખ સાથે લેખકનું નામ તથા તે લેખ જે સામયિક પત્રમાંથી લેવાયો હોય તેનું નામ બનતાં સુધી અપાયું છે. તે તે સર્વ લેખકો, તેના સંપાદકો અને પ્રકાશકોનો ઉપકાર માની જણાવવાનું કે, આ લેખોમાં કાંઇ પણ ઉપકારના રહેલી હોય તો તેનો યશ તેઓને છે.

આવા સંગ્રહમાંની કોઇ ઔષધિ અથવા બીજી બાબત માટે કાંઇ વિશેષ માહિતી જોઇએ તેમણે તે અત્ર તરફ નહિ પૂછતાં લેખક તરફજ લખવું ઘટે. લેખકનું ઠામઠેકાણું જોઇએ તે પણ તે લેખ, પ્રથમ જે પત્રમાં છપાયો હોય ત્યાંજ રિપ્લાઇ કાર્ડ લખવાથી મળી શકે.

સદ્ગત સાધુચરિત શ્રીમાન છોટાલાલ જીવનલાલવાળા 'મહાકાળ'ના પુષ્કળ અંકો આ સંસ્થામાં પડ્યા હતા; પણ ચૂંટવા વખત મળેલો નહિ. એક વાર રસ્તે જતાં ફેરીઆએ થોડા અંક આપ્યા, તે મુંબઇમાંજ જોવાનું બની આવતાં તેમાંના કેટલાક ઉપયોગી લેખ આ ભાગમાં લેવાયા છે. એ "મહાકાળ" શુમારે વીસેક વર્ષ ચાલ્યું, તે દરમિયાન એમાં ખાસ સંઘરવા જેવા પુષ્કળ લેખ છપાયા છે. મહાકાળના બધા અંકોમાંથી ખાસ ઉપયોગી લેખ તારવ્યા હોય તોપણ આ શુભસંગ્રહ જેવા અનેક ભાગો ભરાઇ જાય. એ સદ્ગત સાધુપુરુષે લોકહિતના જે ઉદાર ઉદ્દેશથી એ પરિશ્રમ ઉઠાવેલો, તે તેમના ઉદ્દેશને અને પરિશ્રમને અનેક પેઢીઓસુધી ઉપકારક બનાવવા માટે એવા લેખો નિષ્કામ ભાવે પુસ્તકાકારે પ્રસિદ્ધ થાય, એ બીજી રીતે પણ જરૂરનું છે. એ કામ જેમ પરોપકારનું છે, તેમ સદ્ગત સત્પુરુષ પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવનારું અને કર્તવ્ય બજાવનારું પણ છે. તેઓશ્રીનું સ્મારક પણ એ રસ્તે જેટલું ઉપકારક અને સ્થાયી બની શકે, તેટલું બીજી રીતે ભાગ્યે બની શકે.

આ સેવક તો એ કાર્ય કરવા ઇચ્છે, તોપણ હવે ભાગ્યેજ કરી શકે. (કેમકે બીજી અનેક ચીજો ઉપરાંત સંત-મહાત્માઓની વાણીના પાંચ સાત ભાગ કાઢવાના છે, તે પણ હજી કાઢી શકાયા નથી; અને કમમાં કમ બે વર્ષ સાવ નિવૃત્તિપૂર્વક આરામ લેવા જરૂર છે તે પણ હજી બનતું નથી.) સદ્ગત માસ્તર સાહેબના વિશેષ પરિચિત અને ઉપકૃત એવા અનેક સજ્જનો હોઇને તેઓ જો ધારે તો એ કાર્ય રૂડે પ્રકારે બજાવીને યશભાગી થઇ શકે.

આ સંગ્રહમાં મહાકાળમાંના જે કેટલાક લેખ લેવાયા છે, તે રીતે કટકે કટકે બીજા લેખ લેવા, એ તો "કશુંય ન થવા કરતાં જે કાંઈ થાય તે ઠીક" એવું છે. એ રીતે તો લાંબી મુદતે પૂરું થવાની માત્ર ગણત્રીજ કરી શકાય. બાકી દશવીસ વર્ષસુધીમાં તો કોણ રહે ને કોણ જાય તેનોજ પત્તો નહિ ત્યાં આગ્રીની તો વાતજ શી? વળી એક સુયોગ્ય લેખકના ઉપયોગી લેખો જૂદા ગ્રંથરૂપે છપાય, તેના જેવું રૂડું સ્મારક બીજી રીતે નજ થાય. આશા છે કે, શ્રેયઃસાધક અધિકારી વર્ગના પરોપકારપ્રિય સજ્જનો, અગ્રેસરો અને સદ્ગત માસ્તર સાહેબનાં સગાસંબંધી વગેરે આ હકીકત ધ્યાનમાં લેવા કૃપા કરશે.

આ સંસ્થા તરફથી નીકળતાં પુસ્તકોમાંના દરેકે દરેક વિચાર સાથે આ સેવકને એકમત સમજવાનો નથી, તેમ સમ્મત કે અસંમત વિચારો માટે વાદવિવાદ પણ કરે તેમ નથી. એકંદરે લોકહિતાવહ જણાય તે પ્રસિદ્ધ કરવું એજ ધોરણ છે; છતાં એમાંની કોઈ બાબત કોઇને વધારે ગમે, કોઇને ઓછી ગમે કે કોઇને જરાય ન ગમે, તેનો આધાર વાચનારની પોતાની સ્થિતિ અને સમજણ ઉપર પણ છે.

જે સજ્જનોને આમાં અગત્યની ભૂલચૂક જણાય તેઓ તે યોગ્ય સુધારણા સાથે લખી મોકલવા શ્રમ લે, એવી વિનતિ છે.

સંવત-૧૯૮૫ ફાગણ માસ.

(અવગુણસાગર) ભિક્ષુ-અખંડાનંદ

अनुक्रमणिका

ક્રમાંક	વિષય	પૃષ્ઠાંક

शुभसंग्रह-भाग चोथो

१-ध्रुवकुमार-एकांकी नाटक

દૃશ્ય પહેલું

[સ્થળ-તપોવન-અત્રિઋષિનો આશ્રમ]

ધ્રુવ—(એક સાત વર્ષનો બાળક અને ત્રણ ચાર મુનિબાળક બેસે છે, ફૂલ તોડે છે, ધ્રુવ ગાય છે.)

આવો ભાઈ! આવો ગાઇએ, જય પ્રભુની જય.
તેજ પ્રભુ છે સહુના સ્વામી, દુઃખહર્તા અંતર્યામી.
સહુ મળી મળીને ગાઇએ, જય પ્રભુની જય.
માતાનો ઉપદેશ એજ છે, સખા અમારો એક હરિ છે.
સદા ધ્યાન ધરીએ તેનું, જય પ્રભુની જય.

(સહુ નાચે છે અને ગાય છે)

એક મુનિનો બાળક—કેમ ભાઇ ધ્રુવ! કાલે અમે તને પૂછ્યું હતું કે, તારા પિતાનો હાલ બતાવ, ત્યારે તેં કહ્યું હતું કે માતાને પૂછીને બતાવીશ; તો આજ કહે કે, તારે પિતા છે કે નહિ; અમને તો લાગે છે કે, તું પિતૃહીન છે; કારણ કે અમે તો કદી પણ આ આશ્રમમાં તારા પિતાનું નામ સુદ્ધાંયે સાંભળ્યું નથી.

ધ્રુવ—સખા! મેં માતાને પૂછ્યું હતું અને તેથી મને એમ વિદિત થયું કે, મારા પૂજ્ય પિતાજી તો રાજ્યરાજેશ્વર છે.

સૌ મુનિબાળક—(હસીને કહે છે) રાજ્યરાજેશ્વર! ધ્રુવ, કાંઈ સ્વપ્ન તો નથી જોતોને?

ધ્રુવ-નહિ, ભાઇઓ! મારા પિતા મહારાજા છે,માતાનું વચન અસત્ય હોય એમ હું નથી માનતો!

મુનિબાળક—વારુ, જો તું રાજકુમાર હો, તો રાજભુવનમા કેમ નથી રહેતો? આ નાનકડા આશ્રમમાં માતાસહિત કાં નિવાસ કરે છે?

ધ્રુવ—મેં માતાજીને તેનું કારણ પૂછ્યું હતું,પરંતુ આ વચન સાંભળીને મારી માતા રોવા લાગી. હું મારી પૂજ્ય માતાને રોતાં જોવા નથી ચાહતો, તેથી હું બીજી બીજી વાતો કરવા મંડી ગયો.

બીજો મુનિબાળક—વારુ, તારા પિતા ક્યાં છે?

ધ્રુવ—મારા પિતાનું નામ રાજા ઉત્તાનપાદ છે, તેમની રાજધાની અહીંથી પાંચ કોસ છે.

સૌ મુનિબાળક—વારુ, ચાલો આજ તારા પિતાનાં દર્શન કરી આવીએ, અમે તો કોઈ દિવસ રાજધાની કે રાજમહેલ દીઠાં પણ નથી. આ બહાને રાજમહેલ તો જોઇશું!

ધ્રુવ—પણ મેં માતાની આજ્ઞા નથી લીધી.

સૌ મુનિબાળક—અમને ખાત્રી છે કે, દેવી સુનીતિ તને કાંઇ પણ નહિ કહે. તું તો તારા પિતાનાં દર્શન કરવાને જાય છે, કાંઇ બીજે તો જતો નથીને? ચાલ ચાલ, અમને રાજધાની બતાવ હવે.

ધ્રુવ—મારું મન પણ પિતાજીના દર્શન કરવાને ચાહે છે. માતા મુનિપત્નીઓ સાથે યજ્ઞને માટે જળ લેવાને ગઇ છે, તે મને કાંઇ નહિ કહે. ચાલ, પિતાજીનાં દર્શન કરી આવું.

(સૌ બાળકો જાય છે.)

× × × ×

દૃશ્ય બીજું

[સ્થળ:–રાજમહેલ–બે દ્વારપાળ ઉભા છે.]

(સિંહાસનપર રાજા ઉત્તાનપાદ વિરાજમાન છે. મુનિબાળકસહિત ધ્રુવ દ્વારપર આવી પહોંચે છે અને દ્વારપાળને પૂછે છે.)

મુનિબાળક—શું આજ રાજમહેલ છે?

દ્વારપાળ—હા, આજ રાજમહેલ છે; પણ તમે કયા ગામથી આવો છો કે તમને એટલી પણ ખબર નથી કે આ રાજભુવન છે?

મુનિબાળક—અમે તો મુનિઆશ્રમમાંથી આવ્યા છીએ ભાઈ! આશ્રમનિવાસી ક્યાંથી જાણે કે રાજમહેલ કેવો હોય છે? અમને તો યજ્ઞભૂમિ અને તપોવનનીજ ખબર હોય.

(સૌ બાળક અંદર જવા માંડે છે, દ્વારપાળ તેમને રોકે છે અને કહે છે.)

બાળકો! રાજભુવનમાં રાજાની આજ્ઞાવિના નથી જઈ શકાતું.

મુનિબાળક—અમે અંદર જઇને આજ્ઞા લઈ લઈશું.

દ્વારપાળ—નહિ, અંદર જતાં પહેલાં આજ્ઞા લેવી પડે, જો તમે સૌ અહીં ઉભા રહો તો હું અંદર જઇને મહારાજને તમારા આવવાના સમાચાર આપીને તેમની પાસેથી તમને અંદર જવાની આજ્ઞા લઈ આવું.

મુનિબાળક—અમે સૌ ચાલીને થાકી ગયા છીએ, પગમાં પીડા થઈ રહી છે, અમે મહારાજનાં દર્શન કર્યાવિના પાછા નહિ ફરીએ.

દ્વારપાળ (અંદર જઇને કહે છે) મહારાજ! દ્વારપર ચાર મુનિબાળક ઉભા છે અને આપનાં દર્શન કરવા ચાહે છે.

રાજા—મુનિબાળકોને સત્કારસહિત અંદર લઇ આવો. (દ્વારપાળ સાથે સૌ બાળક અંદર આવે છે અને મુનિબાળક રાજાને આશીર્વાદ આપે છે.)

શ્રી મહારાજનું કલ્યાણ હો!

(પરંતુ ધ્રુવ સીધો રાજસિંહાસન પાસે પહોંચી જઇ રાજાને પ્રણામ કરે છે.)

રાજા (આશ્ચર્યથી)–હે બાળક! હું ક્ષત્રિય છું, તું ઋષિકુમાર થઇને મને કાં પ્રણામ કરે છે?

ધ્રુવ—હું ઋષિકુમાર નથી, હું આપનો પુત્ર છું.

રાજા—હેં! મારો પુત્ર!! તારૂં નામ શું? તું આવ્યો ક્યાંથી?

ધ્રુવ—મ્હારૂં નામ ધ્રુવ. હું અત્રિ ઋષિના આશ્રમમાંથી આવ્યો છું. મારી માતાનું નામ સુનીતિ દેવી છે.

રાજા (પ્રસન્નતાથી)–શું તું મારી જૂની રાણીનો પુત્ર? (પ્રેમથી ગોદમાં બેસાડે છે અને શિરપર હાથ ફેરવે છે, તું આશ્રમમાં શું કરે છે? આ મુનિબાળક સૌ તારા સખા છે? (મુનિબાળકોને) આસનપર બેસો, તમને આટલે દૂર આવતાં શ્રમ પડ્યો હશે.

(આ સમયે સુરુચિ અકસ્માત્ અંદર આવે છે અને ધ્રુવને રાજાની ગોદમાં બેઠેલ જોઈ અસંત ક્રોધથી કહે છે.)

સુરુચિ—એ બાળક! તું કોણ છે?

ધ્રુવ—હું ધ્રુવ છું.

સુરુચિ—કોણ ધ્રુવ? તારાં માતા–પિતાનું શું નામ?

ધ્રુવ (રાજા તરફ આંગળી ચીંધીને)–મારા પિતા તો છે આ. મારી માતાનું નામ છે સુનીતિ દેવી!

સુરુચિ—હેં! તું સુનીતિનો પુત્ર થઇને રાજસિંહાસનપર શી રીતે બેસી શકે છે?

ધ્રુવ—મારા પિતાએજ મને સિંહાસનપર બેસાડ્યાં છે, પણ તમે કોણ છો?

સુરુચિ—હું રાણી છું. આ રાજપાટ, ધન–સંપત્તિ સૌપર મારા પુત્રનો અધિકાર છે, આ સિંહાસન મારા પુત્રનું છે, તું તેનાપર નથી બેસી શકતો.

(તે ધ્રુવને ઉતારવાને હાથ લંબાવે છે, પણ ધ્રુવ સ્વયં ઝટપટ સિંહાસનથી ઉતરી પિતાના

[illegible]પર પડી પ્રણામ કરે છે.)

ધ્રુવ—હે પિતા! આપ રાજાધિરાજ છો. આશીર્વાદ દો કે હું [illegible]
ન કરું અને [illegible] ઉચ્ચ પદ પ્રાપ્ત કરું.

(ધ્રુવની આંખોમાંથી આંસુ વહે છે, ને [illegible] છે. [illegible]
સુરુચિ તરફ ક્રોધથી જોતા [illegible] છે. [illegible]
[illegible] છે.)

રાજા—ઓ પુત્ર! [illegible] [illegible] છે, ને [illegible]
[illegible] છે.

(સ્વગત) હાય! મેં કેવી સુનીતિની [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] ભાગ્યહીન [illegible] નહિ કરે; [illegible]
દુઃખથી ભરાઈ [illegible]. (રાજા [illegible] છે.)

* * * *

દશ્ય ત્રીજું

[સ્થળ—સુનીતિનો આવાસ]

(એક નાનકડી ઓરડીમાં ભગવાં કપડાં પહેરેલી સુનીતિ જપમાળા ફેરવે છે. તે ઈશ્વર પ્રાર્થના ગાય છે, તે બોલી રહી છે.)

સુનીતિ—હા દેવ! હે ઈશ્વર! મારો ધ્રુવ-મારી આંખનો તારો-એકમાત્ર આધાર ક્યાં ગયો! તે તો સદા સૂર્ય આથમતાં આવી જતો હતો. હાય! મારા ધ્રુવે તો કશાનું કંઈ ખાધું યે નથી. ભૂખ્યો-તરસ્યો મારો બાળ અંધારામાં ક્યાં ફરતો હશે! ક્યાંક મને ને મહારાજનો પત્તો પૂછતો હશે; મહારાજનાં દર્શન કરવાને તો નહિ ચાલ્યો ગયો હોય? (ઊઠીને ઝૂંપડીમાંથી બહાર માર્ગ તરફ દષ્ટિ ફેંકે છે, પછી કહે છે.) ધ્રુવ તો ક્યાંયે નથી દેખાતો.

(હાથ જોડી પ્રાર્થના કરે છે.)

હે ઈશ્વર! દીનબંધો! દીનાનાથ! મારા પુત્રની રક્ષા કરો, તેના મનમાં આપનો નિવાસ અને પ્રેમ દો, તેના મનમાં કદી આ અસાર સંસારના રાજ્યની લાલસા ન લાગો, તેને ધર્મ-ધન દો અને સ્વર્ગનું રાજ્ય દો.

(એટલામાં થાકેલો ધ્રુવ અંદર આવે છે, માતાની ગોદમાં શિર નાખી રડે છે. માતા શિર ચૂમીને) ધ્રુવ! તું ક્યાં ગયો હતો?

ધ્રુવ—માતા! હું પિતાજીના દર્શને ગયો હતો.

સુનીતિ—શું તને રાજધાનીનો પત્તો લાગ્યો!

ધ્રુવ—હા, માતા! હું મારા મિત્ર ઋષિકુમારોસાથે મહેલમાં પહોંચી ગયો, પિતાજીને મેં પ્રણામ કર્યા, તેમણે મને પ્યારથી ગોદમાં બેસાડ્યો; પરંતુ એટલામાં એક સ્ત્રી આવી અને તેણે મને દુર્વચન કહ્યાં અને હું નિરાદરના ડરથી પિતાજીની ગોદમાંથી ઉતરી ગયો. માતા! તે સ્ત્રી કોણ હતી?

સુનીતિ—પુત્ર! તે તારી અપર માતા સુરુચિ હતી. તેં તારી અપર માતાને કાંઇ કહ્યું તો નથી ને?

ધ્રુવ—ના, માતા! મેં તેમને કાંઈ નથી કહ્યું. કેવળ પિતાજીને કહ્યું હતું કે, મને આશીર્વાદ આપો કે હું રાજપદથી કોઈ ઉચ્ચ પદ પામું.

સુનીતિ (ધ્રુવના શિરપર હાથ રાખી)-પુત્ર! ભગવાન તારા મનોરથ અવશ્ય પૂર્ણ કરશે, [હું તેમને પ્રેમથી પુકારું.

ધ્રુવ—શું ઈશ્વર મારી પુકાર સાંભળશે માતા?

સુનીતિ—કેમ નહિ સુણે?

ધ્રુવ—ઈશ્વર ક્યાં છે?

સુનીતિ—ઇશ્વર સર્વ જગ્યાએ વિરાજમાન છે, તે અંતર્યામી છે, તું પ્રેમથી પુકારીશ તો તે તને અવશ્ય દર્શન આપશે.

ધ્રુવ—માતા! ઋષિ લોક તો ઈશ્વરની તપસ્યા વનમાં બેસીને કરે છે, હુંયે જ્યાં કોઇ મનુષ્ય દેખી ન શકે ત્યાં બેસીને પુકારીશ અને જ્યાંસુધી મને ઈશ્વર દર્શન નહિ દે, ત્યાંસુધી હું પાછો નહિ ફરૂં.

સુનીતિ–પુત્ર! તું હજુ બાળક છે, અહીંજ બેસીને ઈશ્વરને પુકાર. હું તને એકલાને વનમાં નહિ જવા દઉં.

ધ્રુવ—માતા! કહે છે કે ઈશ્વર દરેક જગ્યાએ વિરાજમાન છે, તો હું વનમાં એકલો કેવી રીતે કહેવાઉં? ઈશ્વર પણ મારી સાથે હશેને? તું મને આશીર્વાદ આપ કે, મને ભગવાનનાં દર્શન થાઓ.

સુનીતિ—ઈશ્વર તારો મનોરથ પૂર્ણ કરે, તું–થાકીને આવ્યો છું, હવે વિશ્રામ કર, ઈશ્વરની પ્રાર્થના કર, ઈશ્વર તારૂં દુઃખ દૂર કરશે. મને છોડીને વનમાં ન જઇશ. અહીં હું પણ તારી સાથે પ્રાર્થના કરીશ.

(દૂધ પીને ધ્રુવ અને તેની માતા સુનીતિ બન્ને નિદ્રાવશ થાય છે.)

ધ્રુવ (જાગીને ધીરેથી)—મારી માતા તો મને પૃથક્ નહિ થવા દે, પણ મારા મનમાં તો ભગવાનનાં દર્શનની લાલસા લાગી છે, તેથી હું તો માતાના ઉઠતાં પહેલાંજ વિદાય થાઉં છું.

(માતાની પરિક્રમા કરી ચરણોપર શિર ધરી ધ્રુવ વિદાય થાય છે.)

(થોડી વારમાં માતા જાગે છે, પુત્રને ચારે તરફ શોધે છે, કહે છે) આજે મારો પુત્ર તો વનમાં તપસ્યા કરવાને ચાલ્યો ગયો. (હાથ જોડીને) હે ઈશ્વર! હે ભગવાન! ભક્તવત્સલ પુત્રે આપનો આશરો લીધો છે. આટલા દિવસ પુત્ર મારો હતો, પણ આજે તે આપનો થયો; આપ તેની રક્ષા કરજો અને તેના મનોરથ પૂર્ણ કરજો.

સુનીતિ—ઈશ્વરસ્તુતિ કરે છે. (ઉભી થઇને હાથ જોડીને)

હે દયાળુ! હે કૃપાળુ! દીનો પર કરો દયા.
હું છું દીન અતિ મલિન, આપ નાથ હું અધીન;
વિનય કરત જોડી હાથ, હે દયાળુ! હે કૃપાળુ!૦– ૧
મારી ગતિ તવ હાથ, સહુ પ્રકાર હું અનાથ;
કૃપા કરો વિશ્વનાથ, હે દયાળુ! હે કૃપાળુ!૦– ૨
છે મમ પુત્ર તવ શરણ, લાગી છે તેને તવ લગન;
પૂર્ણ કરો તેની આશ, હે દયાળુ! હે કૃપાળુ!૦– ૩
મમ બાળક પર કૃપા કરી, તવ શરણમાં તેને લેઇ;
દર્શન દેજો ખોલી કમાડ, હે દયાળુ! હે કૃપાળુ!૦– ૪

× × ×

દશ્ય ચોથું

[સ્થળઃ- તપોવન–અત્રિ મુનિનો આશ્રમ]

(એક વડના ઝાડ નીચે ધ્રુવ બેઠો છે– પ્રેમથી પુકારી રહ્યો છે.)

ધ્રુવ—દીનબંધો ભગવાન! ક્યાં છો? આવો.

(થોડી વાર થંભે છે. પુનઃ પુકારે છે)

દીનબંધો ભગવાન! ક્યાં છો? આવો. (ફરી કહે છે) માતા તો કહેતી હતી કે હરિ મારી પુકાર સાંભળશે, પણ મને તો આમ પુકારતાં કેટલાયે દિન વહી ગયા! હજુસુધી ઈશ્વરે મારી પુકાર ન સાંભળી! કદાચ મને પુકારતાંજ નહિ આવડતું હોય તો?

(ફરીથી પ્રેમપૂર્વક પુકારે છે)

દીનબંધો ભગવાન! આવો, મને દર્શન દો!

(એટલામાં એક મહાપુરૂષ ગેરૂઆ રંગનાં કપડાં, શિરપર જટા, ગળામાં ફૂલમાળા

પહેરીને તેની સામે આવી ઉભા રહે છે.)

(ધ્રુવ મહાપુરુષના ચરણોપર શિર રાખી પ્રણામ કરે છે અને કહે છે.)–મારા દીનબંધો ભગવાન આપ છો શું?

મહાપુરુષ—નહિ! હું તમારા ભગવાનનો દાસાનુદાસ છું. મારૂં નામ નારદ, તેમણે મને તમારી ખબર કાઢવાને મોકલ્યો છે.

ધ્રુવ—શું દીનબંધો ભગવાને મારી પુકાર સાંભળી છે!

નારદ—જે દિનથી તમે પુકારો છો, તે દિનથીજ ભગવાને તમારી પુકાર સાંભળી છે.

ધ્રુવ—તો તે આવતા કેમ નથી!

નારદ—હું અહીં થી પાછો જઇશ એટલે ભગવાન આવશે. વારૂ,તમે ભગવાનને શી રીતે પુકારો છો?

ધ્રુવ—(અત્યંત પ્રેમથી)–દીનબંધો ભગવાન ક્યાં છો! આવો.

નારદ—બીજું કાંઇ નથી કહેતા!

ધ્રુવ—નહિ, મારી માતાએ આમજ શીખવાડ્યું હતું.

નારદ—વારૂ તો હવે કહો, દીનબંધો ભગવાન? મુજપર દયા કરો!

ધ્રુવ—દીનબંધો ભગવાન! મુજપર દયા કરો.

નારદ—દીનબંધો ભગવાન! મારી માતા પર દયા કરો!

ધ્રુવ—દીનબંધો ભગવાન! મારી માતાપર દયા કરો!

નારદ—દીનબંધો ભગવાન! મારા પિતાપર દયા કરો!

ધ્રુવ—દીનબંધો ભગવાન! મારા પિતાપર દયા કરો!

નારદ—દીનબંધો ભગવાન! મારી અપર માતાપર દયા કરો!

ધ્રુવ—હે મહાત્મા! મારી અપર માતાએ મને અને મારી માતાને બહુ કુવચન કહ્યાં છે.

નારદ—હે ધ્રુવ! તે અપરાધની ક્ષમા આપી તું તેને માટે પ્રાર્થના કર.

(ધ્રુવ ચૂપ રહે છે)

નારદ—ધ્રુવ! ભગવાનનો ભક્ત તે છે, કે જે પોતાના શત્રુઓનું ભલું કરે, તેનું મંગળ ચાહે. જો તું ભગવાનને પ્રસન્ન કરવા ચાહતો હોય તો તારી અપર માતાને માટે પ્રાર્થના કર.

ધ્રુવ—(અત્યંત પ્રેમથી) દીનબંધો ભગવાન! મારી અપર માતા પર દયા કરો!

(નારદ અંતર્ધાન થઈ જાય છે, એકાએક તેજપ્રકાશન થાય છે અને એક અપૂર્વ મૂર્તિ ધ્રુવ સામે ઉપસ્થિત થાય છે. ધ્રુવ તેમને ચરણે પડે છે, ભગવાન તેના સિર પર હાથ મૂકે છે. પુષ્પવૃષ્ટિ થાય છે.) (પડદો પડે છે.)

× × × ×

દૃશ્ય પાંચમું

[ધ્રુવ તેજ તપોવનમાં બેઠો છે. રાજા ઉત્તાનપાદ, મંત્રી, સુનીતિ, સુરુચિ આદિ સૌ તેને લેવાને આવે છે. ધ્રુવ ઉઠીને પ્રથમ સુરુચિનો ચરણસ્પર્શ કરે છે અને કહે છે.]

ધ્રુવ—હે માતા! આપનીજ કૃપાથી મને ભગવાનનાં દર્શન થયાં.

સુરુચિ (ધ્રુવને ગળે વિંટાળે છે અને કહે છે)—પુત્ર! હું પાગલ થઈ ગઇ, મારા શિરપર સ્વાર્થરૂપી ભૂત સવાર હતું, મારો અપરાધ ક્ષમા કર.

ધ્રુવ—(હાથ જોડીને કહે છે) માતા! હવે મને ખબર પડી કે, તે તો હતાં અમૃતવચનો, તે વચનોએ તો મારો ઉદ્ધાર કર્યો!

(પછી સુનીતિ અને રાજા ઉત્તાનપાદને ચરણે પડે છે.)

પુત્ર ધ્રુવ' તું અમારા કુળરૂપી કમળને ખીલાવનાર સૂર્ય છું. તારૂં નામ સંસારમાં અમર રહેશે. હવે તું અમારી સાથે રાજધાનીમાં ચાલ. (સૌ જાય છે.)

("વિશ્વજ્યોતિ" માસિકના વૈશાખ સં. ૧૯૮૪ ના અંકમાં લેખકઃ-શ્રી. નંદલાલ ભટ્ટ)

જાતિ એનું નામ સાંભળીને બાર ગાઉ ભાગતી ફરે છે!

× × ×

એ સંયમની બાબતમાં તો માનવજાતિ–ખાસ કરીને વર્તમાન યુગની–દરેકથી પાછળજ આવવાની. એટલે જૂદાં જૂદાં પશુ–પંખીઓના નામથી ઉલ્લેખ કરવા જતાં પારજ આવે નહિ. માટે થોડાક નમુનાજ આપવા યોગ્ય છે; બાકી ગાય, ભેંસ, બકરાં, ઘેટાં, ઘોડા, ઉંટ, હાથી, ચકલાં, મોર, બગલાં, મયર સૌને વિષે એજ રીતે વિવેચન કરી શકાય તેમ છે.

× × ×

બીજી સંયમવૃત્તિ આહારની. એમાં પણ માનવજાતિનો ક્રમ પશુ–પંખીની પાછળજ આવવાનો! ખાઉધરાપણાને અંગે થતા રોગ જેટલા માનવજાતિને લાગુ પડે છે, તેટલા પશુ–પંખીને કદીજ થતા નથી. કલ્પના કરો, અમૃત જેવી મીઠી કેરીઓથી આંબાવાડીઉ લચી રહ્યું હોય તે વખતે આંબાવાડીઆમાં વસતાં પંખીઓમાંથી કેટલાં હદ કરતાં વધારે ખાવાથી મરી પડેલાં જણાય છે! અને પોતાની જાતિને વિષે ફૂલજ મગરૂરી રાખનાર, અભિમાનનાં પૂતળાં જેવાં માનવપ્રાણીઓમાં તો કેટલાએ, પારકા ભોજનને પોતાના પેટમાં અકરાંતીઆની માફક ઠેલી ઠેલીને ભરવાથી, ત્યાં ને ત્યાં તરફડીને મરી ગયાનાં દષ્ટાંતો ઘણાંયે મોજુદ છે!

× × ×

પશુ–પંખીઓ ઉપર પ્રેમદૃષ્ટિ રાખીને, કદીયે એમના જીવનનો અભ્યાસ કરવાની દાનત રાખી હશે તે કહી શકશે કે, સૂવામાં અને જાગવામાં, જો માણસો એમનું અનુકરણ કરે તો કદીયે દુઃખી ન થાય. પ્રાતઃકાળે કદી જુહુના દરિયાકિનારે ગયા છો? એ નાળિયેરીના વનમાંથી એ વખતે તો જાગૃત થઈ થઈને, ચારાની શોધમાટે ઉપડી જતી કાકસેનાના કોલાહલને સાંભળીને, ઉંઘણશી માણસો શરમાઇને મરી જાય તેવું લાગશે! અરે! એટલે ન જવું હોય તેને માટે ઘરઆંગણે ચકલાં, કાબરો, મેના, પોપટ, ક્યાં ઓછાં છે?

× × × ×

એક સુંદર નાનકડા ગામડામાં જોયેલું દશ્ય મારા જીવનસુધી હું વિસરી શકવાનો નથી. ગામને ઝાંપેજ એક વિશાળ તળાવ, તેની અંદર બરાબર મધ્યમાંજ નાનકડો બેટ, તેની ઉપર અનેક વૃક્ષોનો સમૂહ–એ બધું કેવું લાગતું હશે? એ વૃક્ષાવલીની શાખાઓમાં, સંધ્યાસમયે ચારે દિશાએથી કેટલાએ ગાઉના પંથ કાપીને બગલાંઓનો સંઘ રાતવાસો ગાળવા આવે છે. બરાબર નિયમિત વખતેજ તે નિદ્રાધીન થઇ જાય છે. અને પ્રાતઃકાળે ચાર અને પાંચની વચ્ચે તો જાગૃત થઇ ઉદરપોષણ અર્થે ચારો શોધવા ટુકડીઓ બંધાઇને અનેક બકપંક્તિઓ ત્યાંથી ઉડી જાય છે! માનવસમુદાય એમના જેવો નિયમિત અને એટલો ઉદ્યોગી હોત તો?

× × × ×

કીડીઓ, પતંગીઆં, મધમાખીઓ, ભમરાઓ અને બીજાં અનેક જંતુઓની ઉદ્યોગપ્રિયતા અને સ્વાશ્રયી વૃત્તિ જોઇને પણ આપણે તો શરમાઇને લાજી મરીએ તેમ છીએ.

વાનરસેનાનું નિયમન અને વ્યવસ્થા જોઇને પણ આપણે માનવીની હાર કબૂલવી પડે તેમ છે. સંસારી અને બ્રહ્મચારી એવાં બે ટોળાંઓ એમનાં હોય છે. સંસારી ટોળાઓમાં વાંદરીઓ અને તેમના સંતાનસમૂહના સંરક્ષણમાટે એકેક વીર સેનાપતિ હોય છે. તેના એકજ પોકાર આગળ આખી સેના કેવી નમી પડે છે અને પોતાના સ્વજનમંડળની આપત્તિ વખતે એકજ બુદ્ધિયો કેવાં વિરલ પરાક્રમ દાખવી શકે છે, તે તો અનુભવેજ સમજાય! પોતાની એકજ જાતિને ગુંડાઓ કે તોફાની ગોરા સોલ્જરોના પંજામાંથી બચાવી નહિ શકનારા, આજના અનેક નિર્માલ્ય હિંદુઓએ, આ વાનર નરવીર પાસેથી શું ઓછું શીખવાનું છે! એમના બ્રહ્મચારી ટોળામાં બધાજ નરવાનરોજ હોય છે. બાઇઓનું નામ નહિ' કેવું તપ'' હનુમાનજાતિના એજ સાચા વંશજ કહેવાય, એમા શું નવાઈ''!'

× × × ×

કાગડાઓની ઉજાણી, કાગડાઓનું ઐક્ય અને તેમનો શોક, એ પણ જાણવા અને સમજવા-

માત્ર સ્વાર્થબુદ્ધિથી પ્રેરાઈનેજ નિરંતર યુદ્ધ કર્યાજ કરે છે; તેમાં જેનામાં એ સ્વાર્થબુદ્ધિ જેટલે અંશે વધુ ખીલેલી, તેટલે અંશે તે સ્વાર્થ મેળવવામાં બીજા માનવવ્યક્તિને વિશેષ દબાવી રાખે; અને જેનામાં તે બુદ્ધિ ઓછી ખીલેલી હોય છે તે તેટલે અંશે અનિચ્છિત દબાય છે. વળી એ રીતે દબાવનાર કે દબાવાનારાઓમાં એક દાનવ કે બીજો દેવ નથી. દબાય તે નિર્માલ્ય જંતુ, ગુલામ; અને દબાવી શકે તે સ્વતંત્ર, સબળ, વીર. કુદરત કોઈને નિર્માલ્ય જંતુ કે ગુલામ રહેવાનું કહેતી નથી, તેમ કોઈની ઉપર મહેરબાની બતાવીને કોઈ પણ બનાવતી નથી. એના રાજ્યમાં તો જે બળવાન બને તે એ લાભ ભોગવે, જે નિર્બળ રહે તે ગુલામ-જીવનનો લાભ અને સ્વતંત્રતા ગુમાવી, સબળની ગુલામી કર્યા કરે; એજ કુદરતનો કાનૂન છે.

× × × ×

એટલે હિંદુસ્થાનમાં જે કોમો અંત્યજ, અકુલીન, પછાત કે દબાયલી ગણાય છે, તે આત્મબળથી સબળ બને તો એમને કોઈ દબાવી કે દબાવી શકે તેમ નથી; કે નથી તો કોઈ અંત્યજ અથવા અકુલીન ગણી શકે તેમ. તેજ રીતે જો પૂર્વની પ્રજા એક બની સબળ થાય તો પશ્ચિમની પ્રજાની તાકાત નથી કે તેને વધુ વાર લૂંટી કે દબાવી શકે. 'માગો અને મળશે.' 'ખખડાવો અને ઉઘડશે' એ બાઈબલના સૂત્રોનો એજ ભાવાર્થ છે. તેજ રીતે 'આત્મા આત્માનો શત્રુ અને મિત્ર છે,' 'બળહીનને કશુંજ મળતું નથી,' 'સ્વતંત્રતાસમાન સુખ નથી અને પરતંત્રતાસમાન દુઃખ નથી.' એ હિંદુઓના શાસ્ત્રવચનોનો પણ એજ હેતુ છે. 'સ્વર્ગમાં રહીને બીજાની પરતંત્રતા ભોગવવી તેના કરતાં નરકમાં પણ સ્વતંત્ર રહેવું, એ હજાર દરજ્જે સારું છે' એજ સૂત્રને અત્યારે જગતમાં, ઘરમાં, કોમમાં, સમાજમાં કે દેશમાં જે જે દબાયલાં-દબાવેલાં હોય, તેમણે જીવનનું લક્ષ્ય બનાવવાની જરૂર છે.

(દૈનિક "હિંદુસ્થાન" માં લેખક-શ્રી. સમાજસુધારક)

૨–આંખોની જાળવણીના સોનેરી નિયમો

"આઇ સાઇટ કૉન્ઝર્વેશન કાઉન્સિલ"ના જનરલ ડાયરેક્ટર ડૉ૦ ગ્રેએ હેલી આંખોની જાળવણી માટેના નીચલા સોનેરી નિયમો ધ્યાનમાં રાખવાની ખાસ ભલામણ કરે છે:–

(૧) ચાલતી ટ્રેનોમાં કદી પણ વાંચતા ના;
(૨) તમારી આંખોને ખેંચી ઘણી મહેનત આપતા ના.
(૩) ચળકતા કાગળો વાપરતા ના.
(૪) બારીક અક્ષરોની ચોપડીઓ વાંચતા ના.
(૫) ઝાંખી રોશનીથી વાંચતા ના કે લખતા ના.
(૬) તમારી આંખોના ભોગે રોશનીના ખર્ચનો બચાવ કરતા ના.
(૭) ઘણી ચમકની રોશનીવડે કદી પણ વાંચતા કે લખતા ના.
(૮) શેડ વગરની રોશની લખતી અને વાંચતી વખતે કદી વાપરતા ના.
(૯) તમારી આંખોને તમારા (લખવા–વાંચવાને લગતા) કામ આગળ લાવતા ના; પણ તમારું કામજ તમારી આંખો આગળ લઇ જજો.
(૧૦) સસ્તા ચશ્માઓ કદી પણ વાપરતા ના.
(૧૧) બરાબર ધોયા વગરના સાધારણ ટુવાલ વાપરતા ના.
(૧૨) બાડી કે ખેંચાતી આંખો માટે બેદરકાર રહેતા ના.
(૧૩) તમારી આંખોની નબળી સ્થિતિ તરફ સહેજ પણ ઓછી કાળજી રાખતા ના.

(તા. ૧૭ મી મે ના દૈનિક "હિંદુસ્થાન"માંથી)

૪-निकारागुआनो शूरवीर सेनापति

જનરલ સેન્ડીનોની ભીષણ પ્રતિજ્ઞા

પ્રજાતંત્રવાદી જગતમાં પંકાયલું અમેરિકાનું સંયુક્ત સંસ્થાનોનું રાજ્ય હવે મધ્યઅમેરિકાની સ્વતંત્ર પ્રજાઓ તાબે કરી લેવા મથી રહી છે. નિકારાગુઆ આમાંનું એક નાનું સરખું રાજ્ય છે, કે જે સર કરી લેવા અમેરિકા અનેક જાતનાં કાવત્રાં રચી રહ્યું છે; અને જો જનરલ સેંડીનો ન હોત તો તે આજે અમેરિકાની ગુલામીની બેડીમાં ક્યારનુંય જકડાઇ ગયું હોત; પરંતુ આ તેજસ્વી યુવક અમેરિકા સામે બાથ ભીડી અને વર્ષોથી પોતાના મુઠ્ઠીભર વફાદાર સાથીઓની મદદથી અમેરિકન શાહીવાદની પ્રચંડ સત્તા સામે તે ઉગ્ર લડત લડી રહ્યો છે.

સેંડીનોને ફસાવવાના પ્રયાસ

જનરલ સેન્ડીનોની આ તેજસ્વિતાથી અમેરિકાના મહાન સેનાપતિઓ પણ છક બની ગયા છે અને તેને ગમે તે હિસાબે પણ સપડાવી દેવાનાં ભેદી કાવત્રાંઓ રચ્યે જાય છે. એવા એક પ્રસંગે સેનાપતિ જનરલ જે. મોંકાડાએ ઝનુની સ્વાતંત્ર્યવીર સેંડીનોને મળવા માટે આમંત્રણ આપી "[illegible]" માટે નાહક ખુવાર નહિ થવાની ભલામણ કરી તેને અમેરિકાની સેવામાં જોડાઇ જવા માટે સમજાવવાનો પ્રયાસ કર્યો. જનરલ મોંકાડાને લાગ્યું કે, તે સેંડીનોને બનાવી જશે; પણ આખરે તેની મુરાદ નિષ્ફળ નીવડી. ફરી એક વાર તેણે એક મીજબાનીની ગોઠવી અને યુવાન સેંડીનોને આમંત્રણ આપ્યું. મીજબાનીમાં બાટલીઓ પણ ખુબ ફુટી.

આ વેળા એક [illegible] મનોરંજક બીના બની. મીજબાનીમાં એક ડોશી એક તેર વર્ષની સુંદર કુમારિકાને લઇ આવી હતી. તેને સેંડીનો આગળ ઉભી કરી મોંકાડાએ કહ્યું કે "નીકારાગુઆમાં અમેરિકાની નીતિનો સ્વીકાર કરે તો આ છોકરી તને બક્ષીસ કરૂં." બિચારી બાળા [illegible] ટગર ટગર જોતી આંસુ ઢાળતી હતી.

છોકરી સાથે પસાર થયો.

સેંડીનોએ સિંહગર્જના કરી કહ્યું કે "નીકારાગુઆની આ આદર્શ બાળાને તમે કે બીજો કોઇ [illegible] નહિ" અને તરત તે બાળાને ઉપાડી ઘોડેસ્વાર થયો તથા વિજળીને વેગે દૂર [illegible]. આ બાળા આજે એક આશ્રમમાં સિસ્ટર મેરિયા ઓગસ્ટાને નામે [illegible] છે. એ કિસ્સાથી સેંડીનોના દુશ્મનો તેનાથી કંપે છે અને આ બહાદુરીને લીધેજ પ્રજાનો તેને માટે અપૂર્વ માન વધી પડ્યું છે.

તે પછી [illegible] છાપાઓમાં એવી ખબર ફેલાઇ ગઇ કે, વિમાનોમાંથી ફેંકવામાં આવેલા બૉમ્બથી સેંડીનો [illegible] હોત કે મરણશરણ થયો હોત, પણ તે એક મહાન પુરુષ છે, [illegible] સેંડીનો હજી જીવતો છે અને અમેરિકન શાહીવાદીઓ તેને [illegible] ને નામે ઓળખાવે છે; છતાં પ્રજાના અંતરમાં [illegible] છે.

[illegible] એક પર્વતની [illegible] વસેલો પ્રાંત છે અને તેમાં [illegible] છે. અમેરિકન સિપાઇઓ જો કે તેની સામે [illegible] અને ઉત્સાહ, દેશભક્તિના [illegible]

સેંડીનોનો પૂર્વવૃત્તાંત

[illegible]

…કામકાજમાટે ઘણોજ ઉંચો અભિપ્રાય હતો. દરમિયાનમાં નિકારાગુઆમાં કૉન્ઝરવેટિવ અને લિબ…લ પક્ષ વચ્ચે યુદ્ધ જામી ત્યારે સેંડીનો ત્યાં ઉપડી ગયો. ગયા (ઈ. સ. ૧૯૨૭ના) જુલાઈ માસમાં લિબરલો અને પ્રમુખ ડીઆઝ વચ્ચે સમાધાની થઇ, પણ સેંડીનોએ તેની સામે પણ બંડ ઉઠાવ્યું ને ઉપર જણાવેલા ભાગમાં સ્વતંત્ર રાજતંત્ર સ્થાપન કર્યું. તે પોતાને "પહાડોનો જંગલી પશુ" તરીકે ઓળખાવે છે.

તરતજ તેણે લશ્કરનું સંગઠન કર્યું. તે એક ઉમદા કદાવર સફેદ ઘોડાપર સ્વારી કરે છે. સેનાજ નામના સિક્કા તેના રાજ્યમાં ચાલે છે. રાજ્યમાં તેણે એવો કાયદો કર્યો છે કે, તેના લશ્કરમાં જે કોઇ દારૂ વેચે તેને ફાંસીને માંચડે લટકાવવામાં આવશે. વળી પરદેશીઓની માલમિલકત પણ તેણે જપ્ત કરી.

હાલ તેની પાસે એક હજાર બંદુકો અને ૮૦ હજાર કારતુસો હોવાનું તેના દુશ્મનો આપણને જણાવે છે. વધારામાં ત્રણ મશીન-ગન્સ ને થોડી તોપો પણ છે. આ સંખ્યા સાથે આપણને કોઇ જાતની પંચાત છે નહિ, પણ આપણે એ તો અનુભવથીજ જાણ્યું છે કે, અમેરિકન સેનાઓ સાથે જ્યારે જ્યારે લડાઇઓ થઈ, ત્યારે સેંડીનોની સેનાજ પ્રભાવશાળી નીવડી હતી.

ઓજસ્વી આશાવાદ

એક મિત્રપર તેણે કારણપરત્વે એક વાર પત્ર લખ્યો હતો અને તે ખાનગી હતો, છતાં તેમાં એ વાક્યો તો હતાંજ કે "તમે ખાત્રી રાખજો ને બીજાઓને પણ ખાત્રી આપજો કે, જ્યાંસુધી મધ્યઅમેરિકામાંથી વિદેશીઓ ચાલ્યા નહિ જાય, ત્યાંસુધી લડાઇ ચાલુજ રહેવાની. તમે જાણો છો, દેશભક્તિનો ઉપદેશ યુવકોને તમો આપો છો. તમારા ઉપદેશથીજ હું પણ જાગ્રત થયો હતો. મારા હૃદયમાં દેશભક્તિના પડઘા તે તમારા પ્રભાવશાળી લેખને પરિણામેજ. તમારા ઉપદેશને વશ થઇનેજ મેં સ્વતંત્રતાનું વ્રત લીધું છે અને ઘણા લાંબા કાળથી તરસી થયેલી મધ્યઅમેરિકન ભૂમિને શત્રુના લોહીથી સંતોષવાની પ્રતિજ્ઞાને હું વરી ચૂક્યો છું. આપણા દેશમાં વિદેશીઓને કોઈ પણ રીતે દખલ કરવાનો હક્ક નથી.

સેંડીનોની ભીષણ પ્રતિજ્ઞા

ખૂનખાર લડાઇના પ્રસંગ નજીક આવી રહ્યા છે. ગમે તે થાય, પણ સેંડીનોની છાતીમાં ધમણ છે. તેની નસોમાં જીવતું લોહી વહે છે, ત્યાંસુધી નિકારાગુઆ શાહીવાદીઓના હાથમાં પસાર થશે નહિ! ખૂનખાર લડાઇઓ ચાલુ રહેશે, શત્રુ સૈનિકો જાનમાલનો નાશ કરશે. મારી પાસે આજે પાંચ ટન ડાયનેમાઇટ ભર્યું છે. હું જો ચોગમથી એકજ આક્રમણના સંજોગોમાં આવી પડું અને તેમાંથી છૂટવું મારે અશક્ય થઇ પડે તો મારે હાથે એ ડાયનેમાઇટ સળગાવી મૂકીશ. તેના ધડાકા આજુબાજુના ૨૫૦ માઇલમાં સંભળાશે; એટલે દુનિયાએ માની લેવું કે, સેંડીનોએ પોતાની કાયર જીંદગીનો અંત આણ્યો છે, દેશદ્રોહીઓ તેમ શત્રુઓ આ દેહનો સ્પર્શ કરી શકશે નહિ, તે પ્રચંડ અગ્નિપ્રલયમાં ભસ્મ થઈ જશે.

આયર્લેંડમાં ડી'વેલેરાનું જે સ્થાન છે તે નિકારાગુઆમાં નિ:શંક દેશભક્ત જનરલ સેંડીનોનું છે. આજે પણ તે પોતાના થોડાક ઝનુની સિપાહીઓની મદદથી મહાન શક્તિવાળા અમેરિકાની શાહીવાદ સત્તા સામે ખૂનખાર જંગ ખેલી રહ્યા છે.

માનવજાતિના ઉદ્ધારકોની જ્યારે તવારીખ લખાશે, ત્યારે જનરલ સેંડીનોનું નામ તેમાં અમરસ્થાન ભોગવશે

(દૈનિક 'હિંદુસ્થાન'ના એક અગ્રલેખમાંથી)

[illegible]

[illegible] तिवारी

[illegible]

લાગે છે. પરંતુ એ વિચાર જો મોગરાના કે ચંપાના વૃક્ષનું બીજક હોય છે અથવા આંબાના વૃક્ષનું બીજક હોય છે, તો સુવાસિત પુષ્પો અથવા સ્વાદિષ્ટ ફળો આપણને પ્રાપ્ત થાય છે.

આપણી મનોવાટિકામાં ઉગેલાં કાંટાનાં વૃક્ષોનો નાશ કરવાને માટે આપણે તેમને આખાં ને આખાં મૂળસહિત ઉખેડી નાખવાં જોઈએ; પરંતુ તે કંઇ ખેંચી શકાય અથવા કાપી શકાય એવાં હોતાં નથી. તેમને તળેથી ઠેલો મારીને બહાર કાઢી નાખવાં જોઈએ, એટલે કે જે કાંટાનાં વૃક્ષને કાઢી નાખવા આપણે ઇચ્છતા હોઇએ તે વૃક્ષના મૂળતળે, આંતરમનમાં વધારે ઉંડે આપણે બીજું બીજક વાવવું જોઇએ. આંતરમનમાં જેમ વધારે ઉંડાં બીજકો રોપવામાં આવે છે, તેમ તે બીજકોમાં વધારે જીવન અને વધારે બળથી ઉગવાની શક્તિ હોય છે. આમ હોવાથી જે બીજકને માનસભૂમિમાં સૌથી ઉંડું રોપ્યું હોય છે, તે બીજક એટલે ઉંડે નહિ રોપાયલાં બીજકોને ધક્કો મારીને બહાર કાઢી નાખે છે, અને પોતે ઉપર આવે છે. આ બીજો નિયમ પણ સુખની ઇચ્છાવાળા આપણે સર્વદા સ્મરણમાં રાખવાનો છે.

દોષોને, દુર્ગુણોને અથવા પ્રતિકૂળ સ્થિતિઓને ટાળવાને માટે જ્યારે આ નિયમાનુસાર આપણે પ્રયત્ન કરીએ છીએ, ત્યારે તેમને ટાળવામાં આપણે વિજયી થયા વિના રહેતાજ નથી. પડેલી ટેવો ટાળવાને ભલે તેવો બળવાન નિશ્ચય કર્યો હોય છે, તોપણ તે છૂટતી નથી. ખરું કહીએ તો કોઈ પણ સ્થિતિ, કામના, દુર્ગુણ અથવા રોગ એ રીતે ટાળી શકાતો નથી. આપણને ન ગમે તેવો આપણા શરીરમાં તથા મનમાં જણાયલો રોગ પણ રોગ ત્યારેજ સહેલાઇથી અને સંપૂર્ણપણે ટળી જાય છે, કે જ્યારે આપણે જે આપણને ગમે છે, તેનાં આપણા આંતરમનમાં વધારે ઉંડાં મૂળ નાખીએ છીએ. તમારા દોષોપ્રતિ દૃષ્ટિ પણ ન નાખો; તેમનાસંબંધી વિચારસરખો પણ કદી ન કરો અને જે સદ્ગુણોની તમને ઇચ્છા હોય તેનાજ, ઉંડા ઉતરી તન્મય થઇ વિચાર કરો. જેમ વધારે ઉંડા ઉતરી તમારે જોઇતા સદ્ગુણોનો તમે વિચાર કરશો, તેમ તમારી માનસિક આંતરભૂમિમાં તેનાં વધારે ઉંડાં મૂળ નંખાશે, અને તેમ તમારા દોષો છૂટવાનો સત્વર યોગ આવશે. દોષથી મુક્ત થવાનો અને સદ્ગુણોને સિદ્ધ કરવાનો આજ માર્ગ છે; દુઃખથી છૂટવાનો અને સુખને પ્રાપ્ત કરવાનો આજ રાજમાર્ગ છે; જીવત્વનો નાશ કરવાનું અને શિવત્વનો અનુભવ કરવાનું આજ અમોઘ સાધન છે.

જે તમારે ન જોઇતું હોય તેનો તન્મય થઇને કદી વિચાર કરતા ના; પણ જે તમારે જોઇતું હોય તેનોજ જેમ બને તેમ અધિક વાર અને જેમ બને તેમ અધિક તન્મય થઇને વિચાર કરો. જેનો તમે ઉંડા ઉતરી વિચાર કરો છો અથવા જેની તમે અત્યંત તીવ્રપણે ઇચ્છા કરો છો, તેનાં આંતરમનમાં બીજક રોપાય છે; અને જેનાં આંતરમનમાં બીજક પડે છે તે થોડા સમયમાં વૃક્ષ થઇને ઉગી નીકળે છે. આમ હોવાથી જે ગુણો અથવા ટેવો ધારણ કરવાયોગ્ય નથી તેવા પ્રત્યેક ગુણની અથવા ટેવની સંપૂર્ણ ઉપેક્ષા કરવાથી, તેમના તરફ દૃષ્ટિસરખી પણ કરતી છોડી દેવાથી તમારી માનસવાટિકામાં સર્વ પ્રકારનાં કાંટાનાં વૃક્ષોને ઉગતાં તમે અટકાવી શકશો; અને જે ગુણો અને ટેવો ધારણ કરવા યોગ્ય છે, તેવા પ્રત્યેક ગુણનો અને ટેવનો જેમ બને તેમ ઉંડા ઉતરી વારંવાર વિચાર કરવાથી તમારી માનસવાટિકામાં તમે સર્વ પ્રકારનાં ઉત્તમ અને સુખદ ફળવૃક્ષોને તથા પુષ્પવૃક્ષોને ઉછેરી શકશો. તમારી માનસવાટિકા ઇંદ્રના નંદનવન જેવી સર્વદા ખીલી રહેશે, અને તમને નિરંતર આનંદ તથા સુખને આપનાર થઇ રહેશે.

પ્રત્યેક પ્રકારનો વિચાર આંતરમનમાં ઉંડાં મૂળ ઘાલે છે. આ કારણથીજ જેનો આપણે નિત્ય જપ ધર્યો કરીએ છીએ, તેના પંજામાં આપણે સપડાઈ જઈએ છીએ. ચિંતા, ક્લેશ, સંતાપ અને તેવીજ બીજી મનની વ્યાકુળતાવાળી સ્થિતિઓમાં પણ એમજ બને છે. આ કારણથી બને તેમ હોય તોપણ આવા વિકારોને તથા સ્થિતિઓને મનમાં કદી પણ ન પ્રવેશવા દેવી જોઇએ. અને આમ કરવું, એ કાંઈ કઠિન નથી. આવા વિકારો મનમાં ઉઠવા માંડે કે તરતજ સાવધાન થઇ, કોઇ સારા વિચારોમાં મનને જોડી દેવું. આનંદના, શાન્તિના, સુખના, આરોગ્યના, સમૃદ્ધિના, બળના, સાહસના અથવા જે જે ગુણ તમે સિદ્ધ કરવા ધારતા હોય તેનાજ

વિચારો તન્મય થઇને કરવા. આપણા શાસ્ત્રકારો નિરંતર જપ કરવાનો, અથવા તત્ત્વવિચાર કરવાનો, અથવા ઈશ્વરનું કીર્તન કરવાનો, અથવા ઈશ્વરના સ્વરૂપનું ચિંતનાદિ કરવાનો આવે પ્રસંગે જે આપણને આગ્રહયુક્ત બોધ કરે છે, તેનું આજ કારણ છે. આવા સદ્વિચારો કરવાથી અયોગ્ય વિકારોનાં આંતર મનમાં ઉંડાં મૂળ નંખાતાં નથી, અને સદ્વિચારોનાં વારંવાર ઉંડાં મૂળ નંખાવાથી આપણું હિત થાય છે. વાચકજપથી ઉપાંશુજપનું હજારગણું, ઉપાંશુજપથી મનોમય જપનું હજારગણું, મનોમય જપથી ધ્યાનજપનું હજારગણું, અને ધ્યાનજપથી શૂન્યજપનું હજારગણું ફળ મળવાનું આપણાં શાસ્ત્રોમાં જે વર્ણવ્યું છે, તેનું પણ આજ કારણ છે; કારણ કે વાચકજપમાં આપણી જેટલી તન્મયતા થાય છે તેના કરતાં ઉપાંશુજપમાં અધિક થાય છે, અને ઉપાંશુ જપ કરતાં મનોમયમાં, ધ્યાનમાં અને શૂન્યમાં ઉત્તરોત્તર અધિક થાય છે; અને જે જપમાં અધિક તન્મયતા હોય છે, તે જપનાં આંતરમનમાં વધારે ઉંડાં મૂળ નંખાતાં હોવાથી ફળ આપવામાં તે ઓછાં ઉંડાં મૂળ નાખનાર જપ કરતાં અધિક બળવાન હોયજ એ સ્પષ્ટ છે. ધ્યાનજપમાં અને શૂન્યજપમાં જપ કરનાર અત્યંત ઉંડો ઉતરી જાય છે, અને તેથી આંતરમનમાં તેના સૌથી ઉંડા સંસ્કાર પડવાથી ધ્યાનજપ એ પરમાત્માનો સાક્ષાત્કાર કરાવનાર અને શૂન્યજપ એ તેમનાથી અભેદભાવને પમાડનાર હોયજ, એ સુસિદ્ધ છે.

આ પ્રમાણે બુદ્ધિમાને આંતરમનમાં સર્વદા એવા વિચારનાં બીજક ઉંડાં નાખવાં કે જેથી કોઇ પણ અયોગ્ય વિકારને કે અયોગ્ય સ્થિતિને પ્રકટવાનો અવકાશજ ન રહે, અને આંતરમન સર્વદા સુખને અને આનંદને પ્રકટાવે.

(૨)

તમારે જે કાર્યને સિદ્ધ કરવું હોય; જે વિચારો જોઇતા હોય; જે પ્રયુક્તિઓની અગત્ય હોય; જે કર્મક્ષમતા(કાર્ય કરવાની યોગ્યતા)ની જરૂર હોય; જે નિપુણતાની ઇચ્છા હોય; જે બુદ્ધિની વાંછના હોય; જે સહિષ્ણુતાની કામના હોય—તે સર્વ તમને આપવાને માટે તમારા મનને આજ્ઞા કરો. દૃઢ નિર્ણયક પણ સ્વસ્થતાપૂર્વક, મનને સવિસ્તર આજ્ઞા કરો. પ્રતિદિન એક વાર અથવા પ્રતિદિન અનેક વાર તમારા મનને આ પ્રમાણે આજ્ઞા કર્યા કરો. આજ્ઞા કર્યા પછી પરિણામ કેવું આવશે, તે સંબંધી કશી પણ ચિંતા ન કરો. તમારે કેવા પરિણામની અથવા ફળની ઇચ્છા છે, તેજ માત્ર તમારા મનને જણાવો, અને જે તમારે જોઇતું હશે તેને માટે તમે અધિકારી બનો કે તે વસ્તુ તમારી પાસે આવેલી તમને જણાશે. તમારી આજ્ઞા કરેલી વસ્તુ તમારા સંમુખ તમારું મન લાવીને મૂકશે.

જ્યારે તમારે કોઇ ખાસ કામ કરવાનું હોય અને કોઇ નવી પ્રયુક્તિઓની તમારે જરૂર હોય, ત્યારે તમારા મનને તે પ્રયુક્તિઓ ઉપજાવી કાઢવાની આજ્ઞા કરો. તે યુક્તિઓ તમારું મન તમને ઘડીને આપશેજ, એવી શ્રદ્ધાથી વાટ જોયા કરો અને તે યુક્તિઓ તમારું મન તમને ઘડીને આપે તે અરસામાં કોઇ બીજા કામમાં તમારી વૃત્તિને જોડો. આ સંધિમાં તમારા આંતરમનની કર્મશાળામાં (કારખાનામાં) તમારી આજ્ઞા અમલમાં મૂકવાની ક્રિયા ચાલવા માંડશે, અને યોગ્ય સમય વીતતાં જે યુક્તિઓ ઘડી કાઢવાનું તમે તમારા મનને સોંપ્યું હશે, તે યુક્તિઓ ઘડીને તમારું મન તમને સોંપશે.

વળી જો કોઈ તમારે શીખવું હોય તે સંબંધમાં પણ આ પ્રમાણેજ કરો. જો કોઇ અટપટી બાબતો કરવાની તમારે માથે આવી પડે, તે સર્વનો નિકાલ કરવાને માટે તમારા આંતરમનને [illegible] સમસ્યાઓ [illegible] કે, અનેક મુંઝવણનો ઉકેલ હોય છે અને તમે તેની મુંઝવણનો ઉકેલ કરવાને તમારું મન સમર્થ છે. કોઇ કઠિન પ્રશ્નનું સમાધાન તમને ન જડતું હોય, તો તે આંતરમનને [illegible] આ પ્રમાણે કહીને પછી તમારે કામે વળગો. તેનું સમાધાન કેવા ઉપાયો [illegible] કરશે કે ક્યારે કરશે, એવી ચિંતા પણ કરો નહિ. તમારું મન તમારી પાસે તેની [illegible] ઉકેલ કરવાને સમર્થ છે, એવી શ્રદ્ધાને ધરતાં નિશ્ચિન્ત રહો. માત્ર આટલુંજ કરો,

અને પરિણામની વાટ જોયા કરો. તમે નિરાશ નહિ થાઓ. કેટલાક સેવકો એવા તો સ્વામીભક્ત હોય છે કે તેમને જે કાંઇ આજ્ઞા કરવામાં આવે છે, તેનું તેઓ હમેશાં પાલન કરે છે; અને તમારૂં પોતાનું મન તમારો આવા પ્રકારનોજ સેવક છે.

(૩)

સર્વદા સ્મરણમાં રાખો કે, આંતરમનમાં—મનોભૂમિના અંદરના પડમાં તમે જે કંઈ રોપશો તે ઉગ્યાવિના રહેવાનું નહિ. વળી એ પણ સ્મરણમાં રાખો કે, જેમ તમે રોપેલું બીજક ઉત્તમ હશે, તેમ જે વૃક્ષ થશે તે ઉત્તમ પ્રકારનું થશે. વિજ્ઞાનાનુસાર બીજકોને પસંદ કરીને રોપવાથી બેહુન બમણો પાક લણે છે, એ શું તમે નથી જાણતા? શામાટે સારે તેજ નિયમ મનના અને વિચારના સંબંધમાં નથી લગાડતા?

સામાન્ય મનુષ્યો પોતાની મનોવાટિકામાં નજરમાં આવે તે વાવે છે—બાવળીયા, આકડા, થોરીઆ, ધંતુરા, ઝાંખરાં, ધુળધમાસ વગેરે ગમે તે ગાલવિનાનાં ઝાડો વાવે છે. શામાટે ત્યારે પછી તેમણે વિપત્તિ, વ્યાધિ, નિરાશા અને નિષ્ફળતા લણવાના પ્રસંગે આશ્ચર્યને પામવું જોઇએ?

પ્રતિદિન જો તમે તમારા મનને કહ્યા કરો છો કે, હું ઘરડો થતો જાઉં છું, તો તમે તમારી મનોવાટિકામાં વૃદ્ધાવસ્થાને પ્રકટાવનાર બીજકોનેજ રોપો છો. આથી તમારા શરીરના પ્રત્યેક ભાગમાં તમે ઘડપણરૂપી વૃક્ષ ઉગી નીકળેલું અનુભવો છો.

તમે જુવાન છો, એવાજ વિચારો કરો અને વસ્તુતઃ તમે તેવા છો, એમજ જાણો; તમારામાં યૌવનનું ભાન કરો; વારંવાર તમારા મનને કહો કે, તમારૂં યૌવન સ્થિર રહે છે; યૌવનને ટકી રહેવાની અથવા હાલ તમે વૃદ્ધ હો તો યૌવનને પાછું તમારા શરીરમાં પ્રકટેલું જોવાનીજ વાટ જોયા કરો; યુવાન રહેવાનો દૃઢ નિશ્ચય કરો; યુવાવસ્થાથી પ્રતિકૂળ એક પણ વિચારને અંતઃકરણમાં કદી પણ ન કરો. આ પ્રમાણે કરવાથી યૌવનને ઉત્પન્ન કરનાર ઉત્તમ બીજકોનેજ તમે તમારી મનોવાટિકામાં રોપો છો; અને જેવું આપણે રોપીએ છીએ, તેવુંજ આપણે લણીએ છીએ.

તમારા આંતરમનને તમને નિરંતર યુવાન રાખવા આજ્ઞા કરો, અને આંતરમન તે પ્રમાણે વર્તવાનુંજ, એવી શ્રદ્ધા રાખ્યા કરો. આંતરમનને આજ્ઞા કરતી વખતે જરા પણ સંશયને ન ધરો, અને તમારૂં ધારેલું ફળ તમને મળ્યાવિના રહેશેજ નહિ.

નિદ્રાપૂર્વે શાંતિથી અને અંતરમાં ઉંડા ઉતરી જેનો તમે વિચાર કરો છો, તેનાં બીજકો આંતરમનમાં રોપાય છે; અને આંતરમનમાં રોપાયલું પ્રત્યેક બીજક મોટા વૃક્ષરૂપે થઇને તમારા શરીરમાં તથા મનમાં ઉગી નીકળે છે. આથી કરીને નિદ્રા આવતાપૂર્વે જેની તમારે તમારા જીવનમાં નિત્ય જરૂર હોય, તે વિના બીજા કોઇ પણ વિષયનો તમારે વિચાર ન કરવાની અત્યંત અગત્ય છે.

પથારીમાં સુતા સુતા ઉંઘ આવે ત્યાંસુધી ઉત્તમ વિચારો કરવા જોઇએ, ઉત્તમ ઉદ્દેશોનું ચિંતન કરવું જોઇએ, પરમેશ્વરના મંગળમય નામનો જપ કરવો જોઇએ અથવા તેમના સ્વરૂપની ધારણા અથવા ધ્યાન કરવું જોઇએ. ભવિષ્યમાં જે તમારે પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તેનાજ ચિંતનમાં સુતા પહેલાંનો એક કલાક સમર્પણ કરવો જોઇએ. આ પ્રમાણે તમારી મનોવાટિકામાં તમે વિજ્ઞાનાનુસાર ઉત્તમ બીજકોને પસંદ કરીને રોપો છો, અને તમે બમણો અથવા ત્રમણો પાક લણવાના.

આંતરમનને ઘણાં કર્તવ્યો હોય છે. બીજાં કર્તવ્યોમાં બુદ્ધિમાન સેવકનું પણ કર્તવ્ય તેણે સ્વીકાર્યું છે. જે કંઈ તેને કહેવામાં આવે છે, તે તે કરે છે, અને આજસુધી તેના સામર્થ્યનું માપ કોઈ કાઢી શક્યું નથી.

તમારા આંતરમનને યોગ્ય સૂચનાઓ પ્રતિદિન આપ્યા કરો, અને તમારા સમગ્ર મનને, તમારી પ્રત્યેક માનસિક શક્તિને, તમારા પ્રત્યેક સામર્થ્યને અને તમારા આખા શરીરને તમે નિરંતર ઉંચી અને ઉંચી કળાવાળું કરતા જશો. તમે તમને સંપૂર્ણ રીતે બદલી નાખશો અને જીવના શિવ થશો.

(૪)

આજે બહુ તાપ છે, આજે બહુ ટાઢ છે, આજે બહુ વરસાદ છે, આવા આવા વિચારો

પોતાના કામમાં જેઓનું મન રસપૂર્વક જોડાતું નથી, તેઓનેજ આવ્યા કરે છે. જેઓને કામ કરવા ઉપર પ્રેમ છે, અને તેથી જેઓ પોતાના કામને રસપૂર્વક નિત્ય કરે છે, તેમને તાપ, ટાઢ કે વરસાદ કંઇજ જણાતું નથી. શારીરિક, માનસિક કે આધ્યાત્મિક ઉન્નતિને માટે જે પ્રકારનો પ્રયત્ન કરવાનું તમને જ્ઞાન હોય, તે પ્રકારનો પ્રયત્ન અત્યંત રસપૂર્વક કરો, અને તમને તાપ, ટાઢ કે વૃષ્ટિ કંઇજ બાધ નહિ કરે. તમારે ઉનાળામાં મહાબળેશ્વર, માથેરાન કે લાનોલી શોધવાં નહિ પડે. બાળકોને જુઓ; તેઓ કેવાં આનંદથી રમે છે! તેમને તાપની કે ટાઢની ફરિયાદ કરતાં કદી સાંભળ્યાં છે?

(“મહાકાલ” ચૈત્ર–સં. ૧૯૬૬ માં લેખકઃ–સદ્ગત છોટાલાલ માસ્તર)

६—हृदयमां ज्ञानरवि प्रकटाववा इष्टने अभ्यर्थना

પદ. (આવોને મારે મંદિરીએ જગરાય–એ લય.)

નાખો આ મારે ઉર પ્રભુ જ્ઞાનપ્રકાશ, અવર મારે કોઈ હવે નથી આશ. ટેક
ઈચ્છું ન પ્રભુ, પુત્ર અને દારા, વિભવ મને લાગે ન અતિ પ્યારા,
ભુવન ઉપવન દિવ્ય પણ ખારાં, ગુંદવા ન ગમે ભોગતણા ગારા,
શું કરૂં તેને, થાય જે અંતે વિનાશ. નાખો૦
બેસું હું પ્રભો! આપપ્રતિ જોઇ, ભાળું ન બેલી આપવિના કોઈ,
સાચું દો જ્ઞાન યાચું પ્રભુ રોઇ, વિકળતાથી ધીરજ છે ખોઇ,
પ્રકટાવો જ્ઞાનઅર્ક હૃદયઆકાશ. નાખો૦
વ્યાપેલું જ્યાં ત્યાં જોઉં હું અંધારૂં, જગત આખું અથડાતું બિચારૂં,
નિરખું ન જ્ઞાનતેજ ક્યાંહિ ચારુ,[1] નિઃસારે શું અહીં મનને ઠારૂં,
[2]નવનીત આપો, તુચ્છ ન ઇચ્છું હું છાશ. નાખો૦
શાસ્ત્રોને વાંચું, સાધનને સેવું, હજી મનનું તિમિર એવું ને એવું,
જાણું શું સાધીને, છે [3]ઇદં જેવું, કો વિધિ ખોલી જ્ઞાનનયન દેવું,
મથી મથી હવે છેક થયો છું નિરાશ. નાખો૦
ગુંચો આ મારી ગુરુવર ઉકેલો, જાઉં હું થાવા કોનો હવે ચેલો,
ઉછેરો આપે રોપેલો વેલો, આપનો છું યદ્યપિ મેલોઘેલો,
હેઠી ન મૂકો કૃષ્ણ! આ રથની રાશ. નાખો૦
નરહરિ પ્રભો! હૃદય હવે ચાંપો, સંતપ્ત શિશુને આશ્વાસન આપો,
પ્રતિબંધઅભ્રો સદ્ય હવે કાપો, હૃદયનભમાં જ્ઞાનરવિ સ્થાપો,
જોશો ન શિશુના અધિક હવે નિઃશ્વાસ. નાખો૦

(“મહાકાલ” શ્રાવણ–સં. ૧૯૬૪ના અંકમાંથી)

૧ સુંદર. ૨ માખણ. ૩ આ દૃશ્ય જે પ્રકારનું છે, તે પ્રકારનું જ્ઞાન શું સાધીને પ્રાપ્ત કરૂં?

૭–મહાન હજરત મોહમદ પેગંબર સાહેબ (સલ.)

મહાન હજરત મોહમદ પેગંબર (સલ.)નો જન્મ ઇ. સ. ૫૭૦માં મક્કા શહેરમાં થયો હતો. એ શહેર ઘણું પુરાણું છે. તે અરબસ્તાનના જુદા જુદા લોકોના કબજામાં રહ્યું હતું, અને છેવટ તે કુરેશી લોકો કે જે સૌથી ઉંચા ગણાતા હતા તેમના કબજામાં આવ્યું હતું. તેમા કાબાનું પવિત્ર ધામ હોવાથી તે અસલથી ઘણું પ્રખ્યાત હતું, અને લોકોની આવ-જાને લીધે તે એક મોટું વેપારનું મથક ગણાતું હતું. જ્યારે મહાન હજરત પેદા થયા, ત્યારે તે તેમના ખાનદાનમાંજ હતું અને તેનો કારભાર તેમના દાદા હજરત મુત્તલિબ ચલાવતા હતા. મહાન હજરતના પિતા તેમના જન્મ પહેલાં ગુજરી ગયા હતા, અને માતા તેમને ૭ વર્ષના મુકી ગયાં હતાં. આ અનાથ બાળક માબાપવગરની નિરાધાર સ્થિતિમાં ત્રણ વર્ષસુધી તેના દાદાના હવાલામાં રહ્યું. જ્યારે દાદા ગુજરવા લાગ્યા, ત્યારે તેમણે હજરત અબુ તાલિબને સોંપણી કરી અને અબુતાલિબે સગા કાકા હોવાને લીધે તે બાળકને પોતાની સાથે રાખ્યું. જેમ જેમ દિવસ વધતા ગયા, તેમ તેમ ઉંમર મોટી થતી ગઇ અને જુવાની આવવા લાગી.

અંતરમાં પ્રકાશ—એકાંતવાસનો શોખ હોવાથી તેઓ ઘણો વખત જંગલમાં ખુદાની યાદમાં ગાળવા લાગ્યા. ખુદા તાલાએ પોતાની નિશાનીઓવડે કુદરતનું મહાન પુસ્તક તેમના આગળ ખુલ્લું મૂક્યું હતું, કે જે તેમની કેળવણી માટે બસ હતું. તેઓ કદી નિશાળે ગયા નથી કે કદી પુસ્તકની કેળવણી લીધી નથી; પણ તેઓ "વગર ભણેલા" પેગંબર હતા, કે જેને ખુદાએ બધું જ્ઞાન આપ્યું હતું. તેમના વખતના લોકો બધા જંગલી હતા અને અઘોર પાપમાં સપડાએલા હતા; એટલે સુધી કે છોકરીઓને પણ નાનપણમાંજ મારી નાખતા હતા. અનીતિ પણ એટલીજ હતી. તે વખતે ત્યાં આજુબાજુના યાહુદી તથા ક્રિશ્ચિયન ધર્મ પણ એવાજ થઇ ગયા હતા. તેમને બે વખત શામ(શીરીઆ)માં મુસાફરી કરવાને પ્રસંગ મળ્યો, પણ બન્ને વખત તેમને ત્યાં કઢંગા અને જંગલી રિવાજ નજરે પડ્યા કે જેથી તેમને ઘણો ત્રાસ થવા લાગ્યો.

બીબી ખદીજા—જ્યારે તેમની ઉંમર ૨૫ વર્ષની થઇ, ત્યારે તેમનું બીબી ખદીજા સાથે લગ્ન થયું. આ બાઇ વિધવા હતા અને તેમનાથી ૧૫ વર્ષ મોટાં હતાં. તેઓ ઘણા પૈસાવાળાં અને કુલીન ખાનદાનનાં હતાં અને કુલીન સાથી શોધતાં હતાં; એટલામાં ઉત્તમ કુરેશી ખાનદાનનો વીર પુરુષ તેમને મળી આવ્યો. આ લગ્નથી મહાન હજરતને ઘણો ટેકો મળ્યો. કારણ કે બીબી ખદીજા તેમની ખરા ઉમળકાથી સેવા-ચાકરી કરતાં હતાં, એટલુંજ નહિ પણ જ્યારે હજરતને દુશ્મનોથી ઘણો ત્રાસ થતો હતો, ત્યારે તેમને તે દિલાસો આપી તેમના દુઃખમાં ભાગ લેતાં હતાં.

અલ-અમીન—પંદર વર્ષ મહાન હજરતે એવી નેકનિષ્ઠા અને પ્રમાણિકપણાથી કામ કર્યું અને લોકસેવા બજાવી કે લોકો તેમને "અલ-અમીન-" (વિશ્વાસુ) કહી બોલાવવા લાગ્યા. હજરતની ઉમદા વર્તણુકને લીધે દિવસે દિવસે લોકોનો પ્રેમ વધતો ગયો અને તેઓ પોતાનાં ખાસ કામોમાં તેમને આગેવાન ગણવા લાગ્યા.

પેગંબરી—જ્યારે પેગંબરીનો વખત આવ્યો, ત્યારે ખુદાએ તેમની તરફ જીબ્રઇલ નામનો ફિરસ્તો મોકલ્યો અને કુરાનનું પુસ્તક પ્રગટ કર્યું. ફિરસ્તાના એવા અચાનક અદ્ભુત ચમત્કારથી હજરતના મનને ઘણી બેચેની થઇ. તેઓ એકદમ બીબી ખદીજા પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે, મારું મન મારા કાબુમાં નથી અને મને ઘણી તકલીફ થાય છે. આ પછી તેમણે બધી હકીકત કહી સંભળાવી. ખદીજાનો વિશ્વાસ હજરત તરફ વધારે થયો અને તેમણે કહ્યું કે, ખુદા તાલાએ તમને પેગંબર બનાવ્યા છે અને મને આન આપ્યું છે. મને ખાત્રી છે કે, આપના વડે ઘણા લોકોને આરામ, પ્રેમ, જ્ઞાન અને ખરો ધર્મ મળશે.

ખુદાનો સંદેશો—પેગંબરીને. [illegible] તેમણે [illegible] ધર્મને. [illegible] અને [illegible] દિલને [illegible]. [illegible]

ચીડાયા અને તેમને દુશ્મન ગણવા લાગ્યા. તેમણે લોકોને અધર્મ, અનીતિ, જુલ્મ, બાળહત્યા અને જંગલીપણાં વિરુદ્ધ ઉઘાડે છોગે ઉપદેશ કરવા માંડ્યો અને તેમને ઇસ્લામમાં આવવાની સૂચના કરવા માંડી. તેમના બોધની એટલી બધી અસર થઇ કે તેમની પાસેના તમામ માણસોએ ઇસ્લામ ધર્મ સ્વીકાર્યો. બીબી ખદીજા, હજરત અલી મુર્તુઝા, હજરત અબુબકર સિદીક, હજરત હમઝા જેવા શખસો ઇસ્લામમાં દાખલ થયા. આમાંના ઘણાખરા માણસો મોભાવાળા, પૈસાદાર અને બાહોશ હતા. તેમના પછી હજરત ઉમર ઇસ્લામમાં આવ્યા. તેઓ એક વખત વિરોધી હતા, પણ તેમના ઇસ્લામમાં આવ્યા પછી ઇસ્લામને એક મજબૂત ટેકો મળ્યો.

લોકોનો ત્રાસ—જેમ જેમ હજરત (સલ.) લોકોને તેમના પાપી રિવાજો છોડી દેવા ઉપદેશ કરવા લાગ્યા, તેમ તેમ લોકો તેમના પક્ષકારોના વધારે દુસ્મન થતા ચાલ્યા અને તેમને કનડવા અનેક પ્રકારનાં કાવત્રાં કરવા લાગ્યા; પણ હજરત પોતાને ખુદા તાલાએ સોંપેલા કામથી ડગ્યા નહિ. જ્યારે પોતાના પક્ષકારો ઉપર ઘણોજ જુલમ ગુજરવા લાગ્યો, ત્યારે તેમણે તેમને હબશા-(આબીસીનીઆ)ના મુલકમાં ચાલ્યા જવાનું ફરમાવ્યું. તેઓ હબશા ગયા ત્યાં પણ દુસ્મનોએ તેમનો કેડો મૂક્યો નહિ. ત્યાંના બાદશાહ નજ્જાશીને અરજ કરી બધાને પકડી મંગાવ્યા. તે વખતે હજરત જાફરે કહ્યું કે "હે રાજન્! અમે અજ્ઞાનતા અને જંગલીપણામાં ડૂબેલા હતા, મૂર્તિ પૂજતા હતા, કુકર્મ કરતા હતા, મુરદાર ખાતા હતા અને ગીબત કરતા હતા. અમને માણસ ઉપર જરા પણ દયા નહોતી, કોઇની પરોણા—ચાકરી કરવામાં સમજતા નહોતા અને પાડોશીનો હક્ક જાણતા નહોતા. અમે જબરાઇનો કાયદો સમજતા હતા અને લોકો ઉપર જુલમ કરતા હતા; પણ અમારા સારા નસીબે ખુદા તાલાએ અમારામાં એક પેગંબર પેદા કર્યા. અમે તેના ખાનદાન, સચ્ચાઇ, નેકનિયત અને પવિત્રતાથી વાકેફ હતા. તેમણે અમને ખુદા એકજ છે, એ વાતથી જાણીતા કર્યા અને એકલા ખુદાનેજ સર્વશક્તિમાન માનવાનું શીખવાડ્યું. તેમણે મૂર્તિપૂજા કરવાની મનાઇ કરી અને સાચું બોલવાનું, ખરી રીતે ચાલવાનું, દયા કરવાનું અને પાડોશીના હક્ક જાળવવાનું શીખવ્યું. સ્ત્રીજાતિનું ખોટું બોલવાની અને અનાથ બાળકોની મિલ્કત ખાઇ જવાની મનાઇ કરી અને પાપ તથા જૂઠથી દૂર રહી નમાજ પઢવાનું, ખેરાત કરવાનું અને રોજા રાખવાનું ફરમાવ્યું. અમને તેમનો રસ્તો સારો લાગવાથી અમે તે અખત્યાર કર્યો છે, તેથી લોકો અમારી કેડે પડ્યા છે. તેઓ અમને ખુદાની બંદગી કરવાનું છોડી દઇ લાકડાં અને પથ્થરની મૂર્તિઓ પૂજવાની ફરજ પાડવા માગે છે. તેમણે અમારા ઉપર જુલમ કરવામાં બાકી રાખી નહીં; અને જ્યારે અમારું કાંઇ ન ચાલ્યું, ત્યારે અમારે અમારો દેશ છોડવો પડ્યો છે."

આવી રીતે તેમના શિષ્યો સત્ય ધર્મને ખાતર ઘરબાર છોડી ચાલ્યા ગયા હતા, તોપણ મહાન હજરત પોતાના ઇરાદામાં મક્કમ હતા, અને સત્ય ધર્મનો બોધ કરતા હતા. દુસ્મનોએ તેમને ઘણી લાલચો આપી પોતાના રાજા બનાવવા સુધીનું કહ્યું, પણ હજરતે ગણકાર્યું નહિ. તેમણે કહ્યું કે, જો સૂર્ય મારી જમણી બાજુએ અને ચંદ્ર ડાબી બાજુએ આવીને મને રોકે તોપણ હું રોકાવાનો નથી. જ્યાંસુધી માલીકનું ધાર્યું નહિ થાય અને મારી જીંદગીનો અંત નહિ આવે, ત્યાંસુધી હું મારું [illegible] નથી. આથી તેઓ ઘણા ગુસ્સે થયા અને બમણી શત્રુતા [illegible] હજરત તેમના [illegible] નગર ગયા, પરંતુ ત્યાં પણ તેમને ઠરીને બેસવા દીધા નહિ. [illegible] લોકો તો એટલા બધા દુસ્મન થઇ રહ્યા હતા કે ત્યાં જતાંજ તેમણે હજરતને પથરા [illegible] શરૂ કર્યું. [illegible] સ્થિતિમાં હજરતને પાછા ફરવું પડ્યું, પણ તેમણે પોતાનું કામ છોડ્યું નહિ. આથી દુસ્મનો ઘણા ગુસ્સે ભરાયા અને તેમનો જીવ લેવા માટે કાવત્રા કરવા લાગ્યા.

હિજરત—એક [illegible] બેઠેલા પેગંબર ઉપર મક્કાના લોકો વગર લેવેદેવે જુલમ ગુજારે છે અને તે સઘળું [illegible] સહન કરે છે, એ જોઈ મદીનાના લોકોની લાગણી ઉશ્કેરાઇ [illegible] તેઓ [illegible] કરી મક્કે આવ્યા અને હજરતને તેડી ગયા. ઇ. સ. ૬૨૨ ના જુલાઈ [illegible] મહાન હજરત મક્કેથી નીકળ્યા, તેમની સાથે હજરત અબુબકર સીદીક

પણ હતા, અનુ [illegible] હજરતે [illegible] સાથે [illegible] કરીને તેઓ [illegible] હતા, [illegible] તેમાંના કેટલાક [illegible] હતા, [illegible] ગોઠવણી કરી હતી, [illegible]

મક્કા સાથે સલાહ—મદીના [illegible] "[illegible]" [illegible] હજરતે [illegible] કર્યાં અને [illegible] એક [illegible] રહ્યું. [illegible] અને વ્યવસ્થાના કાનુન નક્કી કર્યાં. [illegible] મક્કાના લોકો હજુ પણ કેટલા ગુસ્સામાં હતા. [illegible] વખત [illegible] મદીના પર [illegible] હતા, અને [illegible] છે, લોકોને આથી ઘણું નુકસાન થાય છે. [illegible] હજ કરવા ગયા. લોકો તેમને મક્કામાં [illegible] પણ કેટલાક લોકોનું મન તેમની [illegible] અને [illegible] તેમના તરફ ખેંચાવા લાગ્યું અને તેઓ ઇસ્લામમાં દાખલ થયા. હજરતે [illegible] તરફ [illegible] ઇસ્લામ [illegible] મોકલ્યાં.

ફતેહ—આખરે એક વરસ વીત્યું હશે કે મક્કાના લોકોએ [illegible] મદીનાના કેટલાક લોકોને કતલ કર્યા. તેમની સાથે સલાહ કરવામાં આવી હતી તે પણ તેઓએ મુસલમાનો સાથે પાનબાપણું ચલાવતા; એટલુંજ નહિ પણ તેમને મક્કામાં હજ કરવા જતાં પણ અટકાવી તેમના ધર્મને આડે આવતા હતા. ધર્મની બાબતમાં કોઇ અટકાવ કરે એ ઇસ્લામ સહન કરતું નથી, તેથી મુસલમાનો પોતાને ધર્મ પાળતાં કોણ અટકાવે છે એ જોવા માટે જવા તૈયાર થયા. દશ હજાર મુસલમાનો આ વખતે મદીનેથી નીકળ્યા અને પોતાના પેગંબરની સરદારી નીચે મક્કે જવાના થયા. (ઇ. સ. ૬૩૦) અહંકારી કુરેશીઓને તેમના આવવાનું સાંભળ્યું હતું, અને તેઓ સામા થયા; પણ ઇસ્લામના બળ આગળ તેમનું કાંઇ ચાલ્યું નહિ. આખરે તેઓ હારી ગયા, અને હજરતની ફતેહ થઇ. લોકો ઘણા બીતા હતા કે, આપણે હજરતને દુઃખ દેવામાં બાકી રાખ્યું નથી, એટલે હવે હજરત આપણને છોડશે નહિ. તેઓ જીંદગીની આશા છોડી બેઠા હતા. તેમને મહાન હજરતે કહ્યું કે "ચાલો, હવે તમારે શું કહેવું છે? મારે તમને હવે કેવો બદલો આપવો જોઇએ?" તેઓ ગભરાઇને કહેવા લાગ્યા કે "હે દયાળુ સરદાર! અમારાં કર્મોનો કાંઇ પાર નથી; પણ આપ તો ઉદાર અને દયાળુ છો; તેથી આપની પાસેથી અમને સારો બદલો મળવાની આશા છે." પોતાના દેશી ભાઇઓના મુખમાંથી આવાં વચન સાંભળી તેમનું હૈયું ભરાઇ આવ્યું, તેમની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યાં અને પ્રેમના ઉમળકાથી કહેવા લાગ્યા કે "જેવી રીતે હજરત યુસુફ પેગંબર પોતાના ભાઇઓ સાથે વર્ત્યા હતા, તેવી રીતે હું તમારી સાથે વર્તીશ. હું તમારો તિરસ્કાર કરવાનો નથી. તમે પણ ખુદાના બંદા છો, એટલે ખુદા તમારો ગુન્હો માફ કરશે." આટલું બોલી દુશ્મનોએ જે જે કષ્ટ આપ્યું હતું તે દરગુજર કરી માફી આપી. હવે મક્કામાંથી મૂર્તિપૂજાનો નાશ થયો અને ત્યાં સત્યનો સૂર્ય ઉગ્યો.

છેલ્લી હજ—ઇસ્લામનો પ્રભાવ વધતો ગયો એટલે ચારે તરફથી લોકોનાં ટોળેટોળાં ઇસ્લામમાં દાખલ થવા આવવા લાગ્યા. "જ્યારે ખુદાતાલા તરફથી મદદ અને ફતેહ મળે અને તું લોકોને ટોળાબંધ ખુદાના ધર્મ(ઇસ્લામ)માં આવતા જુએ, ત્યારે માલીકના ગુણ ગા, તેની પવિત્રતાનો મહિમા યાદ કર અને માફી માગ. કારણ કે બેશક તે તોબા કબૂલ કરી માફી આપનારો છે." કુરાન શરિફના આ વચન પ્રમાણે ચોતરફથી લોકોનાં ટોળાં ઇસ્લામમાં આવવા લાગ્યાં, ત્યારે હજરતને લાગ્યું કે, મારું કાર્ય સંપૂર્ણ થઇ રહ્યું. આથી તેમણે છેલ્લી હજ કરવા જવાની તૈયારી કરી. ઝિલ્કાદ મહિનાની ૫ મી તારીખે ૧ લાખ અને ૧૪ હજાર માણસોને લઇ હજરત હજ કરવા રવાના થયા અને ૧૪ દિવસમાં મક્કે આવી પહોંચ્યા. ત્યાં પહોંચીને કેટલીક ક્રિયાઓ કર્યા પછી લોકોને બોધ કરવા માંડ્યો કે "હે ગૃહસ્થો! મને આશા છે કે, હું જે કાંઇ કહું તે તમે

સઘળા ધ્યાનથી સાંભળશો. પ્રથમ તો મારે કહેવું જોઇએ કે, હું આ વખત તમારી સાથે આવ્યો છું તેવો ફરી આવવાનો નથી. તમારી માલમિલ્કત પવિત્ર છે, તેને તેવીજ સમજજો. કોઇ દિવસ તેનો ગેરઉપયોગ કરશો નહિ, અને આ મહિનાને પવિત્ર સમજજો. તમારે બધાને ખુદા આગળ જવું પડશે અને તેને હિસાબ આપવો પડશે. ખુદાએ બધાંનો વારસો નક્કી કરી આપ્યો છે, કોઈનો હક્ક નાબુદ થઈ શકતો નથી. પહેલાં અજ્ઞાન લોકો ખૂનનો બદલો ખૂનથી લેતા હતા તે હવે લેવાનો નથી. તમારામાંનાં સ્ત્રીપુરુષોના હક્ક કાયમ છે. તમે સ્ત્રીઓ ઉપર માયા રાખજો અને તેમની સાથે સારી રીતે વર્તજો. ખચિત તેઓ તમને ખુદાની જામીનગીરીપૂર્વક મળેલી છે અને તેના હુકમ પ્રમાણે તમને અપાયલી છે. અને તલાક (છૂટા છેડા)ના જેવી બીજી કોઈ ચીજ ખુદાને નાપસંદ નથી.

ગુલામોને, જે ખોરાક તમે ખાઓ તે તેમને ખવડાવજો–તેમનાથી ન થઈ શકે એવું કામ તેમની પાસે કરાવશો નહિ. જો ભારે કામ કરવાનું હોય તો તમે પણ તેમની સાથે કામે લાગજો. કોઈ પણ શખસ ગુલામને મારશે તો તેનો હક્ક તેના ઉપરથી નાબુદ થઈ જશે અને તેના ઉપર જુલમ કરશે તો સ્વર્ગમાં જવા પામશે નહિ. તેને દિવસમાં ૭૦ વખત માફી આપવી જોઇએ; કારણકે તે પણ તમારા ખુદા–માલિક–નો બંદો છે. તેના ઉપર સખ્તી ગુજારવી એ સારૂં નથી. ગુલામોને છૂટા કરવા એ ખુદા તાલાને ઘણુંજ પસંદ છે. હું જે કહું છું તે ધ્યાનથી સાંભળજો અને તે પ્રમાણે ચાલજો. તમે બધા મુસલમાનો એકબીજાના ભાઈ છો. એક ભાઇ બીજાને પોતાની ચીજ રાજી-ખુશીથી ન આપે ત્યાંસુધી તે તેની થઇ શકતી નથી. કોઇ દિવસ ગેરઇન્સાફ કરશો નહિ. હું તમને એક ચીજ આપી જાઉં છું, જેને વળગી રહેશો તો કદી ભૂલા પડશો નહિ. એ કુરાન શરીફનું પુસ્તક છે. નેકી, દયા અને સંપ, એ ત્રણ ચીજો અંતર શુદ્ધ કરનારી છે; તે પર કાયમ રહેજો. જે લોકો અહીં ન આવ્યા હોય, તેમને આ બધી હકીકત કહી સંભળાવજો કે તેઓ પણ યાદ રાખી તેનાથી ફાયદો મેળવે.”

હજ કર્યાં પછી તેઓ પોતાના શિષ્યો સાથે મદીને આવ્યા. ત્યાં આવ્યા પછી તબિયત બિમાર થઈ અને થોડા દિવસમાં શરીર જીર્ણ થઇ ગયું. છેલ્લી વાર તેમણે મસ્જીદમાં જઈ લોકોને કહ્યું કે “હવે હું તમને ખુદાને હવાલે સોંપું છું. તેનાથી ડરજો અને હમેશાં તેની બંદગી કરજો. હવે મારો વખત પૂરો થયો છે. મારા જવાથી તમને દિલગીરી થશે; પણ તમે જાણો છો કે, બધા પેગંબરોએ દુનિયા છોડી છે અને મારો પણ હવે વખત આવ્યો છે. દરેક ચીજ ખુદાની મરજીથી થાય છે અને જે બનવાકાળ હોય છે તે વખત પ્રમાણે બને છે. હું મને મોકલનારની પાસે જાઉં છું અને છેવટે તમને કહેતો જાઉં છું કે, તમે બધા હળીમળીને ચાલજો, ઇસ્લામ ઉપર દઢ રહેજો અને નેકીથી ચાલજો. નેકીથી હમેશાં કલ્યાણ થાય છે અને બદીથી પાપના ખાડામાં પડવું પડે છે. હું તમારી પહેલાં જાઉં છું અને તમે મારી પાછળ આવશો. મોત કોઇને છોડવાનું નથી. તેનાથી ડરવું એ નાદાની છે. મારૂં જીવતર તમારા ભલામાટે હતું અને મરવું પણ તમારા ભલામાટે છે. બોલતાં બોલતાં તેઓ ખુદા તરફ ઇશારો કરી કહેવા લાગ્યા કે “હે પરવરદીગાર! લોકોને મેં તારો સંદેશો પહોંચાડચો છે, તેં મને સોંપેલું કામ મેં બરાબર બજાવ્યું છે, જેનો તું પોતેજ સાક્ષી છે. એ પછી લોકોને જૂદે જૂદે પ્રકારે શાંત કર્યા પછી મકાન ઉપર ગયા. ત્યાં ગયા પછી તબિયત વધારે બગડી. ઘરમાં જે રહ્યું સહ્યું હતું તે બધું ગરીબોને ખેરાત કરી દેવડાવ્યું. પાસે એક પાણીનું વાસણ પડચું હતું તેમાં હાથ નાખી પોતાના મોં ઉપર ફેરવતા હતા એટલામાં આકાશ તરફ હાથ કરી કહેવા લાગ્યા કે “હે ખુદા! ઉંચા સમાગમમાં મને દાખલ કર!” આટલું બોલ્યા પછી ધીમે સ્વરથી પ્રાર્થના કરતાં કરતાં તેમનો પવિત્ર આત્મા આ નાશવંત દુનિયાનો ત્યાગ કરી માટીના દેહ સાથેનો સંબંધ છોડી પરમાત્માના અનંત સમાગમમાં તેજરૂપ થઇ સમાઈ ગયો.

મી૦ નારાયણ હેમચંદ્ર લખે છે કે, શુમારે ૧૩૦૦–તેરસો વરસ વીતી ગયાં છે. જ્વલંત વિશ્વાસ અને અદમ્ય ઉત્સાહના પેગંબર હજરત મહમદ સાહેબ આ લોક છોડીને ચાલ્યા ગયા છે; પરંતુ હિંદુસ્તાનથી અલજીરિયા સુધી આખા ભૂભાગના મુસલમાનોનાં હૃદય આજ પણ તેમના નામથી નાચે છે. (“સાંજવર્તમાન” માં લખનાર–પીરજાદા મોટામિયાં નાયબદિવાન–સચીન)

८–शुं धनप्राप्तिना सर्व मार्ग बंध थइ गया छे ?

ધન પ્રાપ્ત કરવાના સઘળા માર્ગો બંધ થઇ ગયા છે, એવી આજે સ્થળે સ્થળે બૂમો સાંભળવામાં આવે છે. વેપારમાં કશો કસ રહ્યો નથી, એવી કેટલાક ફરિયાદ કરે છે; તો કેટલાક નોકરીમાં કે વકીલના તથા ડૉક્ટરના ધંધામાં હવે કશો માલ રહ્યો નથી, એવા સંતાપના ઉદ્ગારો કાઢે છે. ઉપરથી અવલોકન કરનારને આ વચનો સાચાં લાગે છે, પરંતુ વસ્તુતઃ તે સાચાં નથી. મનુષ્યો પોતાની બુદ્ધિનો ઉપયોગ કરતા નથી, અને એકની એક બાબતની પાછળ, ગાડરીયા પ્રવાહની પેઠે પડવાથી આવું પરિણામ આવ્યું છે. વકીલાતના કે ડૉક્ટરના ધંધામાં કેટલાકને સારો લાભ મળ્યો કે સર્વ વકીલ અને ડૉક્ટર થવા મથી પડે છે. એક જણ મીલ કાઢવાથી કમાયો કે બીજાઓ તેવીજ મીલો ઉભી કરે છે; પરંતુ ધનપ્રાપ્તિનો નવો માર્ગ કોઈ વિરલજ બુદ્ધિનો ઉપયોગ કરી શોધી કાઢે છે. આથી ઉલટું પાશ્ચાત્ય પ્રજા પોતાના મગજને કસીને નવા નવા ઉદ્યોગો શોધી કાઢવામાં પોતાની બુદ્ધિને નાખે છે, અને આરંભમાં થોડાં વર્ષ દુઃખને ભોગવે છે; પરંતુ અંતમાં કોઇ નવો ઉદ્યોગ શોધી કાઢી લાખો રૂપિયા કમાય છે. કોઇ પણ બાબતની નવી શરૂઆત કરતાં આપણી પ્રજા ડરે છે, એ તેનો મોટામાં મોટો દોષ છે. નવી શરૂઆત કરતાં વખતે ખોટ આવશે, વખતે લોકો હાસ્ય કરશે, અનુભવવિના વખતે નહિ ફાવીએ, આવી આવી સેંકડો શંકાઓ કરી તેઓ જૂના ચીલામાંજ ગાડું હાંકે છે; પણ નવો ચીલો પાડવાની હિંમત ધરતા નથી. આવા સંશયવાળા સ્વભાવથી આપણે, જ્યારે બીજી પ્રજાઓ વૃદ્ધિના માર્ગમાં વર્ષે હજાર કે બે હજાર ગાઉ કાપે છે ત્યારે, પૂરો એક ગાઉ પણ કાપતા નથી.

મનુષ્યની બુદ્ધિમાં એવું સામર્થ્ય રહેલું છે, કે જેમાં તેને એકાગ્રતાથી અને ઉત્સાહથી દીર્ઘકાળપર્યંત જોડવામાં આવે છે, તેમાં તેનો પ્રવેશ થાય છે; અને પૂર્વે જ્યાં તેને અંધકાર જણાતો હોય છે, ત્યાં તેને પ્રકાશ જણાય છે. કશુંજ નહિ સૂઝે, એવી બાબતોમાં ધીરે ધીરે તેને ગમ પડે છે, અને તેને અનેક નવી નવી યુક્તિઓ જડે છે. અગમ્ય જણાતા માર્ગોમાં બુદ્ધિને નહિ જોડવાથીજ તે માર્ગો અગમ્ય રહ્યા હોય છે. બુદ્ધિને જોડતાં અગમ્ય પણ ગમ્ય થયા વિના રહેતું નથી. મહાન શોધો આ રીતેજ થઈ હોય છે. આરંભમાં જેનો સંભવ પણ ન જણાતો હોય તેવી બાબતો, બુદ્ધિને તેમાં નાખતાં સંભવિત થઈ જાય છે, અને પરિણામે સત્યરૂપે અનુભવાય છે.

આમ હોવાથી ધનપ્રાપ્તિના સઘળાજ માર્ગો બંધ થઈ ગયા છે, એમ જો કોઈ કહે તો તે સાચું નથી. જગત અનંત હોવાથી ધનપ્રાપ્તિના પણ અનંત માર્ગો છે. તે માર્ગો ક્યાં છે, તેની શોધમાં બુદ્ધિને નાખવાનીજ માત્ર અગત્ય છે.

યૂરોપ અને અમેરિકાના લોકોને નવું નવું અનેક સૂઝે છે, અને આપણને નથી સૂઝતું, તેનું કારણ આપણામાં બુદ્ધિ નથી એમ નથી. બુદ્ધિમાં આપણે તેમના કરતાં કોઇ રીતે ઉતરતા નથી, પરંતુ આપણે આપણી બુદ્ધિનો ઉપયોગ કરતા નથી, એજ છે. જેમ જમણા કે ડાબા હાથને અખંડ ઉંચો રાખવાનું વ્રત લેનારા બાવાઓનો તે હાથ ઘણા માસ અથવા વર્ષ બિલકુલ ક્રિયા ન કરવાથી સુકાઇને લાકડી જેવો થઇ જાય છે, તેમ પાશ્ચાત્ય પ્રજાની પેઠે નવી નવી શોધો કરવામાં આપણી બુદ્ધિને સેંકડો વર્ષથી ન જોડવાથી, ક્રિયારહિત રહેવાથી તે સુકાઇને મુડદાલ જેવી થઇ ગઈ હોવ એમ થયું છે. પરંતુ તેનામાં પ્રફુલ્લ થવાનું અને પશ્ચિમની પ્રજાઓના કરતાં પણ અધિક વિકાસને પામવાનું સામર્થ્ય છે, એ નિઃસંશય છે. જો આપણે પ્રયત્ન કરીશું તો અલ્પ સમયમાં આપણને આ સંબંધમાં ખાત્રી થયા વિના નહિજ રહે.

એક પાશ્ચાત્ય લેખક ધનપ્રાપ્તિના કેટલાક નવા માર્ગો પોતાના એક લેખમાં સૂચવે છે. વિચારવાનને વિચાર કરવાની કંઇક દિશા મળે, એટલા માટે તેમાંથી કેટલાક અત્ર આપીએ છીએ.

૧–લ્યુથર× બુર્બેન્કે શોધી કાઢેલા કાંટાવિનાના થોરીયાની ખેતી કરનારને પુષ્કળ દ્રવ્ય મળે

× લ્યુથર બુર્બેન્કનું સરનામું નીચે પ્રમાણે છેઃ—લ્યુથર બુર્બેન્ક, સાન્ટા રોઝા, કેલીફોર્નિયા, યુનાઇટેડ સ્ટેટ્સ. અમેરિકામાં આ ઉદ્યાને 'જનરેઇક ગાર્ડન' કહે છે.

એમ છે. આ ચોરીઓ અરણ્યમાં પાણીવિના ઉગે છે, અને અરણ્યને ઉપવન જેવું કરી મૂકે છે. એક એકરમાં ૯૯ ટન જેટલો તેનો પાક ઉતરે છે. તે ઢોરને એક ઉત્તમ પ્રકારના ચારાતરીકે કામમાં આવે છે, એટલુંજ નહિ પરંતુ તેમાં મોટા પ્રમાણમાં ખાંડ રહેલી છે. આ ખાંડનું પ્રમાણ વધારી શકાય એમ છે, અને તેમ થતાં તેમાંથી થતી ખાંડ શેરડી કરતાં ઘણીજ સસ્તી પડવાનો સંભવ છે. આપણા દેશમાં આ ચોરીઓ થઈ શકતો હોવાથી કોઈ સાહસિક પુરુષે ગવર્નમેન્ટની સાથે પત્રવ્યવહાર ચલાવી આ ઉદ્યોગનો આરંભ કરવો ઘટે છે.

૨—ધંતુરાનાં કેટલાંક પાંદડાંનો ધોવામાં ઉપયોગ કરવાથી મેલાં કપડાં જેવાં ઉજળાં થાય છે, તેવાં બીજા કશાથી થતાં નથી; પરંતુ કપડાં ધોવાને માટે ભઠ્ઠી ઉપર ચઢાવેલા પાણીમાં જ્યારે તેનાં પાંદડાં નાખવામાં આવે છે, ત્યારે તેમાંથી માથું ફાટી જાય એવી ખરાબ વાસ નીકળે છે. ઠંડા પાણીમાં પ્રથમ લુગડાં બોળીને પછી તેમને ભઠ્ઠી ઉપર ચઢાવવાથી આ વાસ ટાળી શકાય છે; પરંતુ આ બધું ખટપટવાળું કામ છે અને તેથી ધંતુરાનાં પાંદડાંનો લાભ જાણતાં છતાં ઘણા તેનો ઉપયોગ કરતા નથી. મેલાં વસ્ત્રને અત્યંત ઉજળાં કરનાર કોઇ એક રાસાયનિક તત્ત્વ ધંતુરાનાં પાંદડાંમાં રહેલું છે. આ તત્ત્વને જો ખેંચી કાઢવામાં આવે અને તેમાંથી ખરાબ વાસને દૂર કરવામાં આવે તો તેનો આ દેશમાં તથા પરદેશમાં ઘણો ભારે વ્યાપાર ચાલી શકે એમ છે.

૩—પશ્ચિમની પ્રજાઓ વિજ્ઞાનમાં આટલી આગળ વધેલી છતાં, સેંકડો વર્ષ પૂર્વેની પ્રજાઓને જે કળાઓનું જ્ઞાન હતું, તેમાંની ઘણી કળાઓનું જ્ઞાન મેળવવા હજી તેઓ સમર્થ થઇ નથી. આમાંની એક કળા મજબૂત પોલાદ બનાવવા સંબંધની છે. શેફીલ્ડમાં આજે આખી દુનિયામાં સૌથી ઉત્તમ અને સૌથી સારામાં સારું પોલાદ થાય છે; પણ સેંકડો વર્ષ પૂર્વે ભારતખંડમાં તરવાર બનાવવામાં જે પોલાદ વપરાતું હતું, તેમજ સેરેસન લોકો જે પોલાદનાં શસ્ત્રો બનાવતા હતા, તેનું પોલાદ હજી બની શક્યું નથી; અને પ્રાચીનકાળમાં આજના જેવાં કારખાનાં કે શસ્ત્રો બનાવવાની નવી રીતો, વગેરે કશુંજ ન હતું, એ વિષે જ્યારે આપણે વિચાર કરીએ છીએ, ત્યારે પૂર્વના લોકોનું જ્ઞાન આપણને વધારે આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. આજની કોઇ પણ તરવારના એક ઘાએ બે કટકા કરી શકાય, એવી પૂર્વની તરવારો હતી. આ પ્રાચીન કળાને શોધી કાઢનારને પણ ધનપ્રાપ્તિનો એક નવો માર્ગ મળે એમ છે.

૪—રોમન લોકો પ્રાચીન લોકોના જેવાં મજબૂત મકાનો બાંધતાં પણ આપણને આવડતાં નથી. આજનાં આપણાં મકાનોનાં આયુષ્ય પૂરાં સો વર્ષનાં પણ હોતાં નથી. ઘણાં મકાનોની પચીસ ત્રીસ વર્ષે તેની મરામત કરવી પડે છે. સેંકડો વર્ષ વીતતાં એક પણ કાંકરો ન ખરે, એવાં મકાનો બાંધતાં આપણને આવડતાં નથી. ભારતખંડમાં તેમજ ગ્રીસ અને ઇટલીમાં હજારો વર્ષ પૂર્વે બંધાયેલાં મકાનો હજી [illegible] છે. મિસરની પિરામિડોની મજબૂતી સર્વને [illegible] છે. પ્રાચીન મકાનોની મજબૂતીનું કારણ પથ્થરોમાં કે ઇંટોમાં રહેલું નથી, પણ ચૂનાના [illegible] રહેલું છે. [illegible]

[illegible]

જેમ જેમ નવી શોધો થતી જાય છે, તેમ તેમ ધંધા ખાસ વધતા જાય છે અને [illegible] [illegible]. [illegible] [illegible]ઓનાં કામ આજે પણ [illegible] [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible]. [illegible] [illegible] પૂર્વેના [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] માર્ગ ઉઘાડો છે એમ છે.

૨—જેમ દુનિયાને બનાવવાનું આપણને સ્થાને સ્થાન નથી, તેમ [illegible]. [illegible] [illegible] પણ [illegible] ન જાય, તેવી રીતે ધંધા બનાવવાનું પણ આપણે [illegible] નથી. [illegible] [illegible] તમે જોશો તો તમને જણાશે કે જેના આધાર ધંધા પર રહ્યા છે. [illegible] [illegible] પણ [illegible] નથી; પરંતુ જૂના [illegible] પુસ્તકોના કોઈ [illegible] [illegible] [illegible]. [illegible] [illegible] [illegible], અને [illegible] [illegible] [illegible] છે.

૩—ખેતીવાડીની શાખામાં પણ ધનને પ્રાપ્ત કરવાનું અનંત ક્ષેત્ર ખુલ્લું છે. ઘઉં, બાજરી, [illegible] વગેરે અનાજના [illegible] [illegible] જાત છે, [illegible] [illegible] [illegible] [illegible] અમેરિકન પદ્ધતિ પ્રમાણે અનાજના છોડને ઉછેરવાથી [illegible] ઘણો સંભવ છે. અમેરિકન [illegible] [illegible] [illegible] પ્રાપ્ત કરવાની [illegible] [illegible] સુધારી શકાય એમ છે, [illegible] [illegible] [illegible] પણ વધારી શકાય એમ છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. આગેવાના [illegible] [illegible] નામના અનાજનો [illegible] [illegible] [illegible] [illegible] બીજ [illegible] [illegible] છે. આજ પ્રમાણે ફળનાં તથા શાકનાં [illegible] તેમજ બીજી [illegible] ઉત્પન્ન થતી [illegible] વસ્તુઓમાં પુષ્કળ સુધારો-વધારો થવાનો અવકાશ છે.*

× × × ×

નવી શોધોની મર્યાદા આવી રહી છે, એવું કંઈજ નથી. જગતમાં એવી એક પણ ધંધાની વસ્તુ નથી કે જેમાં સુધારો ન કરી શકાય; તેમજ આવી સુધારેલી વસ્તુની [illegible] ન થાય, એમ પણ નથી. આથી બુદ્ધિનો ઉપયોગ કરનારને ધનપ્રાપ્તિના અનેક માર્ગ છે.

ઘણા મનુષ્યો ધનપ્રાપ્તિની સોનેરી તકો શોધ્યા કરે છે. આવી તકો તેમની વાટ જોઈને બેસી રહી આપણી પાસે આવતી નથી. પ્રથમ તમારી પોતાની લાયકી વધારો, તેમ કરતાં તમને અનુભવ થશે કે સોનેરી તકો તો તમારા માર્ગમાંજ પડી છે. વર્તમાનકાળમાં તમારાથી જેટલા બને તેટલા ઉત્તમ થાઓ. તમે પ્રથમ તમારી યોગ્યતા બતાવી આપો. તેમ થતાં જેમ ગુરુત્વાકર્ષણથી પૃથ્વી ઉપર સઘળીજ વસ્તુઓ ખેંચાઈ આવીને પડે છે, તેમ ધન પ્રાપ્ત કરી આપનાર સોનેરી તકો તમારા ખોળામાં આવીને પડશે.

(આશ્વિન-૧૯૬૫ના "મહાકાળ"માં લખનાર સદ્‌ગત માસ્તર સાહેબ છોટાલાલજી)



* અમેરિકન ખેતીસંબંધી સવિસ્તર જાણવાની ઇચ્છાવાળાએ યુ. એસ. ડીપાર્ટમેન્ટ ઑફ એગ્રીકલ્ચર, વૉશીંગ્ટન, એ સ્થળે પત્ર લખી, તે ખાતાએ પ્રકટ કરેલાં સેંકડો પુસ્તકોનું લિસ્ટ મંગાવી, તેમાંથી પોતાને અનુકૂળ જણાય તેનો અભ્યાસ કરવો.

[illegible] मारणप्रयोगनो वधेलो प्रचार

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

શું તમને એમ લાગે છે કે, સામર્થ્યવિના આ સ્ત્રી ચાળીસ લાખ જેવડી જંગી રકમ સંપાદન કરવામાં વિજયી થઈ હતી? ન્યુયૉર્કના લોકો શું એવા બબુચક છે કે, પોતાના રોગ મટયા વિનાજ અને લાભ થયા વિનાજ, પોતાનાં ખરા પરસેવાનાં રળેલાં વહાલાં નાણાં તેના ખોળામાં જઈ જઈને નાખી આવ્યા હતા? ના, એવું કશુંજ નથી. તમે ત્યાં જાઓ, અને ગમે તેટલા ઢોંગધતુરા કરો, પરંતુ એક પાઈ પણ તમને કોઈ નહિ પરખાવે. આ સ્ત્રીના વ્યાધિ નિવારવાના અસાધારણ સામર્થ્યથીજ લોકો તેમની તીજોરીઓ તેના ખોળામાં ઠાલવતા. એક મનુષ્યે, ડૉક્ટરોએ અસાધ્ય ગણેલા અને થોડા દિવસમાં અવશ્ય મરણ લાવનાર જણાવેલા પોતાના હઠીલા રોગને મટાડવાને માટે તેને ૧૨૫૦૦૦–ગણી જુઓ, ૭ લાખ પચીસહજાર રૂપિયા; હદ કહ્યું કરે છે!–રૂપિયા આપ્યા હતા. એક બીજા મનુષ્યે પોતાની સ્ત્રીના આશાતીત વ્યાધિ મટાડવાને માટે તેને ત્રણ લાખ રૂપિયા આપ્યા હતા. વિચારનાં આંદોલનોથી રોગ મટાડવાની કળા, એ જો એક પ્રકારની લોકોને ધુતવાનીજ વિદ્યા હોય તો વિચાર કરો કે, પચીસ વર્ષ સુધી એક સ્ત્રીના આ પ્રકારના ઢોંગધતુરા, ન્યુયૉર્ક જેવા શહેરમાં, ડૉક્ટરોના સામો પુષ્કળ પોકાર છતાં ચાલ્યા કરે?

આવી અસાધારણ શક્તિવાળી મિસિસ સ્ટેટસનને મેકક્લિલેને તેના પદ ઉપરથી દૂર કરવા પ્રયત્ન આરંભ્યો. જે દેવળ પોતાનાજ શ્રમથી તેણે બાંધ્યું હતું, અને જે બંધાતું હતું ત્યારે તેની પાલખ ઉપર ઉભી રહીને મજુરો સાથે તેણે કામ કર્યું હતું, તે દેવળમાંથી તેને તેણે પોતાની સત્તાથી દૂર કરવા પ્રયત્ન આરંભ્યો. આ અન્યાય તે શી રીતે સહન કરે? ઉત્તમ સાધ્વીનરીકે, કેટલાક સમયસુધી તો તેણે તે સહન કર્યું, પણ પછી તેનામાં રાક્ષસસ્વભાવ પ્રકટ્યો. તેણે મેકક્લિલેનને મારી નાખવા નિશ્ચય કર્યો. જગત જેવાં શસ્ત્રો વાપરે છે તેવાં શસ્ત્રોથી નહિ, પણ વિચારરૂપી સૂક્ષ્મ શસ્ત્રથી–વિચારરૂપી વિજળીથી પોતાના ઘરમાં બેઠાં બેઠાં તેણે તેના પ્રાણ લેવા પ્રયત્ન આરંભ્યો; કારણ કે વિજળી જેમ હજારો ગાઉ દૂર એક ક્ષણમાં જાય છે, તેમ વિચારરૂપી વિજળી પણ હજારો ગાઉ દૂર એક ક્ષણમાં જાય છે અને પોતાને સાધવાનું કાર્ય સાધે છે. વિચારને અવકાશ કશા લેખામાં નથી.

પણ હવે આ સંબંધમાં 'ન્યુયૉર્ક મેલ' નામનું વર્તમાનપત્ર શું કહે છે, તે વાંચો. મેકક્લિલેનના પ્રાણ લેવાને સ્ટેટ્સને કેવી રીતે મારણપ્રયોગ કર્યો, તે સંબંધમાં એ પત્ર લખે છે કેઃ–

"દરરોજ અને કદાચ તેમ ન બનતું તો થોડા થોડા દિવસને અંતરે મિસિસ સ્ટેટ્સન પોતાના બીજા અનુયાયીઓસાથે, કેટલાક કલાક બેસતી અને વિચારનાં આંદોલનોને બોસ્ટનમાં મેકક્લિલેનપ્રતિ પ્રેરીને, ધીરે ધીરે પણ અચૂકપણે તેનો નાશ કરવાનો પ્રયત્ન કરતી.

"પોતાનો જીવ લેવાનો આ પ્રકારે પ્રયત્ન થાય છે, એ વાતની મેકક્લિલેનને ખબર પડી ન ગઈ હોત તો તેના પ્રતિ પ્રેરવામાં આવેલાં આ સામર્થ્યોની સામે તે ટક્કર ઝીલી શક્યો ન હોત, પરંતુ તે કાવત્રાની તેને ખબર પડી ગઈ અને મિસિસ સ્ટેટસન ઉપર વિચારરૂપી વિજળીવડે પોતાનો પ્રાણ લેવાનો આરોપ મૂકીને તેણે તેને તથા તેના અનુયાયીઓને શુભ મળવાનો સંકેત તોડી પાડ્યો, અને આ પ્રમાણે પોતાનો જીવ બચાવ્યો.

"વિચારનાં આંદોલનોને આકાશમાં પ્રેરીને સ્ટેટસનનો, પોતાના શત્રુનો પ્રાણ લેવાનો પ્રયોગ કંઈક આ પ્રકારનો હતો. તે અને તેના સાથીઓ નેત્ર બંધ કરીને એક અંધારી ઓરડીમાં બેસતાં. પછી તેમાંનો એક બોલતો કે, 'તમે સર્વ મેકક્લિલેનને ઓળખો છો. તમે સર્વ જાણો છો કે, અંધકારવાળી પૃથ્વી જેમાંથી તે ઉત્પન્ન થયો છે, તેજ તેનું રહેવાનું સ્થાન છે. આમ જમીનની નીચે ૭ ફીટ ઉંડે જો તેનું રહેવાનું સ્થાન છે, તો પછી તે સ્થળમાંજ તેણે રહેવું જોઈએ.'

"આ પછી 'મેકક્લિલેન જમીનની નીચે ૭ ફીટ ઉંડે દટાઓ' એ વિચાર ઉપર તે ઓરડીમાં હાજર રહેલાં સર્વ પોતાની વૃત્તિને એકાગ્ર કરતાં. આ પ્રયોગ દિવસોના દિવસો નિત્ય અજમાવવામાં આવ્યો હતો."

વિચારના બળને ન જાણનાર અનેક મનુષ્યો આ પ્રયોગથી સામાનો પ્રાણ લેવાવો અશક્ય છે એમ કહેશે, પરંતુ વસ્તુતઃ તેમ નથી. થોડાં વર્ષ ઉપર ડૉ. આન્ના કિંગ્સફોર્ડ યુરોપના એક

પ્રસિદ્ધ જીવચ્છાલાકી(વિવિસેક્ટર)નો આવીજ રીતે પ્રાણ લીધાનું ઉદાહરણ સુપ્રસિદ્ધ છે.

એજ મિસિસ સ્ટેટ્સને થોડાં વર્ષ ઉપર બેબોક નામના એક પુરુષ ઉપર અને તેની પત્ની ઉપર કોઇક હેતુથી આ મારણપ્રયોગ કર્યો હતો. બન્ને પાછળથી સ્ટેટ્સનની ઇચ્છાનુસાર વર્તવાથીજ જીવતાં રહ્યાં હતાં. સ્ટેટ્સનનાં વિચારનાં આંદોલનોએ પોતાના ઉપર કેવી અસર કરી હતી, તે સંબંધમાં પોતાના લેખમાં મિસિસ બેબોક લખે છે કેઃ-

"મધ્યરાત્રિએ બારીમાંથી બરફના જેવો ઠંડો પવનનો સપાટો લાગવાથી હું જાગી ઉઠી. મારા દાંત કકડવા લાગ્યા. મરેલાં મનુષ્યોની મુખાકૃતિવાળાં પ્રકાશનાં મોજાં મારા તરફ વહેતાં આવવા લાગ્યાં. વિજળીથી કોઈ મનુષ્યને મારી નાખવામાં આવતાં તેને જેવું ભાન થાય છે, તેવું મને થવા લાગ્યું. મારો જીવ મારા શરીરમાંથી નીકળી જતો હોય એમ મને થયું. ઘરની ભીંતોમાંથી મને આરપાર જણાવા લાગ્યું. **અને આ તીવ્ર વેદનાના સમયમાં ઓરડામાં આસપાસ સઘળે મને મિસિસ સ્ટેટ્સનની ભુરી આંખો જણાવા લાગી.**

"ફેર આવતાં છતાં પણ ભમતે માથે હું નહાવાની ઓરડીમાં ગઇ, અને ચકલી ઉઘાડી ઉના ખળખળતા પાણીનું એક પીપ ભરી કાઢી તેમાં બેઠી, પણ તે પાણી મને જરા પણ ઉનું જણાયું નહિ. મારણપ્રયોગનો પ્રથમનો સપાટો વાગતાં જેવી ટાઢની ધ્રુજારી મને આવી હતી તેવીજ આ ખળખળતા પાણીના પીપમાં પણ આવવા લાગી. મારે હાડમાંસનાં મનુષ્યો સાથે યુદ્ધ કરવાનું ન હતું, પણ કોઇ ચઢિયાતાં સામર્થ્યોની સાથે, નરકના અધિપતિ કોઇ દુષ્ટ રાક્ષસોની સાથે યુદ્ધ કરવાનું હતું.

"હું આ સ્થિતિમાં બેઠી હતી એટલામાં લથડીયાં ખાતા મારા પતિ દાદર ઉપર ચઢ્યા અને મારા ઓરડામાં આવ્યા.

"તે એકદમ બોલી ઉઠ્યા, મારા નાથ! મારા પ્રભુ! મને આ શું થાય છે? ગાડીમાંથી ઘેર આવતાં મને કંઇક એવું થઇ આવ્યું છે કે જાણે હવે હું મરવાની તૈયારીમાં છું. મારો શ્વાસ રૂંધાઇ જાય છે."

વિચારના સામર્થ્યનો આ પ્રમાણે હાલ અમેરિકામાં ઉપયોગ થવા માંડ્યો છે. પ્રતિમાસ આવાં ઉદાહરણો ત્યાં બન્યા કરે છે અને આવા અદૃષ્ટ બળવાન સામર્થ્યથી પોતાનું રક્ષણ શી રીતે કરવું તેની ઘણાને ચિંતા પેઠી છે.

વિચારનું આ હાનિ કરનાર સામર્થ્ય સર્વનેજ અસર કરે છે, એમ કંઇ નથી.-વરૂઓ, ઘેટાં કે બકરાં ઉપર હુમલો કરે છે, અને તેમાં ફાવે છે; કંઇ વાઘ કે સિંહ ઉપર હુમલો કરતાં નથી, અને ભુલથી કરે છે તો પોતેજ હાનિને સહે છે. જેઓ સદાચારી નથી, અને જેઓએ ભક્તિ-યોગ કે તત્ત્વજ્ઞાનથી પોતાનું અધ્યાત્મબળ વધારેલું હોતું નથી, એવા દુર્બળ મનુષ્યો ઉપરજ આવા મારણપ્રયોગો ફાવી શકે છે; પરંતુ યોગસાધક, તત્ત્વાભ્યાસી, ભક્ત, તત્ત્વજ્ઞ કે યોગી ઉપર તે ફાવી શકતા નથી. આથી આવા પ્રયોગોથી કોઇએ પણ ભય ધરવાનું પ્રયોજન નથી અને જેમને તેનો ભય જણાતો હોય તેમને તેનો ઉપાય પોતાના હાથમાંજ છે; અને તે એ કે યોગ, ભક્તિ અથવા તત્ત્વવિચારવડે પોતાનું અધ્યાત્મબળ વધારવું. આધ્યાત્મિક બળવાળા પુરુષોની આજુબાજુ તેમના તે બળનું એવું તો અભેદ્ય કવચ આવી રહ્યું હોય છે કે તેને ભેદીને તેમનો સ્પર્શ કરવા કોઈ પણ દુષ્ટ મનુષ્યે પ્રેરેલા વિચારનું આંદોલન સમર્થ નથી.

શત્રુપ્રતિ પણ દ્વેષબુદ્ધિ ન ધરનારને અને તેનું નિરંતર હિત ઇચ્છનારને મારણપ્રયોગ હાનિ કરવાને કદી પણ સમર્થ થતો નથી. અંધકારનો જય અંધકારવડે થતો નથી, પણ પ્રકાશવડેજ થાય છે. અહિતકર વિચારનાં આંદોલનોનો જય પણ પ્રાણીમાત્રનું હિત ઇચ્છનાર વિચારના આંદોલનો નિરંતર પ્રવર્તાવવાથીજ થાય છે. અજ્ઞાનનો જય જ્ઞાનથી કરો, અવિદ્યાનો જય વિદ્યાથી કરો, અશુભનો જય શુભની ભાવનાથી કરો.

(મે-૧૯૧૬ના "મહાકાલ"માં લખનાર સદ્ગત માસ્તર સાહેબ છોટાલાલજી)

૧૦—મનની પ્રત્યેક ક્રિયા શરીરમાં ફેરફાર કરે છે.

મનની પ્રત્યેક ક્રિયા કેવળ કંપ અથવા આંદોલન છે, [illegible] અમુક [illegible] પ્રકાર થાય છે અને તે આણુઓનાં આંદોલનોથી [illegible] છે.

શરીરમાં જુદાં જુદાં તત્ત્વોનાં આંદોલનોમાં ફેરફાર કરવાથી [illegible] ઉત્પન્ન કરી શકાય છે, કારણ કે [illegible] કારણ [illegible] છે, [illegible] કારણ, તેના આણુઓનાં આંદોલનોની અમુક [illegible] છે.

[illegible] પ્રત્યેક વસ્તુ જે [illegible] છે, તે [illegible] કારણ [illegible] આપ [illegible] આધાર [illegible] છે.

[illegible] આંદોલનોને [illegible] થઈ, અને [illegible] ઝાપની થયાક થાય છે.

સામાન્ય [illegible] આંદોલનો [illegible] રહેલાં [illegible] થાય છે, આંદોલનોની [illegible] તે પ્રકારનું પરિણામ પ્રકટે છે.

સોનાના અથવા ત્રાંબાના આંદોલનોમાં ફેરફાર [illegible], અને પથ્થરના અથવા કોલસાનાં આંદોલનોમાં ફેરફાર કરતાં [illegible] હીરા તથા રત્નો બને છે.

આપણાના શરીરનાં આંદોલનોનો ફેરફાર કરી નાખીને [illegible] તેના શરીરની ક્રિયા કરી નાખી હતી, અને એજ ક્રિયાનાં આંદોલનોમાં પાછલા [illegible] ફેરફાર કર્યા ને [illegible] પુનઃ આપણાના શરીરરૂપે થઈ હતી. એજ પ્રમાણે [illegible] પાન કરેલા [illegible] ફેરફારથીજ અમૃતરૂપ કર્યું હતું.

કુદરત પોતાનાં તત્ત્વોનાં આંદોલનો અખંડ બદલ્યા કરે છે, અને એમ કરીને અનેક પ્રકારની આકૃતિઓ, વર્ણો અને રૂપો ઉત્પન્ન કરે છે.

મનુષ્ય પણ પોતાની સૃષ્ટિમાં અર્થાત્ પોતાના શરીરમાં તેજ પ્રમાણે નિત્ય કર્યા કરે છે. માત્ર વિચાર કરવાથી પોતાના શરીરની અમે તે વસ્તુના આંદોલનોને તે બદલી શકે છે, અને પોતાના શરીરમાં પોતાની મરજી મુજબ તે સ્થિતિને ઉત્પન્ન કરી શકે છે.

તેનામાં રહેલા આ સામર્થ્યને લીધે તે વસ્તુતઃ પોતાના શરીરવિભાગે સર્વસત્તા ભોગવે છે.

આ સામર્થ્ય તેને કંઈ નવું પ્રાપ્ત કરવાનું નથી. તે તેનામાં રહેલુંજ છે, અને જ્યારથી તેણે વિચાર કરવાનો આરંભ કર્યો છે ત્યારથી પ્રત્યેક ક્ષણે આ સામર્થ્યનો તે ઉપયોગ કર્યાજ કરે છે. તેને વિચારવાયોગ્ય પ્રશ્ન એટલોજ છે કે, આ સામર્થ્યનો સમજીને કેવી રીતે ઉપયોગ કરવો કે જેથી તે પોતાનામાં પૂર્વે કદી પણ નહિ ઉત્પન્ન કરેલાં એવાં અત્યંત ઉત્કૃષ્ટ પરિણામોને પ્રકટાવી શકે.

મનુષ્યને પોતાના શરીરમાં દુઃખનું ભાન થાય એવું જે કંઈ જણાય છે, તે તેના શરીરનાં તત્ત્વોનાં આંદોલનોમાં થયેલા ખોટા ફેરફારને લીધે જણાય છે; તેજ પ્રમાણે તેને તેના શરીરમાં જે કંઈ સુખનું ભાન જણાય છે, તે તેના શરીરનાં તત્ત્વોનાં આંદોલનોમાં થયેલા અનુકૂળ ફેરફારને લીધે જણાય છે.

આંદોલનોના નિયમનું બંધારણ એવા પ્રકારનું છે કે, આંદોલનોમાં અનુકૂળ યોગ્ય ફેરફાર માત્ર એક ખાસ રીતેજ થાય છે; અર્થાત્ પરિપાટીનો અથવા ક્રમનો નિયમ પાલન કરવામાં આવ્યો હોય છે, તોજ અનુકૂળ ફેરફાર થાય છે. જો પારિપાટીનો પ્રદેશન નિયમ પાલન કરવામાં નથી આવ્યો હોતો તો ખોટો અથવા પ્રતિકૂળ ફેરફાર થાય છે, અને તેમ થતાં સઘળા પ્રકારનાં દુઃખો અને અપ્રિય સ્થિતિઓ ઉત્પન્ન થાય છે.

આથી આ નિયમનો બુદ્ધિપૂર્વક ઉપયોગ થઈ શકે એટલા માટે પ્રત્યેક અમુક પ્રકારની માનસક્રિયા કેવા રાસાયનિક ફેરફારને ઉત્પન્ન કરે છે, અને કેવી રીતે માનસિક ક્રિયાઓને વ્યવ-

સ્થાપૂર્વક કરવાથી આંદોલનોમાં થતા સઘળા ફેરફાર ક્રમપૂર્વક થાય છે, એ યથાર્થ રીતે જાણવાની મનુષ્યને અગત્ય છે.

આ પ્રકારે વિચારતાં આ વિષય અસંત મોટો તથા પ્રત્યેક મનુષ્યના મનનું આકર્ષણ કરનારો છે, પરંતુ આ લઘુ લેખમાં તેની મહત્તાનું ભાન કરાવવા ઉપરાંત વિશેષ કંઈ થઇ શકે તેમ નથી; કારણ કે આ લઘુ લેખનો આશય, પ્રત્યેક માનસક્રિયા શરીરમાં રાસાયનિક ફેરફાર ઉત્પન્ન કરે છે એટલુંજ દર્શાવવાનો છે. એમ છતાં આ અત્યંત ઉપયોગી વિષયની ભવિષ્યમાં વિસ્તારપૂર્વક ચર્ચા કરવાની અનુકૂળતા લેવામાં આવશે.

શરીરમાં રહેલું પ્રત્યેક તત્ત્વ હાલ જે પ્રકારનું છે તે પ્રકારનું તે હોવામાં તેનાં આંદોલનોની અમુક ગતિ છે, તેજ કારણ છે તેથી; પ્રત્યેક માનસક્રિયા આંદોલન છે તેથી; આંતરપ્રદેશમાંથી ઉઠતું પ્રત્યેક આંદોલન બાહ્યપ્રદેશમાં પ્રવર્તતાં આંદોલનોમાં ફેરફાર કરી શકે છે તેથી; અને સઘળાં આંદોલનો ક્રિયાના સ્થૂળ પ્રદેશની મર્યાદામાં રહેલાં છે તેથી આંદોલનોના જે નિયમનો આપણે વિચાર કરીએ છીએ તે શાથી ખરો છે, એ આપણા લક્ષમાં બરાબર આવે છે.

આમ છતાં, એ પણ ખરૂં છે કે, એકજ પ્રદેશનાં બે જૂદી જૂદી સ્થિતિવાળાં આંદોલન એકબીજામાં ફેરફાર કરી શકે છે; પરંતુ તેમાંનું એક જ્યારે બીજાના કરતાં ઘણું વધારે બળવાન હોય છે ત્યારેજ તે તેમ કરી શકે છે.

શારીરિક પ્રદેશનાં આંદોલનો કરતાં સઘળાં માનસ આંદોલનોનું રાસાયનિક જીવન વધારે ઉંડે સુધી પહોંચેલું હોય છે; તેથી શારીરિક આંદોલનો ગમે તેટલાં બળવાન જણાતાં હોય છે, તોપણ માનસ આંદોલનો તેમને કેવળ ફેરફાર કરી નાખવા સમર્થ હોય છે. આ કારણથીજ એક પ્રચંડ શરીરવાળા પુરુષને, એક દુર્બળ શરીરવાળો યોગી પોતાના માનસસંકલ્પથી દશ હાથ કે સો હાથ દૂર ફેંકી શકે છે.

તોપણ કેટલાંક માનસ આંદોલનો શારીરિક આંદોલનોના જેવાંજ લગભગ સપાટી પાસે રહેનારાં હોય છે. આવાં આંદોલનો બહુજ અલ્પ ફેરફાર ઉત્પન્ન કરે છે. કોઈ કોઇ પ્રસંગે એટલો અલ્પ ફેરફાર ઉત્પન્ન કરે છે કે તે આપણા જાણવામાં પણ આવતો નથી.

આ કારણથી જેમ મનુષ્ય અંતરમાં અધિકાધિક ઉંડો ઉતરે છે, તેમ તેના વિચારનું બળ સ્થૂળ તત્ત્વો ઉપર અધિક ચાલે છે.

તેથી, શરીરના કોઇપણ ભાગમાં જો આપણે અનુકૂળ અને સુખદ ફેરફાર કરવા હોય તો આપણે અંતરમાં અધિક અને અધિક ઉંડા ઉતરવાનો અભ્યાસ પાડવો જોઇએ-અંતરમાં એકાગ્ર થવાનો આપણે અભ્યાસ પાડવો જોઇએ.*

વધારે ઉંડા રાસાયનિક જીવનમાંથી નીકળતાં માનસ આંદોલનો તત્ત્વોમાં આવશ્યક ફેરફાર સર્વદા કરેજ છે, પણ ઇચ્છિલો ફેરફાર કરવાને કેવાં માનસિક આંદોલનોને પ્રવર્તાવવાં એ પ્રશ્ન પાછો ઉઠે છે.

(આ પ્રશ્નના સવિસ્તર સમાધાનને ઇચ્છનારે આ વર્ગ તરફથી પ્રકટતા યમદંડમાં થોડા સમયથી આવતો 'અર્વાચીન રોગોપશમસરણી' એ નામનો વિષય કૃપા કરી અવલોકવો.)

આ વિષયમાં જે સિદ્ધાંતો વાચકની દૃષ્ટિતળે આણવાનો ઉદ્દેશ રાખ્યો છે, તે સિદ્ધાંતો આ છેઃ-પ્રત્યેક માનસક્રિયા આંદોલન છે; શરીરના પ્રત્યેક અણુમાં તે પ્રસરી જાય છે; વધારે ઉંડા રાસાયનિક જીવનમાંથી તે પ્રકટે છે; અને એક રાસાયનિક નિયમાનુસાર સ્થૂળશરીરનાં તત્ત્વોમાં તે ફેરફાર અને સુધારો કરી શકે છે.

સ્થૂળશરીરનાં તત્ત્વોનાં આંદોલનોમાં ફેરફાર કરવાથી શરીરમાં રાસાયનિક ફેરફાર ઉત્પન્ન થાય છે; અને આ ફેરફારને ઉત્પન્ન કરનાર માનસક્રિયા જે જાતની હોય છે, તે પ્રમાણે આ ફેરફાર સુખને કે દુઃખને આપે છે.

(આશ્વિન ૧૯૬૬ ના "મહાકાળ" માં લખનાર સદ્‌ગત માસ્તર સાહેબ છોટાલાલજી)

---

* અંતરમાં ઉંડા ઉતરવાનો અભ્યાસ કેવી રીતે કરવો, એ આ વર્ગ તરફથી પ્રકટ કરવામાં આવેલા અધ્યાત્મબળપોષક ગ્રંથમાળાના પ્રથમ 'અંક'માં વિસ્તારથી વર્ણવવામાં આવ્યું છે, તેથી જિજ્ઞાસુએ તે વાંચવા કૃપા કરવી

११–संसार के दो प्रसिद्ध पहलवान

ભારતભૂમિ વીરપ્રસવિની હૈ. ઐસે ઐસે વીરોં ને ઇસ દેશ મેં જન્મ લિયા હૈ જિનકી ધાક સંસારભર મેં રહી. પુરુષોત્તમ રામચંદ્ર, ગાંડીવધારી અર્જુન, ગદાધારી ભીમ, મહારથી અભિમન્યુ, પિતામહ ભીષ્મ, પ્રતાપી પ્રતાપ ઔર મહારાષ્ટ્રવીર શિવાજી આદિ કી વીરતાપૂર્ણ કથાઓં કો પઢકર આજ ભી ભારતવાસિયોં કે કુચલે હુએ હૃદય લહલહા ઉઠતે હૈં. ઇસ બીસવીં શતાબ્દી મેં ભી ભારતવર્ષ કો અપની બાત બનાયે રખને કા પૂરા પૂરા ગર્વ હૈ. એક મહિલા કા અપમાન સહન ન કર પ્રાણોં કી બાજી લગાનેવાલે ખડ્ગબહાદૂર, ભારત કા અપમાન સહન ન કર એસેમ્બલી મેં સિંહનાદ કરનેવાલે સ્વરાજી વીર, રિઝર્વ બેંક બિલ કે સરકારી પ્રસ્તાવ કો રોક કર અપની નિર્ભયતા દિખાનેવાલે પટેલ, વિદેશોં મેં અપને શરીરબલ કી ધાક જમાનેવાલે પ્રોફેસર રામમૂર્તિ જૈસે વીર આજ ભી ઇસ દેશ મેં જીવિત હૈં.

પહલવાની મેં તો બૂઢા ભારત, સંસાર કા ગુરુ હોને કા દાવા રખતા હૈ. ભૂખા હૈ તો ક્યા, ગુલામ હૈ તો ક્યા, આજ ભી વહ ઇસ ફનમેં કિસીકો અપના સાની નહીં રખતા. ઇસ બાત કા નિર્ણય ઉસ દિન પટિયાલે કી રંગભૂમિ મેં અર્ધલક્ષ જનસમુદાય કે સામને ભારતીય પહલવાન ગામા ઔર સંસારપ્રસિદ્ધ પોલિશ પહલવાન જેબિસ્કો કી કુશ્તી સે હો ચૂકા હૈ. સ્વયં મુકાબલે કા હૌસલા કરનેવાલા જેબિસ્કો ભી ઇસ બાત કો માન ચૂકા હૈ કિ 'ગામા શેર હૈ.'

ગામા કી જન્મભૂમિ પંજાબ હૈ. ઇસકે બાપ ઔર બાબા ભી નામી પહલવાન થે. બચપન મેં હી ઇસકે પિતા કી મૃત્યુ હો ગઈ થી. દસ વર્ષ કી આયુ સે હી ઇસને અખાડે જાના પ્રારંભ કિયા ઔર થોડે હી સમય મેં ભારત કા સર્વશ્રેષ્ઠ પહલવાન હો ગયા. ભારત કે કોને કોને મેં ઇસકા નામ હો ગયા.

ભારત મેં નામ કમા કર ઇસને અપને ભાઇ ઇમામબક્ષ કે સાથ યૂરોપ કી યાત્રા કી. ૧૯૧૦ ઇ૦ મેં યહ ઇંગ્લંડ પહુંચા. ઇસ અવસર પર વહાં દૂર દૂર સે નામી નામી પહલવાન આયે થે. ઇસને યૂરોપ ઔર અમેરિકા કે પહલવાનોં કો લડને કે લિયે લલકારા. વે સમઝતે થે કિ પોચે હિંદુસ્થાની ક્યા જાને લડના; પર જબ ઇસને ગ્લેસગો, લિવરપૂલ ઔર મેંચેસ્ટર કે પહલવાનોં કો હાથ મિલાતે હી દે મારા તો ઘમંડિયોં કી આંખેં ખુલી ઔર ડૉ૦ રોલર સબસે પહલે મુકાબલે કે લિયે આયે. ઉનકો ગામા ને તીન હી મિનટ મેં આસમાન દિખા દિયા. ઇસકે બાદ રશી પહલવાન હંકનસ્મિટ કો ચારોં ખાને ચિત્ત કિયા ઔર જાપાન કે પ્રસિદ્ધ પહલવાન તારામાય ઔર ઉસકે સાથિયોં કો લલકારા, પરંતુ ઇસ શેર કો દેખ કર ઉસને તો લડને તક કી હિંમત ન કી. ઇસકે ભાઇ ઇમામબક્ષ ને ભી ઇટલી કે સર્વશ્રેષ્ઠ પહલવાન જૉન લેમ્બ કો પછાડ કર અચ્છી ખ્યાતિ પૈદા કર લી થી. ઇંગ્લંડ ને ગામા કો પંજાબ કા શેર ઔર ઇમામબક્ષ કો ચિતા કી ઉપાધિ દી.

જબ ગામા યૂરોપભર કે પહલવાનોં કો પછાડ ચૂકા તો સન ૧૯૧૨ મેં સંસાર કા સબસે જબરદસ્ત પહલવાન જેબિસ્કો સામને આયા, બરાબર તીન ઘંટે તક ગામા ઉસે નીચે ડાલે રહા, પરંતુ ચિત્ત ન કર સકા; કુશ્તી દૂસરે દિન કે લિયે રખ્ખી ગઇ, પરંતુ જેબિસ્કો રાત કો હી ચલા ગયા.

જેબિસ્કો મહોદય રૂસ દેશ કે બાલ્ટિક પ્રાન્ત કે નિવાસી હૈં. આપ કોરે પહલવાન હી નહીં હૈં, ઉચ્ચ કોટિ કે વિદ્વાન ભી હૈં. આઠ ભાષા જાનતે હૈં ઔર વકાલત પાસ હૈં. વકાલત ન કર કે આપ પહલવાની કરતે હૈં. જબ આપ ૩૫ વર્ષ કે થે તબ બહુત થોડે પહલવાન આપસે ભિડને કી હિંમત કરતે થે. ઉસ સમય આપકા વજન ૨૪૫ પાઉંડ થા. ઉન દિનોં જિસ સમય નામી પહલવાન રોકેંબસર સેવિસ કો પછાડ કર સંસારપ્રસિદ્ધ પહલવાન હો ચુકા થા. પ્રથમ બાર તો ઉસને જેબિસ્કો કો દે મારા થા; પરંતુ કુમારા ફિલેડેલ્ફિયા મેં કુશ્તી હોને પર જેબિસ્કો ને ઉસે જીત લિયા! મહાયુદ્ધ કે સમય વહ રૂસ પહુંચા. વહાં ઉસને રૂસી પહલવાન અબ્બાસ કો

પટખની દી. યહ કુશ્તી ઉસને પ્રાણોં કી બાજી લગાકર લડી થી. ઇસકે બાદ મે અમેરિકા ગયે. વહાં જૈસ રીમા, ડૉન મૅકલોઇડ, આદિ કઇ પહલવાનોં કો પટક દી. યૂરોપ મેં ઉસને પૉલ પાસ, ટૉમ કૈનન આદિ કઇ પહલવાનોં કો પછાડા. ન્યૂઝીલૅંડ મેં રોબિન કો; આસ્ટ્રેલિયા મેં સામ ચૈંપલમ, માઇક માલિક આદિ કો ગિરાયા. ઇસ પ્રકાર જેબિસ્કો સંસાર કા સબસે બડા પહલવાન હો ગયા.

વિલાયત મેં જેબિસ્કો સે લડને કે બાદ પટિયાલાનરેશ ગામા કો અપને સાથ લે આયે થે. ઉન્હોંને ઉસે અપને વહાં રખ લિયા થા ઔર ભેંટસ્વરૂપ ૨૫૦) રૂપયે માસિક દેતે થે.

અપને પ્રતિદ્વંદ્વી ગામા કો કુશ્તી મેં પછાડને કા પૂરા ઇરાદા કર કે ૧૭ વર્ષ બાદ જેબિસ્કો હિંદુસ્તાન આયા. સંસાર કી આંખેં ઇસ જોડ કી ઓર લગી હુઇ થી. સબ લોગ બડી ઉત્સુકતા સે ઇસ કુશ્તી કી પ્રતીક્ષા કર રહે થે! મહીનોં સે દેશ મેં ઇસકી ધૂમ મચ રહી થી.

આખિર ૨૯ જનવરી (સન ૧૯૨૮) કો પટિયાલે મેં યહ કુશ્તી લડી ગઇ. રંગભૂમિ ૪૦–૫૦ હજાર વિદેશી ઔર દેશી દર્શકોં સે ઠસાઠસ ભરી હુઇ થી. દર્શકોં મેં પટિયાલા, ધોલપુર, ભરતપુર, કપૂર્થલા, જામનગર ઔર ભિણ્ડ કે મહારાજ, સર હારકોર્ટ બટલર ઔર તિવાન કે નવાબ આદિ ભી થે. કરતલધ્વનિ કે સાથ જનતા કી ઉત્સુકતા બઢાતે હુએ દોનોં વીર અખાડે મેં કૂદ પડે ઔર લગે હાથ મિલા કર પેંતરે બદલને. એક મિનટ ભી કુશ્તી ન હો પાઈ થી કિ ગામા ને જેબિસ્કો કો ચારોં ખાને ચિત્ત દે મારા. ઇસ કુશ્તી ને સંસાર કો ચકિત કર દિયા. બાત ભી આશ્ચર્ય કી હૈ, જિસ જેબિસ્કો કો સત્રહ વર્ષ પહલે ગામા લગભગ તીન ઘંટે લડતે રહને પર ભી ચિત્ત નહીં કર સકા થા ઔર જો સંસાર કે સબ પહલવાનોં કો પછાડ કર ગામા કો જીતને કે લિયે પૂરી તૈયારી કર કે ભારત આયા થા, ઉસકો ગામા ને પલક મારતે હી ધરતી નપાદી. ઇસ જીત કે ઉપલક્ષ મેં ગામા કો એક ચાંદી કી ગુર્જ દી ગઇ ઔર વહ સંસાર કા સર્વશ્રેષ્ઠ પહલવાન માના ગયા. જેબિસ્કો સે ફિર લડને કો કહા ગયા, પર ઉસને યહ કહ કર કિ "ગામા શેર હૈ, કુશ્તી કા ઉસ્તાદ હૈ." લડને સે ઇનકાર કર દિયા. ઇસકે એક દિન પહલે ગામા કા ભાઇ ઇમામબક્ષ ભારત કે અન્ય સબ પહલવાનોં કો હરા કર ભારતવિજયી પહલવાન બન ચૂકા થા.

જિસ કુશ્તી કે ફન ને આજ ભારત કી લાજ રખ લી, દેખા જાતા હૈ કિ શિક્ષિત ભારતવાસી ઉસસે પીછે હટે હુએ હૈં. વે પહલવાની કો બૂરા સમઝતે હૈં. હમ સમઝતે હૈં કિ ગામા કી ઇસ વિજય સે ઉનકી મનોવૃત્તિ બદલેગી ઔર વે શક્તિસંચય કરને કે લિયે કુશ્તી લડના ઔર કસરત કરના અપના પરમ પાવન કર્તવ્ય સમઝેંગે.

("વીરસંદેશ" માસિકમાં લેખકઃ–શ્રી. પ્રતાપ મહોદય)

१२–मेरी चाहना

जीवन से कुछ मोह नहीं है, सुख, सम्पत्ति की तनिक न चाह।
निठुर मृत्यु से द्रोह नहीं है, और न है यश की परवाह॥
नहीं लालसा है यह मन की, हो विस्तृत मेरा व्यापार।
वृद्धावस्था लख निज तन की, छोड़ूं जग से मिथ्या प्यार॥
किन्तु चाहना है यह मेरी, हरने को अरि-अत्याचार।
चमक उठे सुनकर रणभेरी, चपला सी मेरी तलवार॥

("વીરસંદેશ" માસિકમાં લેખક–શ્રીયુત દિવ્ય કવિ)

૧૩–रैंटीओ अने इस्लाम

ખતીબ બગદાદી પોતાના ઇતિહાસમાં હઝરત ઇબ્ને અબ્બાસનું પ્રમાણ ટાંકીને કહે છેઃ–
'સ્ત્રીઓના જલસા રેંટીઆથી શણગારો.'

કમનસીબે કુળવાન મુસલમાન સ્ત્રીઓ રેંટીઓ કાંતવાને ભાડું કામ સમજે છે, પોતાની કેળવણી અને મરતબાની વિરુદ્ધ માને છે. ઉપરની હદીસ ઉપર હું તેમનું ધ્યાન ખેંચું છું અને પૂછું છું કે, જે વસ્તુ શણગાર મનાતી હતી, તે ચલાવવામાં શેની એબ હોય? હાકિમે હદીસ ઉપર મુસ્તદ્રક નામનો એક મશહૂર અને પ્રમાણભૂત ગ્રંથ લખ્યો છે. તેમાં પેગંબર સાહેબની બીબી આયેશાનું નીચેનું વચન ટાંકેલું છેઃ–

'તમારી સ્ત્રીઓને રેંટીઓ અને સૂરાએ નૂરની તાલીમ આપો.'

હાકિમે આ હદીસની કેવળ નકલ નથી કરી, એ પ્રમાણભૂત છે એમ કહ્યું છે. કુરાને શરીફની તાલીમની સાથે રેંટીઆની તાલીમને જોડનાર આ હુકમના કરતાં બીજો વધારે જબરદસ્ત હુકમ કયો હોઇ શકે? પછી કોઇ પણ મુસલમાન કહેવડાવનારો રેંટીઆની મજાક કરશે ખરો?

આ તો હુકમ અને ઉપદેશની વાત થઇ. અમલ પણ તેવોજ હતો. પેગંબર સાહેબની સાથે રહેનારી સ્ત્રીઓ હમેશાં રેંટીઓ ચલાવતી હતી. મુસલમાનોની માનાર્હ હઝરત ઉમ્મે સલમા (પેગંબર સાહેબનાં બીબી) જેમની ચાર પાક ઓરતોમાં ગણતી થતી હતી તેઓ આખો દિવસ રેંટીઓ ચલાવતાં. ઇબ્ન અસાકર હઝરત ઝીઆદ બિન સઅદનું નીચેનું વચન ટાંકે છેઃ–

“હું હઝરત ઉમ્મે સલમા(અલ્લાહને રાજી રાખનારી)ની ખિદમતમાં હાજર થયો તો જોયું કે, તે રેંટીઓ ચલાવતાં હતાં. મેં પૂછ્યું કે 'આ શું! જ્યારે હું આવું છું ત્યારે તમને રેંટીઓ ચલાવતાંજ જોઉં છું!' તેમણે જવાબ આપ્યોઃ “રેંટીઓ શયતાનને ભગાવે છે, અને ઇંદ્રિયોને વિષયમાં ભટકતી અટકાવે છે. અને મેં સાંભળ્યું છે કે, વધારે પુણ્ય તેજ સ્ત્રીને મળશે કે જેની સૂતરની આંટી સૌથી વધારે મોટી હશે.”

આ રિવાજ ઈમાનદાર સ્ત્રીઓમાં લાંબો સમય ચાલ્યો. ઇસ્લામના આરંભમાં રેંટીઓ એ ગૃહિણીઓનો રોજનો ધંધો હતો, કોઇક વાર ચલાવવાની વસ્તુ નહોતી. મુહદ્દિસ બેહકી પોતાની મશહૂર કિતાબ 'શોઅબુલ ઇમાન'માં હાકિમ અને ઇબ્નેસાદનો હવાલો ટાંકીને હઝરત ખવલા (કૈસની દીકરી)—પેગંબર સાહેબની સાથી—નું એક વચન ટાંકે છે.

'અમે ઓરતો રસૂલેખુદાના ઝમાનામાં અને અબુબકરના ઝમાનામાં અને ખલીફ ઉમરની ખીલાફતની શરૂઆતમાં મસ્જિદમાં ઉતરતી હતી અને ઘણું ખરું રેંટીઓ કાંતતી હતી.'

ઇસ્લામનો સતયુગ બનુ ઉમીઆના ઝમાનાની સાથે પૂરો થયો. પેગંબર સાહેબના અને પહેલા ચાર રાસ્ત રસ્તાના ખલીફાના ઝમાનામાં અને ઉમીઆના ઝમાનામાં કશું સરખાપણું ભાગ્યેજ હતું; છતાં પેગંબર સાહેબના ઉપદેશે એટલી તો જડ ઘાલી હતી કે ઉમીઆના ઝમાનામાં પણ મોટા મોટા ધનાઢ્યોના, હાકેમોના હરમમાં રેંટીઆનો મધુર ધ્વનિ સંભળાતો હતો.

ઇબ્ને અસાકર આ વર્ણવે છેઃ–“ ઝીઆદ ઇબ્ને અબ્દુલ્લા કુરેશી કહે છે કે, હું એક રોજ હજ્જાજ બિન યુસફની રાણી હિંદ-મહલ્લબની દીકરી–ની ખિદમતમાં હાજર થયો તો જોયું કે તે રેંટીઓ કાંતતી હતી. મેં પૂછ્યું કે 'રાણી છતાં તમે રેંટીઓ કાંતો?' તેણે જવાબ આપ્યો કે, મેં મારા પિતા જે પેગંબર સાહેબના સાથી હતા તેમની પાસેથી પેગંબરનું આ પાક વચન સાંભળ્યું છેઃ 'તમારામાં જેનું સૂતર વધારે હશે તેનેજ વધારે પુણ્ય મળશે. રેંટીઓ શયતાનને ભગાડે છે, અને વિષયવિકાર મટાડે છે.'”

આ બધી પેગંબર સાહેબની હદીસ અને પેગંબર સાહેબના સાથીઓના કાર્યનાં વર્ણન—તે નવમી સદી હીજરીના મશહૂર મુહદ્દિસ શેખ જલાલુદ્દીન સયૂતીની ચોપડીઓમાંથી લેવામાં આવેલાં છે, તેમાંથી નીચેનો સાર નીકળે છેઃ–

૧—હઝરત પેગંબર સાહેબની પાક બીબીઓ અને બીજી સ્ત્રીઓ જે તેમની સાથીઓ હતી તે હમેશાં રેંટીઓ કાંતતી હતી. ૨—પેગંબર સાહેબે મુસલમાન સ્ત્રીઓને રેંટીઓ કાંતવાનો હુકમ કર્યો છે. ૩—પેગંબર સાહેબે પોતાની જબાનથી રેંટીઆ કાંતવાને પુણ્યતરીકે ફરમાવ્યું છે. ૪—પેગંબર સાહેબે રેંટીઆને માણસની નીતિ અને હૃદયને સુધારનારો કહ્યો છે, એટલે એને શયતાન અને વિષયવિકારને દૂર કરનાર બતાવ્યો છે.

આવી સ્પષ્ટ વાતો પછી કોઈ પણ 'લા ઇલ્લાહા ઇલ્લિલ્લાહ મહમદ રસુલિલ્લાહ' બોલનારને રેંટીઆની ખુબીવિષે કોઇ પણ જાતની શંકા રહે છે ? જો આજે આ રેંટીઆની તાલીમનો અમલ થતો હોત તો ઇસ્લામી ખાનદાનોની સ્થિતિ બહુ જૂદી હોત, અને હવે પણ અમલ થાય તો કેટલી ફેરવાઇ જાય !

એ ન સમજવું કે, ઉપર લખેલાં ફરમાન કેવળ સ્ત્રીઓને માટે છે અને પુરુષોને લાગુ પડતાં નથી. એ વિષે શંકા તો નથીજ. ખાસ કરીને એ ફરમાનો ઇસ્લામી બાનુઓને ઉદ્દેશીને કહેવામાં આવ્યાં છે; પણ જેમ જરૂરની વખતે સ્ત્રીઓ પણ પુરુષોની સાથે રહીને જેહાદમાં શામિલ થતી અને લડાઇમાં ભાગ લેતી—યરમૂકની લડાઇમાં ભાગ લીધો હતો–તેવીજ રીતે હાલની શાંત લડતમાં પુરુષોએ સ્ત્રીઓની સાથે આ અતિશય કાર્યસાધક શસ્ત્ર ચલાવવામાં શામિલ થવું જોઇએ, એ વિષે પણ શંકા નથી. બીજી વાત એ છે કે, રેંટીઆનો ગુણ પેગંબર સાહેબે જ્યારે એવી રીતે વર્ણવ્યો છે કે તે શેતાનને ભગાડનારો છે, તો તેનો સંબંધ કેવળ સ્ત્રીઓની સાથેજ ન હોઇ શકે, એનો એ ગુણ તો સ્ત્રી અને પુરુષ બંનેને ઉપયોગી થાય એમ છે.

(મૌલાના મહમદઅલીના એક લેખનો તરજુમો–'નવજીવન'માંથી ઉદ્ધૃત)

१४–निष्फळ व्यापारोमां व्यर्थ समय गाळता मनने

પદ. (તોફાની દરીએ, નાવ તમારૂં ગોથાં ખાય રે, એ લય.)

નિષ્ફળ વ્યાપારે, આવરદા ઓછું તારૂં થાય રે,
બાળી નિજ ઘરને, હોળી લહીને શું હરખાય રે, નિષ્ફળ૦
ચેતાવે મહાપુરુષો શાસ્ત્રો કેમ ન તોએ જગાય,
ક્યાં લગી પરપોટો કહે ટકશે, કરીશ પછી શું ઉપાય રે, નિષ્ફળ૦
કેટલી વાર પીધું ને ખાધું, કાં તે ભૂલી જાય,
તૃપ્ત થયો નથી તોપણ શીદ વળી, ફરિ ફરિ પાછો ખાય રે, નિષ્ફળ૦
જે ચીલે ચડતાં ધારેલે ગામ નહિ પહોંચાય,
તે ચીલામાં નેત્ર મીંચી કાં, દડબડ દડબડ ધાય રે, નિષ્ફળ૦
એમ દિવસ ને માસો વીતતાં, વર્ષો પણ વીતાય,
સુપનો માર્ગ ચહે શું ગ્રહેવા, પડ્યા પછી આ કાય રે, નિષ્ફળ૦
સશક્ત તન મન ઇંદ્રિય છે ત્યાં–લગી શુભ સાધી શકાય,
શસ્ત્રો સઘળાં ચાલી જતાં, સંગ્રામે શું જિતાય રે, નિષ્ફળ૦
હજી પણ ચેતીશ તો ચેતાશે, અમૂલ્ય નહિ ગમાય,
નરહરિ પ્રભુ છે કરુણાસાગર, સ્હાશે ઝટ તુજ બાંય રે, નિષ્ફળ૦

([illegible]ના '[illegible]'માં લેખક સદ્ગત માસ્તર સાહેબ [illegible])

१५—"तेरी होटी सैली लाल!"

(१)

ઠાકુર અર્જુનસિંહ કો [illegible] દેખા, [illegible] રહી હોગી [illegible] પાંચ વર્ષ કી. મગર [illegible] પ્રથમ મિલન [illegible] કિ મુઝસે પરિચય હોને કે દૂસરે વર્ષ [illegible] કે સામને [illegible] ઉનને અપની [illegible].

મગર ઠાકુર સાહબ ને પ્રથમ દર્શન મેં [illegible] ઘૂંટનોં કે ઊપર તક [illegible] ઔર [illegible] મેં રંગ કા [illegible] ઔર દૂસરે મેં [illegible] "ગુડ્ડા" કહતે હૈં—લે રહે થે. [illegible]

ઉસી સમય પર કે નૌકર ને આ કર મુઝે પુકારા "લાલજી [illegible]! [illegible] મેરે કન્ધે પર! હાં, [illegible] તરહ ઠીક હૈ—અભી તુમ્હેં બાબુજી બુલા રહે હૈં. તુમ્હેં દેખને કે લિયે કોઈ બડે આદમી આયે હૈં."

સચ્ચી બાત યહ હૈ કિ ઉસ વક્ત મુઝે ઉસ બડે આદમી સે મિલને કા કિતના ચાવ નહીં થા ઉસસે કહીં અધિક લોભ ઉસ નૌકર કે કન્ધે પર બૈઠ કર 'ટિક, ટિક, ટિક!' કરતે કરતે વહાં જાને કા થા. વહાં પહુંચ કર મૈંને દેખા કિ મેરે પિતાજી કિસી મોટે તાજે, લમ્બે-ચૌડે આદમી કે સાથ બાતેં કર રહે થે. ઉનકી દાઢી દૂધ કી તરહ સફેદ ઔર ખૂબ લમ્બી થી. ઔર ઉન્હોંને સિરોં કી તરફ કાન કે ઊપર ચઢા કર બાંધ રક્ખી થી. ઉનકે પૈર મેં જયપુરી જોડા, સિરપર રાજપૂતી પગડી ઔર શરીર પર ઘુંટનોં સે નીચે લટકતા હુઆ અંગરખા ઔર ચૂડીદાર પાયજામા થા. કમર મેં ગુલાબી રંગ કા એક દુપટ્ટા પેટી કી તરહ બંધા થા, જિસમેં એક લમ્બી સી તલ-વાર લટક રહી થી.

મુઝે હાજિર દેખ મેરે પિતાજી ને કહા—"ઠાકુર સાહબ! યહી હૈ મેરા સબસે છોટા બચ્ચા. ઇસકા નામ હૈ લાલા બહાદુરસિંહ!" ઉન્હોંને મુઝસે કહા—"સલામ કરો ઠાકુર સાહબ કો!"

મૈંને આજ્ઞા પાલન કી. પ્રેમ સે ગદ્ ગદ્ હો કર ઠાકુર સાહબ ને મુઝે ગોદી મેં લે કર કહા—"જીતે રહો બેટા! ઇધર આઓ, આજ હમારે સાથ બૈઠો." બાબુજી સે ઉન્હોંને કહા "આપ આપ જાઇએ, અપના કામ દેખિયે. મૈં ઇસ બચ્ચે સે અપના જી બહલા લૂંગા."

પિતાજી કે ચલે જાને પર ઠાકુર સાહબ મુઝે ઉસી કમરે મેં ઇધર સે ઉધર ઘુમા ઘુમા કર અપના પરિચય દેને લગે.

"તુમ મુઝે પહચાનતે હો? નહીં, નહીં ન!"

મૈંને સિર હિલા કર સ્વીકાર કર લિયા કિ હાં, મૈં નહીં પહચાનતા.

ઉન્હોંને કહા—"ઇસ બાર મૈં સાત-આઠ વર્ષ બાદ આયા હૂં તુમ્હારે ઘર. તુમ્હારે દૂસરે ભાઈ મુઝે અચ્છી તરહ જાનતે હૈં. જબ તુમ્હારે પિતાજી મેવાડ કે પાસ કી એક રિયાસત મેં નૌકર થે, તભી સે મેરી ઉનકી મિત્રતા હૈ. મૈં દેવપુર કા રહનેવાલા હૂં, જો મેવાડ કી સીમા પર પડતા હૈ. ચલોગે મેરે ઘર લાલ! વહાં દૂધ હૈ, દહીં હૈ, ચિની હૈ, મિઠાઈ હૈ."

મૈંને બીચ હી મેં ટોક કર પૂછા—"ઔર કલુઆ કુત્તા ઔર ભૂરી બિલ્લી ભી હૈ?"

"હાં, વહ ભી હૈ." ઉન્હોંને મુસ્કરાકર તુરંત ઉત્તર દિયા

"મુઝે દોગે ઉન્હેં?" ઉનકી દાઢી મેં અપના પંજા ઘુસેડતે હુએ મૈંને પૂછા.

"અરે હાં, લાલ' દૂંગા ક્યોં નહીં! પહલે ચલો તો સહી."

મૈંને કહા—"અચ્છા, તો ફિર ચલો!"

"મેરે પિતાજી ને માં કો જવાબ દિયા હૈ," યુવક ને કહા—"વે દોનોં એક-દૂસરે કો ભાઇ-બહન કહતે હૈં તો ક્યા, હમ ગોત્ર મેં ભિન્ન હોને કે કારણ, એક-દૂસરે કે બેટે-બેટી સે બ્યાહ કર સકતે હૈં? કોઈ હર્જ નહીં હૈ."

"ફિર?" યુવતી ને ઇસ વાર યુવક કી આંખોં સે આંખેં મિલા કર સવાલ કિયા.

"ફિર ક્યા? અબ શીઘ્ર હી મૈં તુમ્હારા 'મહા ભૈયા' ન રહ કર 'કુછ ઔર હી' હો જાઉંગા ઔર તુમ..." યુવતી કે માથે સે માથા સટા કર યુવક ને કહા—"ઔર તુમ મેરી 'પદ્મા બહન' ન રહ કર 'કુછ ઔર હી હો જાઓગી. હમારા યહ નાતા અધિક સુંદર, દૃઢ ઔર સ્થાયી હોગા."

"મગર હમારા બ્યાહ હો કૈસે સકેગા?" યુવતી ને પૂછા—"સુના હૈ શીઘ્ર હી ફિર ઉન અચાનક વિદેશી ઔર વિધર્મિયોં કી ચઢાઇ, મેવાડ પર હોનેવાલી હૈ. ઐસે અવસર પર તુમ યુદ્ધ કરોગે યા બ્યાહ!'

"તુમ્હારી ક્યા ઇચ્છા હૈ?"

"મૈં યદિ પુરુષ હોતી તો," યુવતી ને ગર્વ સે ઉત્તર દિયા—"ઐસે અવસર પર વિદેશિયોં સે યુદ્ધ કરતી ઔર જન્મભૂમિ મેવાડ કી ઉદ્ધારયિતા મેં પ્રાણ દે દેતી."

"મગર, પદ્મા! બુરા ન માનના," યુવક ને કહા—"મૈં તો પહલે તુમ્હેં ચાહતા હૂં, ફિર કિસી ઔર કો. યદિ યુદ્ધ હુઆ ભી, તો, મૈં પહલે તુમ સે બ્યાહ કરુંગા ઔર ફિર રણ-પ્રસ્થાન. હમારે માતા-પિતા કી ભી યહી ઇચ્છા હૈ."

"ક્યોં?" ભવોં પર અનેક બલ દે કર યુવતી ને દરિયાફ્ત કિયા.

"ઇસ લિયે કિ તુમ-સી યુવતી સુંદરિયોં કા પતા વિદેશી સૂંઘતે ફિરતે હૈં. યદિ કહીં ઉન્હેં માલૂમ હો ગયા કિ ઇસ દેવપુરરૂપી ગુદડી મેં ભી પદ્મારૂપી કોઇ મણિ રહતી હૈ, તો મુશ્કિલ હી સમઝો!"

"છિ:!" બગલ સે કટાર નિકાલ કર દિખાતી હુઈ પદ્મા બોલી "તુમ ભી કૈસી બાતેં કરતે હો! જબ તક યહ મા દુર્ગા હમારે સાથ હૈં, તબ તક વિદેશી હમારી ઓર ક્યા આંખેં ઉઠાવેંગે! પિછલે દો યુદ્ધોં મેં મેરી દો બડી વિવાહિતા બહિનેં જૌહર કર ચૂકી હૈં."

"ઔર મેરે તીન ભાઇ વીર-ગતિ પા ચૂકે હૈં."

"ફિર ક્યા? જબ તક હમ રાજપૂત સ્ત્રી-પુરુષોં કો સ્વતંત્રતા ઔર સ્વધર્મ ઔર સ્વદેશ કે લિયે પ્રાણ દેના આતા હૈ, તબ તક એક વિદેશી તો ક્યા લાખ વિદેશી ભી હમારા કુછ નહીં બિગાડ સકતે."

(૩)

"હમ લોગ ઘિરે હૈં, બાબા!"

"પાપી વિદેશિયોં સે, અપની રાક્ષસી વિદેશી સેના સે, ઉનકી કુટિલ રાજનીતિ સે, ઉનકી પર-ધન કી ભૂખ ઔર પરરક્ત કી પ્યાસ કી ઇચ્છા સે. ઓહ! બેટા! વિદેશી વિજેતા, વિદેશી શાસક ઔર વિદેશી સૈનિક કિતને હૃદયહીન, કૈસે હિંસક ઔર કૈસે ભયાનક હોતે હૈં!"

"વિદેશિયોં કે કારણ. સારી ફસલ ચૌપટ હો ગયી. દેવપુર કો શ્મશાન બના દિયા... ઇન વિદેશિયોં કા નાશ હો."

બૂઢે ને ઇતની જોર સે કહા કિ ઉસે ખાંસી આને લગી. રાજકુમાર ખાંસ કર વહ તન કર ખડા હો ગયા ઔર બોલા—"કલ હોલી હૈ. અનેક દિનોં સે ઘિરે રહનેસે, સેના કે હજારોં વીર ઔર સ્વદેશભક્ત રાજપૂતોં કે કામ આ જાનેસે, ખાદ્ય સામગ્રી સમાપ્ત હો જાનેસે, ઔર દુર્ગ મેં ચારોં ઓર હાહાકાર કા સિક્કા જમ જાને કે કારણ, પ્રાય: સબ કે ઉતરે ચેહરે મેં નિરાશા કા જાદૂ બોલ રહા હૈ."

"ફિર? અબ ક્યા હોગા બાબા!"

"હોગા ક્યા—હમેં દો મેં સે એક કો પસંદ કર લેના હોગા. મૃત્યુ યા પરતંત્રતા. મુઝે માલૂમ હૈ, મૈંને સુના હૈ, કુછ લોગ સંધિ કી ચર્ચા ચલાના ચાહતે હૈં. મગર નહીં હોના ચાહિયે કભી-નહીં હોના ચાહિયે. યદિ હમારે રાજ સાહબ ને સંધિ કી, તો મૈં ઉનસે અલગ હી રહૂંગા.

રંગી હોલી—ઐસી હોલી ખેલો લાલ, રંગી હોલી!
જન્મ-ભૂમિ કા દુઃખ હરને કો, માતા કા મંગલ કરને કો,
બહનોં કો ચીતિન હૃદયોં મેં, સુખ કે ઝર ઝર ઝર ઝરને કો.
લે કર મેં … ખેલો લાલ!
તુમ રંગ … ન્યૌતા દો.
માતા કે … ને કુમા દો.
લો કર કે … ખેલો લાલ!

ગાન ગાતે ગાતે યુવક મહાસિંહ કે નયન ફડકને લગે, કપોલ ઔર કાન સુર્ખ હો ઉઠે, સાંસેં જોર સે ચલને લગીં. યુવતી પદ્મા ભી ઉત્તેજિત હો ઉઠી!

"અસ્તુ," યુવક ને કહા— "આજ રાત કો, પિછલે પહર હમ ધાવા કરેંગે."

"હમારી વિજય હોગી!"

"હો સકતી હૈ—હોગી હી સહી; મગર, હમમેં સે શાયદ હી કોઈ ઇસ વિજય કા આનંદ લેને કે લિયે બચે."

"દેવપુર કી આનેવાલી પીઢી હમારી પૂજા કરેગી, હમ પર ગર્વ કરેગી, હમ ન બચેંગે તો ક્યા!"

"બીબિયોં કો હમારે રણ-પ્રસ્થાન કે પૂર્વ હી 'જૌહર' કરના હોગા ઔર બચ્ચોં કો કિસી પ્રકાર બચાકર સુરક્ષિત સ્થાન મેં ભેજના હોગા. ઇસલિયે મૈં તુમ્હેં યહ સંદેશ સુનાને કે લિયે આયા હૂં કિ મુસ્કરાતી મુસ્કરાતી આગ મેં કૂદને કો શીઘ્ર હી પ્રસ્તુત હો જાઓ!"

"મૈં?" કુછ સોચતી હુઈ પદ્મા ગંભીર ભાવ સે બોલી—"મૈં જૌહર નહીં કરુંગી."

"ફિર ક્યા કરોગી?"

"હોલી ખેલુંગી," મુસ્કરાહટ કે સાથ ઉત્તર મિલા.

"કિસસે?"

"વિદેશી મુગલ સેનાપતિ સે, વિદેશી દાનવ સે."

"તુમ્હારી બાત મેરી સમઝ મેં નહીં આ રહી હૈ."

"કલ દેખ લોગે તબ સમઝ મેં આ જાયગી."

"તો" યુવક ને ધીરે સે કહા—"બિના તુમ્હેં 'અપની' બનાયે હી કલ મુઝે ઇસ લોક સે—?"

"મત બોલો ઐસી બાત!" મહાસિંહ કો રોક કર પદ્મા ને કહા—"હમારા બ્યાહ તો હોગા હી. હમેં એક-દૂસરે સે કૌન અલગ કર સકતા હૈ! હમ એક હૈં—એક હી રહેંગે."

યુવક કુતૂહલ સે અપની બાલસખી પદ્મા કા મુંહ દેખને લગા. "યહ કહતી ક્યા હૈ? કલ તો ઇસ જીવનયજ્ઞ કી પૂર્ણાહુતિ હૈ, ફિર બ્યાહ હોગા કબ?"

(૫)

મુઝે ઠાકુર બધેલસિંહ કી ઉક્ત કહાની જિતની અચ્છી નહીં લગી ઉસસે કહીં અધિક અચ્છે, કભી કભી ઉનકે મુંહ પર નાચનેવાલે અનેક ભાવ લગે. ઉન્હેં ક્ષણભર વિશ્રામ લેતે દેખ મૈંને પુનઃ ઉનકી ધવલ દાઢી મેં અપના પંજા ઘુસેડા ઔર પૂછા—

"ફિર ક્યા હુઆ?"

"ફિર ક્યા બેટા! ઉસી રાત કો દુર્ગ મેં કઇ બડે બડે અગ્નિકુંડ તૈયાર કિયે ગયે, આગ ભભકા દી ગઇ ઔર રાજપૂત લલનાઓં ઔર માતાઓં ને, યુદ્ધ કે લિયે સજે તૈયાર અપને પ્રિય જનો સે અંતિમ બિદા લે લે કર, મુસ્કરાતે હુએ ઉન કુંડોં મેં કૂદના આરંભ કર દિયા.

"આગ મેં કૂદને લગીં?" ઠાકુર સાહબ કી દાઢી કે બાહર ઝટકે સે અપના પંજા નિકાલ કર મૈંને આશ્ચર્ય સે પૂછા—"આગ મેં વહ જલ ન ગયી હોંગી? આગ મેં ક્યોં કૂદીં? ભલા કોઇ આગ મેં ભી કૂદતા હૈ?"

"હાં બેટા! હમારે દેશ કી માતાએં, આવશ્યકતા પડને પર મુસ્કરાતી હુઈ ભસ્મ હો જાને મેં અપના સૌભાગ્ય સમઝતી હૈં. ખૈર, કહાની સુનો. જબ પ્રાયઃ સભી ઔરતેં અગ્નિ-કુંડોં મેં કૂદ

પડી ઔર અંગારોં કે વિમાન પર બૈઠ કર સ્વર્ગ કી ઓર ચલ પડી, તબ રાજપૂતોં કી બચી-ખુચી વિકટ વાહિની કિલે કે બાહર હુઈ. ઉસ સેના કા પ્રત્યેક સૈનિક કેસરિયા બાને સે સજા થા.

દુર્ગ કે બાહર સેના દો ટુકડી મેં બાંટ દી ગઈ, એક ભાગ કી સંરક્ષતા મેં બચ્ચે એક સુરક્ષિત સ્થાન કી ઓર ભેજે ગયે ઔર દૂસરા ભાગ અસાવધાન વિપક્ષ સેના પર "હર હર મહાદેવ!" પુકાર કર ટૂટ પડા. મચ ગયા ચારોં ઓર હાહાકાર! પડ ગઈ દશોં દિશાઓં મેં માર માર કી પુકાર. તલવારેં નાચને લગીં—દોનોં ઓર કી. ભાલે ચમકને લગે દોનોં ઓર કે. રૂંડપર રૂંડ ઔર મુંડપર મુંડ ગિરને ઔર નાચને ઔર કૂદને ઔર પાગલ હો કર હો હો હો હો કરને લગે!

જબ જરા પ્રભાત કા પ્રકાશ ફૈલા તો શત્રુઓં સે ઘોર યુદ્ધ કરતે હુએ મહાસિંહ ને દેખા, ઉનસે થોડી દૂરપર કોઇ તેજસ્વી યુવક રાજપૂત વિચિત્ર શીઘ્રતા ઔર પરાક્રમ સે શત્રુઓં કા સંહાર કર રહા થા. મહાસિંહ ને ગદ્‌ગદ્ હો કર ઉસે બઢાવા દિયા—

"ધન્ય વીર! તુમ મેવાડ કે ગૌરવ હો!"

ઉસ યુવક યોદ્ધા ને માનો અપને સહયોગી સૈનિક કી બાતેં સુન લીં. વહ મહાસિંહ કી ઓર દેખ કર મુસ્કરાયા—

"મૈં કોઇ અપરિચિત યોદ્ધા નહીં-તુમ્હારી પત્ની હૂં! મહાભૈયા આજ હોલી હૈ ન! મૈં હોલી ખેલ રહી હૂં. વિદેશી સેનાપતિ મેરી કૃપાણ પિચકારી કે પ્રહાર સે યહીં કહીં રક્તાક્ત પડા હોગા. બડા આનંદ હૈ—બડા સુખ હૈ ઇસ અનોખી હોલી.........આહ! યહ ક્યા? આહ!"

મહાસિંહ ને દેખા, એકાએક કઇ મુગલ પત્નીપર પ્રબલ રૂપ સે ઝપટ પડે.

"બઢો આગે મહાભૈયા!" એકાએક વહ પુકાર ઉઠી—"મારો અપની ખમ ભરી તલવાર મેરે માથે પર. ડાલો સિંદૂર, નહીં તો તુમારી યહ દુલહિન ચલી—આહ! ઠીક-બસ-ચલી મૈં! મેવાડ કી જય હો."

ઠીક વક્ત પર પત્ની કે બીચ માથે પર વાર કર મહાસિંહ ને ઉસે રક્ત સિંદૂર પહના દિયા. મગર અબ વહ ભી શત્રુઓં સે બિલકુલ ઘિર ગયે થે. દેખતે દેખતે ચારોં ઓર સે ઉન પર તલવારેં બરસને લગીં. ક્ષણભર બાદ વહ ભી અપની સખી કે બગલ મેં સમાપ્ત હો કર ગિર પડે!

બ્યાહ હો ગયા! અનોખા વર, અપની પ્રેયસી કો લે કર અપને દેશ કો ચલા ગયા!

× × ×

"ફિર ક્યા હુઆ?" ઇસ બાર ન જાને ક્યોં કાંપ કર મૈંને ઉત્તેજિત બઘેલસિંહ સે પૂછા.

ઇસકે બાદ પૂરે દો ઘંટે તક દુસરે બચે ખુચે વીર રાજપૂત, વિદેશિયોં કે ખંડિત શિરોં સે અપને પ્રાણોં કા મૂલ્ય વસુલ કરતે રહે. આખિર શત્રુઓં કે પાંવ ઉખડ હી ગયે. સેનાપતિહીન સબ સેના ભાગ ગઈ!

ઉસ દિન દો પહર કે વક્ત દેવપુર સ્વતંત્ર થા, મગર સચમુચ વહાં કા એક ભી પ્રાણી ઉસ સ્વતંત્રતા કા સુખ દેખને કો નહીં દિખાઇ પડતા થા. ચારોં ઓર કેવલ ગૃધ્ર, શૃગાલ ઔર ચીલ-કૌએ ઉસ રક્ત કી ગંગા મેં નહા-નહા કર હોલી કા ઉત્સવ મના રહે થે. દેવપુર મરઘટપુરસા દિખાઇ પડતા થા.

મગર ઉસ ભયાનક સન્નાટે મેં, ઉસ બીભત્સ સન્નાટે મેં, બહુત દેર તક કિસી ઘાયલ ઔર વૃદ્ધ સૈનિક કી ક્ષીણ કંઠ-ધુનિ સુનાઇ પડતી થી—

"ઐસી હોલી-ઐસી હોલી ખેલો લાલ! લો કર મેં કરાલ કરવાલ!!"

"વહ વૃદ્ધ" અંત મેં પુનઃ નાચતે ઔર ગાતે હુએ બઘેલસિંહ ને કહા—"મેરે દાદા કે પરદાદા થે. ભૈયા! ઔર યહ તલવાર ઉન્હીંકી જવાની કી સખી હૈ, મેરી ઇષ્ટદેવી હૈ!!"

("વીરસંદેશ" માસિકમાં લેખકઃ-શ્રી પાંડેય બેચન શર્મા 'ઉગ્ર')

१६—आपणा प्रेमीनुं आपणे अनायासे चिंतन करीए छीए.

જેનું મનુષ્ય સૌથી અધિક ચિંતન કરે છે, તેના જેવોજ તે ક્રમે ક્રમે થાય છે, એ નિયમને ગયા અંકમાં આપણે વર્ણવ્યો હતો; અને તે વર્ણવીને એ સિદ્ધ કર્યું હતું કે, જે સ્થિતિની આપણને ઇચ્છા હોય, તે સ્થિતિનું સૌથી અધિક ચિંતન કરવું, અને તે સ્થિતિના સ્વરૂપને અંતઃકરણમાં આરૂઢ રાખવું. એ તે ઇચ્છેલી સ્થિતિને પ્રાપ્ત કરવાનો ઉપાય છે.

પરંતુ આ ઉપાય જાણ્યા પછી, ઇચ્છેલી સ્થિતિનું સૌથી અધિક ચિંતન થાય એટલા માટે આપણે શું કરવું, એ પ્રશ્ન ઉભો થાય છે. આ પ્રશ્નનું સમાધાન આજના વિષયમાં આપવા પ્રયત્ન કરીએ છીએ.

ઇચ્છેલી વસ્તુનું અધિક ચિંતન કરવાનો—અર્થાત્ ધારેલી દિશામાંજ મનના વિચારોને અખંડિતપણે વહેવડાવ્યા કરવાનો સહેલામાં સહેલો ઉપાય પ્રેમ છે. જેના ઉપર આપણો અનંત પ્રેમ પ્રકટે છે, તેના વિચારો વગરપ્રયત્ને આપણા મનમાં આખો દિવસ ગાજ્યાજ કરે છે. આમ હોવાથી જો આપણે ઉચ્ચ અને વિશુદ્ધ વસ્તુઓ અને ગુણો ઉપર અનંત પ્રેમ પ્રકટાવીએ, તો સ્વભાવથીજ આપણું મન તે ઉચ્ચ વસ્તુઓ અને ગુણોનું ચિંતન કર્યા કરવાનું, અને તેમ થતાં અનાયાસે આપણે વિશુદ્ધ અને ઉચ્ચ થવાના.

જો આપણને મહાવિદ્વાન થવાની ઇચ્છા હોય, જો અસાધારણ પ્રતિભાસંપન્ન થવાની આપણી વૃત્તિ હોય, તો વિદ્યા ઉપર અને પ્રતિભા ઉપર આપણે અસાધારણ પ્રેમ પ્રકટાવવો જોઇએ. આવો પ્રેમ જો આપણા અંતઃકરણમાં નથી હોતો તો ગમે તેવાં મહાવિદ્યાલયોમાં આપણે અભ્યાસ કરતા હોઇએ અને આપણા શિક્ષાગુરુઓ ગમે તેવા વિશ્વવિખ્યાત હોય, તોપણ આપણે વિદ્યાવિહીનજ રહીએ છીએ, અને આપણે કદી પણ અસાધારણ પ્રતિભાસંપન્ન થતા નથી. વિદ્વાન થવાનાં અસંખ્ય સાધનો છતાં શ્રીમંતો અને નૃપતિઓના કુમારો ઘણે પ્રસંગે મૂર્ખ રહે છે, અને સાધનવિનાના રંક મનુષ્યોના પુત્રો ભૂમંડળના અલંકારરૂપ થાય છે, તેનું કારણ આ પ્રેમજ છે.

સદ્ગુણો ઉપર પ્રેમ રાખનાર મનુષ્યજ સદ્ગુણી થાય છે. જેમને સદ્ગુણ ઉપર પ્રેમ પ્રકટેલો હોતો નથી, તેવા મનુષ્યોને ગમે તેટલું નીતિનું શિક્ષણ આપવામાં આવ્યું હોય છે, તોપણ તે નિષ્ફળજ જાય છે. સદ્ગુણપ્રતિ પ્રેમ પ્રકટ્યા વિના મનુષ્ય શુદ્ધ વર્તનવાળો કદી પણ થઇ શકતો નથી. આથીજ ઘણા બુદ્ધિવાન અને વિદ્વાન મનુષ્યો પણ સઘળું સમજતાં છતાં પોતાના દુરાચારને ત્યજી શકેલા હોતા નથી.

ઘણા દુરાચારી અને વ્યસની મનુષ્યો પોતાના દુરાચાર તથા દુષ્ટ વ્યસન ત્યજવાની ઇચ્છા બતાવે છે ખરા, પણ તેમની તે ઇચ્છા નામની—ઉપરટપકેની—જ હોય છે. સદાચાર ઉપર તેમને ખરો પ્રેમ પ્રકટેલો હોતોજ નથી. તેમના હૃદયમાં અત્યંત પ્રીતિનો વિષય તો તેમનો દુરાચારજ હોય છે. દુરાચાર કરતાં સદાચાર ઉપર જે ક્ષણે તેમને અત્યંત પ્રેમ પ્રગટે છે, તે ક્ષણથી તેમનું દુરાચરણ છૂટી ગયા વિના રહેતુંજ નથી. આથી 'હું મારો દુરાચાર અથવા દુર્વ્યસન છોડવા ઘણોએ મથું છું, પણ તે છૂટતું નથી, એમ જેઓ કહે છે, તેઓ સદાચાર ઉપર અને નિર્વ્યસન ઉપર તેમને દુરાચાર અને દુર્વ્યસન કરતાં ઘણીજ ન્યૂન પ્રીતિ છે, એમજ સૂચવે છે.

ઘણા મનુષ્યો કહે છે કે, અમને આખો દિવસ પરમેશ્વરની ભક્તિ કરવાનું તથા સાધનો સાધવાનું બહુજ મન છે; પણ તે અમારાથી આ વળગેલી ઉપાધિની લાહ્યથી થતું નથી. શું તેમનું આ કહેવું સાચું છે? સાચું ખરૂં, પણ માત્ર સોએ પાંચ ટકા, અથવા દશ ટકાજ. જેમને તેઓ ઉપાધિની લાહ્ય કહે છે; અને જે તેમને જરા પણ ગમતી નથી, એવું તેઓ માને છે અને મનાવે છે, તે ઉપાધિની લાહ્ય ઉપર વસ્તુતઃ તેમને પરમેશ્વર અને સાધનો કરતાં વધારે પ્રેમ હોય છે. જો તેઓ દિવસના ચોવીસે કલાક ઉપાધિમાં ડૂબેલા હોય છે તો ઉપાધિને ભલે તેઓ મુખથી વખોડતા હોય તથાપિ તેમનો તેના ઉપર સોએ સો ટકા પ્રેમ હોય છે, અને પરમેશ્વરમાં શૂન્ય ટકા પ્રેમ હોય

છે. જેમાં જેઓ અધિક સમય જોડાયલા રહે છે, તેજ તેમનો અધિક પ્રેમનો વિષય છે; અને જેમાં જેઓ અત્યંત ન્યૂન સમય જોડાયલા રહે છે, તે તેમનો અત્યંત ન્યૂન પ્રેમનો વિષય છે.

અસંખ્ય મનુષ્યો પરમેશ્વરને મેળવવા ઇચ્છે છે, પણ તેમાંથી કોઈકનેજ પરમેશ્વરનો અનુભવ થાય છે; કારણકે અસંખ્ય મનુષ્યોમાંથી કોઇકજ પરમેશ્વરના ઉપર અત્યંત પ્રેમ કરે છે, અન્ય સર્વનો અત્યંત પ્રેમનો વિષય પરમેશ્વર હોતાજ નથી અને તેથી તેમના મનમાં પરમેશ્વરનું અખંડ ચિંતન થતું હોતુંજ નથી. જેના ઉપર તેમનો અત્યંત પ્રેમ હોય છે, તેનુંજ અધિક ચિંતન તેઓ કર્યા કરે છે, અને તેથી તેજ તેમને પ્રાપ્ત થાય છે.

દ્રવ્યને અથવા વિભવોને અથવા શબ્દાદિ અન્ય વિષયોને જેવા ભારે પ્રેમથી આપણે ચાહીએ છીએ, તેવોજ ભારે પ્રેમ આપણે પરમેશ્વર ઉપર જ્યારે કરીએ છીએ, ત્યારેજ પરમેશ્વરને પ્રાપ્ત કરવાનાં સાધનો અખંડિતપણે આપણાવડે સેવાય છે. અંતઃકરણના સંપૂર્ણ પ્રેમથી પરમેશ્વરને આપણે ચાહીએ છીએ, ત્યારેજ આપણા મનમાં પરમેશ્વરસંબંધી અખંડ ચિંતન ચાલે છે, અને ત્યારેજ આપણું જીવન આધ્યાત્મિક થઇ પરમેશ્વરના સ્વરૂપને સમજવાની આપણામાં યોગ્યતા આવે છે. પરમેશ્વરનું અખંડ ચિંતન થતાં આપણા અણુમાત્રની અત્યંત શુદ્ધિ થાય છે; કારણ કે જેનું આપણે સૌથી અધિક ચિંતન કરીએ છીએ, તેના જેવાજ આપણે અંતર્બાહ્ય થઇએ છીએ. પરમેશ્વર અત્યંત વિશુદ્ધ હોવાથી આપણાં શરીર, મન વગેરે સર્વ અત્યંત વિશુદ્ધ થતાં જાય છે; અને જેમ જેમ તેઓ અધિક વિશુદ્ધ થતાં જાય છે, તેમ તેમ આપણામાં પરમેશ્વરના સ્વરૂપને સમજવાનું અધિક સામર્થ્ય આવતું જાય છે. આમ ક્રમે ક્રમે આપણે ઉચ્ચ થતા જઇ પરિણામે પરમેશ્વરરૂપજ થઇ રહીએ છીએ.

જેના ઉપર આપણો સૌથી અધિક પ્રેમ હોય છે, તેનું આપણે સ્વભાવથીજ સૌથી અધિક ચિંતન કરીએ છીએ; તેનું મુખ્ય કારણ એ છે કે, પ્રેમ અવ્યભિચારી છે. સાચા પ્રેમને અનેક વિષય હોતા નથી. તેને એકજ વિષય હોય છે, અને આ એકજ વિષય ઉપર તેનું સંપૂર્ણ ધ્યાન વળેલું રહે છે; અને જેના ઉપર આપણું સંપૂર્ણ ધ્યાન વળેલું હોય છે, તેના સંબંધીજ આપણા મનમાં વિચાર ચાલે છે, તેથી અધિક પ્રેમના વિષયનુંજ આપણે સૌથી અધિક ચિંતન કરીએ છીએ.

આપણા પ્રેમના વિષયનુંજ આપણે નિત્ય ચિંતન કરીએ છીએ, તેનો આપણને વ્યવહારમાં નિત્ય અનુભવ થાય છે. અવલોકન કરીને જોનારને જ્યાં ત્યાં આ નિયમ પ્રવર્તી રહેલો અનુભવમાં આવ્યા વિના રહેતોજ નથી.

સામાન્ય વસ્તુઓ ઉપર પ્રેમ કરવાથી ઉચ્ચ મનુષ્યો પણ સામાન્ય થઇ જાય છે, અને ઉચ્ચ વસ્તુઓ ઉપર પ્રેમ કરવાથી સાધારણ મનુષ્યો પણ ઉચ્ચ થઈ જાય છે. અત્યંત હલકી સ્થિતિમાં જન્મેલા સેંકડો મનુષ્યો આજ નિયમને લીધે અસાધારણ ઉચ્ચ સ્થિતિને પામ્યા છે અને અત્યંત ઉચ્ચ સ્થિતિમાં જન્મેલા આજ નિયમને લીધે ચીંથરેહાલ થઇ ગયા છે. હલકી વસ્તુઓ ઉપર પ્રેમ કરવાથી મનમાં હલકી વસ્તુઓનાજ વિચારો ચાલે છે, અને તેમ થતાં 'મનુષ્ય જેનો અધિક વિચાર કરે છે, તેવોજ તે થાય છે' એ નિયમ પ્રવર્તવા માંડે છે.

કેટલા કેટલા સુંદર મનુષ્યો હલકી વસ્તુઓ ઉપર પ્રેમ કરવાથી કદ્રૂપા મુખ અને શરીરવાળા થઈ ગયેલા વ્યવહારમાં આપણા જોવામાં આવે છે! જે બાળક આઠ-દશ વર્ષની વયે મનોહર આકૃતિવાળો હોય છે, અને જેને જોઇને સર્વને પ્રસન્નતા પ્રકટતી હોય છે, તેજ બાળકની આકૃતિ વીસ વર્ષની ઉંમરે અત્યંત અળખામણી ઉપજાવે એવી થયેલી વ્યવહારમાં કોના જોવામાં નથી આવી? તેમજ પ્રથમની સામાન્ય આકૃતિવાળાં મનુષ્યો અત્યંત પ્રૌઢ અને આકર્ષક થયેલાં ઉદાહરણો કયા અવલોકનારની દૃષ્ટિએ નથી પડ્યાં? ઉભય પ્રસંગમાં ઉભય મનુષ્યોના પ્રેમના વિષયોજ મુખ્ય કારણ છે.

સામાન્ય હલકા વિષયો ઉપર પ્રેમ કરનારના વિચારો સામાન્ય હલકા પ્રકારનાજ હોય છે; અને આ હલકા વિચારનાં આંદોલનો બહુ મંદ અને સ્થૂલ હોવાથી શરીરનાં તત્ત્વ મંદ અને સ્થૂલજ બને છે. એથી ઊલટું ઉચ્ચ વિષયો ઉપર પ્રેમ કરનારના વિચારો ઉચ્ચ પ્રકારના હોવાથી,

તે વિચારનાં આંદોલનો તીવ્ર વેગવાળાં અને સૂક્ષ્મ હોય છે, અને તેથી શરીરનાં તત્ત્વ સૂક્ષ્મ અને શુદ્ધ થાય છે. બંનેનાં શરીર રુધિર, માંસ, અસ્થિ વગેરે ધાતુનાં બનેલાં દેખાય છે, પણ બંનેમાં બહુ ભેદ હોય છે. એકનું શરીર રૂપિયાની સોળ ગજની ગાદી હોય છે, ત્યારે બીજાનું શરીર મુદ્રીમાં સમાઇ જાય એવી હાકાની સુકોમળ મલમલ હોય છે.

શરીરનું સુકોમળ પોત હોવામાં ઉચ્ચ કુળજ સર્વદા કારણ છે, એમ કંઇ નથી. માબાપથી પ્રાપ્ત થયેલું જડ શરીર, વિચારવડે ઉત્તમ ગુણધર્મવાળું કરી શકાય છે અને સુકોમળ શરીર બગાડીને જડ પણ કરી શકાય છે.

એકજ માબાપના ઉદરમાં જન્મેલા બે પુત્રોમાંથી એક કર્કશ બાવળીયો હોય છે, અને બીજો સુકોમળ દેહ હોય છે, એવો અનુભવ વ્યવહારમાં કોને નથી આવ્યો? ઉભયના શરીરમાં ભેદ પડવામાં વિચારજ કારણ છે.

વિચાર આ પ્રમાણે મનુષ્યને અંતર્બાહ્ય ઘડતો હોવાથી, ઉચ્ચ વસ્તુઓ અને ઉચ્ચ ગુણો ઉપરજ માત્ર પ્રેમ કરવાનો સ્વભાવ આપણે કેળવવો જોઇએ. આપણા પ્રેમના વિષયો કયા કયા છે, અને તે ઉચ્ચ પ્રકારના છે કે હલકા પ્રકારના છે તે એકાંતમાં બેસી આપણે શોધી કાઢવું, જોઇએ. જો તે હલકા પ્રકારના હોય તો તેમના ઉપર પ્રેમ રાખી રહેવાનું આપણે શું કારણ છે, તે આપણે આપણને પોતાને પૂછવું જોઇએ. આપણી ઇચ્છા જો હલકા રહેવાની હોય, અને આપણા શરીરને અને મનને બેડોળ, જાડાં, નિસ્તેજ, અશુદ્ધ અને અંધકારવાળાં રાખવાની હોય—જો આવા રહેવું આપણને ગમતું હોય તો તો હલકા પ્રકારની વસ્તુઓ ઉપર પ્રેમ કરતા અટકવાની આપણે કશીજ અગત્ય નથી; પણ જો આમાંનું કશુંજ આપણને ન ગમતું હોય, પણ ઉલટું સુંદર, તેજસ્વી, વિશુદ્ધ, પ્રકાશિત મતિવાળાં અને ઉચ્ચ થવા ગમતું હોય તો પછી શા માટે આપણે હલકી વસ્તુઓ ઉપર પ્રેમ કરવો, તેનું કશુંજ કારણ રહેતું નથી. આ પ્રમાણે વિચાર કરી હલકી વસ્તુઓ પ્રતિના પ્રેમને આપણે શિથિલ કરી નાખવો જોઇએ; અને ઉચ્ચ વસ્તુઓપ્રતિના પ્રેમને વધારવો જોઇએ.

ઉચ્ચ વસ્તુઓપ્રતિ પ્રબળ પ્રેમ પ્રકટાવ્યાવિના, અખંડિતપણે ઉચ્ચ વિચાર કદી પણ આપણા મનમાં આવતા નથી, અને અખંડિતપણે ઉચ્ચ વિચાર આપણા મનમાં આવ્યાવિના આપણે કદી પણ ઉચ્ચ થઇ શકતા નથી; એ સિદ્ધ નિયમનું ઉચ્ચ થવાની ઇચ્છા રાખનાર આપણે એક ક્ષણ પણ વિસ્મરણ કરવું નહિ જોઇએ.

જે જે ઉચ્ચ અને વિશુદ્ધ છે, તેમના ઉપર આ ક્ષણથીજ અત્યંત પ્રેમ કરવા માંડો. ઉચ્ચ સદ્ગુણોનો વિચાર કરો, અને તેમને અમૂલ્ય રત્નો જેવા જાણી તેમના પ્રતિ પ્રેમ કરો. ઉચ્ચ વિદ્યાકળા ઉપર અને દૈવી સામર્થ્ય ઉપર પ્રેમ કરો. યોગ, ઉપાસના, તત્ત્વવિચાર વગેરે સર્વોત્કૃષ્ટ પદને પમાડનારી ક્રિયાઓ તથા સાધનોમાં પ્રેમ કરો. વિદ્વાનોમાં, સદ્ગુણી પુરુષોમાં, મહાત્માઓમાં, ગુરુમાં, સદ્ગ્રંથોમાં, દેવોમાં, ઈશ્વરમાં અને પરમતત્ત્વમાં પ્રેમ કરો, સર્વમાં સામાન્ય પ્રેમ કરો; પરંતુ પરમાત્માને પરમ પ્રેમના વિષય કરો. પ્રાણીઓનો અને પદાર્થોનો જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે સંબંધ થાય, ત્યારે તેમના દોષોને ન જુઓ; પરંતુ તેમનામાં રહેલા ગુણોને અને ઉચ્ચતાનેજ જોયા કરવાને જુઓ. સ્મરણમાં રાખો કે, દોષો જોવાનો સ્વભાવ, એ દોષોપ્રતિના પ્રેમને સૂચવે છે. ગુણોપ્રતિ જેને નિર્નામ પ્રેમ પ્રકટ્યો છે, તેને દોષો ભણી દૃષ્ટિ નાખવાનો પણ અવકાશ નથી. આપણી દૃષ્ટિ કેળવવાથી ગતિને પ્રાણીપદાર્થોમાં ગુણ ન જણાય તો ઉપેક્ષા કરવી સારી છે, પણ દોષો જોવા યોગ્ય નથી. એક ક્ષણ વાર પણ દોષ જોવાથી, દોષ આપણા ચિંતનનો વિષય થાય છે, અને જેનું જેટલો સમય આપણે ચિંતન કરીએ છીએ, તેટલો સમય આપણે તેરૂપ થઇએ છીએ, માટે દોષ ન કરવો ન કરવાના આપણે કેળવવા પણ દોષને જોવાની આવશ્યકતા નથી. જેમ કાગળના સૂક્ષ્મ આકર્ષણ કારણ બહારથી નીકળે છે, ત્યાં પ્રકાશજ હોય છે, તેમ દોષ.... [illegible] ..... હોય છે. જળ ઉપર વહેતી હોડીની નીચે નિર્મળ જળજ હોય છે,

[illegible] નિર્દોષ હોય છે. આ નિર્દોષતાને શોધતાં અને જોતાં [illegible] આત્માને તેના ઉપર પ્રેમ પ્રકટ્યો નથી, એ છે. [illegible] જ્યાં ત્યાં તમને જણાશે. સર્વત્ર, ચર અને [illegible] વૃક્ષોમાં, પત્રમાં, પુષ્પમાં, ફળમાં, જંતુઓમાં, પશુઓમાં, [illegible] નિર્દોષતા ભરેલી છે, આપણાં ચર્મચક્ષુને તે પ્રકટ નથી જણાતી, તેથી [illegible] તે સમયે તે ત્યાંજ છે, તેને શોધો અને તેને [illegible] જ્યાં ત્યાં પૂર્ણતાનેજ જુઓ. પ્રાણીપદાર્થોની કનિષ્ઠ [illegible] જુઓ. મનુષ્યોનો ઉત્તમાંશ [illegible] અંશ જુઓ, એ ઈશ્વરની ભક્તિ છે, ઈશ્વરનું [illegible] એ ઈશ્વરની ઉપાસના છે, એ ઈશ્વર- [illegible] છે, એ ઈશ્વરને હૃદયમાંથી [illegible] જણાય છે, તેને ઈશ્વરમાં ભરી ભક્તિ, [illegible] ત્યારે તમને ઈશ્વર જણાય ત્યારે [illegible] પ્રેમ પ્રગટતા, [illegible]

[illegible]

૧૭—[illegible]

[illegible]

[illegible]

તેઓ આ ચોગાનોમાં દોડવાની, કૂદવાની, ફરતીની, મુક્કાબાજીની અને બીજી અનેક જાતની રમતો રમતા, અને તેના પરિણામમાં ગ્રીસ દેશમાં સર્વથી બળવાન અને સર્વથી સુંદર સ્ત્રીપુરુષો હતાં; અને એવું કહેવાય છે કે, સ્ત્રીપુરુષોને સૌથી બળવાન તથા સૌથી સુંદર કરવામાં ગ્રીસ દેશ પૂર્વે જેવો વિજયી થયો હતો, તેવો પૃથ્વી ઉપર હજીસુધી કોઈ પણ દેશ થયો નથી.

ગ્રીસનું આ અનુકરણ થોડાં વર્ષ થયાં અમેરિકાએ કરવા માંડ્યું છે, અને એવું માનવામાં આવે છે કે, સમય જતાં ગ્રીક લોકોના જેવો મોટો પણ પરિણામ તે દેશ પોતાની પ્રજામાં ઉપજાવી શકશે.

ચિકાગોએ આજથી ૭ વર્ષ ઉપર આ બાબતની સૌથી પ્રથમ પહેલ કરી હતી, અને નગરનાં હજારો ગરીબ બાળકોને રમવાને માટે વિશાળ ચોગાનો તૈયાર કર્યાં હતાં. એ શહેરે સાત કરોડ રૂપિયા રમવાનાં ચોગાનો પાછળ ખર્ચ્યા છે, અને હજી ખર્ચે જાય છે.

ચિકાગોની નકલ તરતજ બીજાં શહેરોએ કરવા માંડી, અને આજે તેનું શું પરિણામ આવ્યું છે ! અમેરિકાનાં સૌથી મોટામાં મોટાં પંદર શહેરોએ એક વર્ષના અરસામાં દર માસે ત્રીસ લાખ રૂપિયા છોકરાઓને રમવાનાં સાધનો પૂરાં પાડવા પાછળ ખર્ચી નાખ્યા છે.

ન્યુયોર્કે લગભગ બસેં રમવાનાં ચોગાનો તૈયાર કર્યાં છે. ચિકાગોમાં માત્ર ચાળીસ છે, પણ તે એટલાં મોટાં છે અને તેમાં રમવાનાં એટલાં બધાં ઉત્તમ સાધનોની વ્યવસ્થા કરવામાં આવી છે કે આખી દુનિયામાં કોઈ પણ શહેર હજીસુધી તેની બરાબરી કરી શકે એમ નથી. ગયે વર્ષે તેમના નિભાવને માટે લગભગ સત્તરલાખ રૂપિયા ખર્ચ થયું હતું. ફિલાડેલ્ફીયામાં તોંતેર, બોસ્ટનમાં સિત્તોતેર, બાલ્ટિમોરમાં પચાસ, સેંટ લુઈ કલીવલેન્ડમાં પંદર, ડેટ્રોઇટમાં અગિયાર, બફેલોમાં આઠ, સેન્ફ્રાન્સીસ્કોમાં પાંચ, સિન્સીનેટીમાં બાર, પ્રોવિડન્સમાં ઓગણીસ, ન્યુયોર્કમાં ચોવીસ અને વૉશિંગ્ટનમાં બત્રીસ રમવાનાં ચોગાનો છે. કેટલાંક શહેરોમાં જો કે ઓછાં ચોગાનો છે, તોપણ દર વર્ષે તેમની પાછળ ખર્ચ કંઈ ઓછું કરવામાં આવતું નથી. સેન્ફ્રાન્સિસ્કોમાં પાંચજ ચોગાનો છતાં ગયે વર્ષે તેણે આશરે એક લાખ દશ હજાર રૂપિયા તેમની પાછળ ખર્ચ્યા હતા.

પણ આટલાંજ શહેરોએ બાળકોને રમવાની વ્યવસ્થા કરી છે, એમ કંઇ નથી. આ સિવાય બીજાં ત્રણસેં શહેરોએ પણ તેવોજ આશ્ચર્યકારક પ્રયત્ન કર્યો છે. આ રમવાનાં ચોગાનોમાંનાં ઘણાં પ્રત્યેક ચાળીસ એકર જેટલાં વિશાળ હોય છે; પરંતુ આટલાં વિશાળ છતાં તેમાં વ્યવસ્થા ઘણીજ ઉત્તમ પ્રકારની રાખવામાં આવે છે. અમુક ઉંમરનાં બાળકોમાટે અમુક વિભાગ, અમુક ઉંમરના માટે અમુક વિભાગ, એમ જૂદા જૂદા વિભાગો પાડી નાખવામાં આવ્યા છે; અને બાળકોની ઉંમરના પ્રમાણમાં તેમાં રમતોની વ્યવસ્થા કરવામાં આવી છે. વળી પ્રત્યેક વિભાગ ઉપર સુશિક્ષિત પુરુષોની દેખરેખ રાખવામાં આવી છે, જેથી કોઇ પણ પ્રકારની ગડબડ કે અવ્યવસ્થા થતી નથી. બાળકો અત્યંત રસથી તેમાં ભાગ લે છે, અને મોટી ઉંમરના તોફાની છોકરાઓ પણ આ સ્થળે સુધરી જાય છે.

યુનાઇટેડ સ્ટેટ્સના મધ્યભાગમાંથી કોઇ બલૂનમાં બેસીને જો તમે જેટલે ઉંચે જવું જોઇએ તેટલે ઉંચે જાઓ, અને ત્યાંથી બળવાન દૂરબિનવડે, નીચેનો પ્રદેશ જુઓ તો તમને આ ચોગાનોમાં એકી વખતે દશ લાખ છોકરા તથા છોકરીઓ રમવાને એકઠાં થયેલાં અને રમતના અપૂર્વ આનંદને ભોગવતાં જોવામાં આવશે.

પ્રતિદિન આ પ્રમાણે ખુલ્લી હવામાં બે ત્રણ કલાક રમવામાં ગાળવાથીજ મનુષ્યનું-કાં વૃદ્ધ, યુવાન કે બાળકનું-શરીર નિરોગી અને સુદૃઢ રહે છે. જ્યાંસુધી આપણા લોકો ખુલ્લી હવામાં ફરવા હરવાના અને રમવાના લાભને નહિ સમજે ત્યાંસુધી, એકલી માનસિક કેળવણીવડે તેઓ જે ઉન્નતિની આશા રાખે છે, તે સફળ થવાનો ઘણોજ ઓછો સંભવ છે.

(ભાદ્રપદ-૧૯૬૬ના "મહાકાળ"માં લેખકઃ-સદ્‌ગત માસ્તર શ્રીમાન્ છોટાલાલજી)

૧૮-સગુણ ભક્તિ વધારે ઉપકારક છે.

એક ગૃહસ્થ સવારે શાકભાજી લેવા જાય છે અને શાકમારકીટમાં શાક લેવામાં એ જેટલો સમય સાધે છે, તેટલો શાકની પરીક્ષામાં એકાગ્ર બને છે; કોથમીર તાજી છે કે વાસી એ જોવામાં જેટલી નજર રોકાવે છે એટલો સમય, એટલી એકાગ્રતા કે એટલી નજર એણે એના બાળકની કેળવણી પાછવાડે આપેલ છે? આ તો બહુ સાદો અને સહેલો પ્રશ્ન છે. શાક લેવાનું એક અદનામાં અદનું દૃષ્ટાંત મૂકી અમે આપણાં માબાપોને એ પ્રશ્ન પૂછીએ છીએ કે, બાળકની કેળવણીવિષે એમણે કોઇ દિવસ કંઇ વિચાર કર્યો છે? હા, બહુ બહુ તો છોકરાને ભણાવવા માટે એકાદ માસ્તરને ઘેર બોલાવ્યો હશે, બહુ બહુ તો હેડમાસ્તરને મળી છોકરાપર નજર રાખવાની ભલામણ કરી હશે. એથી વિશેષ એણે શું કર્યું છે? આનો જવાબ દરેક માબાપ પોતાનેજ આપે તો અમે એ પ્રશ્નનું કંઇ પરિણામ આવ્યું, એમ માની લઇશું. કેટલેક સ્થળે તો નિશાળ એટલે છોકરાંઓની આથડ઼ટ ઘરમાંથી બહાર ધકેલવાનું સાધન! એ રીતે નિશાળનો ઉપયોગ થાય છે. નાનાં નાનાં બાળકોની પંચાત માતાને ઓછી થાય અને પંતુજી માસ્તરને એ ઉપાધિ ચોંટે એટલા પૂરતોજ નિશાળનો ઉપયોગ ઘણે સ્થળે છે; પણ એ માતપિતાએ, પોતાના બાળકમાં નાનપણથી શા શા સંસ્કાર પડે છે, નાનપણથી એના જીવનનો પાયો કયી રીતે પડે છે એનો કદીય ખ્યાલ કર્યો નથી. ખ્યાલ કરવાનો એને અવકાશ નથી અને એ રીતે એ બેદરકારીના થર આપણા સમાજપર જામતા જાય છે. પ્રભુ જાણે એ થર ક્યારે ઉખડશે!

પણ અમે તો આશાવાદી છીએ. બેદરકારીના એ થર આજે નહિ તો આવતી કાલે ઉતરશે. માણસ પોતે પોતાની મેળે નહિ સમજે તો સમય એને સમજાવશે. એવા જીવનના ઘણા પ્રસંગો છે, કે જેમાં સમય માણસને શિક્ષણ આપે છે. એમ આ વિષયમાં પણ બને એ બનવાજોગ છે; છતાં લોકાણા માતપિતા સાવધ બને એટલા માટે અમારો આજનો આ પ્રયાસ છે.

બાળક એટલે ફૂલ. એનામાં પ્રભુતા છે, નિર્દોષતા છે, અનુકરણ કરવાની અજબ શક્તિ છે. બાળક જે જુએ એ શીખે. બાળક જે સાંભળે એની અસર એનાપર બીજા કરતાં જલદી થાય છે. બાળકની અનુકરણશક્તિ પણ અજબ છે. આ રીતે બાળકમાં જે વિવિધ પ્રકારની શક્તિઓ છે એનો જો માબાપ અભ્યાસ કરી લે તો બાલજીવનના પાયા પૂરવામાં એ અભ્યાસ ખૂબ ઉપયોગી થઇ પડે. એક વખત એવો હતો કે માતા પોતાના બાળક તરફ ખૂબ ધ્યાન આપતી. માતા બાળકનો સૌથી સરસ શિક્ષક બની શિક્ષણદાત્રી મહામાતા બનતી. આજે કમનસીબે એ માતાનું માતૃત્વ નાશ પામતું જાય છે. જ્યાં માતા સંસ્કારવિહોણી હોય, ત્યાં બાળકને સંસ્કાર ક્યાંથી મળે! આ માતૃપદનો લગભગ નાશ થવા આવ્યો છે. બહુ નહિ તો છેલ્લા પચીસ વર્ષનો સમય જોવાથી આપણને તુરત માલૂમ પડશે કે, સંસારમાંથી માતૃત્વનો લોપ થતો જાય છે. પચીસ વર્ષ પહેલાંની માતા અને આજની માતામાં જે તફાવત છે, એ તફાવત ઝીણી નજરે જોનારને તુરત માલૂમ પડી આવે તેવો છે. એ માતા ઉત્તમ શિક્ષક હતી, ઉત્તમ ધન્વંતર હતી, ઉત્તમ ધર્મગુરુ હતી. આજે એ શિક્ષણ, વૈદું કે ધર્મજ્ઞાન માત્ર ચોપડીઓમાં રહ્યું છે, જીવનમાંથી ગયું છે. માતા પોતાના કુટુંબને–જ્ઞાતિને ધ્યાનમાં રાખી નાનપણથી જે સંસારનું શિક્ષણ બાળકમાં રેડતી એ પ્રસંગ અદ્વિતીય હતો. દાસીનું દૂધ ધાવી ગયેલા રાજસિંહની માતાએ એ દાસીના દૂધમાં રાજપુત્રને કલંક લગાડનારી જાતિના સંસ્કાર પડેલા જોયા, એટલે બાળકને ઉંધે માથે ટાંગીને એના પેટમાંથી એ દૂધ કાઢી નાખવા પ્રયત્ન કર્યો, એ એના માતૃપદની મહત્તા. એ એના સંસ્કારબળની સમજણ. આજે કેટકેટલી બને કેનામા છે? બાળકના કોઇપણ રોગમાં માતા એને ઘરગથ્થુ ઓસડીઆથી તુરત આરામ કરી દેતી. આજે એજ માતા બાળકના પેટમાં સહજ દુખે એટલે "બોલાવો ડાક્ટરને" એ સૂત્રોમાં પરાધીન બની છે. બાળકના પેટમાં વિલાયતી દવાઓ જતાં પણ જરી ન જોઇએ અને એને એ દવાઓ લાભ કરતાં હાનિ વધુ કરે છે. બહુ સાદી અને બહુ સ્વદેશી દવાઓ બાળકો માટે માતાઓ

પાસે [illegible] અને [illegible] ક્યાંક ક્યાંક છે, પણ આજની એ માતા બાળક માંદું પડતાં બિચારી બને છે, ડૉક્ટરની [illegible] વશમાં માટે છે. એ ઘરવૈદું આજે ક્યાં ગયું ? માતામાં રહેલો એ ઘરવૈદ આજે ક્યાં [illegible] વિચારથી દવાના વિભાગની કોઈ પણ ડૉક્ટરને પૂછો અને એ ડૉક્ટર જો સહૃદયી [illegible] જરૂર આપણી સાથે આ વિષયમાં શોચ કરશે. બાળકોમાટે આપણી માતાઓ જે દેશી ઉપાયો કરતી આવી છે, એ બાળજીવન માટે ઉત્તમ છે એમ કહેવામાં એ ડૉક્ટર પણ જરૂર આપણી સાથે સાથ પુરાવશે. ઘડી ઘડીમાં બાળકને માટે ડૉક્ટરની રાહ જોતી આજની માતા અને [illegible] દર્દમાં [illegible] નીચેથી આરામ કરનારી એ ઘરવૈદ સરીખી માતાનો વિચાર કરીએ [illegible], [illegible] આજની સ્થિતિ માટે બહુ દિલગીરી થાય છે.

[illegible] ધર્મજ્ઞાનની ચર્ચા કરનારું આપણું માતૃપદ ખરેખર [illegible], રામાયણના અને મહાભારતના પ્રસંગો તો એ માતાદ્વારાજ બાળકોમાં [illegible] રામ, લક્ષ્મણ અને [illegible], ધ્રુવ અને કૃષ્ણનાં કથાનકોથી બાળકોમાં ન્હાનપણથી ધર્મના સંસ્કારો [illegible] એ સંસ્કાર બાળકના ભવિષ્યના ઘડતરમાં બહુ [illegible] નાનપણથી ઘડાતું અને એ ઘડતરમાં આપણી માતાનો [illegible] હતો. આજે કેટલી [illegible] આ વિષયમાં રસ લે છે ?

અને [illegible] પિતા [illegible] વર્ગનો હોય તો કાં તો નોકરીએથી થાક્યો પાક્યો હોય એટલે કૃત્રિમ આનંદ [illegible] અથવા ગપ્પાં મારનારા મિત્રોનો આશરો લે અથવા [illegible] અને ગૃહિણીથી શોભતા ઘરમાં જે સ્વાભાવિક આનંદ છે, એ [illegible] લેવો પડે છે. આવો પિતા બાળકના શિક્ષણમાં કયી રીતે ધ્યાન આપી શકે ? [illegible] વ્યાપારમાં એટલો બધો એકમાર્ગી થઇ ગયો છે, કે [illegible], [illegible], [illegible] બજારની સ્થિતિનાં, રૂ બજારના વલણનાં [illegible] આવે છે. એ ભલે બહારથી સુખી દેખાતો હોય પણ [illegible] છે. એને બાળકો શું ભણે છે, કેવું શિક્ષણ લે છે, [illegible] એ બધું તપાસવાની ફુરસદ ક્યાં છે ? અને એ બેદરકારીમાં ઉછરતી [illegible] આશા રાખી રહ્યા છીએ, સીતા–રામનાં સંતાનો જોવાના [illegible] નહિ ત્યાંસુધી એ અભિલાષા સ્વપ્ને છે કે [illegible] વાચકોને અમે સોંપીએ છીએ.

([illegible] ૫–૭–૧૯૨૮ ના "[illegible]" ના અગ્રલેખમાંથી)

૫૮—સાચા સાધક અથવા તીવ્ર જિજ્ઞાસુ કેવા હોય ?

૧—એક તીવ્ર જિજ્ઞાસુને કેવી લગની લાગે છે ?

[illegible]

[illegible]

'આયુષ્મન્ ધર્મારામ! આપ કેમ કરો છો?' [illegible] નથી.

ભીક્ષુ [illegible] ધર્મારામ થેર (સ્થવિર) [illegible] નથી.'

બુદ્ધે ધર્મારામને બોલાવીને પૂછ્યું કે 'તું આમ કરે છે એ ખરું છે?'

'સાચું છે, ભગવન્!'

'એનું કારણ?'

ધર્મારામે પોતાનો સંકલ્પ બુદ્ધને જણાવ્યો.

બુદ્ધે કહ્યું કે "સાધુ, ધર્મારામ! સાધુ. ધન્ય છે તારી ભક્તિને [illegible] છે તે ધર્મારામ જેવો બનવા પ્રયત્ન કરે. [illegible] માળા કે સુગંધિત પદાર્થો, [illegible] પૂજા તે પૂજા નથી; [illegible] આપે એ જ સાચું માન, પરમ સત્કાર અને અપૂર્વ પૂજન છે."

([illegible] ૧૬-૨-૪, [illegible] ૧૨-૧૦, [illegible], ૨૫-૫)

૨–ગાળ દેનારને ગુમડું થાય, સાંભળી રહેનારને નહિ.

એક સમયે ભગવાન બુદ્ધ રાજગૃહમાં વેણુવનને વિષે વિહાર કરતા હતા.

ભારદ્વાજ ગોત્રના એક બ્રાહ્મણે બુદ્ધ પાસે જઈને પ્રવ્રજ્યા (ગૃહત્યાગ–સંન્યાસદીક્ષા) લીધી, એમ સાંભળીને એના એક સગા ભારદ્વાજને ભારે રોષ ચઢ્યો. રોષે ધૂંધવાતો ધૂંધવાતો તે બુદ્ધ આગળ આવ્યો અને કેટલાંક અસભ્ય તથા કઠોર વેણ બોલ્યો, ભૂંડી ભૂંડી ગાળ દેવા માંડ્યો.

ભારદ્વાજના અપશબ્દ સાંભળીને બુદ્ધે એને કહ્યું કે 'હે બ્રાહ્મણ! આવું તું શું ધારે છે! તારે ઘેર મિત્ર–ભાઈબંધ, આપ્તજન, વેવાઈવેલાં પરોણા થઈને આવે ખરાં કે?'

ભારદ્વાજ—'હા, ગૌતમ! કોઈ વાર આવે.'

બુદ્ધ—'હે બ્રાહ્મણ! એ અતિથિને જમાડવા તું પાંચ પકવાન, બત્રીસ જાતનાં ભોજન, તેત્રીસ જાતનાં શાક રંધાવે ખરો કે?'

ભારદ્વાજ—'હા, ગૌતમ! કોઈ વાર રંધાવું.'

બુદ્ધ—'પણ જો મહેમાન જમણ ન સ્વીકારે, તો હે બ્રાહ્મણ! તે અન્ન કોનું થાય?'

ભારદ્વાજ—'મહેમાન ન જમે તો ગૌતમ! તે અન્ન અમારું જ થાય.'

બુદ્ધ—"તેજ પ્રમાણે, હે બ્રાહ્મણ! અમે તને ગાળ ન દઈએ અને તું અમને દે, અમે તારા ઉપર રોષ ન કરીએ ને તું અમારા ઉપર કરે, અમે તને ન વઢીએ ને તું અમને વઢે; તે તારું અમે લઈએ નહિ, એટલે તે તારું જ થાય. હે બ્રાહ્મણ! કોઈ ગાળ દેનારને સામી ગાળ દે, રોષ કરનાર ઉપર વળતો રોષ કરે, વઢનારને સામો વઢે, તો તે તું તથા તારા અતિથિઓ ભેગા બેસીને જમો એના જેવું થયું, પણ અમે તારી હારે જમીએ નહિ, એટલે તારા અપશબ્દ તારા જ રહે."

ભારદ્વાજ—'હે ગૌતમ! રાજાસહિત આખી પરિષદ્ (રાજસભા) એમ જાણે છે જે, શ્રમણ ગૌતમ અર્હંત છે. છતાં તમે મારા ઉપર કોપાયમાન થયા છો.'

બુદ્ધ—'હે બ્રાહ્મણ! શાન્તદાન્ત જીવન્મુક્ત અક્રોધીને ક્રોધ કેવો?'

तस्सेव तेन पापीयो यो कुद्धं पटिकुज्झति । कुद्धमप्पटिकुज्झन्तो सङ्गामं जेति दुज्जयम् ॥
उभिन्नमत्थं चरति अत्तनो च परस्स च । परं सङ्कुपितं ञत्वा यो सतो उपसम्मति ॥
उभिन्नं तिकिच्छन्तानं अत्तनो च परस्स च । जना मञ्ञन्ति बालो ति ये धम्मस्स अकोविदा ॥

ક્રોધી ઉપર જે સામો ક્રોધ કરે તે એ બેમાં વધારે પાપી છે. ક્રોધી ઉપર વળતો ક્રોધ ન કરે, તે દુર્જય સંગ્રામ જીતે છે. સામા માણસને કોપેલો જાણીને જે પોતે શાન્ત રહે છે, તે પોતાનું તથા સામા માણસનું બેઉનું કલ્યાણ કરે છે. શાન્ત પુરુષ પોતાની તથા સામા ધણીની પીડા ટાળે છે, પણ ધર્મને નહિ જાણનાર લોકો એને મૂર્ખ ગણે છે." (સંયુત્તનિકાય ૭–૧–૨)

(તા. ૮–૪–૧૯૨૮ ના 'નવજીવન'માં લખનાર દે૦ વા૦ ગો૦)

૨૧-ધન કરતાં આરોગ્યનું મૂલ્ય અનેકગણું છે.

શરીરનું ઉત્તમ પ્રકારનું આરોગ્ય એ ધન કરતાં અનેકગુણુ વધારે મૂલ્યવાન છે, એ વાર્તા કોઈ વિરલજ જાણે છે. સોમાં નવ્વાણુ મનુષ્યો ધનની પાછળ એવા તો ભૂત થઈને પડેલા હોય છે કે તેમ કરતાં, હજારો રૂપિયા આપતાં પણ ન મળે એવા આયુષ્યનો તથા આરોગ્યનો અત્યંત ક્ષય થાય છે, તેનું પણ તેમને ભાન હોતું નથી. ધનનો તેઓને એવો તો હડકવા લાગ્યો હોય છે કે ખુલ્લી હવામાં નિત્ય ફરવા જઈને અથવા કસરત કરીને આરોગ્યનું સંરક્ષણ કરવા જો તેમને કોઈ બોધ આપે છે તો તેઓ તેમ કરવાનો તેમને બિલકુલ વખત નથી, એમ જણાવે છે. આવા મનુષ્યોને પરિણામે માંદા પડી ખાટલામાં છ માસ સૂવાનો અથવા તો મરણના ખોળામાં હમેશને માટે સૂવાનો વખત મોડોવહેલો લેવો પડે છે; ત્યારેજ તેમની આંખો ઉઘડે છે; અને કેટલાક અવિવેકી મનુષ્યોની તો ત્યારે પણ આંખો ઉઘડતી નથી.

આરોગ્યની કાળજી ન રાખવાથી પ્રસિદ્ધ કોટયધિપતિ રોકફેલરને વર્ષોનાં વર્ષો મંદવાડ વેઠવો પડયો હતો. અંતે તેની આંખો ઉઘડી, અને ખુલ્લી હવામાં 'ગૉલ્ફ' નામની રમત રમીને તેણે પાછું ગયેલું આરોગ્ય મેળવ્યું. આજે તે ઘણોજ બળવાન થયો છે અને એક દિવસ પણ હવે કસરત કર્યાવિના રહેતો નથી.

'સો કરોડપતિઓ મળીને થયેલો એક ધનપતિ' એવું જેને ઉપનામ મળ્યું છે, એવો અનર્ગળ દ્રવ્યવાન ઈ. એચ. હેરિમૅન હમણાં માંદો પડયો છે. આરોગ્યને માટે તે ફાંફાં મારે છે, પણ મળતું નથી. દવા કરીને તે થાકયો છે. મોંમાગ્યા પૈસા આપતાં પણ તેને આરોગ્ય મળતું નથી. તે શુદ્ધ હવા તથા શુદ્ધ પાણીવાળાં સ્થળોમાં, આ ગામથી પેલે ગામ ભટકે છે; પણ આરોગ્ય તેનાથી વેગળું ને વેગળું નાસતું ફરે છે. અપાર ધન મેળવવાના હડકવામાં તેણે પોતાના શરીરની બેદરકારી કરી છે. તેના શ્રમ પ્રમાણે તેને ધન-અનર્ગળ ધન-મળ્યું છે, પણ તેણે આરોગ્ય ગુમાવ્યું છે. મૃત્યુ પહોળાં જડબાં કરી, તેનો ગ્રાસ કરવાને ટમટમી રહ્યું છે. તેનું અપાર ધન તેનું રક્ષણ કરી શકતું નથી. સુખને માટે ધનનીજ અત્યંત અગત્ય છે, પણ આરોગ્યની કશીજ અગત્ય નથી, એમ તેણે આજસુધી ધાર્યું હતું. હવે તેને આરોગ્ય સારરૂપ અને ધન આરોગ્યવિના નિઃસારરૂપ સમજાય છે.

હજારો મનુષ્યો જેઓ લક્ષાધિપતિ કે કોટયધિપતિ નથી, તેઓ આવીજ ભૂલ કરે છે. તેઓ માને છે કે, સુખ ધનથીજ મળે છે. શ્રીમંતોને તેઓ સારાં સારાં વસ્ત્રો પહેરતા, બંગલાઓમાં રહેતા તથા ગાડીઘોડે ફરતા જુએ છે અને ધારે છે કે આ લોકો અપાર સુખી છે. આથી તેઓ પણ આંખો મીંચીને, શરીરની બેદરકારી કરી ધનની પાછળ ભૂત થાય છે; પણ મનુષ્યોએ એ વાત ધ્યાનમાં રાખવાની છે કે અન્ન, વસ્ત્ર તથા કેટલીક સામાન્ય અનુકૂળતાવિના ધન વસ્તુતઃ કશુંજ વિશેષ લાભ આપી શકતું નથી. જેને સુખ, શાંતિ અથવા આનંદ કહે છે તે તો તેનાથી ભાગ્યેજ મળે છે. ઉલટું તેની પ્રાપ્તિ સાથે માથા ઉપર પાર વિનાની જવાબદારી ચોંટે છે; અને તેની વ્યવસ્થાનો મગજ ઉપર એવો તો બોજો રહે છે કે તેના દબાણતળે આરોગ્ય અને શાંતિનો નાશ થાય છે, અને ઘણી વાર આયુષ્યનો વહેલો અંત આવે છે.

ધનસંપત્તિ પાછળ ભૂત થવા કરતાં શરીરસંપત્તિ પાછળ ભૂત થવું એ હજારગણું સારૂં છે, કારણ કે ધનસંપત્તિ જ્યારે શરીરના આરોગ્યને તથા આયુષને આપતી નથી, ત્યારે શરીરસંપત્તિ ધનસંપત્તિને પ્રાપ્ત કરવાનું પણ બળ આપે છે.

ધનની પાછળ ગાંડા થનારે જો માંદા પડી વહેલા મરી ન જવું હોય તો પ્રતિદિન ખુલ્લી હવામાં ઓછામાં ઓછા બે કલાક પણ શરીરને સારી પેઠે શ્રમ થાય એવી કસરત કરવાનો નિયમ કદી પણ ન ચૂકવો.

(આશ્વિન-૧૯૬૫ના "મહાકાળ"માં લખનાર સદ્ગત માસ્તર શ્રીમાન્ છોટાલાલજી)

૩૦–આચારની શુદ્ધિ પ્રતિ પાશ્ચાત્ય વિદ્વાનોનું ગયેલું લક્ષ

પાશ્ચાત્ય ડૉક્ટરોએ હમણાં પ્રસિદ્ધ કર્યું છે કે, ઘણા મનુષ્યોથી વપરાતા પીવાના પાત્રની ધાર ઉપર વ્યાધિને કરનારાં રોગો જંતુઓ (બેક્ટેરીયા) વળગી રહે છે; અને તેથી દમ, ક્ષય, ડીપ્થેરીઆ, ઇન્ફલુએન્ઝા, જ્વર, એવા બીજા વિવિધ પ્રકારના વ્યાધિઓ ફેલાવામાં મદદ થાય છે. ઘણા મનુષ્યોના મુખમાં દાંત ઉપર, જીભ ઉપર તથા ગળામાં અસંખ્ય જન્તુઓ હોય છે. તેઓ જ્યારે કોઈ પાત્રદ્વારા જળ, ચા, દૂધ કે ભોજન કંઈ લેય છે, ત્યારે જાણતાં કે અજાણતાં તેમના હોઠનો પાત્રની સાથે સંબંધ થયો હોય છે, તે પાત્રની આજુબાજુ લાગેલ જંતુઓ વળગે છે, અને જે બીજા મનુષ્યો તે પાત્રનો ઉપયોગ કરે છે, તેમના મુખમાં પેસી જઈ તેમને વ્યાધિના ભોગ કરી મૂકે છે. ન્યુયોર્કનું પ્રજાનું આરોગ્યખાતું જાણે છે કે–મુખ એ શરીરમાં હાનિકારક જંતુને પ્રવેશવાનું મુખ્ય દ્વાર છે, અને ઘણા મનુષ્યોથી વપરાતું પીવાનું પાત્ર આ જન્તુઓને એક મનુષ્યના મુખમાંથી બીજાના મુખમાં પ્રવેશવાનું સાધન થાય છે.

એક મનુષ્યે પીધેલા પાત્રને જળવડે ધોવાથી પણ તેની યથાર્થ શુદ્ધિ થતી નથી. આથી પ્રત્યેક મનુષ્ય જ્યાંસુધી જુદું પાત્ર ન વાપરે ત્યાંસુધી આ જંતુઓનો ભય નિર્મૂળ થવાનો સંભવ ન હોવાથી બૉસ્ટનના હ્યુએશન નામના એક મનુષ્યે કાગળના પ્યાલા હાલમાં કાઢી આપ્યા છે, અને નિશાળોમાં, હૉસ્પીટલોમાં, નાટકગૃહોમાં, રેલ્વેસ્ટેશનો ઉપર, હૉટેલોમાં અને એવાંજ બીજાં સ્થળો કે જ્યાં એક મનુષ્યને બીજાના પીધેલા પાત્રમાં જળ વગેરે પીવું પડે છે, ત્યાં આ પ્યાલા-નો ઉપયોગ થવા માંડ્યો છે. આ પ્યાલામાં એકજ વાર જળ કે જે કાંઈ પીવું હોય તે પીધા પછી તેને ફાડી નાખવામાં આવે છે. ન્યુયોર્કમાં આ પ્યાલાના ઉપયોગ પછી મરણનું પ્રમાણ ઘટી ગયેલું જણાવવામાં આવે છે.

શુદ્ધિના નિયમો આપણી પ્રજાની ઉચ્ચ જ્ઞાતિઓમાં તો ઘણા પ્રાચીન સમયથી પળાતા આવ્યા છે. એઠો પીધેલા પાત્રનો બ્રાહ્મણ વગેરે ઉચ્ચ જ્ઞાતિઓ, તેને યથાર્થ શુદ્ધ કર્યા વિના ફરીને કદી પણ ઉપયોગ કરતી નથી. અંગ્રેજી વિદ્યાના પ્રતાપે આ આરોગ્યપ્રદ આચારનો કેટલાંક વર્ષ થયાં કેળવાયેલા વર્ગમાં લોપ થવા માંડ્યો છે, તથાપિ આપણા પ્રાચીન પુરુષોના આચારશુદ્ધિના આગ્રહ-માં કેટલું સત્ય રહ્યું છે, તે હવે પાશ્ચાત્ય વિદ્વાનોના શોધથી તેમને સમજાશે ત્યારે, જેને તેઓ આજસુધી વહેમ અથવા જડમાપણું ગણી કાઢે છે, તેને તેમ ગણતાં તેઓને અટકવું પડશે, એ સ્પષ્ટ છે.

વટલાવાને હાલનો કેટલોક કેળવાયલો વર્ગ વહેમ ગણે છે અને તેથી જેની તેની સાથે જમ-તાં અને જેવું તેવું ખાતાં લેશ પણ સંકોચ ધરતો નથી. પાશ્ચાત્ય વિદ્વાનો જ્યારે તે સંબંધ-માં કંઈ નવો પ્રકાશ પાડશે, ત્યારેજ તેને પોતાની ભૂલ સ્પષ્ટ થશે. ગંદાં મનુષ્યોના મુખમાં જેમ બેક્ટેરિયા થાય છે અને તે શારીરિક હાનિ કરે છે, તેમ રાજસ–તામસ વિકારોથી ભ્રષ્ટ મનુષ્યો-ના આખા શરીરમાંથી રાજસ–તામસ સૂક્ષ્મ પ્રવાહ વહ્યા કરે છે, અને તેથી તેમની સાથે ખાવા-પીવાનો સંબંધ રાખનારને માનસિક અને આધ્યાત્મિક હાનિને થવાના સંભવ આવે છે. આથીજ સત્વગુણ જેનામાં પ્રધાન છે, એવી ઉચ્ચ જ્ઞાતિઓએ પોતાનાથી ઉતરતા ગુણવાળી ઉતરતી જ્ઞાતિઓની સાથે ખાનપાન વગેરેનો સંબંધ ન સેવવાનો આચાર પ્રાચીનકાળથી પળાતો આવ્યો છે.

હાલમાં મોટાં નગરોમાં ચ્હા–કૉફીની ઠેકાણે ઠેકાણે નીકળની દુકાનો 'બેક્ટેરિયા'ને ઉછર-વાની અને વૃદ્ધિ પામવાની મોટી ખાણો છે. આવી દુકાનોમાં, વીશીઓમાં તથા ઉપાહારગૃહોમાં પાત્રોની યથાર્થ શુદ્ધિ ક્વચિતજ થાય છે; અને તોપણ અસંખ્ય મનુષ્યો કશા પણ વિચારવિના તેવાં પાત્રોનો આંખો મીંચી ઉપયોગ કરે છે.

તેજ પ્રમાણે અંગ્રેજોના અનુકરણથી થોડા વર્ષોથી 'સોશિયલ ગેધરીંગો'માં, 'ટી પાર્ટી'-ઓમાં, પ્રીતિભોજનોમાં તથા એવીજ બીજી સમિતિઓમાં આચારશુદ્ધિનો ભોરડો બળવા માંડ્યો છે. એકજ રકાબીમાંથી એક હાથે લઇ લઇને ઘણા જણે ખાવું, એમાં સ્નેહ વધે છે,

એવું મનાવા લાગ્યું છે. ખાવાના પદાર્થો ભલે ફળ હોય કે મિઠાઇ હોય, તોપણ જે રકાબીને એક કરતાં વધારે મનુષ્યોના ખાધેલા હાથનો સ્પર્શ થાય છે, તે રકાબીના પદાર્થો શુદ્ધ રહી શકતાજ નથી. તે રકાબીમાંથી ખાનાર કેટલાકનાં મોં યથાર્થ દાતણ નહિ કરવાથી ગંધાતાં હોય છે. કેટલાક તમાકુ ખાનાર તથા પીનાર હોવાથી તેમનાં મુખ તેના દુષ્ટ વાસથી માથું ફેરવી નાખે એવાં હોય છે. તપખીર સુંઘનાર કેટલાકનાં આંગળાં તપખીરવડેજ ખરડાયલાં હોય છે. કેટલાકના હાથ, નાક વગેરે મળનાં સ્થાનોના સંબંધથી અત્યંત ભ્રષ્ટ સ્થિતિમાં હોય છે. આવા મનુષ્યોનો સ્પર્શ ખાવાના પદાર્થોને થાય અને તેને સુઘડ મનુષ્ય ખાઇને પોતાની શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક શુદ્ધિને રક્ષી શકે, એ ન બની શકે એવું છે.

કેટલાક ઉપરચોટીયા વિચારવાળા મનુષ્યો કહે છે કે, કોઈ હલકી જાતિના મનુષ્યને પિયર્સ સોપથી સ્નાન કરાવી, તથા શુદ્ધ વસ્ત્રને ધારણ કરાવી, તેને તમારી પાસે બેસાડીએ તો તેની સાથે તમે જમો કે નહિ? આવા મનુષ્યો ચામડીની શુદ્ધિનેજ શુદ્ધિ ગણે છે; પણ શુદ્ધિ કંઇ મનુષ્યની ચામડીમાંજ રહી છે, એમ નથી. શુદ્ધિ તો ચામડીથી તે શરીરના સાતે ધાતુપર્યંત તેમજ સૂક્ષ્મ, કારણ તથા મહાકારણ દેહપર્યંતની હોય છે; અને ઉપરથી એક શૂદ્રને સ્નાન કરાવ્યું માટે તેના સાતે ધાતુઓની તથા સૂક્ષ્માદિ દેહોની શુદ્ધિ થઇ ગઈ ગણાતી નથી. ચારે દેહની યથાર્થ શુદ્ધિ સાધી લાવનાર મનુષ્ય સાથે જમતાં કોઇ પણ વિવેકી બ્રાહ્મણ કદી પણ બાધ ગણે તેમ છેજ નહિ; પરંતુ પ્રકૃતિના નિયમો જાણનાર સર્વ સુજ્ઞોને સુસ્પષ્ટ છે કે, ચારે દેહની શુદ્ધિ, એકજ દેહમાં સાધવા કોઇ પણ શૂદ્ર કદી પણ સમર્થ થતો નથી.

આ સ્થળે એક બે બાબત ઉપર સુજ્ઞ વાચકનું લક્ષ ખેંચેલું અયોગ્ય નહિ ગણાય. કેટલાંક માબાપ પોતાનાં છોકરાંને પોતાની સાથે લઇને જમવા બેસે છે, ત્યારે જે હાથે પોતે જમતાં હોય છે, તેજ એંઠે હાથે તેને પણ ખવડાવે છે. પોતાના મોંમાં ઘાલેલા અને પોતાના દૂષિત થુંકથી ભ્રષ્ટ થયેલા હાથથી તેને દાળભાત ચોળી આપે છે. શુદ્ધિના અને આરોગ્યના વિચારથી માબાપનું આ વર્તન અત્યંત વખોડી કાઢવા જેવું છે. બાળકો અજ્ઞાન અને નાનાં રહ્યાં, માટે તમારા ગંધાતા મુખના દુષ્ટ થુંકમાં રહેલા અસંખ્ય જંતુઓ ખાવાને બંધાયલાં નથી. તેમનું રુધિર, ત્વચા વગેરે સર્વે ધાતુઓ તમારા કરતાં અત્યંત શુદ્ધ છે. તેમની જીભ જુઓ, તે કેવી સ્વચ્છ અને લાલ છે; અને તમારી જીભ ઉપર કેવી છારી બાઝી છે, અને તેમાં કેટલાં જંતુઓએ થાણાં જમાવ્યાં છે! ગંગાજળમાં તમારી ખાળકુંડીનું મેલું પાણી ભેળવવાનો તમને શો અધિકાર છે? તમારો નેવું વર્ષનો ડોસો અથવા ડોશી ગળતા નાકથી દાળભાત ખાતાં ખાતાં પોતાના એંઠા હાથથી તમને પોતાનાં ચોળેલાં દાળભાતના કોળીયા કરી કરીને પ્રેમથી ખવડાવે તો તમે ખાશો કે? શામાટે ત્યારે તમે તમારાં બાળકસાથે તેવું નિંદ્ય આચરણ કરો છો, અને તેના અજ્ઞાનનો તથા પરવશતાનો ખોટો લાભ લો છો? તમારે તેને ખવડાવવું હોય તો સ્વચ્છ હાથથી પ્રથમ તેને ખવડાવી લો, અને પછી તમે ખાઓ; પરંતુ તેના આરોગ્યને ખાતર તમારૂં થુંક અને તેમાં ભળેલા જંતુઓ તેને ન ખવડાવો; કારણ કે તમારૂં બાળક એ મનુષ્ય છે. કાંઇ કીડા કે મળને ખાનાર કાગડો કે કાબર નથી.

કેટલીક જ્ઞાતિઓમાં એકજ થાળમાં ચાર અથવા પાંચ જણ ભેગા જમવા બેસે છે, તથા એકજ પાત્ર એકજ ગોળીમાં બોળીને તેજ પાત્રે સઘળા પાણી પીએ છે. કેટલીક સ્ત્રીઓ પોતાના પતિની એંઠી થાળીમાં તથા કેટલાક શિષ્યો પોતાના ગુરુની એંઠી થાળીમાં જમવામાં લાભ સમજે છે. સ્ત્રી કરતાં પતિ અધિક શુદ્ધ હોય, અને ગુરુમાં ગુરુનાં લક્ષણો હોય તો આ પ્રકારના વર્તનથી લાભ થવો સંભવ છે; પરંતુ તેમ જો નથી હોતું તો તેવું વર્તન ભાગ્યેજ લાભપ્રદ થાય છે. પ્રસંગે આરોગ્યના નિયમનો ભંગ થવાથી હાનિ પણ થાય છે. પ્રસંગે જો શ્રદ્ધાનું પ્રમાણ અધિક હોય છે તો હાનિનું નિવારણ થઇને લાભ થવાનો સંભવ પણ આવે છે.

જે જ્ઞાતિઓમાં થાળીઓમાં જમવાનો રિવાજ છે, તે રિવાજ પણ ઉપરનાં કારણોથી પસંદ

કરવા યોગ્ય નથી. જ્ઞાતિની થાળીઓની યથાર્થ શુદ્ધિ કદી પણ થતી નથી. તેને ગમે તેટલી મીવાં-જ્ઞાં પણ તે ચીકણીજ રહે છે. આ થાળીઓની કોરો વગેરે ભાગોમાં સૂક્ષ્મદર્શક યંત્રથી જોનારને 'બેક્ટેરિયા' નાં ક્ષકરનાં લશ્કર દૃષ્ટિએ પડ્યા વિના રહે તેમ નથી. થાળી કરતાં સ્વચ્છ પત્રાળાં અથવા કેળના સ્વચ્છ પત્રમાં જમવું ઉત્કૃષ્ટ છે.

પ્રત્યેક મનુષ્યે ઘેર તથા બહાર પોતાનું જમવાનું તથા જળ પીવાનું પાત્ર જુદું રાખવું યોગ્ય છે.

(આશ્વિન-૧૯૬૫ના "મહાકાળ"માં લખનાર સદ્‌ગત માસ્તર શ્રીમાન્ છોટાલાલજી)

३१-बळनो क्षय शाथी थाय छे तथा ते शी रीते अटके छे ?

કેટલાક મનુષ્યો પુષ્કળ કામ કરે છે, તોપણ કોઈ જાણતું હોતું નથી; અને કેટલાક મનુષ્યો થોડું કામ કરે છે, પરંતુ એટલી ધાંધલ મચાવી મૂકે છે કે આજુબાજુના મનુષ્યોને પણ તેથી ઘણો ત્રાસ થાય છે.

પ્રત્યેક ક્રિયામાં બળનો ક્ષય થાય છે, એ આપણે ભૂલી જવું જોઈતું નથી. બળના ક્ષયના બદલામાં જો કોઈ ઉપયોગી કાર્ય આપણે સાધીએ છીએ તો તો કરેલો ક્ષય સાર્થક છે, પણ 'ટકાની ડોશી ને ઢબુ મુંડામણ' એ કહેવત પ્રમાણે બળના ક્ષયના પ્રમાણમાં સાધવા જેટલું ઉપયોગી કાર્ય આપણે સાધતા નથી, ત્યારે તેવો ક્ષય હાનિજ કરે છે.

મૂલ્યવાનમાં મૂલ્યવાન વસ્તુના કરતાં પણ બળ વધારે મૂલ્યવાન છે, અને તેથી તેને આપણે કાંકરાની પેઠે ખર્ચી નાખવું યોગ્ય નથી. જ્યાં પાંચ વાક્યો બોલવાની જરૂર હોય ત્યાં પાંચસેં વાક્યો બોલી નાખવાં, જ્યાં હાથને સહજ હલાવવાની જરૂર હોય, ત્યાં આખું શરીર હલાવી નાખવું અને આવા ને આવા સેંકડો વ્યાપારો કરવા, એ બળનો નકામો ક્ષય છે; અને તોપણ હજારો મનુષ્યો નિત્ય આમજ કરે છે.

પ્રત્યેક ક્રિયા, પછી તે શરીરની, વાણીની કે મનની હોય-ગમે તે હોય, તોપણ તે ઉદ્દેશપૂર્વક કરો. ઉદ્દેશવિના શરીરના એક પણ અવયવને ગતિમાં ન મૂકો, ઉદ્દેશવિના એક પણ શબ્દને ન ઉચ્ચારો અને ઉદ્દેશવિના એક પણ વિચારને ન કરો.

બાળકના શરીરમાં બળનું પૂર એટલું બધું ઉભરાઈ જાય છે કે તેને કંઇ ને કંઈ ક્રિયા કરવાનું જોઈએ છે. તેનાથી એક ક્ષણ વાર જંપીને બેસી રહેવાનું નથી. નાયગરાના ધોધની પેઠે તેના બળનો પ્રવાહ નકામો વહી જાય છે. બુદ્ધિમાન માબાપનું કામ તેને સન્માર્ગે વાળવાનું છે, તેને યોગ્ય દિશામાં વાળીને તેની પાસે ઉપયોગી કામ કરાવવાનું છે. બાળપણમાં આ પ્રમાણે બળનો વ્યર્થ ક્ષય કરનાર બાળકોને મોટપણે પણ તે ટેવ કાયમજ રહે છે. તેઓ મોટપણે પારવિનાની નકામી ક્રિયાઓ કરે છે અને બળના ક્ષયવડે નિઃસત્વ થઇ જાય છે.

સખ્ત મહેનત કરવાથી કોઇ મનુષ્ય આજસુધી મરી ગયો નથી, પણ નકામી ક્રિયા કરવાથી સેંકડો મનુષ્યો મરી ગયા છે, અને મરી જાય છે. નકામી ક્રિયા કરવામાં બળનો જેટલો ક્ષય થાય છે, તેટલો સખ્ત મહેનત કરવામાં થતો નથી. નિયમિત રીતે સખ્ત મહેનત કરનારને નકામા વિચારો કરવાનો અવકાશ મળતો નથી; સખ્ત મહેનત ન કરનારનેજ વિચારોનાં કોકડાં કાંતવાનો વખત મળે છે અને વિચારોનાં કોકડાં બળરૂપી રુધિરને ચૂસી જનાર મહારાક્ષસ છે.

'હું કોણ છું' એવું જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રાચીનકાળથી ઉપદેશ અપાતો આવે છે, પરંતુ આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવું, એટલો મર્યાદાવાળો અર્થજ આ ઉપદેશનો સર્વત્ર કરાતો જોવામાં આવે છે. આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવાની કંઈ ના નથી, તે પ્રાપ્ત કરવાની અત્યંત અગત્ય છે; પણ આપણો સમાવેશ કંઇ એકલા આત્મામાંજ થતો નથી. આપણને શરીર તથા મન પણ વળગેલાં છે. આ બેને વિસારે મૂકી, એકલા આત્માને ડોળવા જતાં આપણે ક્વચિત્જ વિજયી થઇએ છીએ. શરીરને તથા મનને ન જાળવનાર તથા તેમને ઉત્તમ પ્રકારના બળથી યુક્ત ન રાખનાર કદી

મનુષ્ય આત્માને શોધવા સમર્થ થઈ શકે એમ છે? ખાટલામાં સડતા રોગીઓ કે જડ મતિના ગામડીઆઓ કંઈ આત્મજ્ઞાનના અધિકારી થઈ શક્તા નથી. હુંમાં શરીર તથા મન પણ આવી જાય છે, અને તેથી તેમનું સ્વરૂપ જાણવાની, તેઓ શાથી ઉત્તમ પ્રકારનાં રહે છે અને શાથી નિકૃષ્ટ પ્રકારના થાય છે, શાથી તેઓનું બળ વધે છે અને શાથી તેઓ નિઃસત્ત્વ થાય છે, એ વગેરે અનેક બાબતો મનુષ્યે જાણવાની જરૂર છે; શરીર કેવું છે અને તેને શું જોઈએ છે, એ જેમ આપણે જાણવાની જરૂર છે, તેમ મન કેવું છે અને તેની ઉન્નતિના તથા અવનતિના કયા હેતુ તથા સાધનો છે, તે પણ જાણવાની તેટલીજ જરૂર છે; પરંતુ આજે પરમાર્થને સાધનારા આ બે બાબતો ઉપર ક્વચિતજ ધ્યાન આપે છે. આવું ધ્યાન આપવું, તેને તેઓ પરમાર્થથી ભ્રષ્ટ થવું સમજે છે. વસ્તુતઃ તો આવું ધ્યાન ન આપનારાઓજ પરમાર્થથી ભ્રષ્ટ રહેલા હોય છે. રેતીના પાયાવાળા મકાન ઉપર સાત માળ બાંધી સાતમે માળે આવતી પવનની મીઠી લહરિઓનો નિરાંતે આનંદ લેવાના તેઓ ઉત્સુક હોય છે.

શરીરમાં બળ ક્યાં ઉત્પન્ન થાય છે તથા કેવી ક્રિયાઓથી તેનો નાશ થાય છે, તેનું જ્ઞાન પ્રાપ્ત કરો. મન એ શું છે, તેના કયા વ્યાપાર સુખના હેતુ છે અને કયા દુઃખના હેતુ છે, કયા બળને વધારનારા છે અને કયા બળનો ક્ષય કરનારા છે, તે જાણો. શ્વાસ લેવાની કળા સિદ્ધ કરો. શ્વાસ લેતાં અને મૂકતાં બરાબર નથી આવડતો તો કેવી હાનિ થાય તે તમારૂં આત્મજ્ઞાન તમને શીખવવાનું નથી. તે બરાબર આવડ્યા વિના ગીતાની કે પંચદશીની આવૃત્તિઓ કર્યા કરવાથી આત્માના પ્રદેશસુધી પહોંચવાની જો તમે આશા રાખી હશે તો તે વેવલાં છે, એમ જાણજો. ખાવાનું પણ હજી તમારે શીખવાનું છે, એ તમે જાણો છો? આ તમારી વ્યાસની માણ જેવું પેટ શાથી થયું છે, એ તમે જાણો છો? કેમ ખાવું, શું ખાવું, ક્યારે ખાવું, કેટલું ખાવું–એ ન જાણવાથી પુરૂષ છતાં તમારે સગર્ભા સ્ત્રીનો અવતાર ભોગવવો પડે છે. 'હું કોણ છું' એ પ્રશ્નનો ઉત્તર 'હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું' એવો, પ્રસન્ન થતા થતા તમે આપો છો, અને સ્વરૂપસંબંધમાં હવે મને લેશ પણ ભ્રાન્તિ થતી નથી, એમ જેને તેને કહો છો; પણ જમ્યા પછી તમારા પેટમાં વીંછુ-સુંથા થાય છે, પ્રસંગે તમારે લોટા ભરવા પડે છે, પ્રસંગે કંઈ ધૂળધમાસ ફાકવું પડે છે, તેના ઉપાયનું તમને લેશ પણ જ્ઞાન નથી, અને પેટના શૂળ આગળ તમે ગરીબ ગાય જેવા થઈ જાઓ છો, એમ શાથી થાય છે? એનો તમે કોઈ દિવસ વિચાર કર્યો છે? ખાવાની કળાનું અજ્ઞાન હોવાથી તમારી આ દુર્દશા થઈ છે. તમે આવી કળાઓના જ્ઞાનને ભલે બંધનકર્તા માનતા હો, પણ હાલ તો તેનું અજ્ઞાનજ તમને આત્માનું 'નિર્ભ્રાન્ત જ્ઞાન' હોવા છતાં બંધનમાં રાખે છે, એ સુપ્રસિદ્ધ છે.

વિદ્વાનોએ એવો નિર્ણય કર્યો છે કે, ખાવાની કળાનું જ્ઞાન ન હોવાથી મનુષ્યો પોતાના બે તૃતીયાંશ બળનો વ્યર્થ ક્ષય કરી નાખે છે.

ઉંઘવાની પણ એક કળા છે, પણ તેનું પણ કેટલા થોડાને જ્ઞાન છે! રાત્રે સારી ઉંઘ ન આવવાથી આપણને બળની કેટલી બધી હાનિ થયેલી ભાસે છે! લગભગ બધાજ મનુષ્યો એવું માને છે કે, ખાવાથી શરીરમાં બળ આવે છે, અને તેથી તેઓ આંખો મીંચીને ખા ખા કરે છે તથા વધારે ખવાય તો વધારે બળ આવે, એમ માની, વધારે ખાઈ શકાય એવા ઉપાયોને જ્યાં ત્યાં શોધતા ફરે છે; પણ ખાવાથી શરીરમાં જરા પણ બળ આવતું નથી, એ વાત જો તેઓએ શરીરનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રયત્ન કર્યો હોત તો તેઓ જાણ્યાવિના ભાગ્યેજ રહ્યા હોત. બળ ખાવાથી નથી આવતું, પણ ઉંઘવાથી આવે છે. મનુષ્યને પુષ્કળ ખાવાનું આપવામાં આવે, પણ જો તેને એક પળ ઉંઘવા દેવામાં ન આવે તો તે દુર્બળ થઈને મરી જવાનો.

ખાતાં શીખો, શ્વાસ લેતાં શીખો, ઉંઘતાં શીખો, બળનો સંચય કરતાં શીખો.

હવા એ આહાર છે, હવા એ પ્રોત્સાહન છે, હવા એ આરોગ્ય છે, હવા એ ઉત્પાદક સામર્થ્ય છે અને હવા એ સર્વ પ્રકારના આધિ તથા વ્યાધિને ટાળનાર અમૃતરસ છે.

પુષ્કળ હવાને શ્વાસમાં લેવાથી બળનો ક્ષય થતો નથી, પણ ઉલટી બળની વૃદ્ધિ થાય છે; પરંતુ પુષ્કળ ખાવાથી તો બળનો ક્ષય થાય છે, અને શરીરમાં રોગ કરનાર વિષની ઉત્પત્તિ થાય છે. જરૂર કરતાં એક ગ્રાસ સરખો પણ વધારે ખાવાથી બળનો ક્ષય છે, એ શાસ્ત્રના પારને પામેલા વિદ્વાનો પણ જાણતા હોતા નથી; એનું કારણ એ કે, શરીરનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું મનુષ્યનું, આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવા જેટલુંજ કર્તવ્ય છે, એ તેઓએ જાણેલું હોતું નથી.

ખાવામાં મિતાહારી થાઓ અને યોગ્ય પદાર્થોનેજ જઠરમાં નાખો, અને વ્યાધિની ફરિયાદ કરવાનું તમારે કશુંજ કારણ નહિ રહે. મિતાહારી થવાથી શરીરના બળનો ક્ષય થતો નથી, અને આ બળ કોઇ પણ વ્યાધિને શરીરમાં પ્રકટવા દેતું નથી; પણ મિતાહારી એટલે શું? એમાં નવ્વાણું મનુષ્યો પોતાને મિતાહારી માને છે, પણ સઘળાજ અમિતાહારી હોય છે. તમે જો મગજની મહેનત કરનારા હશો તો હાલ તમે જેટલું ખાઓ છો તે તમારે જેટલું ખાવું જોઇએ, તેના કરતાં પાંચગણું અથવા સાતગણું વધારે છે; અને જો તમે શારીરિક મહેનત કરનારા હશો તો હાલ તમે જેટલું ખાઓ છો તે તમારે જેટલું ખાવું જોઇએ, તેના કરતાં બમણું અથવા ત્રમણું વધારે છે. તમને આ વચન તદ્દન ગાંડાઘેલરેલું લાગે છે, નહિ વારુ? પરંતુ તે સત્ય છે. શારીરશાસ્ત્રથી તે સિદ્ધ થયેલું છે, અને તમે ઉત્તમ આરોગ્ય ભોગવતા નથી, અને થોડે થોડે દિવસે કોઈ ને કોઈ વ્યાધિની ફરિયાદ કરો છો, એ તેનું સબળ પ્રમાણ છે.

વિચારના સંબંધમાં પણ આ પ્રમાણેજ બળનો ક્ષય કરતા અટકો. નજરમાં આવે તેવા વિચારો ન કરો. કોઈ યોગ્ય માર્ગમાં, ઉદ્દેશપૂર્વક વિચારને વાળ્યા કરો અને પ્રતિદિન તમારામાં બળની વૃદ્ધિ થયેલી તમને સમજાશે.

પથારીમાં માંદા પડીને ત્રણ ચાર મહિના પડ્યા રહેવા કરતાં અથવા માંદા પડીને હવાફેરને માટે લાનોલી, માથેરાન કે ડુમસ બે ત્રણ મહિના જવા કરતાં દરરોજ ખુલ્લી હવામાં ફરવા જાઓ, સાત-આઠ કે દસ માઇલ ચાલો, દીર્ઘ શ્વાસપ્રશ્વાસ કરો અને બળથી શરીરને ભરો.

સ્મરણમાં રાખો કે, રાત્રે દસ વાગે ભજીયાં, પુરી, ચેવડો, બરફી, પેંડા, જલેબી, ચાહા, કૉફી, દૂધ આઇસક્રીમ, તમાકુ, દારૂ કે એવીજ બીજી વસ્તુઓથી જઠરને તડાતુમ કરવાથી અને પછી બીજે દિવસે અગિયાર વાગતાં સુધી ઉંઘ્યા કરવાથી શરીરમાં બળ આવતું નથી. આ સર્વ બળનો ક્ષય થવાના માર્ગ છે.

શરીરના અને મનના સ્વરૂપનો અભ્યાસ કરી, શાથી તેઓની ઉન્નતિ થાય છે, તે જાણો; અને પછી નિયમિત વર્તન કરી બળવાન થાઓ. ત્યારેજ તમે, જે આત્મજ્ઞાનની શાસ્ત્રમાત્ર સ્તુતિ કરે છે, તેના અધિકારી થશો અને તેને પ્રાપ્ત કરી સર્વોત્કૃષ્ટ પદમાં વિરાજશો.

(ભાદ્રપદ-૧૯૬૬ ના "મહાકાળ"માં લખનાર સદ્દગત માસ્તર શ્રીમાન્ છોટાલાલજી)



૩૨-જઠર ઉપર કરાતા અત્યાચારના અનર્થો

અત્યાચાર અથવા કોઇ પણ કામમાં હદબહાર જવાથી અનેક હાનિઓ થાય છે. અનેક વિષયોમાં મનુષ્યો આજે હદબહાર જાય છે, પરંતુ ખાવામાં તેઓ જે અત્યાચાર કરે છે, તેના આગળ બીજા સઘળા અત્યાચાર ઝાંખા પડી જાય છે. એવો કોઇકજ મનુષ્ય હશે, કે જે પોતાના શરીરને જેટલા પોષણની અગત્ય છે, તેના કરતાં વધારે નહિ ખાતો હોય. ભોજનની થાળી ઉપર વિદ્વાન કે અવિદ્વાન જ્યારે બેસે છે, ત્યારે તે ખાવાનો હેતુ શરીરને પોષણ આપવાનો છે, એ વાત કેવળ વિસરી જાય છે. જઠરમાંથી અન્ન પાછો ઉછાળો મારે છે ત્યાંસુધી તે આઘું-પાછું જોયા વિના આડે હાથે ઝાપટે છે. તે શરીરને પોષવા ખાતો નથી, પણ જીભને સંતોષવા ખાય છે. હદ ઉપરાંત ખાવાથી તે પોતાના શરીરના બળનો ક્ષય કરે છે, અને પોતાના અર્ધોઅર્ધ આયુષ્ય ઉપર પૂળો મૂકે છે. હદ ઉપરાંત ખાવાથી તે પોતાની કામ કરવાની શક્તિઓને હણી નાખે છે, અને વિવિધ વ્યાધિઓને પોતાના શરીરમાં સ્થાપી નિવાસ કરવાને આમંત્રણ આપે છે.

ડૉક્ટરો અને વૈદ્યોની દવા ખાનારા હજારો રોગીઓમાં સેંકડે ૯૫ મનુષ્યો હદ ઉપરાંત ખાનારા હોય છે. હદ ઉપરાંત ખાવું એ જબરૂં પાપ છે, અને આ પાપથી બચનારા કોઈ વિરલાજ નજરે પડે છે. સાજા મનુષ્યો જેમ આ પાપમાં ડૂબેલા રહે છે, તેમ માંદા મનુષ્યો પણ તેમાં ડુબેલા રહે છે. સ્ત્રીઓ જેમ તેમાં પચેલી રહે છે, તેમ પુરુષો પણ રહે છે! વૃદ્ધો અને બાળકો પણ તેથી મુક્ત હોતાં નથી. જગત રોગથી, વિવિધ દુઃખોથી અને મરણથી ભરેલું હવે જોવામાં આવે એમાં શું આશ્ચર્ય છે!

કેટલાક પોતાના પેટને ચ્હા અને કૉફીના ઝેરી ઉકાળાની ટાંકીઓજ બનાવે છે; કેટલાક પોતાનાં ફેફસાં અને શ્વાસનલિકાને તમાકુનો ધૂમાડો ભરવાનાં અને કાઢવાનાં ભુંગળાંજ બનાવે છે; કેટલાક પોતાનાં મુખને પાન અને સોપારીના કુચા કચરવાની ખાંડણીઓજ બનાવે છે; કેટલાક પોતાના નાકને અને મગજને તપખીર ભરવાની શીશીઓજ બનાવે છે અને કેટલાક પોતાની કંઠથી તે પાયુપર્યંતની અન્નનલિકાને વિવિધ આચર-કુચરને ઠાંસી ઠાંસીને ભરવાની ઉભી કોઠીઓજ બનાવે છે. આવા અત્યાચારમાં યથાર્થ આરોગ્યનું શી રીતે સંરક્ષણ થાય, દીર્ઘ આયુષ્ય શી રીતે પ્રાપ્ત થાય અને માનવદેહનાં કર્તવ્યો શી રીતે યથાવિધિ સધાય?

હદ ઉપરાંત કામ કરવું, એ પણ અત્યાચાર છે. મોડી રાત સુધી જાગવું અને ઉજાગરા કરવા, એ પણ અત્યાચાર છે. માસમાં એક વાર કરતાં અધિક વાર બ્રહ્મચર્યનો ભંગ કરવો, એ પણ અત્યાચાર છે. આ સર્વ અત્યાચાર મનુષ્યને દુઃખનોજ ભોક્તા કરે છે.

જરૂર જેટલુંજ ખાતાં શીખો. શરીરરૂપી યંત્ર ઉત્તમ પ્રકારે શી રીતે ચાલે છે, તેનું જ્ઞાન પ્રાપ્ત કરો. શું ખાવું, કેટલું ખાવું, ક્યારે ખાવું અને કેવી રીતે ખાવું, તે પ્રયત્નથી જાણો. શરીરની તમારે બહુ અગત્ય છે. તે બહુ મોંઘું છે. દુરુપયોગવડે તેનો સત્વર નાશ કરી નાખવા તે મળ્યું નથી, પણ તે વડે તમારૂં તથા અન્યનું સર્વોત્તમ કલ્યાણ તમે સાધો, તે માટે તે તમને મળ્યું છે. જીભના સ્વાદમાટે બે વાર કે ચાર વાર, જેમ ગધેડા ઉપર બોજો લાદવામાં આવે, તેમ પેટમાં આહારનો બોજો ન ભરો. એથી જઠર વગેરે જીવનસંરક્ષક અવયવો ઘસાઇ જાય છે અને તે ઘસાતાં તમે પોતે ઘસાઇ જાઓ છો, માટે અધિક ખાઇને પોતાના પગ ઉપરજ કુહાડો ન મારો.

ખાવાપીવામાં મિતાહારી થવાથી, તેમજ બીજી બધી બાબતોમાં મર્યાદામાં રહેવાથી તમે સુદૃઢ આરોગ્યને તથા દીર્ઘ આયુષ્યને પ્રાપ્ત કરશો; એટલુંજ નહિ પણ બીજી અનેક બાબતોમાં તમે ઉન્નતિને પ્રાપ્ત કરશો. કારણ કે સઘળા પ્રકારની ઉન્નતિનો પાયો યથાર્થ આરોગ્ય છે.

(શ્રાવણ-૧૯૬૪ના "મહાકાળ"માંથી)

૨૩–નેવું દિવસનો મિ. રિચર્ડ ફૉસેલનો ઉપવાસ

ઉપવાસ એ વિવિધ વ્યાધિને મટાડવાનો એક અત્યંત સમર્થ ઉપાય છે. એ સંબંધમાં મહાકાશમાં દશ–બાર વર્ષથી પ્રસંગોપાત લેખો આવતાં છતાં જ્યાંસુધી 'સ્ટેટ્સમૅને' વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન અપ્ટન સિન્ક્લેરનો તે સંબંધી લેખ પોતાના પત્રમાં થોડા માસ ઉપર પ્રકટ કર્યો ન હતો, ત્યાંસુધી આ દેશમાં પ્રજાનો વિદ્વાન તથા અવિદ્વાન વર્ગ, મોટે ભાગે કેવળ અંધકારમાંજ રહ્યો હતો. થોડા માસ થયાં આ વિષયસંબંધમાં વિવિધ રીતે જિજ્ઞાસા જાગ્રત થઈ છે, અને રોગ નિવારવાના આ અમોઘ ઉપાયનો ઘણા લાભ પણ લેવા લાગ્યા છે.

પાશ્ચાત્ય જગતમાં અનેક મનુષ્યો લાંબા ઉપવાસ કરે છે, પરંતુ નેવું દિવસ જેટલો લાંબો ઉપવાસ કરનાર તો મિ. ફૉસેલજ પ્રથમ છે. ઉપવાસ કરવાનો તેનો હેતુ તેને થયેલો જલોદરનો વ્યાધિ મટાડવાનો અને તેના શરીરનું વજન ઘટાડવાનો હતો. તેના આ બંને હેતુ સફળ થયા છે, તેનો વ્યાધિ મટી ગયો છે અને તેનું વજન ૭૦ રતલ ઓછું થયું છે. ઉપવાસ કરવા પહેલાં મિ. ફૉસેલનું વજન ૨૬૭ રતલ હતું. ચાળીસ દિવસના ઉપવાસ થયા ત્યાંસુધી તે દરરોજ સરાસરી બારથી પંદર માઈલ ચાલતો, અને ચંપી કરાવતો તથા તેની એક ખાસ કસરત કરીને ઠંડા પાણીથી ચાર પાંચ મિનિટમાં સ્નાન કરી લેતો. વળી દરરોજ તે અર્ધા કલાકથી એક કલાકસુધી તળાવમાં તર્યા કરતો. તે નિત્ય સરાસરી ચારથી છ પ્યાલાં જળ પીતો; તે વિના બીજું કશું ખાતો ન હતો.

આ બધા દિવસોમાં તેને દરરોજ દસ્ત થતો હતો. તે ઉપરાંત વળી મળ નીકળી જવાને માટે તે અર્ધો ખાટા લીંબુને એક પ્યાલા પાણીમાં નીચોવી સવારે તથા સાંજે પીતો. પ્રસંગોપાત તે રુમાલના એક કકડાને લીંબુને બદલે ચૂસતો, અને તેના કૂચા થૂંકી નાખતો.

નેવુંએ દિવસ તેને ઘણી સારી ઉંઘ આવતી હતી, માત્ર પહેલા અઠવાડીઆમાં તેને ભૂખનું દુઃખ જણાયું હતું; પણ ત્યાર પછી ઉપવાસ પૂરા થતાંસુધી તેને ભૂખનું કષ્ટ જણાયું નથી.

ચાળીસ દિવસ પછી નિત્ય આળસુ બેસી રહેવાનો કંટાળો ઉપજવાથી તેણે એક આરોગ્ય-શાળામાં રોગીઓને પીરસવાની નોકરી લીધી. આ નોકરીમાં તેને પ્રસંગોપાત જુદા જુદા ખાવાના પદાર્થો કેવા થયા છે તે ચાખવા પડતા, પણ તે ચાખીને તેમને થૂંકી નાખતો. એક કણ પણ ગળે ઉતારતો નહિ. માત્ર એક બે પ્રસંગે થોડા કણ અકસ્માત્ તેના ગળામાં ઉતરી ગયા હતા, પણ આથી તેને પેટમાં બહુ વ્યથા થઈ આવવાથી ઉલટીવડે તત્કાળ તે બહાર કાઢી નાખવામાં આવ્યા હતા. ઉપવાસના ઓગણસાઠમા દિવસે તેણે અખાડામાં આશરે ૨૦ મિનિટસુધી કુસ્તી કરી હતી, અને પચાસથી પોણોસો રતલ વજનના ડમ્બેલ્સવડે તથા ભારે વજનની ખુરશીઓ ઉંચકીને આશરે દશ મિનિટ કસરત કરી હતી. પછી તે પાકશાળામાં તે નોકરી કરતો હતો, તે ઉપરાંત નિત્ય એકથી બે કલાક [illegible] કસરત કરતો. ઉપવાસના સિત્તેરમા દિવસસુધી તેનું વજન દરરોજ એક રતલ ઘટતું હતું. ત્યાર પછી તે ઘણુંજ ધીમે ધીમે ઘટવા લાગ્યું હતું.

છેલ્લા દિવસોમાં લીંબુની સાથે તેનાથી પાણી પી શકાતું નહિ. નેવુમે દિવસે જ્યારે તેણે ઉપવાસ ભાંગ્યો, ત્યારે તેણે અર્ધી નારંગી અર્ધો પ્યાલા પાણીમાં નીચોવીને પીધી હતી, પણ ઉલટી થઈને તે નીકળી ગઈ હતી. આ પ્રમાણે ઉપવાસ છોડ્યા પછી પહેલા ત્રણ ચાર દિવસ તેનું જઠર જરા પણ ખોરાકને [illegible] કરી શકતું ન હતું. ત્યારપછી પાણી મેળવેલા [illegible] રસ તે પી શકવા લાગ્યો. તેનું પ્રમાણ દશ દિવસસુધી વધારવામાં આવ્યું હતું. ઘન ખોરાક ખાવા પહેલાં તે દરરોજ ટિમેટાના રસના થોડા ઘુંટડા પીતો અને પછી ખાતો. સૌથી પ્રથમ ઘન ખોરાકમાં તેણે [illegible] ખાધું હતું. આ પછી કેટલા દિવસે તે પહેલાંની માફક ખાતા [illegible] ન થયો હશે.

ઉપવાસના દિવસો દરમિયાન પગમાં, પેટમાં અને હાથમાં પચાસમે દિવસે તેને થોડી [illegible] જણાઈ હતી, પણ થોડા દિવસમાં તે મટી ગઈ હતી. ત્યારપછી એક [illegible] કર્યું હતું. સાઠમે દિવસે તેને [illegible] હતી. [illegible] તે પણ [illegible] દિવસે [illegible] હતી.

મિ. ફૉસેલ આ ઉપવાસ [illegible] (૧૯૨૦)

३४–मिताहार आरोग्यने आपे छे तथा आयुष्यने वधारे छे.

આ જગતમાં મનુષ્યોના મોટા ભાગના બળનો બે બાબતમાં ભારે ક્ષય થતો જોવામાં આવે છે. એક તો ઉદરમાં નાખવા માટે આહારને મેળવવામાં અને બીજી, ઉદરમાં નાખેલા તે આહારના પદાર્થોનું શરીરમાં જ્યારે ઝેર થાય છે, ત્યારે તે ઝેરને શરીરમાંથી બહાર કાઢી નાખવાને માટે વૈદ્યોને તથા ડૉક્ટરોને આપવાના પૈસા પેદા કરવામાં.

મનુષ્યોને થતા વ્યાધિઓમાંથી સેંકડે નવ્વાણું વ્યાધિઓ અયોગ્ય ખાનપાનને ગ્રહણ કરવાથી અને જેટલું ખાવું જોઈએ તેના કરતાં વધારે ખાવાથી થાય છે.

કેમ ખાવું જોઈએ, તેનું સામાન્ય જ્ઞાન જો મનુષ્યપ્રજાને થાય તો પ્રત્યેક મનુષ્ય પૂરાં સો વર્ષ પૂર્ણ આરોગ્ય અને દીર્ઘજીવનની સ્થિતિને સુખપૂર્વક ભોગવે.

ઇટાલીમાં લુઈ કોર્નેરો નામનો એક પુરુષ સૈકાં વર્ષ ઉપર થઈ ગયો છે. તે ૧૦૪ વર્ષસુધી જીવ્યો હતો. ૯૩ વર્ષની ઉંમરે તો તેણે ગ્રંથો લખવા માંડ્યા હતા. તેનું આરોગ્ય ઘણુંજ ઉત્તમ પ્રકારનું હતું. અને તે મરી ગયો ત્યારે જેમ કોઈ નાનું બાળક ઉંઘી જાય તેમ કશી પણ વેદનાશિવાય મરી ગયો હતો.

ચાળીસ વર્ષની ઉંમરે તેના શરીરમાં રોગ એટલો બધો વ્યાપી ગયો હતો કે તે જીવશે કે કેમ, તેનો સર્વને સંદેહ હતો. જન્મથીજ તેનું શરીર બહુ નાજુક અને નબળા બાંધાનું હતું; અને શ્રીમંતને ઘેર જન્મેલો હોવાથી તથા પુષ્કળ સંપત્તિ હોવાથી, ઘણા શ્રીમંતો જેમ વિવિધ પ્રકારના મોજશોખ કરવામાં પોતાનો વખત ગાળે છે, તેમ તેણે પણ મોજશોખમાં ઝંપલાવ્યું હતું; અને તેનું પરિણામ એ આવ્યું હતું કે તે એક નહિ પણ અનેક મોટા રોગોથી પીડાતો હતો.

અને તેણે [illegible] ટેવો છોડી દેવાથી તથા પોતાની જીભને અંકુશમાં રાખવાથી તે અનુક્રમે રોગોમાંથી મુક્ત થયો, એટલુંજ નહિ પણ તેણે સુદૃઢ આરોગ્યને તથા મનની શાંતિને પ્રાપ્ત કરી, અને સો કરતાં વધારે વર્ષ જીવ્યો.

'દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત કરવાની કળા' એ નામનું તેના વિવિધ લેખોનું એક પુસ્તક પ્રકટ થયું છે. આ પુસ્તકમાં મિતાહારનું પ્રકરણ તેણે ૮૩ વર્ષની ઉંમરે અને એક બીજું પ્રકરણ ૮૬ વર્ષની ઉંમરે લખ્યું હતું.

કોર્નેરો કહે છે કે, થોડું અને ઠરાવપૂર્વક ખાવાથી મનુષ્યનું આયુષ્ય વધે છે, અને આ નિયમને [illegible] અકસ્માત્ આવી પડતાં દુઃખોથી પણ ઘણુંજ થોડી [illegible] કરવાને માટે તે પોતાનું ઉદાહરણ ટાંકે છે. તે કહે છે કે, [illegible] ઉંમરે ગાડી ઉંધી પડવાથી મારા માથાને તથા હાથને પુષ્કળ વાગ્યું; પરંતુ મારા [illegible] વખતના [illegible] ગયા કે ડૉક્ટરો તેને એક [illegible]

[illegible]

[illegible]

[illegible]

પોતાના પુસ્તકની પ્રસ્તાવનામાં તે નીચેનું વાક્ય લખે છેઃ—

"જ્યારે બત્રીસ જાતનાં પક્વાન્ન અને તેત્રીસ જાતનાં શાકથી પીરસેલી શ્રીમંત શેઠીની દબદબાવાળી પત્રાળી હું જોઉં છું, ત્યારે તે પત્રાળીમાં ગુપ્તપણે છુપાઈ રહેલાં સંધિવા, જલોદર, જ્વર અને ભારે ભોજન જમ્યા પછી જણાતી અસ્વાભાવિક સુસ્તી મારી દૃષ્ટિએ આવે છે."

લુઇ ફોર્ટીનના ભોજન સાથે, નાસ્તામાં પાંચ-સાત મિષ્ટાન્નોને ઉડાવનાર, બપોરે શાક-અથાણાં સાથે વીસ પચીસ ભારે વસ્તુઓને આડે હાથે ઝાપટનાર, નમતે પહોરે કંઈ આકસ્મિક ફાકનાર; ભજીયાં, પુરી, દૂધ વગેરે પદાર્થોથી રાત્રે મોઢું વાળુ કરનાર તથા આ સર્વમાં પૂર્તિ કરવાને પાંચ-સાત વાર ચ્હા, કૉફી, આઇસ્ક્રીમ વગેરેની ઉદરમાં રેલ આપનાર કોઈ શ્રીમાનના કે નૃપતિના ભોજનને સરખાવો.

આ સર્વના પરિણામમાં મોટાં પેટ, મંદાગ્નિ, મૂત્રમાં બિગાડ, સંધિવા, પક્ષાઘાત, ચાર ડગલાં ચાલતાં પણ હાંફી જવાય એવું સ્થૂલ શરીર તથા વિવિધ પ્રકારના રોગો પ્રકટેલા જોઇને શામાટે આશ્ચર્ય થવું જોઇએ ?

સ્પેનનો પાંચમો ચાર્લ્સ પથારીમાંથી ઉઠતાંજ પાંચ વસ્તુઓનો નાસ્તો કરતો, બીજી વાર બાર વાગતાં ભારે ભોજન લેતો, ત્રીજી વાર વીસ વસ્તુઓને અને જાતજાતના દારૂઓને ચઢાવતો, અને મધ્યરાત્રે પાછો જમતો. પીસ્તાલીસ વર્ષની ઉંમરે તે છેક અશક્ત થઇ ગયો. તેનાથી ઘોડીઓ વિના ચલાતું નહિ. તેનું યકૃત ફૂલી ગયું. તેને સંધિવા તથા કળતરનો વ્યાધિ થયો અને આ વિના પણ બીજા ઘણા રોગો થયા. તેને આ સઘળા રોગો થવામાં તે 'પરમેશ્વરની એવી મરજી છે' એમ માનતો.

પૂર્વે જે જે ઘોર કૃત્યો કરનાર દુષ્ટ રાજાઓ તથા સત્તાધીશો થયા છે, તે સર્વ જમવામાં અકરાંતીયા હતા.

નીરો બપોરથી અર્ધી રાત્રિસુધી જમ્યાજ કરતો. કેલીગ્યુલા એકજ વારના વાળુમાં સવાલાખ રૂપિયા ખર્ચતો અને સીઝરોનો અમલ અત્યાચારથી પૂર્ણ હતો. અકરાંતીયાપણું, મદ્યપાનાદિ વ્યસનો અને નિર્દયતા સર્વદા સાથે રહે છે.

જો મનુષ્યો મિતાહાર સેવે તો જગતમાંથી સેંકડે નેવું રોગો મટી જાય, એટલુંજ નહિ પણ જગતમાંથી અર્ધી નિર્ધનતા ઓછી થઈ જાય.

માત્ર જીભને રાજી રાખવાને બદલે શરીરને પોષણ આપે એવા આહારના પદાર્થો જો વિચાર-પૂર્વક પસંદ કરવામાં આવે તો મંદવાડનો નાશ થાય; એટલુંજ નહિ પણ દ્રવ્યનો, મહેનતનો અને ડૉક્ટરોની તથા વૈદ્યોની ફીનો બચાવ થાય.

હાલ મનુષ્યો ખાવાને માટે જીવે છે, તેને બદલે જો તેઓ જીવવાને માટે ખાય તો પોતાનું ગુજરાન ચલાવવાને ડૉક્ટરોને તથા વૈદ્યોને કોઈ બીજો ધંધો શોધવો પડે, દવાખાનાંની સંખ્યા ઘટી જાય અને પેટંટ દવાઓ બનાવનારાઓ પ્રજાને લાભ કરનારા કોઇ બીજા સારા કામમાં જોડાય.

આરોગ્ય, સંપત્તિ અને સૌંદર્ય સર્વ મિતાહારથી પ્રાપ્ત થાય છે. સુંદર અને નિરોગ થવા ઇચ્છનારે પ્રથમ જીભને વશ કરવી જોઇએ. જેણે જીભને વશ કરી છે, તેજ ખરો જિતેન્દ્રિય છે. કોઈ કવિએ કહ્યું છે કે 'जबलग रसना जिती नहि सो नाहि जितेन्द्रिय जानीये ' એ અક્ષરશઃ ખરૂં છે.

જમ્યા પછી સૂવાનું મન થાય એવી રીતે પેટ ભરાય ત્યાંસુધી જમનારા અનેક વિદ્વાનો તથા પોતાને સદ્‌ગુણી માનનારાઓ, મદ્યપાન કરનારાને અથવા વ્યભિચારાદિ દુર્ગુણોને સેવનાર મનુષ્યોને જોઇને ક્રોધથી ભમરો ચઢાવી દે છે, તથા નાકનાં ફુંગારાં ફુલાવી નાખે છે; પણ તેઓ જાણતા નથી કે મદ્યપાન, વ્યભિચાર અને અકરાંતીયાપણું, એ જોકે જૂદા જૂદા દુર્ગુણો જણાય છે, તોપણ તે સર્વનું કારણ એકજ છે, અને તે એ કે ઇચ્છાને અથવા વાસનાને સંતોષવી. પેટ ભરાયા છતાં અને શરીરમાં અધિક પોષણની જરૂર ન છતાં ઉનાં ભજીયાં કે તેવાંજ કોઈ સ્વાદિષ્ટ પદાર્થ જોઇને જેની જીભ વશ રહેતી નથી, અને જે આંખો મીંચીને, પૂર્ણાહુતિનો ઓડકાર આવી ગયા છતાં પણ પાછો પત્રાળી ઉપર હાથ ચલાવે છે, તેની કામનામાં અને રૂપવિષયથી આકર્ષાનાર વ્યભિચારી મનુષ્યની કામનામાં શો ભેદ છે, તે કોઈ કહેશે ? દુરાચારમાં-વાસનાના પ્રાબલ્યમાં-અકરાંતીયો, વ્યભિચારી અને મદ્યપી ત્રણે સરખા છે, અને તોપણ એક પડીયો

[illegible] ઉપરાંત ખાનાર સંન્યાસીને કોઈ દુરાચારી ગણતું નથી. વધારે ખાવાને લીધે ભીણો [illegible] વિદ્વાનને કોઈ દોષપાત્ર સ્વીકારતું નથી, અને સ્પર્શવૃત્તિને સંતોષવાનું [illegible] કરનાર મનુષ્યો જ્યાં ત્યાં દુરાચારી ગણાય છે તથા નિંદાના પાત્ર થાય છે!

[illegible] ઉપરાંત ખાવાથી સૌંદર્ય, આરોગ્ય, સુખ, ધન, શ્રમ અને આયુષ્યનો વ્યર્થ ક્ષય થાય છે.

([illegible] ના "[illegible]"માં લેખક:–સદ્‌ગત માસ્તર શ્રીમાન્ છોટાલાલજી)

૩૫–ટમાટા અને તેના ગુણ

ટમાટાનો [illegible] બહુ ઉપયોગ કરતા જોવામાં આવતા નથી અને તેનું કારણ તેના [illegible] છે, એજ છે. ઘણાને તેમાં બહુ સ્વાદ જણાતો નથી, પરંતુ કારેલાં [illegible] મનુષ્યોને જેમ તેમાં ઉત્તમ સ્વાદનું ભાન થાય છે, તેમ ટમાટાનો [illegible] ઉત્તમ સ્વાદનું ભાન થયાવિના રહેતું નથી. ફળતરીકે તેમજ શાકતરીકે ટમાટાનો [illegible] કરવામાં આવે છે. જ્યારે તેમને રાંધ્યાવિના ફળની પેઠે ખાવામાં આવે છે, ત્યારે [illegible] આ પ્રમાણે ટમાટાને ખાવા ઇચ્છનારે પ્રથમ એક લીંબુનો રસ કાઢવો, [illegible] તેમાં [illegible] નાખવું અને [illegible] અથવા ચારગણું તેલ નાખી ખૂબ હલાવવું. પછી [illegible] ટમાટા સમારીને નાખવા અને હલાવી ચૂલા ઉપર ચઢાવ્યા વિના, [illegible] અંદર થોડી [illegible] અને ઝીણી સમારીને ડુંગળી પણ નાખે છે.

ટમાટા [illegible] વગેરે બિગાડનો નાશ કરનાર) છે, એટલુંજ નહિ [illegible] રહેલા કચરાને દૂર કરી તેને સ્વચ્છ કરનાર છે. તેમાં પોષક તત્ત્વો [illegible] એટલા ટમાટા ખાઇને કોઇ મનુષ્ય જીવવા ધારે તો ઘણા [illegible] છે. તેમાં નીચે પ્રમાણે તત્ત્વો છે:–

[illegible] અથવા સ્નાયુ રચનાર તત્ત્વ [illegible], રેસા [illegible], [illegible] વગેરે [illegible]

[illegible] ટમાટા ઉત્તમ આહાર છે, એવો ડૉક્ટરોનો અભિપ્રાય છે. આનું [illegible] તેમાં હોય છે; એટલુંજ નહિ પણ [illegible] એક પ્રકારનું અમ્લ તત્ત્વ (એસીડ) [illegible] અંગ્રેજ ડૉક્ટર કહે છે કે, ટમાટા [illegible] માંસ, મત્સ્ય, મદ્ય અથવા [illegible] અને ટમાટા, ઉપર [illegible] પ્રમાણે શરીર[illegible] સુધરતાં [illegible] શુદ્ધ [illegible] ટમાટાને [illegible]

[illegible]

[illegible]

([illegible])

३६—केवळ दूधना आहारना लाभ

કેવળ દૂધ ઉપર રહેવાથી જેવા લાભ છે, તે જો મનુષ્યો જાણતા હોય તો આરોગ્ય તથા બળને પ્રાપ્ત કરવાને માટે તેઓ ઔષધિઓમાં નકામા પૈસા ન ખરચે. વિવિધ વ્યાધિઓને હણનાર તથા આરોગ્ય અને બળને આપનાર દૂધ જેવો આહાર બીજો ભાગ્યેજ હશે. શરીરના પોષણમાં જે તત્ત્વોની જરૂર છે તેમાંનાં ઘણાં તત્ત્વો દૂધમાં છે, અને તેથી પૂર્ણ આહારતરીકે તે પ્રસિદ્ધ છે. બાળકના શરીરનું પોષણ તથા વૃદ્ધિ એકલા દૂધથીજ થઈ શકે છે. યોગ્ય પ્રમાણમાં મનુષ્ય દૂધને ગ્રહણ કરે તો તેને બીજો કોઈ આહારનો પદાર્થ ગ્રહણ કરવાની જરૂર નથી. યુરોપમાં તથા અમેરિકામાં એકલા દૂધ ઉપર રહેવાથી પુષ્કળ રોગીઓના રોગ નિર્મૂળ થયાનું પ્રસિદ્ધ છે. આશ્રમોમાં દૂધથીજ સર્વ પ્રકારના વ્યાધિઓ હણનારી એવાં મકાનો છે. આ મકાનોમાં રોગીઓને નિત્યનું પંદરશેરથી અધમણ દૂધ પાવામાં આવે છે અને તેથી આશ્ચર્યકારક પરિણામો આવેલાં જોવામાં આવે છે. બીજાઓના જોઈને અમે પણ દૂધના પ્રયોગો કરી જોવામાં આવ્યા છે અને તેનું તેવુંજ સંતોષકારક પરિણામ આવ્યું છે.

દૂધ શરીરમાં રુધિરનો અને માંસનો વધારો કરે છે, તથા જે જે જનામે શરીરમાં ખરાબ હોય છે તે મળને પૂરી નાખી શરીરને બળવાન અને પાણીદાર કરે છે. તે આરોગ્યને, પુરાતનતાને તથા સૌંદર્યને આપે છે. ત્રણ માસ દૂધ ઉપર રહેવાનો પ્રયોગ કરવાથી ઘણા મનુષ્યોએ પોતાના શરીરના વજનમાં પોણો મણનો વધારો કર્યો છે; એટલુંજ નહિ પણ યામડીનો વર્ણ બાળકના જેવો પ્રાપ્ત કર્યો છે. યોગ્ય રીતે દૂધને ગ્રહણ કરવામાં આવે છે તો મટી શકે એવા સઘળા રોગ તે મટાડી શકે છે; એટલુંજ નહિ પણ વૃદ્ધાવસ્થા જે એક પ્રકારનો વ્યાધિ છે, તેને પણ તે મટાડે છે. દુર્બળ, રુધિર ઉડી ગયેલા અને મંદાગ્નિવાળા મનુષ્યો, દૂધ ઉપર રહે છે તો થોડા દિવસમાં પુષ્ટ થાય છે.

આરોગ્યને પ્રાપ્ત કરવા ઇચ્છનારે આરંભમાં એક અથવા બે નકોરડા ઉપવાસ કરવા. થઈ શકે તેમણે ત્રણ ઉપવાસ કરવા. ઉપવાસના દિવસમાં સવારે તથા સાંજે પાણીને ગ્હા જેવું ગરમ કરી તેમાં એક લીંબુ નીચોવી તેના એક અથવા બે પ્યાલા પીવા. દિવસના વચલા ભાગમાં પણ પ્રસંગે પ્રસંગે પાણી પીવું. બસ્તિકાના યંત્રવડે પણ મોટા નળને સાફ કરી નાખવો. આ પ્રમાણે શરીરની શુદ્ધિ કર્યા પછી દૂધનો પ્રયોગ શરુ કરવો. ઉપવાસ કર્યા પછીજ જેઓ દૂધનો પ્રયોગ કરે તેમણે પ્રથમ દિવસે ત્રણ શેર કરતાં વધારે દૂધ પીવું નહિ. ક્રમે ક્રમે દૂધને વધારી ૭ શેર, આઠ શેર અથવા દશ શેર સુધી પણ પોતાની શક્તિના પ્રમાણમાં ચડવું. દૂધ જ્યારે પુષ્કળ પીવામાં આવે છે, ત્યારેજ તેનો ખરો લાભ જણાય છે. ડૉક્ટરો તથા વૈદ્યોની ફી કરતાં અને ઔષધો કરતાં તે સસ્તું મળે છે. દૂધને ટાઢું પીવું અથવા ઉકાળીને પીવું. પોતાની પ્રકૃતિને જેવું અનુકૂળ આવતું હોય તે પ્રકારનું પીવું. ઉકાળેલા દૂધ કરતાં ટાઢા દૂધનો વધારે ગુણ છે, તેથી ટાઢું પીવાય ત્યાંસુધી અધિક યોગ્ય છે. તેમાં ખાંડ અથવા સાકર નાખવી નહિ. કેટલાક મનુષ્યો કહે છે કે, અમને દૂધ માફક આવતું નથી, અથવા તેથી અમને બંધકોશ અથવા ઝાડા થાય છે; પરંતુ આવા સર્વ મનુષ્યોને વિધિપૂર્વક દૂધનો ઉપયોગ કરવાથી તે માફક આવ્યાવિના રહેતું નથી. દૂધ પીને ખુલ્લી હવામાં થોડી વાર ચાલવાથી અને દીર્ઘશ્વાસ લેવાથી દૂધ માફક આવે છે. કસરત અને દીર્ઘ શ્વાસપ્રશ્વાસ એ દૂધને માફક કરનાર રામબાણ ઉપાય છે. કસરતથી અને દીર્ઘશ્વાસ-પ્રશ્વાસથી શરીર બળવાન થાય છે, અને શરીર બળવાન થતાં જઠર બળવાન થાય છે, અને જઠર બળવાન થતાં દૂધ માફક આવ્યા વિના રહેતું નથી.

વિધિપૂર્વક પીવાથીજ દૂધના લાભ જણાય છે. ચારશેર–પાચશેર દૂધ એકી વખતે સામટું ગટગટાવી જવાનું નથી, પણ દર કલાકે અધી શેર અથવા પોણોશેર પીવાનું છે, અને તે પણ નાને નાને ઘુંટડે પીવાનું છે. બાળક અથવા વાછરડું કેવી રીતે ધાવે છે તે જુઓ, અને તે પ્રમાણે દૂધ પીતાં શીખો. જેમ બને તેમ ધીરે ધીરે અને કેરી ચૂસતા હોઇએ તેમ દૂધને પીવું.

એવી વખતે જેમ બને તેમ ઓછું દૂધ મોંમાં લેવાય તેમ કરવું. દૂધને પીવું નહિ, પણ ખાવું. આહારના બીજા પદાર્થો જેમ ચાવીએ છીએ અને મુખના રસસાથે મેળવીએ છીએ, તેમ દૂધને પણ મેળવવું. આમ કરવાથીજ દૂધના ખરા લાભ સમજાશે.

સવારે અગીઆર વાગતાસુધી ટાઢું દૂધ પી શકાય છે. પછી દૂધ બગડી જવાનો સંભવ હોવાથી તે પછી પીવાનું દૂધ ગરમ કરીને પીવું. સવારે સાત કે આઠ વાગતાથી તે સાંજે ત્રણ કે ચાર વાગતા સુધી આ પ્રમાણે દૂધને પીવાનો પ્રયોગ કર્યા કરવો. સાંજે ૭ કે સાત વાગે ખજૂર, અંજીર, દ્રાક્ષ, કેળાં કે એવાંજ કોઈ જાતનાં ફળ અથવા બદામ, મગફળીના દાણા કે એવોજ કોઈ મેવો ખાવાની ઇચ્છા થાય તો ઘણાજ ઓછા પ્રમાણમાં ખાવો.

આ પ્રમાણે દૂધ પીવા છતાં જેમને બંધકોશ જેવું જણાય તેમણે જુલાબ ન લેતાં બંધકોશના યંત્રનો ઉપયોગ કરવો. એક અઠવાડીઆમાં ત્રણ વાર કરતાં વધારે વાર યંત્રનો ઉપયોગ કરવો નહિ.

જેમને દૂધથી ઝાડા થાય, તેમણે ગભરાવાનું પ્રયોજન નથી. તેમણે દૂધનું પ્રમાણ ઓછું કરવું, કસરત વધારે કરવી અને દીર્ઘશ્વાસપ્રશ્વાસ વારંવાર કરવા. આથી અલ્પ સમયમાં દૂધ માફક આવી જશે. શરીરમાં ભરાયલો કેટલોક કચરો નીકળી જવા માટે પ્રસંગે ઝાડા થવાની અગત્ય રહે છે.

ઉપર દર્શાવેલા વિધિ પ્રમાણેજ દૂધ પીવા ઇચ્છનારે તે પીવું. ધીરે ધીરે પીવાના નિયમનું વિસ્મરણ કરવું નહિ. ધીરે ધીરે પીવાની ટેવ પાડવી. પુનઃ કહેવામાં આવે છે કે, દૂધ સૌંદર્યને, માંસને, રુધિરને અને બળને વધારનાર ચમત્કારિક રસ છે. (શ્રાવણ-૧૯૬૪ના "મહાકાળ"માંથી)

૨૭-દહીંના લાભ

ચાલુ વર્ષના 'ધી મદ્રાસ સ્ટેન્ડર્ડ' ના તા. ૧૭ મી મેના અંકમાં 'ધી ફાસ્ટ ક્યોર' (ઉપવાસોપચાર) એ નામના વિષયમાં બંગાળાનો એક યૂરોપીયન મેડિકલ ઑફીસર જેણે ૭ દિવસના ઉપવાસ કરી, ઉપવાસના લાભનો અનુભવ લીધો છે, તે લખે છે કેઃ-

જેમને બંધકોશનો વ્યાધિ હોય છે, તેમને ઉપવાસ કરવા ઘણા કઠિન પડે છે; કારણ કે એકલા જળના ઉપયોગથી તેમના મોટા નળમાં રહેલું વિષ તથા જંતુઓ વગેરે બહાર નીકળવાનો પ્રયત્ન કરવામાં મગજ ઉપર, મૂત્રાશય ઉપર તથા ફેફસાં ઉપર વિલક્ષણ પ્રકારની અસર કરે છે. આથી ઉપવાસ કરનારમાં જો આ વિલક્ષણતા સહન કરવાનું બળ નથી હોતું તો તે ગભરાઇ જાય છે, અને નિશ્ચયથી ડગીને આરોગ્યને આપનાર ઉપવાસને છોડી દે છે. આવા લોકોએ ઉપવાસના યથેચ્છ લાભ મેળવવાને માટે તેમણે ઉપવાસ કરવા પહેલાં દહીંનો ઉપયોગ કરીને જઠર, મોટા નળ વગેરે સ્થળે રહેલા વિષનો તથા જંતુઓનો પ્રથમ નાશ કરવો જોઇએ; અને પછી વગરઅડચણે ઉપવાસ કરવા જોઇએ. દહીંના જંતુઓ મોટાં તથા નાનાં આંતરડાંમાં રહેલા અત્યંત દુષ્ટ તથા હાનિકારક જંતુઓનો નાશ કરી નાખે છે, અને એમ છતાં તેઓ પોતે નિર્દોષ છે, એટલુંજ નહિ પરંતુ મનુષ્યોનું અનેક વ્યાધિઓથી રક્ષણ કરે છે. એ હવે સારી રીતે પ્રસિદ્ધ થઈ ચુક્યું છે કે, દહીંની અમ્લતામાં જે જંતુઓ છે, તે કૉલેરા, ટાઇફોઇડ, મરડો અને એવાજ બીજા વ્યાધિમાં જણાનાર જંતુઓના કટ્ટા શત્રુ છે, અને જ્યાં દહીંના જંતુઓ હોય છે, ત્યાં આ રોગના જંતુઓ કદી રહી શકતા નથી. મેં પોતે ત્રણ માસસુધી નિત્ય શેર શેર દહીં ખાધું છે, અને હમણાંથી મારા દરદીઓને મોટાં તથા નાનાં આંતરડાંના વ્યાધિઓમાં બીજા ઉપચારો સાથે હું દહીંજ આપું છું, અને તેથી મને ઘણો લાભ થતો અનુભવમાં આવ્યો છે. મરડો, અતિસાર, હઠીલો બંધકોશ વગેરે પચનેંદ્રિયના સઘળા વ્યાધિઓમા જ્યારે દહીંમાં રહેલા નિર્દોષ જંતુઓને, તે તે વ્યાધિવાળાં સ્થળોમાં વસતા દુષ્ટ જંતુઓ ઉપર (બેક્ટેરીઆ) છોડી મૂકવામાં આવે છે, ત્યારે અવસ્ય લાભ થાય છે. આથી ઉપવાસ કરવા ઇચ્છનારે ઉપવાસ કરવાપૂર્વે થોડા દિવસ નિયમિત રીતે દહીં ખાઇને આ જંતુઓનો નાશ કરવો અને પછી ઉપવાસ પૂરા કર્યા પછી પણ આહારમાં નિત્ય નિયમિત રીતે દહીંનો ઉપયોગ કર્યા કરવો.

(વૈશાખ-૧૯૬૬ ના "મહાકાળ"માં લેખકઃ-સદ્ગત માસ્તર શ્રીમાન્ છોટાલાલજી)

૨૮—ખાસ ખાસ અને અગત્યના ઉપાયો

[illegible] [illegible] તથા [illegible] [illegible]

[illegible]—[illegible]
પ્રમેહ, [illegible] તથા [illegible] દૂર કરે છે

દાંતના પાણામાંથી લોહી પડતું [illegible]

હિસ્ટીરી—[illegible] કરે છે.

આંખનું પડળ—[illegible] પાણી કરે છે.

વા ઉપર—[illegible] ઉપર [illegible] જાય છે. (આ ઉપચાર [illegible] કરવો.)

આંખ દુખવી—[illegible], ફટકડી, [illegible] વાટી આંખનાં પોપચાં ઉપર ચોપડવાથી દુઃખતી આંખો આરામ કરે છે.

કાનનું શૂળ—[illegible] તેલનાં [illegible] કાનમાં નાખવાથી [illegible] કરે છે.

ખૂંદ—[illegible] કરી તેની [illegible] કરે છે.

મોઢાંના ચાંદા—[illegible] કરે છે.

[illegible]—[illegible] જાય છે.

ગુમડાં—[illegible] થાય છે.

ખરજવું—ચિત્રકમૂળ, હરતાલ તથા મનશીલને ઘીનું [illegible] ખરજવા ઉપર ચોપડવાથી મટી જાય છે.

દાદર—કુંવારપાઠાના ગોળને લીંબુના રસમાં ઘૂંટી વાટીને દાદર ઉપર ચોપડવાથી દાદર મટે છે.

જૂ—[illegible] લીંબુના રસમાં વાટી માથાના વાળમાં ચોપડવાથી માથાની જૂઓ તથા લીખો મટે છે.

ગુમડામાં પડેલા છિદ્ર—[illegible] પાન, લીમડાનાં પાન અને [illegible] પાનને વાટીને લેપ કરવાથી ગુમડામાં પડેલાં છિદ્રો મટી જાય છે.

બાળપુષ્ટિ—આસન, [illegible] તથા [illegible] સિદ્ધ કરી તેનાં વાસણ કરી ઘીમાં નાખીને ખવરાવવાથી અથવા તો આસનનું ચૂર્ણ સાકર સાથે ખવરાવવાથી નબળાં, દુબળાં અને ફિકાં બાળકો શરીરે પુષ્ટ થાય છે.

સ્ત્રીની છાતીમાં ધાવણ ભરી આવીને પીડા થાય તો [illegible] વાટીને તેનો લેપ કરવાથી તે પીડા મટે છે.

રાત આંધળાપણું—(૧) અગારના લીલા પાંદડાં લઈ તેને માટીના હાંડામાં બાફીને દરરોજ સાકર સાથે ખાવાથી રાત આંધળાને આંખને સારો ફાયદો બતાવે છે. (૨) મેંદીના લીલા પાંદડાં લઈ તેને તડકે સુકવી નાખી સુકાયા પછી તેને ખાંડી સારી રીતે ભૂકો કરી રાતે ૧ તોલો ભૂકો પાણીમાં પલાળી સવારે ગાળી લઈ સાકર નાખીને પીવું જેથી આંખને ફાયદાકારક છે. (૩) તકમરીયાંને પલાળીને સાકર સાથે ખાવાથી આંખને સારી રીતે ફાયદો થાય છે તે રાત આંધળાને આ ઉપાય સહેલા છે.

ઉનવા ઉપર—ગુવારનો રસ ૫ તોલા, સાકર ૧ તોલો બન્નેને સાથે મેળવી પીવું અને બળ-શી અથવા જવની આ કરી પાણીને બદલે આપવાથી મટે છે. ("આરોગ્ય"માંથી)

३९-गोस्वामी तुलसीदासजी और वीर-रस

૧-ઉપક્રમ

જગ પુનિ દૂજો જગમગ્યો, કોઉ કવિ તુલસી સો ન;
કાયરતા-મુખ દેત જો, કવિતા-તુલસી-સોન.×

ગોસ્વામીજી ને જો કુછ કહા હૈ, અપૂર્વ ઔર સજીવ હૈ. ઉનકા વીર-રસ વર્ણન ભી લોકોત્તર હૈ. પદ પદ પર ઓજ ટપકતા હૈ ઔર ભાવ તથા રસ કી ભરમાર હૈ. હૃદય ફડક ઉઠતા હૈ.

લોગ કહતે હૈં, સ્ત્રી ઔર બ્રાહ્મણ કે ઉપર વીરોં કો હાથ ન છોડના ચાહીએ-યે અવધ્ય હૈ. પરંતુ મર્યાદા-પુરુષોત્તમ શ્રીરામ ને વધક્રિયા સ્ત્રી તાડકા સે પ્રારંભ કર કે બ્રાહ્મણ રાવણ પર સમાપ્ત કી. ભગવાન શ્રીકૃષ્ણ ને ભી પહલે પૂતના કો હી ઇસ સંસાર સે બિદા કિયા થા. બાત યહ હૈ કિ જો ધર્મ કે વિરુદ્ધ જાય ઔર દૂસરોં કા ધર્મ બિગાડે; સમઝાને પર ભી ન સમઝે; તો ફિર ઉસે '**येन केन प्रकारेण**' સમાપ્ત કર દેને મેં હી ધર્મ કી રક્ષા ઔર સંસાર કી ભલાઇ હૈ.

ભાઇ સહિત રામચંદ્ર વિશ્વામિત્ર કે યજ્ઞ કી રક્ષા કરને કે લિયે ચલતે હૈં. બીચ મેં તાડકા રાક્ષસી કે પ્રાણ લે કર આશ્રમ પહુંચતે હૈં ઔર ગર્વપૂર્વક ઉત્સાહ સે કહતે હૈં-"મુનિવર! અબ:-'**નિર્ભય યજ્ઞ કરહુ તુમ જાઇ !**'" આત્મબલ પર કૈસા વિશ્વાસ હૈ! યજ્ઞવિધ્વંસ કરને કે લિયે મારીચ ઔર સુબાહુ ધાવા કરતે હૈં. મારીચ કો તો આપને ઐસા '**બિનુફર બાન મારા**' કિ બસ, વહ "**સત જોજન ગા લંકા પારા!**" બાદ સુબાહુ રહા, સો-"**પાવક સર સુબાહુ પુનિ જારા.**" બાકી ઇનકી સેના બચી ઉસે લક્ષ્મણજી ને ચૌપટ કોર દિયા-"**અનુજ નિશાચર કટક સંહારા.**" યજ્ઞ પૂર્ણ હુઆ બાદ સીતાસ્વયંવર દેખને ઔર જનકપુર પહુંચે.

૨-પરશુરામ ઔર રામ

ધનુપ તોડ ચૂકને પર મહાક્રોધી પરશુરામ આતે હૈં. સબ રાજા-મહારાજા ગાયબ હો જાતે હૈં-"**બાજ ઝપટ જનુ લવા લુકાને.**" જો સામને રહ ગયે, વે થર થર કાંપતે હુએ-"**પિતુ સમેત કહિ કહિ નિજ નામા, કરન લગે સબ દંડ પ્રણામા.**" પરંતુ, "**અતિ ડર ઉતર દેત કોઉ નાહીં.**" ઇસ પર લક્ષ્મણજી મૈદાન મેં કૂદતે હૈં. અચ્છી નોકઝોક હોતી હૈ. દેખને લાયક હૈ. રામચંદ્ર દોનોં કો સમઝાતે હૈ. પરશુરામ સે કહતે હૈં, 'જાને દીજીયે મહારાજ! યહ અભી લડકા હૈ. ઇસે ઇતના જ્ઞાન નહીં હૈ. ક્ષમા કીજીએ.' ઇધિર લક્ષ્મણ કો સમઝાતે હૈં, 'ભૈય્યા! ઇનિસે ક્યોં ઐસી બાતેં કરતે હો? યે બ્રાહ્મણ હૈં, મુનિ હૈં, પૂજ્ય હૈં. ઇસ લિયે યે જો કુછ કહેં સો હાથ જોડ કર સુન લો, ઇસી મેં કલ્યાણ હૈ.' પર દોનોં મેં સે કોઇ ભી નહીં સુનતા. અંતતઃ પરશુરામ શ્રીરામ પર હી ઉલટે બિગડતે હૈં. કહતે હૈં:-'બસ, તેરે હી ઇશારે સે લક્ષ્મણ ઉછલ રહા હૈ. તુમ દોનોં એક જૈસે હો. મૈં તુમ દોનોં કો ઠીક કર દૂંગા.' અબ શ્રીરામજી અવસર જાન કર કહતે હૈં:-

"ગુનહુ લખન કર હમ પર રોપૂ, કતહુ સુધાઇહુ તે બડ દોષૂ."

ઔર-"ટેઢ જાનિ સંકા સબ કાહૂ, વક્ર ચંદ્રમહિ ગ્રસઈ ન રાહુ."

કૈસી સુંદર અનુભવપૂર્ણ સૂક્તિ હૈ. 'લેશ' ઔર 'દૃષ્ટાન્ત' ને વહ સજાવટ વાક્ય કી કર દી હૈ કિ આંખોં કે સાથ દિલ કાબૂ સે બાહર હો જાતા હૈ.

રામજી કહતે હૈં, સુનીએ ભૃગુપતિ જી:-

"જૌ હમ નિદરહિં વિપ્ર બદિ, સત્ય કહહુ ભૃગુનાથ!
તૌ અસ કો જગ સુભટ જેહિ, ભય બસ નાવહિં માથ?"

મહારાજ! આપ બ્રાહ્મણ હૈં. અન્યથા, સંસાર મેં ઔર કૌન ઐસા સુભટ હૈ, જિસસે ડર કર યહ સિર ઉસકે આગે ઝુક સકે? સોચીએ તો સહી! ક્યોંકિ, મહારાજ! હમ ક્ષત્રિય હૈં:-

"દેવ દનુજ ભૂપતિ ભટ નાના, સમ બલ અધિક હોઉ બલવાના;
જૌ રન હમહિં પ્રચારઈ કોઊ, લરહિં સુખેન કાલ કિન હોઊ."

× મેરે 'વીર-કવિ-વિનોદ' કા એક દોહા હૈ. —લેખક.

કૈસે વીરોચિત શબ્દ હૈં! દેવતા હો, રાક્ષસ હો, બરાબરી કે બલ કા હો અથવા અધિક બલશાલી હો; યદિ વહ રણ મેં હમેં લલકારેગા, તો આનંદ સે લડેંગે, ફિર ભલે કાલ હી ક્યોં ન હો! યે હૈં ક્ષત્રિયહૃદય સે નિકલે હુએ શબ્દ. 'ગર્વ' સંચારી ભાવ સે પુષ્ટ શ્રીરામ કા 'ઉત્સાહ' અભિવ્યક્ત હો કર 'વીર-રસ' કે રૂપ મેં પરિણત હો રહા હૈ. ફિર કહતે હૈં—

"છત્રિય તનુ ધરિ સમર સકાના, કુલ કલંક તેહિ પામર જાના."

અહા! કહાં હૈં આજ વે ક્ષત્રિય? યે શબ્દ હૃદય કો ચીરતે ચલે જાતે હૈં! પરંતુ, મહારાજ!

"વિપ્રવંશ કૈ અસિ પ્રભુતાઈ, અભય હોઇ જો તુમ્હહિં ડરાઈ."

વીરતા કૈસી ધર્મ કી ચાશની મેં પગી હૈ!

૩-ખર ઔર દૂષણ આદિ

મિસ ભેષ કી બડી બહન શૂર્પણખા આઈ. રામ કે ઈશારે સે લક્ષ્મણ ને ઉસકે નાક-કાન ઉડા દિયે. ચિલ્લાતી હુઈ વહ અપને ભાઈ મહાપ્રતાપી ખર-દૂષણ કે પાસ ગઈ. દૂતિન તો થી હી. વહાં ઔર સબ કહ કર યહ ભી કહા કિ ઉનકે પાસ એક સ્ત્રી ભી બડી સુંદર હૈ. વે લોગ સેના લે કર ચઢ આયે. ફૌજ કે ચલને સે—"ધૂરિ પૂરિ નભ-મંડલ રહી." રામ ને લક્ષ્મણ સે કહા:—
[illegible] અને [illegible] છે, [illegible] સાધારણ હતા, [illegible] ... અગાઉ પરંતુ તેમાંનું ઘણું હવે [illegible] નથી. [illegible] ... [illegible] તેમાં [illegible] નથી. ૪૦ વરસ પહેલાં આ પ્રાંતમાં ૬,૦૦૦ એકરના વિસ્તારમાં [illegible] વાવેતર થતું હતું. હાલ તે માત્ર ૩૦ એકરમાં થાય છે. [illegible] પણ [illegible] સ્થિતિ છે અને તે [illegible] હદમાં [illegible] પણ [illegible] વિસ્તારમાં [illegible] આવે છે, [illegible] નો પાક મોટા પ્રમાણમાં થતો અને તેનાં [illegible] [illegible] હવે બંધ પડી છે.

મરચાં અને તેજાના

મરચાં [illegible] ગણું [illegible] છે; પણ તેનું વાવેતર ૧,૧૧,૦૦૦ એકરના વિસ્તારમાં થાય છે તે [illegible] ધારવાડમાં ૪૬,૦૦૦ એકરમાં અને બેલગામમાં ૧૬,૦૦૦ એકરમાં તેનું વાવેતર થાય છે. [illegible] ... [illegible] પોતાના [illegible] ખૂબ [illegible] વપરાશ કરે છે. [illegible] વાવેતર ૭,૦૦૦ એકરમાં થાય છે, [illegible] ૪,૦૦૦ એકરમાં, [illegible] ૪,૦૦૦ એકરમાં [illegible] ૧૧,૦૦૦ એકરમાં અને આદુ ૭૦૦ એકરમાં વવાય છે. નાગરવેલનાં પાન ૪,૦૦૦ એકરમાં અને [illegible] ૩૩,૦૦૦ એકરમાં વવાય છે.

અગત્યના શાકભાજી

શાકભાજી ઠેર ઠેર વિવિધ પ્રકારની વવાય છે. પૂનામાં બટાટાનો મોટો પાક થાય છે. કુલ ૨૧,૪૦૦ એકરના વાવેતરમાંથી પૂનામાં ૮,૫૦૦ એકરનું વાવેતર થાય છે. કાંદા ૧૦,૦૦૦એકરમાં વવાય છે. તેમાંથી નાસીકમાં અર્ધું વાવેતર થાય છે. ગાજર, રતાળુ મોટે ભાગે પૂના અને સતારામાં વવાય છે. ૫૦૦ એકરના વિસ્તારમાં કોબી વવાય છે અને મોટો ભાગ પૂનામાં વવાય છે. મૂળા પણ પૂનામાંજ મોટેભાગે થાય છે અને તેનો કુલ વિસ્તાર ૧૨૦૦ એકરનો છે. રીંગણાંનું ૧૪૦૦૦ એકરમાં વાવેતર થાય છે, ટમેટાં ૭૦૦ એકરમાં વવાય છે, તેના ૮૦ ટકા પૂના અને નાસીક જીલ્લાઓમાં વવાય છે. ભીંડાનું વાવેતર ૫,૦૦૦ એકરમાં થાય છે અને તે મોટે ભાગે પૂર્વ અને પશ્ચિમ ખાનદેશ અને પૂનામાં થાય છે. ૨,૫૦૦એકર જમીનમાં તડબુચ વવાય છે. ઉપરાંત ભાજી-પાલો અને શીંગોના પ્રકારનું શાક તો પારવગરનું ઉગાડવામાં આવે છે.

ફળો

ઇલાકામાં આંબાનું વાવેતર ૧૫,૦૦૦ એકરમાં થાય છે, તેના ત્રીજા ભાગનું વાવેતર એકલા રત્નાગીરીમાં થાય છે. મુંબાઇ, થાણા, ધારવાર, ઉત્તર કાનડા અને સુરતમાં ૧,૦૦૦ એકરનું વાવેતર થાય છે. કેરીની એકંદર ૫૦૦ જાતો છે, તેમાંથી ઇલાકામાં ૮૯ જાતો ઉગાડવામાં આવે છે. કેળાં ૧૩,૦૦૦ એકરના વિસ્તારમાં, જામફળ ૪,૦૦૦ એકરના વિસ્તારમાં, અંજીર ૩૦૫, દાડમ ૨,૫૦૦; ફણસ ૧,૮૦૦; દ્રાક્ષ ૧,૦૦૦; પપૈયાં ૬૦૦; સીતાફળ ૧,૨૦૦ અને નારંગી ૫,૦૦૦ એકરમાં વવાય છે.

ઘાસચારો

ઇલાકામાં ઘાસચારાની બહુજ ઓછી જાત ઉગે છે. ઉનાળુ જુવાર ૮૧,૦૦૦ એકરમાં વવાય છે; તેમાંથી ૨૭,૦૦૦ ખેડામાં થાય છે. ૨૦,૦૦૦ એકરમાં ગુવાર વાવવામાં આવે છે; તેનું મોટું પ્રમાણ પણ ખેડામાંજ થાય છે. રજકો ૬૦૦૦ એકરમા વવાય છે અને તે અહમદનગર, નાસીક અને પૂનામાં વવાય છે. ૧,૭૨૬ એકરમાં જવ વવાય છે અને મોટે ભાગે નાસીકમાં વવાય છે.

("ગુજરાતી" ના તા. ૧-૭-૧૯૨૮ ના "ખેતીવાડીપૂર્તિ"ના લેખોમાંથી)

५१–वीर पुत्रों के प्रति

ભારત મા કે વીર પુત્રો! તુમને મા કે લિયે અપને પ્રાણોં કી બાજી લગા દી. તુમને હંસતે હંસતે મા કે ચરણોં પર અપના સર્વસ્વ ચઢા દિયા. સ્વતંત્રતા દેવી કો પ્રસન્ન કરને કે લિયે તુમ જબ તક જિયે, પત્ર-પુષ્પોં કે બદલે દેવી કે ચરણોં પર અપના મન, અપના ધન, અપના સબ કુછ ચઢાતે રહે; કિંતુ ફિર ભી જબ દેવી ને દર્શન ન દિયે તો તુમને અંત મેં અપના શીસ ભી દેવી કે ચરણોં પર ચઢા દિયા. તુમ ચલે ગયે. ભારત મા કી ગોદી કે લાલ! તુમ ચલે ગએ! પર ક્યા તુમ સદા કે લિયે ચલે ગએ? ક્યા તુમ અપની મા કો રોતા હુઆ છોડ કર જા સકતે હો? ક્યા તુમ અત્યાચારપીડિત મા કો સિસકતે છોડ સ્વર્ગ મેં સુખ કી નિંદ સો સકતે હો? કભી નહીં. તુમ્હેં અપને ઉદ્દેશ સે, અપને દેશ સે સ્વર્ગ અધિક પ્યારા નહીં. તભી તો તુમ કહતે થે કિ હમ ચોલા પરિવર્તન કરને જાતે હૈં. જાઓ વીરો! ચોલા બદલને જાઓ! ઔર શીઘ્ર હી નયા રૂપ ધર કર આઓ. જાતે જાતે અપને કાયર ભાઇયોં કો ભી હંસતે હંસતે મરના સીખાતે જાઓ.

× × × ×

મા કે આદર્શ પુત્રો! ક્યા તુમ્હારી મૃત્યુ સે, તુમ્હારે વિયોગ સે તુમ્હારી જનનિયેં તુમ્હારી માતાએં દુઃખી હૈં? ક્યા સચમુચ ઉનકે નેત્રોં સે આંસુ ટપક રહે હૈં? કદાપિ નહીં. તુમ ઇસ ભ્રમ કો મન મેં લા કર મૃત્યુવિજય સે ગર્વિત હૃદય કો દુઃખી ન કરના. તુમ્હારી માતાઓં ને હી તો તુમ્હેં મરના સીખાયા થા. ઉન્હીંને તો તુમ્હેં બતાયા થા કિ તુમારે જીવન કા લક્ષ્ય ક્યા હૈ, ઔર ઉસને તુમ્હેં કિસ લિયે જન્મ દિયા હૈ. ઉન્હોંને હી તો તુમ્હારે હૃદય મેં દેશપ્રેમ કા બીજ બોયા થા. યદિ વહ તુમ્હેં અપને દૂધ મેં મારણમંત્ર ન પિલાતી, યદિ વહ તુમ્હેં તુમ્હારે જીવન કા લક્ષ્ય, તુમ્હારે જીવન કા ઉદ્દેશ ન બતાતીં ઔર તુમ્હારે હૃદય મેં દેશ-ભક્તિ કા બીજ ન બોતીં તો આજ તુમ મૃત્યુ કો હંસતે હંસતે ગલે ન લગાતે. આજ તુમ અપને ઉદ્દેશ પર બલિદાન ન હોતે. આજ તુમ દેશ કી આંખોં મેં યહ આદર, યહ સન્માન ન પાતે. તુમ્હારી માતાએં તુમ્હારે જૈસે વીર પુત્રોં કો પા કર આજ હી પુત્રવતી કહલાને લાયક હુઇ હૈં. આજ ઉનકા માતૃજીવન સફલ હુઆ, આજ વહ ધન્ય હુઇ. જી ચાહતા હૈ કિ ઉનકી ચરણરજ મસ્તક પર લગા લૂં. ભારત મા કે પાગલ પુત્રો! તુમ મા કે પગ પર બલિ હુએ. મા તુમ જૈસે વીર પુત્રોં પર બલિહારી જા રહી હૈ. દેખો, પ્રેમ કે મારે મા કા હૃદય ગદ્ ગદ્ હો રહા હૈ, આંખોં સે પ્રેમાશ્રુ ટપક રહે હૈં.

× × × × ×

લોગ કહતે હૈં કિ તુમ ઠીક રાસ્તે પર નહીં ચલે. તુમને અદૂરદર્શિતા ઔર જલ્દબાજી સે કામ લિયા. વહ તુમ્હારી કાર્યપ્રણાલી કો દૂષિત કહતે હૈં ઔર ઉસકી આલોચનાએં કરતે હૈં. ભલે હી તુમ્હારી કાર્યપ્રણાલી દૂષિત હો, પર તુમને દિખા દિયા કિ સચ્ચે કર્મવીર કૌન હૈં. તુમને દિખા દિયા કિ આદર્શ પર મરના કિસે કહતે હૈં. આજ તુમને અપને કર્તવ્ય સે યહ પ્રગટ કર દિયા કિ ભારત કી સ્વાધીનતા કેવલ બાતોં સે નહીં મિલેગી. ઉસકે લિયે હજારોં-લાખોં શીસ [illegible] તુમને [illegible] કો અપના "દાહિના હાથ" બના કર દિખા દિયા કિ હિંદુ-મુસ્લીમ ઐક્ય કિસે કહતે હૈં ઔર ઉસકે બિના કોઇ ભી કાર્ય પૂર્ણ નહીં [illegible] કિંતુ યદિ આજ ભી [illegible] 'તૂ તૂ' [illegible] યદિ તુમ્હારે બલિદાન સે ભી [illegible]?

[illegible] હિંદુ-મુસ્લીમ [illegible]!

× × × × ×

આજ ચાહે લાખોં નવયુવક ઇન સ્વતંત્રતા કે મતવાલોં કી તરહ મીર વીર બન જાયં ઔર સ્વાતંત્ર્ય કી વેદી પર અપના સર્વસ્વ હોમ કરને કો કટિબદ્ધ હો જાયં; પર ક્યા ઇન ચાર આદર્શપ્રિય દેશ કે અમૂલ્ય રત્નોં કી ક્ષતિ-પૂર્તિ હો સકતી હૈ? ક્યા માતાઓં કે પ્યારે દુલારે પુત્ર ઉન્હેં ફિર મિલ સકતે હૈં? ક્યા બહનોં કે પ્યારે ભાઇ ઉનસે ફિર રાખી બંધવાયેંગે, ટીકા લગવાયેંગે? ક્યા માતાયેં ઔર બહનેં તુમ્હેં એક બાર-કેવલ એક બાર ફિર જી ભર કર દેખ સકેંગી? મેરે વીર ભાઇઓ! પૂરા સાલ હુઆ જબ લખનઉ કે ન્યાયાલય મેં બંદી કી દશા મેં તુમ્હારે દર્શન કિયે થે. તુમ્હારે સામને જાતે હી આદર સે મસ્તક અપને આપ ઝુકા જાતા થા. ન્યાયાલય મેં પ્રવેશ કરતે સમય તુમ્હારે ગગનભેદી "ભારત માતા કી જય" ઔર "વંદે માતરમ્" કે નારે શત્રુઓં કે હૃદયોં કો બેધા કરતે થે. તુમ્હારા ગર્વ સે મુસકરાના ઔર અપને કટઘરે મેં હંસતે હુએ ઇધર ઉધર ઘૂમના દેખ હૃદય ફૂલા નહીં સમાતા થા. દિલ મેં રહ રહ કર યહ વિચાર આતા થા કિ યદિ યહ વીર સકુશલ કારાગાર સે છૂટ જાયં તો ભવિષ્ય મેં ક્યા નહીં બન સકતે. ઇન જૈસે વીરોં પર હી દેશ કા ભવિષ્ય નિર્ભર હૈ, ઔર યદિ યહ દેશ કે નૌનિહાલ અકાલ હી કુચલ ડાલે ગયે તો દેશ કી ક્યા હાલત હોગી. સોચતી થી, કિ ક્યા ઇન વીરોં કે દર્શનોં સે ફિર ભી નેત્રોં કો સફલ કર સકૂંગી? પર વહ સ્વપ્ન સ્વપ્ન હો ગયે. હૃદય મેં જો આશંકા થી વહ સત્ય હુઇ. અબ તુમ્હારે દર્શન ફિર ન હોંગે; પર ઇસસે તુમ્હારી બહિનેં, તુમ્હારી માતાએં દુઃખિત નહીં હૈં. ઉનકો યહ સંતોષ હૈ કિ તુમ વીરોં કી મૌત મરે, તુમને વીર ગતિ પાઇ ઔર અક્ષય-સ્વર્ગ પ્રાપ્ત કિયા. ફાંસી કે તખ્તે પર ભી મર્દાનગી સે ઝૂલતે ઔર હંસતે દેખ જિનકે શત્રુ ભી મુક્તકંઠ સે પ્રશંસા કરતે હોં, જિનકી વીરતા-આદર્શ વીરતા ઔર અસીમ દેશભક્તિ કે લિયે આજ કૌન ઐસા અભાગા હૈ જો નતમસ્તક ન હો રહા હો, જો મરને કે બાદ સબકો પ્રિય હો ગયે હૈં, ઉન પૂજ્ય વીરોં કી માતાએં ઔર બહનેં હો કર ક્યા વહ દુઃખી હોંગી? ઉન્હોંને તો તુમ્હેં ઉસી દિન કેસરિયા બાગા પહના દિયા થા કિ જિસ દિન તુમ્હેં નૌકરશાહી ને અપના બન્દી બનાયા. ઔર તુમ્હારી ફાંસી કે બાદ ભી તો કહા હૈ કિ "મૈં પુત્ર કી ઇસ મૃત્યુ સે દુઃખી નહીં હૂં. તુમ લોગ સત્ય ન છોડના ઔર સત્ય કે લિયે મર મિટના. મૈં રામ સા હી પુત્ર ચાહતી હૂં." કિન્તુ ભારત મા કો તુમ જૈસે લાલોં કી બહુત જરૂરત હૈ. વહ તુમ જૈસે પાગલ પુત્રોં કા વિયોગ અધિક દેર સહન નહીં કર સકેગી. દેખો! કિતની આતુર હો કર તુમ્હારી પ્રતીક્ષા કર રહી હૈ. વીરો! આઓ, ફિર આઓ! જર્જરિત, વૃદ્ધા મા કો ઢાઢસ બંધાઓ, અપને ભાઈ બહનોં કો દેશ પર મરના સિખાઓ ઔર મા કો બંધનમુક્ત કરાઓ.

("વીરસંદેશ" માસિકમાં લેખિકાઃ-શ્રીમતી વિદ્યાધરી જૌહરી, વિશારદા)

५२-समर्पण वलिवेदीपर अंतिम भावना

माँ! मन्दिर में तेरे आया, तेरा स्नेह लुटाने को।
माँ! गोदी में तेरे आया, अपना दुःख घटाने को॥
हँसते हँसते वलिवेदी पर, अपना शीश कटाने को।
'व्यथित' अभागे दुखियों का, या, तेरा हाथ बंटाने को॥
हर्षित होकर तुम्हें समर्पण, भाव सुमन का "मनहर" हार।
माँ! करता हूँ प्रेमाञ्जलि को, अर्पित लो कर लो स्वीकार॥

("વીરસંદેશ" માસિકમાં લેખકઃ-શ્રી. કૃપારામ મિશ્ર "મનહર")

५३-वीरोचित-सूक्तियां

सुभट-शिरोमणि नहीं उठाते कापुरुषों पर अपना हाथ।
कभी नहीं मृगराज ठानते अपना युद्ध अजा के साथ॥

× × ×

यद्यपि टुकड़े टुकड़े होकर कट जाता है सकल शरीर।
किन्तु नहीं पीछे हटते हैं रण-बांकुरे लड़ाके वीर॥

× × ×

निर्भय निडर डटे रहते हैं करने को सैनिक संग्राम।
आत्म-समर्पण करके करते नहीं कलंकित कुल का नाम॥

× × ×

कोटि कोटि सेना लखिं अरि की शूर न होते हैं भयभीत।
जय पाना अथवा मरजाना ही होती है उनकी नीत॥

("વીરસંદેશ" માસિકમાંથી)

५४-सैनिक-धर्म

मैं हूं सैनिक सुभट समर की रहती है मुझ को नित चाह।
रण-भेरी सुन कर बढ़ता है क्षण क्षण में मेरा उत्साह॥
अस्त्र शस्त्र की झनकारों में आता है मुझ को आनन्द।
पी कर के रिपु-रक्त चाव से निर्भय फिरता हूं सानन्द॥
रहता है सूने शमशानों पर निश दिन मेरा आवास।
हो कर बद्ध खड़ा रहता है कुटिल काल भी मेरे पास॥
वन के भीषण हिंसक पशु सब छिप जाते हैं मुझे विलोक।
मेरी सिंहगर्जना सुन कर दहलाते हैं तीनों लोक॥
भला कहो फिर क्यों भय खाकर छोड़ूँ अपना सैनिक धर्म।
कैसे विमुख युद्ध से हो कर करूं कायरों का सा कर्म॥

("વીરસંદેશ"માં લેખક-શ્રી. દિવ્ય કવિ)

५५–जना जननी ने उसको व्यर्थ

किया जिसने न विजय संसार, छेड़ कर स्वतंत्रता की तान।
अनूठी वीरोचित धज धार, पिया जिसने न मातृ-गुण-गान॥१॥
रहा जो जीवन भर परतंत्र, मिटाकर अतुल आर्य अभिमान।
किया जिसने न स्वदेश स्वतंत्र, शेर शिवराज-प्रताप समान॥२॥
देख कर होते अत्याचार, न ली जिसने कर में करवाल।
रहा जो भेष जनाना धार, जनानों की दिखलाता चाल॥३॥
न फड़काये जिसने निज अङ्ग, हृदय में विपुल वीर व्रतधार।
जमा कर देशप्रेम का रंग, किया जिसने न शक्ति संचार॥४॥
धरा धन धाम स्वजन रक्षार्थ, कभी जो हो पाया न समर्थ।
न निकला जिससे कोई स्वार्थ, जना जननी ने उसको व्यर्थ॥५॥

("વીરસંદેશ" માસિકમાં લેખકઃ-મોહન ક્ષોત્રિય)

५६–भारत को स्वाधीन बनाओ

वीर-वेश से सज कर वीरो, रण प्रांगण में जाओ।
प्रलयंकारी, गर्जन कर के, रिपु को तुम दहलाओ॥
भारत को स्वाधीन बनाओ!
रिपु को तुम दहलाओ अथवा, भारत पर बलि जाओ।
समरांगण से पीठ मोड़ मत, मा का दूध लजाओ॥
भारत को स्वाधीन बनाओ!
मरते हो मर जाओ रण में, वीरादर्श दिखाओ।
अथवा रण-विजयी हो भारतको स्वाधीन बनाओ॥

("વીરસંદેશ" માસિકમાં લેખિકાઃ-શ્રી. વિદ્યાધરી ઝવેરી, વિશારદા

૫૭-हमारा वृक्षों से महान उपकार

જહાં સુંદર નદી, રમ્ય સરોવર, વન, ઉપવન, પ્રાકૃતિક યા સ્વયં આરોપિત કિયે હુએ હોતે હૈં, ઉન ઉન સ્થાનોં પર ઋષિ, મહર્ષિ, દેવતાગણ, મનુષ્ય, પશુ-પક્ષી નિવાસ કરને કે લિયે સ્વયં બડે ઉત્સુક રહતે હૈં; જૈસે વારાહી સંહિતા મેં કહા ભી હૈ:-

सलिलोद्यान युक्तेपु कृतेष्वकृतकेपु च। स्थानेष्वेतेपु सान्निध्यमुपगच्छन्ति देवताः॥

ઇન આશ્રમોં કા પ્રભાવ ઐસા હી હૈ. ઐસે રમણીય સ્થાનોં પર બડે બડે બ્રહ્મર્ષિ ઔર રાજર્ષિ બ્રહ્મવેત્તા નિવાસ કરતે થે. ઉન્હીકી આજ્ઞાનુસાર દેશ કી મર્યાદા બંધતી થી.

यथा ते तत्र वर्तेरन् तथा तत्र वर्तेथा।

જૈસે વે વર્તે ઇસી મર્યાદા અનુસાર સબવર્ણાશ્રમ સ્વધર્માનુસાર વર્તતે થે. ઇસીસે સંસાર કા કલ્યાણ હોતા થા. ઇસી ભાવ કો લક્ષ્ય કર ભગવદ્દભક્તિ આશ્રમ રામપુરા આદિ કી સ્થાપના હુઇ હૈ. ઇસમેં વૃક્ષારોપણપ્રચાર ભી ઉસકા એક અંગ હૈ; પરંતુ માતૃભક્તિ, પિતૃભક્તિ, ગુરુભક્તિ, ભગવદ્દભક્તિ, પ્રેમભકિત, રાજભકિત ભી ઇસકે અંગ હૈં. ઇન હી વિચારોં કે પ્રકટ કરને કે લિયે 'ભકિત' કા ભાવ પ્રાદુર્ભૂત હુઆ હૈ. વૃક્ષોં કે સંબંધ મેં શ્રીમદ્દભાગવત મહાપુરાણ કો વર્ણન કરતે હુએ પરમ યોગી શુકદેવજી કહતે હૈં:—

अहो एषां वरं जन्म सर्व प्राण्युपजीवनम्। सुजनस्येव येषां वै विमुखा यान्ति नार्थिनः॥
यत्र पुष्पफलच्छाया मूलवल्कल दारुभिः। गन्ध निर्यास भस्मास्थि तान्वै कामात् वितन्वते।
एतावज्जन्म साफल्यं देहिनामिह देहिपु। प्राणैरर्थैर्धिया वाचा श्रेय एवाचरेत्सदा॥ ३॥

અહો! ઇનિકા જન્મ અત્યંત શ્રેષ્ઠ હૈ, ક્યોંકિ યહી તો સર્વ પ્રાણીયોં કે જીવનસ્વરૂપ હૈં. જૈસે સજ્જન પુરુષોં કે આશ્રમોં પર જાને સે વે યાચક કી મનોકામના પૂરી કર દેતે હૈં, ઇસી ભાંતિ યે વૃક્ષ ભી પત્ર, પુષ્પ, ફલ, છાયા, મૂલ, વલ્કલ, કાષ્ઠ, સુગંધી અંત મેં ભસ્માદિ બન કર ભી હમારી મનોકામના પૂર્ણ કરતે હૈં. ઐસે હી પરમાર્થિયોં કા સફલ જન્મ હૈ જો અપને તન, મન, ધન, પ્રાણ-સર્વસ્વ કો સર્વકે લિયે અર્પણ કર દેતે હૈં. ઇનકા નામ તરુ ભી હૈં.

'तारयतीति तरुः'

જો કોઈ ઉત્તમ ઉત્તમ બડ, પીપલ, નિમ્બાદિ વૃક્ષ આરોપણ કરતે હૈં, વે લોગ ઇનકે પુણ્ય કે પ્રતાપ સે સંસારસાગર સે તર જાતે હૈં. ઈસીલિયે ઈનિકો તરુ કહતે હૈં. ધર્મશાસ્ત્ર મેં કહા હૈ—

इष्टा पूर्तं च कर्तव्यं ब्राह्मणे नैव यत्नतः। इष्टेन लभते स्वर्गं पूर्ते मोक्षोऽभिधीयते॥

ઇષ્ટ યજ્ઞાદિ સે સ્વર્ગસુખ મિલતા હૈ; વાપિ, કૂપ, તડાગ, દેવસ્થાન, વૃક્ષારોપણ આદિ સત્કર્મોં સે મનુષ્ય કો મોક્ષ પ્રાપ્ત હોતા હૈ. ઈસી કારણ ઇન ૨૦ લક્ષ યોનિ ઉદ્દભિજ્જ સૃષ્ટિ કે ઉપકાર કે મૂલકારણોં કો મહર્ષિ જાન કર યહ ઉપદેશ કર ગયે હૈં કિ:-

वृक्षारोपणं सर्वैरवश्यमेव करणीयम्। वटो मोक्षप्रदायकः।

અર્થાત્ વૃક્ષ, વનસ્પતિ આદિ કા લગાના ભી પ્રત્યેક માનવ કા પરમ કર્તવ્ય હૈ.

એક બડ કો લગાને સે હી મોક્ષપ્રાપ્તિ કા ફલ પ્રાપ્ત હો જાતા હૈ. ઐસા સહસ્ત્રોં વર્ષ કા સદાવર્ત અનંત અક્ષય મહાપુણ્ય કા ફલ દેનેવાલા બન જાતા હૈ ઔર નિજ શાખાઓં કે દ્વારા, પરોપકારદ્વારા, નમ્રતા કી સીખ સબકો સિખાતા હૈ.

મનોવિજ્ઞાન કે જ્ઞાતાઓં કા કથન હૈ કિ સમીપવર્તી વસ્તુઓં કા મનુષ્ય કે મન પર બડા ગહરા પ્રભાવ પડતા હૈ. યહ બાત પ્રસિદ્ધ હૈ કિ મનુષ્ય જૈસે સંગ મેં બૈઠતા હૈ, વૈસા હી ઉનકા સ્વભાવ ભી બન જાતા હૈ; પરંતુ સાધારણ મનુષ્ય ઇસ બાત કી ઓર ધ્યાન નહીં દેતે, કિ સત્સંગ કે અતિરિક્ત સ્થાનીય પ્રભાવ સે ભી મનુષ્ય વંચિત નહીં હૈ. સ્થાનીય પ્રભાવ કી ઓર

પૂર્ણતયા ધ્યાન ન દેને કે કારણ વહ ઉત્તમ સ્થાનોં સે પૂર્ણતયા લાભ નહીં ઉઠાતે. સ્થાનોં કો સુંદર બનાના બહુત કુછ મનુષ્ય કે અપને હી હાથ મેં હૈ. સુંદર વૃક્ષોં કે લગને સે સ્થાનોં કી શોભા અધિક હો જાતી હૈ, નિકટવર્તી વાયુ શુદ્ધ હો જાતી હૈ, ઐસે સ્થાનોં પર મનુષ્ય કે ચિત્ત કી વૃત્તિયેં સુગમતા સે એકાગ્ર હો સકતી હૈં. અતએવ પરીક્ષા કે દિનોં મેં જબ છાત્રોં કો અધિક પરિશ્રમ કરના પડતા હૈ તો વહ બાગોં મેં જા કર વૃક્ષોં કે નીચે અપના પાઠ અધ્યયન કિયા કરતે હૈં. યદિ ઉન વિદ્યાર્થિયોં સે પૂછો તો વહ યહી કારણ બતાયેંગે કિ બાગોં મેં ધ્યાન અચ્છે પ્રકાર સે જમતા હૈ, ભગવદ્‌ભક્તિ કે લિયે ભી ચિત્ત કા એકાગ્ર હોના પરમાવશ્યક હૈ; અતએવ પ્રાચીન સમય મેં ઋષિમુનિ નિજ આશ્રમોં મેં બહુત વૃક્ષ લગાતે થે. બડે બડે નગરોં મેં જહાં વૃક્ષાભાવ હોતા હૈ, વહાં કી વાયુ ભ્રષ્ટ હો જાતી હૈ, જિસસે નગરનિવાસી જનોં કે સ્વાસ્થ્ય મેં બડી હાનિ પહુંચતી હૈ, વૃક્ષાભાવ સે પ્રાકૃતિક સૌંદર્ય ભી નષ્ટ હો જાતા હૈ. ઇસી કારણ મનુષ્યોં કે મન અશાંત રહતે હૈં, બડે બડે નગરનિવાસી ધનાઢ્ય સર્વ સુખસામગ્રી હોને પર ભી દુર્બલ ઔર અશાંતચિત્ત રહતે હૈં. ઇનકે અતિરિક્ત ગ્રામવાસી બલવાન ઔર શાંત સ્વભાવ કે હોતે હૈં.

મનુષ્ય સ્વભાવ સે હી સૌંદર્ય કે ઉપાસક હૈં. સુંદર વસ્તુઓં કો દેખકર ઉનકા ચિત્ત પ્રસન્ન હો જાતા હૈ, જિસ પ્રકાર શારીરિક ક્ષુધા-પિપાસા કી તૃપ્તિ કે લિયે અન્ન-જલ ઔર વાયુ કી આવશ્યકતા રહતી હૈ. ઉસી પ્રકાર સુંદર વસ્તુઓં કો દેખને સે તથા મધુર રાગોં કે શ્રવણ કરને સે હી માનસિક ક્ષુધા કી તૃપ્તિ હોતી હૈ. વર્તમાન સમય મેં વૃક્ષોં કે કટ જાને સે પ્રાકૃતિક સૌંદર્ય નષ્ટ હો જાતા હૈ, સુંદર પુષ્પોં સે પ્રફુલ્લિત હરેભરે વૃક્ષોં કો ન દેખ કર તથા ઉન પર વિશ્રામ કરનેવાલે નાના ચંચલ પક્ષિયોં કે મધુર રાગોં કો ન સુનકર વહ અપની માનસિક ક્ષુધા તૃપ્ત નહીં કર સકતે, અતએવ વહ અન્ય કુમાર્ગોં કે ઉપાસક બન જાતે હૈં યહી કારણ હૈ કિ ભારતવર્ષ કે રમણીય ગ્રામોં કે અતિરિક્ત પશ્ચિમી દેશોં કે મહાન નગરોં મેં જહાં જનસંખ્યા અધિક હોતી હૈ ઔર વૃક્ષાદિ કમ, મનુષ્ય અધિક કુમાર્ગગામી હોતે હૈં.

યદિ હમ મહાન નગરોં સે ઇન ત્રુટિયોં કો દૂર કરના ચાહેં તો હમેં વહાં પર વૃક્ષોં કે બડે બડે ઉપવન છોડ દેને ઉચિત હૈં, જહાં મનુષ્ય દિનભર પરિશ્રમ સે થક કર ઘડી દો ઘડી ઈશ્વરોપાસના કર સકે.

બહુધા લોગ કહા કરતે હૈં કિ હમારા ભજન-પૂજન મેં નહીં મન લગતા; ઇસકા એક કારણ યહ ભી હૈ કિ વૃક્ષાભાવ કે કારણ વાયુ પવિત્ર નહીં હોતી.

અશુદ્ધ વાયુ કે શ્વાસ-પ્રશ્વાસ સે રક્ત વિષયુક્ત હો કર ચિત્ત કો અશાંત કર દેતા હૈ. ઇસી પ્રકાર રક્ત મેં વિકૃતિ હોને સે બહુત પ્રકાર કે શારીરિક તથા માનસિક રોગ ઉત્પન્ન હો જાતે હૈં, જિનમેં મનુષ્ય કી આયુ ન્યૂન હો જાતી હૈ.

વર્તમાન સમય કે વિખ્યાત કવિવર શ્રીયુત રવીન્દ્રનાથ ઠાકુર અપની 'સાધન' નામી પુસ્તક મેં લિખતે હૈં કિ ભારતવર્ષ કી પ્રાચીન સભ્યતા તથા યૂરોપ કી અર્વાચીન સભ્યતા મેં બડા ભારી અંતર યહી હૈ કિ ભારતીય પ્રાચીન સભ્યતા વૃક્ષોં કી છાયા મેં બનોં કે અંદર પલી થી ઔર યૂરોપ કી વર્તમાન સભ્યતા યૂનાન કે બડે બડે નગરોં મેં પૈદા હુઈ હૈ. યહી [illegible] નગરોં કી ચાર દિવારી મેં રહને [illegible] રહા.

નગરોં મેં બહુધા મનુષ્યોં કી હી કૃતિ દૃષ્ટિગત હોતી હૈ, ગ્રામોં કી ન્યાઇ ઈશ્વરીય શક્તિ કે ચિહ્ન નહીં દીખતે. ઇસી કારણ નગરોં કે અંદર બડે બડે મહલોં મેં નિવાસ કરનેવાલોં કે અતિરિક્ત વૃક્ષોં કે નીચે ગ્રામનિવાસી અધિક સંતોષી તથા ઈશ્વર પર વિશ્વાસ રખનેવાલે હોતે થે. મનુષ્ય ઘર, પત્થર, ચૂને આદિ કે મકાન નિજ ઇચ્છાનુસાર બના સકતે હૈં; પરંતુ વૃક્ષોં કા ઉગના ઔર બઢના બહુધા પ્રાકૃતિક નિયમોં કે આધીન હોતા હૈ. વૃક્ષોં કે સમીપ રહને સે પ્રાકૃતિક નિયમોં કા મૂલ તત્વ મનુષ્ય સહજ મેં જાન સકતે હૈં.

સચ તો યહ હૈ કિ હમે સુંદર વૃક્ષોં સે અધિક ઈશ્વરીય રચના કા ઔર કોઈ ચિહ્ન નહીં હૈ.

વૃક્ષ, મનુષ્ય કે લિયે પૃથ્વી, વાયુ, સૂર્ય, ચંદ્રમા ઔર તારાગણોં સે શક્તિ ખેંચ કર ફલોં કે સ્વરૂપ મેં પરિવર્તિત કર દેતે હૈં. અચ્છે ફલ મનુષ્યોં કે લિયે બહુત હી પુષ્ટિકારક તથા લાભદાયક હોતે હૈં. સાત્વિક ફલોં કે આહાર સે શારીરિક રોગ દૂર હો જાતે હૈં ઔર બુદ્ધિ શુદ્ધ હો જાતી હૈ. અતએવ ઋષિમુનિ અધિકતયા ફલોં પર હી જીવન વ્યતીત કરતે થે. અબ લોગોં કો વૃક્ષ લગાને કા પ્રેમ નહીં રહા હૈ; ઇસી કારણ ફલ બહુત મહંગે મિલતે હૈં. ફલ મહંગે હોને સે લોગોં કો બનાવટી રાજસી પદાર્થ અધિક ખાને પડતે હૈં. અતએવ ઉન્હેં શારીરિક રોગ ભી હો જાતે હૈં ઔર કામ-ક્રોધ આદિ ઉત્પન્ન હો કર ચિત્ત મેં ભી વિકાર ઉત્પન્ન હો જાતે હૈં.

સુંદર પુષ્પોં કે દેખને સે મનુષ્યોં કે હૃદય મેં શુદ્ધ ભાવ ઉત્પન્ન હો જાતે હૈં. અતએવ સમસ્ત સંસાર કે કાર્ય વૃક્ષોં કી મહિમા કા ગુણગાન કિયા કરતે હૈં. સુગંધિત વાયુ સે વસંત ઋતુ મેં મનુષ્યોં કે અંદર એક પ્રકાર કી મસ્તીસી આ જાતી હૈ. યહ શરીર તથા મન કે લિયે બહુત લાભદાયક હોતી હૈ. વર્તમાન સમય મેં વૃક્ષ તથા પુષ્પોં કે કમ હો જાને સે શુદ્ધ સુગંધિત હવા નહીં મિલતી; કિંતુ પ્રાકૃતિક નિયમાનુસાર મનુષ્ય કા મન ઉસી મસ્તી કો ખોજતા હૈ, ઇસ હી અભાવ કે કારણ મનુષ્ય મદ્ય-ચરસાદિ વિષયુક્ત નશીલી વસ્તુયેં પી કર અપના સ્વાસ્થ્ય તથા આયુ નષ્ટ કર દેતે હૈં. યદિ સુંદર પુષ્પોં કે વૃક્ષ પર્યાપ્ત હોં તો ઇસ કૃત્રિમ નશે કી આવશ્યકતા હી ન પડે, અતએવ ગ્રામોં કે અતિરિક્ત મહાન નગરોં મેં જહાં વૃક્ષાદિ પર્યાપ્ત નહીં હોતે મનુષ્ય નશીલી વસ્તુઓં કા અધિક ઉપયોગ કરતે હૈં.

ભારતવર્ષ કે વિખ્યાત વૈજ્ઞાનિક આચાર્ય શ્રીયુત જગદીશચંદ્ર બોઝ કા કથન હૈ કિ "મુઝે વૃક્ષોં કી વિદ્યા પઢને, તથા ઉનકે વિષય મેં સોચને અથવા ઉન્હે દેખને હી સે ઇસ વિષય કા જ્ઞાન હુઆ કિ મૈં જીવન કે અનંત સાગર મેં રહતા હૂં." અર્થાત્ ઉન્હેં જીવન કે વાસ્તવિક આધાર પરબ્રહ્મ પરમાત્મા કા ચમત્કાર વૃક્ષોં કે હી અવલોકન સે હુઆ.

("ભક્તિ" માસિકમાં લેખકઃ-શ્રી. પં૦ રઘુનાથ સ્વામી નરેલા)

૫૮-ગર્ભાવસ્થામાંજ વધારે ઉત્તમ અને આબાદ શિક્ષણ આપી શકાય છે.

ગર્ભાવસ્થામાં બાળક અને માતાને જેટલો ગાઢો સંબંધ હોય છે, તેટલો સંસારની બીજી કોઇ પણ બે વસ્તુઓમાં હોતો નથી. માતાના પેટમાં બાળક નવ માસ ગાળે છે અને આ સમયમાં તે એક અતિસૂક્ષ્મ પદાર્થમાંથી જીવતો જાગતો જીવ બની જાય છે. ગર્ભાવસ્થામાં માતા અને બાળકની વચ્ચે એક અતિ કોમળ નળીદ્વારા માતાના શ્વાસ સાથે શ્વાસ અને ભોજનની સાથે ભોજન તેને મળે છે. આવી સ્થિતિમાં એ તો સ્વાભાવિક છે કે, માતા અને ગર્ભમાંના બાળકની સાથે એવો ગાઢો સંબંધ રહેવાનો કે માતાનું શારીરિક, માનસિક, સામાજિક, નૈતિક અને ભૌતિક સ્વરૂપ જેવું હશે, તેવુંજ ગર્ભમાંના બાળકમાં આપોઆપ ઉતરશે. આ લેખમાં હું આ પ્રશ્નને ઐતિહાસિક

ઐતહિાનસ્ણાણે. અને ડૉક્ટરોના અનુભવને આધારે સાબિત કરી આપવાનો પ્રયત્ન કરીશ. ચક્રવ્યૂહમાં દાખલ થવાની યુક્તિ કહી સંભળાવી હતી. ન્અતિ..અરસામાંજ તેની માતાને અર્જુને ઉપર આ વિવરણનો એટલો બધો પ્રભાવ પડયો હતો કે, તેને ચક્રવ્યૂહમાં દાખલ થવાની યુક્તિ જન્મ્યા પછી પણ યાદ રહી; અને જ્યારે મહાભારતનું ભીષણ યુદ્ધ થયું ત્યારે અભિમન્યુ ગર્ભાવસ્થામાં જાણેલી વિદ્યાનો ઉપયોગ કરીને એ વિકટ કોઠાયુદ્ધમાં દાખલ થયો, કે જેમાં દાખલ થવાનું જ્ઞાન અર્જુનસિવાય બીજા કોઈપણ યોદ્ધાને ન હતું; અને આથી તેમનામાંથી કોઇ પણ કોઠાયુદ્ધમાં પ્રવેશ કરી શકતું નહિ. વિદુષી મદાલસાએ પણ પોતાના બાળકને હાલરડાંદ્વારા સંસ્કાર આપીને વીર અને બ્રહ્મજ્ઞાની બનાવ્યો હતો.

રાક્ષસોના રાજા હિરણ્યકશ્યપનો પુત્ર પ્રહ્લાદ આટલો મહાન ઈશ્વરભક્ત એટલાજ કારણે

નીવડ્યો હતો કે તે તેની માતાના પેટમાં હતો તે વખતે ન્યાયવિષે તેની જાગૃતિ ...... ઉપદેશ આપ્યો હતો. આ બાળ તેના હાથમાં મૂકેલો ..... વાત ..... કે ..... પ્રભુભાવ પણ તે બાળે .... તેને ...... માંસભક્ષણને પણ તિરસ્કાર અને ..... હતો. .... લેખો, ત્યારે તેને ફેરવવાના તેણે ખૂબ પ્રયત્નો કર્યાં, ... તેનામાં .... હતા કે .... પણ તેને ઈશ્વરભક્તિના માર્ગથી ચલિત કરી શક્યાં નહિ.

નેપોલિયન ગર્ભમાં હતો ત્યારે તેની માતા કેટલાયે .... તેના પતિ ...... સૈન્યમાં રહી હતી. તે હંમેશ ઘોડા ઉપર સવાર .... હતી અને પોતે યુદ્ધસંબંધી વાતચીતમાં અદ્ભુત રસ લેતી હતી. ગર્ભમાંના નેપોલિયન ઉપર આ વાતોનો બહુ પ્રભાવ પડ્યો. બાલ્યાવસ્થામાંજ તેનામાં .... લક્ષણો દેખાતાં હતાં. તેને યુદ્ધ પ્રિય હતું. તે યુદ્ધ અને વિજયવિષેજ વાતો કર્યા કરતો હતો. યુવાવસ્થા પ્રાપ્ત થતાં તેણે પોતાની વીરતા અને યુદ્ધકળાની નિપુણતાના એવા ચમત્કારો દેખાડ્યા કે સમસ્ત યુરોપ તેનાથી આશ્ચર્યચકિત થઈ ગયું.

સ્કૉટલૅંડના પ્રસિદ્ધ કવિ રોબર્ટ બર્ન્સવિષે કહેવાય છે કે, તેની માતાને અનેક કાવ્યો યાદ હતાં અને તેનો તેને એટલો બધો શોખ હતો કે તે પોતાનું ઘરકામ કરતી કરતી પણ તેનું ગાયન કરતી હતી.

પ્રસિદ્ધ ચિત્રકાર રફેલમેનની માતા ગર્ભાવસ્થામાં કલાકોના કલાકો સારાં સારાં ચિત્રો જોવામાં ગાળતી હતી, અને ચિત્રકળાના પારંગતોનાં સુંદરતમ ચિત્રોને પોતાના હૃદયમાં અંકિત કરવાનો પ્રયત્ન કરતી હતી. તેનું પરિણામ એ આવ્યું કે, તેનો બાળક એ કળામાં ઘણોજ હોશિયાર નીવડ્યો.

વૈજ્ઞાનિક દષ્ટાંતો—પ્રોફેસર એલમર ગેટસે યુનાઈટેડ સ્ટેટ્સની રાજધાની વૉશિંગ્ટનની પોતાની વિજ્ઞાનશાળામાં કેટલાક ઘણા સરસ પ્રયોગો કર્યા. તેણે જુદે જુદે વખતે અનેક માણસોને પોતાનો શ્વાસ અરીસા ઉપર ફેંકવાનું કહ્યું. દરેક વખતે શ્વાસની દશામાં અનેક જે પદાર્થો કાચ અરીસા ઉપર જામતા હતા, તેની પરીક્ષા કરતાં તેને જ્ઞાન થયું કે, આ પદાર્થ મનુષ્યની માનસિક પ્રકૃતિ અનુસાર બદલાતા રહે છે. ક્રોધ, ઈર્ષ્યા, દુઃખ, શોક, પીડા ઇત્યાદિ અનેક માનસિક સ્થિતિઓ પોતપોતાનો પ્રભાવ શ્વાસ ઉપર પાડે છે અને એવી અનેક સ્થિતિઓમાં શ્વાસની પરીક્ષા કરીએ તો શ્વાસનાં મૂળકારણોમાં ફેર જણાશે. આ રીતે પ્રોફેસર ગેટસે સાબિત કર્યું કે, શ્વાસની પરીક્ષાથી મનુષ્યની માનસિક સ્થિતિનું બરાબર જ્ઞાન થાય છે, જેમકે ટેલીફોનદ્વારા દૂરના માણસની વાતચીત બરાબર સંભળાય છે. શ્વાસ ઉપર આખા શરીરનો આધાર છે, શ્વાસના જેવુંજ આપણું આખું શરીર હશે. જ્યારે માતાના શ્વાસ ઉપર બાળકના શ્વાસનો આધાર છે, તો એ પણ યોગ્યજ છે કે, જેવી માતાની પ્રકૃતિ તેવીજ બાળકની.

અનુભવીઓનું કહેવું છે કે, પ્રત્યેક રોગ અને પ્રત્યેક માનસિક સ્થિતિમાં ખાસ પ્રકારની ગંધ હોય છે અને તેથીજ પ્રત્યેક માણસમાં એક ખાસ પ્રકારની ગંધ હોય છે. મંદિર, પાઠશાળા, પાગલખાનું અને જેલ, એ બધી જગાએ ત્યાંના રહેનારાઓની માનસિકસ્થિતિ અનુસારનું એક વિશિષ્ટ વાતાવરણ હોય છે. આજ કારણથી કોઇ સ્થાન આપણને શાંત લાગે છે અને કોઈ ભયાનક લાગે છે. .... સિવાય રહેજ નહિ. જો માનસિક સ્થિતિ, શ્વાસ અને શરીર ઉપર પણ બીજા માણસોને સમજાઇ જાય એવી અસર કરી શકે છે તો એ ઉપરથી સહેજે અનુમાન કરી શકાય કે જે બાળક માતાના શરીરમાં નવ માસ સુધી રહે છે અને તેના શ્વાસ સાથે શ્વાસ લે છે, તેના ઉપર માતાની માનસિક સ્થિતિનો કેટલો બધો પ્રભાવ પડતો હશે.

ડૉક્ટરોનો અનુભવ—મિસ્ટર સી. જે. મેયરે પોતાના "માતૃ-ભાવના" નામના મહત્ત્વપૂર્ણ પુસ્તકમાં લખ્યું છે કે, બહુ નાની ઉંમરની એક સ્ત્રી ગર્ભવતી થઈ ગઇ. આજુબાજુની છોકરીઓ

તેને ચીડવવા તેના તરફ આંગળી ચીંધીને કહેતી કે "શું તારે માટે આ શરમની વાત નથી?" આ સાંભળીને તે બિચારી ઘરમાં જઇને ખૂબ રડયા કરતી હતી. તેનો બાળક ૭ વર્ષનો થયો ત્યારે મિસ્ટર બેયરે જોયું કે તે છોકરા તરફ કોઈ આંગળી કરે તો તે તરતજ રડવા લાગતો હતો.

બીજી એક સ્ત્રીને વિષે મિસ્ટર બેયર કહે છે કે, તે ગર્ભવતી હતી તેવામાં તેના માસિક પગારમાં કંઇક ઘટાડો થવાથી તેનામાં એ ટેવ પડી ગઈ કે તે પોતાના પતિ અને અન્ય નિકટના સંબંધીઓને ત્યાંથી કંઇ ને કંઈ ચીજ ચોરી લાવતી હતી. તેના બાળકમાં પણ એજ આદત દેખાતી હતી કે, તે બીજાઓની ચીજો નહોતો ચોરતો, પણ નજીકનાં સગાંઓની ઘણી ચીજો ઉઠાવી જતો હતો. તેણે પોતાની માતાની સોનાની સાંકળી, બહેનની ઘડિયાળ અને પિતાની વિંટી ચોરી હતી!

એજ મહોદય કહે છે કે, તેમણે એક ત્રણ વર્ષના બાળકને બહુ બુદ્ધિમાન જોઇને તેની માતાને તેનું કારણ પૂછ્યું. તેની માતા એક શાળામાં અધ્યાપિકા હતી. તેણે કહ્યું કે, મેં શાળામાં ઘણાંયે એવાં બાળકો જોયાં છે કે જે કશુંજ સમજતાં હોતાં નથી; તેથી હું મારી પ્રસૂતિ અવસ્થામાં પણ મારો બાળક બહુ બુદ્ધિમાન થાય એ વિષે ખાસ ધ્યાન રાખતી હતી.

સંસારના ઇતિહાસમાં ગ્યુટો નામે એક ભયંકર ખુની થઇ ગયો છે. તેણે ૧૮૮૧માં પ્રેસિડંટ ગાર્ફિલ્ડને મારી નાખ્યો હતો. તેની માતા કહે છે કે, તેને બહુ જલદી જલદી બાળક થતાં હતાં અને ગરીબાઇને લીધે તેને ગર્ભાવસ્થામાં પણ વધારે મહેનતમજુરી કરવી પડતી હતી, તેથી તેને ઘણુંજ દુઃખ થતું હતું અને તે ગર્ભવતી થતા પહેલાં બહુ ડરતી હતી, તેથી જ્યારે ગ્યુટોનો ગર્ભ રહ્યો હતો ત્યારે તેણે ગર્ભપાત કરાવવાનો વિચાર કર્યો. ઘણેભાગે તે ગર્ભપાતની યુક્તિઓ અને પરિણામો વિચારતી. ત્યારપછી તેણે અનેક દવાઓ ખાધી; છતાં પણ ઇશ્વરેચ્છાએ ગર્ભપાત થયો નહિ. ગ્યુટોના જન્મ પહેલાં તેના માથામાં સણકા અને ચક્કર આવતાં હતાં. એ બધાનું પરિણામ એ આવ્યું કે, તેના છોકરાની પણ મોટો થતાં એજ સ્થિતિ થઇ.

ડૉક્ટર સ્ટૉલને એક માતાએ કહ્યું કે, ગર્ભવતી અવસ્થામાં તેને પોતાના સંબંધીઓથી અલગ રહેવું પડ્યું અને તેથી તે એકલી એકલી પુસ્તકો વાંચીને પોતાનો વખત ગાળતી હતી. તેની છોકરીમાં પણ એજ વૃત્તિ દેખાઇ. તે છોકરી રમકડાંને બદલે પુસ્તકો પસંદ કરતી હતી અને કલાકોના કલાકો સુધી પુસ્તક હાથમાં રાખીને રાજી રાજી થતી હતી.

એક બાળક એવું જન્મ્યું કે તેના એક હાથનો કોણીથી પંજા સુધીનો ભાગ જાણે કોઇ ડૉક્ટરે કાપી નાખ્યો ન હોય. તેની માતાને અનેક પ્રશ્નો પૂછતાં જણાયું કે, ગર્ભાવસ્થા વખતે ઘણે ભાગે તેનો દિયર ઘરમાં રહેતો હતો અને તેનો હાથ આ પ્રમાણે કાપેલો હતો.

મિસ્ટર બેયરનો એ પણ અભિપ્રાય છે કે, ગર્ભાવસ્થા વખતે માતા પોતાનાં બાળક વીર, બુદ્ધિમાન, ઉત્સાહી અને ગુણવાન થાય એવું વિચાર્યા કરે તો તે ભાવનાનું પરિણામ બાળક ઉપર જરૂર થવાનું. તેઓ એમ પણ કહે છે કે, જો માતાને અંધારામાં ડર લાગતો હોય-અને તે વિચાર્યા કરે કે તેનું બાળક નિડર થાય, તો બાળક જરૂર માતા કરતાં ઓછું ડરપોક થશે. આનો સારાંશ એ છે કે, માતાઓ જો આ બાબત ઉપર ધ્યાન આપે કે પોતાના અવગુણો બાળકમાં ન ઉતરે, તો તેનો પ્રભાવ બાળક ઉપર ખરેખજ પડશે.

ડૉક્ટરોનો એ પણ અનુભવ છે કે, ગર્ભાવસ્થામાં જો માતાને કોઇ ખાસ ચીજની ઇચ્છા થાય અને તે પૂર્ણ ન થાય તો, બાળકમાં તેની [illegible] ઘણી એવી બાબતો પણ જોવા આવે છે કે, જન્મ્યા પછી બાળક ઘણી વાર સુધી રડ્યા કરતું હતું, પણ જ્યારે તેને તેની માતાએ ગર્ભાવસ્થામાં ઇચ્છેલી ચીજ જરા પણ આપવામાં આવી, ત્યારે તે તરતજ ચૂપ થઇ ગયું.

ગર્ભાવસ્થામાં એક સ્ત્રીને માંસની ઇચ્છા થઇ. અને તેને તે ખાવાની તરતજ ઇચ્છા થઇ; પણ તેના ધર્મ પ્રમાણે માંસ ખાવું એ યોગ્ય ન હતું, તેથી તેણે માંસ ખાધું નહિ. જ્યારે બાળક જન્મ્યું, ત્યારે તે બરાબર ધાવતું નહિ. દાક્તરે માતાને કહ્યું કે, આ બાળકને કોઇ પણ ચીજની

ઇચ્છા છે. માએ જરા મુંઝાઇને કહ્યું કે "કશાની પણ ઇચ્છા હશે તો તે માંસની હશે." આ સાંભળીને તેના પિતાએ થોડું માંસ બાળકને ચૂસવા આપ્યું. તે ચૂસીને બાળક શાંત થયો અને દૂધ પીવા લાગ્યો. મોટો થતાં તેનાથી માંસ ખાધા સિવાય નજ રહેવાયું; જો કે તેના ધર્મમાં તેની મના કરેલી હતી અને ઘરમાં કદી પણ કોઇએ તે ખાધું ન હતું.

બીજા એક કુટુંબની વાત છે. તે કુટુંબમાં કોઇએ દારૂનું નામ પણ કદી લીધું ન હતું; પણ ગર્ભવતી માતાને એકાએક દારૂ પીવાની ઇચ્છા થઇ. પિતાએ વિચાર્યું કે, દવાતરીકે એકાદ વાર દારૂ આપવામાં કંઇ હરકત નથી. બસ, એક વારજ પીવાથી તેની દારૂની તૃષ્ણા છીપાઇ ગઇ અને બાળક સારી રીતે જન્મ્યું.

કેટલાંય બાળકોની રીતભાત, તંદુરસ્તી અને ગુણ-અવગુણનું નિરીક્ષણ કરીને એ વિષયના જાણકારો એ નિર્ણય ઉપર આવ્યા છે કે, ગર્ભાવસ્થામાં માતાની જેવી સ્થિતિ હોય છે, તેવાજ સંસ્કાર બાળકમાં ઉતરે છે. જો તે સમયમાં રૂપિયાની છૂટ રહેતી હોય છે તો બાળક ઉદાર અથવા તો બહુ ખર્ચાળ થાય છે. જો પૈસાની તાણ રહી હોય તો બાળક કરકસરીઓ અથવા તો કંજુસ થાય છે, એજ રીતે માતાપિતાના અન્ય ગુણ-અવગુણનું પ્રતિબિંબ એક કેમેરાની પેઠે બાળકમાં ઉતરી આવે છે. ઘણેભાગે મોટા બાળક કરતાં નાનાં છોકરાં વધારે બુદ્ધિમાન અને બળવાન હોય છે; કેમકે ઉંમરલાયક થવાથી માતાપિતા પણ પહેલાં કરતાં વધારે સમજણવાળાં અને શક્તિવાળાં થાય છે. મોટા બાળક વખતે લગ્નને થોડો સમય થયો હોવાથી માતા પોતાના પતિની ખૂબ સંભાળ રાખતી હોય છે, તેથી મોટા બાળકમાં પતિના ગુણ વિશેષ પ્રમાણમાં હોય છે.

ગર્ભાવસ્થાનો પ્રભાવ એવી સૂક્ષ્મ અને અદ્ભુત રીતે બાળક ઉપર પડે છે કે પછી ઘણાયે પૈસા ખર્ચવાથી પણ તે ગુણ-અવગુણોની અસરોને ફેરવી શકાતી નથી. અગર જો તેમાં ફેરફાર કરી શકાય તેમ હોય તો તે માતા પોતાના વિચારો સુધારે અને સારી બાબતોનું મનન કરે, તોજ થઇ શકે તેમ છે. આવા સહેજ પરિશ્રમથી માતાઓ પોતાના પ્રિય પુત્ર, કુટુંબ, જાતિ અને દેશને ઉન્નતિને માર્ગે લઈ જઇ શકે તેમ છે. આથી જે માતાઓ પોતાના બાળકના થોડાસરખા સુખને ખાતર અથવા તેને સહેજ પણ તકલીફ ન પડે તે ખાતર જીવનપર્યંત મહાનમાં મહાન ત્યાગ કરવાને સદા તૈયાર રહે છે અને પોતાના બાળકના થોડા આનંદને ખાતર પોતાનું ખાવુંપીવું, સુખદુઃખ બધુંયે ભૂલી જાય છે. તેઓ શું એટલું નહિ કરી શકે કે, માત્ર નવ માસ સુધી પોતાના આચાર-વિચાર શુદ્ધ અને ઉચ્ચ પ્રકારના રાખવાની કાળજી રાખે?

ડૉક્ટર રીપો સેવિસે ચેરિટી નામના પુસ્તકમાં લખ્યું છે કે, જો માતાપિતા ઇચ્છતાં હોય કે, તેમનું ભાવિ બાળક કોઇ ખાસ વેપાર, ધંધો, કારીગરી વગેરેમાં વિશેષ જ્ઞાન મેળવે તો તેમણે ગર્ભાવસ્થામાંજ એવી ભાવનાઓ સેવવી જોઇએ કે, બાળક માતાના પેટમાં હોય ત્યારેજ તેના મગજમાં એ જાતના સંસ્કાર પડે. એ બાબતોના વિશેષ જ્ઞાનના અંકુરો માતાના પેટમાંજ જામે કે જેથી બાળક મોટું થતા તે તાજાં અને સારી જાતનાં ફળફૂલ આપનારા વૃક્ષ જેવું થાય.

માતાપિતાઓએ એ ખાસ જાણવું જોઇએ કે, બાળક મોટું થયેથી તેને સુધારવું, તે કરતાં તેને જન્મતાં પહેલાંજ સન્માર્ગે વાળી દેવું, એ અનેકગણું લાભદાયક છે. જે દાનવીર માતપિતાઓ મહામહેનતે મેળવેલું ધન બાળકોના શિક્ષણમાં ખર્ચે છે, તેઓ ધન્યવાદને પાત્ર છે; પણ તેમના કરતાં તો જેઓ પોતાનાં તન-મન બાળકના પાલનપોષણમાં સારી પેઠે ખર્ચે છે, તેઓ વિશેષ ધન્યવાદને પાત્ર છે; અને એ કરતાં પણ સર્વોત્કૃષ્ટ કાર્ય તો તેઓજ કરે છે કે જેઓ કોડી પણ ખર્ચ્યાવિના ગર્ભાવસ્થાના નવ માસમાં એવી ભાવનાઓનાં બીજ વાવે છે, કે જે મોટું થતાં બાળકને નિઃસંશય ઉચ્ચ માર્ગે લઇ જાય છે.

('માધુરી' વર્ષ ૧, ખંડ ૧, સંખ્યા ૪ માંના શ્રીમતી ચાવડેવીજીના લેખનો અનુવાદ)

૫૯–ગામડાંનાં દુઃખદાયક દૃશ્યો

લોકગીતનો હ્રાસ

"પ્રેમશૌર્યનાં ગાન ગઢવી ત્યાં ગાતા નથી; વીરભક્તિનાં પાન પાતા દેખાતા નથી." "ગ્રામ્ય ગૌરવ"
'માડી! ગયા ગીત ગીતાના ઘોષ, રાસા ચિત્ત ચીરતા રે લોલ.' "વિહારી."
'ભજન તણા લલકાર થયા હવે ત્યાં દોહ્યલા, વાર્તા પણ પલવાર સુણે સુણાવે કોય ના.' "ગ્રામ્ય ગૌરવ"
'સાધુય કે ભક્ત કે સંત કોઇ, નથી નાથનાં ગીત ગાતો જણાતો.' "ગ્રામ્ય ગૌરવ."
'વગાડતાં વીરહાક દુહા સવૈયા સોરઠા, સોરઠ રાગણી રાગ વૃત્તને દેશવટો દીધો.' "વિહારી"
'ક્યાં છે ધણ? એ ક્યાં છે બાલગોવાળ રે, ક્યાં છે વાંસલડી એ, વનવન વિંધતી?' "ન્હાનાલાલ"

આપણાં જરી પુરાણાં લોકગીત–આપણો અમૂલો વારસો છે. એ આપણાં પૂર્વજોનાં ડહાપણ-નો ભંડાર છે. તેમાં આપણી પુરાણી ભાવનાનું પ્રતિબિંબ ઠીક પડ્યું છે. તે આપણો પ્રાચીન ઇતિહાસ છે. એના વડે આપણા પૂર્વજોના સ્થૂળસૂક્ષ્મ દેહ ઘડાયા હતા. એ ટાણે કંઇ આપણે ત્યાં નકલી નિશાળોનાં ભાડુતી ઓઠાં નહોતાં. એ ટાણે તો સદાચરણીઓનાં શૌર્યભીનાં ઓઠાંમાં લોકગીતો વાટે પ્રજાના ઢાળ પાડવામાં આવતા. બીમાંથી વૃક્ષ અને ફૂલમાંથી ફળ ન્યાયે પ્રજા સહેજે પાંગરતી. પ્રત્યેક વ્યક્તિ, ગામડું, રાષ્ટ્ર કે પ્રજા પોતપોતાના વ્યક્તિત્વથી નિરાળી જણાતી; છતાં એ લોકગીતોદ્વારા એ સૌ એકમેક સાથે ફૂલગુંથણીરૂપે સંકળાઇને એક અખંડ પ્રજાશરીર ઘડાતું. જે પ્રચારકાર્ય આજકાલ 'વિજળી' અને 'વાયરલેસ'ના યુગમાં 'પ્રેસ' કે 'પ્લેટફોર્મ' નથી કરી શકતું, તે પ્રચારકામ તે ટાણે લોકગીતો આબાદ રીતે વગરપ્રયાસે સાવ સ્વાભાવિક રીતે ઘડીની છઠ્ઠી પળમાં રાવણમથ્થાવાળો એક રખડતો ભિખારી કે વાદી ઠાર ઠાર જગવી મૂકતો કેઃ—

બાલુભા ભૂજનો રાજા!
છેતરીને રે છેલને ન્હોતા મારવા, છેતરીને રે માથલડાં ન્હોતાં વાઢવાં.

* * * *

નવાણુંમાં થીરિયા પાણી, છપ્પનિયા કાળની વાણી.

* * * *

આઘેરે દેશથી લેલીડા ઉતર્યા, પોરબંદર મેલાણ કીધો રે,
રાણાનો ગઢડો લેલીડે લીધો, કોરી ને દોકડાનો ભાવ ન પૂછ્યો.
રૂપિયાનો આડર દીધો રે, રાણાનો ગઢડો લેલીડે લીધો.

હૃદયને હલમલાવી દે એવાં સ્નેહભીનાં હાલરડાં ગાઇને માતાઓ બાળકોને ગળથુથીમાંથીજ વીરત્વનું પાન કરાવતી, ઓછી ઓછી થઇ જતી બ્હેનોનાં ગીતોથી ભાઇનું હૈયું ગજગજ ઉંચું થઇ જતું. ડોસીમાની હરખદોરી જોતજોતામાં બાળને ઉછેરીને મોટું કરતી. આ પ્રસાદીનો લ્હાવો લેનાર બાળકને 'ડોંગરેનું બાલામૃત' કે 'બાલજીવન' રૂપી ડ્રગ–દારૂનાં ડોલચાં-હાંસવાં નહોતાં પડતાં. હણાઇ ગયેલા ગ્રામ્ય જીવનનો ચિતાર આપતાં પોપટભાઈ યથાર્થ કહે છે કેઃ—

ઘર જીવન મંગલ દીવડા, ઉજમાળ આશ કુટુંબની,
શુભ પારણે ઘરડાં તણી, ભલી હરખદોરી હીંચતી;
અતિ મધુર હાલરડાં ગવાતાં, જીવનશક્તિ પૂરતાં,
વ્હાલપભરી સેરો ઝીલી, સહુ બાળજીવન ઝૂલતાં.

એ શુભ પારણાં હવે તો દેવામાં ડૂલ થઇ ગયાં છે, ઘરડેરાંની એ હરખદોરી પણ હવે સાસુ-વહુની લડાઇમાં તૂટી ગઈ છે; કેમકે

'દલપત ડુંગરો ઇ તો અમારો સસરો જો, ગંગાજીનાં નીર સાસુજી નિરમળાં રે.'

એને બદલે અત્યારે ઠાર ઠાર સાસુસસરાના "કેરકાંટા" વહુઆરૂને લાગી રહ્યા છે. અન્ન-માટે વલખાં મારતાં બાલુડાંને ઘેર રવડતાં મૂકીને પેટ માટે મીલમજુરી કરવા જનારી માતાઓ

બાપડી હવે મધુર હાલરડાં ક્યાંથી ગાઈ શકે ? પોતાના માથા ઉપર ટાંગેલી ફાટેલ તૂટેલ બાળોતિયાંની ખોયમાં ૭ વાસાના બાળકને સુવાડીને અનેક માતાઓ જ્યાં ચીકમ–પાવડા લઈને ખોદકામ કરી રહી છે ત્યાં એ વ્હાલભરી સેરો શેં છૂટે? આવી જ્યાં સ્થિતિ છે, ત્યાં ગમ્મત સાથે જ્ઞાન અને તંદુરસ્તી મેળવવા માટે સ્ત્રીઓને રાસડા લેવાનો અવકાશજ ક્યાંથી સંભવે? થાકી પાકીને લોથ થઇ જતી માતાઓ રાત્રે બાળકોને પોતાની ગોદમાં લઇને વાર્તાઓ ક્યાંથી કરે ? અગાઉ તો:—

મોટે મળસ્કે દળણું દળવા, બે જણી મંડી નહીં;
મૂઠી ભરી ભરી ઓરતી, ગીતડાં મીઠાં લલકારતી.

× × ×

ગોરસ ભરી ગોળી ધમકતી, છાશ ધમધમતી હતી.

× × ×

ધીમા ઝીણા મધુરધ્વનિથી રેંટીઓ ગાજતો'તો, નારીકેરા મધુર ગીતનો સૂર સાથે પૂરાતો. ગાતી ગીતો મનભર સુખે હાસ્ય આખું ભરાતું, સુવાસેથી રસમય બની ઝુંપડીમાં છલાતું.

× × ×

ઉલ્લાસવાળી અતિ ચાંદનીમાં, ગીતો મધુરાં નરનારી ગાતાં;
કો બાળનો સાથ રમે રૂપાળો, વાર્તાવિષે વૃદ્ધ નિમગ્ન ભાવે.

× × ×

ચોરો વિસામો સહુને હતો ત્યાં, ભેળો થતો'તો નિત ડાયરો ત્યાં;
વાતો મઝાની ગઢવી કહેતા, રાત્રે હમેશાં ભજનો ગવાતાં.

હવે તો પ્રભાતમાંહે દેવદેરે મધુર ઘંટા પણ દુર્લભ થઈ પડી છે. પ્રભાતિયાંની ધૂનને બદલે દાતા દસૂંબે કે મ્હાના રમકડે ઘર ધાર્યું છે. ઘંટી–ગોળીના નાદ ભાગ્યેજ ક્યાંક ક્યાંક સંભળાય છે અને તેયે બપોર દિ ચઢયે. રાવણુમધ્યાવાળા વાદીઓ મરી ખૂટયા છે. દૂહા–સોરઠા લલકારનારા ગોપજનો અત્યારે અગોચર થયા છે. ગઢવીઓ અને ભાટચારણો પોતાનો ખરો ધર્મ ભૂલ્યા છે, અને તેથી તેઓ ભૂંડે હાલે જ્યાં ત્યાં ભટકી મરે છે. ખેડુતોની હીંચોમાં અગાઉનો એ ઉલ્લાસ ક્યાં છે ? અત્યારે તો તેઓ મરવાની આળસે અંધપરંપરાન્યાયે ખિન્ન હૃદયે બરાડે છે કેઃ—

વ્હાલું લાગે છે મને વ્રજમાં વસવું ગોકુળીએ નથી જાવું રે—

× × × × ×

હરિ વેણુ વાય છે રે હો વનમાં, તેનો લહે લાગ્યો અમારા તનમાં—

× × × × ×

ઢાંગ ઉપર મણિધરની માફક લડતાં લડતાં હવે કયો ગોવાળીઓ દુહા લલકારે છે ? લીમડાની ડાળે ડોલતો ડોલતો હવે કયો ભરવાડ રાગડા તાણીને મસ્ત બની જાય છે ! ગોપજનોની વનવન વિંધતી વાંસલડી હવે ક્યાં ગઇ ? 'ભાઇની મોરેલ બેનડી, ભોજાઇની રંગેલ ચુંદડી' જેવાં હૃદયની આરપાર જઇ ભેદી નાખે તેવાં કરુણાજનક પણ બોધક ગીતો હવે કયી માડી ગાય છે ? અગાઉ તો:—

પાતળીઓ વ્હેળો સજીવન, ખળખળ વ્હેતો હતો,
કાંઠે ઘટા ઝુકી રહી નિત, પંખીનો મેળો થતો.
ત્યાં પાય પાણી એક દુહા, સોરઠા લલકારતા,
દીધુડ કીધુડ દાસ કેરા, ગીત નાદ ઘના હતા.

× × × × ×

વડલા તારી વરાળ; પાને પાને પરજળી; ક્યાં જંપાવું ઝાળ, ભડકા લાગે ભાણુના.

× × × × ×

અમે પરદેશી પાન, વાવટોળે આવીયાં; દીધાં અમને માન, પાદરથાં પાછાં વળ્યાં.

× × × × ×

બોઇને વ્હોરીયે જાન, લાજગાંય લોપે નહિ; પડે પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિ.

("શારદા" માસિકમા લેખકઃ–રા. ચંદુલાલ બહેચરલાલ પરેખ બી. એ.)

૬૦–બાળવિધવાઓની દયાજનક દશા

કુદરતની લીલા અપરંપાર છે. તે કોઇ વાર સૂર્યનાં પ્રખર કિરણોથી પૃથ્વીના જીવોને ગભરાવી મૂકે છે, તો કોઈ વાર એટલી બધી ઠંડી પાડે છે કે જીવોનાં શરીર ધ્રૂજી ઉઠે છે. તે કોઈ વાર ગગનચુંબી ઇમારતોને ભાંગી નાખીને પૃથ્વીદેવીને અર્પણ કરે છે તો કોઇ વાર મરુભૂમિમાં મોટા મોટા મહેલો અથવા રાજમંદિરોનાં દર્શન કરાવે છે. તે કોઇ વાર રાજાને રંક બનાવી દઇને પોતાની અકળતાનું દર્શન કરાવે છે તો કોઇ વાર રંકને રાજા બનાવીને પોતાની દયાળુતાનો પરિચય આપતાં સંકોચ રાખતી નથી. તે કોઇ વાર રાવણ, હિરણ્યકશ્યપ તથા તેમના જેવા નરપિશાચ રાજાઓને ઉત્પન્ન કરીને પોતાને માથે કલંક વહોરી લે છે, તો કોઇ વાર શ્રીરામ અને યુધિષ્ઠિર જેવા ધર્મનિષ્ઠ તથા પ્રજાપ્રિય રાજાઓનાં રાજ્યસુખનો અનુભવ આપવાની દયા દર્શાવે છે.

ભારતવર્ષના હિંદુસમાજ ઉપર કુદરતનો ભારે કોપ થયેલો દેખાઈ આવે છે. તેની સ્થિતિમાં પરિવર્તન કરી દઇને પોતાની અકળતાનો પરિચય તેણે આપી દીધો છે. જે હિંદુસમાજ અનેક ગુણ સમૂહોની ખાણ કહેવાતો હતો, જેમાં શોધવા છતાંય દુર્ગુણ દેખાતો નહિ, જેની વિદેશી યાત્રીઓએ મુક્તકંઠે પ્રશંસા કરીને પોતાનું નિષ્પક્ષપાતીપણું તથા સદ્‌ભાવ દર્શાવી આપ્યો છે, તેજ સમાજમાં આજે ભયંકર જેવી વિનાશક કુપ્રથાઓ ઘર કરી રહી છે. એ સમાજમાં એવાં એવાં બનાવો બને છે, અને હરરોજ થયા કરે છે કે તેનાં અનિષ્ટ પરિણામોનો વિચાર કરતાં કોઈ પણ વિચારશીલ તથા બુદ્ધિવાન માણસ કંપી ઉઠ્યા સિવાય રહી શકેજ નહિ. હિંદુસમાજમાં આ બાળલગ્નરૂપી વિનાશક રોગ એટલો બધો ફેલાયેલો છે કે સમસ્ત સંસારના કોઇ પણ સમાજમાં તેનો એટલો ફેલાવો નથી. નીચેના આંકડાઓ ઉપર નજર ફેરવવાથી હિંદુસમાજના આ વિનાશક રોગનો ખ્યાલ સહેજે આવી શકશે.

(માત્ર સનાતન ધર્મનાં વિવાહિત બાળક-બાલિકાઓની સંખ્યા ઇ. સ. ૧૯૨૧ ની ગણત્રી મુજબ આપેલી છે.)

ઉમર	બાળકોની સંખ્યા	ઉમર	બાલિકાઓની સંખ્યા
૦ થી ૫ વર્ષ	૯૨ હજાર	૦ થી ૫ વર્ષ	૧ લાખ ૮૪ હજાર
૫ થી ૧૦ ,,	૨ લાખ ૬૨ હજાર	૫ થી ૧૦ ,,	૧૭ ,, ૧૫ ,,
૧૦ થી ૧૫ ,,	૫૯ ,, ૭૭ ,,	૧૦ થી ૧૫ ,,	૪૯ ,, ૪૭ ,,
૧૫ થી ૨૦ ,,	૩૬ ,, ૩૫ ,,	૧૫ થી ૨૦ ,,	૬૬ ,, ૫૮ ,,

કેટલું હૃદયવિદારક દૃશ્ય છે! પાંચ વર્ષથી પણ ઓછી ઉમરનાં ૯૨ હજાર બાળકો અને ૧ લાખ ૮૪ હજાર બાલિકાઓ પરણેલાં છે! એક વર્ષથી ઓછી ઉમરનાં પણ એક હજાર બાળક-બાલિકાઓ પરણેલાં છે. હવે જરા ધ્યાનપૂર્વક વિચાર કરવો જોઇએ કે, જે સમાજમાં આટલી નાની ઉમરનાં બાળકો અને બાલિકાઓનાં લગ્ન થાય છે, તે સમાજને રસાતાળ જતાં શી [illegible]

[illegible]

અનુભવ પ્રત્યેક વિચારશીલ તથા જ્ઞાનવાન વ્યક્તિને જરૂર થશે. કેમકે વર્તમાન સમયમાં એવા બનાવો પ્રત્યેક ગામમાં બન્યા કરતા હોય છે. વર્તમાન સમયમાં ભારતવર્ષનું કોઇ પણ ગામ એવું નહિ હોય કે જે આ લગ્ના બાળલગ્નરૂપી રોગથી પીડાયેલું ન હોય. કહેવાની જરૂર નથી કે, આથી કરીને બાળક-બાલિકાઓ નાની ઉંમરમાંજ વિષયવાસનામાં ડૂબી જાય છે અને તેમનું શક્તિ જીવન નષ્ટભ્રષ્ટ થઇ જાય છે. નાની ઉંમરને લીધે તેમને કર્તવ્યાકર્તવ્યનું ભાન રહેતું નથી અને તેઓ બળ, બુદ્ધિ, વિદ્યા તથા દીર્ઘાયુષ્યથી હાથ ધોઇ બેસે છે.

બાળલગ્નોનું સૌથી ભયંકર પરિણામ એ આવ્યું છે કે, આ દેશમાં બાળવિધવાઓનું પ્રમાણ વધતુંજ જાય છે. બાળવિધવાઓની વૃદ્ધિથી દેશમાં વ્યભિચાર વિશેષ ફેલાય છે અને તેથી હિંદુ-સમાજના પ્રાણસ્વરૂપ 'સદાચાર'નો નાશ થાય છે. આખા દેશમાં હજારો એવી બાળવિધવાઓ છે કે જેઓ અત્યંત શોચનીય દશામાં દિવસ ગાળી રહી છે. આખા દેશમાં (સમસ્ત હિંદુસમાજમાં) બાળવિધવાઓની સંખ્યા જોતાં [illegible] દુઃખી થયા વિના રહી શકાય તેમ નથી. નીચેના આંકડાઓ ઉપરથી સમજાશે કે હિંદુસમાજમાં (આખા દેશમાં) કેટલી બાળવિધવાઓ છે:—

હિંદુસમાજની બાળવિધવાઓ

ઉંમર		બાળવિધવાઓની સંખ્યા
૦—૧	વર્ષ	૫૯૭
૧—૨	,,	૪૯૪
૨—૩	,,	૧,૨૫૭
૩—૪	,,	૨,૮૩૭
૪—૫	,,	૬,૭૦૭
૦—૫	,,	૧૧,૮૯૨
૫—૧૦	,,	૮૫,૦૩૭
૧૦—૧૫	,,	૨,૩૨,૧૪૭
૧૫—૨૦	,,	૩૯૬,૧૭૨
૦—૨૦	,,	૭૨૫,૨૪૮

[illegible]

[illegible]

[illegible]

ઉન્નતિથી સંસારને ચકિત કરી રહી છે અને હિંદુસમાજ તો દિનપ્રતિદિન નીચેજ પડતો જાય છે. હવે જાગ્રત થવાનો સમય આવી પહોંચ્યો છે; નહિ તો પછી પાછળથી હાથ ઘસતા પસ્તાવું પડશે. સંસાર પરિવર્તનશીલ છે. સંસારની પ્રત્યેક જાતિએ આવશ્યકતા જણાતાં પોતાનામાં ફેરફાર કર્યા છે. જાપાન વગેરે દેશો એજ પ્રમાણે વર્તીને ઉન્નતિને શિખરે પહોંચ્યા છે. હિંદુસમાજે પણ એ પ્રમાણે કરવાની જરૂર છે. હું માનું છું કે, એમ કરતાં અનેક મુશ્કેલીઓ આવશે, પણ તે મુશ્કેલીઓની કંઇપણ પરવા કર્યાસિવાય આગળ વધવું જોઇએ.

જગન્નિયંતા આપણને જરૂર સહાય કરશે. તથાસ્તુ.

('વિશ્વમિત્ર'ના એક અંકમાંના શ્રી કાર્તિકનાથ ઝા'મંઝીલ'ના લેખનો સ્વતંત્રાનુવાદ)

૬૧–સ્ત્રીરોગના ઉપાય

આમળાં ૬૪ તોલા, લોહભસ્મ ૩૨ તોલા, જેઠીમધનું ચૂર્ણ ૧૬ તોલા, એ બધાંને બરાબર મિશ્ર કરીને ગળોના રસની સાત ભાવના દઈ તેમાંથી ૨ થી ૪ વાલના પ્રમાણમાં ખાવાથી અતિઆર્તવ (લોહીવા) મટે છે.

ઇંદ્રજવ, અતિવિષ, સુંઠ, પીંપર, મરી, બીલી, મોથ અને ધાવડીનાં ફૂલ સરખેભાગે લઈ ચૂર્ણ કરી તેમાંથી ૧ તોલો ચૂર્ણ દરરોજ સવારમાં સ્ત્રીને ખવરાવવાથી અતિઆર્તવ રોગ મટે છે.

પાણી સાથે કેતકી(કેવડા)નું મૂળ ઘસીને તેમાં સાકર નાખીને પીવાથી સ્ત્રીઓનો લોહીવા જલદીથી નાશ પામે છે.

આંબાની છાલ, જાંબુની છાલ અને અર્જુનવૃક્ષની છાલ સરખે ભાગે લઈ તેનું ચૂર્ણ કરી તેનું રીતસર હીમ તૈયાર કરી તેમાંથી ૧ તોલા મધ સાથે પીવાથી અતિઆર્તવ-લોહીવા મટે છે.

રસવંતી ૧ થી ૨ વાલના પ્રમાણમાં પાણીમાં વાટી સાકર સાથે મેળવી પીવાથી અતિઆર્તવ મટે છે.

આમળાની મીંજે ચાર તોલા લઇને સાકર સાથે ખાવાથી લોહીવા મટે છે.

આમળાની છાલ ૪ રૂપીઆભાર, બેઢાંની છાલ ૨ રૂપીઆભાર અને હરડેની છાલ એક રૂપીઆભાર લઈ ત્રણેને મેળવી ચૂર્ણ કરવું. તે ચૂર્ણનું હીમ બનાવી તેની ગર્ભાશયમાં પીચકારી મારવાથી અત્યાર્તવમાં ફાયદો થાય છે.

ફટકડી, ગેલીક એસીડ અને મોચરસનું ચૂર્ણ કરીને પાતળા કપડામાં ઘાલી તેની પોટકી કરીને સ્ત્રીએ ગુહ્ય ભાગમાં રાખવાથી અતિઆર્તવ મટે છે.

રસવંતી, ઇંદ્રજવ, અતિવિષની કળી, કડાછાલ, ધાવડીનાં ફૂલ અને સુંઠ, એ સર્વને સરખે ભાગે લઈ ચૂર્ણ કરી તેમાંથી ૦। થી ૦॥ તોલો ખાવાથી અતિઆર્તવમાં ફાયદો થાય છે.

નાગરમોથ, ઇંદ્રજવ, સુંઠ, ધાવડીનાં ફૂલ, રેટું, લોદર, વાળો, બીલું, મોચરસ, કાળીપાટ, કડાછાલ, આંબાની ગોટલી, અતિવિષની કળી અને રીસામણી સરખેભાગે લઇ તેનું ચૂર્ણ કરી તેમાંથી બેઆની ભાર કે પાવલીભાર લેવાથી પ્રદર, વીર્યસ્રાવ અને અત્યાર્તવ મટી જાય છે.

લોહભસ્મ ૧ રતી, ઘી તથા સાકરમાં સવારસાંજ લેવાથી સારો ફાયદો થાય છે.

("ભાગ્યોદય"ના એક અંકમાંથી)



६२–काठीआवाडनी जूनी संस्कृति

ચોરાનું માહાત્મ્ય

જે સમયે જે વસ્તુ ઉત્તમ હોય, તેની ઉપયોગિતા પણ ઘણી હોય. જ્યારે ઉપયોગિતા ઓછી થાય, સમય બદલાય, ત્યારે ઉત્તમ ગણાતી વસ્તુની કિંમત જતી રહે છે; એટલુંજ નહિ પણ તે નામ અજાણ્યામણું થઇ જાય છે.

કાઠીઆવાડનાં દરેક ગામડાંની મધ્યમાં રહેલો ચોરો (ટાઉનહૉલ) એક વખત ઉત્તમ મનાતો હતો. તેનું મહત્ત્વ એટલું બધું હતું કે તેનાં અવશેષચિન્હો ગામડાંમાં હજી ભૂંસાઇ ગયાં નથી. એક વખતનો મહત્તાવાળો ચોરો અત્યારે સુસ્તાલયમાં ફેરવાઇ ગયો છે. ચોરો કેટલો ઉપયોગી હતો તે જોઇએ.

ગામનું ન્યાયમંદિર

અત્યારના જેવી અદાલતો પ્રથમના સમયમાં હતી નહિ, તેમ ન્યાયાધીશોને માટે ડીગ્રી મેળવવાની જરૂર નહોતી. ગામમાં કોઇ વચ્ચે તકરાર હોય, કોઇએ કાંઇ ગુન્હો કર્યો હોય તે બધાનો ઇન્સાફ ચોરે થતો, વૃદ્ધજનો ચોરે બેસતા, વાંધા–તકરારવાળા ચોરે ફરિયાદ કરવા આવતા. વૃદ્ધો દરેક બુદ્ધિના અને દરેકના ગુણદોષોને પોતાના અનુભવમાં ઉતારેલા હોવાથી ઇન્સાફ કરવામાં સરલતા થતી. ફરિયાદ કરનાર કે બચાવ કરનારને વકીલ–બેરિસ્ટરની જરૂર પડતી નહિ. કોઇની ફરિયાદ આવી એટલે દરેક કોમના મુખ્ય મુખ્યને એકઠા કરી બંને તરફની હકીકત સાંભળતા અને પછી ન્યાય કરતા. આ ન્યાય પાળવા કોઇ આનાકાની કરે તો તેનો બહિષ્કાર કરતા. ન્યાય કરવા માટે પરમેશ્વરને હાજર ગણતા અને પંચ ત્યાં પરમેશ્વર માનતા તેથી

ચોરામાં દેવમંદિર

ની સ્થાપના કરતા. અત્યારે પણ જ્યાં ચોરો હશે ત્યાં ઠાકોરજીનું મંદિર પણ સાથેજ જોવામાં આવે છે. તે એટલા માટે રાખતા કે, ન્યાય તોળનાર, ફરિયાદી, સામાવાળો કે સાક્ષી જે બોલે તે સત્ય અને ઠાકોરજી સમક્ષ બોલે તેથી સત્ય હકીકત બહાર આવે અને ન્યાય કરવાવાળા પણ પક્ષપાતરહિત ઠાકોરજી સમક્ષ સાચો ન્યાય આપે.

ગામનો ધણી

ચોરાને ગામના ધણી કરતાં પણ વધારે માન અપાતું. બીજાં મકાનો કરતાં, ચોરાના મકાનની મર્યાદા વધારે ગણાતી. ચોરા પાસે કોઇ ઘોડે ચડીને ન નીકળે, ચોરા પાસે ઓવર્ણ પગરખાં ન પહેરે, ચોરે બેઠેલાનું કોઇ અપમાન ન કરે; એટલુંજ નહિ પણ પોતાની કોઈ વાત ચોરે અયોગ્ય તે કરતાં તો મરવું સારૂં તેવી દઢ માન્યતા હતી. ચોરેથી થયેલો હુકમ–નિર્ણય બધાને માન્ય રહે તો કોઇ તેની સામે થતું નહિ. ગામધણી ગામમાં હોય કે બીજે ગામે હોય પણ તે, ચોરાને માન આપતો. ચોરાની અંદર ખાટલે ચડીને સુવાનો ગામધણીનેજ હક હતો–હજી પણ ઘણા ગામે ધણી પણ ખાટલે ન સુવે–બીજા કોઇ ચોરામાં ખાટલો નાખીને બેસે પણ નહિ. જુવાનો વગેરે ચોરે બેસે નહિ અને કદાચ જાય તો ઘણીજ મર્યાદા રાખે. બીડી, હોકો ચોરે ન પીવે, એક બાજુ બેસે, બનતા સુધી મૌન રહે અને બોલે તોપણ મર્યાદામાં. વળી દેશી પરદેશીને માટે

મુસાફરખાનું

જુદું હતું નહિ. ગમે તે દેશનો આવી ચોરે ઉતરે, તેને ગામનો કોટવાળ પાગરણ લાવી આપે, વાહન હોય તો ઘાસચારો લાવી આપે. ઠાકોરજીનો પૂજારી પોતાને ઘેરથી અગર બીજે સ્થળેથી ખાવાનું લાવી આપે. સાધુ, બાવા વગેરેના ધામા પણ ચોરામાજ પડતા હોય, બીજા બ્રાહ્મણ-વર્ગના ચોરે આવીનેજ ઉતરે. આવી રીતે ગમે તેને આશ્રય આપનાર ગામડાનો ચોરો હતો અને છે.

સંરક્ષાલય

ગામનું રક્ષણ કરવામાં ચોરાનો મોટો હિસ્સો હતો. વૃદ્ધો ચોરામાં બેસતા. તેની પાસેના ઝાડ કે કોઇ ઉંચી જગ્યાએ માટીડો બેસતો. ધાડાવાળ–ધાડ–આવે તેમ માટીડાને શંકા જાય તો

ચોર ધ્વજ ઉંચો કરતો એટલે સીમમાં કામ કરનાર ખેડુતો કે બીજા જે બહાર હોય તે બધા ચોરે એકઠા થાય અને સંઘબળથી રક્ષણ કરે.

વ્યાયામશાળા

ચોરાનો વ્યાયામશાળા સાથે સંબંધ હતો. ચોરાની આગળના ચોકમાં અંગબળવર્ધક રમતો થતી, કોઈ પોતાની તરવારથી અવનવા પ્રયોગો કરતો, કોઇ નિશાન પાડતો, કોઇ ભાલો કેમ ફેંકવો, તેનાથી કેમ બચાવ કરવો વગેરે કરતા.

ઉપદેશાલય

ચોરે બેસનારને ડાયરો કહેવાય છે. આ નામ ડાહ્યા મનુષ્યનો સમૂહ એટલે 'ડાયરો' તેવો તેનો અર્થ છે. કથા-વાર્તા ચોરે થાય, દેશ-પરદેશની વાત ચોરે સંભળાય, સાધુ-સંતો ચોરે ઉતરી જ્ઞાનોપદેશ કરે; સારી શિખામણ, જ્ઞાન, ગામનું નિયમન વગેરે બધું ચોરેજ થાય.

આ લઘુ લેખમાં ચોરાનું સંપૂર્ણ માહાત્મ્ય વર્ણવી શકાય નહિ, પણ અત્યારે સુરતાલયના નામથી તિરસ્કૃત થયેલો ચોરો કેટલો ઉપયોગી હતો, તેની ઝાંખી કરવાનોજ ઉદ્દેશ છે. સુજ્ઞ વાચકો સ્થાલિપુલાકન્યાયે સમજી જશે એટલી વિજ્ઞપ્તિ.

("ક્ષત્રિય"ના એક અંકમાં લેખકઃ-શ્રી. ધીરસિંહ વ્હેરાભાઇ ગોહિલ)

६३-भगवान श्रीकृष्णना निंदको

આજથી બે વર્ષ પૂર્વે કલકત્તાના મારા બે મારવાડી મિત્રો મારી સાથે ટોળ કરીને બોલેલા કે "તમે આર્યસમાજીઓ ભગવાન કૃષ્ણને માનતા નથી, તમે નાસ્તિક છો. અમારા વૈષ્ણવોના ભક્તિમાર્ગનો રસ જો તમે જરા ચાખો તો તમને સમજણ પડે કે, તમારી સંધ્યા કેટલી બધી નીરસ છે. ભક્તિમાર્ગના આશ્રયવિના કંઇ ભગવાનમાં ચિત્ત ચોંટે ખરૂં?"

આ સાંભળતાં મેં કહ્યું કે "ભાઇ! ભગવાનની ભક્તિ કરવામાં રસિકતાની જરૂર પડે છે ખરી?"

"ના, ના, અમે તો એમ કહેવા માગીએ છીએ કે, તમારાથી નિરાકાર ભગવાનનું ધ્યાન સહ થઇ શકેજ નહિ. અમારો ભગવાન પ્રસાદ લે, હિંડોળામાં હિંચકા ખાય, ઘરેણાં પહેરે અને જ્યારે અમારા મંદિરમાં ભાગવતમાંથી કૃષ્ણ અને ગોપીઓની લીલાવિષેની કથા થાય, ત્યારે તો ખરેખર અમે ગદગદ થઇ જઇએ છીએ."

આમ કહેતાં કહેતાં તો મારા મિત્ર મૂછ ખીલવા લાગ્યા, પણ મેં તેમને અધવચ અટકાવી કહ્યું કે 'ભક્તિ અને ધ્યાનના પ્રદેશમાં પંચ કર્મેન્દ્રિયોનું કામ નથી; કારણ કે યોગસૂત્રમાં લખ્યું છે કે "ધ્યાન અને સમાધિની સાધના કરતાં આપણી ઇંદ્રિયો નિર્વિષય થઇ જાય છે.'"

"હોય, ભાઇ! પણ અમને તો એવી ભક્તિમાં મઝા પડે છે, જો અમારા ગોવિંદ ભુવનમાં કોઇ વાર આવો." "ત્યાં શું છે ભાઇ?" મેં પૂછ્યું. "ત્યાં આવો ત્યારે સમજાય." જવાબ મળ્યો.

આ મિત્ર સાથે સાંજે હું ગોવિંદ ભુવનમાં પહોંચી ગયો. મોટા આલીશાન મકાનમાં [illegible] ત્યાં દેખાયાં. એક મોટી વ્યાસપીઠપર બેસી એક મારવાડી ભાઇ કથા કહેતા હતા. કથામાં 'માખણચોર'નું રસમય વર્ણન સાંભળીને શ્રોતાઓ "વાહ વાહ"ના ધ્વનિ કરી રહ્યા હતા. આ સ્થાનનું નામ ગોવિંદ ભુવન એટલે અહીં કૃષ્ણચરિત્ર સિવાય શું હોય છે? ભક્તોમાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા વિશેષ હતી. કથાકાર બોલતાં [illegible] વ્યાસપીઠપર બિરાજેલા મહાનુભાવના [illegible] ઘણો મશહૂર બની ગયો હતો. લોકો કહે કે "[illegible]"

[illegible] કલકત્તામાં [illegible]

ગોવિંદ ભુવનથી પાછા ફરતાં મારા મિત્રે કહ્યું કે " જોયો ભક્તિરસનો આ અખલિત પ્રવાહ !" મારાથી ન રહેવાયું. મેં કહ્યું કે " માફ કરજો, આ કુંભારદરમાયાનું ભક્તિ કોઈ દિવસ તમારે પાછે કલંકની કાલિમા લગાડયા વિના રહેનાર નથી. અમે આર્યસમાજીઓ તો યોગીરાજ કૃષ્ણના ભક્તો છીએ. તમારા કૃષ્ણમાં તો ફક્ત તમે શૃંગારિકતા અને વિલાસપ્રિયતા જુઓ છો. જેમ નાટક-સિનેમામાં લોકો ભેગા થાય છે, તેમ મંદિરમાં તમે મૂર્તિઓની આજુબાજુ નાટકી વાતાવરણ ઉભું કરો છો; મારેજ લોકો આકર્ષાય છે. ભગવાન અને ભક્તિ એ વિષે તેઓ કંઈ સમજી શકતા હોય એમ હું કહી શકતો નથી."

" જવા દો, જવા દો; તમે આર્યસમાજીઓ તો જેની તેની નિંદાજ કરો છો." આમ વાત પતની મૂકાઈ; પણ કલકત્તાના ગોવિંદ ભુવનના પાછળથી જે સમાચારો મળ્યા તે દરેક સત્યશ્રી હિંદુએ વાંચવા જેવા છે.

કલકત્તામાં જયદયાળ અને હીરાલાલ બન્ને વ્યાપારીઓ છે. તેઓ જેમ તેમ કરી વ્યાપારથી પોતાનું ગુજરાન ચલાવે છે. તેઓ કંઈ બહુ ભણેલા નથી; પણ તેમને ગીતા વાંચવાનો શોખ છે. એક દિવસે દુકાન ઉપર તેમણે બીજા ભાઈઓને કથા સંભળાવી. તેમની શૈલી બહુજ મનોરંજક હોવાથી હીરાલાલ કથાકારતરીકે વખણાવા લાગ્યા. ઘણા લોકો કહેવા લાગ્યા કે, અભણ જ્યારે આવી સરસ કથા કરે, ત્યારે તો જરૂર તેનામાં પ્રભુનું કંઈ દૈવી તેજ હોવું જોઈએ.

× × × ×

ત્રાજવાં કાટલાં છોડી બન્ને ભાઈઓએ કૃષ્ણજી માટે એક સ્થાન ઉભું કરવા ગોવિંદ ભુવનની યોજના કરી. જોતજોતામાં લાખો રૂપીઆનો વરસાદ તેમનાપર વરસી પડયો. ભગવાન કૃષ્ણના ભક્તોએ એક આલીશાન ઇમારત ચણાવી દીધી, જેનું નામ 'ગોવિંદ ભુવન' પાડવામાં આવ્યું.

કાલના બકાલ હીરાલાલ આજના કથાકાર છે, આખું કલકત્તા તેમને ભગવાનના અંશાવતાર માને છે. ગોવિંદ ભુવનમાં ગીતા, ભાગવત અને ભજનોની ધૂન જામવા લાગે છે.

આજનું ગોવિંદ ભુવન વૈષ્ણવસમાજનું ગૌરવસ્થાન છે.

ગોવિંદ ભુવનમાં સ્ત્રીપુરુષો-આબાલવૃદ્ધ-સર્વ ભક્તિરસમાં સ્પર્ધા માંડે છે. હીરાલાલ ભગવાનની ગાદીએ બેસી ગયા છે. અહા ! કેવું પરિવર્તન ! કોઇ પણ પ્રકારના યમ-નિયમનું અનુષ્ઠાન કર્યાં વગર કેવળ વાણીને પ્રતાપે કાલનો અશુધ ગણાતો હીરાલાલ આજે ભગવાનની ગાદીએ બેસી ગયો છે !

ઉફ ! આજે આ શેનો ઉલ્કાપાત છે ? આ શું સંભળાય છે !!...... ગોવિંદ ભુવનના ભગવાને ૧૫૭ સ્ત્રીઓના શિયળને ખંડિત કર્યું ! નાટકી હીરાલાલે સારાં સારાં ઘરોની કુલ-વધુઓને કૃષ્ણના નામે ભ્રષ્ટ કરી ! દૂતણીઓ રાખી સારી સારી સ્વરૂપવાન સ્ત્રીઓને ચૂંટી ચૂંટી તેમને ફસાવી ! પોતે કૃષ્ણ બની ભોળી ભક્તાણીઓને ગોપી બનાવી ! આ પિશાચે હદ વાળી દીધી. આજે કલકત્તામાં હાહાકાર થઇ રહ્યો છે ! અંધ હિંદુઓ ઠગાયા ! સભાઓ મળી; હીરાલાલ અને જયદયાળને ખૂબ ગાળો આપવામાં આવી.

પત્રકારોએ અંગારા વરસાવવાનું શરૂ કર્યું; પણ તેમ છતાંયે કોઇએ રોગનું ખરૂં ઔષધ તપાસવા પ્રયત્ન કર્યો નહિ !

આજે યોગીરાજ કૃષ્ણ પોતાના નામે વ્યભિચારનો નાટારંગ જોઇ રડતા હશે ! ગીતાના કૃષ્ણને-યોગીરાજ કૃષ્ણને આજે કોણ પૂજે છે ? અહીં તો નાચતા, વાંસળી વગાડતા, ગોપીઓ સાથે યથેચ્છ વિહાર કરતા માખણચોર કૃષ્ણની પૂજા થાય છે !

આજે હીરાલાલ દોષિત નથી; પણ જે ભાવના ભક્તિમાં શૃંગારરસને મુખ્ય સ્થાન આપે છે, તે દોષિત છે. આજે બાહ્યાડંબરથી રીઝનારા, ગાંડા થનારા, પગચંપી કરી ચરણામૃત લેનારા લોકો ! ઉઠો, ખરી ભક્તિ ક્યાં છે, તે ખોળો. યોગીરાજ કૃષ્ણની ભક્તિ આદરો ! હવે બહુ થઇ ચૂક્યું છે.

× × × ×

'આર્યસમાજ કૃષ્ણનો નિંદક છે' તેનો કૃષ્ણના નામે દુકાન માંડી સમાજને છેતરનારા હીરાલાલો પોતેજ ન્યાય કરી લેશે !

("પ્રચારક" જૂન-૧૯૨૮ ના અંકમાં લેખકઃ-શ્રી. આનંદપ્રિય આત્મારામ પંડિત)

૬૪–વૈરાંનું પંચ

રામજી પટેલ ગામના આગેવાન છે; એટલે તેમની ડેલીએ લોકોની સારી ઠઠ જામતી, રામજીની આજ્ઞા લોકો હોંસેથી ઉઠાવતા; અને તેથી તે પણ તેમને ધન્ય માનતા. ગરમીની મોસમ આવી. ગામમાં વિષૂચિકા–કૉલેરા ફાટી નીકળ્યો. રામજીની મોટાઇનો ખ્યાલ રાખ્યા વગર કૉલેરાએ તેમના મોટા દીકરાની વહુનો જીવ લઇ લીધો.

રામજી પટેલને ત્યાં કોઇનું મરણ થયું છે, એ સમાચાર જાણી દરેક ઘરનાં બૈરાં માથે આધું ઓઢી રોવા–કૂટવા તેમના ઘર તરફ જવા નીકળ્યાં. ગામમાં રમણ જરા સુધારાની વાતો કરનાર નવજુવાન ગણાતો! એટલે તેણે તેની પત્ની સુમતિને રામજી કાકાને ત્યાં રોવા–કૂટવા મોકલી નહિ.

આખા ગામમાં ચર્ચા ઉપડી. લોકો મરનારને તો તરતજ ભૂલી ગયા અને રમણની વહુ સુમતિએ છાજીયાં ન લીધાં અને રોવા–કૂટવાની કવાયતમાં ભાગ ન લીધો, તે વિષે ગરમાગરમ ચર્ચા ચલાવવા લાગ્યા. ખુદ રામજી કાકાનાં ધણીઆણી પોતાના દીકરાની વહુ મરી ગયાનો શોક ભૂલી જઇ સુમતિ તેમને ત્યાં રોવા–કૂટવા ન આવી એટલે 'નક્કી તે અભિમાની છે' એમ કહેવા લાગ્યાં.

બપોરનો વખત હતો, ગામના લોકો કંઇક વેરાયા, એટલે સુમતિ અને રમણ રામજી કાકાને ત્યાં સહાનુભૂતિ બતાવવા ગયાં.

રમણને જોતાંજ રામજી કાકાનાં ધણીઆણી ચંચળબા રાતાં પીળાં થઇ જઇ બોલ્યાંઃ "કેમ, હવે તો તમે મોટા માણસ થયા! તમારાં મડમ સાહેબ હવે તો શું કરવા ગામની રીત પાળવા અમારે ત્યાં આવે?"

ચંચળબાની આજુબાજુ ડોસીઓની પલટણ હતી. તેમાંની એકાદ ડોસી બોલીઃ "હા, હવે સુમતિ બહુ મોટી થઇ ગઈ, એટલે રીતરિવાજમાં શું કરવા ભાગ લે?"

રમણે કહ્યું કે "ડાસીમા! હું છાતી કૂટી કૂટી, ધાંટા પાડી શોક બતાવવામાં માનતો નથી. ખરેખર, આ ખોટું ધતીંગ મને ગમતું નથી; એટલે સુમતિને ન મોકલી. તમને અમે હૃદયની સહાનુભૂતિ બતાવવા આવ્યાં છીએ. તમારા દુઃખથી ખરેખર અમને પણ દુઃખ થાય છે; પણ રોવા–કૂટવાનું નાટક ભજવી અમારૂં દુઃખ બતાવતાં અમને આવડતું નથી."

"શું કહ્યું? આ બધું નાટક છે? અમે બધા અહીં ખોટા ઢોંગ કરીએ છીએ? રહેવા દે, રહેવા દે; જોયું તારૂં ડહાપણ!" એમ ધનકોરબાએ ગર્જના કરતાં કહ્યું.

"ડાસીમા! આ નાટક નથી તો શું છે? રડવું આવે કે ન આવે, છતાંયે માથે આધું ઓઢી, લશ્કરી પદ્ધતિએ થતી રડવાની કવાયતમાં સામેલ થવું–આને નાટક–ઢોંગ–નહિ તો બીજું શું કહી શકાય? તમે શું એમ કહી શકશો કે, અહીં ભેગાં મળેલાં બધાં ખરા હૃદયપૂર્વક રડતાં હતાં? અહીંથી ગયાં કે તરતજ નહિ જણાય તેમના મુખપર શોક કે નહિ જણાય તેમની આંખોમાં આંસુ. આ તો ખરેખર નાટકના તમાશા જેવું છે."

"પણ, અમે કૂટીએ નહિ તો લોકો કહેશે કે, મરનાર માટે અમને બીલકુલ લાગણી ન હતી." ગંગાબા બોલ્યાં.

"એમ......ત્યારે તો તમે લોકોને બતાવવા ખાતરજ રડો છો, નહિ વારૂ?" રમણે પૂછ્યું.

"ત્યારે શું? લાગણી બતાવવા કંઇ સાધન તો જોઇએ ને?"

"વાહ વાહ! ખૂબ કરી. લાગણી બતાવવી હોય તો રડારોળ કરી મૂકવી અને છાતી કૂટી ધમાચકડી મચાવવી, એમ તમે માનો છો? તમારી આ ભૂલ થાય છે. હૃદયની ખરી લાગણી બતાવવી હોય તો મરનારનાં શુભ કર્મોને યાદ કરો અને તેનાં સગાંવહાલાંને ધર્મની વાતો કરી દિલાસો આપો."

ચંચળબા આ બધું સાંભળી બોલ્યાં કે "બેટા રમણ! તારી આ બધી વાતો તો સાચી છે, મને પણ આમજ લાગે છે; પણ શું કરીએ? લોકાચારને આધીન થવું પડે છે!"

[illegible] ભલે તેમ થાય, પણ [illegible] કહેવાનું. [illegible] કહેવાનું [illegible] અને [illegible] કરવા [illegible]. [illegible] સમાયેલું છે!"

આમ વાત ચાલતી હતી [illegible] ... પણ [illegible] ગમ કામ કરે? ("પ્રકાશ"ના એક અંકમાં [illegible])

૬૫—કાળજાવિષે કેટલીક જાણવાજોગ હકીકતો

"મારું કાળજું સુસ્ત બની ગયું છે" એટલે શું!

સુસ્ત કાળજું એને અંગ્રેજીમાં 'સ્લગીશ લીવર' તરીકે ઓળખવામાં આવે છે. તેવા દરદીઓ પુરુષો અને સ્ત્રીઓ પીડાય છે. સુસ્ત કાળજું આળસુ અને મંદ થઈ ગયું છે અને તે પશ્ચાત્ દરદીનું મગજ બંધ થઈ પડ્યું છે. નામાંકિત તબીબોનું કહેવું છે કે, કાળજું કદી પણ સુસ્ત બનતું નથી, પણ તે ઉપર જોઈએ તે કરતાં વધુ કામનો બોજો પડે ત્યારે દરદીઓ પોતાના કાળજાને સુસ્ત કાળજાતરીકે ઓળખે છે; પણ ખરી રીતે તો તે કદી પણ સુસ્ત પડતું નથી.

હવે આપણે ઉપરની પ્રશ્નમાળાસંબંધે વિચાર કરીએ. અલબત્ત, આ જગ્યાએ જેઓ નાસ્તિક છે, જેઓ ઈશ્વરના અસ્તિત્વમાં માનતાજ નથી, 'કોઇ અવિચળ અખંડ નૈતિક નિયમને આધારે આ વિશ્વમંડળની ઘટમાળ ચાલી રહી છે અને એ શાશ્વત નિયમને પ્રેરનાર કોઈ દૈવી શક્તિ છે' એ વાતમાં જેઓને શ્રદ્ધા નથી, જેઓ એમ માને છે કે સ્તુતિ, ઉપાસના, પ્રાર્થના એ બધી વાત મનના વહેમો છે, એવા નાસ્તિક મતવાળાના મનનું સમાધાન આ લેખમાં અમે કરવા ધાર્યું નથી; પણ જેઓ ઈશ્વરના અસ્તિત્વમાં માને છે, તેઓનાજ મનના સમાધાન ખાતર આ લેખમાં અમે યથામતિ પ્રયાસ કરીશું. ધર્માધ્યક્ષનું સ્થાન અપાતું નથી, તેમ નથી શાસ્ત્રોનો અભ્યાસ કરેલો એટલે એ દૃષ્ટિએ પણ અમે આ ગૂઢ પ્રશ્ન ચર્ચવા નથી માગતા; પણ કેળવણીની દૃષ્ટિએ અમે આ પ્રશ્ન ચર્ચવા માગીએ છીએ. એટલે આ પ્રશ્ન ચર્ચવાના અધિકારસંબંધે કાંઇ ધૃષ્ટતા જણાય તો પ્રથમથીજ ક્ષમા માગી લઇએ છીએ. આ ધાર્મિક શિક્ષણનો પ્રશ્ન આજકાલ આ જડવાદના જમાનામાં એટલો બધો મહત્ત્વનો થઈ પડયો છે કે તેની ઉપેક્ષા કરવી હવે વિશેષ પાલવે તેમ નથી. જ્યારે રસાયણશાસ્ત્ર અને પદાર્થવિજ્ઞાનશાસ્ત્રનું મોજું પશ્ચિમ ઉપર ફરી વળ્યું હતું, ત્યારે પશ્ચિમના લોકો ઉપર એક જાતની અજબ મોહિની ફેલાઈ ગઇ હતી, અને પ્રયોગ-સિદ્ધ જે વાત હોય તેવી વાતોનેજ તેઓ માનવા તૈયાર હતા. વળી બીજી વાતો જે પ્રયોગથી સિદ્ધ ન થઇ શકે તેવીને હસી કાઢતા હતા; અને કહેતા કે પ્રાર્થના, ઈશ્વરસ્તુતિ વગેરે એ તો કોઇ નવરાં ભેજાંની કરામત છે, એ તો શબ્દજાળ માત્ર છે. પણ આ મનોદશા તેઓની બહુ વખત ટકી શકી નહિ. તેઓનો આત્મા આ મનોદશા તરફ બંડ કરી ઉઠયો. સાધારણ દુન્યવી વાતો અને ઇંદ્રિયોના તનમનાટનેજ માત્ર પોષણ મળે એવી વાતોથી તેઓ કંટાળ્યા. તેઓને પણ ઉંચે ઉડવાનું મન થયું; અને તેઓ કાર્લાઇલ, ટેનીસન, વર્ડ્ઝવર્થ, બાયરન, શેલી વગેરે કવિઓ પાસે દોડયા; અને આત્માના અવાજને સંતોષવા, આત્માની ભૂખ ટાળવા કાંઇક દૈવી તત્ત્વો આપવાની માગણી કરી. અથવા એમ કહો કે, આ મહાન કવિઓ લોકોની અંતરેચ્છા સમજી ગયા અને દૈવી પ્રેરણાથી દૈવી પ્રસાદીરૂપી સદ્બોધ પ્રજા આગળ મૂકવા લાગ્યા, ત્યારેજ તેઓ કાંઈક ઝંપ્યા. દૈવી પ્રકાશ ટેનીસનને અને વર્ડ્ઝવર્થને ગરીબનાં ઝુંપડાંઓમાં મળ્યો. પૈસાદાર લોકોને પણ આત્માની ભૂખ લાગી હતી, તેઓને પણ આ મહાન કવિઓના અંશથી કાંઇક તૃપ્તિ થઈ. તેમ છતા અત્યારે કોઈ એમ પ્રશ્ન કરે કે, પશ્ચિમમાંથી તો જડવાદની જડ ગઈ નથી, પણ એ જડવાદના આંદોલનો પૂર્વમાં અથડાઇ આપણને પણ હેરાન કરે છે, તેનું કેમ? એ સવાલનો જવાબ તો એ હોઇ શકે કે, એ મનુષ્યપ્રકૃતિની અપૂર્ણતા અને ચંચલતા સૂચવે છે; નહિ કે એ દિવ્ય આદર્શોની ક્ષણિકતા. આપણે ઘણા એમ માનીએ છીએ કે, ચાહ પીવી એ જરૂરી નથી છતાં પીએ છીએ અને ન પીતા હોય તેને પણ પીવા આગ્રહ કરીએ છીએ; તેમ ઘણા વ્યસનો ખરાબ છે છતાં આપણે વ્યસનોના દાસ બનીએ છીએ. ગુલામી એ ખરી ચીજ છે, છતાં સ્વાર્થ ખાતર આપણે સરકારની ખુશામત કરીએ છીએ અને ટુકડાટુકડા માટે વલખાં મારીએ

છીએ. આપણે જાણીએ છીએ કે, આ સરકાર અમુક પાપકર્મ કરી રહી છે, છતાં આપણે તેને સહકાર આપીએ છીએ. આ બધી વાતો આપણે જેમ જાણતાં છતાં કરીએ છીએ એ મનુષ્યસ્વભાવની અપૂર્ણતા સૂચવે છે; નહિ કે ઉચ્ચ સિદ્ધાંતો અને ઉચ્ચ આદર્શોની ક્ષણિકતા, સૂચવે છે. અર્થાત્ એ બધું આપણા આત્મબળની ખામીનું પરિણામ છે. અસ્તુ. એવીજ રીતે મહાન નરવીરો પશ્ચિમની પ્રજામાં પાકયા છતાં જીસસ ક્રાઇસ્ટનો દિવ્ય સંદેશ, પશ્ચિમની પ્રજા અત્યારે અભરાઇએ મૂકી રહી છે. તેવી રીતે હિંદમાં પણ વેદ, ઉપનિષદો વગેરે ઋષિમુનિઓના દિવ્ય વારસા છતાં, અનેક જાતિઓ, અનેક વાડાઓ છતાં અનેક મતમતાંતરોના જંગલમાં ગુંચવાઇ પડી અવનતિને રસ્તે ચાલી જાય છે.

આટલું ટુંકામાં ઐતિહાસિક દૃષ્ટિએ અવલોકન કર્યા બાદ આપણે મુખ્ય પ્રશ્ન ઉપર આવીએ.

ધાર્મિક શિક્ષણ એટલે ઇશ્વરસંબંધે જ્ઞાન. પાપકર્મ કરતી વખતે ઇશ્વરથી ડરીને ચાલવાની પ્રેરણા, સત્ય, ન્યાય, દયા, ધર્મનો સ્વીકાર, પરોપકારવૃત્તિનો વિકાસ, સ્વાર્થત્યાગ, બલિદાનની પ્રેરણા વગેરે અનેક ગુણોની ઓળખ. આવા શિક્ષણની આવશ્યકતા તો ઉપરની ઐતિહાસિક દૃષ્ટિ પણ થોડે ઘણે અંશે સિદ્ધ કરે છે. એ અનુભવસિદ્ધ વાત છે કે, ઇશ્વરવિષયક જ્ઞાનવિના કોઇ પણ મનુષ્યને કોઇ પણ કાળે ચાલ્યું નથી. જંગલી પ્રજામાં પણ ઇશ્વરસંબંધે કાંઇ વિચિત્ર ખ્યાલો હોય છે તો ખરાજ; એટલે ધાર્મિક શિક્ષણની આવશ્યકતા તો ખરીજ. તો પછી પ્રશ્ન એ રહે છે કે, તે કેવી રીતે આપવું? અભ્યાસક્રમથી, પાઠ્ય પુસ્તકોના પઠનપાઠનથી કે કેવી રીતે? આ સવાલ જરા વિચારવા જેવો છે. અભ્યાસક્રમ માત્રથીજ ધાર્મિક શિક્ષણ આપી શકાય એમ કહેવું વિશેષ પડતું છે; પણ નાનપણથીજ બાળકોના મન ઉપર પ્રાર્થના, સ્તુતિ, મહાન પુરુષોના જીવનચરિત્રોની વાતો, એની અસર સારી થાય છે; એ સમજી શકાય એવી વાત છે. ઘણી શાળાઓમાં નિયમિત શિક્ષણ પહેલાં પ્રાર્થના તથા પ્રવચન થાય છે, એ પ્રથા અમારા નમ્ર મત પ્રમાણે સારી છે. પ્રવચન વખતની પા કલાકની શાન્તિ પણ બાળકોના મન ઉપર સારી અસર કરે છે. જેમ જેમ ઉપરની શ્રેણીમાં વિદ્યાર્થીઓ આવતા જાય છે; તેમ તેમ રામાયણ, મહાભારત, ગીતા, વેદ, ઉપનિષદ્ વગેરે શાસ્ત્રોનું જ્ઞાન તેમને મળે એ જરૂરી વસ્તુ છે, એમ અમે માનીએ છીએ; અને એવું શિક્ષણ હાલની શાળામાં નથી મળતું તે એક જાતની ખામીવાળું શિક્ષણ છે. ઇશ્વરના અનુગ્રહવિના એકલું જ્ઞાન નકામું થાય એમ કહેવું વ્યાજબી છે, છતાં ઇશ્વરને ખરા સ્વરૂપમાં ઓળખવામાટે શાસ્ત્રોનો અભ્યાસ જરૂરી છે, તેની ના ન પાડી શકાય. આપણાં પ્રાચીન શાસ્ત્રો તથા સાહિત્યના અભ્યાસથી આપણા દેશમાટે લાગણી ઉત્પન્ન થશે અને આત્મભાન થવાથી આપણું ગૌરવ સમજી શકીશું, એ વિશેષ લાભ છે. ધર્મશિક્ષણમાં બીજા ધર્મની સરખામણીને ખાસ સ્થાન હોવું જોઇએ, એમ અમારો અભિપ્રાય છે, જેથી વિશાળ દૃષ્ટિ બની શકે અને સંકુચિતતા દૂર થાય.

બુદ્ધિના વિકાસમાટે દલીલોસહિત ધાર્મિક શિક્ષણ આપવું જોઇએ અને તેને માટે શાસ્ત્રોનું અધ્યયન આવશ્યક છે; પણ એકલા નૈતિક પાઠોથી નીતિ શીખવી શકાતી નથી, તેમ ધર્મ-સંબંધે વ્યાખ્યાનો કે ઉપદેશથી ધર્મ શીખવી શકાતો નથી, એ પણ આપણે મનુષ્યસ્વભાવના અવલોકનથી, અભ્યાસથી તથા અનુભવથી જાણીએ છીએ. ઘણાએ શાસ્ત્રીઓ અનીતિને માર્ગે ચઢી ગયેલા આપણે વાંચ્યા છે, સાંભળ્યા છે અને અનુભવ્યા છે. ઘણાએ જ્ઞાની પુરુષોનું જ્ઞાન માટેનું અભિમાન ધૂળમાં રોળાઇ ગયું છે; અને સામાન્ય નૈતિક મનુષ્ય કરતાં પણ નીચી પાયરીએ પડી ગયા છે. એકલા ધર્મજ્ઞાનના મિથ્યાત્વનો અનુભવ ઘણાને થયો હશે, જે બહાર પ્રકાશમાં નહિ આવેલા હોય. ઘણા શાસ્ત્રજ્ઞોનું વ્યાવહારિક જીવન તિરસ્કારપાત્ર હોય છે. તો આ ઉપરથી અનુમાન એમ નથી કરવાનું કે, શાસ્ત્રોનું જ્ઞાન ન લેવું, શાસ્ત્ર પ્રમાણે ઇશ્વરને ખરા સ્વરૂપમાં ન ઓળખવો. અનુમાન એટલુંજ નીકળે છે કે, શાસ્ત્રોના જ્ઞાનસિવાય ચારિત્રવાન, પ્રભાવશાળી પુરુષોદ્વારા એ જ્ઞાન પ્રાપ્ત થાય તો સારી છાપ પડે. વારંવાર સત્યસ્વરૂપ મનમાં રાખવાની આવશ્યકતા છે. સતત જાગૃતિની જરૂર છે. આ બાબતમાં સંધ્યા, હવન, નિયમિત ઉપાસના, પ્રાર્થના સારી મદદ કરે છે, એમ અમારું માનવું છે; અને તેવું શિક્ષણ તેઓને નાનપણથીજ આપવું જોઇએ. આવું વાતાવરણ શાળામાંજ ઉપસ્થિત કર્યું હોય તો તેની અસર સારી થાય. ખરાબ તો

[illegible] છે. તે ઉપરાંત [illegible] ધાર્મિક [illegible] [illegible] કરવો [illegible] ધાર્મિક [illegible] [illegible] છે, [illegible] વિવિધ [illegible] કરે છે, [illegible] [illegible] છે, [illegible] [illegible] ધાર્મિક શિક્ષણ [illegible] માટે [illegible] [illegible] છે, માટે આવા પ્રસંગો મેળવવા માટે [illegible] [illegible] [illegible] તે દરરોજ [illegible] [illegible] છે, [illegible] કારણથી [illegible] [illegible] દરેક [illegible] [illegible] ઈશ્વરને ખરા સ્વરૂપમાં ઓળખવા આપણે [illegible] [illegible] મનુષ્યના [illegible] [illegible] ધાર્મિક વાતાવરણનું [illegible] જરૂર કર્યું [illegible] [illegible] ધાર્મિક જીવન ગાળતા [illegible] જોવામાં આવે છે. [illegible] છે, એમ અમને જણાય છે.

હવે ધાર્મિક શિક્ષણનો પરિણામ શો આવ્યો તે પ્રશ્ન તપાસીએ. સામી એલાગ્નની થવાના થર્મોમીટર(ઉષ્ણતામાપક યંત્ર)માં જેમ પારો એકદમ-ની ઉંચો જાય છે, તેવી રીતે ધાર્મિક શિક્ષણ લીધેલા બાળકોનું અને મનુષ્યજીવનનું પારખું બદલાતું નથી. પરિણામ તો તેમના જીવન સાથે સતત સમાગમના અવલોકનથી પ્રાપ્ત થઈ શકે, એટલે આ પ્રશ્નોનો ઉત્તર સહેલો નથી. કોઈમાં સારાં પરિણામ આવે અને કોઈમાં માઠાં પરિણામ પણ જોવામાં આવે છે. અનેક પ્રસંગો, સંજોગો, પૂર્વસંસ્કાર તથા અનેક વાતાવરણની છાપ મનુષ્યના મન તથા હૃદય ઉપર થાય છે, એટલે પરિણામના સંબંધમાં આપણે ઉપલકીયું, ઉપરનું અનુમાન કરી લેવું જોઈએ કે, ધાર્મિક શિક્ષણ આપ્યા છતાં માઠું પરિણામ અમુક વ્યક્તિમાં જોવામાં આવ્યું; તો આપણી એવી દલીલ સદૈવ છે, એ સ્પષ્ટ છે. અમુક વ્યક્તિમાં ખરાબ પરિણામ દષ્ટિગોચર થતાં ધાર્મિક શિક્ષણને આપણે દોષ દઈ શકતા નથી. આપણી જવાબદારી એટલી કે ધાર્મિક શિક્ષણ એટલું સંકુચિત ન હોવું જોઈએ કે મનુષ્યને અસહિષ્ણુ બનાવે, બીજા ધર્મપ્રતિ તિરસ્કારવૃત્તિ કેળવાય. અખંડ સત્ય તત્ત્વોજ બાળકો આગળ રજુ કરવાં જોઈએ. શુભ ઇરાદાથી આવું ધાર્મિક શિક્ષણ આપીએ તો પરિણામ શુભજ આવે, તેની આપણે આશા રાખવાનો અધિકાર છે. જેમાં અનેક મતમતાંતરો હોય છે, ત્યાં ધાર્મિક શિક્ષણ કેવી રીતે આપવું તેની મુશ્કેલી તો રહે છેજ; તોપણ તે મતમતાંતરો દૂર કરવા સતત પ્રયાસ ચાલુ રહેવો જોઈએ. ઈશ્વરને સત્ય સ્વરૂપમાં ઓળખવા તથા ઓળખાવવા માટે ઉપદેશકો મારફત પ્રયાસ ચાલુ રહેવો જોઈએ. તેમાં ઉપદેશકો સહિષ્ણુતા રાખી પ્રેમથી સત્યસ્વરૂપ જનતા આગળ મૂકે તો જરૂર તેની અસર થાય તે નિર્વિવાદ છે. ધર્મો ઘણા છતાં પણ એવાં ઘણાં સામાન્ય સત્યો દરેક ધર્મમાં આપણને મળી આવશે; તેમ છતાં મનુષ્યપ્રકૃતિ વિવિધતાની ઉપાસક હોવાથી મતભેદો તો સમૂળગા દુનિયામાંથી નાબુદ થવાના નથી; પણ શાન્ત ચર્ચા અને વાદવિવાદથી સત્યનું મંથન થશે અને લોકોનાં હૃદય સત્ય તરફ વળશેજ. શરૂઆતમાં જુદી જુદી પ્રજાઓ પોતપોતાની માન્યતા પ્રમાણે, પોતપોતાનાં શાસ્ત્રો પ્રમાણે ધાર્મિક શિક્ષણ આપે એ પણ કાંઇ ખોટું નથી. ત્યારબાદ આવી સંસ્થાઓમાં અરસપરસ ધાર્મિક સંમેલનો થાય અને સત્યનું મંથન થાય તેથી પણ ધાર્મિક પ્રગતિ થશે. આમાં વિશાળ દષ્ટિની જરૂર પડશે. સ્વરાજ્ય આપણા સર્વનું લક્ષ્ય છે, છતાં તેમાં પણ અનેક પક્ષો છે. તેવા પક્ષો પણ આ આત્મસ્વરાજ્યનું લક્ષ પ્રાપ્ત કરવામાં રહેવાનાજ. છતાં એ રાતદિવસ એ પ્રભુનું લક્ષ્ય, એ દેવી જ્યોતની ઝાંખી પ્રજા સમસ્ત અહોનિશ રાખવાની આ જડવાદના જમાનામાં ઘણીજ આવશ્યકતા છે, એમ અમારું માનવું છે; કારણ કે સકાન

અને સુકાનીવગરના નાવની ગતિ જેવી થાય છે, તેવી ધર્મવિનાના માનવીની ગતિ થાય છે. કામ, ક્રોધ, મોહ વગેરે આસુરી ગુણો ઉપર વિજય મેળવવાનું કાર્ય ધર્મ જાણ્યા વિના થઇ શકે નહિ. ઈશ્વરનું સિંહાસન આપણા હૃદયમાં કાયમ રાખવા માટે નીતિ અને ધર્મને કેળવણીમાં સ્થાન હોવુંજ જોઇએ. इत्योम्

(નવેમ્બર–૧૯૨૭ના "બુદ્ધિપ્રકાશ"માં લેખકઃ–મૂળશંકર સુંદરજી દવે-પ્રિન્સિપાલ, અંધેરી–ગુરુકુલ.)

૭૦–बटाटानो खोराक सर्वथा उत्तम छे.

હાલમાં યૂરોપ અને અમેરિકામાં બટાટાના ખોરાકે ઘેલું લગાડયું છે. ત્યાં બટાટાના ખોરાકના સંબંધમાં અનેક જાતની શોધખોળ ચાલી રહી છે. પરિણામે બટાટાના ખોરાકને ઉત્તમ ગણવામાં આવે છે. ડેનમાર્કના તંદુરસ્તી ખાતાના કમિશ્નર ડૉ૦ એમ. હીનદેદે બટાટાના સંબંધમાં સંખ્યાબંધ અખતરાઓ કરી તબીબી વિદ્યાની ખાત્રી કરી આપી છે કે, એકલા બટાટાના ખોરાક ઉપર માણસો ઘણી આસાનીથી જીવી શકે છે. ડૉ૦ હીનદેદે ૬૬ વર્ષની વયનો છે, જેમાંનાં છેલ્લાં ૩૩ વર્ષો તેણે માણસોમાટેના સર્વથી ઉત્તમ ખોરાકની શોધ કરવામાં પસાર કર્યાં છે.

તેણે શોધ કરી છે કે, બટાટાની ખોરાકતરીકેની અગત્યતા શોધી કાઢવા માટે બીજા ખોરાક સાથે બટાટાનો ખોરાક લેવો જોઇતો નથી–એટલે કે, એકલા બટાટા ઉપર જીવવું જોઇએ છે. આ તબીબ જણાવે છે કે, માણસો એક વર્ષસુધી એકલા બટાટા ઉપર ઘણી સહેલાઇથી જીવી શકે છે, તે વિજ્ઞાનશાસ્ત્રીઓનાં ભેજાંમાં કદી પણ આવ્યું નથી. ૧૯૧૨ના જાન્યુઆરી માસમાં આ તબીબ અને બીજા બે શખ્સોએ બટાટા અને માર્ગેરીનના ખોરાક ઉપર પોતાનો નિર્વાહ કરવાનું શરૂ કર્યું. એ તબીબને પોતાને એ માટે ઘણો મોટો શક હતો, પણ આ ખોરાકથી કેવું પરિણામ આવતું હતું તે જોવાની તેની જિજ્ઞાસા ઘણી મોટી હતી. તેનો હેતુ બટાટાના ખોરાક સાથે પૂરતા પ્રોટેનનો જથો ઉમેરવાને માંસ અથવા ઈંડાંનો ખોરાક લેવા અને આપવાનો હતો; પણ તેણે આગળ વધતાં જોઈ લીધું કે, તેઓને એમ કરવાની મુદ્દલ જરૂર હતી નહિ. આ તબીબે કરેલા અખતરાઓ પછી જર્મનીના નામાંકિત પ્રૉફેસર એબ્દર હોલડને અખતરાઓ કરીને જાહેર કર્યું કે "એકલા બટાટા ઉપર જીવી શકાય તેમાં કશો શક નથી."

કોલોનના બે પ્રૉફેસરો હોકોસ અને કોસતરે પણ અખતરાઓ કર્યા પછી જાહેર કર્યું છે કે "અમારા અખતરાઓનું પરિણામ સંપૂર્ણ રીતે ડૉ૦ હીનદેદેના મતને મળતું આવે છે."

બટાટાની મુખ્ય ખુબી જીવનને ટકાવી રાખવાની છે; પણ એ કરતાં તેની વધુ ખુબી તો યુરીક એસીડ અને ચાકને પીગળાવી નાખવાની છે. આથી બટાટાનો ખોરાક ગાઉટ અને રયુમેટિઝમને લગતા અનેક રોગોને સાજા કરવાની અદ્ભુત શક્તિ ધરાવે છે. દર્દીઓને ખાર યા ક્ષારવાળા કૂવાઓનું પાણી પીવા મોકલવામાં આવે યા દરદીઓને પુષ્કળ બટાટાનો ખોરાક આપવામાં આવે તો તેનું પરિણામ સરખુંજ ઉતરવાનું; પણ બટાટાના ખોરાકનો ઇલાજ પહેલાં કરતાં વધુ ઝડપી અને વધુ સસ્તો થઇ પડે છે. આ તબીબ કહે છે કે, તમો બટાટાના ખોરાક ઉપર જીવવાનો અખતરો શરૂ કરો તો જે પાણીમાં બટાટા ઉકાળવા કે બાફવામાં આવે છે તેનું પાણી પીવાને ભૂલતા ના, કેમકે આ પાણીમાં પુષ્કળ વીટામીનો અને ખાર સમાયલાં હોય છે.

(દૈનિક 'હિંદુસ્થાન'ના એક અંકમાંથી)

૭૧–खेल और उसके लाभ

૧–ઉપક્રમ

સૃષ્ટિ મેં જબસે બાલક દેખ પડતે હૈં, તભીસે ખેલ કી તૂતી બોલ રહી હૈ. સંસાર કે કિસી કોને મેં આપ ભલે હી ચલે જાઇએ, લડકોં કો ખેલતે હી પાવેંગે. આજ હી નહીં, યહ સદા કી બાત હૈ. સંસાર પરિવર્તનશીલ હૈ. યહાં કોઇ સ્થાયી નહીં. ઇસ પરિવર્તનશીલ સંસાર મેં, ઇસ જીવન કે સંગ્રામ મેં, કિસીકા બચના બહુત હી કઠિન હૈ. ક્યા કારણ હૈ કિ ખેલ આજ તક બના હૈ? ઇસમેં કુછ પરિવર્તન નહીં હુઆ. આઇએ, દેખેં, ઇસકા ક્યા કારણ હૈ. સ્કૂલ કા મૈદાન હૈ. લડકે સબ ગેંદ ખેલ રહે હૈં. પ્રત્યક્ષ મેં તો ઇસસે કોઇ લાભ નહીં દિખલાઈ પડતા. હમ લોગ શક્તિ કે ઇસ પ્રકાર કે દુરુપયોગ પર આશ્ચર્ય કર સકતે હૈં. હમ લોગ યહી નહીં જાનતે કિ ખેલ ક્યા હૈ? યહ આજ તક કિસ પ્રકાર બના હુઆ હૈ. સંસાર કે સંગ્રામ મેં સભી નિરુપયોગી પદાર્થ નષ્ટ હોતે આ રહે હૈં, તબ શક્તિ કા યહ દુરુપયોગ આજ તક ક્યોં હોતા આ રહા હૈ; સંભવતઃ યહ કિસી-ન-કિસી પ્રકાર સંસાર કી ભલાઇ કરતા રહા હોગા. અન્યથા ઇસકા સંસાર મેં નામ તક નહીં રહતા. ઇસ વિષય મેં કમ-સે-કમ તીન મત હૈં, હમ યહાં પર ક્રમશઃ ઉનકે સંક્ષિપ્ત વર્ણન કરેંગે.

૨–લીલાવાદ

સંસાર કી સૃષ્ટિ મેં આપને લીલાવાદ કા નામ સુના હોગા; પર યહાં ઇસકા નામ સુનકર કદાચિત્ આપકો આશ્ચર્ય હોગા; ખેલ ઔર લીલાવાદ, જિસ પ્રકાર વેદાંતિયોં કા કહના હૈ કિ પરમાત્મા મેં શક્તિ કી અધિકતા કે કારણ સૃષ્ટિ કા પ્રાદુર્ભાવ હુઆ, ઠીક ઉસી પ્રકાર ઇસ મતવાલોં કા કહના હૈ કિ શક્તિ કી અધિકતા કે કારણ ખેલ કી ઉત્પત્તિ હુઇ.

પાશ્ચાત્ય દાર્શનિકોં મેં શિલ્લર ઔર સ્પેન્સર સાહબોં કે નામ બહુત હી પ્રસિદ્ધ હૈં. યે દોનોં એક હી સાથ ઇસ મત કે પ્રવર્તક હુએ. થોડે દિનોં તક ઇસ મત કા ચારોં ઓર બોલબાલા રહા. સભી ઇસી મત કે અનુયાયી બન ગયે. સ્પેન્સર સાહબ કા કહના હૈ કિ યદિ કિસી સમય કિસી જીવ મેં આવશ્યકતા સે અધિક શક્તિ હો જાતી હૈ, તો વહી શક્તિ ખેલ કે રૂપ મેં પ્રકટ હોતી હૈ. આપ લોગોં ને રેલગાડી તો દેખી હૈ. આપ યહ તો જાનતે હૈં કિ રેલગાડી કો ખીંચનેવાલા એંજિન હૈ. એંજિન ભાપ કે બલ સે આપ ચલતા હૈ; ઔર અન્ય ગાડિયોં કો ભી ખીંચતા હૈ. પર જબ સ્ટેશન પર પહુંચ જાતા હૈ, તો ખડા હો જાતા હૈ. પર યહાં ભી યહ બિલકુલ ચૂપચાપ નહીં રહતા. યહ સ્ટેશન પર પહુંચતે હી ભાપ છોડને લગતા હૈ. યદિ ઐસા ન કરે, તો યહ ભાપ કે બલ સે આપ ફટ જાય, ઔર ગાડી કો ભી ન ખીંચ સકે. તમામ ખેલ હી બિગડ જાય. ખેલ ભી ઠીક ઇસી પ્રકાર કા હૈ, આપને બચ્ચોં કો દેખા હોગા. જબ ઉનકી માતાએં ઉન્હેં સુલા દેતી હૈં, તો વે હાથ પૈર ફેંક-ફેંક કર કિલકારી મારતે હુએ ખેલને લગતે હૈં. સરકસ મેં બાઘોં ઔર ભાલુઓં કો પિંજડે મેં ઇધર ઉધર ટહલતે ભી આપ લોગોં ને દેખા હૈ. હમ જહાં તક વિચારતે હૈં, ઇન લોગોં કો ઇસસે કોઇ લાભ નહીં. ઇન લોગોં કો ખાને-પીને કી સામગ્રી તો મિલ હી જાતી હૈ. ઇન્હેં તો ખા કર ચૂપચાપ આરામ કરના ચાહીએ; પરંતુ ઇનકી શક્તિયાં ઇનસે કુછ-ન-કુછ કામ અવશ્ય હી લેંગી. તોતા, જો પિંજડે મેં બંદ હૈ, ખુલને પર ઉડને કી કોશીશ કરેગા, ઘોડા, જો બહુત દિનોં સે બંધા હૈ; ખુલતે હી ઉછલને લગેગા. બાલક, જો સ્કૂલ કી ચહાર દિવારી મેં કૈદ હૈ, છુટ્ટી પાતે હી ખેલને કે લિયે દૌડેગા. ઇન સબ ઉદાહરણોં કે મનન કરને સે ઇસમેં તો કોઇ સંદેહ હી નહીં રહ જાતા કિ શક્તિ કી અધિકતા ખેલ કે લિયે એક આવશ્યક કારણ હૈ. પરંતુ યહ ભી તો દેખને મેં આતા હૈ કિ અસ્પતાલ મેં બીમાર લડકે ભી અપને બિછૌને પર પડે-પડે કુછ-ન-કુછ ખેલ અવશ્ય હી ખેલતે રહતે હૈં. અબ પ્રશ્ન યહ હૈ કિ ક્યા ઇનમેં શક્તિ કી અધિકતા હૈ? કદાપિ નહીં. તબ તો યહ મત તથ્ય કે સામને કભી નહીં ઠહર સકતા.

૩-ભવિષ્ય કે લિયે શિક્ષા

જર્મની દેશ કે દાર્શનિકોં મેં પ્રૉફેસર ગ્રસ કા નામ જગતભર મેં વિખ્યાત હૈ આપને દેખા, જો જીવ જન્મ હી સે સબ કામ પ્રૌઢોં કે સમાન કરતે હૈં, ઉનકો ખેલોં કી કુછ ભી આવશ્યકતા નહીં પડતી. ઉદાહરણ કે લિયે ચીંટી કો લે લીજીયે. જ્યોં હી યહ અંડે કે બાહર નિકલતી હૈ કિ ચીંટી કે સભી કામ ઉઠા લેતી હૈ. પર બિલ્લી કો દેખિયે, જન્મતે હી વહ મૂસા નહીં પકડ સકતી. અતએવ ઉસે ખેલ કી બડી ભારી આવશ્યકતા પડતી હૈ. વહ ગેંદોં પર લપકતી હૈ, લતાઓં પર ઉછલતી હૈ, અપની હમજોલિયોં કે સાથ ખેલતી હૈ. ઇસ પ્રકાર વહ અપના કામ-ચૂહા પકડના-સીખ લેતી હૈ; અતએવ હમ દેખતે હૈં, બિલ્લી કા ભી ખેલ કે વિના કામ નહીં ચલ સકતા. ઇસિ પ્રકાર જૈસે-જૈસે હમ ઉપર બઢતે હૈં, વૈસે-વૈસે ખેલ કી આવશ્યકતા ભી બઢતી જાતી હૈ. યહ સબ દેખ-સમઝકર આપકા વિચાર હુઆ કિ ખેલ એક જાત-બુદ્ધિ હૈ, જો હમેં ભવિષ્યજીવન કે લિયે શિક્ષા દે કર તૈયાર કરતી હૈ. આપકા કહના હૈ કિ શૈશવાવસ્થા કે કારણ જીવ ખેલતે હોં, યહ બાત નહીં; પરંતુ જીવ કો શૈશવાવસ્થા હી ઇસલિયે દી ગઈ હૈ કિ ખેલોં મેં ભવિષ્ય જીવન કી તૈયારી કરે. દેખિયે, આપકી લડકી ગુડિયા કે સાથ ખેલ રહી હૈ. ઇસિ ખેલ હી સે ન-જાને ઉસે કિતની શિક્ષાએં મિલતી હૈં; વહ અપની ગુડિયા કો અપની સમઝતી હૈ. ઇસ પ્રકાર ઉસે પ્રેમ કી શિક્ષા મિલતી હૈ; જરાસી ગુડિયા ગિર જાતી હૈ, તો વહ લાખોં પ્રકાર સે ઉસે દુલારતી હૈ, વહ ઉસકે લિયે ભોજન બનાતી હૈ, જિસસે ઉસે પાકવિદ્યા કી શિક્ષા મિલતી હૈ. કહાં તક ગિનાવેં, ઇસી એક ગુડિયા કે ખેલ સે ઉસે ઇતની શિક્ષાએં મિલતી હૈં કિ કદાચિત્ ઉતની એમ૦ એ૦ ક્લાસોં મેં ભી ઉસે નહીં મિલેંગી; પરંતુ બહુત-સે ખેલ ઐસે દિખલાઇ પડતે હૈં, જો ઇસિ મત સે સમઝ મેં નહીં આ સકતે. એક ખેલ હૈ આંખમીચૌની. આપને યહ ખેલ તો કઈ બાર દેખા હોગા; પર જરા બતલાઇએ તો સહી, ઇસ આંખમિચૌની કા ભવિષ્ય જીવન મેં ક્યા મતલબ હૈ?

૪-સ્ટૈનલે સાહબ કા અનુકરણવાદ

પ્રૉફેસર ગ્રસ સાહબ કા મત આધુનિક વિચારોં સે સંગત હૈ. આજકલ ઇસ મત કે માનનેવાલોં કી સંખ્યા પર્યાપ્ત હૈ. પ્રૉફેસર સાહબ ને ઇસે જાત-બુદ્ધિ માન કર અચ્છા કિયા; પર જાત-બુદ્ધિ કી ઉત્પત્તિ કૈસે હુઇ, ઇસિ પર સે જરા આપકા ધ્યાન હટ ગયા. પ્રૉફેસર સ્ટૈનલે સાહબ ને ઇસિ અભાવ કી પૂર્તિ કી હૈ. આપકા કહના હૈ કિ પ્રાચીન કાલ મેં હમારે પૂર્વજોં કે જો કામ થે, વે હી આજ હમારે ઔર આપકે ખેલ હૈં. ઇસમેં સંદેહ નહીં કિ ઉનમેં આધુનિક અવસ્થાઓં કે કારણ કુછ પરિવર્તન ભી હુએ હૈં. આપ કહતે હૈં, જિન માર્ગોં સે હો કર હમારા સમાજ આધુનિક અવસ્થા તક પહુંચા હૈ, ઉન્હીં માર્ગોં પર હમારે બાલકોં કો ભી ચલના પડતા હૈ. સંક્ષેપ મેં, હમારે ઔર હમારે સમાજ કે વિકાસ કી કહાની એક હી હૈ. યહાં સ્ટૅન્લે હૉલ સાહબ ને કેવલ જાત-બુદ્ધિ કી વ્યાખ્યા-ભર કર દી હૈ; વાસ્તવ મેં સભી જાત-બુદ્ધિયોં કી યહી રામકહાની હૈ. × × × મનુષ્ય કી ઉત્પત્તિ ઔર ઉસકી સભ્યતા કે વિષય મેં લોગોં મેં બડા ભારી મતભેદ હૈ. અનેક મત-મતાંતર હમારી આંખોં કે સામને પ્રસ્તુત હૈં; પરંતુ ઇતના તો સભી કોઇ માનતે હૈં કિ પ્રાચીનકાલ કી અવસ્થા આજકલ કી-સી નહીં થી. એન્જીન, ટેલીફોન ઇત્યાદિ કા નામ તક ન થા. યહ તો સ્પષ્ટ હી હૈ કિ મનુષ્ય લાખોં વર્ષોં સે ઇસ પૃથ્વી પર હૈં; પરંતુ ઇતિહાસ તો હમેં કેવલ પાંચ અથવા છઃ સૌ વર્ષોં કી કહાની બતલાતા હૈ. ઇતિહાસ કે પહલે સમય મેં લોગ પ્રાયઃ શિકાર ખેલ કર અપના ભોજન પ્રાપ્ત કરતે થે. ઇસિ આરંભ કે જીવન મેં કુછ કામ સર્વત્ર હી પાએ જાતે થે. ઉદાહરણ કે લિયે હમ કુછ કામ યહાં દે સકતે હૈં. આરંભ કે જીવન મેં લોગ શિકાર કે પીછે દૌડતે થે. આજ હમ બાલકોં કો ઇસ પ્રકાર કે દૌડ-ધૂપ કે બહુત-સે ખેલ ખેલતે દેખતે હૈં. બહુત-સે બાલકોં કો આપને ડંડે સે દૂસરોં કો મારતે દેખા હોગા. આપ ઉન્હેં ક્રૂર ઔર નિષ્ઠુર સમઝતે હોંગે; પર યહ આપકી ભૂલ હૈ. વે કેવલ આદિમ કાલ કે કામ દુહરા રહે હૈં. આંખમિચૌની મેં શિકાર ખોજને કે રહસ્ય છિપે હુએ હૈં. ઇસ પ્રકાર

મનુષ્યની નિર્દોષ ખેલોં કે દ્વારા હમ [illegible] કી અનુભૂતિ, [illegible] કર સકતે [illegible] મહત્ત્વ બતાતે હૈં.

મનોરંજન ક્યા હૈ?

લોગ પ્રાયઃ ખેલ કા મહત્ત્વ નહીં જાનતે. ખેલોં કા ઉદ્દેશ્ય મનોરંજન હૈ કિ [illegible] હૈ, વહ નિર્માણ કી ભૂખ હૈ. જબ લોગ પરિશ્રમ કરતે-કરતે થક જાતે હૈં, તબ ઉનકે મનોરંજન કી આવશ્યકતા પડતી હૈ. ઇસસે ઉનકે મન ઔર શરીર કી થકાવટ મિટ જાતી હૈ. મનોરંજન કોઈ ભી રૂપ ધારણ કર સકતા હૈ; પર [illegible] સર્વપ્રધાન સાધન શરીર ઔર મન કી થકાવટ દૂર કર હમેં [illegible] કાર્યોં કે લિયે તૈયાર કરતા હૈ. [illegible] કા ખેલ મનુષ્ય કે મનોરંજન કે સમાન નહીં, કામ કે સમાન હૈ. વાસ્તવ મેં ખેલ ઔર કામ મેં કેવલ દૃષ્ટિકોણ કા અંતર હૈ. બાલક તો કામ ખેલ હી સમઝતે હૈં. આજ જિસે હમારે બાલક ખેલ કહતે હૈં, વે હી પ્રાચીનકાલ મેં હમારે પૂર્વજોં કે કામ થે. લોગોં કા કહના હૈ કિ ખેલ કા કોઈ ઉદ્દેશ્ય, કોઈ લક્ષ્ય નહીં. હમ લોગ કેવલ ખેલને હી કે લિયે ખેલતે હૈં. ઇસમેં હમેં લાભ અથવા હાનિ કા કોઈ વિચાર નહીં. ખેલને કા પુરસ્કાર ખેલ હી હૈ; પરંતુ યહી બાત ઔર-ઔર અન્ય કામોં મેં ભી લાગૂ હોતી હૈ. અનેક શિક્ષક પઢાને મેં ઉતના હી આનંદ પ્રાપ્ત કરતે હૈં, જિતના બાલક ફૂટબૉલ ખેલને મેં પ્રાપ્ત કરતે હૈં. ભાવુક રંગ ઔર પેન્સિલ પા કર ચિડિયા ઔર તિતલી કે ચિત્ર ખીંચ રહા હૈ; વહ અપને કામ મેં ઇતના નિમગ્ન હૈ કિ ઉસે સંસાર ઔર આનંદોં કા કોઈ પતા નહીં. એક ચતુર ચિત્રકાર પ્રકૃતિ કે મનોરમ દૃશ્યોં કા ચિત્ર ખીંચ રહા હૈ; વહ ભી અપને કામ મેં ઇતના આનંદ પા રહા હૈ કિ સંસાર કે દુઃખોં કી ઉસે કોઈ ચિંતા નહીં. અંગ્રેજ-સાહિત્ય મેં પોપ કે નામ સે સભી કોઈ પરિચિત હૈ. વહ કવિતા રચને મેં બડા સુખ પાતા થા. જિસ પ્રકાર લડકે સે ખેલે બિના નહીં રહા જાતા, ઉસી પ્રકાર પોપ સે કવિતા લિખે બિના નહીં રહા જાતા થા. ઉસકે પિતા કો યહ બાત અચ્છી નહીં લગતી થી. વહ સદા પોપ કો કવિતા લિખને સે મના કરતા રહતા થા. એક દિન કી બાત હૈ કિ પોપ અપની કોઠરી મેં બૈઠ કર અપને કામ મેં લગા હુઆ થા. ઉસકે પિતા ને જો ઉસે દેખા, તો ઉસે બડા ક્રોધ આયા. વહ બેંત ઉઠા કર લગા પોપ કી પીઠ પર જમાને, તબ તો પોપ કા ધ્યાન ટૂટ ગયા ઔર વહ બોલા—"પિતાજી! દયા કીજિયે, મૈં અબ પદ નહીં લિખૂંગા." કહિયે યહ ખેલ નહીં, તો ઔર ક્યા હૈ? આજકલ શિક્ષા મેં ભી ખેલોં કી પ્રધાનતા હૈ. ઇસ સંબંધ મેં ફ્રોબેલ ઔર મોંટેસરી કે નામ ઉલ્લેખ્ય હૈં. હમ દેખતે હૈં, લડકોં કા ખેલને મેં બહુત મન લગતા હૈ; ઇસ કારણ શિક્ષકોં કો ખેલોં હી દ્વારા પઢાને કા પ્રયત્ન કરના ચાહિયે. પ્રાચીનકાલ મેં ઉનકે લડકે કા મન પઢને મેં જરા ભી નહીં લગતા થા. રાજા પરેશાન થે, પર કોઈ ઉપાય નહીં દિખલાઈ પડતા થા. બહુત-સે શિક્ષક નિયુક્ત કિયે ગયે. પર સભી વ્યર્થ. એક શિક્ષક ને ઇસ કામ કે લિયે વચન દિયા. વહ રાજકુમાર કી પ્રકૃતિ કા નિરીક્ષણ કરને લગા. ઉસે માલૂમ હુઆ કિ રાજકુમાર કી પ્રવૃત્તિ ખેલ કી ઓર હૈ. યહ સોચ કર ઉસને ગોલિયોં દ્વારા રાજકુમાર કો વર્ણમાલા કી શિક્ષા દી, ઔર ધીરે-ધીરે શિક્ષા કા વિકાસ ભી કિયા. યહી કહાની હમારે હિતોપદેશ કી રચના કી હૈ. અસ્તુ. યહ તો માલૂમ હુઆ કિ પ્રાચીનકાલ મેં ભી લોગોં કા ઇસ ઓર ધ્યાન થા. અબ પ્રશ્ન હૈ કિ ખેલ કિતને પ્રકાર કે હોતે હૈં? હમ જાનતે હૈં કિ હમારે પાસ શરીર, મન ઔર આત્મા હૈ. દાર્શનિકોં કા કહના હૈ કિ યહ સંસાર ઉસ પરમાત્મા કી લીલા કા ફલ હૈ. યહ સંસાર યદ્યપિ વાસ્તવ મેં એક હી હૈ, તથાપિ હમ લોગોં કે દેખને મેં ભિન્ન ભિન્ન માલૂમ પડતા હૈ. ઇસ પ્રકાર હમારા સંસાર હમારી આત્મા કી લીલા હૈ. યહાં પર હમને આત્મા કે સાથ 'હમારી' શબ્દ કા પ્રયોગ કિયા હૈ. દાર્શનિક ભાઈ ઇસ શબ્દ પર આપત્તિ કર સકતે હૈં; પર યદિ હમ ઇસે માયોપહિત અથવા દેહભાવયુક્ત આત્મા કહેં, તો કિસી કો કુછ ભી આપત્તિ નહીં હોગી. અસ્તુ. બાત એક હી હૈ. અબ બાકી બચે શરીર ઔર મન. ઇનસે કુછ શારીરિક ખેલ નિકલે હૈં. જૈસે ફુટબૉલ, કબડ્ડી ઇત્યાદિ; ઔર શતરંજ, ચૌસર ઇત્યાદિ કુછ માનસિક ખેલ ભી હૈં. કુછ ખેલ ઇંદ્રિયોં કે ભી હોતે હૈં. × × × × ઇસ પ્રકાર સેડેન પૉવેલ સાહબ ને અનેક ખેલ

નિકાલે હૈં, જિનસે હમારી ઇંદ્રિયોં કો યથેષ્ટ શિક્ષા મિલતી હૈ. ઇન સબકા વર્ણન કરને કા યહાં સ્થાન નહીં. ફ્રોવેલ કે ગિફ્ટ ભી ઈસી પ્રકાર કે હૈં. મૉન્ટેસરી કી પદ્ધતિ ભી ઇંદ્રિયોં કે ખેલોં કા વિચાર રખતી હૈ.

૬–વ્યાયામ સે શારીરિક વિકાસ

હમ ઉપર બતલા ચૂકે હૈં કિ ખેલ સે શારીરિક વિકાસ મેં સહાયતા મિલતી હૈ. યહાં પર હમ દેખેંગે કિ ઇસ વિષય મેં ઔર કહીં સે ભી સહાયતા મિલતી હૈ અથવા નહીં. ઉન સાધનોં મેં કિસકી પ્રધાનતા હૈ ઔર કયોં, ઇસ પ્રશ્ન કા ભી યહાં સમાધાન હોગા. સભી કોઇ જાનતે હૈં કિ ખેલ કે અતિરિક્ત વ્યાયામ ઔર કામ ભી શરીર–વિકાસ મેં સહાયતા દેતે હૈં.

યદ્યપિ સ્કૂલોં મેં ચારોં ઓર વ્યાયામોં કે પ્રબંધ હો રહે હૈં, તથાપિ હમ દેખતે હૈં કિ હમારે બાલક ઉનમેં બહુત કમ ભાગ લેતે હૈં. સંસાર મેં જિસકી લાઠી ઉસકી ભેંસવાલી કહાવત સભી જગહ ચરિતાર્થ હો રહી હૈ. હમારે યહાં " दैवो दुर्वलघातकः" કી કહાવત કા કિતના પ્રચાર હૈ, યહ હમ ભલી ભાંતિ જાનતે હૈં. ઇન લોકોક્તિયોં મેં હમ દેખતે હૈં કિ પ્રાયઃ સભીમેં સત્ય કી માત્રા રહતી હૈ. કિસી લેખક ને સચ હી કહા હૈ કિ લોકોક્તિયોં ભાષા કી જાન હૈં. હમારી શિક્ષા શારીરિક વિકાસ કે વિના અધૂરી હી રહ જાતી હૈ. કિસી ને કહા હૈ–"शरीरमाद्यं खलु धर्मसाधनम्" સચ હી તો હૈ. યદિ હમ ખાટ પર પડે આહ ભરતે કરવટેં બદલતે, કરાહ રહે હૈં તો અપની ભારત–માતા કા કહાં તક ઉદ્ધાર કર સકતે હૈં? યદિ ધર્મ પર સંકટ પડે, તો એકલિંગ કી જય બોલ કર હમ અપની ધર્મપતાકા કહાં તક ફહરા સકતે હૈં? આજ કિતને હૈં, જો હકીકતરાય કી તરહ ધર્મ પર મર મિટને કો તૈયાર હૈં? અજી કહાં કી બાતેં કરતે હો? યહાં તો દિન દહાડે હમારી મા–બહને વિધર્મિયોં કે હાથ મેં પડ કર ત્રાહિ ત્રાહિ કી રટ લગાએ હુએ હૈં; પર હમારી કુંભકર્ણી નિંદ કબ તૂટતી હૈં? યહાં તો કાનોં પર જૂં તક નહીં રેંગતી. રેંગે ભી કહાં સે, યદિ હાથોં મેં શક્તિ હો તબ ન? એક દ્રૌપદી કે વસ્ત્રહરણ પર તો ચારોં ઓર હાહાકાર મચ ગયા થા, અંત મેં મહાભારત કી લડાઇ હો હી કર રહી; પર આજ કયા હૈ? લાખોં બહૂ–બેટિયાં દિન–દહાડે લૂંટ રહી હૈં, ઔર હમ આંખ મૂંદકર તમાશા દેખ રહે હૈં. કયોં? હમ મેં શક્તિ નહીં હૈ. હમારી શિક્ષા કા યહી પરિણામ હૈ. કિસી કવિ ને શિક્ષાદેવી કી તુલના યદિ બાજાર કી વેશ્યા હી સે કર દી, તો બૂરા કયા કિયા? આજકલ શિક્ષિત કા મતલબ હી બલહીન હૈ. હમ જબ ભાગલપુર મેં પઢતે થે, તો હમારે એક અંતરંગ મિત્ર કહા કરતે થે કિ એફ૦ એ૦ પાસ કર એક છડી, બી૦ એ૦ પાસ કર એક ચશ્મા ઔર એમ૦ એ૦ પાસ કર એક હૈટ ન લિયા, તો કયા કિયા! હમ કુછ દિનોં તક ગયા કે જિલા સ્કૂલ મેં કામ કરતે થે. જબ હમ પહલે પહલ વહાં પહુંચે, તો હમારા પહનાવા ઇતના સાધારણ થા કિ હેડમાસ્તર ને હમેં મૈટ્રિક સમઝ કર કહા–" જાઇએ, આપસે યહાં કામ ન ચલેગા; યહ હાઇ ઇંગ્લીશ સ્કૂલ હૈ." અસ્તુ. કહને કા મતલબ યહ કિ આધુનિક શિક્ષા કે દો વરદાન હૈં, વિલાસિતા ઔર નિર્બલતા. અબ દેખેં કિ વ્યાયામ સે શારીરિક વિકાસ મેં કહાં તક સહાયતા મિલતી હૈ. સ્કૂલોં મેં સભી જગહ ડ્રીલ કી શિક્ષા દી જાતી હૈ; પર સાધારણતઃ ઇસ શિક્ષા મેં ઇતની લાપરવાહી હોતી હૈ કિ ઇસે વ્યાયામ કહના ઠીક નહીં. બહુત સે વ્યાયામ કેવળ સૈનિકશિક્ષા કે લિયે બનાએ ગએ હૈં. સૈનિક શિક્ષા ઔર શારીરિક શિક્ષા મેં આકાશપાતાલ કા અંતર હૈ. હમેં દેખના તો યહ હૈ કિ ઇન વ્યાયામોં સે હમેં ભવિષ્યજીવન મેં કયા લાભ હોતે હૈં. હમ દેખતે હૈં, સ્કૂલ ઔર કૉલેજ કે બાદ સૌ મેં એક લડકા ભી અપને ભવિષ્ય જીવન મેં ઇન વ્યાયામોં સે કામ નહીં લેતા. હમારે યહાં જનતા મેં ન તો જિમનાશિયમ કે લિયે સાર્વજનિક સ્થાન હી હૈ, ઔર ન ઇસ વિષય કી કોઇ સભા હૈ, જહાં હમ ઇનમેં ભાગ લે સકેં. ઇસકા તો સુધાર ભી હો સકતા હૈ; પરંતુ વ્યાયામ કે સાથ–હી–સાથ હમેં મનોરંજન કી ભી તો આવશ્યકતા હૈ. દિન-ભર કે કઠિન પરિશ્રમ કે બાદ કોરે વ્યાયામ મેં હમારા કિતના મન લગ સકતા હૈ? ફિર યે વ્યાયામ અસ્વાભાવિક ભી તો હોતે હૈં. ઇન અભ્યાસોં કા જીવન મેં કોઇ કામ ભી તો નહીં પડતા

હૈ. જિતના કામ ભી નહીં પડતા, ઉતની શક્તિ કે લિયે ખર્ચી [illegible] ભી [illegible] એક ઔર બાત હૈ. યે જિમ્નાસ્ટિક્સ કે વ્યાયામ ખાસ ઢંગ સે કિયે જાતે હૈં, જહાં ભી [illegible] આગે નહીં હોતી. યે કસરત-કવાયત કિસી [illegible] કી આદત કે અનુસાર કિયે જાતે હૈં; [illegible] ઇનકા [illegible] ભી [illegible] રહતા હૈ. ઇસ પ્રકાર [illegible]

૭-બ્રહ્મચર્ય ઔર શારીરિક વિકાસ

આજકલ માતા-પિતાઓં મેં અનુરાગ કી માત્રા જરૂરત સે અધિક હૈ. ઇસકા કારણ ઉનકા અજ્ઞાન હોતા હૈ. પહલે લોગ ભી વર્ષોં સે કમ અધિક [illegible] હૈ. [illegible] વર્ષોં કી હી ઉમર તક આ ગઈ હૈ. કઈ કારણ લોગ જલ્દી મેં રહતે હૈં, ઔર બચ્ચોં [illegible] મેં [illegible] કરતે હૈં. જહાં બચ્ચા તીન-ચાર વર્ષ કા હુઆ કિ [illegible] મેં [illegible] કર દિયા. જબ સમય થા ખેલને-કૂદને કા, તબ ઉસ બેચારે કો [illegible] ઘેરી થી. શિક્ષક લોગ ઇસ બાત કી સાક્ષી દેંગે કિ કમ અવસ્થા મેં [illegible] કા પૂરા વિકાસ કદાપિ નહીં હોતા. શિક્ષા-વિશારદોં કા મત હૈ કિ બચ્ચોં કે મસ્તિષ્ક પર અનુચિત ભાર નહીં દેના ચાહિયે. હમારે ટ્રેનિંગ સે લગા હુઆ એક [illegible] સ્કૂલ હૈ. હમને દેખા હૈ કિ વહાં બહુત-સે બાલક ઐસે ભી હૈં, જિન્હેં [illegible] તક પઢના નહીં આતા. હમેં ઉન બચ્ચોં કો ૧૦ બજે સે લે કર ૪ બજે તક ક્લાસ મેં કૈદ રખ કર [illegible] હૈ. પર [illegible] ઇન્હેં બહુત-સે વિષયોં કા પઢના આવશ્યક હૈ. એક લડકા થા. વહ પ્રતિદિન સ્વાસ્થ્ય કે નિયમોં કો રટા કરતા થા, પર ઉન નિયમોં કે અનુસાર ચલતા એક દિન ન થા. હમને ઉસસે પૂછા કિ ઇસ વ્યર્થ હી રટને સે ક્યા લાભ? ઉસને ઉત્તર દિયા—માસ્ટર સાહબ! હમારા મતલબ કિસી ન-કિસી ભાંતિ પરીક્ષાસાગર પાર કરના હૈ; સ્વાસ્થ્ય કે નિયમોં કા પાલન કરના નહીં. કિતને હી પરીક્ષાર્થિયોં કો તો યહાં તક કહતે સુના હૈ કિ પરીક્ષા [illegible] હો જાય, ફિર [illegible] હી પડેગી, તો ક્યા હોગા! વાહ રી પરીક્ષા! કૈસી મહામાયા હો! તુમ્હારી વેદી પર સભી કા બલિદાન હો સકતા હૈ. કિતને હી હોનહાર બાલક તુમ્હારે કારણ કહીં કે ભી ન રહે. આગે ચલિયે; બાલક અભી આઠ-દસ હી વર્ષ કા હૈ, ચારોં ઓર સે નઉઆ-બ્રાહ્મણ આને લગે. માતા વિવાહ કે લિયે હઠ કરને લગી. આપકા કહના હૈ કિ બચ્ચે કો અભી હી તો વિવાહ કે આભૂષણ શોભા દેંગે, ઔર ક્યા બુઢાપે મેં શોભા થોડે હી દેગી! અબ જીવન કા ક્યા ઠિકાના! અચ્છા હોગા કિ લડકે કા વિવાહ અપની આંખોં દેખ લેવેં. આગે જાને ક્યા હોગા! ઇસ પ્રકાર બેચારે કા વિવાહ ભી હો ગયા. ઉસકો ક્યા પતા કિ વિવાહ ક્યા હૈ? અભી કિશોરાવસ્થા તો ઉસકે લિયે કિતની દૂર હૈ. હમેં યાદ હૈ, હમારે એક સાથી થે. ઉનકા વિવાહ ઇતની કમ અવસ્થા મેં હુઆ થા કિ જબ ઉનકી બી સબકે સામને ઉનસે ભેંટ નહીં કરતી થી, તો વહ રોને લગતે થે. અપરિપક્વ વીર્ય કે નિકાસ સે કિતની હાનિ પહુંચતી હૈ, સો તો સભી કો માલૂમ હૈ. અસ્તુ. ઇસકે બાદ રોટી-કપડે કી ભી ચિંતા હુઇ. "ચિંતા જ્વાલ શરીરવન". ફિર શારીરિક વિકાસ કા અવસર કહાં સે મિલ સકતા હૈ? ઇસી કારણ તો હમારે યહાં કે યુવક ઐસે હોતે હૈં કિ ઉનકો આંધિ મેં ચલના ભી દુસ્તર પ્રતીત હોતા હૈ.

૮-ખેલ સે અન્યાન્ય લાભ

ઉપર હમ ખેલ કા એક લાભ (શારીરિક વિકાસ) બતલા ચૂકે હૈં. યહાં પર અન્યાન્ય લાભોં પર વિચાર કિયા જાયગા. બાલક ખેલ ઔર પઢને કો બિલકુલ હી પ્રતિકૂલ સમઝતા હૈ. અસ્તુ. હમ દેખ ચૂકે હૈં કિ યહ સરાસર ભૂલ હૈ. રુસ સાહબ કા તો કહના હૈ કિ ખેલ હી શિક્ષા કા પ્રધાન સાધન હૈ. ખેલ હી સે બાલક કો શરીર પર પ્રભુત્વ પ્રાપ્ત હોતા હૈ ઔર ઠીક ઠીક કામ કરને કા અભ્યાસ પડતા હૈ. ઉસે શરીરસંચાલન કી ખાસી શિક્ષા મિલતી હૈ. યહાં પર યહ કહ દેના ઉચિત હૈ કિ કુછ વિષયોં કા જ્ઞાન માત્ર પ્રાપ્ત કરના હમારી શિક્ષા કા લક્ષ્ય નહીં. શિક્ષા તો હમેં વ્યવહાર મેં નિપુણ બનાતી હૈ. આજકલ સ્કૂલ ઔર સંસાર મેં આકાશ-પાતાલ

કા અંતર હૈ. જો બાલક અપને વિદ્યાર્થી-જીવન મેં સદા છાત્ર-વૃત્તિ પાતા રહતા હૈ, વહી સંસાર કે ભવિષ્ય જીવન મેં અસફલતા કે હાથોં કા પુતલા બન જાતા હૈ. યહ કદાપિ ઠીક નહીં. સ્કૂલ કો હમેં સંસાર કે લિયે તૈયાર કરના ચાહીએ. ઇસ વિષય મેં ખેલ સે બહુત કુછ સહાયતા મિલતી હૈ. અતએવ સ્કૂલ કા ધ્યાન ખેલ કી ઓર ભી રહના ચાહીએ. ખેલ સે હમ સભી કામ આનંદ, સાવધાની, તત્પરતા ઔર ઉત્સાહ કે સાથ કરના સીખ લેતે હૈં. સ્કૂલ મેં સદા હી વિચાર મેં આવશ્યકતા સે અધિક સમય લગાના સિખાયા જાતા હૈ. ઉચિત ઔર અનુચિત કા વિચાર ઇતના રખા જાતા હૈ કિ હમ કોઇ કામ કર હી નહીં સકતે. હમ શેક્સપિયર કે હૅમલેટ બન જાતે હૈં, ઔર હાં-નહીં મેં હમારા જીવન બીત જાતા હૈ. હમેં પ્રત્યુત્પન્ન-મતિ કી આવશ્યકતા હૈ. યહ મતિ હમેં ખેલ સે મિલતી હૈ. હમ ફુટબૉલ ખેલ રહે હૈં. હમેં યહ એક સેકિંડ મેં સોચ લેના પડતા હૈ કિ હમ ગેંદ કિસકે પાસ ભેજેં. ઇસસે હમેં આચાર-શાસ્ત્ર કે નિયમ ભી આ જાતે હૈં. હમારી માનસિક શક્તિયોં કે વિકાસ મેં ભી યહ સહાયતા દેતા હૈ. હમ જીતેં અથવા હારેં, ઇસકી ચિંતા હમેં નહીં. હમ કેવલ ઇમાનદારી સે ખેલના ચાહતે હૈં. ઇસ પ્રકાર "**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन**" કી વ્યાવહારિક શિક્ષા હમેં મિલતી હૈ. ઇસકે અતિરિક્ત આજ્ઞાકારિતા ઔર એકતા ભી હમમેં આ જાતી હૈ. ઇસિસે હમેં પંચાયતી રાજ્ય કી ભી શિક્ષા મિલતી હૈ. હમ અપના પ્રધાન આપ હી ચુનતે હૈં. ઉસકે બાદ હમ સભી પ્રકાર સે ઉસકી આજ્ઞા કા પાલન કરતે હૈં. આજકલ કી મંત્રીતર-પ્રણાલી (મોનેટોરીઅલ સિસ્ટમ) ભી ઇસી તત્ત્વ પર સ્થિત હૈ.

૯-ઉપસંહાર

આજકલ હમ ફૈશન કે ગુલામ બને હૈં. ખેલોં મેં ભી જ્યાદા ધ્યાન ફૈશન કી ઓર હી રહતા હૈ. ઇન ફૈશન કે ખેલોં (ટેનિસ, બૈડમિન્ટન) સે હમેં કોઇ વિશેષ લાભ નહીં. હમેં ભારતીય ખેલોં—જૈસે કબડ્ડી, ચિક્કા (મારદડી, હતતુતુ, ખોખો) ઇત્યાદિ—કો ઉત્સાહ દેના ચાહીએ.
("સુધા"ના આષાઢ ૧૯૮૪ના અંકમાં લેખકઃ-શ્રી અવધકિશોર સહાય વર્મા 'બાણ' એમ.એ.બી.એલ.)

૭૨-स्वभाव-अर्थात् पोतानो भाव एटले शुं ?

ગીતામાં "પ્રકૃતિથી નિયત કર્મ કરવાં એ ધર્મ છે" એવું કહેવામાં આવ્યું છે. પ્રકૃતિનો અર્થ એ ઠેકાણે ટેવો, કામનાઓ, ચારિત્ર અથવા તો આવેશભરી પ્રેરણાઓ એવો નથી થતો. પ્રકૃતિ એટલે સ્વભાવ, અને સ્વભાવ શબ્દનો અક્ષરશઃ અર્થ-"સ્વ-પોતાનો અને ભાવ-બાહ્ય પ્રકટીકરણ-આવિર્ભાવ એટલે પોતે બહાર પ્રકટ થવું તે" થાય છે. સ્વભાવ એટલે આત્માનો દિવ્ય સ્વભાવ એવો અર્થ પ્રકૃતિનો નીકળે છે. એ પ્રભુનિર્મિત સ્વભાવમાંથી જે કંઈ બહાર પ્રકટ થાય છે એ સર્વ અગત્યનું, યથાર્થ અને ઉન્નત હોય છે. બાકી આપણે સામાન્ય રીતે ટેવો, કામનાઓ, ચારિત્ર વગેરેને સ્વભાવ કહીને સંબોધીએ છીએ એ તો આપણું અજ્ઞાન છે. એ ટેવો, કામનાઓ, અભિપ્રાયો, આવેશો એ બધું તો બહારથી આવેલું હોઇ નકામું છે. એ 'સ્વભાવ' નથી. એ તો બધાં વિકારી તત્ત્વો છે અને આત્માનો 'સ્વભાવ' તો અવિકારી છે.

એ બહારનાં આવેલાં વિકારી તત્ત્વોને ઓળખી એમને ન સ્વીકારવાં અથવા પોતાનામાં હોય તો એમને દૂર કરવાં અને પોતાના આત્માના દિવ્ય 'સ્વભાવ'ને જાણી એ અનુસાર કર્મ કરવાં એ સૂત્રનું રહસ્ય છે.

જ્યારે બહારના ભાવનાં કૃત્રિમ લક્ષણો નાશ પામીને આત્માનો દિવ્ય સાચો 'સ્વભાવ' જીવનમાં પ્રકટ થાય છે, ત્યારે ભગવાન અને વ્યક્તિનો સંબંધ પ્રત્યક્ષ થાય છે. આત્માનું મધુર સંગીત વિશ્વમાં ચાલતા જગપતિના ભવ્ય સંગીત સાથે મળે છે અને વ્યક્તિ તથા વિશ્વ વચ્ચે મધુર સંવાદ સ્થાપન થાય છે. પછી તો વ્યક્તિ સ્વતંત્ર વ્યક્તિ મટી જઇને ભગવાનના સાધનરૂપેજ વિશ્વમાં પ્રભુનોજ હેતુ સફળ કરવા વિચરે છે. ("ક્ષત્રિય"ના શ્રાવણ-૧૯૮૪માં લખનાર શ્રી. 'અભ્યાસી.')

૭૩-શ્રીદુર્ગાદાસ-જયંતિ

આજની હિંદુજનતા પોતાના ભવ્યકાલીન વીરોનાં વીરોચિત કર્મોની કદર બુજવા લાગી છે, એ હર્ષની વાત છે. વીરજયંતિઓનાં ઉજવણાં આજનો ગૌરવનો વિષય થઈ પડ્યો છે. જગતની વીરસંતતિઓ પોતાના વીરપૂર્વજોની વીરગાથાઓનું સ્મરણ કરીનેજ, એ મહાનુભાવોના ઉચ્ચાદર્શોને અહર્નિશ ચક્ષુસમીપ રાખીનેજ પોતાનું અસ્તિત્વ કાયમ રાખી શકે છે, એ આજની હિંદુજનતા પૂરેપૂરું સમજી ગઈ છે. યુરોપાદિ મોટા દેશોમાંનાં પાટનગરોમાં અને ગામડાંઓમાં પણ ગલીએ ગલીએ અને સાર્વજનિક ભવનોમાં પોતાના વીર પૂર્વજોની પ્રતિકૃતિઓ સ્થાપન કરેલી હોય છે. આ પ્રતિમાઓને પેખી પેખીનેજ તે તે દેશવાસી હૃદયમાં સ્વદેશપ્રેમની ભાવનાઓ ખીલાવે છે; અને એ વીરોના આદર્શાનુસાર જીવન જીવવાની પ્રતિજ્ઞા લે છે.

અફસોસ, ભારતવર્ષમાં આથી વિપરીત દશા દેખાય છે. આજે અમારા કેટલાએ વીરોનાં ચરિત્રો ઇતિહાસ સુરક્ષિત રીતે જાળવી શક્યો નથી. વીર નેપોલિયનનું જીવનચરિત્ર પ્રત્યેક ફ્રાન્સવાસીના ગૃહમાંથી મળી આવશે અને વીર દુર્ગાદાસનો ઇતિહાસ હિંદમાં શોધવા બેસીએ તો? આજ અમારા કૉલેજીયન ભાઇઓ જેટલું નેપોલિયન બોનાપાર્ટ વિષે અને નેલ્સન વિષે જાણતા હશે તેના સોમા ભાગની હકીકત પણ વીર દુર્ગાદાસ, મહારાણા પ્રતાપ કે પૃથ્વીરાજવિષે નહિ જાણતા હોય.

દુર્ગાદાસ એ એક જોધપુરનો સેનાપતિ હતો, એટલુંજ તેઓ જાણતા હશે. દુર્ગાદાસસંબંધી આટલી હકીકત પણ તેઓ ફક્ત ગુજરાતી નિશાળ કે હાઇસ્કૂલમાંથી મેળવી શકશે, કૉલેજમાં તો તેઓને માટે તૈયાર થયેલા ઇતિહાસોમાં દુર્ગાદાસનું નામનિશાન પણ નહિ મળે; અને એ કૉલેજમાંથી તૈયાર થઇ નીકળતા આપણા યુવાનોમાં આપણે રાષ્ટ્રીય ભાવના લેવા માગીએ એ કેમ બને? વીર દુર્ગાદાસના વૃત્તાંતથી અશિક્ષિત વર્ગ તો કદાચ અનભિજ્ઞ હોઇ શકે, એ ક્ષમ્ય ગણાય; પરંતુ અમારા શિક્ષિત વર્ગના મુખમાંથી પણ જ્યારે "દુર્ગાદાસ એ જોધપુરનો સેનાપતિ અને જશવંતસિંહનો સાથી હતો" આટલાજ શબ્દો નીકળે એ ઓછું શોચનીય નથી. આજે તો જગત વીર દુર્ગાદાસની વીરગાથાથી નહિ પણ એ પુણ્યાત્માના નામથી પણ અપરિચિત છે.

જ્યારે મોગલ સલ્તનતનો સૂર્ય મધ્યાહ્ને હતો, જ્યારે ઔરંગઝેબના અત્યાચારો પૂર્ણ પરાકાષ્ઠાએ પહોંચ્યા હતા, જ્યારે રાજપૂતી નામશેષ કરવાને મહત્ત્વાકાંક્ષી બાદશાહની નીતિનો સોટો જોરશોરથી વિંઝાઇ રહ્યો હતો, જ્યારે એક સૈકાથી એકત્રિત થયેલી મોગલ શક્તિની પ્રગટરૂપે સામે થવાને કોઇ તૈયાર નહોતું, જ્યારે એ મહારાષ્ટ્રકેસરી વીર શિવાજી મહારાજે પણ એ મોગલ સૈન્યનો સામે મ્હોંએ સામનો ન કરવાની નીતિ અખત્યાર કરી હતી, ત્યારે વીર દુર્ગાદાસે ઔરંગઝેબ જેવા સાધનસંપન્ન શહેનશાહની સામે ખુલ્લી રીતે મોરચા માંડ્યા હતા.

આમ એ બાદશાહના વિપુલ દલની સામે ખુલ્લી રીતે થવામાં વીર દુર્ગાદાસનો ઉદ્દેશ ન તો રાજ્યની રક્ષા કરવાનો હતો કે ન તો રાજ્યનો વિસ્તાર વધારવાનો; પરંતુ કેવળ સ્વામીરક્ષા એજ એનો ઉદ્દેશ હતો, એ વીરનું આખુંએ જીવન આપત્તિઓથી ભરપૂર હતું. એ આપત્તિઓના ખડકોને ખોદી કાઢી એણે સ્વામીરક્ષા સાધી.

એ વીરનું અંતિમ જીવન શાંતિમય ન નીવડ્યું. જે વૃક્ષને એણે સિંચ્યું તે વૃક્ષને છાંયે બેસવા એ ભાગ્યશાળી ન થયો. વીર દુર્ગાદાસનું જીવન આપણી સન્મુખ સ્વામીભક્તિનો આદર્શ રજુ કરે છે. વીરતા કરતા એના જીવનપરાગમાંથી આત્મત્યાગની સૌરભ વધારે છૂટે છે.

એ વીરકેસરી, સ્વામીભક્ત દુર્ગાદાસનો જન્મ સંવત ૧૬૯૫ ના બીજા શ્રાવણ સુદી ૧૪ ને દિવસે થયો હતો. દર વર્ષે શ્રાવણ સુદી ૧૪ ના રોજ એ વીરની જયંતિ પ્રત્યેક સ્થળે ઉજવાય, એ ઇચ્છવા યોગ્ય છે.

જોધપુરમાં 'દુર્ગાદાસ જયંતિ ઉત્સવ સમિતિ' સ્થપાઇ છે. આ સમિતિએ મારવાડના ગામે

ગામમાં આ જયંતિ ઉજવાય એવો પ્રબંધ કર્યો છે.

ગુજરાતમાં ગામે ગામે અને શહેર શહેરમાં એ જયંતિ ઉજવાય એવું અમે ઇચ્છીએ છીએ. જ્યાં જ્યાં રાજપૂતોની વસ્તીવાળાં ગામો છે ત્યાં તો એ ખાસ ઉજવાવીજ જોઇએ.

આજે હિંદુ જનતાનું લક્ષ્ય વીરપૂજા પ્રતિ આકર્ષાયું છે, એ હર્ષની વાત છે. આ જયંતિ-ઉત્સવને દિવસે [illegible] બીજું કંઈ ન કરી શકીએ તો આટલું તો અવશ્ય કરીએજ કે, "સર્વ આમજનોને એકત્રિત કરી એ વીરનો વીર ઇતિહાસ સુણાવીએ. આપણા નષ્ટ થતા ગૌરવમય ઇતિહાસને એ રીતે આપણે પુનર્જીવન આપી શકીએ છીએ. પ્રત્યેક જાતિનો વીર ઇતિહાસ એ તેનો જીવનપ્રાણ છે. તે જો નષ્ટ થાય તો એ જાતિ અવનતિના અંધારકૂપમાં પડી, જતે [illegible]."

આજે તો નથી રહ્યા એ [illegible] ક્ષત્રિયકુલકિરીટ મહારાણા પ્રતાપ કે નથી રહ્યા [illegible] વીર દુર્ગાદાસ કે નથી મહારાષ્ટ્રકેસરી વીર શિવાજી; પરંતુ જગતમાં હિંદુત્વનું અસ્તિત્વ ટકાવી રાખવાને માટે એ વીરોએ સ્વતંત્રતાદેવીની વેદીપર જે ભોગ ચઢાવી છે તે ભોગના [illegible] દિવસે દિવસે વધુ ને વધુ ઝાંખા થતા જતા એ સ્મર-[illegible] પ્રકાશિત નહિ કરીએ તો જતે દહાડે સ્મરણાવશેષોની સાથે [illegible].

શું આજે [illegible] એટલા બધા નમાલા બની ગયા છીએ કે, એ મહાન આત્માઓના દિવ્ય [illegible] શ્રદ્ધાંજલિ પણ ન અર્પી શકીએ ?

[illegible] જ્યાં જ્યાં રાજપૂતોની વસ્તીવાળાં ગામો હોય [illegible] જયંતિ [illegible] ઉજવવી જોઇએ. વધુ નહિ તો, બધા ભાઇઓ એ દિવસે એકત્રિત થઇ [illegible] વીરસંબંધી જે જાણતા હોય તે કહી બતાવે, આટલું પણ [illegible] નહિ બને ?

જ્યાં જ્યાં [illegible] અસ્તિત્વ છે, ત્યાં તો એ સંસ્થાઓના સંચાલકો વીર દુર્ગાદાસ [illegible] અવશ્ય કરે, એમ અમે ઇચ્છીએ છીએ. એ વીરના જીવનપર પ્રકાશ પાડી શકે [illegible] અને એ આમંત્રિત સજ્જનો વિદ્યાર્થી ભાઇઓ આગળ [illegible] કરે.

[illegible] સંબંધ છે, તે સર્વ આવાં કાર્યોમાં રસ લેતી થાય; એ [illegible] જયંતિઉત્સવનો પ્રબંધ થાય તો તો [illegible].

[illegible] સુંદર જવાબ વાળશે.

("[illegible]–૧૯૨૯ ના અંકમાંથી સહજ સંશોધન સાથે)

जोधपुर में दुर्गादास की जयन्ति—[illegible] वीर [illegible] दुर्गादास [illegible]

૭૪–બોલ્શેવિક ત્રિમૂર્તિ

ઈ. સ. ૧૯૧૭ ના નવેમ્બરની સાતમી તારીખે રશિયામાંની પ્રોવિઝનલ ગવર્નમેંટની પરિસમાપ્તિ થઇને સર્વ સત્તા બોલ્શેવિક આગેવાનોના હાથમાં આવી. આ બોલ્શેવિક આગેવાનોમાં ત્રણ પુરુષ અત્યંત પ્રમુખ જેવા છે:–નિકોલાય લેનિન, લીઑન ટ્રોટ્સ્કી અને સ્ટૅલિન, આ એ ત્રણ પ્રમુખ વ્યક્તિ છે. આ પૈકી લેનિન એ તો બોલ્શેવિક સંપ્રદાયનો આદ્ય શંકરાચાર્યજ થઇ ગયો, ટ્રોટ્સ્કી અને સ્ટૅલિન એ લેનિનના ડાબો અને જમણો હાથ હતા. આ ત્રિમૂર્તિ પૈકી નિકોલાય લેનિન એ ઈ.સ. ૧૯૨૪ માં દિવંગત થયો. સ્ટૅલિન એ હમણાં સોવિયેટ રાજ્યનો મુખ્ય ચાલક છે; અને ટ્રોટ્સ્કીને સ્ટૅલિનપક્ષે હદપાર કરેલો હોઈ તે હમણાં સૈબિરિયામાં હદપારી ભોગવે છે. આ ત્રિમૂર્તિનું ચરિત્ર તે બોલ્શેવિક સંપ્રદાયનો શરૂઆતથી ઇતિહાસજ છે–અર્થાત્ તે સ્ફૂર્તિદાયક હોવાથી અત્રે સંક્ષેપમાં રજુ કરવામાં આવે છે.

લેનિન

લેનિનનું ખરું નામ વ્લાડિમીરઇલિચ ઉલિનાવ્હ છે. એણે જ્યારે રાજ્યક્રાન્તિની ચળવળ જોરમાં શરૂ કરી, ત્યારે સરકારી ત્રાસ ચૂકવવા સારૂ તેણે પોતાનું 'લેનિન' એવું સાંકેતિક નામ ધારણ કર્યું. રશિયામાંની લેના નામની ખાણ નજીક તે પોતાની હદપારીમાંથી પાછો આવ્યો ને ત્યાં તે કેટલાક દિવસ રહ્યો હતો. એ ખાણના નામ ઉપરથીજ તેને લેનિન નામ સૂચ્યું હતું. લેનિનનો જન્મ રશિયાના સિમ્બુર્સ્ક નામના ગામમાં ઇ. સ. ૧૮૭૦ માં થયો. એનું કુટુંબ ખાનદાન હતું; પણ થોડા વખતથી તે ઉતરતી કળાએ લાગ્યું હતું. લેનિનનો પિતા કેળવણી ખાતામાં જીલ્લા સ્કૂલ ઈન્સ્પેક્ટર હતો. લેનિન ઉમરલાયક થયા પછી પીટર્સબર્ગના વિશ્વવિદ્યાલયમાં અભ્યાસને માટે રહ્યો. બચપણથીજ તેને ખેડુતવર્ગને માટે અનુકંપા હતી. કૉલેજમાં પ્રવેશ થતાંની સાથે તે ખેડુતોની સ્થિતિ સુધારવાના વિચાર કરવા લાગ્યો ને તરતજ તેણે એ બાબતની ચળવળનો આરંભ કર્યો. બચપણથીજ તેની આસપાસ કાર્લ માર્ક્સ નામક જર્મન પંડિતના સમાજસત્તાવાદનું વાતાવરણ પસરાયલું હોવાથી તે કૉલેજની અવસ્થામાંજ કાર્લ માર્ક્સના સમાજસત્તાવાદ ઉપરના ગ્રંથો લક્ષપૂર્વક વાંચવા લાગ્યો હતો. પછી થોડાજ વખતમાં એટલે ૧૮૭૭ માં તેના મોટા ભાઇ નિકોલસને રશિયાના ઝાર બીજા નિકોલસનું ખૂન કરવાનો પ્રયત્ન કર્યા બદલ ફાંસીએ લટકાવવામાં આવ્યો. નિકોલસ પણ લેનિનને ગમતી ચળવળમાં પહેલેથીજ પડેલો હતો. ઝારશાહીના અસહ્ય જુલમનો નાશ કરવા સારૂ ખુદ ઝારનેજ મારવાના પડ્યંત્રમાં તે સામેલ થયો હતો ને એજ અપરાધને માટે સરકારે તેને ફાંસીને લાકડે લટકાવ્યો હતો. પ્રથમથીજ ઝારશાહીની વિરૂદ્ધ ખળભળેલું લેનિનનું મન વડીલ બંધુની ફાંસીને લીધે ખૂબજ સંતપ્ત થયું. તેણે ખુલ્લી રીતે મજુરપક્ષની ચળવળ શરૂ કરી. તેણે ખેડૂત અને મજુરવર્ગના મનમાં કાર્લ માર્ક્સનાં તત્ત્વોની છાપ પાડીને ભવિષ્યની અદ્‌ભુત રાજ્યક્રાન્તિનાં બીજ વાવ્યાં. ઝારશાહીએ તેની આવી ચળવળને ખાતર તેને સૈબિરિયામાં હદપાર કર્યો. આજ હદપારીના દિવસોમાં તેણે પોતાનો પ્રસિદ્ધ ગ્રંથ "રશિયામાંના મુડીવાદનો વિકાસ" લખ્યો. આ હદપારી પછી તે ઘણા દિવસ રશિયાની બહાર રહીનેજ ઝારશાહીને ઉથલાવી નાખનારી ક્રાન્તિકારક ચળવળ કરતો હતો. પોતાની વિલક્ષણ ધાટી અને બુદ્ધિમત્તાથી તેણે પોતાની પહેલાંના પ્લેકેનાવ અને માર્ટોવ જેવી ચળવળના આગેવાનોને ઢાંકી દીધા હતા. તે એટલા બધા કે ઝારશાહીનું લક્ષ્ય હવે બીજા કોઇ પણ આગેવાનના કરતાં લેનિનની તરફજ વધુ લાગી રહ્યું. લેનિને તેની પરવાહ ન કરી. તેની સામે એકજ–બસ એકજ–ધ્યેય હતું તે એ કે, દેશમાંની ત્રસ્ત થયેલી ને ભૂખે મરતી પ્રજાને સુખસમાધાન કેવી રીતે મળે! આ ધ્યેયપ્રાપ્તિને માટે લેનિને અનેક તુરંગવાસ ને હદપારીઓ સહન કરી; પણ "न्याय्यात् पथः प्रविचलन्ति पदं न धीराः" આવા નમુનાનો તે વીરપુરુષ હોવાથી તે જરા પણ ડગ્યો નહિ. રશિયન રાજ્યક્રાન્તિકારકોના ત્યાંની સરકારે જે હાલ કર્યા છે તેનું વર્ણન વાંચતાં

રાવણરાજ્ય કે આધુનિક નાદિરશાહી સુદ્ધાં ફિક્કી પડે એટલા તે ભયંકર છે. લેનિને તથા તેના અનુયાયીઓએ ઉપલાં કષ્ટોને ન ગણકારતાં પોતાનું કાર્ય અપ્રતિહતપણે ચલાવ્યે રાખ્યું હતું.

પરંતુ તેમનાં કાર્યને ખરો યશ સન ૧૯૧૭ ની સાલ પૂરી થતાં સુધી નહોતો મળ્યો. પ્રજાને રીબાવનારી ઝારશાહીનો નાશ એટલોજ કંઇ લેનિન વગેરેનો કાર્યક્રમ નહોતો. ખરો કાર્યક્રમ તો ઝારશાહી ઉથલી પડ્યા પછીનોજ હતો. પૈકી ઝારશાહીને કૅરેન્સ્કી વગેરે સમાજસત્તાવાદી આગેવાનોએ ઈ. સ. ૧૯૧૭ ના માર્ચ મહિનામાં ઉથલાવી નાખીને પ્રોવિઝનલ ગવર્નમેંટની સ્થાપના કરવામાં આવી. આ વખતે મહાયુદ્ધનો દાવાનળ આખી દુનિયામાં સળગી ઉઠ્યો હતો. કૅરેન્સ્કીના મનમાં જર્મનીની સાથે ચાલેલું યુદ્ધ થોભાવવાનું નહોતું; પરંતુ લેનિન એ યુદ્ધની બીલકુલ વિરુદ્ધ હતો. થોડું નુકસાન થાય તો તે સ્વીકારી લઇને પણ જર્મની સાથે તહ કરી રશિયન પ્રજાનો રક્તપાત અને દ્રવ્યનાશ અટકાવવો, એમ તેના મનમાં દૃઢ થઈ ગયું હતું; કારણ રાષ્ટ્રની ખોટી પ્રતિષ્ઠા તેને નહોતી જોઇતી, પણ રાષ્ટ્રની ગરીબ પ્રજાને સુખસમાધાનીથી ભાખરીનો ટુકડો ખાવા મળે એવી તેની ઉત્કટ ઇચ્છા–નહિ ધ્યેય હતું. આથી કૅરેન્સ્કી અને લેનિનની ઝટાપટી શરૂ થઇ. અત્યારસુધી લેનિનનાં તત્ત્વો અને તદ્પ્રીત્યર્થ તેના પ્રયત્ન લોકોને એટલાં ગમ્યાં હતાં કે કૅરેન્સ્કીનો પરાભવ કરતી વેળા તેને લોકોના તરફથી વિરોધ તો થયો નહિજ, પણ ઉલટી મદદજ થઇ. લેનિને ટ્રૉટ્સ્કી ને સ્ટૅાલિન આ ઉભય હસ્તકોની મદદથી કૅરેન્સ્કીને ઉથલાવી નાખ્યો ને રશિયામાં ખરેખરૂં બોલ્શેવિક રાજ્ય સ્થાપન થયું. આ ઘટના ઈ.સ. ૧૯૧૭ ના નવેમ્બરની ૭ મી તારીખે બની. આ દિવસ રશિયન ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખવા જોગો મનાઈ ગયો છે; કારણ એજ દિવસે રશિયામાંનાં બાળબચ્ચાં, સ્ત્રીઓ, ખેડુતો અને મજુરવર્ગની સુખસમાધાનીનો પાયો નાખવામાં આવ્યો.

અધિકારસૂત્ર હાથમાં આવ્યા સાથે લેનિનપક્ષે સૌથી પ્રથમ જે બાબત કરી તે એ કે, બોલ્શેવિક રાજ્યપદ્ધતિનો કસીને વિરોધ કરનારા એટલુંજ નહિ પણ તેના કટ્ટર શત્રુ એવા જે લોક હતા તે બધાને હદપાર કર્યા અથવા બાજુએ કાઢ્યા. ૧૯૧૭ના નવેમ્બરની બીજી તારીખથી તે બારમી તારીખપર્યંત બોલ્શેવિકોએ પોતાના માર્ગમાંના તમામ નાનામોટા કાંટા દૂર કર્યા ને એમ કરતી વેળા તેમણે રાજનીતિના તત્ત્વ પ્રમાણે કોઇનેએ દયા–માયા બતાવી નહિ. આરોગ્યને બાધક એવા સામાન્ય કિંવા ભયંકર રોગજંતુ શરીરમાં પ્રવેશ્યા પછી તેમને મારવાની બાબતમાં દયા–માયા બતાવવી એ જેટલું શાણપણનું લેખાય તેટલુંજ બોલ્શેવિઝમ જેવી ગરીબોની સહાયક રાજ્યપદ્ધતિના શત્રુને, પછી તે સામાન્ય હો અથવા ભયંકર હો, જરા જેટલી પણ ક્ષમા કે દયા–માયા બતાવવી જોખમવાળું છે. એ જાણીનેજ લેનિનપક્ષે આ કૃત્ય કર્યું. આજ શત્રુસત્રમાં ઝાર–ઝારીનાની તેમનાં બાળબચ્ચાંસહ આહુતિ આપવામાં આવી. આ શત્રુસત્ર દશ દિવસ સુધી ચાલ્યું હોવાથી આ દશ દિવસોને મુડીવાદીવિરોધી રાષ્ટ્રો ' રેન ઑફ ટેરર ' અથવા ' રાવણ રાજ્ય ' આવી સંજ્ઞા આપે છે.

આ કૃત્યમાં ટ્રૉટ્સ્કી અને સ્ટૅાલિન એ લેનિનની ડાબી જમણી ભુજાઓ હતી અને તેમણે આ કાર્યમાં તન–મન–ધન અર્પણ કરીને કરેલી રાજ્યક્રાન્તિનું દૃશ્ય ફળ ગરીબ પ્રજાના હાથમાં આવ્યું. ઉપરના કૃત્યની બાબતમાં હજારો લેખકોએ લેનિનને દોષ આપ્યો છે ને તેને રાક્ષસ કહ્યો છે, પરંતુ તેમનો આ આરોપ પોકળ છે; કારણ લેનિનનાજ શબ્દોમાં કહીએ તો, અમુક એક પુણ્યકૃત્ય કરતી વેળા સાધનના સારા–નરસાપણાનો વિચાર કરવામાં કાળનો અપવ્યય કરતાં બેસવું નહિ. સર્પ નજરે પડ્યા પછી તેને કપટથી–ક્રૂરતાથી મારવો કે સૌમ્યપણે મારવો, આવો આત્મઘાતક વિચાર કરવા રહેવું નહિ એ બસ છે. ' પ્રજા મળી હોય તો અધર્મ કરવો ' આ લેનિનનો સિદ્ધાંત હતો. ગરીબ પ્રજાનું સુખ એ તેનું ધ્યેય ને આ સર્વ પ્રકારનાં સાધનો અમલમાં આણીને આ ધ્યેય તેણે સંપાદન કર્યું, એમાં કંઇજ ગેરવ્યાજબી નથી. ધ્યેયજ જો બરાબર હોય, તો પ્રેરક જ હતો. અસ્તુ.

આ પ્રમાણે સઘળું નિષ્કંટક થયા પછી નિષ્કંટક પરિસ્થિતિ પ્રાપ્ત કરેલી રશિયાને દેશમાંની આર્થિક પરિસ્થિતિ સુધારવાને તેણે પ્રયત્ન શરૂ કર્યો. એણે તમામ જમીનદાર અને મૂડીવાદીઓની

[illegible] કામની
જમીનો તેમજ [illegible] કારખાનાં વગેરે [illegible] અને મજુરવર્ગને [illegible]
છે, એવું જાહેર કર્યું. [illegible]
પ્રમાણે તે બધાં [illegible] લેવાયાં. [illegible]
મેળવવાને માટે એનું ધ્યાન [illegible] આ નિયમ
મુજબ વખતમાં લેનિનના અમલ [illegible] સન ૧૯૨૧ ની [illegible] દુકાળ
પડ્યો. વરસાદના અભાવે આ દુકાળ પડ્યો નહોતો; પણ લેનિનના [illegible]
ખેડૂત વર્ગના [illegible] ન આવવાથી [illegible] કરતાં
ઓછું પકવ્યું તો તે [illegible]
અધિકાર એટલે એ કરવાથી જ આ દુકાળ પડ્યો હતો. લેનિને [illegible]
પાછો ખેંચી લીધો; કારણ પ્રજાના [illegible]
તેણે વિચાર કર્યો. [illegible] ઉપાયયોજનાથી [illegible]
ચિત્ત [illegible] નહિ; પણ [illegible] લેનિનનો
મત હતો. આથી અનેક વાર તેના ને તેના અનુયાયીઓની વચ્ચે [illegible]
ટ્રોટ્સ્કીને આ [illegible] પસંદ નહોતું; [illegible] લેનિનની [illegible] કરી નહિ.
એ લક્ષમાં લેવા જેવું છે. ઉપર જણાવેલા દુકાળ પછી લોકોને ક્રમે ક્રમે [illegible]
સાથ એવી નવીન યોજના લેનિને રચી કાઢી ને અમલમાં પણ આણી. આ યોજનાને 'ન્યુ
ઈકોનોમિક પૉલિસી' કહેતા અને તેનોજ અમલ હમણાં રશિયામાં ચાલુ છે.

આ પ્રમાણે દિવસો જતા હતા એટલામાં સન ૧૯૨૪ ના જાન્યુઆરી મહિનામાં લેનિનની ઇહલોકની યાત્રા પૂરી થઈ. તે પુષ્કળ દિવસ આજારી હતો. હવે પોતે બચવાનો નથી, એવું જોઇને તેણે એક મૃત્યુપત્ર લખી રાખ્યું અને પોતાની પછી રાજ્યતંત્રની બોલ્શેવિકોની આગેવાની સ્ટૅલિનને આપવી, એમ તેણે નક્કી કરી રાખ્યું.

લેનિનની યોગ્યતાનું થોડામાં વર્ણન કરવું હોય તો તેના શિષ્યના એટલે ઝિનોવ્હિવના શબ્દોમાં આ પ્રમાણે કરી શકાય. ઝિનોવ્હિવ કહે છે.–

"કૉમ્રેડ લેનીન એ અગ્નીની જ્યોત અને ક્રોકડીના દિવસોમાં હાજર ન હોત તો અમારા ભાગ્યમાં શું થયું હોત તે કહી શકાય તેમ નથી. તેઓ કાર્લ માર્ક્સના સિદ્ધાંતોના અદ્ભુત પ્રચારક હતા."

જે ગરીબ અને ત્રસ્ત થયેલી પ્રજાને માટે તેણે આટઆટલો ત્રાસ વેઠ્યો ને સમાજમાં સમતા પ્રવર્તે એટલા સારુ અટ્ટહાસ કર્યો, એ સમાજનાં સર્વ સુખદુઃખો તે બોલ્શેવિક રાજ્યપદ્ધતિનો અધ્યક્ષ થયો ત્યારે પણ તેણે સહન કર્યાં. તેને કોઇ એ. ડી. સી. નહોતો, રહેવાને રાજમહેલ નહોતો, બેસવાને ગાદીતકિયા નહોતા, પહેરવાને ઉંચી જાતનાં કપડાં નહોતાં અને પાસે એક કપર્દિકા સુદ્ધાં નહોતી! મેલાંઘેલાં કપડાં, કુરૂપ ચ્હેરો, વક્તૃત્વશક્તિ વિશેષ નહિ; આવો તે એક સાદો પુરુષ હતો; પણ તેના મસ્તકમાં સાક્ષાત્ બુદ્ધિમત્તા, હૃદયમાં પ્રજાસંબંધીની લાગણી, બાવડાંમાં પરાક્રમ, રક્તમાં મુડીવાદીઓની ચીડ અને છાતીમાં અથાગ સાહસ અને ધૈર્ય વાસ કરતાં હતાં. આ આપમતલબી જગમાં બાળક, સ્ત્રીઓ અને નિર્ધન પ્રજાના જેટલી દુર્દશા અને ત્રસ્ત-હાલત બીજા કોઈ પણ વર્ગની નથી. એ પૈકી એકેકની દુરાવસ્થા દૂર કરવા સારુ હજારો આગેવાનોએ આજ હજારો વર્ષથી પ્રયત્ન ચાલુ કર્યો છે; પણ એકીસાથે આ ત્રણે પ્રચંડ કાર્ય એકદમ હાથમાં લઇને તેને પુષ્કળ પ્રમાણમાં ને થોડા કાળમાં કોઇએ સાધી કર્યાં હોય તો તે એકલા મહાત્મા નિકોલાય લેનિનેજ. ઉપલા ત્રણે વર્ગની દુર્દશાનો નાશ કરી તેમની પ્રતિષ્ઠિ કરી બતાવનારા લેનિનને તેમણે પ્રત્યક્ષ ઈશ્વર માન્યો હોય તો તેમાં કંઈજ ગેરવ્યાજબી થયું નથી, એમજ કોઇ પણ કબુલ કરશે.

લેનિન આશરે ત્રેપન વર્ષની વયે મૃત્યુ પામ્યો. તેની સ્ત્રી હયાત હોઇ શિક્ષણની બાબતમાં તે હમણાં ઉત્તમ કાર્ય બજાવે છે. લેનિનને યોગ્ય એવીજ તે ખરી સહધર્મચારિણી છે.

ટ્રૉટ્સ્કી

બોલ્શેવિક ત્રિમૂર્તિ પૈકી લેનિન પછીની મહત્ત્વની મૂર્તિ તે લીઓન ટ્રૉટ્સ્કીની છે. ટ્રૉટ્સ્કી-

એ પણ લેનિનની પેઠેજ ધારણ કરેલું ઉપનામ છે. તેનું ખરૂં નામ લીઑન ડેવિડોવિચ બ્રૉનસ્ટીન છે. તેનો જન્મ ઇ. સ.૧૮૭૯ ની સાલમાં થયો. તે જાતે ખરો રશિયન નહિ પણ યહુદી હતો. તે એક મોટા શ્રીમંત જમીનદાર અને કારખાનાવાળાનો છોકરો હતો. પુત્રનાં લક્ષણ પારણામાંથીજ જણાય છે, તે પ્રમાણે ટ્રોટ્સ્કી સાત વર્ષનો હતો એ વખતે તેનું ભવિષ્ય તેના માબાપને સમજાઇ ચૂક્યું હતું. એક વખત એક ખેડુતનો ઘોડો ભડકીને નાઠો તે ટ્રોટ્સ્કીના પિતાના ખેતરમાં પેઠો; તેથી તેના બાપના નોકરે એ ઘોડાને પકડીને બાંધી મૂક્યો. ઘોડાનો માલીક રડતો અને દોડતો આવ્યો. તેણે બ્રૉનસ્ટીન સાહેબને ઘોડાને છોડી દેવા પગે પડીને વિનવણી કરી; પણ બધું ઉંધા ઘડાપર પાણી નાખવા જેવું થયું. બ્રૉનસ્ટીન સાહેબે ઉલટો ખેડુત પાસેથી નુકસાની બદલ દંડ માગ્યો. નાનકડો લીઑન આ બધો પ્રકાર જોતો હતો. ગરીબ બિચારા ખેડુત-પર પોતાનો પિતા જુલમ કરે છે એવું તેના મનમાં ઠસ્યું ને તે ત્યાંથી જે નીકળ્યો તે ઘેર આવી પોતાની ઓરડીમાં ઓશિકામાં મોં ઘાલી રડતો બેઠો. જમવાનો વખત થયો, ઘંટ વાગ્યો; પણ ભોજનાગારમાં લીઑનનો પત્તો નહિ. એના બાપના ધ્યાનમાં એ બધો પ્રકાર આવ્યો. લીઑનને ગુસ્સે થઇ ચાલ્યો જતાં તેણે જોયો હતો. તે પોતાની ઓરડીમાં રડતો બેઠો છે, એવું જ્યારે તેની માએ તેના બાપને કહ્યું ત્યારે તે બોલ્યો કે "એ છોકરાને કહો કે, પેલો ખેડુત પોતાનો ઘોડો લઇ ગયો છે ને તેણે એક પાઇ પણ દંડ આપ્યો નથી. આમ તેને કહે, એટલે તે મૂંગેમોઢે જમવા આવશે. અને થયું પણ તેમજ. સારાંશ, ટ્રોટ્સ્કીને ખેડુત અને મજુરવર્ગસંબંધે બચપણથીજ લાગણી ઉત્પન્ન થઈ હતી.

લીઑન નવ વર્ષનો થયો, ત્યારે તેને ઓડેસાની નિશાળમાં મોકલવામાં આવ્યો. ત્યાં પણ આ છોકરાએ અનેક પ્રતાપ ગજાવ્યા. ઓડેસાનો શિક્ષણક્રમ પૂરો થયા પછી લીઑન આગલા શિક્ષણમાટે નિકોલિવ્હ ગામે પોતાના કાકાને ત્યાં આવ્યો. આ કાકાનો પોતાના ભત્રીજા ઉપર તેની બુદ્ધિમત્તાને લીધે બહુ પ્રેમ હતો. બાપનું કડવાપણું અહીં ન હોવાથી લીઓન થોડાજ વખત-માં એક ગુપ્તમંડળમાં પ્રવેશ્યો. આ મંડળની આગેવાની અલેક્ઝાંડ્રા લેવાની હતી. આ મંડળમાં ઝિફ, સોવોસ્કી બંધુ (અલેક્ઝાંડ્રાના નાના ભાઇ) વગેરે લોક હતો. અલેકઝાંડ્રા કાર્લ માર્ક્સના મતની અનુયાયિની હતી. પ્રથમ પુષ્કળ વર્ષસુધી લીઓનનો મત કાર્લ માર્ક્સની સાથે બધી રીતે મળતો નહોતો. એક વાર તો તેણે ભરસભામાં અલેક્ઝાંડ્રાનું કુત્સિતપણાથી ને શિષ્ટાચાર છોડીને અપમાન કર્યું હતું; પરંતુ પછીથી તે કાર્લ માર્ક્સનો કટ્ટર અનુયાયી બન્યો. આ બીના જ્યારે અલેક્ઝાંડ્રાના જાણવામાં આવી, ત્યારે તે તેને ખરી પણ લાગી નહિ. જે અલેક્ઝાંડ્રાની સાથે લીઑનની વારંવાર ટપાટપી થતી, તેનીજ સાથે આગળ જતાં તેનું લગ્ન થયું. આ પણ એક યોગાયોગજ કહેવાય.

બાપના અને લીઑનના મતભેદને લીધે તેમની વચ્ચે થોડાજ વખતમાં અણબનાવ થયો. બાપના મનમાં છોકરાએ સિવિલ ઇંજીનીયર થવું, એવી ઇચ્છા હતી ને તેવું તેણે લીઑનને જણાવ્યું પણ ખરૂં; પણ છોકરાએ દેશની દુઃસ્થિતિપર એક લાંબુ લચક વ્યાખ્યાન આપીને બાપના કથનને સ્પષ્ટ શબ્દોમાં નાકબૂલ કર્યું. તેથી "તારે કાં તો આ પરીક્ષા આપવી જોઇએ કિંવા મારા પૈસાપર ચેન કરવાનું છોડી દેવું જોઇએ" આવો તેને તાકીદનો સંદેશો તેના બાપે મોકલ્યો. પછી શું ? તેજસ્વી પિતાનો તેજસ્વીજ છોકરો તે ! ત્યાર પછી તેણે યાવજ્જીવ બાપની પાસેથી એક કપર્દિકા પણ લીધી નહિ. ટ્રોટ્સ્કીએ શિક્ષણને રામરામ કર્યા ને ખુલ્લી રીતે ઝાર-શાહી વિરુદ્ધ ચાલેલી ચળવળમાં સામેલ થયો. બાપની સાથે થયેલી વઢવાડ તેને જાહેર રીતે લેનિનપક્ષમાં જઇ મળવાને કારણરૂપ બની. તેના સુપ્ત તેજને ચમકી ઉઠવાને તે એક અગ્નિ-સ્ફુલિંગજ નીવડી એમ કહેવું જોઇએ.

ક્રાન્તિકારકોની ચળવળમાં પેઠા પછી ટ્રોટ્સ્કીના અંગનું તેજ વિશેષ ચમકવા લાગ્યું. તેણે "સાઉથ રશિયન વર્કર્સ યુનિયન" નામની સંસ્થા સ્થાપન કરીને તે સમતાવાદનો ઉપદેશ ખુલ્લી રીતે કરવા લાગ્યો. અજ્ઞાની લોકોને સમતા જોઇતી હોય છે; પણ સમતાવાદ એ શો પદાર્થ છે, એ તેમને સમજાતુંયે નથી ને કહેતાં તો બીલકુલ આવડતુંજ નથી. આવાઓને કેવળ ભાષણો

આપીને મળાવવામાં કંઈ શક નથી, કેમ ટ્રોટ્સ્કીએ લખ્યું છે કે તેના મનમાં એક સૂત્રો નામનો [illegible] હતો, તે [illegible] વ્યાખ્યાનમાં [illegible] ઉત્તમ રીતે [illegible] કરતો, તે [illegible] એક [illegible] મૂકીને તે લોકોને કહેતો કે 'આ [illegible]' [illegible] બીજાં મૂકીને તે કહેતો કે 'આ તેના દિવસ અને [illegible]?' [illegible] આસપાસ બીજાં [illegible] મૂકીને તે કહેતો કે 'આ [illegible]' આ પ્રમાણે તે બીજાં મૂકતો જાય ને વ્યાપારી, વકીલ, [illegible], [illegible], [illegible], મજૂર, વગેરેની રચના કરતો ને ઉપર બધાં બીજાને ભેગાં કરી આ [illegible] કહેતો કે "હવે મને કહો કે, આમાં ક્યાં કયો? દિવાન ક્યાં? સેનાપતિ ક્યાં ને મુખિયારી [illegible]?" અર્થાત્ 'બધા એક થયા, બધા મરવા હયા!' આવો [illegible] [illegible] [illegible] કહેતો કે "આજે તો સમાનતા! હવે તે તમારા હાથમાં આવ્યો છે! આ [illegible] તમને [illegible] આમે તેજ કરવા [illegible]—અને એજ પવિત્ર કામમાં—તમારા [illegible] કામમાં અમને તમે મદદ કરો." આ પ્રયોગની લોકોના મનપર ઉત્કૃષ્ટ છાપ પડતી ને તેના વ્યાખ્યાનનો મર્મ નાના-મોટા, સજ્ઞાન-અજ્ઞાન, એવા સર્વ પ્રકારના લોકોના ધ્યાનમાં ઝટ ઠસીને આવતો.

જલદીથીજ ટ્રોટ્સ્કીને ક્રાન્તિકારકતાથી પકડવામાં આવ્યો ને તેની સ્વતંત્રતા નિકોલીએવની ટુરંગમાં કરવામાં આવી. ત્યાંથી બે મહિને તેનો છુટકારો થયો; પરંતુ એકવારથી તેની સજાનો કેવી રીતે અંત થાય? પુનઃ તેને પકડવામાં આવ્યો ને ઓડેસાની અંધેરી ટુરંગમાં તેને પૂરવામાં આવ્યો. આ સ્થળે થયેલા હાલહવાલનું તેણે બહુ સરસ વર્ણન કર્યું છે. એની જોડીદાર એલેકઝાંડ્રાને પણ પકડવામાં આવી હતી. તેનો છુટકારો ઇ. સ. ૧૮૯૭માં થવા પામી ત્યારબાદ બે વર્ષ એલેકઝાંડ્રા અને ટ્રોટ્સ્કીનું લગ્ન થયું. તેના બાપને આ લગ્ન પસંદ પડ્યું નહિ ને તેણે પીટર્સબર્ગના જ્યુડીશિયલ ખાતાના દિવાનને તાર કરીને આ લગ્ન ન થવા દેવું, એવી વિનંતિ કરી હતી; પરંતુ ઓડેસાની ટુરંગ-નિવાસમાંજ આ લગ્નનો વિચાર નક્કી થયેલો હોવાથી કોઈનું કંઈ ચાલ્યું નહિ. આ લગ્નમાં વિદ્રોહના એજ હતી કે, તેના મૂળમાં કેવળ વૈષયિક પ્રેમ નહોતો. બન્નેનું ધ્યેય અને કાર્ય એકજ હોવાથી એકત્ર રહીને તે એકબીજાની મદદથી કરી શકાય એ પણ તેમનો આ લગ્નના મૂળમાં હેતુ હતો.

ઇ. સ. ૧૯૦૦ માં વળી તેને ફરીથી પકડવામાં આવ્યો ને સૈબિરિયામાં હદપાર કરવામાં આવ્યો. સૈબિરિયાના નિવાસમાં ટ્રોટ્સ્કીએ અનેક ગ્રંથો વાંચ્યા ને અનેક લેખો લખીને 'ઇસ્ટર્ન રિવ્યુ' નામના માસિક તરફ મોકલ્યા. આ હદપારીમાં ટ્રોટ્સ્કીએ પોતાની કલમ મજબૂત કરીને આગલા કાર્યની રૂપરેખા પણ તૈયાર કરી.

એ વખતમાં લંડનમાંથી 'ઇસ્ક્રા' નામનું વર્તમાનપત્ર બોલ્શેવિક મતનો પ્રચાર કરતું હતું. આ પત્ર લેનિને પોતાના પાંચ અનુયાયીઓની મદદથી ચાલુ કર્યું હતું. ટ્રોટ્સ્કીની કાર્યકુશળતા અને કીર્તિ અત્યાર અગાઉજ લેનિનના કાને ગઇ હતી; પરંતુ લેનિન પોતે હદપારીએ અને ટુરંગવાસ ભોગવતો હોવાથી અદ્યાપિ આ બે અદ્વિતીય ગુરૂશિષ્યની મુલાકાતનો યોગ આવ્યો નહોતો. ટ્રોટ્સ્કી પોતે લેનિનની માનસપૂજાજ આજ સુધી કરી રહ્યો હતો. પ્રત્યક્ષ મુલાકાતનો યોગ થી વિશ્વામિત્ર રામદાસની પેઠે બહુ મોડો આવ્યો. લેનિન અને ટ્રોટ્સ્કી વચ્ચે મુલાકાતનો યોગ 'ઇસ્ક્રા' વર્તમાનપત્રેજ આણ્યો. ક્રાન્તિકારક પક્ષે લેનિનને મળવા સારૂ ટ્રોટ્સ્કીને લંડન મોકલ્યો. ટ્રોટ્સ્કી મળસ્કાના ચાર વાગે લંડન પહોંચ્યો ને સીધો લેનિનને ઘેર જઈ પહોંચ્યો ને પોતાના નિર્ભય સ્વભાવ પ્રમાણે એટલી મોડી રાત્રે પણ જોરથી દરવાજો ખખડાવવાની શરૂઆત કરી. કોઇની ઊંઘ ઉડશે એવી તેને બીક લાગી નહિ. નાડીઝા કોન્સ્ટન્ટિનોવ્હા એટલે લેનિનની સ્ત્રી જાગી ને દરવાજો ઉઘાડીને તેણે ટ્રોટ્સ્કીને અંદર લીધો. લેનિને 'ઇસ્ક્રા' વર્તમાનપત્ર પૂરતું ટ્રોટ્સ્કીનું 'પીરો' એવું નામ રાખ્યું હતું. બન્નેની પરસ્પર ભેટ થયા પછી લેનિને 'આપણો પીરો આવ્યો' એમ પોતાની સ્ત્રીને મોટા આનંદથી કહ્યું. આ ખીના સન ૧૯૦૨ ના ઑક્ટોબરમાં

બની. ત્યાર પછી આ ગુરુશિષ્યનો સંબંધ આજીવન રહ્યો. આ બન્ને વચ્ચે હમેશાં મતભેદના પ્રસંગ બનતા રહ્યા; પરંતુ લેનિનનો ટ્રોટ્સ્કીપરનો પ્રેમ અને ટ્રોટ્સ્કીની લેનિનસંબંધેની ભક્તિ એમાં રતી જેટલો પણ કદી ફરક પડ્યો નહિ. ટ્રોટ્સ્કી પોતે લેનિનના મુખ્ય સેક્રેટરીતરીકે છેવટ સુધી રહ્યો. લેનિન અને ટ્રોટ્સ્કીએ સન ૧૯૧૭ના નવેમ્બરમાં કેરેન્સ્કીના પ્રમુખપણા નીચેની પ્રોવિઝનલ ગવર્નમેંટ ઉથલાવી નાખી બોલ્શેવિક અમલ જાહેર કર્યો. ટ્રોટ્સ્કી જેમ લેનિનનો સેક્રેટરી હતો, તેમ તે રશિયન શાન્તિરક્ષક સૈન્યનો મુખ્ય સેનાપતિ પણ હતો.

આગળ જતાં ૧૯૨૧ માં મજુર અને ખેડુતોના અજ્ઞાનને લીધે ભયંકર દુષ્કાળ પડ્યો; તેથી લેનિને 'ન્યુ ઇકોનૉમિક પૉલિસી' રાજ્યમાં શરૂ કરી. લેનિન ને ટ્રોટ્સ્કી વચ્ચે સૌથી મોટો મતભેદ આ [illegible] થયો. તે કહેતો કે, જુની પૉલિસીમાં ફેરફાર કરવો નહિ. ત્યારે લેનિન કહેતો કે, લોકોની સગવડને આધારે તે કરવો જોઈએ. આ વિરોધ છેવટ સુધી ટક્યો. લેનિન જીવતો હતો ત્યાંસુધી માત્ર ટ્રોટ્સ્કીએ પોતાના વર્તનમાં જરાયે ફેર કર્યો નહિ ને પોતાના ગુરુની આજ્ઞા અક્ષરશઃ પાળી. લેનિન ૧૯૨૪માં મરણ પામ્યો. મરતાં પહેલાં ટ્રોટ્સ્કીનો વિરોધ જોઈને તેનું પર્યવસાન શેમાં થશે, એ તેને સમજાઈ ગયું હતું, તેથી પોતાની પાછળ બોલ્શેવિક અધિકારનાં સૂત્રો અને આગેવાની તેના બીજા મુખ્ય શિષ્ય સ્ટાલિનના હાથમાં જાય એવું તેણે જાહેર કર્યું; પણ ટ્રોટ્સ્કી ઉપરનો તેનો પ્રેમ માત્ર છેવટ સુધી કમી કર્યો નહિ. તે તેની યોગ્યતા અચ્છી રીતે ઓળખતો હતો. લેનિન મરણ પામ્યા પછી [illegible] લેનિને ટ્રોટ્સ્કીને જે પત્ર મોકલ્યો છે, એ ઉપરથી એ બીના ખુલ્લી થાય છે. તેમાં તે લખે છે:—

“ અને હું ખાસ કહેવા માગું છું તે એ છે કે:—વ્લેદીમીર ઈલીચ અને તમારી વચ્ચે–સાઇબીરિયાથી લંડનમાં આવ્યા ત્યારે–જે સંબંધ બંધાયો હતો, તે તેમના મૃત્યુપર્યંત ફેરફાર [illegible] ન હતો.”

જો કે લેનિને તેની બાબતમાં એમ કહ્યું છે કે, તે ચંચળ છે; પણ તેની તત્ત્વનિષ્ઠા અટળ છે ને તેનામાં [illegible] વિચાર પણ આવતો નથી. લોકોને ટ્રોટ્સ્કી સંબંધે બહુ માન હતું ને છે. [illegible] ટ્રોટ્સ્કીના નામનો નિર્દેશ કરવાનું થતાં લોકો પ્રેમપૂર્વક "[illegible]" એવા [illegible] નામથી કરતા; પણ તેની તત્ત્વનિષ્ઠા બહુ કડક હોવાથી [illegible] લેનિનના મૃત્યુ પછી રાજ્યાધિકારના [illegible] સામનામાં ફેર–[illegible] શક્યો નહિ ને તેને હદપાર થવું પડ્યું. સિવાય તે બોલ્શેવિકોનો [illegible] મિત્ર છે.

[illegible] મિશ્રણ થયેલું છે. તે [illegible] 'ટ્યુસ્કિન પૅલિયર' [illegible]

લોકોએ સ્ટૅલિનનેજ ઉંચકી લીધો. આથી ટ્રોટ્સ્કીનો પૂર્ણ પરાભવ થઈને આજ તે સૈબિરિયામાં હદપારીની શિક્ષા ભોગવી રહ્યો છે.

સ્ટૅલિન

બોલ્શેવિક ત્રિમૂર્તિ પૈકી ત્રીજી વીર વ્યક્તિ તે સ્ટૅલિનની છે. સ્ટૅલિન નામ પણ લેનિન ટ્રોટ્સ્કીના નામ પ્રમાણે સાંકેતિક નામ છે. તેનું ખરું નામ જોસેફ વિસારિઓનોવિચ જુગાવેલી છે. એમ કહેવાય છે કે, જુગાવિલીની લોખંડનાં જેવી દેહયષ્ટિ અને દૃઢનિશ્ચયી સાહસી સ્વભાવ જોઈને લેનિને તેનું નામ સ્ટૅલિન પાડયું. સ્ટૅલિન શબ્દનો અર્થજ મૂળમાં સ્ટીલ–પોલાદ એવો છે. સ્ટૅલિનનો સ્વભાવ શાન્ત અને ગંભીર છે. તેને વિશેષ બોલવું ગમતું નથી. રાજકારણની ચળવળમાં બે પ્રકારના લોક નજરે પડે છે. વિશેષ ન બોલનારા ગુપ્તકારસ્થાની અને આવેશયુક્ત ભાષણો આપી લોકોમાં ક્ષોભ ઉત્પન્ન કરનારા પ્રચારક પૈકી સ્ટૅલિન એ પહેલા પ્રકારનો આગેવાન છે અને ટ્રોટ્સ્કી એ બીજા પ્રકારનો છે. કોઈ પણ જાતની જાહેરાત ન કરતાં મૂંગેમોંઢે કામ કરવાની સ્ટૅલિનને એવી જબ્બર ટેવ છે કે, વર્તમાનપત્રમાં તે કદી લખતો નથી ને સભામાં વ્યાખ્યાનો આપતો નથી. વધુ તો શું પણ રશિયાની બહાર એ વિશેષ પ્રસિદ્ધ પણ નથી.

આવો આ રશિયાનો આજનો અધ્યક્ષ, લેનિનનો મુખ્ય શિષ્ય, ટ્રોટ્સ્કીનો વિરોધી ગુરુબંધુ જોસેફ સ્ટૅલિન ઇ.સ. ૧૮૭૯ માં કૂટેસ નામના પ્રાંતમાં એક ખેડૂતના કુળમાં જન્મ્યો. લેનિન જાતિનો સ્લાવ, ટ્રોટ્સ્કી જ્યૂ એમ સ્ટૅલિન પણ અસલ રશિયન ન હોઈ જ્યોર્જીયન છે. સ્ટૅલિનના બાપની ઇચ્છા જોસેફે ધર્મશાસ્ત્ર શીખીને પાદરી થવું એવી હતી; પણ ભવિતવ્યતા કાંઈ જુદીજ હતી. સ્ટૅલિનના ગુરુજીને આ છોકરામાં કાંઈ જુદુંજ પાણી દેખાયું ને તે તેનાથી એટલા બ્હીન્યા કે તેમણે સ્ટૅલિનની ચર્ચશાળામાંથી બહુ ઉતાવળે હકાલપટ્ટી કરી નાખી ઇ. સ. ૧૯૦૬—૦૭ માં તે ક્રાન્તિકારકોને મળ્યો ને તેમની લંડન તેમજ સ્ટૅાકહોમની પરિષદોમાં હાજર રહ્યો. ત્યાર પછી ઝારની પોલીસ તેની પાછળ લાગી. ત્યાર પછીનો સન ૧૯૧૭ સુધીનો તેનો ઇતિહાસ પકડ, ધરપકડ, કુરંગવાસ, હદપારી અને નાસી છૂટવું, આવા પ્રસંગોથી ભરેલો છે. છેવટે ૧૯૧૭ માં તે મિલિટરી રિવ્હોલ્યુશનરી કમિટિમાં એક પ્રમુખ અમલદાર થયો. કૅરેન્સ્કીનો પરાભવ કરીને ક્રેમલિન અને પેટ્રોગ્રેડ હસ્તગત કરવામાં ને છેવટે બોલ્શેવિક સત્તા સ્થાપન કરવામાં લેનિનને ટ્રોટ્સ્કીના જેટલીજ સ્ટૅલિનની મદદ થઇ હતી. સ્ટૅલિનની ધાટી અસામાન્ય હતી. તેનો ક્રાન્તિકારકોની સાથે ખરેખરો મેળાપ સન ૧૯૧૭ માંજ થયો ને પોતાની કર્તવ્યગીરીથી તેણે લેનિનની કૃપા એટલી મેળવી કે જેના તેના મ્હોંએ ‘લેનિન સ્ટૅલિનનો વિશ્વાસ રાખે છે, પણ સ્ટૅલિનને કોઇનો ભરોસો નથી.’ આ વાક્ય બેસી ગયું હતું. છેવટે તેને રાજ્યનો યુવરાજ કહેવાને એ લોકોએ કમી કર્યું નહિ.

લેનિનના મૃત્યુ પછી સ્ટૅલિન, ઝિનોવિફ અને કામીનીવનો એક પક્ષ અને ટ્રોટ્સ્કીનો એક પક્ષ આવા બે વિરોધી પક્ષ નિર્માણ થયા ને તેમની ઝટાપટ શરૂ થઇ. છેવટે સ્ટૅલિનનો વિજય થઈને તેણે ટ્રોટ્સ્કીને રાજીનામું આપવાની ફરજ પાડી; એટલુંજ નહિ પણ તેને તેણે સૈબિરિયામાં હદપારી શિક્ષા ભોગવવાને મોકલી દીધો. આજની ઘડીએ સ્ટૅલિનજ સોવિયેટ રાજ્યનો ચાલક હોઇ તે પોતાના ગુરુ લેનિનના ધોરણ પ્રમાણે રાજકારભાર ચલાવે છે. તેની સાથે સર્વ રશિયન પ્રજા સુપ્રસન્ન છે. તે પોતાના લોકોમાં તો પ્રિય છેજ, પણ પરાયા દેશમાંના લોક પણ તેના પરાક્રમ અને અકળ સત્તાની બાબતમાં સાદર અને સવિસ્મય ઉદ્‌ગાર કાઢે છે. એક સુપ્રસિદ્ધ લેખક તેની બાબતમાં કહે છે:—“એક એશિયાવાસીનો રશિયાપરનો લોખંડી કાબુ તેના પોલાદી નામને સાર્થક કરે છે.”

(“ચિત્રમય જગત”ના ‘રશિયા અંક’માંથી)

૭૫-રશિયાનો શિક્ષણપ્રયોગ

" રશિયામાં આજ બધીજ બાબતોમાં ક્રાન્તિનો અમલ ચાલુ છે, પણ શિક્ષણવિષયક મતમાં તેણે કરેલા ફેરફાર બધાના કરતાં વિશેષ ધ્યાન ખેંચનારા છે. " બ્રિટીશ ટ્રેડ યુનિયનના શિષ્ટમંડળે રશિયામાં ચારે તરફ પ્રવાસ કરી પ્રત્યક્ષ નજરે જોયેલી સ્થિતિનો જે રિપોર્ટ લખ્યો છે તેમાંનાજ આ ઉદ્ગાર છે. તેવીજ રીતે અમેરિકાના શિક્ષણપ્રેમી લેખક સ્કૉટ નિયરિંગે પણ રશિયામાં ફરી આવી ત્યાંના શિક્ષણપર જે પુસ્તક લખ્યું છે તેમાં તે કહે છે કે, રશિયા એ આજના જમાનામાં "શિક્ષણવિષયક સર્વ પ્રકારના પ્રયોગોની જગતમાંની અત્યંત મોટી પ્રયોગશાળા હોઈ કલ્પનાની સામે તરતાં ધ્યેયોને કૃતિમાં ઉતારવાનો રશિયન લોકોનો આત્મવિશ્વાસ અને ભગીરથ પ્રયત્ન જોઇને મન આશ્ચર્યચકિત થઈ જાય છે. " આવી જાતના નવલ ઉદ્ગાર જે શિક્ષણપ્રયોગની બાબતમાં સંભળાય છે, તે શિક્ષણપ્રયોગમાંનું વૈશિષ્ટય તે શું છે, એ વધુ નહિ તો કલ્પનાવડે પણ જાણવું આપણા હિંદુસ્થાનમાંના શિક્ષકોને જરૂરનું છે. તો પુસ્તકવાચનથી અને મને આવેલી કલ્પના આજના 'રશિયા અંક'ને નિમિત્તે મારા વ્યવસાયબંધુઓની સામે સંક્ષેપમાં રજુ કરવાનો પ્રયત્ન કરૂં છું.

હમણાંની નવી એટલે મજુર સરકારે 'શિક્ષણક્ષેત્રનું નિરીક્ષણ કરતાંની સાથે તેની આંખમાં પ્રથમ જે બાબત વિશેષ ખુંચી તે નિરક્ષરતાનું ભયંકર પ્રમાણ. થોડામાં કહીએ તો આ બાબતમાં રશિયા, હિંદુસ્થાનના ઉત્તર તરફનો ભાગ શોભવા જેવોજ હતો.

પહેલાંનું ઝારનું રાજ્ય એટલે તે 'સ્વ'રાજ્યજ, છતાં પણ આ 'સ્વ'રાજ્યના એક ફરમાનમાં સ્પષ્ટ લખ્યું છે કે, મીઠું જેમ થોડા પ્રમાણમાં વાપરવાથી તે ઉપયુક્ત હોય છે, તેવુંજ શિક્ષણનું પણ. કરા થોડા લોકોને તેની આવશ્યકતાઓનું તારતમ્ય જોઇને તે આપવામાં આવે તોજ તે ફાયદાવાળું, નહિ તો સૌ કોઇને લખતાં વાંચતાં શીખવવામાં આવ્યું તો અનર્થ થશે. નવી સરકારને આ મર્જિત અનર્થનો અર્થ સારી રીતે સમજાયો ને તેણે માત્ર દશ વર્ષની અંદર સેંકડે ૧૦ સાક્ષર ને ૯૦ નિરક્ષર આ પહેલાંનું પ્રમાણ બરાબર ઉલટું કરી બતાવ્યું છે. સિવાય શિક્ષણમાં માત્ર શાળામાંનું પાટી-પેનનું શિક્ષણ એટલોજ અર્થ ન લેતાં તેમાં મનપ્રચારનાં સર્વ સાધનોનો અંતર્ભાવ કરવાનું તેણે યોજ્યું ને એ યોજના પ્રમાણે રશિયાના શિક્ષણખાતામાં હમણાં શાળા, વર્તમાનપત્ર, સિનેમા અને નાટકગૃહો, આ બધાનો એકસમવાયે અંતર્ભાવ કરવામાં આવે છે. તેવીજ રીતે આ બધામાંથી કયા મતોનો પ્રચાર કરવામાં આવવો જોઇએ તે, આ બધાઓના પ્રતિનિધિઓની સામુદાયિક કમિટિ તરફથી નક્કી કરવામાં આવે છે.

આ સંબંધમાં બીજા ભાગમાંના શિક્ષણસંબંધિજ બે શબ્દ લખવાના છે. રશિયામાંની સરકાર એ નિર્ભેળ '[illegible]' સામયિક માલમત્તાના વિશિષ્ટ તત્ત્વપર તેને સમાજની પુનર્ઘટના કરવાની છે. આ પુનર્ઘટનાનો પ્રયોગ યશસ્વી કરવાને લશ્કરી સામર્થ્ય આવશ્યક છે આ જેવો તેનો સિદ્ધાંત છે, તેવો જ તે પ્રયોગની બાબતમાં જનતાના મનમાં પ્રેમ આદર ઉત્પન્ન કરવા [illegible] ઉપયોગ [illegible] એમ છે, એવો [illegible] 'ઉદાર' શિક્ષણને માટે તેને [illegible] પ્રશ્ન નથી. [illegible] શિક્ષણ એ એક પ્રમુખ સાધન છે, [illegible]

[illegible]

[illegible] " [illegible] "

આ કાલિદાસોક્તિ પ્રમાણે બાળક જન્મે ત્યારથી તેની તમામ કાળજી સરકાર એટલે સમાજે રાખવી જોઈએ તેમનું નિદાન ધ્યેય છે—અર્થાત્ પહેલાં ત્રણ વર્ષ સુધી બાળક આરોગ્ય મંડળની દેખરેખ નીચે હોય છે. પછી ત્રણથી આઠ વર્ષની વય સુધી કિંડરગાર્ટન નિશાળોમાં તેની વ્યવસ્થા કરવામાં આવે છે. આ પદ્ધતિમાં છોકરાંઓને હરવાફરવાને ને રમવાને જોઈતાં બગીચા અને મેદાનો પ્રત્યેક નિશાળોનાં સ્વતંત્ર હોઈ કેટલાકોના મળીને એકત્ર પણ હોય છે. સર્વ વ્યવહારની અંદર સામયિકપણું ને સહકાર્ય એ ધ્યેય હોવાથી વ્યક્તિપણું જેટલું નષ્ટ કરી શકાય તેટલું કરવાનો પ્રયત્ન છે.

પછી ૮ થી ૧૫ વર્ષની વયપર્યંતનાં બાળકોને માધ્યમિક નિશાળોમાં દાખલ કરવામાં આવે છે. ૧૫ થી ૧૯ પર્યંત પ્રત્યેકને કંઈ ને કંઈ ધંધો શીખવો પડે છે. ત્રીજા વર્ષે એ ધંધાનાં કારખાનાંઓમાં પ્રત્યક્ષ કામ કરવું પડે છે. તે કામ થોડું ઘણું હાથેથી કર્યું ને ધંધાની પ્રત્યક્ષ પિછાન થઈ ગઈ કે ત્રીસમે વર્ષે એ ધંધાનું ઉચ્ચ શિક્ષણ લેવા સારૂ વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ મળે છે. વિશ્વવિદ્યાલયનું શિક્ષણ પૂરૂં થયા પછી જેમને ઉચ્ચ સંશોધન કરવાનું હોય છે, એવાઓને માટે સંશોધન સંસ્થાનીએ વ્યવસ્થા છે. માત્ર આ સંસ્થા સુદ્ધાં વ્યવહારશૂન્ય પંડિતો ન થાય એટલા સારૂ તેની વ્યવસ્થા જૂદાં જૂદાં કારખાનાંઓમાંજ કરેલી હોય છે. સંશોધન માટે ખાસ શિષ્યવૃત્તિઓ હોય છેજ; પણ ઇતરત્ર સુદ્ધાં શિક્ષણ સંસ્થાઓમાં ગરીબને માટે ફીનું નામ પણ નથી હોતું. અર્ધશ્રીમંતોની પાસેથી અત્યાર સુધી ફી લેવાય છે ને અસલ ખાનદાન શ્રીમંતોને શિક્ષણ સંસ્થામાં આવવાનોજ પ્રતિબંધ છે—અર્થાત્ આ સંક્રમણાવસ્થાની યોજના છે. આજની મજુરોની સરકાર પૂર્ણપણે સ્થિરસ્થાવર થાય અને સામયિક માલીકનું તત્ત્વ વ્યવહારમાં ખુલ્લી રીતે ખેલવા લાગે, એટલે બધોજ વ્યવહાર પૈસા સિવાય થઈ શકશે, એવી કલ્પના છે. આજથી લે છે તે સુદ્ધાં માફકસરજ હોય છે. કિંડરગાર્ટનની શાળાના પ્રત્યેક વિદ્યાર્થી પાછળ દર મહિને માત્ર બે રૂબલ એટલે સરાસરી ત્રણ રૂપિયા ખર્ચ આવે છે; અને આ ખર્ચ સુદ્ધાં એકલા શિક્ષણનો નહિ પણ રહેવા તેમજ ભોજનખર્ચ વગેરેનો મળીનેજ હોય છે.

અભ્યાસક્રમમાં પણ નવીનતા નજરે પડે છે તે એ કે, આપણી શાળાઓની પેઠે ગણિત, ભૂગોળ, ડ્રોઇંગ વગેરે વિષય બીલકુલજ દેખાઈ આવતા નથી. એટલે આ સર્વમાન્ય વિષયોનું શિક્ષણ આપવામાં આવતું ન હોઇ આખા જગથી વિરૂદ્ધ એવું કંઇ પણ જૂદુંજ શીખવવામાં આવે છે, એવો તેનો અર્થ નથી; પણ આપણે જેમ પ્રત્યેક ધોરણમાં અમુક વિષય શીખવવા એમ ઠરાવીએ છીએ, તેવી વ્યવસ્થા રશિયન કાર્યક્રમમાં નથી. પ્રત્યેક ધોરણની અંદર વ્યવહારમાં નડનારા અમુક અમુક પ્રશ્ન ઉકેલતાં શીખવવું એવો તેમનો મત છે. આપણે ત્યાં અંગ્રેજી ચોથા ધોરણમાં વિદ્યાર્થીએ પ્રવેશ કર્યો કે તેને બીજગણિત, ભૂમિતિ વગેરે નવા વિષય શીખવા પડે છે કિંવા આગળ જતાં ઇંગ્લંડનો ઇતિહાસ, રસાયણશાસ્ત્ર વગેરે વિષય પણ તેની સામે આવીને ઉભા રહે છે; પણ રશિયન શિક્ષણના નિષ્ણાતોની વિચારસરણી એવી છે કે, છોકરાને પ્રથમ આજુબાજુના વ્યવહારનું નિરીક્ષણ કરવાને શીખવવું, એ મુખ્ય બાબત. પછી તે નિરીક્ષણ શરૂ થયું કે તેને અનેક અડચણો ભાસવા લાગશે; અને એ અડચણો જેમ જેમ ભાસતી જશે, તેમ તેમ તેમાંથી પાર પડવાનું જ્ઞાન આપી શકાય એવો કાર્યક્રમ આંકવો જોઇએ. અને એને માટે વિષય નીમવાને બદલે વ્યાવહારિક પ્રશ્નસમુદાય (પ્રૉબ્લેમ્સ) નીમવા એવો તેમનો મત છે—અર્થાત્ કેટલીક મર્યાદાની પેલી તરફ કે જ્યાં પ્રાવીણ્યનિષ્ઠ શિક્ષણની શરૂઆત થાય છે ત્યાં પ્રશ્ન ઉપરથી વિષય ઉપર પુનઃ કૂદકો મારવો પડશેજ; પણ સાધારણતઃ માધ્યમિક શાળામાંના અભ્યાસક્રમમાં વિષયના કરતાં વ્યાવહારિક પ્રશ્નોથી વિદ્યાર્થીઓને વધુ કાર્યક્ષમ શિક્ષણ મળે છે, એવો રશિયનોનો મત છે, તેનો વિચાર કરવો.

પણ વ્યાવહારિક પ્રશ્ન સુદ્ધાં ચુંટવા કેવી રીતે? તો તેની પસંદગી કરતી વખતે મુખ્ય ધ્યેય તરફ લક્ષ રાખીને ત્રણ ક્ષેત્રો પસંદ કરવામાં આવ્યાં છે. તે એ કે, સૃષ્ટિવિજ્ઞાન, સમાજવિજ્ઞાન અને ધંધાવિજ્ઞાન. સમાજ, સૃષ્ટિ અને ધંધો, આ ત્રણનું જ્ઞાન વ્યક્તિમાત્રને હોવું આવશ્યક છે. આને મૂળભૂત સિદ્ધાંતતરીકે સ્વીકારીને એનાપર સર્વ શિક્ષણક્રમની રચના કરવામાં આવી છે.

(જૂના ઇતિહાસ–ભૂગોલાદિ વિષય કાઢી નાખીને સમાજ, સૃષ્ટિ અને વૃત્તિ, આ ત્રણ નવા વિષયજ રજુ કર્યા છે, એમ કહીએ તોપણ ચાલે.) આ નવી રચના પ્રમાણે અભ્યાસક્રમ કેવી રીતે આંકે છે એની કલ્પના આવવા સારૂ આશરે ચૌદ પંદર વર્ષની વયના–એટલે આપણે ત્યાંના લગભગ મૅટ્રિકના કહોને–વિદ્યાર્થીને શું શું શીખવું પડે છે તે જોઇએ.

(૧) પ્રથમ સૃષ્ટિવિજ્ઞાનના સદર નીચે વિષય લખ્યા છે તે આવાઃ—

अ— મનુષ્ય અને ઢોરઢાંખરનો જીવનક્રમ સમજવાને આવશ્યક રસાયન અને પદાર્થ–વિજ્ઞાનશાસ્ત્ર.

आ—ખાણો, ખનિજપદાર્થ અને જ્વાલાગ્રાહી, એનું સામાન્ય જ્ઞાન અને રશિયામાંની ખાણો–સંબંધે વિશેષ જ્ઞાન.

इ —ઉદ્યોગધંધામાં થતાં જનાવરો અને ખેતીવાડીનો માલ.

ई—પ્રાણિસૃષ્ટિમાંના માનવોનું સ્થાન–શારીર શાસ્ત્ર.

उ—શારીરિક અને માનસિક આરોગ્ય.

(૨) બીજું સદર ઉદ્યોગધંધાનું. એમાં નીચેની બાબતોનો સમાવેશ દેખાઈ આવે છેઃ–

अ—ખાણોમાંથી ખનિજપદાર્થ કાઢવાનું જ્ઞાન.

आ—નાની સરખી દુકાન કિંવા મોટું કારખાનું કેવી રીતે ઉભું કરવું અને ચલાવવું એનું જ્ઞાન. રશિયામાંનાં તેમજ બહારનાં કારખાનાંઓસંબંધી માહિતી. ઉદ્યોગધંધામાં તેમજ ઇતરત્ર કારખાનાંઓસંબંધી માહિતી. ઉદ્યોગધંધામાં જોઇતાં રસાયનો તથા યંત્રોની માહિતી.

इ—ખેતીવાડીમાં જોઇતું પ્રયોગજ્ઞાન.

ई—માનવવંશની દૃષ્ટિએ ભૂગોલનું જ્ઞાન. વ્યક્તિ અને સમાજ એ પરિસ્થિતિ ઉપજીવ્ય છે એની સમજણ.

उ—ધંધામાંનું આરોગ્ય અને સ્વચ્છતા.

(૩)—ત્રીજું સદર સમાજજ્ઞાનનું. એમાં નીચેની બાબતો નજરે પડે છેઃ—

મજુર અને મુડીવાળા, રોજંદારી અને મુડીશાહી, ખાનગી માલીકી અને મજુર–મજુરવર્ગની ખરી સ્થિતિ, થાપણવાળા અને જાગીરદારોની એકતા, મર્યાદિત રાજસત્તા, પૈસાવાળાઓના હાથમાં રમનારી નકલી લોકશાહી, અનર્થાવહ હરિફાઇ, મુડીવાદી અને મજુર વચ્ચેનો ઝગડો, ચાર્ટિસ્ટોની ચળવળ, ૧૮૪૮ ના વર્ષનો ઈતિહાસ, કમ્યુનિસ્ટોનું જાહેરનામું, મજુરોની સર્વરાષ્ટ્રીય સંસ્થા, ટ્રેડ યુનિયન્સ, રાજકીય પક્ષાપક્ષ, રશિયામાંની ૧૯૦૫ અને ૧૯૧૦ માંની ક્રાન્તિ વગેરે.

શિક્ષણક્રમનું સ્વરૂપ લક્ષમાં આવવાને આટલો નમુનો બસ થશે.

આ શિક્ષણક્રમના અભ્યાસસંબંધે હમણાં હમણાં વિશેષ ગાજી રહેલી જે ડૅાલ્ટન પદ્ધતિ તે સંબંધે રશિયામાં અનુભવ લઇ જોતાં રશિયનોનો એ પદ્ધતિસંબંધે એવો ગ્રહ થયો કે, એ પદ્ધતિમાં વિદ્યાર્થીને સ્વતંત્ર અભ્યાસ આંકી લેવો એ જે વિશેષ છે, એનાથી એકત્ર કામ કરવાની અભિરુચિ ઉત્પન્ન થતી નથી. વ્યક્તિ એ સ્વતંત્ર ન હોઇ સમાજનો ઘટક છે, એ રશિયન ધોરણમાંનું મહાસૂત્ર છે. આ ધોરણના વિરોધીતરીકે ડૅાલ્ટન પદ્ધતિને તેમણે છોડી દીધી છે. અહીં માત્ર એ કહેવું જોઇએ કે, નવા પ્રયોગ કરવાની રશિયનોને કેટલીએ હોંશ હોય, તોપણ શિક્ષણક્ષેત્રમાંના અમેરિકન પ્રયોગોનો લક્ષપૂર્વક અભ્યાસ કર્યા પછીજ તે નવા પ્રયોગમાં હાથ ઘાલે છે. અસ્તુ. હવે શિક્ષણસંસ્થાના કારભાર તરફ વળીએ. આ બાબતમાં મુખ્ય બીના એ છે કે, સંસ્થાના મુખ્ય ચાલક મંડળમાં બધા શિક્ષકો તો બેસે છેજ; પણ એ સિવાય પાલકોના પ્રતિનિધિ, એ જીલ્લામાંનાં કારખાનાંઓના પ્રતિનિધિ ને છેવટે વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓ સુદ્ધાં એમા સમાવિષ્ટ હોય છે. રોસ્ટાવ્હની એક શાળાના મંડળમાં ૭૨ સભાસદ હોઇ તેમની વહેંચણી ૩૭ શિક્ષક, ૨૫ વિદ્યાર્થી, ૩ પાલક તેમજ જીલ્લામાંનાં કારખાનાં, નગરમંડળ, મજુરસંઘ, શાળામાંનો શિક્ષકેતર કામદારવર્ગ, તરુણ કમ્યુનિસ્ટ ને પાયોનિયર વિદ્યાર્થી વગેરે તરફથી એકેક પ્રતિનિધિ, આવી કરેલી છે. મોસ્કોમાં આવેલી ‘ એડિસન શાળા’ના ચાલકમંડળમાં ૫૦ શિક્ષક, શાળાનો ડૉક્ટર, શાળાના કામગારોનો ને જીલ્લામાંની કમ્યુનિસ્ટ પાર્ટીનો એક એક પ્રતિનિધિ, ૧૨ વિદ્યાર્થી અને ૧૫ પાલક આટલાનો સમાવેશ કરવામાં આવેલો જણાઇ આવે છે. ટેકેઠેકાણાનાં કારખાનાંઓનો ને શાળા-

ઓનો સંબંધ જોડાયલો હોવાનું સર્વત્ર નજરે પડે છે.

છેવટે વિદ્યાર્થીઓની સાથે એ શબ્દ બોલીને નિશાળમાંથી બહાર પડીએ.

કોઈ પણ સદ્‌ગૃહસ્થ શાળા જોવા સારુ જાય એટલે શાળા બતાવવાને તેની સાથે પ્રિન્સિપાલ ન જતાં તેને વિદ્યાર્થીને હવાલે કરવામાં આવે છે. તે એકાદા વર્ગના દરવાજા પાસે ગયો કે અંદરથી શિક્ષક બહાર ન આવતાં વર્ગનો મૉનિટર બહાર આવે છે ને જોવા આવનાર ગૃહસ્થની બધી વ્યવસ્થા કરે છે. એક સદ્‌ગૃહસ્થ એક વર્ગ પાસે પહોંચતાં એક પ્રૌઢ વિદ્યાર્થી બહાર આવ્યો અને હસ્તાન્દોલન થયા પછી તેમની વચ્ચે બહુ મનોરંજક સંભાષણ થયું.

ગૃહસ્થ—મને વર્ગની પાસે આવેલો જોતાંજ માસ્તરની પરવાનગી સિવાય તમે એકદમ વર્ગની બહાર કેવી રીતે આવ્યા?

વિદ્યાર્થી—કેમ વારુ? આવેલા મહેમાનને મારો વર્ગ બતાવવો એ મૉનિટરતરીકેનું મારું કામજ છે. આવી બાબતમાં અમે ગુરુજીને તસ્દી આપતા નથી.

"બીજી કયી કયી બાબતમાં તમે ગુરુજીને તસ્દી આપતા નથી?"

" 'તસ્દી' શબ્દ મેં ખરા ભાવથીજ વાપર્યો છે; અને તમને કહું છું કે, શાળામાંનાં ઘણાંખરાં કામો વિદ્યાર્થીજ ઉકેલી લે છે. જ્ઞાનદાનના મુખ્ય કામસિવાય બીજી બાબતોમાં અમે ગુરુજીપર બોજો નાખતા નથી."

"અને શિસ્ત—વ્યવસ્થા—સાચવવાનું કામ? એ બાબતમાં પણ ગુરુજીનો ભાર હલકો કરો છો?"

"જોઈએ તો મશ્કરી કરો, પણ શિસ્ત શું અમારી અમારાથી ન સાચવી શકાય કે? મારી આ નિશાળમાં તો વ્યવસ્થા વગેરેનું કામ અમેજ કરીએ છીએ."

"અને તેનો ભંગ થાય તો?"

"ભંગ થાય છેજ. મૂળમાં બહુ થોડી વાર; કારણ વિદ્યાર્થીઓનાજ ઉપર તે કામ પડવાથી તેનું મહત્ત્વ તેમને સમજાય છે અને એકાદ કોઈ એવો ઉદ્ધત નીકળેજ તો તેની તપાસ અમે અમારી કમિટિ આગળ કરીએ છીએ."

"અને ત્યાં નિર્ણય ન થયો તો?"

"એવું ક્વચિતજ બને છે. મને એકજ પ્રસંગ યાદ છે. એ પ્રસંગે અમે તે બાબત શાળાની કાર્યકારી કમિટિ આગળ રજુ કરી હતી."

"એ કમિટિમાં કોણ કોણ હતું?"

"મુખ્ય અધ્યાપક, બીજા એક શિક્ષક અને હું (જરા સંકોચ પામતાં) એટલે વિદ્યાર્થીઓની કમિટીનો અધ્યક્ષ. આજ સુધી હું અધ્યક્ષ છું."

"વાહ! અધ્યક્ષ સાહેબ! આપ આ કમિટિમાં તમારા ગુરુજીની ખુરશીની જોડે ખુરશી માંડીને બેસો છો ત્યારે?"

"હા, તમને એમાં નવાઈ જેવું લાગ્યું? તમારા દેશમાં એવો રિવાજ નથી એમ જણાય છે!"

"વારુ, પ્રેસિડેંટ સાહેબ! તમારીજ આ કમિટિઓ અને મિટિંગોને લીધે તમને અભ્યાસનો વખત કેવી રીતે મળે છે?"

"એટલે? કમિટિમાં બેસવું એ અભ્યાસ નહિ કે? આ એક શિક્ષણનો ભાગજ છે."

"પણ તે એકલા પ્રતિનિધિઓનેજ મળે, બાકીનાઓને?"

"કેમ વારુ! અમારી શાળામાં અનેક જૂદી જૂદી કમિટિઓ હોઈ સૌ કોઈને કામ કરવુંજ પડે છે. આ બધા ઉપર મોટા થયા પછી અમને આ કામો કરવાંજ પડે છે. એનું શિક્ષણ અને અભ્યાસ અહીંજ પામીએ છીએ અને એટલાજ સારુ શાળાની કમિટિઓ નિશાળ દેશમાંની કચેરીઓ જેવી રાજકીય સંસ્થાઓના પણ અમે અભ્યાસ કરીએ છીએ."

"એમ, રાજ્યકારભારની પણ મના નહિ?"

"કેમ અમારા જેવા કેનાઓ છે?"

"કંઈ નહિ કહું........"

("ચિત્રમય જગત"ના "હિંદ અંક"માંથી)

૭૬–आधुनिक जापान तथा इसकी शिक्षा–पद्धति

જાપાન મેં તીન હજાર સે અધિક દ્વીપ હૈં. યે દ્વીપ જ્વાલામુખી શક્તિયોં કે ફલસ્વરૂપ હૈં. આજ ભી પ્રચૂર જ્વાલામુખી પર્વત ઇસિ દ્વીપ-પુંજ મેં વર્તમાન હૈ. પ્રાયઃ પચાસ જ્વાલામુખી પર્વત ઇસિ સમય ભી અપને ઉત્તાપ સે વહાં કે નિવાસિયોં કો સંતપ્ત કર રહે હૈં. સન્ ૧૮૮૪ ઔર ૧૯૦૫ ઇસ્વી કે બીચ ૩૦,૬૮૦ ભૂકંપ હુએ! ચાર સે અધિક ભૂકંપ પ્રત્યેક દિવસ હુઆ કરતે હૈં. ફલતઃ મકાન્ ગિર પડતે હૈં ઔર બહુસંખ્યક મનુષ્યોં કી મૃત્યુ હોતી હૈ.

ઇન ભૂકંપોં તથા જ્વાલામુખી પર્વતોં ને જાપાન કો સંપન્ન બના દિયા હૈ. ઇસે ગંધક તથા ધાતુસંબંધી નિર્ઝરોં સે પરિપૂર્ણ કર દિયા હૈ. ભૌકંપિક પદાર્થ પૃથ્વી કો ઉપજાઉ બના દેતે હૈં. વિવિધ ભાંતિ કે ધાતુ યથા સોના, ચાંદી, તાંબા, ટીન, લોહા, પેટ્રોલિયમ તથા કોયલા ઇસ દ્વીપ મેં ઇન પ્રાકૃત ઘટનાઓં હી કે કારણ પાએ જાતે હૈં. જાપાન કે ચારોં ઓર કા સમુદ્ર મછલિયોં સે પરિપૂર્ણ હૈ. × × × ઇસ દ્વીપ કા ક્ષેત્રફલ ૧,૪૨,૦૦૦ વર્ગમીલ તથા ઇસિકી જનસંખ્યા સન્ ૧૯૨૦ ઇસ્વી કી જનસંખ્યા કે અનુસાર ૫,૫૯,૬૧,૧૪૦ હૈ. સમસ્ત જાપાની-સામ્રાજ્ય કી જનસંખ્યા (કોરિયા, ફોરમોસા તથા સંઘેલિયન દ્વીપાદિ કે સાથ) સાત કરોડ સત્તર લાખ હૈ; પર સન્ ૧૯૨૩ ઇસ્વી કે ભીષણ ભૂકંપ કે કારણ પાંચ લાખ મનુષ્ય વિનષ્ટ હો ગએ. સન્ ૧૯૨૭ ઇસ્વી મેં ભી ઐસા ભૂકંપ હુઆ કિ ૬૫૦૦ મનુષ્યોં કી મૃત્યુ હો ગઇ.

ઇંગ્લેંડ તથા જાપાન મેં બહુત કુછ સાદશ્ય હૈ. (૧) ઇંગ્લેંડ કી જલવાયુ ઉષ્ણસ્રોત કે દ્વારા ઉષ્ણત્વ કો પ્રાપ્ત હોતી હૈ. જાપાન કી જલવાયુ કો ક્યૂરોશિયો સ્રોત ગર્મ કરતા હૈ. (૨) સ્પેન કે દુર્દમનીય એરમડા ને ઇંગ્લેંડ પર સોલહવીં શતાબ્દી મેં આક્રમણ કરને કી ઉત્કટ અભિલાષા સે સ્પેન છોડા. ૧૩ વીં શતાબ્દી મેં કુબ્લાખાં ને એક ભયંકર મંગોલ પોતપુંજ જાપાન કે વિરુદ્ધ ભેજા થા. દોનોં પોતપુંજ ધ્વંસ કો પ્રાપ્ત હુએ. (૩) જિસ પ્રકાર અંગ્રેજજાતિ ભિન્ન ભિન્ન જાતિયોં કે મિશ્રણ સે બની હૈ; ઉસી પ્રકાર જાપાની જાતિ કા ભી નિર્માણ હુઆ હૈ. કેલ્ટ, સૈક્સન, એંગિલ્સ, જુટ, ડેન તથા નોર્મન જાતિયોં કે સંયોગ સે અર્વાચીન આંગ્લ-જાતિ કાયમ હુઇ હૈ. જાપાની જાતિ ભી ચીન, મલાયા પ્રાયદ્વીપ, તતાર, મંગોલિયા તથા ન્યૂનાંશ ભારત કી જાતિયોં કે અંશ સે બની હૈ. (૪) સામુદ્રિક સમર મેં દોનોં જાતિયોં ને અપની દઢતા, અધ્યવસાય, પરાક્રમ તથા દૂરદર્શિતા કા પ્રગાઢ પરિચય દિયા હૈ. (૫) દોનોં દેશોં મેં વર્તમાન રાજવંશ કે સમ્રાટોં ને પ્રારંભકાલ સે ઇસ સમય તક શાસન કા ભાર વહન કિયા હૈ.

જાપાની જાતિ મેં જો બાત બડે માર્કે કી પાયી જાતિ હૈ, વહ ઇસકી દેશભક્તિ તથા રાજ-ભક્તિ હૈ. યે દો સદ્ગુણ પ્રસ્તર કી નીંવ હૈં; જિસ પર સમસ્ત આધુનિક જાપાન-સામ્રાજ્ય કા પ્રાસાદ નિર્મિત હુઆ હૈ. જબ કોઇ વિદેશી યાત્રી જાપાની વિદ્યાર્થી સે પૂછતા હૈ કિ તુમ્હારે જીવન કી સર્વશ્રેષ્ઠ અભિલાષા ક્યા હૈ? તબ વહ ઇસકા ઉત્તર વિનીતભાવ સે દર્પસમન્વિત શબ્દોં મેં દેતા હૈ. ઇસકા ઉલ્લેખ ઉસીકે શબ્દોં મેં કરના ન્યાયસંગત પ્રતીત હોતા હૈ. 'અપને સમ્રાટ્ તથા અપને દેશ કે વૈભવ કે નિમિત્ત જીવન કો બલિદાન કરને કે લિયે હમ એક અવ-સર ચાહતે હૈં.' કૈસા આદર્શ હૈ! કૈસી ભક્તિ હૈ! કૈસા પ્રેમ હૈ! ઇસે સહૃદય પાઠક સ્વયં વિચા-રેંગે. જાપાનનિવાસિયોં કી યહ અટલ ધારણા હૈ કિ વે એક પરિવાર કે સદસ્ય હૈં; ઔર ઉનકે સમ્રાટ્ ઉસ વિસ્તૃત પરિવાર કે અધિપતિ હૈં. વે કિસીકો અપના સમ્રાટ્ કે આસન સે ઉચ્ચ આસન પર બૈઠા દેખના નહીં ચાહતે. વે સમ્રાટ્ કો જીવિત ઇશ સમઝતે હૈં. વે પુરાતન શાસકોં કી સમાધિભૂમિ કા સમ્માન કરતે હૈં. ઉનકા વિશ્વાસ હૈ કિ વે સમાધિસ્થ શાસક જાતીયતા કે સંપૂર્ણ પ્રશ્નોં પર પ્રસન્નતા પ્રાપ્ત કરતે હૈં. જબ વે કિસી જાતિ સે યુદ્ધ છેડને લગતે હૈં અથવા સંધિ સંસ્થાપિત કરના ચાહતે હૈં, તો વિધિપૂર્વક ઇન પ્રશ્નોં સે વે અવગત કરાયે જાતે હૈં, પુનઃ

સંગ્રામ ઔર સન્ધિ કે કાર્યોં મેં ઉનકા આશાવાદ અપેક્ષિત હૈ. અસ્તુ.

જાપાની સ્વભાવતઃ પ્રસન્નચિત્ત હોતે હૈં. સાધારણ સે સાધારણ જાપાની ભી જીવનયાત્રા પ્રસન્નતાપૂર્વક કરતા હૈ. જાપાની વિદ્યાર્થી કૉલેજ કી ફીસ (શુલ્ક) ચૂકાને કે લિયે રાત અથવા દિન કે કિસી ભાગ મેં કુલી તક કા કામ કરતે હૈં. વે કિસીસે કુછ માંગના ધર્મવિરુદ્ધ સમઝતે હૈં. રાસ મસૂદ સાહબ અપને ગ્રંથ જાપાની શિક્ષા-પદ્ધતિ મેં લિખતે હૈં કિ ઉન્હોંને ટોકિયો વિશ્વવિદ્યાલય કે એક વિદ્યાર્થી કો કુછ આર્થિક સહાયતા પહુંચાને કી ઇચ્છા પ્રકટ કી. ઉસ વિદ્યાર્થી ને જો આત્મસમ્માન કા પરિચય દિયા હૈ, ઉસે ઉલ્લિખિત કરના અસંગત પ્રતીત ન હોગા.

'મહાશય! મેરી નાડિયોં મેં પુરાતન જાપાનીય વીરોં કા રક્ત પ્રવાહિત હો રહા હૈ. અતઃ બિના કિસીકે સહાય હો યથાસાધ્ય વીરતાપૂર્વક ઉન બાધાઓં કા સામના કરના મેરા ધર્મ હૈ, જો બાધાએં મેરે માર્ગ મેં ઉપસ્થિત હોગી.' ઉસ જાતિ કા રાજનીતિક તથા આધ્યાત્મિક અધઃપતન કભી સંભવ નહીં; જિસ રાષ્ટ્ર કે પ્રત્યેક મનુષ્ય મેં ઐસા અગાધ સ્વદેશપ્રેમ ઔર અટૂટ સ્વાવલંબન ભરા હુઆ હૈ.

પુરાતન જાપાન કે સૈમુરાય કો જો શિક્ષા દી જાતી થી; વહ પ્રાચીન ભારત કે ક્ષત્રિયોં કી શિક્ષા સે બહુત સાદૃશ્ય રખતી હૈ. જિસ પ્રકાર સૈન્યશક્તિ કો ન્યૂનાધિક ભારતીય ક્ષત્રિયોં ને અપના લિયા થા; ઉસી પ્રકાર જાપાની સૈન્યવિભાગ કા કાર્ય્ય સૈમુરાય હી કે બીચ સીમાબદ્ધ હો ગયા થા. ઇસી સૈમુરાય શિક્ષા ને બીસવીં શતાબ્દી મેં એક અપૂર્વ રાષ્ટ્ર કા સૂત્રપાત કિયા.

એક સૈમુરાય દુઃખ તથા સુખ કો સહન કરને કે લિયે શિક્ષા પાતા થા. અશાંત તથા ઘબરાહટ કે ચિહ્ન બિના પ્રકટ કિયે હી વહ વિપત્તિ કા સામના કરતા થા. આજ ભી વે હી ગુણ જાપાની સિપાહિયોં મેં પાયે જાતે હૈં. આર્થર કે કિલે પર જાપાનિયોં ને જો વીરતા પ્રદર્શિત કી થી, ઉસકા સાક્ષી સમસ્ત સભ્ય સંસાર હૈ. જબ આર્થર બંદરગાહ કો જીતને કે લિયે સ્વયંસેવકોં કી આવશ્યકતા ઉપસ્થિત હુઇ તબ ૨૦૦૦ સે અધિક જાપાનિયોં ને ઇસ ભયાનક કાર્ય કે લિયે અપને કો સમર્પિત કર દિયા; ઔર કિતને વીરોં ને તો જંઘે કે ખૂન સે દરખાસ્ત લિખી થીં!

જાપાન મેં મનુષ્ય કા યહ અનિવાર્ય કર્તવ્ય હૈ, કિ વહ અપને સ્વાર્થ કા સર્વસાધારણ કે કલ્યાણ કે લિયે તિલાંજલિ દે. પ્રાચીન જાપાની સૈમુરાય ક્યા સ્ત્રી, ક્યા પુરુષ, ક્યા બચ્ચે— સભી અસ્ત્રપ્રયોગ તથા તલવાર-સંચાલન કી શિક્ષા પાતે થે. ઉનકે સમ્માનધર્મ મેં યહ બાત ઉલ્લિખિત થી કિ કોઇ સૈમુરાય સંગ્રામ મેં શત્રુ કો પીઠ ન દિખાવે. જાપાન કે ઇતિહાસ મેં ઐસે હજારોં દૃષ્ટાંત હૈં, કિ જાપાની સિપાહી તથા કપ્તાનોં ને આત્મ-હત્યા તક કર દી હૈ; પર વે પરાભૂત હો કર રણક્ષેત્ર સે નહીં લૌટે હૈં.

આજ ભી જાપાનિયોં કી યહ ધારણા હૈ, કિ શત્રુકૃત અપમાન કા બદલા દો પ્રકાર સે લિયા જા સકતા હૈ. એક તો વે ઉસકી હત્યા કર બદલા ચૂકાતા હૈ, જો ઉન્હેં અપમાનિત કરતા હૈ. ઔર દૂસરે જહાં પર વે અપને અપકારી કે વિનાશ કરને મેં અસમર્થ પ્રમાણિત હોતે હૈં, વહાં સ્વયં આત્મ-હત્યા કર ડાલતે હૈં. ઇસ લિયે બડી સાવધાની સે વિદેશિયોં કો જાપાનિયોં કે સાથ વર્તના પડતા હૈ.

અતિશય આત્મ-સમ્માન, સ્વદેશ-પ્રેમ તથા રાજભક્તિ ને જાપાનિયોં કો અભિમાની જાતિ બના દી હૈ. જાપાન કી સ્ત્રિયા સ્વતંત્ર વિચાર રખતી હૈં ઔર સ્વચ્છંદતાપૂર્વક રહતી હૈં. વે અત્યંત બલિષ્ઠ હોતે હુએ ભી વિનય કી ખાન હૈં. વે સ્વાર્થહીન હૈં, કર્તવ્યપરાયણતા કે અવતાર હૈં.

આધુનિક જાપાન કે વિદ્યા-મંદિરો મેં શારીરિક શક્તિયોં કે વિકાસ કી શિક્ષા કો પ્રથમ સ્થાન પ્રાપ્ત હૈ. શિક્ષક તથા શિષ્ય ટ્રૅમ્પપર સવાર હો કર બાહર નિકલતે હૈં. વાયુમંડલ કી ભીષણતા કી કુછ પરવા ન કર ખાદ્ય-પદાર્થ સ્વયં ઢોતે હૈં.

સ્વચ્છતા કે લિયે તો આધુનિક જાપાન ને પ્રસિદ્ધિ હી પ્રાપ્ત કી હૈ. આજ સભ્ય સંસાર મેં કોઇ ઐસી જાતિ નહીં હૈ, જો સ્વચ્છતા મેં જાપાન દેશ કી તુલના કરે. અસ્વચ્છ રહના ઉનકે યહાં અધર્મ સમઝા જાતા હૈ. ક્યા ગરીબ, ક્યા અમીર—સભી સબ સ્વચ્છતાપ્રિય હૈં; કારણ જાપાની ગૃહ અત્યંત સ્વચ્છ તથા પવિત્ર હોતે હૈં.

જાપાનિયોં કા ધર્મ

પ્રારંભિક કાલ મેં ઇસ દ્વીપ કે નિવાસી શિંટોધર્મ કે અનુયાયી થે. શિંટો શબ્દ કા અર્થ દેવોં કી રીતિ હૈ. ઇસ મત કા કોઇ ગ્રંથ પ્રાપ્ય નહીં હૈ. ન ઇસકી કોઈ સાત્વિક ગાથા હી હૈ ઔર ન ઇસમેં કોઇ વિશિષ્ટ નિયમ હી. પૂર્વજપૂજન તથા પ્રકૃતિ–અર્ચન હી ધર્મ હૈ. શિંટો ધર્માવલમ્બિયોં કા વિશ્વાસ હૈ કિ દૃશ્ય તથા અદૃશ્ય જગત મેં ઘનિષ્ઠ સંબંધ હૈ. જીવિત વ્યક્તિ અપને કર્મોં કે દ્વારા મૃતકોં કી આત્માઓં કો સુખ ઔર દુઃખ પહુંચા સકતા હૈ. છઠી શતાબ્દી કે મધ્ય તક જાપાનિયોં ને ધર્મ કો વિભિન્ન સંસ્થા નહીં સમઝા થા. ૧૯ વીં શતાબ્દી કે મધ્ય તક જાપાનિયોં કી યહ ધારણા થી કિ મનુષ્ય કો અપની પ્રવૃત્તિ કે અનુસાર ધર્મ કે વિષય મેં વર્તના ઉચિત હૈ. પાંચવીં શતાબ્દી કે પ્રારંભ મેં કનફ્યુશિયસ ને એક ધર્મ કા પ્રચાર કિયા; જિસકા નામ કનફ્યુશિયનિઝમ પડા. ઇસ ધર્મ–પ્રચારક ને પિતા–માતા કી આજ્ઞા કા પાલન કરના, તથા શાસક કે આદેશ કે અનુસાર ચલના હી અપને ધર્મ કા પ્રધાન ઉદ્દેશ્ય માન રખા થા.

છઠીં શતાબ્દી કે મધ્યભાગ મેં બૌદ્ધ ધર્મ કા સમાવેશ ઇસ દેશ મેં હુઆ; ઔર ઇસ ધર્મ ને પુરાતન શિંટો કે વિશ્વાસ કો ગ્રસિત કર લિયા. બૌદ્ધ ધર્મ કે પ્રચારકોં ને અપને ધર્મ કો સર્વપ્રિય બનાને કે એકમાત્ર ઉદ્દેશ્ય સે શિંટો કી ઉપસ્થિતિ ભી વાંછનીય સમઝી. શિંટો ધર્માવલમ્બિયોં કી દેવ–દેવિયોં કો ભી બૌદ્ધ–મંદિરોં મેં સ્થાન દેતે થે ઔર કહા કરતે થે કિ યે દેવ પ્રાચીન બુદ્ધ કે અવતાર હૈં. બૌદ્ધ પુરોહિત જાપાન કે પ્રથમ શિક્ષક થે. વે બહુત વિદ્વાન થે. અતઃ રાષ્ટ્ર કે પ્રત્યેક ભાગ મેં ઉન્હોંને અપના પ્રભાવ જમા લિયા. હમ લોગ જિસ ભાવ મેં ઇશ્વર કા અર્થ કરતે હૈં, ઉસ ભાવ મેં ન શિંટો ધર્મ, ન કનફ્યુસિયન ધર્મ ઔર ન બૌદ્ધ ધર્મ ને હી ઇશ્વર કો સમઝા. અતઃ આજ ભી સાધારણ જાપાની ઇશ્વર કા નામ ઉચ્ચારણ કરને પર હંસતા હૈ!

ક્રિસ્તાન ધર્મ કા પ્રવેશ જાપાન મેં ૧૬ વીં શતાબ્દી કે મધ્ય મેં હુઆ. અર્વાચીન જાપાન કે ધાર્મિક વિચાર શિંટો–કનફ્યુસિયન, દર્શન, બૌદ્ધ–તત્ત્વ તથા ક્રિસ્તાન આધ્યાત્મિક નિયમ કે સમ્મિશ્રણરૂપ હૈં. ઇન ધર્મોં મેં શિંટો કા પ્રભાવ સર્વસાધારણ પર અત્યધિક હૈ. 'કોજિકી' એક મહત્ત્વપૂર્ણ જાપાની ગ્રંથ હૈ, ઇસકા સંકલન ૭૧૧–૭૧૨ ઇસ્વી મેં હુઆ થા. દૂસરા અપૂર્વ ગ્રંથ નિહોન ગોકી હૈ. ઇસકી ભી રચના ૭૨૦ ઇસ્વી મેં હુઈ હૈ. 'કોજિકી' સૃષ્ટિરચના તથા ધાર્મિક પ્રશ્નોં કા વિવરણ કરતા હૈ. ઇસી ગ્રંથ મેં એક શિંટો સૂક્ત હૈ, જિસકા આશય પ્રગટ કર દેના ઉચિત પ્રતીત હોતા હૈ–'स्वर्गं पवित्रं भवतु। पृथ्वी पवित्रा स्यात्।' पवित्रात्मा मेऽस्तु आत्माङ्गानि पवित्राणि भवेयुः षडेन्द्रियाणि पवित्राणि भूयासुः। યહાં પર છઃ ઇન્દ્રિયોં સે પાંચ જ્ઞાનેન્દ્રિય ઔર છઠે મેં હૃદય સે આશય હૈ. ઇસ સૂક્ત મેં કેવલ પવિત્રતા કે લિયે પ્રાર્થના હૈ. આજ ભી જાપાનિયોં કે અંદર યહી ભાવ વિદ્યમાન હૈ.

[illegible] જિસને જાપાની શિક્ષાપ્રણાલી કો ઉન્નતાવસ્થા કો પહુંચાયા હૈ, ધર્મ કે વિષય મેં ઇસ પ્રકાર અપના મત પ્રગટ કરતા હૈ–

“સમાજ મેં શાંતિ તથા [illegible] ઉન્નતિ કે લિયે નિઃસંદેહ ધર્મ કી આવશ્યકતા હૈ; [illegible] ધર્મ ભી કઈ પ્રકાર કે હોતે હૈં; યથા બૌદ્ધ, ક્રિસ્તાન આદિ. [illegible] જિતની હી ભિન્નતા હૈ, જિતની ભિન્નતા [illegible] કે લિયે પ્રસ્તુત હૈ.

[illegible] આવશ્યક હૈ.”

જાપાનિયોં મેં ઇસ પ્રકાર કા વિચાર ધર્મ કે પ્રતિ ભી આજકલ દેખને મેં આતા હૈ. યહી કારણ હૈ કિ ઇનકી શિક્ષાપ્રણાલી મેં ધર્મ કો અલગ સ્થાન નહીં મિલા હૈ.

જાપાન કા પ્રાચીન તથા અર્વાચીન શાસન

બૌદ્ધધર્મ કી સત્તા જમતે હી છઠીં શતાબ્દી મેં જાપાન કે સમ્રાટ શાસન કે કાર્યોં સે વિલગ રહને લગે. અતઃ રાજકીય અધિકાર ભિન્નભિન્ન શક્તિશાલી પરિવારોં કે હાથ મેં ચલા ગયા. ઇન શક્તિશાલી પરિવારોં કે પ્રધાન આદમી શોગન નામ સે પ્રખ્યાત હુએ. શાસનકાર્ય કે સંચાલન કા પૂર્ણ ભાર ઇન શક્તિશાલી શોગનોં કે હાથ રહા. ઇસ સમય સે ૧૮૬૮ ઇસ્વી તક સચ પૂછિયે તો જાપાન કા રાજનીતિક ઇતિહાસ ઇન પ્રધાન શોગનવંશીયોં કા હી ઉત્થાન ઔર અધઃપતન કા ઇતિહાસ હૈ. યે શોગન ઇસ ભાંતિ સે રાજ-કાજ ચલાતે થે કિ સંસાર કી દૃષ્ટિ મેં જાપાનસમ્રાટ હી શાસન કર રહે થે-ઐસા પ્રતીત હોતા થા. યે શોગન ન્યૂનાધિક રાજ-સચિવ થે. ટોકુગવા અંતિમ શોગનવંશી થા. ઇસને સન ૧૮૦૩ ઇસ્વી સે ૧૮૬૮ ઇસ્વી તક શાસન કિયા. ઇસી વંશ કે રાજત્વકાલ મેં જાપાનિયોં કે આંદોલન સે વર્તમાન જાપાની સમ્રાટ કે પિતામહ રાજ્યકાર્ય કા સંપાદન સ્વયં કરને લગે.

ઇસ પરિવર્તન કા એકમાત્ર કારણ જાપાનિયોં કા પાશ્ચાત્ય સંસર્ગ ઔર ઇનકે દૃષ્ટિકોણ કા પ્રૌઢ વિકાસ થા. યૂરોપ કી શાસન-પ્રણાલી કા હી અનુસરણ કર ઇન્હોંને યહ ક્રાંતિ ઉપસ્થિત કી.

યૂરોપ સે જાપાન કે સંસર્ગ કા પ્રથમ સૂત્રપાત ૧૫૪૩ ઇ૦ મેં હુઆ. ઇસી વર્ષ પુર્તગાલ-નિવાસી મેંડેજ પિંટો ને તૂફાન કી અનુકંપા સે અપને દો સાથિયોં કે સાથ ઇસ દ્વીપ મેં પદાર્પણ કિયા. ઘર સે વહ ચીન કે લિયે ચલા થા. પિંટો ઔર ઉસકે સાથિયોં કે પાસ બન્દૂકેં થીં. ઇનકી બન્દૂકોં ને જાપાનિયોં કા ધ્યાન ઇસ પ્રકાર આકૃષ્ટ કિયા કિ થોડે હી વર્ષોં કે ભીતર તીસ હજાર સે ભી અધિક બન્દૂકેં તૈયાર હો ગયીં ઔર ઇસકે અનંતર પ્રત્યેક જાપાની ને ઇસે અપના અસ્ત્ર બના લિયા.

તત્પશ્ચાત્ જેસૂટ ધર્મ-પ્રચાર કે ઉદ્દેશ્ય સે યહાં આએ; પર જાપાન જૈસે દેશ મેં ઇનકી દાલ ન ગલી. કહા જા ચૂકા હૈ, કિ જાપાનિયોં કે લિયે ધર્મ ગૌણ વિષય હૈ. તત્પશ્ચાત્ અન્ય કઇ ક્રિસ્તાન પાદરી આએ. અતઃ યૂરોપ કે સાથ ઇસકા સંબંધ દૃઢ હોતા ગયા. આરે હાકુસેકી એક જાપાની વિદ્વાન થા. ઇસને દો કિતાબેં લિખીં, જો યૂરોપ કી અવસ્થા ઔર સભ્યતા કા સમીચીન ચિત્ર ચિત્રિત કરતી થીં. ઇસી સમય સે લોગોં કા ધ્યાન યૂરોપીય જ્યોતિષ, ભૂગોલ તથા ચિકિત્સાશાસ્ત્ર કી ઓર ફિરા. ટોકુગવા સરકાર ને યેદો નામ કી સંસ્થા સંસ્થાપિત કી. ઇસ સંસ્થા મેં પાશ્ચાત્ય ભાષાએં સીખી જાતી થી, ઔર પાશ્ચાત્ય ગ્રંથ જાપાની ભાષા મેં અનુવાદિત કિયે જાતે થે. ૧૮૬૨ ઇસ્વી મેં પાશ્ચાત્ય વિજ્ઞાન કે અધ્યયન ઔર અધ્યાપન કે લિયે એક વૈજ્ઞાનિક કૉલેજ ખોલી ગઇ.

પુનઃ ૧૮૬૮ ઇસ્વી મેં સમ્રાટ ને રાજ્ય કી વાગડોર અપને હાથ મેં લી. ઉસને યહ ઘોષણા કી કિ શાસનકાર્ય કે લિયે યોગ્યતા કો ઉચ્ચ સ્થાન મિલેગા. ઉચ્ચવંશ મેં જન્મ, રાજકાર્ય-સંચાલન કે લિયે યોગ્યતા કે સામને, નીચા સમઝા જાયગા. ફલતઃ શિક્ષા કી પ્રધાનતા સ્વીકૃત હુઇ.

૧૮૭૧ ઇસ્વી મેં એક અનુસંધાન કમીશન યૂરોપ તથા અમેરિકા ભેજા ગયા. ઇસ કમીશન કે જાપાન લૌટને પર શિક્ષા-પ્રચાર કે લિયે એક વિસ્તૃત મુસદા તૈયાર કિયા ગયા ઔર નિઃશુલ્ક શિક્ષા પ્રદાન કરને કા ભાર અપને ઉપર લિયા ઔર શિક્ષા સબ શ્રેણી કી જનતા કે લિયે અનિવાર્ય સમઝી ગઇ.

જાપાન કી વર્તમાન શિક્ષાપ્રણાલી પર વિચાર કરને કે પૂર્વ મૈં ઇસકી પ્રાચીન શિક્ષા-સંબંધી સંસ્થાઓં કા દિગ્દર્શન કરા દેના ઉચિત સમઝતા હૂં.

પુરાતન કાલ મેં વિદ્યાલય યદિ જાપાન મેં થે, તો સેમુરાય કી હી શિક્ષા કે લિયે ઉનકી સ્થિતિ થી. સેમુરાય અપને બચ્ચે કી શિક્ષા હી કે લિયે પાઠશાલા સંસ્થાપિત કરતે થે. અતઃ પ્રાઇવેટ સ્કૂલ હી પહલે પહલ આવિર્ભૂત હુએ.

પુરાતન જાપાની સર્વસાધારણ-શિક્ષા કા પ્રધાન ઉદ્દેશ્ય શિક્ષક ઔર શિષ્ય મેં અલૌકિક પ્રેમ કા ઉત્પન્ન કરાના થા. સ્કૂલ મેં દાખિલ હોને કે પહલે પિતા અપને લડકે કો ગુરુ કે ઘર લે જાતે

થે. વે દોનોં કે સામને ઘુટને ટેક કર પ્રતિજ્ઞા કરતે થે કિ શિક્ષક મહાશય કે શાસન કા પાલન કાય, મન, બચ, કર્મ સે કરેંગે. પિતા કે ચલે જાને કે બાદ ગુરુ ભી ઉસ બાલક કે પિતા કે સ્થાન કો પૂરિત કરતે થે. ગુરુ કે પ્રતિ જો ભક્તિ બાલક પ્રદર્શિત કરતે થે, વહ જાપાની ધર્મ-ગ્રંથ મેં ઈસ પ્રકાર વર્ણિત થી કિ 'શિક્ષક કી પરછાહીં કો કોઈ વિદ્યાર્થી પદદલિત ન કરે, વરન્ ઉસસે તીન ફીટ દૂર હી રહે'.

મંદિર-સ્કૂલ કે પુરોહિત શિક્ષક બાલકોં કી ગૃહ-સ્થિતિ સે પૂર્ણ જાનકારી રખતે થે. પુનઃ વે ઉન બાલકોં કો ઐસી શિક્ષા દેતે થે, જિસકે દ્વારા વે ગૃહ-કાર્ય મેં પટુ હો જાતે થે. દેશ કી સેવા કરના ઔર અપની વૃત્તિ મેં લગા રહના હી પ્રાચીન જાપાની શિક્ષા કા લક્ષ્ય થા!

સૈમુરાય કે બચ્ચે શાસ્ત્ર-કલા મેં શિક્ષા પાતે થે. આયુધસંચાલન મેં કુશલતા પ્રાપ્ત કરને કે પશ્ચાત્ વે દેશ મેં પરિભ્રમણ કરતે થે; ઔર પ્રત્યેક પ્રકાર કે ક્લેશ કો સહન કરતે થે. પુનઃ સ્થાનીય શૂરોં કો શક્તિ કા પરિચય દેને કે લિયે આહ્વાન કરતે થે!

વ્યાપાર-સંબંધી જ્ઞાન ભી ગુરુ-સેવા હી કે દ્વારા પુરાતન જાપાની ઉપલબ્ધ કરતે થે. નૌ અથવા દશ વર્ષ કા બાલક કિસી વણિક કે સાથ રહ જાતા થા. વહ વણિક બાલક કે ભરણ-પોષણ તથા વ્યાપાર-શિક્ષા કા ઉત્તરદાયિત્વ અપને ઉપર લે લેતા થા. સાધારણતઃ યહ ઉમ્મીદવાર લિખના-પઢના નહીં સીખતા થા. વહ વ્યાપાર કી સભી સીઢિયોં કો પાર હો જાતા થા. સબસે પહલે ઉસે નીચ નૌકર કા કાર્ય કરના પડતા થા. ઈસકે બાદ વહ સંદેશહર કા કાર્ય સંપાદિત કરતા થા. તત્પશ્ચાત્ અધમ કિરાની કા કાર્ય કરતા થા. તબ બિક્રી બાંટે કા કામ, ઔર ફિર બડે કિરાની કા કામ. સંધ્યાસમય એક શિક્ષક સે વહ પત્ર-વ્યવહાર ઔર વાણિજ્ય કા રહસ્ય સીખતા થા. જબ ઉમ્મીદવાર પ્રધાન કિરાની કી યોગ્યતા મેં કામ કરતા હુઆ અપને વ્યાવહારિક જ્ઞાન કા પ્રમાણ દેતા થા; તબ ઉસકા માલિક ઉસે કુછ મૂલધન દે રોજગાર મેં લગા દેતા થા. દૂકાન ઉમ્મીદવાર હી કે નામ સે ખોલી જાતી થી. માલિક અપના કુછ ગ્રાહક ભી ઉસીકે પાસ ભેજ દેતા થા.

ઈસ પ્રકાર કી શિક્ષા ટોકુગવા-શોગન સરકાર કે પૂર્વ જાપાન મેં પ્રચલિત થી. ટોકુગવા-સરકાર કે પૂર્વ સર્વસાધારણ કી શિક્ષા કે લિયે રાજ્ય કી ઓર સે કોઈ પ્રબંધ ન થા. કેવલ બૌદ્ધ મંદિર હી થે; જહાં સર્વસાધારણ કે બચ્ચે ન્યૂનાધિક શિક્ષા પાતે થે. કુછ સમય કે બાદ જબ ઇસ પ્રકાર કે મંદિર શિક્ષા-વિતરણ કે લિયે પ્રસિદ્ધિ પ્રાપ્ત કર લેતે થે, તો સૈમુરાય કે બચ્ચે ભી ઐસે વિદ્યાલય મેં જાયા કરતે થે. પ્રાઇવેટ સ્કૂલ તભી ખોલે જાતે થે, જબ પઢનેવાલોં કી સંખ્યા યથેષ્ટ હોતી થી.

ટોકુગવા યાયસુ ને, જો ઈસ શોગનવંશ કા જન્મદાતા થા, શિક્ષા-પ્રચાર મેં બડી સહાયતા દી. ઉસને વિદ્વાનોં કો નિયુક્ત કિયા, પુરાતન ગ્રંથોં તથા હસ્તલિપિયોં કી ખોજ કરવાયી, કિતાબોં કા પ્રકાશન કરવાયા ઔર સ્કૂલોં કા સંસ્થાપન કિયા.

જબ ૧૮૬૮ ઈસ્વી મેં સમ્રાટ કી શક્તિ કા પુનરાવર્તન હુઆ, તો પાશ્ચાત્ય જ્ઞાન કી ઉપલબ્ધિ પર અધિક જોર દિયા ગયા. જાપાન કી નૂતન શિક્ષા-પ્રણાલિ યદ્યપિ પુરાતન સે વિભિન્ન હૈ, તથાપિ સૈમુરાય શિક્ષા કા સાર રખતી હૈ.

શિક્ષાવિભાગ કા સંસ્થાપન ૧૮૭૧ ઇસ્વી મેં હુઆ. ઇસ વિભાગ કા ઉદ્દેશ્ય ઇસકી શિક્ષા-પદ્ધતિ કી નિમ્નભૂમિકા સે હી ટપકતા હૈઃ—

"મનુષ્ય કે ઉત્થાન, સંપત્તિ કે પ્રબંધ, કાર્ય મેં સિદ્ધિ તથા જીવન મેં સફલતા પ્રાપ્ત કરને કે લિયે કેવલ એક હી ઉપાય હૈ. વહ સાત્વિક ગુણોં કા ઉપાર્જન, મેધાશક્તિ કા વિકાસ ઔર કલા મેં દક્ષતા પ્રાપ્ત કરના હૈ. પુનઃ ઇનકા ઉદ્ભવ કેવલ વિદ્યા હી દ્વારા સંભવ હૈ. અતઃ ઇસ સમય સે પ્રત્યેક ગ્રામ મેં એક ભી ઘર વિદ્યાવિહીન ન રહને પાયગા ઔર પ્રત્યેક ઘર મેં એક ભી આદમી વિદ્યા સે અનલંકૃત નહીં રખા જાયગા."

આજ જાપાન મેં યહ ઉદ્દેશ્ય ફલીભૂત ભી હુઆ હૈ.

("મનોરમા" માસિકના એક અંકમાં લેખકઃ-સાહિત્યોપાધ્યાય શ્રી. રામદીન પાન્ડેય.)

૭૭–કબ્ર કે કેદખાનાં ?

સોલાગ્યેટ રશીઆની જેલની મુલાકાતઃ કેદીઓને કામના બદલામાં પગાર મળે–પખવાડીઆની બહાર જવાની રજા મળે–ગવર્નર અને કેદીનાં સરખાં લૂગડાં

રશીઆમાં જે મને અનેક વિચિત્ર અનુભવો થયા હતા, તેમાં સૌથી વિચિત્ર તો ત્યારે મેં એક રશીઆન કેદખાનાની મુલાકાત લીધી ત્યારે થયો હતો. એ કેદખાનાં-ગિનાં ઉત્તમ ... ના ભાગ જેવા ... કામનું ... મેં ... જવાની માગણી કરી હતી, જે મને આપવામાં આવી હતી. હું ત્યાં પહોંચ્યો ત્યારે મને ખબર પડી કે, કેદીઓ ... જેલના ગવર્નરને મારા આગમનની ખબર અગાઉથી [illegible] આપવામાં આવી નહોતી. પહેલાં એ વિષે જરા મુશ્કેલી ઊભી થઈ હતી; કારણ કે તેને એવા હુકમો મળેલા હતા કે, પરવાનગી વગર કોઈ પણ વીઝીટરોને જેલમાં દાખલ કરવા નહિ. છેવટે ટેલીફોન દ્વારા એવો તોડ કાઢવામાં આવ્યો કે, ગવર્નર કેદખાનામાં હમેશ મુજબ મારે લાયક [illegible] ફરે, ત્યારે મારે તેની સાથે રહેવું. દરમિયાન તેનો કોઈ એસિસ્ટંટ ટેલીફોન મારફત મારે માટે પરવાનગી મેળવી લે. એ પ્રમાણે જેલના ગવર્નર અને બીજા એક બે જણા એમ અમારી ટોળી કેદખાનામાં ફરવા લાગી.

ખોરાકી ખાતાનો વર્ણન

માર્ગમાં હું જેલના ખોરાકી ખાતાના વોરડન જોડે વાતે વળગ્યો. તે ઝારના અને બોલ્શે-વિકોના અમલ વખતે આજ જેલમાં એક ઑફીસર હતો અને બન્નેની ખરાબ બાજરીઓ તથા કડવા અનુભવો તેના મગજમાં તાજા હતા. ઝારના અમલમાં એકલા કેદીઓનોજ નહિ પણ વોર્ડરો સુદ્ધાંને ખોરાક બહુ ખરાબ મળતો હતો; પણ એ જમાનામાં સારા ખોરાકનો ખ્યાલજ કોઈને ન હતો. એ જમાનામાં કેદીઓ તરફ બહુ સખત વર્તણુક ચલાવવામાં આવતી હતી; પણ તેની સામે શું ઉપાય લઈ શકાય ? હું પોતે આ રાહથી બનતું ત્યાંસુધી કેદીઓ તરફ માયાળુ રહેતો, પણ એ વખતની પદ્ધતિજ એવી જુલમી હતી કે તેની સામે કોઈ કશો થઈ શકે નહિ. એ વાત ખરી કે બોલ્શેવિક અમલમાં તો કોઈ અન્યાય સામે ફરિયાદ કરી શકાતું; પણ ઝારના અમલમાં તો ફરિયાદ સુદ્ધાં થતી નહિ. પણ ફરિયાદ તરફ લક્ષજ ન અપાય ત્યાં ફરિયાદ કરવાનો અર્થ શું ? બોલ્શેવિકો ઉપડી ગયા ત્યારે મને ઘણો ખેદ થયેલો, કારણ કે એ લોકો જેલના સ્ટાફના બધું મહીનાના પગાર ચાંઉ કરીને ચાલી ગયેલા. એક રશીઅન સ્વભાવે પ્રમાણિક માણસ છે અને તેને કોઈ લૂંટી જાય એ પસંદ પડતું નથી. આ આગલી યાદગીરીઓ તેના બિચારાના મનપર હજુ પણ તાજી હતી. એ તેને ભૂલી જઈ શકતો ન હતો.

અત્યારની સ્થિતિ

અત્યારે જેલમાં પરિસ્થિતિ કેવી હતી ? મેં પૂછ્યું અને જવાબ મળ્યો કે "અરે, ઘણી સારી. કેદીઓપર ખરાબ વર્તણુક ચલાવવામાં આવતી હતી નહિ. કેદીઓ અને વોર્ડરો બન્નેને ખોરાકી સારી મળતી હતી અને તેમના કારભારીઓને પગાર નિયમિત મળતો હતો. જૂના અમલ જેવી સ્થિતિનું નામનિશાન રહ્યું ન હતું, અને અત્યારે હું વધારે સુખી અને આબાદ છું. જો કે હું જેલમાં વૉર્ડરતરીકે કામ કરું છું, છતાં હું આખરે તો માનવી છું."

કેદીઓ અને તેમના મિત્રો

અમારી જેલખાનાની સફર દરમિયાન એક ઓરડામાં અમે જઈ ચડ્યા, જ્યાં જાહેર પ્રજાના માણસો કેદખાનામાં પોતાના મિત્રો અને સગાંને મળવા આવ્યા હતાં. કેદીઓ અને મિત્રો વચ્ચે એક લોખંડનો કઠેરો હતો; પણ આ કઠેરાની પેલી બાજુ ઊભા રહી એક કેદી પોતાનાં સગાં અને મિત્રો સાથે વાત કરી શકે, તેમની સાથે શેકહેન્ડ કરી શકે અને ચુંબન સુદ્ધાં કરી

શકે. એક કેદી તેની પત્ની પોતાનાં નાનાં બચ્ચાંને લાવી હતી તેને બચ્ચીઓ લેતો હતો. મને ખબર પડી કે, અઠવાડીઆમાં ત્રણ વખત એક કેદી પોતાના મિત્રો અને સગાંવહાલાંઓને અડધો કલાક સુધી મળી શકે; અને ગમે તેટલી સંખ્યાના પોતાના મિત્રોને એ મળી શકે, જેલના જીવન સંબંધમાં આપણા પોતાના ખ્યાલને અહીંજ પહેલો આંચકો અને અચંબો લાગે.

કોટડીઓ નાબુદ

બીજી અજાયબી મને એ લાગી કે, આ જેલમાં કેદીઓ માટેની કોટડીઓ હતીજ નહિ. આ કેદખાનામાં દરેક કેદી માટે જંગલી જાનવરનાં પાંજરાં ફેશનની કોટડીઓ નાબુદજ કરવામાં આવી હતી. કેદીઓ દરેક માળપર આવેલા મોટા હૉલમાં પંદરથી વીસની સંખ્યામાં સૂતા હતા, અને આ હૉલને દિવસે કે રાતે તાળાં મારવામાં આવતાં હતાં નહિ. એક માળથી બીજે માળે જવાના દાદરાપરનાં બારણાંનેજ માત્ર તાળુ મારવામાં આવતું હતું. દરેક માળના કેદીઓ પોતાના માળમાં એક ઓરડામાંથી બીજા ઓરડામાં ખુશીથી જઇ શકતા હતા; અને વગર અંકુશે વાતચીત કરી શકતા. સીગરેટ–સીગાર ફુંકી શકતા કે લેખન–વાંચનનું કાર્ય કરી શકતા. દિવસના જૂદા જૂદા માળ વચ્ચેના દાદરા પરનાં તાળાં પણ ખસેડી નાખવામાં આવતાં હતાં.

કસરત

દિવસમાં ચાર વખત કેદીઓને બહાર ખુલ્લી જગામાં કસરત કરવા જવા દેવામાં આવતા હતા. જેલના કંપાઉંડમાં તેઓ હથીઆરબંધ ગાર્ડની સરદારી હેઠળ જતા નહિ, પણ તેઓ પોતાની જાતે જેલના કંપાઉંડમાં નિરંકુશ લટાર મારતા હતા. આ વધુ અજાયબી !

કેદીઓને બહાર જવા સુદ્ધાંની રજા

મને વધુ ખબર એ મળી કે, સારી ચાલચલગતવાળા કેદીને અઠવાડીઆમાં એક દિવસ ગામમાં રજા પર જવાનો મળતો હતો, જ્યારે તે શહેરમાં નિરંકુશ ફરી હરી શકતો અને પોતાના કુટુંબની સાથે એક આખો દિવસ ગાળી શકતો. મેં પૂછ્યું કે "આવી રીતે રજાનો લાભ લઇને કોઈ કેદી પોલ થઇ જતો હતો કે નહિ?" તો મને જવાબ આપવામાં આવ્યો કે, રજાપર ગયેલા કેદીઓ ત્યાંથી ઠરાવેલે વખતે પાછા જેલમાં હાજર ન થવાનો બનાવ કવચીતજ બનતો. ઉનાળામાં સારી ચાલચલગતવાળા કેદીને એક પખવાડીઆની રજા બક્ષવામાં આવતી, જે તે પોતાની ખુશી પડે ત્યાં ગાળી શકતો હતો. આવા સંજોગોમાં પણ કોઇ કેદી ગુમ થતોજ નહિ.

ઇંગ્લીશ જાણતો કેદી

કેટલાક હૉલમાં ફર્યા પછી મને એક અંગ્રેજી ભાષા જાણતો કેદી મળ્યો. તે જેલમાંજ અંગ્રેજી શીખ્યો હતો. તેની સાથે મને ઘણી જાણવાજોગ વાતચીત થઇ. તેના ખ્યાલ પ્રમાણે કેદખાનું એક સુંદર જગા હતી. કેદીઓ દિવસના આઠ કલાક કામ કરતા હતા. તેમને ખોરાક સારો મળતો; તેમના તરફ સખ્ત વર્તણુંક ચલાવવામાં આવતી હતી નહિ. કેદીઓનાં પોતાનાં અભ્યાસનાં મંડળો હતાં. તેમની પોતાની એક લાઇબ્રેરી હતી, જેની વ્યવસ્થા ખુદ કેદીઓની પોતાની કમિટિ કરતી હતી. આ ઉપરાંત કેદીઓની પોતાની ઓરચેસ્ત્રા, વાયર્લેસ, ચેસ અને ડ્રાફ્ટની કલબો હતી.

કલબ કે જેલ ?

ટુંકામાં એ આખું મકાન એક જેલને બદલે એક કલબ જેવું લાગતું હતું, બિલ્ડિંગ અલબત્ત જેલ જેવી દેખાતી હતી. ફર્નિચર અને ઓઢવા પાથરવાનાં સસ્તાં હતાં. તે સિવાય એ સ્થળને કલબ કરતાં જૂદી પાડનારી કોઈ સ્થિતિ હોય તો તે માત્ર એટલીજ કે, રજાવગર તેના માણસો મકાનની બહાર જઈ શકતાં નહિ. આ સ્થળની સુખસગવડો તો બિચારા સખત મજુરી કરનારા બ્રિટિશો ભોગવે તે કરતાં વધુ સારી હતી, અને આપણા કમનસીબ કેદીઓને આપણે જે સગવડ આપીએ તે કરતાં અલબત્ત ઘણીજ સારી સગવડો અને સાધનો અહીં હતાં. સીનેમાને પણ ભૂલવામાં આવ્યો હતો નહિ, અને અઠવાડીઆમાં ત્રણ વખત કેદીઓ આગળ સીનેમા દર્શો અને નાટકો થતાં હતાં.

રશીઆમાંજ બની શકે

કેદીઓનાં સુગરાં જેલના ગવર્નર જેવાંજ હતાં. અમે જેલના મકાનની ગેલેરીમાં બેસી વાતો

[illegible] ... કેદીઓ તમાકુ, સિગારેટ, [illegible] વગેરે વસ્તુઓ ખરીદી શકે છે. આ દુકાનમાંથી જે નફો થાય [illegible] કેદીઓને મદદ આપવામાં આવે છે.

કેદીઓને પગાર મળે

કોઈ પૂછે કે, જેલમાં વસનારા કેદીઓ સિગારેટ જેવી વગેરે કેમ કરી ખરીદી શકે? પણ વાત એમ છે કે, કારીગરામાં કેદીઓને તેઓ જે કામ કરે તેના બદલામાં પગાર આપવામાં આવે છે અને એ પોતાની આવકનો ઉપયોગ ગમે તેમ કરવાને તેમને હક હોય છે.

કેદીઓ અમલદાર સામે કંઈ બખાળા કે ગુનો કરે તો તેનો ન્યાય જેલના ગવર્નર નહિ પણ કેદીઓ પોતે કરે છે.

કેદીઓની કમિટિ

કેદીઓની પોતાની ચૂંટાયલી કમિટિ જેમાં [illegible]. આ કમિટિનો સમાચાર સ્વીકાર થયેલો હોય છે અને તે ગમે ત્યારે ગવર્નરને મળી શકે છે. એ જગ્યામાં કેદીઓ અને ગવર્નર વચ્ચે સમાધાનીભરી સમજુતી ન થાય તો ન્યાય ખાતા આગળ એ વાત જાય છે. કેદીઓનું પોતાનું નાનકડું છાપું નીકળે, જેમાં તેઓ ગમે તે લખી શકે છે; અને ખુદ જેલના અધિકારીઓ તેમાં ટીકા કરી શકે છે. કેદીઓની કમિટિ છાપાંમાં આવતી જાહેરખબરોમાંથી નભે છે.

યુનિવર્સિટીના વર્ગો

જુદા જુદા રૂમમાં મેં કેદીઓને જુદા જુદા ધંધા અને ઉદ્યોગોમાં રોકાયલા જોયા હતા. કોઈ શીવણકામ કરતા, કોઈ જોડા બનાવતા, કોઈ સુથારકામ કરતા, એ રીતે કામ કરતા તેમના અભ્યાસવર્ગોમાં કોઈ વખત બહારનો શિક્ષક શીખવવા આવતો તો કોઈ વખત કેદીઓમાંથી જ કોઈ શિક્ષકનું કામ ઉપાડી લેતો. એક કેદી જો શિક્ષણ આપવાનું કામ કરે તો તેની સજાના ત્રણ દિવસ બે દિવસના ગણાય.

માન્યું નહિ

મને કહેવામાં આવ્યું કે, મારી મરજી હોય તો કેદીઓને એક બાજુ લઈ જઈ હું તેમની સાથે વાતચીત કરી શકું તેમ છું. આ તકનો મેં લાભ લીધો. ઑફીસરો બીજી બાજુ ચાલી ગયા અને કેદીઓ મારી જોડે વાતે વળગ્યા. તેઓએ મને બ્રિટિશ જેલખાનાં વિષે ઘણા ઘણા સવાલો પૂછ્યા અને જ્યારે મેં જણાવ્યું કે, ઇંગ્લાંડની જેલમાં દરેક કેદીને રાત્રે એક ઓરડીમાં પૂરવામાં આવે છે ત્યારે એ વાત તેમને ગળે ઉતરી નહિ. કેદીઓની કમિટિ શું કરે છે? એમ એ લોકોએ પૂછ્યું ત્યારે મારે શરમીંદગીથી જવાબ આપવો પડ્યો કે બ્રિટનમાં કોઈ જેલનો ગવર્નર કેદીઓની કમિટિની વાત સાંભળે તો તેને માથે લોહી ચઢી જાય.

કેદીઓએ પછી તેમનેમાટે તુરતનોજ તૈયાર કરવામાં આવેલો નહાવાનો હોજ મને બતાવ્યો અને હું ફરક્યો ત્યારે મને બાદશાહી આવકાર આપ્યો અને બ્રિટિશ કેદીઓ માટે ભલી દુવાનો પેગામ મોકલી જેલના બગીચામાંથી મને પુષ્પોની એક સુંદર કલગી ભેટ આપી.

(દૈનિક "હિંદુસ્થાન" ના એક અંકમાથી. મૂળ લેખકઃ—ડબલ્યુ. જે. બ્રાઉન)

× × × ×

સુધરેલા કહેવાતા દેશોમાં પણ જેલનું નામ દેતાં માણસ ધ્રુજી ઉઠે છે. ખરેખર, એની તુલના શાસ્ત્રોમાં જે નરકવાસતરીકે જણાવવામાં આવે છે તેથીજ થઈ શકે. એ નરકવાસમાં દુર્ભાગી

પ્રાણીઓને ફટકા પડે છે, મારફાડ થાય છે, દરેક જાતનો જુલમ ભોગવવો પડે છે; અરે, માનવતરીકે તેને કોઈ ગણતું પણ નથી. એ હિંદની જેલોની હાલત છે. કોઇને તેનો અનુભવ કરવો હોય તો તે મારી સાથે પેશાવરની જેલમાં આવે. બરેલીની જેલમાં તો કેદીઓને ખાસડાંથી મારવામાં આવે છે. લોખંડી પિંજરામાં આપણા અનેક દેશભક્તો અને દેશના સપુતોના છળ કરવામાં આવે છે. મેં મારી જીંદગીનાં સાડાચાર વર્ષ હિંદના કારાવાસમાં ગાળ્યાં છે અને તેથીજ મોસ્કોમાં હતો ત્યારે તેની જેલ જોવાની મને ઉત્કંઠા થઈ. મેં ત્યાં જે કંઇ જોયું તે પરથી તેને જેલ કહેવીજ કેમ, એ સવાલ પેદા થાય છે. હિંદની જેલોમાં માનવનો પશુ બને છે ત્યારે રશિયાની જેલોમાં પશુતા ભોગવનાર પ્રાણીઓ પણ કેળવણી અને સંસ્કારિતા મેળવી ઉચ્ચ કોટિએ ચડે છે. અહીંની જેલોમાં ભય પ્રવર્તે છે–ત્યાં સરસ્વતીની આશિષ વરસે છે.

મોસ્કોની જેલમાં એક કારખાનું જોયું. બાજુમાંજ કેદીઓને રહેવાની જગા હતી. જો ત્યાં લોખંડી જાળીઓ ન હોત તો તે જેલ છે એમ કોઇ પણ માનત નહિ. ખુરશીઓ અને સાદડીઓ બનાવવાનાં, દરજીકામનાં, સાબુ તથા ટાઇપનાં કારખાનાં પણ જોયાં, તેમ કેદીઓની દરેક સગવડ જાળવતી ઓલીઓ તથા ખોરાક પણ તપાસ્યા. મારી સાથે બીજા પણ કેટલાક ગૃહસ્થો હતા. તેમાંનો એક ફ્રેંચમેન બોલી ઉઠ્યો કે "અરે કોણ કહે કે આ જેલ છે?" અહીંના કેદીઓ અમારા જેવા બહારથી આવેલા માણસો સાથે પણ છૂટથી બોલી શકતા. તેમના મનરંજન માટે ગાયન-વાદનના જલસા થતા, દરેક રીતે કેદીઓને અહીં છૂટ છે. સિવાય કે, કેદી જેલમાથી બહાર ન જાય. ઉપરાંત લાયબ્રેરીઓ પણ છે, તેમ નિરક્ષર કેદીઓને લખતાં–વાંચતાં શીખવવાની શાળાઓ છે. કેદીઓને કુલ્લે આઠ કલાક કામ કરવું પડે છે ને તેમાંના બે કલાક તેમને ભણાવવામાં આવે છે.

વળી અહીં વૉર્ડરો હોતા નથી, માત્ર થોડા સુપરવાઈઝરો હોય છે.

દરેક દેશમાં ગુન્હેગારોને સજા થાય છે અને તેમને જેલમાં પણ મોકલવામાં આવે છે; પરંતુ તેની પાછળ રહેલા હેતુવિષેજ સોવિયટ રશિયામાં દેખીતો ભેદ છે. ત્યાં કેદીને સજા માટે નહિ પણ તાલીમ આપી લાયક નાગરિક બનાવવાને માટેજ લઈ જવામાં આવે છે; તેમ કેદીઓની મનોદશા ધ્યાનમાં લઇ તે મુજબ તેમની પાછળ ધ્યાન આપવામાં આવે છે. વળી અહીં બીજી એક વિશેષતા એ જોવામાં આવે છે કે, કેદી જે જાતનું કામ બહાર કરતો હોય તેવુંજ કામ તેની પાસેથી જેલમાં પણ લેવામાં આવે છે. કેદીઓ પોતાનાં કપડાં વાપરી શકે છે, તેમ ખોરાક પણ સારો હોય છે.

ફોજદારી ગુન્હાવાળા કેદીઓની આ વાત થઇ ત્યારે રાજકીય કેદીઓની સ્થિતિ કેવી હશે એ કલ્પી શકાશે. તેમને કામ કરવું પડતું નથી. ખાસ સગવડો આપવામાં આવે છે. ગમે તે જાતની ચોપડીઓ તે વાંચી શકે છે ને મિત્રોને મળી શકે છે.

પરદેશીઓની વ્યવસ્થા

વળી રશિયામાં પરદેશીઓની જે ખાનદાનીથી બરદાસ્ત રાખવામાં આવે છે તેવી બરદાસ્ત તો બીજા કોઇ પણ દેશોમાં મેં કે બીજા કોઇએ પણ અનુભવી નથી. પરદેશખાતા તરફથી બોલાવેલી સભામાં હું એક દિવસ હાજર હતો. વક્તાઓએ પરદેશીઓના બે વર્ગો જણાવ્યા. સોવિયટ રશિયા જગતભરના કામદારોની એકતામાં માનનારૂં હોવાથી તેઓ જીગરજાનીથી બીજાઓ સાથે વર્તે છે. આથીજ પરદેશના પ્રતિનિધિઓ રશિયાને કિનારે ઉતરે ત્યારથીજ સરકારના પરોણા ગણાય છે. તેમને કોઇ પણ જાતનો ખર્ચ કરવો પડતો નથી.

વળી રશિયાની સ્થિતિ નજરે નીહાળવાને માટે આવનાર પરદેશી પથિકોની સોવિયટ સરકાર પોતેજ દરેક વ્યવસ્થા રાખે છે, પણ ખર્ચ દરેકે આપવું પડે છે. આવો કોઇ મુસાફર આવે કે તેણે બે મહીનાની અંદર સરકારમાં પોતાની ખબર આપવી જોઇએ. નાગરિકતાના કાયદા પણ અહીં ઘણાજ સરળ ને સાદા છે. કોઇપણ પરદેશી નામઠામ નોંધાવતાંની સાથેજ ત્યાંનો નાગરિક બની શકે, તેને શહેરીતરીકેના સઘળા હક મળી જાય છે અને વિશેષતા એ કે, તેમને લશ્કરમાં નોકરી કરવાની ફરજ હોતી નથી, તેમ તેઓ ચોક્કસ કાયદાઓ ભંગ ન કરે ત્યાંસુધી તેમની

[illegible] પણ [illegible] નથી.

સોવિયટ [illegible]

[illegible] કુદરતી [illegible] જણાય છે. [illegible] નથી. [illegible] કોઈ [illegible] નથી. [illegible] કરે તે [illegible] છે. [illegible] મુનિસિપાલિટી [illegible] કરતી હોય છે.

નાનાં નાનાં છોકરાંઓ પણ [illegible] જણાય છે. મેં એક [illegible] પૂછ્યું કે " [illegible] પહેરવાની [illegible] આ માટે આપો છો?"

"અરે ભાઈ" તેમણે જવાબ આપ્યો "આ તો [illegible] સવાલ છે. નાનપણથી તાલીમ ન હોય અને [illegible] તો શું કરવું? તે પ્રસંગે નવા સિપાઈઓની [illegible] કરતી, તાલીમ [illegible] કરતાં [illegible] યુવાનોની મનોદશા કેળવવી એ વધારે મહત્વનું છે. વળી તમે જાણતા નથી કે, [illegible] આજુબાજુ તેવી [illegible] જનૂન સ્વાભાવિક રીતેજ પેદા થાય છે? અમારી પ્રજામાં અમે બાયલાઓ પેદા થયેલા જોવા માગતા નથી. તેમના અંતરમાં તેજસ્વિતાના [illegible] રહે એ જોવાની અમારી [illegible] છે.

કામદારની પ્રતિષ્ઠા

સોવિયટ રાજતંત્રનું આખું રહસ્ય કામદાર વર્ગોમાં તેના હિતસંબંધોની જાગૃતિ પેદા કરવામાંજ સમાએલું છે. કામદારો અને ખેડૂતોની પંચાયતો એટલે-સોવિયટ-અને તેથીજ રાજકીય સત્તા આ પંચાયતોના હાથમાં હોય છે. કમજીરી સમાજોનું તંત્ર એટલે આ પંચાયતોએ ચૂંટેલા પ્રતિનિધિઓ તરફથી ચાલતું તંત્ર-અને જો કોઇ પંચાયતને એમ લાગે કે, એક વાર ચૂંટેલો પ્રતિનિધિ તેના ધોરણસર ચાલતો નથી તો તેને પંચાયત રદ કરી શકે છે. અને તેથીજ મધ્યવર્તી કમિટિ પર પ્રાંતિક કમિટિઓનું અને તેમની ઉપર તાબાના કમિટિઓનું દબાણ હોય છે.

૧૯૨૦-૨૧ ના કાળમાં-જે વૉર-કમ્યુનીઝમ તરીકે ઓળખાય છે તે કાળમાં-દેશમાંની દરેક વ્યક્તિને એકસરખો ખોરાક તથા બીજી જરૂરીઆત વસ્તુઓ પૂરી પાડવામાં આવતી; પણ તે પછીના અલ્પ સમયમાં જે નવી આર્થિક પદ્ધતિ ચલાઇ તેણે વ્યવસ્થાશક્તિની દૃષ્ટિએ અદ્ભુત પરિવર્તન કરી નાખ્યું છે. પરંતુ છતાં કારખાનાંઓની માલીકી તો કામદારોનીજ છે, તેમ જમીનોના ખરા માલીકો પણ ખેડૂતોજ રહ્યા છે.

ખેડૂતોની આબાદાની

કામદારો સાથેજ બીજો મહત્વનો વર્ગ એટલે ખેડૂતોનો-ખેડૂતને ત્યાં "મૌઝીક" કહે છે. આ લોકો હાલીવાલો પરમલ્લુ મૌઝીક ઝારના કાળમાં ભયંકર પ્રત્યાઘાતવાદી હતો અને તમાકુનું નામ લઇ આળસમાં પડી રહેતો. તેમને અજ્ઞાનતામાં રાખવામાં આવતા, રાજકીય શિક્ષણ જેવું તેમને કંઈ પણ મળ્યું ન હતું-જાણે કે જમીનદારોની ગુલામી સિવાય તેમને દુનિયામાં કંઈ કરવાનું હોયજ નહિ, એમ તેમને વિષે માનવામાં આવતું; અને જો તે કદાચ તકરાર કરે તો તરત તેની સામે કડક પગલાં લેવામાં આવતાં.

પણ હવે-ક્રાંતિ પછી-ખેડૂત અજ્ઞાની રહ્યો નથી. તેઓને કોઇ લૂંટી શકે નહિ, ખેડૂતોમાં પણ હવે સુવાન મંડળો જામી ગયાં છે. તેમને પોતાની ગુલામી સાલતી હતી અને તેથીજ તેઓ ક્રાંતિવાદી બન્યા. ખરું છે કે, અજ્ઞાનને લીધે માનવી ગુલામ બની રહે છે, પણ અંતરના અગ્નિપર વરસો રાખનો ઢગલો કેળવણીના પવનથી ઉડી જતા તે પ્રખરતા ધારણ કરે છે-ભડકો ઉઠે છે અને ગુલામીના બંધનોને બાળી ખાખ કરે છે.

આ ભાન બે રસ્તે થાય છે; કેળવણીથી અને ભયંકર દુઃખથી. કેળવણીનું ભાન પાયરી

પાયરીએ ધીમે ધીમે થાય છે, જ્યારે ભયંકર વિપત્તિનું ભાન એકદમ થાય છે અને તેમાંથી ક્રાંતિનોજ સ્ફોટ થતો હોય છે.

આ અવસ્થા સમજવી હોય તો ચોપડાં વાંચીને નિરાંત નહિ વળે-ખરી સ્થિતિ નજરે નિહાળવી જોઈશે, તેની અંદર સંકેલાયલાં અનેક તત્ત્વોનું આકલન કરવું જોઈશે. રશિયન ખેડૂત અભણ છતાં આ સત્ય જોઈ શક્યો તેથી હવે તે ધર્મને ખોરંભે પોતાના સવાલો મૂકતોજ નથી. તે જાણે છે કે, ધર્મને નામે તો તે ઝારની ગુલામીના દોઝખમાં સબડતો પડયો હતો. આમાંથી મુક્તિ આપનારી એક ક્રાંતિજ હતી અને તેથી તે ક્રાંતિનેજ પોતાની પૂજ્યમૂર્તિ ગણી વંદે છે. રશિયામાં હવે એ તો કહેવતજ પડી ગઇ છે કે, ધર્મ એ પ્રજાને માટે અને ખાસ કરીને ખેડુતને સરજાયેલું અફીણ છે. જ્યારે તેની અસર કાઢી નાખનારી જ્વલંત માત્રા એક માત્ર ક્રાંતિ-ચતુરંગી પરિવર્તન એજ છે.

કામ નહિ તો દામ નહિ

જે કોઈ પણ માણસ શરીરે તેમ માનસિક દૃષ્ટિએ સાજો છે તેને ૧૮ થી ૫૫ વર્ષની ઉંમર દરમિયાનમાં કામ કરવું પડે છે. જે કોઇ કામ કરતો નથી તેને સામાજિક તેમ રાજકીય મોભો હોતો નથી. તેની કેળવણી, દવાદારૂ વગેરે માટે સરકાર જોખમદાર નથી. ત્યાં તો એજ કહેવત છે કે "કામ નહિ તો દામ નહિ."

આવા માણસો સામાન્ય રીતે ઝારની આમદાનીમાંના અમીરોજ હોય છે. તેમણે ક્રાંતિ વખતે પોતાની ધન-દોલત જમીનમાં દાટી રાખેલી તે હવે જરૂર પડે તેમ વાપરી શાંતિનું જીવન વ્યતીત કરે છે; પણ જ્યારે આ દાટી રાખેલું ધન ખલાસ થઈ જાય છે, ત્યારે તેઓને કેળવણી ખાતા તરફ કે કારખાનાંઓ તરફજ આજીવિકા માટે દોડી જવું પડે છે. તરત તેને સર્વે સામાજિક તથા રાજકીય હક્ક મળી જાય છે અને તે પોતાના પસીનાની કમાણી કરતો થાય છે.

રશિયાની સ્ત્રીઓ

સોવિયટ રાજતંત્રમાં સ્ત્રીઓને પુરુષથી આર્થિક સ્વતંત્રતા આપવાની દૃષ્ટિએ ઘણાજ ખંતીલા પ્રયાસો આદરવામાં આવ્યા છે. સોવિયટ તંત્ર સ્થાપન થયું કે તરતજ એક ઢંઢેરો પ્રકટ કરી સ્ત્રીઓ સામે મૂકાયલા અંકુશો કાઢી નાખવામાં આવ્યા હતા; એટલે હવે સ્ત્રીઓ રાજકીય તેમ સામાજિક દરજ્જામાં પુરુષોની બરાબરીએ હક ભોગવી શકે છે. તે હવે પુરુષના હથીઆરરૂપ રહી નથી, તેમ લગ્નની ગુલામ પણ રહી નથી. રશિયામાં લગ્નને પ્રેમોત્પન્ન સામાજિક વ્યવહારતરીકે માનવામાં આવે છે. સ્ત્રીપુરુષની ખુશી હોય તો-અને ત્યારેજ તેઓ પરણી શકે છે, તેમ છુટાછેડા મેળવી શકે છે; તેમજ જ્યાંસુધી એકાદ લગ્ન ખાતામાં કે સામાજિક ખાતામાં નોંધાયું નથી ત્યાંસુધી તે કાયદાસરનું ગણાતું નથી.

સ્ત્રીસ્વાતંત્ર્યની આ મનનીય યોજનાથી રશિયામાં વેશ્યાવૃત્તિ તદ્દન નષ્ટ થઈ ગઇ છે કુટ્ટણખાનાં એ હવે રશિયામાં ભુતકાળની બીના થઈ પડી છે; તેમ તે સામે ઘણાજ કડક કાયદા ઘડવામાં આવ્યા છે.

ખેતીવાડી

હિંદુસ્થાન પ્રમાણેજ રશિયા પણ કૃષિપ્રધાન એટલે ખાસ કરીને ખેતીવાડીવાળો દેશ છે; અને તેથીજ દેશની લોકવસ્તીમાં ખેડુતોનું પ્રમાણ ઘણું મોટું છે. ૧૬ કરોડની રશિયાની પ્રજામાં ૧૪ કરોડ ખેડુતો છે. અન્ય સ્થળે આપણે જોઇ ગયા તેમ ક્રાંતિના પૂર્વકાળમાં ખેડુતોની હાલત ઘણીજ ખરાબ હતી. કુલ જમીનોમાંની ત્રીજો ભાગ જેટલીજ ખરાબ જમીનો ખેડુતોની માલીકી વધુ હતી. "કુલાકો" (જમીનદારો) તેમને સદૈવ ગુલામ.મા રાખતા [illegible] [illegible] કરીને અને પ્રજાને ઊંચે સ્થે દેખી જતા હતા; પરંતુ ક્રાંતિ [illegible] [illegible] કરી નાખ્યું [illegible]. [illegible] જમીનોની માલીકી ખેડુતોને [illegible] [illegible] જમીનો [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. ખેડુતો [illegible] [illegible] તેમનું [illegible] [illegible].

([illegible])

७८–मीरज मिशन हॉस्पिटल

વિવિધ ધર્મો દાન, ભાવના અનુકંપામાં [illegible] છે, કારણ કે [illegible] પ્રથમ મિશનરીઓ એક મનુષ્યનિર્માણ કરે છે. [illegible] અને [illegible] તે હિંદુ, મુસલમાન, પારસી કે ખ્રિસ્તીઓ [illegible] મનુષ્યત્વની ભાવના વધારે છે જ [illegible] છે.

× × × ×

હિંદના લગભગ એક સો વર્ષ થયાં, ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરનાર ઘણાં મિશનો અહીંઆ આખા દેશમાં સ્થળે સ્થળે કાર્ય કરી, [illegible] અત્યંત [illegible] નીચે લાવી રહેલા છે. ધર્મપ્રચારનો [illegible] કરવામાં આવે તો [illegible] પ્રકારની-સમાજસેવા-દીનસેવા ભાવથી, [illegible] અને પરદેશથી કે જેઓ માત્ર નામનુંજ મનુષ્યત્વ ભોગવી રહેલા હતા, જેઓની ગણના પશુઓથી જરા [illegible] હિંદુઓએ કરી હતી, તેઓને પુનઃ મનુષ્ય બનાવી, જગતને ઉપયોગી સેવક-સેવિકાઓ આપ્યા છે. મુક્તિફોજ, કેટલાંક [illegible] હોમ્સ-અનાથાશ્રમો અને દવાખાનાંઓ આ ઉપયોગી સંસ્થા મોજૂદ છે.

× × × ×

મીરજની મિશન હૉસ્પિટલમાં થતી દર્દીઓની ચિકિત્સા, નિદાન અને સારવાર વગેરેની તારીફ ઘણાં વખત થયા તેનો લાભ લેનારાઓ પાસેથી સાંભળેલી; પરંતુ ત્યાં પ્રભુ [illegible]ના સાચા સેવકો, રોગી જનતાને ચરણે પોતાનું જીવન અર્પી રહેલા છે તે તો ત્યાં જાતે [illegible] માલમ પડ્યું.

મીરજ હૉસ્પિટલ અમેરિકન પાદરી ડૉક્ટર વૉનલેસે આજથી ૩૫–૪૦ વર્ષ પહેલાં અમેરિકન પ્રેસ્બિટેરિયન મિશન તરફથી એક નાના ભાડાના મકાનમાં ખોલી, તેને પોતાનું જીવનકાર્ય બનાવ્યું. ધીમે ધીમે કાર્યપરાયણતા, સેવાવૃત્તિ અને દક્ષતાથી હાલની સ્થિતિએ એ સંસ્થાને આણી.

શરૂઆતમાં ડૉક્ટર વૉનલેસને ઘણીજ મુશ્કેલીઓ સામે ઝઝુમવાનું હતું. તેનું કાર્યક્ષેત્ર, હિંદુ-ધર્મના ચુસ્ત હિમાયતી અને તદ્દન અજ્ઞાન માણસોની વચમાં હતું. મીરજ રાજ્ય કોઇ પણ રીતે અને કોઇ પણ શરતે પાદરી લોકોને જગ્યા આપે તેમ હતુંજ નહિ. આવા સંજોગોમાં પણ તે પાદરીએ પોતાનું કામ સાધારણ પાયાપર ચલાવ્યેજ રાખ્યું. તે બિમારને દવા આપતો અને ખબર પડતાં નગરેનગરે-ગામડીએ દર્દીને ત્યાં પહોંચી જતો. તેની પાસે બોલવાનાં વચનો કે પાંડિત્ય જેટલું હોય તે કરતાં ગરીબોના ચરણમાં ધરવા સેવાવૃત્તિ વધારે હતી.

એક સાચા સંન્યાસીનું જીગર હતું અને માથે લીધેલા કાર્યને પાર પાડતાં સામે આવતી વિપત્તિઓ ઝીલી લેવા એક વીર-ધીર-હૃદય હતું.

આ અરસામાં કોલ્હાપુરના કોઈ કુંવરનું ઑપરેશન કરવાની તેમને તક મળી અને આરામ પછી મહેનતના બદલામાં હાલની હૉસ્પિટલની જમીનની માગણી કરી, જે સ્ટેટે કબૂલ રાખી મીરજ પાસેથી અપાવી દીધી. આ વખતે આ ડૉક્ટરને પોતાનો અંગત સ્વાર્થ સાધવાની તક સારી હતી; પરંતુ તેને તો પોતાનું-સેવાનું અને ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવાનું-કાર્ય પાર પાડવાનું હતું.

પગભર થયા પછી તેણે આસપાસના અભણ-અજ્ઞાન હિંદુઓ કે જેમને હિંદુઓએ અસ્પૃશ્ય ગણી દૂર કરેલા હતા, જેમનું મનુષ્યત્વ અધું પધું તો આ પાપે હરાઈ ગયું હતું, જેમના નીતિરીતિના સંસ્કારો ધોવાઇ ગયા હતા અને પેટપૂરતું મળે તે રીતે મેળવી પેટનો ખાડો પૂરવો એજ જેમનો જીવનવ્યવસાય થઇ પડેલો હતો, તેઓને કેળવી પુનઃ મનુષ્ય બનાવી તેમના ભૂખ્યા પેટમાં રોટલી આપી ઉઘાડાં શરીરો ઢાંકી, તેઓના દિલના અને દેહના આખા આખા જખ્મો દવાથી અને પ્રભુની દુવાથી રૂઝવવાનું કાર્ય શરૂ કર્યું. અત્યારે તેઓ ખ્રિસ્તીસ્વરૂપે ડૉક્ટર વૉનલેસના મદદનીશો બની રહેલા છે. લગભગ ડૉક્ટરોથી માંડી વૉર્ડમાં કામ કરતા હલકા નોકરો સુધીનો તમામ સ્ટાફ

તે ગરીબ અભણ ગામડીઆઓમાંથી ઉપજાવી કાઢેલો છે. તેમાંનો એક ડૉકટર સાથની અત્યારે 'લેબોરેટરી એક્સ રે' ના ખાતામાં ડૉ. વોનલેસનો મુખ્ય મદદનીશ છે; આખો દિવસ કામ કરવા છતાં પણ તે માણસ પૂરેપૂરી શાંતિથી સદા તૈયારનો તૈયારજ હોય છે.

તેને મેં પૂછ્યું કે "ડૉક્ટર! તમારે ક્યાંથી ક્યાંસુધી દવાખાનામાં હાજરી આપવી પડે છે?" તેણે શાંતિથી ખ્યાલ આપ્યો કે "અહીં દવાખાનામાં મુકરર કરેલા કલાકો નથીજ હોતા, કામ કરનાર માણસ ચોવીસે કલાક કામ કરવા તૈયારજ હોય છે; કારણકે અમે દવાખાનાના છીએ અને દવાખાનું અમારૂં છે."

આ ડૉક્ટર લેબોરેટરીના એક્સ રેના કામ ઉપરાંત રસાયણશાસ્ત્ર અને શારીરિક શાસ્ત્રના અહીંની મેડીકલ સ્કૂલમાં–કે જ્યાંથી તે પાસ થઇ બહાર નીકળ્યા છે. ત્યાં–પ્રૉફેસર છે.

× × × ×

તેવીજ રીતે ત્યાં કામ કરતી કેટલીક સેવિકાઓ અને નોકરો પણ ત્યાંનાજ મિશને તૈયાર કરેલાં છે. તેઓ ખરેખરી લાગણીથી દર્દીઓની સેવા કરે છે. મુંબઇ, અમદાવાદ કે એવાં બીજા સ્થળોની સાર્વજનિક હૉસ્પિટલોમાં ઘર કરી રહેલી પૈસાની નીચ લાલચ (પાન–સોપારી–ચાહ) હજુસુધી આ સંસ્થાને નથી વટલાવી શકી. તે પ્રતાપ પણ કાર્યવાહકની સંપૂર્ણ કાળજી અને નોકરોને મળતી તાલીમનોજ છે, એમ મારૂં માનવું છે. દર્દમાંથી મુક્ત થઇને ઘેર જતો દર્દી પોતાની ચાકરી કરનારા આ ભાઇઓ–બ્હેનોને બનતાંસુધી તો નથીજ વિસરતો.

દુનિયાના તળપર કામ કરતાં લગભગ ઘણાંખરાં ખ્રિસ્તી મિશનોના વિજયની ગુપ્ત ચાવી તેની ઉચ્ચ સેવાવૃત્તિજ છે. બેલ્જીયમના ભલા પાદરી ફાધર ડેમિયને અને એવા બીજા ઘણા દૂર દૂર પડેલા ટાપુઓ કે દુનિયાના ભાગમાં કામ કરતા અનેક સેવાધર્મી પાદરી સાધુઓએ પોતાનો ધર્મનો સંદેશો મુંગી સેવાથીજ પ્રજામાં પહોંચાડ્યો છે. કદાચ વિશ્વ સમસ્ત આવી સેવાઓથી તેઓના મતને અનુસરતું બને તોપણ નવાઇ જેવું નથી. સેવાવૃત્તિના અભાવે આપણે આપણા હજારો ભાઇઓને હમેશાં ગુમાવીએ છીએ. મીરજની હૉસ્પિટલમાં બનેલો એક પ્રસંગ અહીં ટાંકું છું.

મીરજની હૉસ્પિટલમાં દગડુ સિંધે નામના એક દેશી ખ્રિસ્તી દર્દી સાથેની વાત દરમિયાન મેં તેને પૂછ્યું કે "ભાઈ! તને હિંદુધર્મમાં શું ખામી લાગી કે તું ખ્રિસ્તી થયો?" તેણે ઉંડો નિઃશ્વાસ મૂકી જવાબ દીધો કે "ધર્મની ખામી શોધવા જેટલી પાકી બુદ્ધિ મારામાં નથી; પરંતુ મને હિંદુ સમાજની નિષ્ઠુરતાથી તે તરફ ઘૃણાજ આવી. જ્યારે અમે દુષ્કાળથી અન્નપાણીવગર પાંચ ભાઇઓ, બે બહેનો અને એક વૃદ્ધ માતા પીડાતાં હતાં ત્યારે તો કોઇએ અમારી પ્રાર્થના તરફ નજ જોયું. ગમે તે રીતે પૂરૂં કર્યું, પણ અમારી માંદગીપ્રસંગે આભડછેટને બહાને આસપાસના ધનિક, દયાનાં પૂતળાં જેવા દેખાતા હિંદુ ભાઇ–બહેનોએ પોતાની લાગણીશૂન્ય આંખે મારા ત્રણ ભાઈ અને એક બહેનને ટગર ટગર જોયાં કર્યાં, પણ મરતાં મોઢામાં પાણીનું ટીપું મૂકવા જેટલી પણ દયા નજ બતાવી! અમેરિકન મિશનના પાદરીને ખબર પડતાં તેઓ અમારી મદદે આવ્યા, અમારી ચાકરી કરી અમને બચાવી લીધા. ત્યારથી અમે તે પ્રાણદાતા પાદરીના પંથે વળી ખ્રિસ્તી થયા અને આનંદથી મનુષ્યતરીકે રહીએ છીએ. તમે હિંદુઓએ તો અમને કાળના મુખમાં જવા દીધા, કોઇએ દયાની દષ્ટિ પણ કરી નહિ. હવે શામાટે વલોપાત કરો છો કે 'હાય! હાય! હિંદુધર્મનો લોપ થવા બેઠો છે! બધા વટલી જાય છે!' હું તો હજુ પણ માનું છું કે, બાકી રહેલા હિંદુઓ પણ કાળે કરી હિંદુધર્મ છોડશે; કારણકે હિંદુઓમાં ધર્મઘેલછા છે, સેવાભાવ નથી; પોતાનું હિંદુત્વ ટકાવી રાખવાની ઇચ્છા છે, પણ ભાઇઓપ્રત્યે સહાનુભૂતિ કે સહાય નથી. માત્ર ક્રિયા-કાંડની–તાલાવેલી છે, પણ સામાન્ય ધર્મનો આદર નથી. અમારા ધર્મના થાંભલાતરીકે ગણાતા સાધુ મહારાજોમાં!"

આ જવાબથી હું સ્તબ્ધ થઈ ગયો. હિંદુઓની વકીલાત કરવાના મારા બધા મુદ્દા માર્યા

ગયા. આવા હજારો દગડુઓ અત્યારે હડધૂત થઇ હિંદુત્વ છોડે છે તે તરફ શું કોઇની આંખ નહિ ઉઘડે?

× × × ×

મીરજની હૉસ્પિટલમાં ડૉક્ટર વૉનલેસ ઉપરાંત બીજા બે પાદરી ડૉક્ટરો ડૉ. વેઇલ્સ અને ડૉ. સ્ટિવન્સન કામ કરી રહેલા છે. ડૉ. વેઇલ્સ જે દિવસે ડૉ. વૉનલેસ આંખના ઑપરેશનમાં રોકાયેલા હોય છે, ત્યારે બીજાં બધા ઑપરેશનોનું કામ સંભાળે છે; અને બીજી વખતે જ્યારે ડૉક્ટર વૉનલેસ જનરલ ઑપરેશનમા હોય છે ત્યારે ડૉ. વેઇલ્સને આંખના ઑપરેશનમાં દર્દીઓ જુએ છે. એટલે બન્ને ખાતાંઓ એક સાથે ચાલે છે. અઠવાડીઆમાં ત્રણ ત્રણ દિવસ સવારે નવા દર્દીઓને બન્ને ડૉક્ટરો તપાસી, બીજે દિવસે તપાસનારજ ઑપરેશન કરે છે. ઑપરેશન પછી પણ સૌ પોતપોતાના દર્દીઓને હમેશાં સવારસાંજ તપાસે છે. ડૉક્ટર સ્ટિવન્સન પહેલાં વેંગુર્લા મિશન હૉસ્પિટલમાં કામ કરતા હતા. હાલમાં થોડા સમય થયાં અહીં આવેલા છે અને બન્ને ડૉક્ટરોના મદદનીશતરીકે જનરલ ઑપરેશન વખતે મદદ કરે છે. "ઇલેક્ટ્રીક ક્લોરાઇડ લોશન" નામની જખમો ધોવાની એક દવાનો પહેલો ઉપયોગ હિંદમાં આ હૉસ્પિટલમાં તેઓએજ શરૂ કર્યો છે અને પદ્ધતિસર પ્રયોગો હજુ પણ તેને વિષે ચાલે છે, એમ સાંભળ્યું છે.

અત્યારે તો યુરોપ-અમેરિકાની ઉંચામાં ઉંચી પદ્ધતિસર સગવડો અને સાધનો આ પાદરી ડૉક્ટરો હિંદને ચરણે ધરી રહેલા છે. ડૉક્ટર વૉનલેસે આંખના ઑપરેશન માટે કેટલાંક નવાં ઓજારોની શોધ કરી વૈદકીય ખાતામાં નવો ઉમેરો કરી ઉંચી સેવા બજાવી છે.

દર વર્ષે લગભગ ૭૦૦૦ થી ૮૦૦૦ દર્દીઓ હિંદના જુદા જુદા ભાગમાંથી આવી લાભ લે છે. હવે મિશનને આર્થિક બાબતમાં અડચણ નહિજ આવતી હોય, કારણ કે ધનિક દર્દીઓ પાસેથી મળતી રકમનો ઉપયોગ હૉસ્પિટલમાં કરવા ઉપરાંત તે રકમમાં મેડીકલ સ્કૂલ તથા બીજાં કેટલાંક ખાતાંઓ ચલાવવામાં આવે છે. મેડીકલ સ્કૂલ હમણાં થોડા વરસ થયાંજ ચાલુ કરેલી છે. ત્યાંના વિદ્યાર્થીઓ દવાખાનાનું તમામ કામ ક્લોરોફૉર્મ આપવાથી ડ્રેસીંગ (જખ્મો પર પાટા બાંધવા) સુધીનું કામ કરે છે, જેથી હૉસ્પિટલને તે કામ માટે રોકવો જોઇતો સ્ટાફનો ખર્ચ નિભાવવો પડતો નથી. દર્દીઓની સંખ્યાના પ્રમાણમાં સેવિકા વગેરેનો સ્ટાફ બહુજ ઓછો કહેવાય, પણ આ ઉણપ મેડીકલ સ્કૂલ પૂરે છે.

× + × ×

અહીં એક બાબતની મારે સખેદ નોંધ લેવી પડે છે કે, અહીં કેટલાએક એવા પણ દર્દીઓ આવે છે, કે જે આવી ઉપયોગી સંસ્થાને પણ છેતરી જવા જેટલી હલકાઇ કરતાં અચકાતા નથી. આ સંસ્થામાં પૈસાદાર દર્દીઓ માટે જૂદા જૂદા ભાડાની કોટડીઓ રાખવામાં આવી છે, જેનું ભાડું સગવડતાના પ્રમાણમાં હમેશનું ૦-૧૨-૦ થી રૂા. ૩-૮-૦ સુધી છે. આરામ થયા પછી ઘેર જતી વખતે ઑપરેશનના અને સ્થિતિના પ્રમાણમાં હૉસ્પિટલના દાનના ખાનામાં કેટલી રકમ ભરવી તે ડૉ. વૅનલેસ નક્કી કરી આંકડો આપે છે. અને પહેલી વખતે જોવાની ફીના શક્તિવાળા માણસો પાસેથી રૂા. પાંચ લેવામાં આવે છે. ગરીબો મફત સાધનો અને પાસ મેળવી શકે છે. આનો હેતુ એટલોજ છે કે, આ બહાને ધનિક પાસેથી સંસ્થાને આર્થિક મદદ મળે કે જેથી ગરીબો માટે અને સંસ્થા માટે થતા ખર્ચ સારુ બીજે હાથ લંબાવવો ન પડે. ગરીબ દર્દીઓ માટે જનરલ વૉર્ડ્ઝ (સામાન્ય વૉર્ડ્ઝ) રાખેલા છે, જેનું ભાડું કંઇ પણ નથી. આનો લાભ લગભગ ૯૦ ટકા જેટલા દર્દીઓ લે છે. ભાડાની તથા દાનની નજીવી પચીસ પચાસ જેવી રકમ માટે કેટલાએક સારી સ્થિતિવાળા કે જેઓ બીજી રીતે હજારો રૂપીઆનો ખર્ચ નીભાવી શકે છે, તેઓ જનરલ વૉર્ડમાં આવી ગરીબ દર્દીઓના ખાટલા અને સગવડ પચાવી પાડે છે; એટલુંજ નહિ પરંતુ દવાખાનાના કપડાં, પાટાઓ વગેરે લઈ જનારા અને આંકડામાં જણાવેલી રકમ આપવાની કબુલ કરી હોય તે આપ્યા સિવાય છાનામાના નાસી જનારા દર્દીઓ પણ દવાખાનાને મળ્યા છે.

આપવાની રકમ નક્કી કરવા પછી પણ હવે દર્દી પોતાની સ્થિતિનો ખોટો ખ્યાલ ડૉક્ટર

વૉનલેસ આપે છે તો રકમમાં સારી રીતનો ઘટાડો કરવામાં કે કદાચ તદ્દન જતો પણ કરવામાં આવે છે. ફતેહમંદ નહિ થયેલાં ઑપરેશનો માટે ગમે તે સ્થિતિના દર્દી હોય તોપણ કંઈ ચાર્જ લેવાતો નથી.

આ ભોળા ભલા પાદરીમાં પણ આવા સ્વાર્થી શખ્સોથી છેતરાઇ છેતરાઇ હવે કંઇક વ્યાવહારિક ઝીણવટ આવી હોય તેમ લાગે છે. લાંબા વખત સુધી દર્દીની વાતને એકદમ સત્ય માની લેનારો આ વૃદ્ધ ડૉક્ટર હવે એકદમ સાચી માનતાં અચકાય છે. મારા થોડા દિવસના વસવાટ-દરમિયાન તદ્દન ગરીબ નિરધારરૂપે હાજર થયેલા માણસો પાછળથી તપાસ કરતાં મને પોતાને સારી સ્થિતિવાળા માલૂમ પડ્યા છે. એક કાઠિયાવાડીને પોતાની માતાના આંખના ઑપરેશન વખતે ત્યાં પોતે દીકરાતરીકે જાહેર થાય તો પૈસા આપવા પડે તેટલા માટે ડોશીની દયા ખાઇ આવેલા પાડોશીતરીકે રજુ થતો મેં જોયો છે. આનું પરિણામ ખરા ગરીબનેજ સહેવું પડે છે. આ પ્રસંગને અનુસરતું એક દૃષ્ટાંત મને યાદ આવે છે. એક શાહ એક ફકીરનો વહાલામાં વહાલો ઘોડો ગમે તે કિંમતે કે શરતે જ્યારે ન મેળવી શક્યો, ત્યારે એક અપંગ ગરીબ ભીખારીનું રૂપ લઇ ફકીર પાસે આવી માગણી કરી કે "હે ભલા સાંઇ મૌલા! મને અપંગને થોડે દૂર જવા તારો ઘોડો આપ, તુરત પાછો પહોંચાડી દઇશ." ગરીબો માટે સર્વસ્વ આપી દેનાર ફકીરે તે અપંગ ગરીબને ઘોડો આપ્યો. ઘોડે ચઢી તેને એડી મારી દોડાવી જતાં જતાં તે ગરીબ અપંગરૂપે આવેલા બાદશાહે કહ્યું કે "ફકીર! હું ભીખારી નથી, પરંતુ બાદશાહ છું. તેં તારો ઘોડો રાજીખુશીથી ન આપ્યો તેથી આવી રીતે લઇ જાઉં છું. હવે ઘોડાની આશા રાખતો ના." આ શબ્દ સાંભળી ફકીર બોલ્યો કે "ઓ શાહ! ભલે મારો ઘોડો લઈ જા. મને તેનું કંઇ લાગતું નથી; પરંતુ એક વિનતિ છે કે, તારા આ દગાની છેતરપીંડીની વાત તું ગુપ્ત રાખજે. જો કોઇ સાંભળશે તો ખરા ગરીબો તરફ પણ દયા કરતાં અટકશે. જા, ખુદા તારું ભલું કરે." આ સાંભળી શાહ શરમીંદો થઇ ગયો. એકદમ પાછો આવી ફકીરના પગમાં પડી બોલ્યો કે "ઘોડા માટે હું ગરીબોનાં ગળાં નહિજ કપાવું." આમ સ્થિતિવાળાઓ ગરીબોનાં ગળાં ન કપાવે એમ પ્રાર્થના છે. સગવડતાનો લાભ લઇ દર્દીઓ પોતાની સ્થિતિ પ્રમાણે સંસ્થાને મદદ કરે તો ગરીબોનો લાભ હાલમાં જેટલો સચવાય છે, તે કરતાં વધુ સારી રીતે સચવાશે, એમ મારી ખાત્રી છે. એક બે ઉદાર ગૃહસ્થોએ ઉપકારના બદલામાં હૉસ્પિટલને સારા વૉર્ડ્ઝ બંધાવી આપ્યા છે.

મુંબઇ કે એવાંજ સ્થળોએ ધંધો કરતા નામાંકિત ડૉક્ટરોની માફક આ ડૉક્ટર પણ ધારે તો એક બાદશાહી કમાણી કરી, નવાબી માણી શકે; ગાડી-બંગલા વસાવી શકે; શેર-સટ્ટાના બજારમાં વધઘટ કરાવી શકે કે શરતના મેદાનમાં ઘોડા દોડાવી હારજીતના પાસા નાખી શકે; પરંતુ તે તો સાધુ રહ્યો, તેની બાદશાહી તેની સેવામાં, તેના આત્માઓની જીવનમુરાદ સેવા સિવાય બીજી શી હોય?

ત્યાં કામ કરતા ડૉક્ટરો પોતાના ખર્ચ જેટલું વેતન સ્વીકારે છે.

'તે પાદરી વાર્ષિક ૪૦ પૌંડમાં બાદશાહી અનુભવતો.' (ગોલ્ડસ્મીથ)

આમ પોતાને મળતા વેતનમાં આ ડૉક્ટરો પણ બાદશાહી માણે છે.

ત્યાંનો હમેશાંનો કાર્યક્રમ નીચે પ્રમાણે છેઃ—

ડૉ૦ વૉનલેસ પોતાની ૬૫ થી ૭૦ વર્ષની ઉંમરે પણ સવારના પાંચ વાગે ઉઠી, પ્રાતક્રિયા અને પ્રાર્થના કરી, નાસ્તો લઇ, આઠ વાગે ઑફીસમાં આવે છે. ત્યાં હમેશનો પત્રવ્યવહાર તપાસી, ઉપયોગી કામની સૂચના કરી અઠવાડીઆમાં એક આંતરે ત્રણ વાર દર્દ તપાસવાનું કામ કરે છે. બાકીના ત્રણ દિવસ તો વેઇલ્સ દર્દી તપાસે છે. નવા તથા જૂના દર્દી તપાસવાનું કામ લગભગ ૧૨-૩૦ સુધી ચાલે છે...ત્યાર પછી એક વાગે જમીને બે અઢી વાગતાં ઑપરેશન માટે આવે છે. રવીવાર સિવાય બધા દિવસ ઑપરેશન ચાલે છે. આ કામ લગભગ સાંજના સાડાછથી સાત સુધીમાં ખલાસ કરી, દેવળમાં સામે પ્રાર્થના કરી નવ વાગે રાતનું ભોજન લે છે. પછી દશ વાગે પુનઃ વૉર્ડમાં દર્દીઓ

તપાસી ચાર દાક્તરો પેટ ખોલી મૂકે છે. આ કામ ઉપરાંતના ફાજલ પડતા વખતમાં મેડિકલ સ્કૂલમાં કમ્પાઉન્ડરો આપવા દર માસે જણ ચાર દિવસ મુંબઈ જઈ દર્દીને તપાસવાનું કામ પણ કરવું પડે છે.

રવીવારે સવારે ખાનગી સર્વ દરેક વૉર્ડમાં દર્દીના સામે ઈશ્વરપ્રાર્થના કરવામાં આવે છે. પ્રાર્થનાના અંતમાં "પિતા ઈશ્વર! કૃપા કરી આ બધાં મારાં દર્દીઓને આરામ કરી તેમનાં પાપ માફ કરી તેઓને તેમનાં વહાલાંઓ પાસે ઘેર પાછાં મોકલી દે" આ ભાવના હોય છે. જ્યારે દર્દી મૃત્યુ પછી પ્રાર્થના કરતા પોતાના દાક્તરના આ હેતુ શબ્દો સાંભળે છે ત્યારે તે આભાર માની ઈશ્વર દર્દીના અંતરમાં ખરી શાંતવૃત્તિ ઉપજાવી આ ઈશ્વરના બંદાઓ ખરેખર અમે તેવા સુરત હિંદુઓને પણ પુણ્યબુદ્ધિ આપી જાય છે. મનુષ્યના જીવનનો પરદો ખરો દિલસોજી–સમભાવ થાય ત્યારે તેની પ્રતીતિ આ પ્રભુની પ્રાર્થના વખતે થાય છે.

મૂર્ખાઓ કે જેઓ માત્ર ટીકા કરવા આવતા તેઓ પણ આ પાદરીના પ્રાર્થનાના શબ્દો સાંભળી ભક્તિમાં લીન થઈ જતા; તેમજ મેં કેટલાએક સુરત હિંદુના માથાં પણ આ વખતે લાગણી, ભાવ અને કોમળતાથી નમતાં જોયાં છે.

દેશીઓ અને બાળકોના વૉર્ડમાં હમેશાં બપોરે પ્રાર્થનામય સંગીત વાદ્ય સાથે સેવિકાઓ કરે છે, જેથી જખમોવાળા દર્દીઓ થોડા વખત માટે તો પોતાનું દુઃખ વિસરે છે.

રવીવારે સાંજને વખતે મેજિક લૅન્ટર્નથી ઈસુ ખ્રિસ્તના જીવનના પ્રસંગો દર્દીઓને બતાવવામાં આવે છે.

આ પાદરીઓ પોતાનું એક મિશન પાર પાડવા માટે પોતાનું માનેલું સત્ય જનતાને સમજાવી મનાવવા માટે કેટલું કેટલું કામ કરી રહેલા છે, કેટલા કેટલા ઉંચી કેળવણી પામેલા માણસો કે જેઓ સંસારીતરીકે રહે તો નામના અને નાણું મેળવી બાદશાહી માણી શકે, તેઓ સ્વેચ્છાએ ફકીરી સ્વીકારીને મિત્ર, સંગાથ અને માતૃભૂમિથી દૂર–તદ્દન અજાણ્યા અંધારા પ્રદેશમાં–કામ કરી, પડેલાને ઉઠાડી, અંધારામાં પ્રકાશ લાવી, ભૂખ્યાને ભોજન આપી, ધર્મબોધ સંભળાવે છે. આવા લોકો સમસ્ત વિશ્વને પણ પોતાના બાહુમાં સમેટી દે તો નવાઈ શી?

જ્યારે જ્યારે મને આ પાદરીઓનું કામકાજ યાદ આવે છે, ત્યારે ત્યારે કવિ ગોવર્ધનરામે ચીતરેલા ગામડામાં વર્ણવેલ પાદરી મારી આંખ સામે તરી આવે છે. હાલના જમાનામાં જેટલો સેવાભાવ ક્રાઈસ્ટના આ ભેખધારીઓ કેળવી શક્યા છે, તેટલો અન્ય ધર્મના અત્યારના આચાર્યો–મહારાજો નથીજ કેળવી શક્યા! વિશિષ્ટ ધર્મના અનુષ્ઠાનમાં એટલે એક જાતીય ધર્મના ક્રિયાકાંડમાંજ જ્યારે આપણા આચાર્યો, ગોસાંઈનાં બાળકો અને મહાદેવો પડ્યા રહી, સામાન્ય ધર્મ વિસરી રહેલા છે, ત્યારે આ વિદેશી પાદરીઓ આપણા ભાઈઓને સેવાથી, પ્રેમથી પોતાના કરીને જગતને બતાવી આપે છે કે, એમનો ધર્મ એક દિવસે વિશ્વ સમસ્તમાં વિજય મેળવશે.

અત્યારે કેટલાં કેટલાં ખાતાંઓમાં જેવાં કે રક્તપિત્તિયાંના દવાખાનામાં, અનાથાશ્રમો, અને યુદ્ધ લડાઈના મેદાનમાં તથા તોપોના મોરચા સામે પણ આ પાદરીઓને જીવતા મરતા અને પીડાતા માણસોની સેવા કરવાનું મળે છે; ત્યારે આપણે ધનપ્રાપ્તિ, મોજશોખ, પરોપકારને નામે સ્વાર્થ-સાધના અને ઉંચ નીચના ઝઘડામાં રહીને ધર્મનો લોપ કરી રહેલા છીએ.

આ ખ્રિસ્તીઓ સામે તિરસ્કારની દૃષ્ટિથી જોનારા હિંદુ ભાઈઓએ અને સાધુ મહારાજોએ કે જેમની પાસે કરોડોનો ફાળો સેવકોમાંથી ઉભો થયેલો છે, તેમાંથી પોતાનાજ ભાઈઓ માટે આવા કામમાં ખર્ચવા વિચાર કર્યો છે ખરો?

કેળવણી પામેલા હજારો હિંદુમાંથી આમ ધર્મ–ફકીર બની, હિંદુઓને સેવાથી હિંદુ એથી હિંદુ રાખવાનો વિચાર સૂઝ્યો છે ખરો? ના, આપણે કાર્ય કરવું નથી! વાતોજ કરવી છે! હિંદુ ધર્મના પક્ષપાતીઓ, શા દુઃખે હિંદુઓ ખ્રિસ્તી થાય છે, તે શોધી કાઢી તેનો ઉપાય તે પાદરીઓ લે, તેની પહેલાંજ પોતે લઈ લે, તોજ કામ સરે. આમાં મુખ્ય ફાળો સાધુ આત્માઓજ આપી શકે. ખરો સાધુ–ચરિત આત્મા ધારે તો પોતાની સેવા, પવિત્રતા અને પ્રેમના બળથી, આખી પ્રજાની પ્રજાને નચાવી શકે–પોતાની પાછળ ગાંડી બનાવી શકે–તે મહાત્માજીના પ્રસંગમાં

[illegible] હિંદને [illegible] જરૂર નથી !!—

[illegible] હિંદુઓ નથી [illegible], તેઓને [illegible] માને [illegible] રામ–કૃષ્ણના પૂજારી છે, ગાય–બ્રાહ્મણને [illegible] સમાજના [illegible] સેવકો છે, તે [illegible] ભાઈઓથી [illegible], તેઓને [illegible] રીતે માનીને, તેઓને હિંદુ રાખવા માગે છે. આથી [illegible] અભિમાન યુગમાં શી હોઈ શકે?

[illegible] અધિકાર દરેકને રહેવા દો અને [illegible] સમાજમાં પ્રવર્તવા દો–એટલે હિંદુઓ હિંદુ [illegible].

× × × ×

[illegible] પાછી રહી છે, જેઓ [illegible] આગળ, ત્યારે કોઈ અનેરા રંગ હિંદુ ધર્મમાં [illegible] ધર્મવિભાગનાં [illegible] મંગળ પગલાં થશે.

× × × ×

[illegible] હિંદની [illegible] હશો,
[illegible] હિંદ [illegible] હોય;
[illegible] સંન્યાસ [illegible],
[illegible]. ([illegible])

× × × ×

[illegible]

७[illegible]–[illegible] में भारतीय पार्लमेंट

([illegible])

[illegible]

[illegible]

८०–नूतन भारतना विधायक तिलक महाराजने स्मरणांजलि

લોકમાન્ય તિલક મહારાજની આઠમી સંવત્સરી વેળા, નૂતન ભારતના વિધાયક એ નરને સમગ્ર પ્રજા વંદના અર્પી રહી છે. તિલક મહારાજનું નામ સંભારવું એટલે સ્વરાજની સાધના કરવી; એના આત્મસમર્પણની સ્મૃતિઓ તાજી કરવી એટલે આત્મવિશુદ્ધિ આદરવી.

એ નરપુંગવના જીવનનો સર્વપ્રથમ સંદેશ સ્વાશ્રય છે. તમારી મુક્તિ તમે પોતેજ મેળવી લ્યો-આજેયે જાણે એનો એ સંદેશ કાન ઉપર અથડાય છે. સ્વદેશી એટલે આર્થિક સ્વાશ્રય; રાષ્ટ્રીય શિક્ષણ એટલે શિક્ષણવિષયક સ્વાશ્રય; સ્વરાજ એટલે રાજકીય સ્વાશ્રય-એ નેતાવરનાં એ જીવનસૂત્રો આજેએ હિંદી સ્વાતંત્ર્યયુદ્ધને પ્રેરણા આપી રહ્યાં છે.

કલકત્તાના એના પ્રખ્યાત ભાષણમાં એણે કહેલું કે "જો તમે સ્વાધીન બનવા ન ઇચ્છતા હો, તો તમે પતિત બનશો અને સદાને માટે પતિત રહેશો. આ સરકારને તમારી ઉપર શાસન કરવામાં સાથ ન આપવા પૂરતી પણ તમારામાં આત્મસમર્પણની અને અસહયોગની શક્તિ નથી! પડકાર કરો કે 'મહેસુલ એકઠું કરવામાં અમે તમને (સરકારને) મદદ નહિ કરીએ; હિંદી શોણિત, અને હિંદી સમૃદ્ધિથી હિંદની બહાર અગર હિંદના સીમાડા ઉપર યુદ્ધ કરવામાં અમે તમને સાથ નહિ આપીએ; ન્યાયનો કારભાર ચલાવવામાં અમે તમને સહકાર નહિ આપીએ; અમે અમારી પોતાની અદાલતો સ્થાપીશું; અને સમય આવ્યે અમે કરવેરા પણ નહિ ભરીએ.' તમારું સંઘબળ જમાવીને તમે આટલું કરી શકો તેમ છો? જો તમે એ કરી શકો, તો તમે આવતી કાલથી સ્વાધીન છો."

એ સંદેશમાં શ્રદ્ધા, આશા અને વીરતા ધબકી રહ્યાં છે અને એનું જીવન એ પ્રાણવાન સંદેશના સદેહ પ્રતિનિધિરૂપ હતું. રાષ્ટ્રને નામે સારું જીવન સમર્પી દેનાર એ વીરનરને આપણે શી સ્મરણાંજલિ આપીએ? આપણા અર્ધ્ય સાચા દિલની ભક્તિથી ભરપૂર હોય, ઉત્કટ માન-ભાવથી ઉભરાતાં હોય, તોયે એ તિલક મહારાજ સમા મહાન નરની સમીપ ઓછાં અણુરાંજ લાગશે.

વર્ષો પહેલાં હું કૉલેજનો વિદ્યાર્થી હતો, ત્યારે એ પુરુષવર પ્રત્યે મને આકર્ષણ થયું. હું પરીક્ષા માટે મુંબઇ ગયો. 'તિલક મહારાજ જેલવાસી થશે' એવા સમાચારથી વાતાવરણ ગંભીર બન્યું હતું. હું અને થોડા મિત્રો જેલમાં તિલક મહારાજનાં દર્શન માટે આતુર બન્યા. અમને જેલને દરવાજેથી પાછા વાળ્યા. એ પ્રસંગને વર્ષો વીતી ગયાં.

હું કલકત્તા ગયો. રાષ્ટ્રીય સ્વાધીનતાનાં શોણાં જોતો હું કૉલેજમાં તત્ત્વજ્ઞાન અને સાહિત્ય શીખવતો હતો. મારા પૂજનીય મિત્ર અને સુહૃદ સ્વામી ઉપાધ્યાય બ્રહ્મબાંધવના નેતૃત્વ નીચે ચાલી રહેલી 'બંદે માતરમની ચળવળ' પૂર જોશમાં હતી. તિલક મહારાજનો જન્મદિવસ આવ્યો. કલકત્તાએ એ ઉજવવાનો નિશ્ચય કર્યો. કલકત્તામાં મહારાષ્ટ્રના નરોત્તમને બંગદેશના પાટનગરને પાવન કરી જવા વિનતિ મોકલી.

અહો! કલકત્તાએ એ આરાધનીય દેવનું કેવું ભવ્ય સ્વાગત કરેલું! સમ્રાટો અને નરેંદ્રોને જેની ઈર્ષ્યા આવે એવું માન તિલક મહારાજને આપી બંગદેશે પોતાની કીર્તિ વધારી. તિલક મહારાજના માનમાં સ્વદેશી મેળો ગોઠવાયો. એ મેળો ચાર દિવસ ચાલ્યો. સાંજે એણે જાહેર-સભાને પ્રેરણાસંદેશ આપ્યો. જાણે માનવસાગર ઘુઘવી રહ્યો હતો. સુરેન્દ્રનાથ અધ્યક્ષ હતા. ગગનના કડાકા થાય એવા હર્ષનાદ વચ્ચે એ બન્ને રાજદ્વારી પ્રતિસ્પર્ધીઓ એકબીજાને ભેટ્યા. એ ચિત્ર અવિસ્મરણીય છે. સાદા, શ્વેત, સ્વદેશી લુગડામાં મોઢાના એ દૈવજ્ઞને એક કલાક સુધી પોતાનો રાષ્ટ્રીય ધર્મ સમજાવ્યો. કેવો સરો મહાપુરુષ! અને છતાં કેવો અદ્ભુત, કેવો વિદ્વાન, કેવો સાત્વિક, કેવો નિડર! બંગદેશ તિલક મહારાજની પ્રકૃતિથી મુગ્ધ થયો.

પણ આજે તેના આ અસાધારણ ગુણની અને બીજી વિશિષ્ટતાઓની વાત હું આદરથી કરતો નથી. હું આજે તિલક મહારાજના જીવનના એકજ દૃષ્ટિપ્રત્યે સારા ભારતનું લક્ષ્ય નિમંત્રીશ. તિલક મહારાજની શુભ શક્તિ તેની નિર્ભયતા-માતેની માન્યતાઓને હિંમતપૂર્વક

જાહેર કરવામાં રહેલી છે. વર્ષો સુધી એનો પક્ષ જોરાવર નહોતો બની શક્યો; છતાં તે નરવીર તેની સ્વતંત્ર માન્યતાઓને મક્કમપણે વળગી રહેવાની હિંમત બતાવી શક્યો. અમલદારશાહીએ તેને જેલ મોકલ્યો અને વિજયી બનવાનો ઘડીભર આનંદ માણ્યો, છતાંયે તે તેની માન્યતાઓમાં ચુસ્ત રહેવાની હિંમત બતાવી શક્યો. તેના કાળના ઘણાયે રાજકીય અગ્રેસરો 'સુધારાની બક્ષીસો'થી સંતોષ માનવાને તૈયાર હતા; છતાંયે તે હિંમતભેર તેની માન્યતાઓમાં અડગ રહ્યો. તેના ઘણાયે દેશબાંધવો ધ્યેયની અસાધ્યતા જોઇ હતાશ બનતા; છતાંયે તે વીર તેની માન્યતાઓની સિંહગર્જનાઓથીજ આખા દેશને ગજાવતો; છતાંયે તેના હૃદયમંદિરમાં પૂર્વની પ્રજાઓમાં મહિષીસમી હિંદ માતાને તે સિંહાસનારૂઢ જોતો, તેનાં દર્શન કરતો અને 'સ્વાધીન હિંદ માતા'નો જયકાર ગજાવી તરુણોને પ્રેરણા આપતો. તિલક મહારાજ તેના આત્માની ગુહાઓમાં સ્વાધીન ભારતની આરાધના કરતા.

અને, એ અનંત શ્રદ્ધાની સાબીતી તરીકે, તિલક મહારાજે, જીવનની સર્વ ઋતુઓમાં, હિંદને એકજ પ્રાણસંદેશ આપ્યા કર્યો કે 'સ્વરાજ મારો જન્મહક્ક છે અને એ હું મેળવીશ.' તેણે ફરી ફરીને વાણીટંકાર કર્યા કર્યો: 'હિંદુસ્થાન સ્વાધીન બનવાની ઇચ્છા દાખવે તો તે જરૂર સ્વાધીન બની શકે છે.'

તિલક મહારાજ નિર્ભયતાની મૂર્તિ હતા. અમલદારશાહીનો રૂઆબ તેણે તોડ્યો. સ્વદેશી અને બહિષ્કારનો તેણે હિંદને મંત્ર આપ્યો. રાષ્ટ્રીય શિક્ષણ અને રાષ્ટ્રીય અદાલતોની તેણે ઘોષણા કરી. સત્તાના નશામાં ચકચૂર સરકારનાં પીડનો તેણે હસતે મોંએ સહ્યાં અને છતાં, વાદળાં ભેદીને સૂર્ય પ્રકાશે તેમ, સ્વાધીન ભારતનો તેનો આદર્શ હિંદભરમાં પ્રકાશી રહ્યો અને દેવદૂત દુ:ખી માનવીને શાતા આપે તેમ હિંદી તરુણોને શાતા, પ્રેરણા અને સુખ આપી રહ્યો. અનેકાનેક પીડનોએ એને ભાંગી નાખવા મિથ્યા પ્રયત્નો કર્યા પછીયે તિલક મહારાજનું હૃદય સાબુત રહી શક્યું અને પોતાની માન્યતાઓને સાચવી શક્યું.

આજ શ્રદ્ધાથી એ યોદ્ધો ઝઝુમ્યો-જીવનના અંતસુધી અણીશુદ્ધ વીરત્વ જાળવીને. નિષ્ફળતાઓ એના પ્રબુદ્ધ આત્માને ન ડગાવી શકતી. લડવું અને પરાજય મેળવવો, એ નિષ્ક્રિયતા કરતાં બહુજ બહેતર છે-એ એનું જીવનસૂત્ર હતું; અને આજે આપણે જોઇએ છીએ કે, તિલક મહારાજનું યુદ્ધ નિષ્ફળ નથી ગયું; આજે આપણે જાણીએ છીએ કે, તિલક મહારાજ મરણ નથી પામ્યા; આજે આપણે નીરખીએ છીએ કે, તેનો આદર્શ જીવે છે, તેની પ્રેરણા હતાશોમાં પ્રાણ પૂરી રહી છે; આજે આપણે અનુભવીએ છીએ કે, તેની શ્રદ્ધાનો વિજય થઇ રહ્યો છે; આજે આપણે અનુભવીએ છીએ કે, તેના આપભોગોને પ્રતાપે હિંદ નવો અવતાર પામી રહ્યું છે-અને કદમ કદમ આગળ ધપી રહ્યું છે. તિલક મહારાજ અમર છે. તિલક મહારાજને, તેમના આદમી સંવત્સરીએ હિંદી પ્રજાના કોટિ કોટિ વંદન હો!

(સાધુ વાસવાણી-"સૌરાષ્ટ્ર" તા. ૧૧-૮-૧૯૨૮ના અંકમાંથી)

૮૧–૨૦૦૦ वर्ष पहेलां गुम थयेला एक शहेरनो आविष्कार

[illegible] पत्थर युग अर्थात् आज से प्रायः २००० वर्ष पूर्व का एक गांव, [illegible] मौजूद है, [illegible] में [illegible] के पास [illegible] विश्वविद्यालय के प्रो० [illegible] कहते हैं कि यह आविष्कार [illegible] मौजूद हैं, जिनके [illegible] पत्थर के बने हैं। [illegible] (हिंदीमिलापना [illegible] अंकमांथी)

८२–श्रावण मास अने हिंदु पर्वों

(૧)

શ્રાવણ માસને હિંદુઓ અતિ પવિત્ર માનતા આવ્યા છે. એ માસમાં જેટલા તહેવારો આવે છે તેટલા બીજા કોઇ મહિનામાં આવતા નથી. તહેવારો ઉજવવા અને જૂના ચિરસ્મરણીય વીરો, ધર્મધુરંધરો અને મહાપુરુષોની તિથિ ઉજવી તેમનાં સ્મરણો તાજાં રાખવાં આવશ્યક છે. આ ઉત્સવોમાં એક જાતનો કંઇક અદ્ભુત—અનેરો વેગ ઉત્પન્ન થાય છે, તેને સારે રસ્તે દોરવી સારાં સારાં કાર્યો કરવા તરફ વાળવો એ ઇચ્છનીય તેમજ આવશ્યક છે. ઉત્તમ ચારિત્રશીલ મહાપુરુષોના સ્મરણાર્થે એ સર્વ કરવું ઇષ્ટ છે તથા તેમના જેવા થવા, તેઓએ કરેલાં કાર્યોને સ્મરણમાં રાખી તેવાં કાર્યો કરવા તત્પર રહેવું એ હિંદુસમાજનું ભૂષણ છે; પરંતુ અફસોસ થાય છે કે, તેવું કાંઇ કરવાને બદલે મોટે ભાગે સૌ સામાન્ય જનસમાજ શ્રાવણ માસ એટલે જુગાર ફૂટવા બેસવાનું પર્વ એમજ ગણી, તેમાં વિશેષ પ્રવૃત્ત થઇ જાય છે; એ કોઇપણ રીતે ઇચ્છવા યોગ્ય નથી. પુરુષોને જોઇને સ્ત્રીઓ પણ આ માસમાં એ વ્યવસાયમાં પડી જાય છે, તે કાંઇ સારું કહેવાય નહિ. જુગારનાં અનિષ્ટ પરિણામોનાં દૃષ્ટાંત ઇતિહાસપ્રસિદ્ધ છે. હિંદુપુરાણો વગેરેમાં તેનાં સવિસ્તર વર્ણનો કરેલાં છે, અને બહુજ થોડા હિંદુઓ તેથી અજ્ઞાત હશે. હવે તો **સમય વર્તે સાવધાન** કરી હિંદુસમાજે સમય ઓળખી, જમાનો બદલાયો છે તે જોઈ—જાણી, પોતાનાં આચરણો સમયાનુસાર સુધારવાની અને સાવધાનતાથી વર્તવાની ઘણીજ જરૂર છે. આ માસમાં થઇ ગયેલા પ્રાચીન મહાપુરુષોનાં ચરિત્રો વાંચવાં–સાંભળવાં–સંભળાવવાં એજ હિંદુઓનો પરમ ધર્મ છે, એમ સમજી તદનુસાર વર્તવું ઇષ્ટ છે. વળી આધુનિક પ્રાતઃસ્મરણીય દેશાભિમાની સત્પુરુષોનાં જીવનચરિત્રોનો અભ્યાસ કરવો, તેમજ શ્રીમંતોએ તો એવાં ચારિત્રપુસ્તકોની લહાણી પોતાના ઇષ્ટમિત્રોમાં, પોતાની જ્ઞાતિમાં તેમજ શાળામાં ભણતા યુવકોમાં મફત વહેંચવાનો લહાવો લેવાની પ્રથા શરૂ કરવી આવશ્યક છે. આવા ચરિત્રોના શ્રવણ–મનન અને અભ્યાસથી મનુષ્યની બુદ્ધિ ખીલે છે, તથા તેમને તેવા થવાની હોંશ થાય છે, અને તેથી પોતાના ચારિત્રમાં પોતે જાતેજ અનેક ફેરફાર કરીને માણસ આખો બદલાઈ જાય છે.

આ માસનાં બે મુખ્ય પર્વ શ્રાવણ સુદ પૂર્ણિમા અને વદ આઠમને દિને આવે છે. પહેલા શ્રાવણી—બળેવ કે નાળીએરી પૂનેમ અથવા બારાપૂજા; અને બીજો જન્માષ્ટમી અથવા કૃષ્ણ-જન્મ-મહોત્સવ કહેવામાં આવે છે. શ્રાવણી અથવા ઉપાકર્મ એ વૈદિક સમયથી ચાલતું આવેલું પર્વ છે. જે જમાનામાં આખા આર્યાવર્તમાં કેળવણી મફત અને ફરજીઆત હતી, દરેક શહેરની બહાર ઉપવનમાં એક ગુરુકુલ હતું, તેવીજ રીતે ગ્રામ્ય વસ્તી માટે પાંચ–સાત કે દશ ગામ દીઠ ગુરુકુલ હતું. એવી રીતના ગુરુકુલ પદ્ધતિ તે સમયમાં પ્રચલિત હતી, તેથી ભાગ્યેજ કોઇ એકાદ ભૂલે-ચૂકે ભણ્યા વગર રહી જતો. બાલક ૭ કે સાત વર્ષનો થતાં ગુરુકુલના આચાર્ય તેનાં માવિત્રોને અગાઉથી ચેતવણી આપતા અને તે બાળકને ગુરુકુલમાં દાખલ થવાની યોગ્યતા માટે ઉપનયનસંસ્કાર વિધિપૂર્વક કરવામાં આવતો. ઉપનયન શબ્દજ સૂચવે છે કે, તેને હવે ગુરુઆશ્રમે મોકલવો. એવી પ્રથા પ્રાચીન આર્યાવર્તમાં ફરજીઆત હતી, તેથીજ ગુરુસંનિધ રહી વીસથી ચોવીસ વર્ષપર્યંત અખંડ બ્રહ્મચર્ય પાળી, અભ્યાસ કરી વેદપારંગત બનેલ બ્રહ્મચારીઓમાંથી અનેક મહાપુરુષો આ ભારતવર્ષમાં પેદા થતા. ભગવાન શ્રીકૃષ્ણ પણ સાંદીપની ઋષિના આશ્રમમાં ગરીબ બ્રાહ્મણ સુદામાની સાથે સાથે રહીનેજ ભણ્યા હતા, તેવીજ રીતે ભગવાન રામચંદ્ર પોતાના બંધુ લક્ષ્મણ સાથે વિશ્વામિત્ર ઋષિના આશ્રમે અભ્યાસાર્થે રહેલા. એથી સર્વ હિંદુઓ વિજ્ઞાત છે; તો હવે આ સમયમા પણ એવા થોડાં ઘણાં સ્થાપિત થયેલા ગુરુકુલો માટે હિંદુઓએ આ શ્રાવણ માસમાં ધ્યાન રાખીને તેને આશ્રય આપવાની આવશ્યકતા છે, અને આવાં ગુરુકુલ સારાં સુગઠિત અને સ્થાયી થાય તેમ કરવાના પ્રયત્નોમા સહાયભૂત થવા પ્રત્યેક ભારતપુત્રની ફરજ છે.

આ માસનું પ્રથમ મહત્ત્વનું પર્વ શ્રાવણી છે, એને ઉપાકર્મ સંસ્કાર પણ કહેવામા આવે

છે. કેટલાક તેને ઉત્સર્જન પણ કહે છે. શ્રાવણી પર્વ દ્વિજમાત્રને કરવું આવશ્યક છે. જે કોઇ પણ મનુષ્ય અભ્યાસ કરી લાયક બનીને યજ્ઞોપવીત ધારણ કરે છે, અને તેને અંગે કહેલા વૈદિક નિયમોનું યથાર્થ પાલન કરે છે તેને દ્વિજ કહી શકાય. એવા ઉપવીતધારી દ્વિજોએ એ દિને ઉપાકર્મ સંસ્કાર કરવો જોઇએ. ઉપવીત પહેરનાર દ્વિજ એક જાતનું બંધન પોતાને શિરે લે છે, એ બંધન તે ધર્મબંધન છે; એટલે તે ઋષિઋણ, પિતૃઋણ અને દેવઋણ પૂરૂં કરવાને બંધાયેલો છે. આ બંધન તો ધર્મરક્ષા કરવાની લીધેલી પ્રતિજ્ઞા સ્મરણ કરાવતું બંધન છે. એની બ્રહ્મગાંઠ આર્યોને પોતાની ધાર્મિક ફરજનું ભાન કરાવનાર ગાંઠ છે. આર્યોને માટે તો આ માસમાં **स्वाध्यायप्रवचनाभ्यां न प्रमदितव्यम्** એ શિક્ષાને સ્મરણમાં રાખીને આર્યસમાજના ત્રીજા નિયમાનુસાર વેદોનું ભણવું અને ભણાવવું એનેજ પોતાનો પરમ ધર્મ માનવાનો છે. ઉપવીત સાથે અનેક જાતનાં ધાર્મિક બંધનો ઐહિક અને પારલૌકિક ઘડાયલાં છે; પરંતુ અફસોસ સાથે કહેવું પડે છે કે, હાલના સુધરેલામાં પોતાને ખપાવનાર કેટલાક આગળ વધેલા હિંદુઓ, કે જેમનાં માવિત્રોએ હજારો રૂપિયાનો ખર્ચ કરીને તેમને પહેરાવેલ આ યજ્ઞોપવીત એક સૂતરનો તાંતણો ગણીને તેનો ત્યાગ કરી બેઠા છે–તેને કાઢી નાખીને ફેંકી દીધું છે; આ તેમની કેટલી મૂર્ખતા છે! આમાં એમનો દોષ નથી, પરંતુ તે માટેના ખરા દોષભાગી તેમનાં શ્રીમંત માવિત્રો છે, કે જેઓ પોતાની ગાડી, વાડી ને લાડીની મોજમાં આ તેમના સુપુત્રોને કોઇ પણ જાતનું ખરૂં ધાર્મિક જ્ઞાન ન આપ્યું, ખરો ધર્મ ન સમજાવ્યો કે તેના સંસ્કારો પોતાના પુત્રપરિવારમાં પાડવા પ્રયત્ન ન કર્યો; પરંતુ બીજો વિચાર કરતાં એમ દેખાય છે કે, બિચારાં એ માબાપો પણ લોભી અને દંભી ગુરુઓની લાલચુ જાળમાં ફસેલાં હોતાં તેમને પોતાને પણ ધર્મ એ કયી જાતનું પ્રાણી છે કે શું ચીજ છે, તેનું ભાન ન હોતાં અંધપરંપરાના ન્યાયે મેંઢાના ટોળામાં ભળેલા હોવાથી અને તેમના મતપંથના ગુરુઓ તો ઉપવીત ધારણ કરાવવા માટે પોતાની ફી સવા રૂપીઓ ઠરાવી રાખી બેઠેલ હોતાં તેવા ઠગારા–દંભી ધર્માચાર્યોનેજ શિરે આ કૃત્યનો દોષભાર રહેલ છે. તેવીજ રીતે યજ્ઞોપવીતનો સંસ્કાર કરાવનાર બ્રાહ્મણ કે જેણે તે આચાર્યતરીકેનું પોતાનું કર્તવ્ય બરાબર સમજી–સમજાવીને નહિ કરેલું તે પણ આ દોષનો ભાગીદાર બને છે. આવા બિચારા અનેક સુશિક્ષિત યુવાનો જનોઇનું મહત્ત્વ સમજી ન શકવાથી એકબીજાની નકલ કરીને જનોઇ કાઢી ફેંકી દેવાનું જે અધમ પાપ કરી રહ્યા છે, તેમણે અવશ્ય જરા વિચાર કરવો ઘટે છે કે, આ ઉપવીત ધારણ કરવાનું પ્રયોજન શું? તેમણે જાતે એનું રહસ્ય સમજવા જિજ્ઞાસા રાખી, એ વિષયના જાણકારોને મળી પોતાની શંકાનું સમાધાન કરવું ઘટે છે; પરંતુ આમ નકલી સાહસ કરીને તેમને હજારો રૂપિયાને ખર્ચે પહેરાવેલ ઉપવીતનો એકદમ ત્યાગ ન કરવો જોઇએ. જેને ધર્મ શું છે, અધર્મ શું છે, એ જાણવાની જિજ્ઞાસા છે એ તો અવશ્ય આવું સાહસ કરવા પહેલાં ખરો ધર્મ સમજવા પ્રયત્ન કરશે; પરંતુ જેઓ હાલમાં યૂરોપ-અમેરિકામાં ચાલી રહેલા જડવાદ, પૈસાધર્મ, પૈસાકર્મ, **पैसाही परमं पदम्** ને સાચો ધર્મ માની બેઠેલા છે, તેવાઓને માટે તો કાંઇ કહેવાપણું રહેતુંજ નથી. બની બેઠેલ પરમહંસો અને ધર્માચાર્યોની ફરજ છે કે, આ વિષયનું જ્ઞાન તેમના શિષ્યોને આપવું અને ધર્મના મહત્ત્વનો બોધ કરવો; પણ એ બિચારાઓને મંદિરોના દેવોનાં દર્શનો કરાવવા આઠ આઠ વખત દેવના દરવાજાની હાંક ઉઘાડ કરવા અને પ્રસાદની પાતલો તથા પાનનાં બીડાં ચાવવાનાં ફુરસદ ક્યાં રહે છે! વળી પોતાના એશઆરામમાં અને મોજશોખ આદિમાં મશગુલ રહેતા હોવાથી આવા ઉપદેશો આપવાનો સમય ઓછો રહે છે; તેમજ તેમને ત્યાં હજારો અને લાખોની ભેટ કરનારા તેમનાં ભોળાં ભટાક સેવક–સેવિકાઓનો જે દરોડો પડે છે, તે આવાં જ્ઞાન આપવાના કામો કરવાથી તેમને મળતી હરામની આવક અટકી પડવા ભય રહે એ કુદરતી હોતાં, તેવા ધર્માચાર્યો ખરો ધર્મ સમજાવવા તજવીજ કરતા નથી અને કરશે પણ નહિ, એ ચોક્કસ છે. આથી એવા લોભીઓ ઉપર આધાર ન રાખતાં ખરો ધર્મ સમજાવનાર ઉદારવૃત્તિના વિદ્વાનોને મળીને ધર્મરહસ્ય સમજવું જોઇએ.

ઉપવીત એ ધર્મબંધન છે, એ ધારણ કરનારને તેના ધર્મની–ફરજની ભાવના જાગૃત

[illegible]

[illegible] આપણાં લોકો ભગવાનની ઉપાસના [illegible] રક્ષા બાંધે છે, તેમ બહેનો ભાઈના હાથે પણ રક્ષા [illegible]

[illegible] અનેક દાખલા મળી આવે છે [illegible] આપણા ઇતિહાસમાં અનેક છે અને ઉદાત્ત હિંદુ રમણીઓએ [illegible] તેમના વિશ્વાસની સાક્ષી [illegible]

નાળિયેરી પૂર્ણિમા અથવા શ્રાવણ સુદ પૂનમ [illegible] કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતના કેટલાક ભાગોમાં પ્રચલિત છે. જ્યારે પ્રાચીન સમયમાં હિંદ સમુદ્ર [illegible] વેપાર-રોજગાર ખેડાતો હતો, ત્યારે વેપારીઓ [illegible] તે વહાણોમાં [illegible] દેશનો માલ [illegible] ત્યારથી સમુદ્રમાંથી [illegible] ઉદ્ભવી સંભવે છે. ચોમાસું [illegible] શ્રાવણ સુદ પૂનમ [illegible] સમુદ્રનો તોફાન નરમ પડે છે અને ત્યારથી પાછા વહાણવટાના ઉદ્યોગનો આરંભ થતો. હવે વરાળના સુધારેલા જમાનામાં સ્ટીમરોની હરિફાઈને લીધે આ વહાણવટાનો ઉદ્યોગ ક્રમશઃ નાશ પામતો આવ્યો છે. કચ્છના માંડવી શહેરના બારાની નદીના મુખ આગળ સેંકડો વહાણો બંધાતાં હતાં. આજે હવે વર્ષમાં પાંચ-દશ બનવા પણ મોડ મોડ બંધાતા હશે. તેજ રીતે કાઠિયાવાડના બંદરોમાં પણ બંધાતાં વહાણો હવે તો નામશેષ રહેલ છે. આથી હિંદુઓનો નૌકાઉદ્યોગ તદ્દન નાશ પામવાની અણી ઉપર છે. હજારો ખલાસીઓ, હજારો સુતારો અને લુહારો, સેંકડો વણકરો (જેઓ વહાણોના સઢમાટે કપડું વણતા તેઓ) વગેરે એ ઉદ્યોગ ઉપર આધાર રાખતા અનેક ધંધાદારીઓ, આ ઉદ્યોગનો નાશ થતાં રોજીવગરના થઈ બીજા ધંધાની શોધમાં રખડતા રહ્યા છે. હવે આગળ વધેલા જમાનાને અનુસરી દેશમાટે સ્ટીમરોના વ્યાપારી કાફલા ઉભા કરવાની અગત્ય અને આ નૌકાઉદ્યોગની કેળવણીમાટેનાં સાધનો ઉભાં કરવાની પણ તેટલીજ જરૂર છે. સમુદ્ર ખેડનારમાં જે સાહસ, ધૈર્ય, સમયસૂચકતા અને શૌર્ય રહેલાં છે, તે સાધારણ ધંધા કરનારમાં આવે તેમ નથી. સમુદ્ર એ સ્વાતંત્ર્યનું પારણું છે, એ સૂત્ર આ ભારતવર્ષની પ્રત્યેક વ્યક્તિએ મનન કરવું જરૂરી છે; અને એ ધ્યેયને પહોંચી વળવાના દરેક પ્રકારના પ્રયત્નો આદરવા એ આ દેશની શિક્ષિત અને સમજુ વ્યક્તિની ફરજ છે. × × × × ×

(૨)

યદુકુળભૂષણ શ્રીકૃષ્ણના જન્મદિનતરીકે આ ઉત્સવ ઉજવવામાં સર્વ જાતિના હિંદુઓ જૂદી જૂદી રીત પ્રમાણે વર્તે છે. બાલબ્રહ્મચારી કૃષ્ણ કે જેણે સાંદીપની ઋષિના આશ્રમે રહીને

સર્વ વિદ્યાઓનો અભ્યાસ કર્યો, તેને તદ્દન જૂદો આલેખી ભાગવતકારે કૃષ્ણની સ્તુતિ નહિ પણ નિંદાજ કરી છે, એમ કહેવામાં કંઇ ખોટું નથી. ક્યાં મહાયોગી કૃષ્ણ અને ક્યાં ભાગવતકારના દશમ સ્કંધનો કૃષ્ણ! ક્યાં માખણ-દહીં-દૂધની ચોરી કરનાર કૃષ્ણ અને ક્યાં નવ લાખ ગાયોની માલેકી ધરાવતો કૃષ્ણ! આ પરસ્પર વિરોધી ભાવો મહાભારતના યુદ્ધકળાવિશારદ, રાજનીતિ-વેત્તા અને ધનુર્ધારી મહાબલી અર્જુનના સારથિ કૃષ્ણ માટે તો ન સંભવે. આવા મહાયોગી મહારાજ શ્રીકૃષ્ણ કે જેમણે મહાભારતના પાંડવ-કૌરવોના યુદ્ધપ્રસંગે પાંડવકુલદીપક અર્જુનને સખાભાવે સંબોધીને તેનો ધર્મ બજાવવા-તેની ફરજ અમલમાં આણવા જે બોધ આપ્યો છે, તેનું કાવ્યરૂપે વર્ણન વ્યાસમુનિએ ગીતામાં ગુંથ્યું છે.

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ક્યાં છે એવા યુદ્ધકલાવિશારદ, રાજનીતિજ્ઞ, મહાયોગી કૃષ્ણ અને ક્યાં છે એવા આજાનબાહુ, ધર્મધુરંધર, મહાબાણાવળી અર્જુનો! આ ભારત ભૂમિને તો હવે આવા કૃષ્ણો અને આવા અર્જુનોનીજ અગત્ય છે. કૃષ્ણ જેવા ઉત્તમ કોટીના રાજદ્વારીઓ અને અર્જુન જેવા ધર્મધુરંધર વીરોનીજ હવે જરૂર છે.

અત્યંત ખેદ સાથે લખવું પડે છે કે, આવા બાલબ્રહ્મચારી અને મહાયોગી પુરુષને ચોર અને વ્યભિચારી ચીતરનાર ભાગવતકાર પોપદેવની શું મતલબ હોવી જોઇએ? આ મહાપુરુષને આવો અધમ દેખાડવા એને કેમ સૂઝયું હશે? જેવી રીતે ઘણાંખરાં પુરાણો મધ્યમ કાળના અંધકાર સમયમાં લખાયાં હતાં, તેજ પ્રમાણે ભાગવત પણ એજ અંધાધુંધીના સમયમાં લખાયેલ ગ્રંથ છે, અને તે ગ્રંથ મતલબી ધર્માચારીઓએ પોતાનો સ્વાર્થ સાધવા તથા ભોળા અને અજ્ઞાન લોકોમાં પોતાનો પગદંડો જમાવવા બોપદેવ શાસ્ત્રીને પ્રેર્યો હોય, એ બનવાજોગ છે. અને કૃષ્ણ અર્જુનને **कुतस्त्व कश्मलमिदं विषमे समुपस्थितम् । अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन ॥** એમ સંબોધીને કહે છે, તે શું ગોવાળોની સ્ત્રીઓ સાથે રાસ ખેલતો કૃષ્ણ હોય એ બનવા યોગ્ય છે? કદી નહિ. એમ માનવાવાળાઓ બિચારા મૂર્ખ અને ભોળા ભાવિકો છે, અને તેવું મનાવનાર દુષ્ટ, સ્વાર્થી, મતલબ સાધનારા ધર્માચાર્યો છે. ધિક્કાર છે એવા ધર્માચાર્યોને કે જેમણે આવા ક્ષત્રિય વીરયોગી પુરુષની નિંદા પોતાના મત-પંથનો ફેલાવો કરવા માટે કરી છે અને હજી પણ કરતા રહ્યા છે. આ મતપંથોના વાડાના મુખી કે જેઓ પોતાને ગુસાંઇ કહેવડાવે છે, તેઓ પોતે જાતે વાનતાસી સંન્યાસીના વંશજ હોઇ વટલેલા તેલંગી બ્રાહ્મણ છે, અને પોતેજ કૃષ્ણરૂપ બની ભાગવતના દશમસ્કંધમાં વર્ણન કરેલ કૃષ્ણની લીલાઓ કરી મંદિરોમાં ભ્રષ્ટાચાર આદરી બેઠા છે. ક્યાં એ મહાબલી શંખ-ચક્રધારી ક્ષત્રિયવીર કૃષ્ણ અને ક્યાં આ તેલંગણ વટલેલા ભટજીઓ! પોતાના પંથની આટ આટલી પોલ ઉઘાડી પડવા છતાં પણ, હજી પોતાની ટંગડી ઉંચી રાખી પોતાને શુદ્ધ દેખાડવા ધમપછાડા મારી રહ્યા છે; અને બિચારા શ્રદ્ધાળુ ભકતો પાસેથી મેળવેલા હરામના ધનનાજ જોરે સત્ય વક્તા ગરીબોને સતાવી રહેલા છે. તેમનો ખરો ન્યાય તો ઈશ્વરના દરબારમાં થશે. આ બનાવટી કનૈયા અને નકલી નાટકીઓએ હવે સમજી જઇ આ બદલેલા જમાનાને ઓળખી પોતાની લીલા હવે સમેટી લેવામાંજ તેમનું ભલું રહેલું છે; કારણ હવે તેમનો છદ્મવેશ ઓળખાઇ ગયેલ છે, અને તેથી વામમાર્ગીઓની લીલા ત્યાગીને હવે કાંઇક જ્ઞાનમાર્ગ તરફ વળે તો બાકીના રહ્યા સહ્યા તેમના ભકતોમાં એમને માટે થોડી ઘણી શ્રદ્ધા રહેલી છે, તેથી પોતાનું ગાડું ગબડાવી, પોતાની આ ધર્મને બહાને ઉભી કરેલ વેપારી પેઢીઓ ચાલુ રહેશે નહિ. પછી તો દેવાળું ફુંકી ઈશ્વરી દરબારમાં નાદારીનો લાભ લેવા અરજી નોંધાવવા જવું પડશે.

મહાપુરુષોની જન્મતિથિઓ ઉજવવી, તેમના આદર્શ જીવનના યશોગાનનું શ્રવણ, વાંચન અને અભ્યાસ કરવો, એ હિંદુમાત્રની પરમ પવિત્ર ફરજ છે. મહાભારતના કૃષ્ણના જીવનચરિત્રનું બારીકાઈથી નિરીક્ષણ કરવું; તેવીજ રીતે જે જે અન્ય મહાપુરુષો અને ઋષિમુનિઓ થઈ ગયા તેમના જીવન આદર્શો સમજવા અને તે જીવનના ગૂઢ રહસ્યમાંથી તત્ત્વ શોધી આ ભારતવર્ષના સર્વ બંધુઓને તેનું પાન કરાવવું આવશ્યક છે. હાલને સમયે તો ભગવાન કૃષ્ણ જેવા

મહાચારિત્રશાળી અને રાજનીતિજ્ઞ પુરુષોની આ દેશને અગત્ય છે. બૌદ્ધ અને જૈન સિદ્ધાંતો આચરી રહેલા દીક્ષા પામ્યા વણિકોએ આ યુગમાં તો આ બોધ આપવો મુલતવી રાખી કૃષ્ણ અને અર્જુન જેવા થવા ભારતના નવયુવકોને પ્રેરવાની અગત્ય છે. कर्मण्येवाधिकारस्ते મુજબ સૌને પોતાનાં કર્મ કરવા, આ પોતાની માતૃભૂમિ તરફની ફરજ બજાવવા પ્રેરવા અને કૃષ્ણ જેવા મહાબળી થવા સંબોધવા જરૂરી છે. જૈન તત્ત્વોના પાલન કરનારના બોધથી ભારત-ભૂમિ પોતાનું સ્વાતંત્ર્ય મેળવે એ આશા રાખવી ફોકટ છે. બ્રાહ્મણો અને ક્ષત્રિયોથીજ આ ભૂમિનો છેવટ ઉદ્ધાર થવો સંભવે છે. ભારતના દ્રોણાચાર્ય અને કૃપાચાર્ય જેવા બ્રાહ્મણો તેમજ કૃષ્ણ, અર્જુન, ભીમ, યુધિષ્ઠિર જેવા ક્ષત્રિયોની હાલને સમયે વિશેષ આવશ્યકતા છે.

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः। तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवानीतिर्मतिर्मम ॥

એવા પુરુષોથીજ આ ભારતવર્ષ વિજયશાળી બનશે. દેશનો ઉદ્ધાર કરવો આપણાજ હાથમાં છે, આપણે આપણાં પોતાનાં આચરણો સુધારી દેશના નવયુવકોને પોતાની ફરજ બજાવવા પ્રેરવા; અને તેમને માટે તો ભગવાન કૃષ્ણનો એકજ સંદેશ છે उद्धरेदात्मनात्मानम्, એજ નિર્દેષ-એજ આદેશ સર્વ કોઈ નાના મોટા, સ્ત્રી કે પુરુષ સૌ માટે સમાન છે. ૐતત્સત્.

("આર્યપ્રકાશ"ના તા. ૯-૯-૨૮ તથા ૨૩-૯-૨૮ ના અંકમાં લેખકઃ-શ્રી: દામોદર સુંદરદાસ)

૮૩—धर्म की महत्ता

ઇસ લીલા તથા માયામય બ્રહ્મસૃષ્ટિ મેં ધર્મ ધર્મ તો સભી લોગ ચિલ્લાતે હૈં; પરંતુ ધર્મ હૈ ક્યા વસ્તુ? ઇસકા વિચાર બહુત કમ કિયા જાતા હૈ. અસ્તુ. સર્વપ્રથમ હમેં યહ જાનના આવશ્યક હૈ કિ ધર્મ ક્યા વસ્તુ હૈ? વેદ અનાદિ હૈં, ઇસી લિયે ઉનમેં વર્ણિત વૈદિક ધર્મ ભી અનાદિ હી હૈ; તસ્માત કારણાત્ યહી સનાતન ધર્મ ઔર સચ્ચા સનાતન ધર્મ હૈ. ધર્મ કી વ્યાખ્યા વૈશેષિક શાસ્ત્ર કે નિર્માતા પરમ પૂજ્ય કણાદ મુનિ ને ઇસ પ્રકાર સે કી હૈ:—

"यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः"

અર્થાત્ જિસસે ઇસ લોક ઔર પરલોક દોનોં મેં સુખ મિલે વહી ધર્મ હૈ; અથવા યોં સમઝ લીજીયે કિ માનવજાતિ કે વિકાસ ઔર કલ્યાણ કે સાધનોં કા નામ ધર્મ હૈ. ઇસસે યહ બાત જાનને મેં આતી હૈ કિ જીનને ભી સત્કર્મ હૈં ઔર જિનસે હમકો સુખ તથા શાન્તિ પ્રાપ્ત હોતી હૈ વે સબકે સબ ધર્મ કે અંતર્ગત આ જાતે હૈં; પરન્તુ ઇસીકો આજ મજહબ યા સંપ્રદાય કે નામ સે પુકારા જાને લગા હૈ. સંસાર કા જનસમૂહ ઇસ દૃષ્ટિ સે અનેકો ભાગોં મેં વિભાજિત હૈ, જિનમેં વૈદિક ધર્મ જનસમૂહપ્રધાન કહા જા સકતા હૈ. ઇસી વૈદિક ધર્મ જન-સમૂહ કા નામ આર્ય સમાજ હૈ. ઇસ વિભાગ કો પ્રધાન ક્યોં કહા જા સકતા હૈ, ઇસકા કારણ યહાં પર બતલા દેના આવશ્યક હૈ. વૈદિક ધર્મ સાર્વભૌમિક ધર્મ હૈ ઔર શેષ સબ ધર્મ વ્યક્તિ-ગત ધર્મ હૈં. યહી વૈદિક ધર્મ કી વિશેષતા હૈ ઔર ઇસી લિયે ઉક્ત વિભાગ પ્રધાન માના જા સકતા હૈ; પરન્તુ ઇસ વર્તમાન સમય મેં વેદોં કી ઠેકેદાર બનનેવાલી આર્યસમાજ જિસે ધર્મ માને બૈઠી હૈ મેં ઉસસે સહમત નહીં હૂં. સનાતનધર્મી કહે જાનેવાલોં તથા હિન્દૂ જનસમાજ કા તો મામલા ઇસ સમય બેઅન્ત હૈ હી; પરન્તુ અપને જીવન વૈદિક ધર્મ પર ન્યૌછાવર કરને કી ડીંગ મારનેવાલે હમ આર્ય સમાજી ભી કોરે ગપ્પ મારનેવાલે લોગોં સે અધિક મહત્ત્વ નહીં રખતે. યહ તો સરાસર અવૈદિકતા હી હૈ; કારણ કિ જિસમેં સમાનતા, સહનશીલતા તથા સહિષ્ણુતા કા અભાવ હૈ વહ ધર્મ વૈદિક ધર્મ હો હી નહીં સકતા યહી નહીં, વરન્ ઉસે તો ધર્મ કહના ભી પાપ હૈ

અબ હમેં જહાં પર યહ જાનના અત્યંત આવશ્યક હૈ કિ કિન કિન નિયમોં કે આચરણ કરને સે મનુષ્ય મેં ધાર્મિકતા આ સકતી હૈ ઔર કિન કિન નિયમોં કે આચરણ કરને સે ઘૃણિત અધાર્મિકતા; ઇસકી જાનકારી કે લિયે હમેં મનુસ્મૃતિ મેં વર્ણિત ધર્મ કે ઇન દશ લક્ષણોં પર ગંભીરતાપૂર્વક પૂર્ણ વિચાર કરના ઔર ઉન પર અમલ કરના ચાહિયે:-

"धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः । धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्मलक्षणम् ॥"

મતલબ યહ કિ જિસ મનુષ્ય મેં ધૈર્ય હો, ક્ષમા હો, વિષયવાસના મેં લિપ્ત ન હો, પરાયે ધન કો ઠીકરી કે સમાન સમઝતા હો, ભીતર બહાર સે સ્વચ્છ તથા પવિત્ર હો, ઇંદ્રિયોં કો અપને વશ મેં રખતા હો, જ્ઞાની હો, વિદ્વાન હો, સત્યવાદી, સત્યમાની તથા સત્યકારી હો, ક્રોધ ન કરતા હો, ઉસીમેં ધાર્મિકતા આ સકતી હૈ; ઔર જિસમેં ઇનકા અભાવ હો ઉસી મેં અધાર્મિકતા. ધર્મ કે ઇન દશોં ગુણોં કા ધારણ કરનેવાલા મનુષ્ય સદા સુખ-શાંતિ મેં નિવાસ કરતા હૈ. ન કોઇ ઉસકો દુઃખ દે સકતા હૈ ઔર ન વહ સ્વયં હી કિસી કો દુઃખ દેતા હૈ.

ઇસ સંસાર મેં જો સત્ય કર્મ કિયા જાતા હૈ ઔર જો કુછ ભી ધર્મ સંચય કિયા જાતા હૈ, વહી ઇસ લોક મેં સાથ રહતા હૈ ઔર પરલોક મેં સાથ જાતા હૈ. કહાવત પ્રસિદ્ધ હૈ **"યશ અપયશ રહ જાયગા, ચલા જાય સબ ઠઠ્ઠ."** ઇસી વિષય કો મનુ મહારાજ ને ભી અપની મનુસ્મૃતિ મેં ભલી ભાંતિ દર્શા દિયા હૈ:-

"मृतं शरीरमुत्सृज्य काष्ठलोष्टसमं क्षितौ । विमुखा बान्धवा यान्ति धर्मस्तमनुगच्छति ॥"

સારાંશ યહ કિ મનુષ્ય કે મરને પર ઘર કે લોગ ઉસકે મૃત શરીર કાષ્ઠ કે ટુકડોં ઔર મિટ્ટી કે ઢેલે કી તરહ શ્મશાન મેં વિસર્જન કર વિમુખ લૌટે આતે હૈં, કેવલ ઉસકા સત્કર્મ ધર્મ હી ઉસકે સાથ જાતા હૈ. ઇસ લિયે હમેં ઉચિત હૈ કિ ધર્મ કો હાથ સે કભી ન જાને દેવેં. ધર્મ કી રક્ષા હમારી રક્ષા હૈ ઔર ધર્મ કા નાશ હમારા નાશ હૈ, ઐસા સમઝેં. દેખિયે, મનુજી ને ભી ઐસા હી કહા હૈ:—

"धर्म एवं हतो हन्ति धर्मो रक्षति रक्षितः । तस्माद्धर्मो न हन्तव्यो मानो धर्मो हतोवधीत ॥"

ઇસકા તાત્પર્ય યહી હૈ કી યદિ હમ ધર્મ કો માર દેંગે તો ધર્મ ભી હમ કો માર દેગા; ઔર યદિ હમ ધર્મ કી રક્ષા કરેંગે તો ધર્મ ભી હમારી રક્ષા કરેગા. ઇસલિયે ધર્મ કો મારના નહીં ચાહિયે, વરન ઉસકી રક્ષા કરની ચાહીએ. યદિ ધર્મરક્ષા મેં પ્રાણોં કી ભી બલિ દેની પડે તો ઉસકે લિયે હંસતે હંસતે બલિ-વેદી પર ચઢ જાના ચાહિયે; પરંતુ ધર્મ-રક્ષા કે મૈદાન સે પીછે હટના ઠીક નહીં. "રણ મેં ધર કર પૈર કદમ પીછે કો હટના ના ચાહિયે."

અબ અંત મેં મેરા આર્ય-સમાજ તથા હિંદૂ સમાજ સે યહ વિનમ્ર નિવેદન હૈ કિ વહ અવૈદિક કુપ્રથાઓં કો જો ઉસકે અંદર વિશેષ સ્થાન પા ચૂકી હૈં સમૂલ નષ્ટ કર વૈદિક-ધર્માનુસાર અપને આચારવિચાર તથા વ્યવહારોં કો સુદૃઢ બનાવેં. ઇસીમેં હમારી પ્રાચીન આર્યજાતિકા ગૌરવ હૈ.

(ઑગસ્ટ-૧૯૨૮ના "સાર્વદેશિક"માં લેખકઃ-ઠા૦ માતાદીન સિંહ ગૌતમ 'વિશારદ' સરદારશહર)



૮૪–हिंदी नवजुवानो माटे तमाम द्वार बंध !

એક ગ્રેજ્યુએટનું કરુણ સ્વપ્નદર્શન

પદવીદાનનો સમારંભ પૂરો થયો અને હું મુંબઈ વિદ્યાપીઠના આમ્ફીથિયેટરમાંથી નીકળ્યો ત્યારે ગર્વથી મારી છાતી ગજગજ ફુલતી હતી, આનંદની ઉર્મિઓથી મારું રોમેરોમ પુલકિત થઈ રહ્યું હતું.

કારણ, કુલપતિ-વાઈસ ચાન્સેલરે અમને 'વર્તમાન યુગના પ્રકાશવાહકો' કહ્યા, અને વિદ્યાપીઠમાં અમે જે શિક્ષણ લીધું તેને "અમને કેવળ પેટની પૂજામાટે લાયક બનાવે છે એટલુંજ નહિ પણ માતૃભૂમિની સેવામાટે અમને સુયોગ્ય બનાવનારૂં છે." અને "વિદ્યાપીઠની અંદર અમને જે પ્રકાશ મળ્યો છે તે અમે ઘેર ઘેર પહોંચાડીને અનુપમ દેશસેવા સાધી શકીશું" એવાં એવાં ઉમદા વચનોના પડઘા હજી મારા કાનને વિષે પડી રહ્યા હતા.

પરંતુ મારા હૃદયને વધુમાં વધુ અસર તો ઇંગ્લેંડના પેલા મુખ્ય શિક્ષકે એના વિદ્યાર્થીને આપેલી શિખામણથી થઈ કે, નીસરણીના ઉંચા પગથીઆ આગળ ઉભા રહીને એક ઉપલા પગથીએ જવા મથવું; સામાન્ય ટિકિટ કાપનારમાંથી એક છોકરો આખી રેલ્વે કંપનીનો ડિરેક્ટર થઇ શકે છે; એ વાત ઉપકુલાધિપતિ જેવા પુરૂષના મુખેથી સાંભળવાને લીધે મેં એમજ નક્કી કર્યું કે, બસ, મારે પોતાને તો એજ સાહસ કરવું.

એ નિશ્ચયની ખુમારીમા, વર્તમાન યુગનો પ્રકાશવાહક બનવાની એ ગૌરવની ઘરીમાં, આવતી કાલથી શરૂ થનાર જીવનના નવીન ક્રમમાં નીસરણીના છેક નીચલા પગથીઆથી શરૂ કરી ઉન્નતિના શિખરે પહોંચવાનું સાહસ કરી બતાવવાના નિશ્ચયબળની ધગશમાં ચોપાટી ઉપર ફરવા નીકળ્યો.

રસ્તામાં એક મિત્ર મળ્યા. તેણે મારી મશ્કરી કરી.

"કેમ બી. એ. ની પદવી વરી આવ્યાને!"

મેં હસીને કહ્યું:–"હા."

"હવેજ સંસાર શું છે તે સમજાશે. કોલેજ-જીવનમાં જગતના વિદ્વાન પુરુષોના રચેલાં રસિક નાટકો અને નવલકથાઓ વાંચી વાંચીને જે સ્વપ્નાં રચ્યાં હશે, અને જ્યારે વ્યવહાર જગતમાં તેથી બધું ઉલટે ઉલટું જણાશે, ત્યારેજ તમને જગતનું બરાબર ભાન થશે." પણ મેં તેને હસી કાઢયો અને "જોજોને, જગતમાં હું કેવાં પરાક્રમ કરી બતાવું છું" એવું કહીને સ્વપ્નદ્રષ્ટાની માફક મનની અનેક મુરાદોનું વર્ણન કરી ગયો. × × × × × ×

એ રાત્રે મને ભવ્ય સ્વપ્નદર્શન થયું.

એક વિશાળ મેદાન હતું તેમાં અનેક નીસરણીઓ ઉભી કરી રાખી હતી. પ્રત્યેક નીસરણી આગળ નાનકડાં બારણાં ગોઠવ્યાં હતાં અને તેની ઉપર જૂદી જૂદી ટિકિટો ચોડવામાં આવી હતી. મેદાનમાં અનેક નવજુવાનોની દોડાદોડ થતી હતી; ગોરા, ઘઉંવર્ણા, પીળા, કાળા, રાતા–અનેક જાતના યુવકો ત્યાં હતા.

હું પણ એ ટોળામાંજ ઘૂમતો હતો.

મને એટલું સ્મરણ હતું કે, સીડીના છેક નીચલા પગથીઆ આગળથી શરૂ કરીને મારે તેના ઉપરના પગથીએ પહોંચવાનું છે.

તેથી એક છેડેથી શરૂ કરવાનો વિચાર કરીને હું ડાબી તરફ ગયો. બારણા આગળ લખેલું હતું:–લશ્કરખાતું. મને થયું કે, આ માર્ગ સારો છે. બહાદુરીથી સ્વદેશસેવા કરી શકાશે, પણ અંદર પગ મૂકવા જતો હતો ત્યાંજ એક જમાદાર અંગ્રેજે મને અટકાવ્યો. મેં કહ્યું–"મારે લશ્કરમાં ઉંચી પંક્તિના સૈનિક બનીને મારા દેશના સેનાધિપતિ બનવું છે."

પેલાએ કહ્યું–"હિંદી છોકરાઓ માટે અહીં જગા નથી."

'કંઇ નહિ, બીજે જોઉં' કરતો આગળ વધ્યો. ત્યાં વિમાનખાતાની બારી આવી, ત્યાં પણ મારી

એજ દશા ! ત્રીજી બારી નૌકા કાફલામાટેના પ્રવેશદ્વારની હતી, ત્યાં તો મને પગ પણ મૂકવા દીધો નહિ.

મને સહેજ નિરાશા તો થઇ; પણ તુરતજ હિંમત એકઠી કરીને હું આગળ વધ્યો.

પહેલી બારી વિદેશ તરફ જવાની આવી. મને એમ થયું કે ચાલો, આ બારીમાંજ પ્રવેશું, અહીં સુંદર તક છે. બસ અમેરિકા જઇને ક્યાંક સોનાની એકાદ ખાણ શોધી કાઢીશ, પરંતુ મને ત્યાં તો ડોકીઉંજ કરવા દીધું. ધોળી ચામડીના અનેક જુવાનીઆ ત્યાં ચઢ ઉતર કરી રહ્યા હતા. હું પણ એમની સાથે જવાની આશાથી આગળ વધ્યો, ત્યાં અમેરિકન દ્વારપાળે મને હસીને કહ્યું કે "ભાઇ ! તમારે માટે ત્યાં જગા નથી." મેં હવે તો રકઝક કરવાનો વિચાર કર્યો હતો, એટલે જરાક દમામથી પૂછ્યું: "કેમ ભાઈ ?"

"કારણ તમે હિંદી છો !"

"અરે, હિંદી છું એટલે શું થયું ?" મેં દલીલ કરી.

"એ તો મને ખબર નથી, પણ હિંદીને અહીં પેસવા દેવો નહિ, એવું ફરમાન મને છે."

હું કંઇક નિરાશ થયો, છતાં આગળ ચાલ્યો; પણ મને ત્યાં જણાયું કે, સીડીના છેલ્લા પગથીઆ આગળ ઉભા રહેવાની પણ મારે માટે મનાઈ છે.

પછી તો હિંમત કરીને હું તો હિંદી સનદી નોકરીના બારણા આગળ ગયો. ત્યાં થોડાક હિંદીઓને જોયા ખરા, પણ સીડીની ટોચે તો કોઇજ નહોતું. બે ચાર કે પાંચ પગથીઆં સુધીજ માત્ર તેઓ જોઇ શકાતા હતા ! અને અંદર જવા માટે મારે છેક વિલાયતસુધી જવાનું હતું. એટલા પૈસા મારી પાસે નહોતા !

આવોજ અનુભવ બીજી બધીજ બારીઓ આગળ મને થયો.

એટલે ધક્કામુકી કરતાં મેં રેલ્વેની બારીમાં પગ મૂક્યો. એટલો પગ મૂકવા માટે પણ મારે બહુ માથાકૂટ કરવી પડી.

પેલા વિલાયતી શિક્ષકે કહ્યું હતું તેમ અહીં "ટિકિટ કાપનારમાંથી ડિરેક્ટર થવાની તક છે" એમ મેં માન્યું.

સ્વપ્ન આગળ વધ્યું. હું રેલ્વેમાં ટિકિટ કાપનારતરીકે દાખલ થયો. તેને વર્ષો વીતી ગયાં, છતાં પેલા પદવીદાનસમારંભ આગળ કુલાધિપતિએ કરેલા ભાષણ પ્રમાણે ડિરેક્ટર થવાનું તો બાજુએ રહ્યું, પણ વધુ ઉંચે ચઢવાનુંજ મને મળી શક્યું નહોતું. ત્યાં તો બધા ગોરાઓ ચઢી બેઠા હતા.

આથી હું સેક્રેટેરિયટમાં દાખલ થયો, ત્યાં પણ એજ દશા !

પછી મને ખબર મળી કે, મારા જેવા ઉત્સાહથી બીજા પણ મારા કેટલાયે સહાધ્યાયીઓ જૂદાં જૂદાં ક્ષેત્રોમાં દાખલ થયા હતા; પરંતુ સૌને મારા જેવોજ અનુભવ થયો હતો !

અમે બધાજ આમ નિરાશ થયેલા એક વખત મળ્યા, અને ખૂબ ચર્ચા પછી જીવનમાં મળેલા જૂદાં જૂદાં ક્ષેત્રોના અનુભવ પછી સૌનો એવોજ મત જણાયો કે, નીસરણીના છેલ્લા પગથીઆ આગળથી છેક ઉંચે ચઢવાનું શક્ય છે, પણ તે ગોરા જુવાનીઆઓનેજ સારૂ; હિંદી જુવાનીઆઓમાંથી તો ભાગ્યેજ કોઇ ફાવી શકે છે.

અને અમે અમારા યુગના પ્રકાશવાહકો છીએ એ વાત તો અમે બધા ભૂલીજ ગયા હતા, ભૂલી ગયા ન હોત તોપણ અમને પ્રકાશ ફેલાવવાનો અવકાશ નહોતો !

આવી દિલગીર થતા અને નિઃશ્વાસ નાખતા જતા હતા ત્યાં મારી આંખ ઉઘડી ગઈ !

સ્વપ્નદર્શનથી હું નિરાશ તો થયો હતોજ, પણ ખરી નિરાશા તો જૂદાં જૂદાં ક્ષેત્રોમાં સીડીનું છેલ્લું પગથીઉં મેળવવા માટે કરેલા તમામ પ્રયાસો નિષ્ફળજ ગયા હતા તે જોયા પછી મને થઈ. મને પેલા મિત્રનો અભિપ્રાય ખરો લાગ્યો અને છેવટે હું એજ નિર્ણય ઉપર આવ્યો કે, પદવીદાનસમારંભનાં ભાષણો માત્ર આશાવાદીજ હોય છે. વ્યવહારમાં તો તે હિમાલય સામે [illegible] થઈ પડે છે અને ખાસ કરીને તે હિંદી જુવાનો માટેજ.

(દૈનિક 'હિંદુસ્તાન'ના તા—૨૬—૮—૩૮ ના અંકમાં લેખક—શ્રી. [illegible] શર્મા)

૮૫–માંદા પડવું તે ગુન્હો છે.

(૧)

આ વિશ્વમાં પરમાત્માની અનેક ચમત્કૃતિઓમાંની એક તે માનવ અંગ. આપણું શરીર તે આત્માને રહેવાનું મંગલ મંદિર છે, તે મંદિરને સદા નિરંતર સ્વચ્છ અને સશક્ત રાખવું તે દરેક મનુષ્યની ફરજ છે. શરીરમાં કોઇ જાતનો નાનો કે મોટો રોગ થાય તો આપણોજ વાંક સમજવો. કુદરતના કાનુનો પ્રમાણે જ્યાંસુધી વર્તીએ ત્યાંસુધી કંઇ દર્દ થતું નથી. તેજ સૂચવે છે કે, માંદા પડવું કે નહિ તે મનુષ્યના હાથમાં છે. દર્દ થાય તો તેની ચિકિત્સા વૈદકશાસ્ત્ર કરે છે. ઘણાં માણસો માંદા પડવું કે નહિ તે નસીબને આધીન ગણે છે; પરંતુ જો નસીબને લીધે તેમ થતું હોય તો વૈદકશાસ્ત્ર શામાટે આપણા પૂર્વજોએ રચ્યું ? વૈદકશાસ્ત્રની હયાતીજ કહી આપે છે કે, આપણા પૂર્વજો જે આપણા કરતાં વિશેષ ડાહ્યા હતા, તેઓ આ બાબતમાં નસીબ ઉપર આધાર રાખતા નહિ; તેથીજ વૈદકશાસ્ત્ર બનાવ્યું. વિધાતાને લીધે જો ઘડીએ ઘડીએ મનુષ્ય માંદું પડે તો શામાટે દવા-દારૂ કરવાં જોઇએ ? જન્મ, લગ્ન અને મરણ જેવા મહાન પ્રસંગો માત્ર વિધાતાને આધીન છે, એમ માની લેવું જોઇએ; પરંતુ ઘડીએ ઘડીએ સાવ માંદા થવું તેમાં બીલકુલ વિધાતાનો વાંક નથી, પણ મનુષ્યનો પોતાનો છે. હાલનાંચાલનાં દરેક નજીવી બાબતમાં નસીબનો દોષ કાઢવો તે દેખીતી રીતે ભૂલભરેલું છે. જો દરેક બાબતમાં બાપડું મનુષ્ય પ્રાણી નસીબને આધીન હોત તો પુરૂષાર્થ જેવી વસ્તુ હોતજ નહિ. પુરૂષાર્થને લઇને મનુષ્યે વિજળી, વિમાન ઇત્યાદિ ચમત્કૃતિઓ શોધીને રચી કાઢી છે. જો દરેક બાબતમાં નસીબ હોત તો પંજાબમાં જનરલ ડાયરે જે ખુનામરકી ચલાવી હતી તેમાં જનરલ ડાયરનો દોષ ન હતો, પણ જુલમના ભોગ થઈ પડેલા મનુષ્યોના નસીબનો દોષ હતો.

ખરેખર, આપણા શરીર ઉપર આપણે પોતેજ અનેક અત્યાચારો કરીએ છીએ, રુચિ ન હોય તોપણ માત્ર સ્વાદ ખાતરજ અનેક જાતનાં ખાનપાન કરીએ છીએ, અનેક બુરી ટેવોને શરીરના હિસાબે ને જોખમે પોષીએ છીએ, અનેક જાતના અનિયોગ ભોગવીએ છીએ; તે ખરેખર શરમજનક બાબત છે.

જો કોઈ મનુષ્ય નીચે લખેલી પાંચ જરૂરીઆતો પ્રમાણે વર્તે તો રોગ-દર્દ બીલકુલ ન થાય; એટલુંજ નહિ પણ પોતાના શરીરનો બાંધો સ્વચ્છ અને સુદૃઢ રાખી શકે.

૧–નિર્મળ હવામાં અને સૂર્યપ્રકાશમાં રાતદિન રહેવું, ઘરનાં બારી-બારણાં તેટલા માટે ખુલ્લાં રાખવાં.

૨–જીવનશક્તિવાળો પથ્ય ખોરાક, રુચિ હોય તોજ, ખુબ ચાવીને ખાવો; તેમજ જરૂર પડે ત્યારે એક બે દિવસના ઉપવાસ ખેંચી કાઢવા.

૩–શરીરના દરેક દરેક સ્નાયુને નિયમસર કસવા.

૪–પૂરેપૂરી સ્વચ્છતા રાખવી; અને તે માટે સ્નાન કરવાં. ઠંડા જળનું સ્નાન શક્તિવર્ધક છે, ગરમ પાણીનું સ્નાન ઓછપાઇ કરનાર છે.

૫–સંપૂર્ણ આરામ અને મનનું સાચું વલણ.

માત્ર આ પાંચ જરૂરીઆતો પૂરી પાડવામાં આવે તો અંગ હરહમેશ નિરોગીજ રહે. કુદરતના આ પાંચ મોટા કાયદા નહિ પાળવા તેજ ગુન્હો છે. તેની શિક્ષામાં કોઈને કંઇ દરદ થાય છે.

અમેરિકામાં કેટલાક વર્ષો થયાં એક નવું શાસ્ત્ર નીકળ્યું છે તે દવા વિરૂદ્ધ છે; એટલે ગમે તે રોગ દવા વગર મટાડી શકાય છે. આનું નામ "કુદરતી ઇલાજ" કહેવાય છે. આ શાસ્ત્ર પ્રમાણે દવા એક પતીજ છે; એટલુંજ નહિ પણ દવા શરીરને માટે વિરોધી વસ્તુ છે–અર્થાત્ ઝેર છે.

દવા પીવાથી રોગ મટતો નથી, પણ રોગની નિશાનીઓ મટે છે. રોગનાં કારણો મટાડવામાંજ ખરી ખુબી છે, અને તે દવાથી કદી મટતાં નથી, પણ માત્ર કુદરતી ઇલાજોથીજ મટે છે.

(૨)

આજકાલ જાણીતી વાત છે કે, દવા તે ઝેર છે. આ સત્ય [illegible] દવાને લાગુ પડે છે, પણ

ચોપડવાની-લગાડવાની દવાને લાગુ નથી તેનું કારણ કે, તે શરીરબહાર લગાડવાની હોવાથી ઝેરી હોય તોપણ કામે લઇ શકાય છે. ઘણુંખરૂં આ દવા જંતુનાશક હોવાથી પીવાને માટે તાત્કાલિક ઝેરી હોય છે. રસ્તામાં અકસ્માત્ થતાં જંતુનાશક દવા જખમી થયેલા અવયવને લગાડવી જરૂરી છે.

કંઇ શારીરિક રોગ થાય છે તો પીવાની દવા આપવામાં આવે છે. હવે પીવાની દવા તે કૃત્રિમ ઉપાય છે. પીવાની દવા માત્ર ઉપરની ટાપટીપ છે. દવા પીવી તે કુદરતથી વિરુદ્ધ છે, કુદરતનું અપમાન કરવા બરાબર છે. રોગ થાય તો તેનાં કારણો છેજ, તે શોધો અને તે અટકાવો.

શરીરમાં બે જાતની ક્રિયા થાય છે. હમેશાં નવા કોષ-અથવા પરમાણુઓનું બંધારણ થાય છે અને જૂના કોષ મરણ પામતા જાય છે; તેને શરીર બહાર કાઢવામાં આવે છે. આ કોષ લાખો-અસંખ્ય-હોય છે તે સૂક્ષ્મદર્શક યંત્રથી પણ દેખાવા મુશ્કેલ છે. શરીરનો દરેક ભાગ-લોહી-હાડ-માંસ-ચામડી વગેરે અસંખ્ય કોષોથી બનેલો હોય છે. જ્યારે મરણ પામેલા કોષો શરીરબહાર જલદી નીકળી શકે નહિ ને અંદર એકઠા થાય ત્યારે કંઇ ને કંઇ રોગ થાય છે. હવે દવા પીવી તે શરીરમાં વધી પડેલી વિજાતીય વસ્તુઓ જે મરણ પામેલા કોષો છે તેમાં ઔષધરૂપી વિજાતીય વસ્તુનો વધુ ઉમેરો કરવા બરાબર છે.

આ મરણ પામેલા કોષોને તેમજ ખાવાપીવામાં નકામાં રજકણોને શરીર બહાર કુદરત ત્રણ રસ્તે કાઢે છેઃ-(૧) મળ-મૂત્રથી, (૨) પરસેવાથી અને (૩) ઉચ્છ્વાસથી. તેઓ શરીરમાં ભરાઇ રહેવાથી રોગ થાય છે.

(૧) બસ્તી-હવે મળમૂત્રવિષે ટુંકમાં કહીએ. દરેક રોગનું મૂળકારણ ઘણુંખરૂં કબજીઆત અથવા અધુરૂં પાચન હોય છે. નહિ પચેલો ખોરાકનો જથ્થો શરીરમાં એકઠો થાય છે અને દુર્ગંધ મારે છે; તે શરીરને માટે ઝેર છે. આ ઝેર શરીરની બહાર ન નીકળે ત્યાંસુધી ચાલુ નુકસાન કરે છે. આને માટે અતિ ઉપયોગી ઉપાય ખાસ કરીને પૂંઠપીચકારી લેવાનો છે. તે રૂા. ૧ાા માં મળે છે.x સાજામાં સાજા માણસે અઠવાડીઆમાં એક વખત પીચકારી ગરમ પાણીની લેવી જોઇએ, એમ વિજ્ઞાનશાસ્ત્રીઓનું કહેવું છે, અને તે ખરૂં છે. જેમ આપણે ઘરની ચોકડી વગેરે ખૂબ પાણીથી સાફ કરીએ છીએ, તેમ પીચકારીવતી પુષ્કળ પાણીથી અંદરખાનેથી આંતરડાં ધોવાવાં જોઇએ. જુલાબ પીવો તે કૃત્રિમ ઉપાય છે. જુલાબ પોતેજ પરદેશી વસ્તુ હોવાથી શરીરબહાર કાઢવાની વસ્તુઓમાં તેનો ઉમેરો થાય છે. તાવ આવે ત્યારે પૂંઠપીચકારી લેવી, જેથી સાધારણ તાવ તરત ઉતરી જશે. કબજીઆતવાળા માણસે જેટલા બને તેટલા અપવાસ કરવા, સાજા-માંદા દરેક માણસે જેટલું પાણી પીવાય તેટલું પીધા કરવું, જેથી મળમૂત્ર અને પરસેવો વારંવાર થશે અને તે વારંવાર થવાની જરૂર છે. જેમ બને તેમ ઓછું ખાવું અને જેમ બને તેમ વધારે પાણી પીવું. જમણ-માટે જીવન નથી પણ જીવનમાટે જમણ છે.

(૨) પરસેવો—શરીરની ચામડીમાં અસંખ્ય કરોડો ઝીણાં કાણાં છે, જે વાટે પરસેવો નીકળે છે. પરસેવો થવાથી તાવ ઉતરે છે તેનું કારણ એ છે કે, વધી પડેલાં ઝેરી રજકણો શરીર બહાર પરસેવામાં નીકળી ગયાં તે છે. તે પરસેવો વારંવાર થાય તો સારૂં. કસરત કરવાથી પુષ્કળ પરસેવો થાય છે, ગરમ પાણીએ નહાવાથી ચામડી સાફ થાય છે.

(૩) ઉચ્છ્વાસ—શરીરમાં સ્વચ્છ લોહી હોય તો રોગ થાય નહિ. દરેક માણસમાં પોતાના વજન કરતાં માત્ર ૪૦ મા ભાગ જેટલું લોહી હોય છે. લોહી સ્વચ્છ રાખવાને જેમ બને તેમ ઓછું ખાવું અને જેમ બને તેમ ગામબહારની હવામાં ઉંડા શ્વાસ લેવા. જે શ્વાસથી અંદર લઇએ છીએ તે નિર્મળ હવા અમૃત છે અને જે ઉચ્છ્વાસથી હવા બહાર કાઢીએ છીએ તે ઝેર છે. જેમ નિર્મળ હવા ફેફસાંમાં વધારે લ્યો, તેમ લોહી વધારે નિર્મળ બને છે. લોહીમાં રહેલાં ઝેરી રજકણો ઉચ્છ્વાસ વાટે થઇને નીકળી જાય છે. ઉચ્છ્વાસ વાટે નીકળતી હવા એટલી બધી ઝેરી હોય છે કે માણસ કોઇ પેટીમાં માત્ર આઠ કલાક પૂરાઇ રહે તો પોતાના ઝેરી ઉચ્છ્વાસની હવા

x પીચકારી કરતાં ડૂશ વાપરવું એજ વધારે ફાયદાકારક છે. સંપાદક

પાછી શ્વાસમાં વારંવાર જવાથી મરણશરણ થાય છે.* ઇશ્વરે નિર્મળ હવા જે અવેરાતથી પણ કિંમતી વસ્તુ છે તે સર્વને માટે પુષ્કળ જથ્થામાં આપી છે, જેથી મફત મળે છે; છતાં ઘણાં મનુષ્યો તેનો ઉપયોગ બરાબર કરતાં નથી એટલે ભેમવાની ડાળ પોતેજ કાપે છે. ખુલી હવામાં હમેશાં કસરત કરવાથી લોહી શુદ્ધ થાય છે, કસરત કરવી ન બની શકે તો રોજ પાંચ કે વધુ માઇલ ગામ-બહાર ઝડપથી ચાલવું. શરીરમાં અસંખ્ય છિદ્રો છે તે વાટે પણ શ્વાસ-ઉચ્છ્વાસ થાય છે; માટે જેમ બને તેમ કપડાં ઓછાં પહેરવાં અને જેમ બને તેમ ખુલ્લા શરીરે લાંબો વખત રહ્યા કરવું. આને હવારનાન કહેવાય છે.

ખોરાક વગર માણસ બે માસ સુધી જીવી શકે છે, પાણીવગર બે દિવસ સુધી; પણ હવા-વગર બે મિનિટ પણ ચાલતું નથી. આ ઉપરથી સ્પષ્ટ થશે કે, માણસને ખોરાક કરતાં પાણીની ૩૦ ગણી વધારે જરૂરીઆત છે અને નિર્મળ હવાની ૮૬૪૦૦ ગણી વધારે જરૂરીઆત છે. ટુંકા શ્વાસ કરતાં ઉંડા શ્વાસ વધારે ઉપયોગી છે. ઉંડા શ્વાસનું શાસ્ત્ર યુરોપીયનો અને અમેરિકનો હિંદુઓ પાસેથી શીખ્યા છે. પ્રાણાયામ કરવાનો એક હેતુ આમા સમાયેલો છે. પ્રાણાયામને પશ્ચિમવાસીઓ ઉત્તમ પ્રાણપોષક સાધન ગણે છે. ઉંડા શ્વાસ લેવા માટે કસરત કરવી.

("લોહાણા હિતેચ્છુ"ના તા.૧૨-૭-૨૮ તથા ૨૩-૭-૨૮ના અંકોમાં લે૦ રા. રમણીકલાલ છોટાલાલ)

૮૬-इसाइओनी चालबाजी

પ્રત્યેક હિંદુએ સાવચેત રહેવાની જરૂર

સરોર ગામના એક દશ વર્ષના જગન્નાથ નામના હિંદુ બાળકની આ કથની બહાર પડી છે, જે ટુંકમાં અત્રે આપીએ છીએઃ-

"ચૈત્ર મહિનામાં મને સવારે એક ખ્રિસ્તી જેવાએ બોલાવ્યો અને ગામ બહાર લઇ જઇ પાનમાં કંઇક ખવડાવી દીધું, જેથી મને ચક્કર આવવા લાગ્યા. ત્યાં મને કાંઇક ખવડાવ્યું. મને ચંપારણ લઇ જવામાં આવ્યો અને છુપી રીતે રાખવામાં આવ્યો. ત્યાં મારા શરીરમાં ઘણી જગ્યાએ લોઢું ગરમ કરી ડામો દેવામાં આવ્યા, જેથી મને કોઇ ઓળખી ન શકે, તેમજ હું નાસી ન જઇ શકું. ત્યાંથી મને વધુ ધમકાવીને કલકત્તા લઇ જવામાં આવ્યો. જ્યારે હું સ્ટેશન ઉપર પહોંચ્યો ત્યારે મને બંધ ગાડીમાં બેસાડી એક એવા મકાનમાં લઇ ગયા કે મારી ઉંમરનાં ત્યાં હિંદુ છોકરાંઓ લગભગ ૩૦ હતાં. એઓ ચોધાર આંસુએ રડતાં હતાં; અને એક સાહેબ અને મડમ છુરા બનાવી છાનાં રાખતાં હતાં. જો આ રૂમમા ૫૦ છોકરાંઓ પુરાં થતાં તો કોણ જાણે કયાં તેમને પરદેશ વચ્ચે મોકલી દેવામાં આવતાં. ખાવામાં રોટી, તરકારી અને માંસ બળાત્કારે આપવામાં આવતું. બધાં બાળકો પાંચથી બાર વર્ષની ઉંમરનાંજ હતાં. મારા ઉપર સાહેબ અને મડમ ચોવીસ કલાક પહેરો ભરતાં. એક વાર સાહેબ બાજરૂમાં ગયા હતા અને મડમ સાહેબ બહાર ગયાં હતાં તે તકનો લાભ લઇ અમે પાંચ છોકરાંઓએ હિંમતથી બારણું ખોલ્યું અને એકદમ નાઠાં. રસ્તામાં મારો ઓળખીતો માણસ મળી આવ્યો. તેણે મને ભાગલપુર પહોંચતો કર્યો. પેલા ચારને સાહેબે પકડી લીધા કે કેમ તે મને ખબર નથી."

આ છોકરો ગુમ થયો ત્યારે તેના બાપે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. તેને શોધવા ૨૦૦ રૂ. ખર્ચ્યાં હતા. જ્યારે છોકરો મળી આવ્યો ત્યારે તે થાણદાર દરોગા પાસે ખબર કહેવા અને છોકરાને નસાડનાર પેલા ઘાતકી અંગ્રેજ ઉપર કામ ચલાવવા જણાવ્યું; ત્યારે દરોગાએ જણાવ્યું કે, તે હરણ કરનાર સાહેબ મોટા ખાનદાન કુટુંબના છે, તેમનો લાગવગ ભારે છે. તમે દાવો માંડશો તો ફાવશો નહિ, ઉલટા તમે દંડાઈ જશો.

પ્રત્યેક હિંદુઓએ મુસ્લીમ ભાઇની સાથે આવા છુપા ઇસાઇ અત્યાચારોથી પણ પૂરા ચેતી જઇ આવાં બાપાળાં જેમ બને તેમ શોધી કાઢી બહાર પાડી દેવાં જોઇએ.

("હિંદુ"ના તા-૮-૭-૧૯૨૮ના અંકમાનાં રા. અશરફી શુકલ-ભાગલપુર-એમના લેખપરથી)

---

* સૂતી વખતે જરૂરજ પડે તો માથા ને કાન પર ઓઢવું જોઇએ, અને નાક ઉપર નજ ઓઢવું જોઇયે; નહિ તો એ પણ કોઇ ને કોઈ રીતે નુકશાનજ કરે છે. સંપાદક

૮૭–હિંદુઓમાં બાયલાપણું કેમ પેઠું?

હિંદુઓમાં બાયલાપણું એટલે બીકણપણું કેમ પેઠું, એની જો આપણે શોધ કરીએ તો જણાશે કે, એ ધર્મને નામે પેઠું છે! ધર્મ ડૂબવાના બહાના હેઠળ ધર્મહક્કોની અસમાનતા પેઠી અને અસમાનતાને કારણે એકબીજાની ઐક્યતાનો પાયો લૂલો થઇ સંપ અને કજીઆએ સ્થાન લીધું. આગળ ચાલતાં અલગ અલગ દેવ અને અલગ અલગ દેવળો, અલગ અલગ જાત ને અલગ અલગ હક્કો અને પ્રતિબંધોએ ભયંકર સ્વરૂપ ધારણ કર્યું. આથી એકબીજા સાથેનો સહકાર તૂટી સર્વત્ર અસહકાર જામ્યો. આથી એકબીજા પ્રત્યેની લાગણી ઓછી થઈ ગઇ, પ્રેમભાવનાં મૂળીઆં કપાઇ ગયાં, સંકુચિત દૃષ્ટિએ ઉગ્ર સ્વરૂપ લીધું, નાતજાતની પેલીમેર ડોકીયું કરવાનું વિસારે પડ્યું, ધર્મને ભૂલી જવાયો અને કેવળ ન્યાત ને જાતે ધર્મનું સ્થાન લઇ ધર્માભિમાનને પાણીચું અપાવ્યું. આજે જો ધર્માભિમાન જાગ્રત હોત તો આજની આવી કફોડી સ્થિતિ હિંદુની કદી થાત નહિ.

વર્તમાન સ્થિતિથી આપણે જોઇ શકીએ છીએ કે, આપણે મુસલમાનને નામે બ્હીએ છીએ. એક મુસલમાન એક સો હિંદુને ભારે થઇ પડે છે. આ સ્થિતિજ અસહ્ય અને હાસ્યાસ્પદ છે; પણ એમાં અતિશયોક્તિ નથી, એ વ્યાજબી છે. કેમકે એક મુસલમાન પોતાના બળપર ઝૂઝતો નથી; પરંતુ તેને ખાત્રી છે કે, તેની પાછળ સમગ્ર મુસલમાનના સંઘબળનું અટળક સંઘબળ સદા–સર્વદા તૈયાર હાલતમાં પડ્યું છે. તેને ખબર છે કે, મારી વહારે મારા ભાઇઓ ધાશે અને મને મદદ કરશે–અને બને છે પણ તેમજ.

કેટલાક ધર્મધુરંધરો સંઘબળની કિંમત કળી ચૂક્યા છે અને તેઓ સંઘબળ જાગ્રત કરવાને ભિન્ન ભિન્ન સૂચના કરી રહ્યા છે; પણ હજુસુધી કોઇપણ રીતે તેમાં ફળીભૂત થયેલા જણાતા નથી. એમાંની કેટલીક સૂચનાનું નિરીક્ષણ કરવા જેવું છે. કેટલાકનું સમજવું એવું છે કે, માંસાહારથી બળ આવે છે; માટે માંસાહાર કરવો અને બલીષ્ઠ બનવું યા બાયલાપણામાંથી મુક્ત થવું. પણ એ અનુમાન વ્યાજબી નથી. આપણે જો માંસાહારી અને શાકાહારી એમ બે વિભાગ પાડીએ તો માંસાહારીનો આંકડો ઘણો મોટો માલમ પડશે; છતાંપણ આપણા બાયલાપણાનું પલ્લું કંઈ ઉંચું ચઢતું નથી. આથી સાબીત થાય છે કે, એ અનુમાન ખોટું છે. એમ તો આઠ કરોડ જેટલા અંત્યજો ગોમાંસ પણ ખાય છે; છતાં તેમનું બાયલાપણું ક્યાં ઓછું છે? બીજું અનુમાન શુદ્ધિ અને સંગઠનનું છે. એ પણ બંધબેસતું નથી; કેમકે એ પ્રમાણે શુદ્ધિ કેટલાની કરીએ અને ક્યાંસુધી કરીએ? તેને કેટલા વધાવી લેશે? અંગબળની તાલીમ આપણે કેટલાને આપી શકવાના અને કેટલા તેનો લાભ લેવાના? આગળ આપણે જોઇ ગયા છીએ કે, એકલ–ડોકલનું બળ જો તેને સંઘબળનો ટેકો ન હોય, તો કશા ખપનું નથી. આપણે દરેક પહેલવાન ન બની શકીએ. કેટલાક સહભોજન કરવામાં સંઘબળની ગંધ જુએ છે; પરંતુ હકીકતમાં એમાંથી જરૂર સંઘબળ પ્રગટ પામે, પણ એ રસ્તો છેવટનો છે–આખરનો છે; એટલે હજી તો આપણે સંઘબળનો પાયો નાખવો છે. એ પાયો નખાય, મજબૂત થાય, તેના ઉપર દિવાલો ચણાય ને છાપરૂ નંખાય; ત્યારે તેના ઉપર જેમ નળીઆંની જરૂર છે, તેમ એ રોટી–બેટી વહેવારની જરૂર પડશે અને તે આપોઆપ એની મેળે પોતાનું કાર્ય કર્યે જશે. તેથી હાલમાં રોટીવહેવારની વાત કરવી એ પાયો ચણવા અગાઉ તે જગ્યા ઉપર નળીઆંનો ઢગ મારવા જેવી વાત છે. કેટલાક એમ ધારે છે કે, હિંદુમાત્રે માંસાહાર ત્યજવો જોઇએ અને તેમ થાય તોજ તેઓ સમાન હક્કનો દાવો કરી શકે તથા તોજ તેમને સમાન ગણવામાં આવે; પરંતુ આવું કોઈ દિવસ બને એવું છેજ નહિ. કેટલાક અંત્યજોને કહે છે કે, તમે સુધરો તો તમને હક્ક મળે, પરંતુ એ પણ મ્હોંના તડાકાજ છે. કેટલા સુધરશે, કોણ સુધારશે અને શું સુધારવા જેવું કે સુધરવા જેવું છે? કશુંએ નથી. એવા વિચારો રાખવા કે કરવા એ આપણા બાયલાપણાને સંઘર્યા સમાન છે. કેમકે કરોડોને આપણા જેવા થવા ઈચ્છવું ને તે આપણા જેવા થાય તોજ હક્ક આપવા કહેવું એમાં સારૂં

સમાયનું છે. એ માટાપાટામાં આપણે વટાઈ ચાલ્યા છીએ અને હજએ વટાઈશું. 'સંપાળ કેઈ અમોલ વસ્તુ છે' એવું જો આપણે સમજતા હોઈએ, તો આપણી ચોખ્ખી ફરજ છે કે, તે સંઘબળ કયી રીતે પ્રગટ થાય, તે તરફ પૂર્ણ લક્ષ આપવું તથા ગમે તે ભોગે આપણે તેને પ્રગટ કરવું અને તેમ કરવામાં આપણે જરૂર નમતું તો આપવુંજ પડે, એ સ્વાભાવિક વાત છે. જો આપણે નમતું ન આપીએ તો આપણું ધારેલું કાર્ય થતું નથી અને તે જો ન થાય તો આપણી સ્થિતિ કંઈ સુધરતી નથી; માટેજ આપણે સુધારાની, સુધરવાની કે સુધારવાની આશા છોડી દેવી જોઈએ છે. આપણી આશા–આપણું ધ્યેય–આપણી મહત્ત્વાકાંક્ષા કેવળ આપણું બાયલા-પણુંજ કેમ દૂર થાય તે તરફ હોવી જોઈએ અને ધ્યેય પ્રાપ્ત કરવાને માટે સહેલામાં સહેલો ઉપાય–રસ્તો કે જે દરેકને પણ ઝાઝા પ્રમાણમાં–મોટા સમુદાયને અનુકૂળ પડે તેજ લેવો જોઈએ. એ રાજમાર્ગ તે બીજો કોઈ નહિ, પણ ધર્મહક્કોની સમાનતાને માટે સર્વ ધર્મમંદિરો, દેવળોનાં બારણાં દરેક હિંદુ ગણાતા સર્વ કોઈને માટે ખુલ્લાં મૂકવાં જોઈએ. દેવળના બારણે ખાસ મુદ્રાલેખ હોવો જોઈએ કે "તમામ હિંદુને ન્યાત–જાતના બાધવિના આ દેવળ ઉઘાડું છે." એમાં કંઈ પૈસાની જરૂર નથી પડવાની અને ખરી ચાવી એજ છે. જો આપણે સંઘબળ જમાવવું હોય, હિંદુધર્મ દીપાવવો હોય, હિંદુ હોવાની મગરૂરી દરેક હિંદુમાં જાગૃત કરવી હોય, હિંદુ ધર્મની નિંદા થતી અટકાવવી હોય, તો દુનિયામાં એનાથી બીજો કોઈ રસ્તો છેજ નહિ. આ લેખ લખનારને પોતાને ખાતર તો દેવ–દેવળોની લેશમાત્ર જરૂર નથી, કેમકે લેખક મૂર્તિપૂજક નથી; છતાં મૂર્તિપૂજકોની સંખ્યા ઘણી મોટી હોવાથી આગ્રહ કરવામાં આવે છે અને તે પણ કેવળ સમાજસુધારણાની અને બાયલાપણાના પંજામાંથી મુક્ત થવાની ખાતરજ.

છતાં ભૂલ દેખાડવી એ મનુષ્યફરજ છે, એમ સમજી કેવળ આપણી ભૂલ ક્યાં થઈ રહી છે, તેને ભિન્ન ભિન્ન રીતે વિસ્તારીને જણાવવામાં આવે છે.

બીજાની (મુસલમાનોની) ભૂલ કાઢવા કરતાં આપણી ભૂલ આપણે સુધારીએ એ લાખ દરજ્જે બહેતર છે. શુદ્ધિ અને સંગઠનના કાર્યથી મુસલમાન ભાઈઓ ચીઢાય–છેડાય છે; કેમકે તેમાં તેઓ વેર વાળવાની ગંધ જુએ છે, પણ ઉપર સૂચવેલા ઉપાયને તેઓ આડે આવી શકે એમ નથી, કેમકે એમાં એવી ભાવનાને અવકાશજ નથી. એ કાર્યમાં જે આડું આવે છે તે કેવળ આપણું બાયલાપણું નંબર બેનું છે.

આપણે જો ધડો લેવો હોય અને પાઠ શીખવો હોય, તો દુનિયાના બીજા ધર્મોના સંઘબળ તરફ દૃષ્ટિ નાખવી જોઈએ, તેનો અભ્યાસ કરવો જોઈએ, તેની ખોજ કરવી જોઈએ અને તેને એક વાર નહિ પણ એકવીસ વાર ચારણીમાં ચાળી જોવું જોઈશે તો આપણને ખબર પડશે. દાખલાતરીકે આપણા મુસલમાન ભાઈઓના સંઘબળનો વિચાર કરીએ. એમનું સંઘબળ જવાંમર્દીપણું એ એમનામાં ધર્મહક્કોની સમાનતાનું ફળ છે. જેઓ મુંબઈમાં વસે છે તેઓ ઈદને દિવસે તેમની સગી આંખે દરેક મસ્જીદ આગળ જઈને અને કોટના મેદાનમાં જઈને તેમની નિમાજની થતી ક્રિયાનું અવલોકન કરે. એમનામાં પણ જાતિ જેવું છે, નથી એમ નહિ; પણ ધર્મહક્ક દરેકના સમાન છે. પછી ભલે તે પૈસાદાર હોય કે ભીખારી, અમીર હોય કે ફકીર, ભીસ્તી હોય કે સોદાગર; પરંતુ બધા એકબીજાની પડખે પડખે મસ્જીદમાં કોઈ પણ જાતના પ્રતિબંધ વિના સરખા ને સામટા નિમાજ ગુજારે છે. એમનામાં ગુજરાતી, મરાઠી, મદ્રાસી, બંગાળી કે કાબુલી એવા વાડા નથી. મસ્જીદ મુસલમાનમાત્રને માટે ખુલ્લી છે, તો પછી આપણે દરેક હિંદુને માટે આપણાં દેવ–દેવળો કાં નહિ ઉઘાડાં હોય?

ઈશ્વરોપાસના કરનારને, દેવદર્શન કરનારને, સેવા–પૂજા કરનારને અને તેને ભજનારને આપણે અટકાવનાર કોણ? આપણને શો અધિકાર છે? આપણે કેમ પ્રતિબંધ મૂકી શકીએ?

આપણી હાલની મનોવૃત્તિ તદ્દન વખોડી કાઢવા લાયક છે; કેમકે આપણે એમ કરી ધર્મને ધોકો–નુકસાન પહોંચાડ્યું છે. ધર્મના પ્રચારને બદલે આપણે તેના મૂળમાં મીઠું મૂક્યું છે. આપણે ખરે જેનો ધર્મનું ગુમાન રાખતાં શરમાવું જોઈએ; નહિ તો ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવું

જોઇએ. કેમકે આપણે ધર્મની સેવા નથી કરતા, પરંતુ ઉલટા તેને નષ્ટ કરી રહ્યા છીએ. આપણાથી તે પાપી બીજો કોણ હશે ? બીજા ધર્મો આજે કરોડો રૂપીઆનો ધૂમાડો કરી પરધર્મીને પોતાના કરે છે, ત્યારે આપણે અક્કલના દુશ્મનો સહધર્મીને ધકેલી મૂકીએ છીએ અને તેમને માટે બારણાં બંધ રાખીએ છીએ, એ આપણી કેટલી બધી મૂર્ખાઇ છે ? અને જ્યારે બીજા ધર્મમાં ચાલી જાય છે-વટલી જાય છે, ત્યારે તે સામા ધર્મવાળા ઉપર રોષ ઠાલવીએ છીએ-દોષ દઇએ છીએ, આ આપણી કેવી મૂર્ખાઈ ? !

આપણે ગમે તેટલા તવંગર હોઇએ, ગમે એટલી ઉચ્ચ મનાતી જ્ઞાતિના હોઇએ; પણ હિંદુધર્મને નામે આપણું સ્થાન-આપણો ધર્મહક્ક એક તલભાર પણ આપણાથી જે ગરીબ હોય, નીચમાં નીચ જાતિના હોય કે ઉતરતી પંક્તિના કે ઉતરતી જાતિના હોય, તેઓનાથી ચઢીઆતો યા તો તેમનાથી વિમુખ કે જૂદો ન હોવો જોઇએ. આજે આપણામાં ખામી છે તે એજ છે. ધર્મની પડતીનું કારણ એજ છે. આપણે મોડા-વહેલા પણ આપણી ભૂલ તો જોઈશું જ અને તે સુધારવી તો પડશેજ.

("હિંદુસ્થાન"ના તા. ૧૧-૯-૧૯૨૮ ના અંકમાં લેખકઃ-શ્રી. ધર્મધુરંધર)

૮૮-श्री. बजाजनुं शुभ कार्य

આજે હિંદુ કોમને પક્ષાઘાત લાગુ પડ્યો છે. તેના શરીરના હિંદુજાતિના મુખ્ય અંગરૂપ ૭ કરોડ અંત્યજ પ્રજાનો આજે જે તિરસ્કાર કરવામાં આવે છે તે જોઈ સાચા હિંદુને દુઃખ થયા વગર ન રહે. મહાત્માજીના અને સ્વામી દયાનંદના તથા હિંદુ સભાના કાર્યકર્તા એ અસ્પૃશ્યતાનાં કલંકને ધોઈ નાખવા મથી રહ્યા છે, પણ અમારા ચુસ્ત રૂઢિપૂજકો દેશનો વિચાર કર્યા વગર બાપના કૂવામાં ડૂબી મરવાની મૂર્ખાઇ છોડતા નથી. વર્ધાના શ્રી. જમનાલાલ બજાજ આજે અંત્યજોમાટે ખૂબ શ્રમ લઈ રહ્યા છે. વર્ધામાં શ્રી લક્ષ્મીનારાયણનું મંદિર છે અને બજાજ તેના ટ્રસ્ટી છે. પ્રભુના દરબારમાં ઉંચ-નીચ યા જાતિભેદ જેવી કોઇ વસ્તુ નથી. ધર્મશાસ્ત્રો પણ અસ્પૃશ્યતાનો કોઇ સ્થળે ઉલ્લેખ કરતાં નથી. આ સવાલ રાજકીય દૃષ્ટિએ પણ મહત્ત્વનો છે અને હિંદુઓને માટે તો જીવનમરણનો છે. શ્રી. બજાજે સાથેના ટ્રસ્ટીઓને ગળે એ વાત ઉતારી અને તેમણે ઠરાવ કર્યો કે, દેવદરબાર અંત્યજોને માટે ખુલ્લાં મૂકવાં. આ વાત ગામમાં વિજળીને વેગે પ્રસરી. ચુસ્તમાં ચુસ્ત તિલક-માળાધારી મારવાડીઓ વગેરેએ ખૂબ વિરોધ કર્યો. અંત્યજોનાં માથાં ભાંગી નાખવા સુધીની દમદાટી આપી. કેટલાક બજાજ પાસે ગયા, દલીલો કરવા માંડી; પણ દલીલમાં હાર્યા. કંઇ કંઇ બહાનાં કાઢ્યાં, પણ ફાવ્યા નહિ. છેવટ ગઈ તા. ૧૯-૭-૨૮ ને ગુરુવારે બીજા હિંદુઓની સાથે અંત્યજ બંધુઓએ પણ પોતાના પ્રભુનાં ધરાઈ ધરાઈને આ જન્મમાં પહેલીજ વાર દર્શન કર્યાં અને મનુષ્યદેહ પાવન થયો માનવા લાગ્યા. શ્રી. બજાજ સવારથી તે રાતના ૧૦ વાગ્યા સુધી મંદિરના દરવાજે ઉભા રહ્યા અને દરેકનો પ્રેમથી સત્કાર કરતા. મૂર્તિપૂજાના સંબંધમાં કોઇના વિચાર જૂદા હોય છતાં આ અપૂર્વ બનાવ નોંધી હરેક કાર્યમાં અંત્યજોને મનુષ્યોચિત હક્ક આપવાના દરેક પ્રસંગમાં હિંદુ જનતા પાછળ નહિ હઠે. એજ અસ્પૃશ્ય ઢેડ યા ભંગી કાલે ખ્રિસ્તી યા મુસલમાન બની તમારી પાસે આવે તો તમે તેને તમારી ગાદીપર બેસાડો, તમારા ઘરમાં આવવા દો અને છૂટથી તેની સાથે વર્તો; તો શું તમારી સેવાનું આજન્મ વ્રત લીધેલી પ્રજાનો આવો ક્રૂર તિરસ્કાર કરવો એથી વધુ અધમતા અન્ય શું હોઇ શકે ? જો હિંદુસમાજ હજુ પણ નહિ ચેતે, હજુ પણ નહિ વિચારે તો સમસ્ત હિંદુજાતિનું દુનિયાના પટપરથી નામનિશાન પણ ભૂંસાઇ જશે. આજે ધર્માચાર્યોની સ્વાર્થી વૃત્તિ હિંદુ પ્રજાનો નાશ નીહાળી રહી છે. દરેક ધર્મના અનુયાયીઓએ સૌથી પહેલાં પોતાના ધર્માચાર્યોને આવા કાર્યમાં રસ લેતા કરી આ ધાર્મિક ઉન્નતિનો પ્રશ્ન માની હિંદુત્વના ઉદ્ધારના કાર્યમાં યાહોમ ઝંપલાવે.

("હિંદુ" તા. ૨૯-૧-૨૮ ના અંકમાંથી)

८१–माइसोर राज्यनी प्रजावत्सलता

(૧)

([illegible] ... સાર્થક કરે એટલી વિનંતિ છે. તંત્રી [illegible])

ગયા ઑગસ્ટ માસના પ્રથમ અઠવાડિયામાં માઇસોરની પ્રજાએ એક મહોત્સવ ઉજવ્યો; એક-દિલ એકજીવનનું ધ્યેય કર્તવ્ય એવી કર્તવ્યભાવનાથી રાજ્યકારભાર ચલાવતા પોતાના રાજાને રાજ્યાસને બેઠાં પચીસ વર્ષ પૂરાં થયાં તેનો એ રૂપેરી મહોત્સવ. એ મહોત્સવ માઇસોર રાજ્યને ગામે ગામ અને ગામડે ગામડે ઉજવાયો. ઘેર ઘેર પ્રજાકીય ઉત્સવ–આનંદની ધામધુમ મચી રહી. મદ્રાસના પ્રખ્યાત 'હિંદુ' પત્રના પ્રતિનિધિએ આ ઉત્સવ-પ્રસંગનો ચિતાર આપતાં કહેવું પડ્યું કે "હું જરાયે અતિશયોક્તિવિના અને મારા પૂર્ણ અનુભવથી કહું છું કે, આ ઉત્સવ પ્રજાએ પોતાની મેળે, પોતાના અંતરના ઉમળકાથી મોટો મહોટો પ્રજાકીય ઉત્સવ હતો. પ્રજાના અંતરમાં તેના મહારાજા માટે જે પ્રેમમય લાગણીઓ ઉભરાતી હોય, તેનું તો વર્ણનજ ન થઈ શકે. માઇસોરના અતિ સુશિક્ષિત, અનુભવી અને નિડરપણે ટીકા ઉપાડી લો એવા સજ્જનો પણ પોતાના મહારાજાને 'રામરાજ'નું પ્રિય સંબોધન આપી રહ્યા છે. ગાંધીજી, માલવિયાજી અને મોતીલાલજી પણ માઇસોરના મહીપતિને 'આદર્શ રાજા' કહેતા સુધી તેના જીવનચરિત્રથી પ્રસન્ન થયા છે." માઇસોરની પ્રજા ઉપરાંત માઇસોર રાજ્યની બહારના માઇસોરપતિના પ્રશંસકોએ આ રૂપેરી મહોત્સવ ઉજવ્યો. 'હિંદુ' પત્રે તો પોતાનો ખાસ અંક પ્રગટ કરી, માઇસોરપ્રત્યેની પોતાની ભક્તિ પ્રદર્શિત કરી અને માઇસોરની વિશિષ્ટતાઓ જગત સમક્ષ રજુ કરી. મદ્રાસ ઇલાકાનાં બીજાં માનનીય પત્રોએ પણ આ ઉત્સવમાં એકેકાજ સક્રિય રસ લીધો.

દેશી રાજ્યસ્થાનો સામે જ્યારે એક પ્રકારના અભાવનું વાતાવરણ સર્વત્ર જણાય છે ત્યારે માઇસોર ઉપર ચોદિશામાંથી આવી પ્રીતિના, આવી મમતાના, આવી પ્રશસ્તિના વરસાદ વરસવાની પાછળ કયું તત્ત્વ ઉભું છે? માઇસોરના નરેશનો અને તેના રાજ્યકારભારનો સર્વત્ર આવો ઉજ્જવળ યશ શામાટે ગવાઈ રહ્યો છે? એનો જવાબ આ નીચેની હકીકતો આપશે. નૃપતિઓએ પ્રજાકીય પ્રીતિનો સાચો અનુભવ કરવો હોય તો એનો માર્ગ અમુક છાપખાનાઓને ખરીદી લેવાનો કે અમુક આશ્રિતો પાસે પ્રશસ્તિઓ લખાવવાનો નથી. એનો માર્ગ માઇસોર મહારાજાએ ગ્રહણ કર્યો છે. એ એકજ માર્ગે–સુશાસન સ્થાપવાને અને પ્રજાબળો પિછાનવાને માર્ગેજ–માઇસોરમહારાજા જેવા સન્માનને પાત્ર નીવડી શક્યા છે.

સને ૧૮૮૪ના જુન માસની ચોથી તારીખે જન્મેલા અને માત્ર દશ વર્ષની કાચી વયે પ્રજાપ્રિય પિતાને ગુમાવી દેનારા શ્રી. કૃષ્ણરાજાની વય પૂરાં અઢાર વર્ષની પણ ન થઈ ત્યાં તો ૧૯૦૨ના ઑગસ્ટ માસમાં, તેમના હાથમાં, તે સમયના હિંદના ગવર્નર જનરલ લૉર્ડ કર્ઝને માઇસોર રાજ્યની લગામ મૂકી. કુમાર-મહારાજાના ખભા ઉપર એ ગંભીર જવાબદારી મૂકતાં, લૉર્ડ કર્ઝને શ્રીકૃષ્ણરાજાની પીઠ થાબડી અને તેમની હકુમત નીચેની પ્રજાને વધાઈ આપી કે "મહારાજાની સ્વાભાવિક ઉચ્ચ વૃત્તિઓનો ઉત્તરોત્તર વિકાસ થતો જોઈને અમને સંપૂર્ણ સંતોષ થયો છે કે, તેઓશ્રીએ મનુષ્યોના કારભારની પૂરેપૂરી જવાબદારી ઉઠાવવાની શક્તિ મેળવી લીધી

છે. તેઓએ તેમની પ્રજાની વચ્ચે વારંવાર મુસાફરીઓ કરી છે અને તેમની જરૂરીઆતોનો જાત-અનુભવ મેળવ્યો છે. એ અનુભવ–જ્ઞાન, આજથી તેમની પાસે રજુ થનારા રાજકારભારના વિધ-વિધ કોયડાઓનો ઉકેલ કરવામાં તેમને ખુબજ ઉપયોગી થઇ પડશે......મને આશા છે કે, આ જ્ઞાનથી સજ્જ બનીને, પોતાની વ્યવહારદક્ષ અને આત્મવિશ્વાસભરી સ્વાભાવિક વૃત્તિઓના બળે મહારાજા જરૂર પોતાના માર્ગે વેગભરી અને સલામત મજલ કરી શકશે." અને આ બધાં વચનોને મહારાજાએ પોતાના પચીસ વર્ષના રાજકારભાર દરમિયાન બરાબર સાર્થક કરી બતાવ્યાં છે.

માઇસોરનો વિસ્તાર ૨૯૦૦૦ ચોરસમાઇલ, અને વસ્તી ૬૦ લાખ માણસોની; રાજ્યની વાર્ષિક ઉપજ સાડાત્રણ કરોડની. પચીસ વર્ષ પહેલાં એ બે કરોડની હતી. ઉપજ આજે આટલી વધી છે, તે નવા કરવેરાને લીધે નહિ, કે કોઇ બીજા પ્રકારની ચૂસણ–નીતિને કે જુલ્માટ-ને પરિણામે નહિ. એ રાજ્યની ઉત્તરોત્તર ખીલવણીનુંજ પરિણામ છે, ખેતીના અને વેપાર–ઉદ્યોગના વિકાસનુંજ પરિણામ છે.

આટલા પ્રસ્તાવ પછી હવે આપણે માઇસોરની એક પછી એક વિશિષ્ટતાઓ જોઇએ.

૧—સ્વરાજ્યસંસ્થાઓ

માઇસોરમાં પ્રજાપ્રતિનિધિ સભા આજથી ૪૬ વર્ષ પહેલાં એટલે કે સને ૧૮૮૧માં દિવાન સી. રંગાચાર્લુના સમયમાં સ્થપાયલી. ત્યારે બહુજ મર્યાદિત મતાધિકારના ધોરણે આખા રાજ્ય-માંથી પ્રજાપ્રતિનિધિઓ ચુંટવાનું સ્વીકારવામાં આવેલું. એ રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓ પ્રજાની જરૂરીઆતો અને ફરિયાદો પરત્વે રાજ્યને નિવેદનો કરવાનો અધિકાર ભોગવતા.

૧૯૦૨ માં આજના મહારાજા સિંહાસનારૂઢ થયા ત્યાંસુધી માઇસોરમાં આ પ્રજાપ્રતિનિધિ સભા એ એકજ 'સ્વરાજ્ય સંસ્થા' હતી. સિંહાસન ઉપર પગ મૂકતાંજ મહારાજાએ ઉદ્‌ઘોષણા કરી કે "આ સભા રાજકારભારને એક કિંમતી સહાયકરૂપ નીવડી ચૂકી છે અને યોગ્ય સમયે પોતાની પ્રૌઢતા અને સ્વતંત્રતા માટે સુવિખ્યાત એવી દેશની અગ્રેસર રાજદ્વારી સંસ્થાઓમાં તે પોતાનું માનભર્યું સ્થાન જરૂર લેશે." અને મહારાજાના એ ઉદ્‌ગારો મુજબ આ પ્રજાપ્રતિનિધિ સભા પ્રતિષ્ઠા, લોકપ્રિયતા અને ઉપયોગિતાની દૃષ્ટિએ વિકાસજ પામતી રહી છે.

૧૯૦૭માં મહારાજાએ પ્ર. પ્ર. સભા કરતાં વિસ્તારમાં નાની પણ સત્તા અને કાર્યપ્રદેશમાં વિશાળ એવી એક નવી સ્વરાજ્યસંસ્થાને જન્મ આપ્યો. એનું નામ 'માઇસોર ધારાસભા.'

૧૯૨૩માં મહારાજાએ તેમની પ્રજાને નવા સુધારાઓની નવાજેશ કરી અને બંને પ્રજા-પ્રતિનિધિ સંસ્થાઓને નવો અવતાર આપ્યો. આ સુધારાથી પ્રજાપ્રતિનિધિ સભાને રાજ્યના બંધા-રણમાં કાયદેસર અચળ સ્થાન આપવામાં આવ્યું, મતાધિકારને ખુબજ વિસ્તારવામાં આવ્યો. સ્ત્રીઓને પણ મતાધિકારની છૂટ આપવામાં આવી. બજેટના સામાન્ય સિદ્ધાંતો અને નીતિઓ સંબંધમાં ઠરાવો લાવવાની સત્તા બક્ષવામાં આવી. રાજકારભારસંબંધમાં ઠરાવો લાવવાની તેમજ પ્રજાની ફરિયાદો અને [illegible] સંબંધમાં નિવેદનો કરવાની અને પ્રશ્નો પૂછવાની પણ સત્તા [illegible] રાજ્ય તરફથી કોઈ નવો કર નાખવાનો હોય તો તે [illegible] પ્રતિનિધિ [illegible]

[illegible]

ધારાઓનું જ્યાં જ્યાં અપાલન થયું હોય તે બાબતો ધારાસભાના લક્ષ ઉપર મૂકવાનું છે.

આ ધારાસભાને બન્ને સંસ્થાઓના (ધારાસભા અને પ્રતિનિધિ સભાના) સભ્યોની બનેલી ત્રણ સ્થાયી કમિટિઓ નીમવાની પણ સત્તા છે. એક કમિટિ રેલ્વે તેમજ ઇલેક્ટ્રીકલ અને જાહેર બાંધકામ ખાતાને લગતી બાબતો સંબંધમાં પોતાના અધિકાર વાપરે છે, ત્યારે બીજી સ્થાનિક સ્વરાજ્ય, તબીબી અને જાહેર આરોગ્યનાં ખાતાઓ ઉપર અને ત્રીજી નાણાંખાતું અને કરવેરા વિષયે પોતાની ફરજો બજાવે છે. આવી ત્રણ કમિટિઓ નીમવાનો રાજ્યનો હેતુ પ્રજાના બીન-અમલદારી પ્રતિનિધિઓને રાજકારભારની દૈનિક ઘટમાળમાં પણ પોતાનો અવાજ પહોંચાડવાની તક આપવાનો છે.

માઇસોરની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ પણ સરસ પ્રગતિ કરી રહી છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ગ્રામ્ય પંચાયતો, તાલુકા બોર્ડો અને ડિસ્ટ્રિક્ટ બોર્ડો તેમજ ગ્રામ્ય સંઘો અને શહેરસુધરાઇઓ મુખ્યત્વે કરીને છે. આ તમામ સંસ્થાઓની સત્તા અને કાર્યપ્રદેશ હમણાં હમણાંમાં સારી રીતે વિસ્તૃત બન્યાં છે. આ સંસ્થાઓમાંની ઘણીખરીમાં બીન-અમલદારી અધ્યક્ષ હોય છે. માઇસોર ધારાસભાએ હમણાંજ ગ્રામ્ય પંચાયતનો નવો કાયદો પસાર કરીને ગ્રામ્ય પંચાયતોને તેમના પોતાના ગામનો દિવાની, ફોજદારી તેમજ બીજો સર્વ પ્રકારનો સ્થાનિક કારભાર ચલાવવાની ઘણી મોટી સત્તા આપી છે અને તેમને સ્વરાજ્યની સાચી પાયારૂપ સંસ્થાઓ બનાવી છે.

આ સંસ્થાઓ ઉપરાંત, રાજ્યની આર્થિક સ્થિતિનું કાયમી નિરીક્ષણ કરવા એક આર્થિક સંસદ પણ અસ્તિત્વ ધરાવે છે; એ સંસદ અને તેની કમિટિઓ પ્રજાનાં આર્થિક હિતોના સંરક્ષણની તેમજ વિકાસની અહર્નિશ ચિંતા રાખ્યા કરે છે.

બીજાં કેટલાંય રાજ્યો પોતાનાં પાપોને છુપાવવા કે પોતાના ગેરકારભાર અને આપખુદીને પ્રજાની નજરે ચડતાં અટકાવવાની દાનતથી વર્તમાનપત્રો સામે સખ્ત કાયદાઓ કરી રહ્યાં છે; ત્યારે માઇસોરે પ્રજામતના તંદુરસ્ત વિકાસને ઉત્તેજવા અને કારભાર ઉપર પ્રજાની આલોચના નિમંત્રવા, પોતાના જૂના પ્રેસ એક્ટમાં ઉદાર અને સંગીન સુધારા તાજેતરમાંજ કર્યા છે એનો પણ અહીંજ ઉલ્લેખ કરી લઇએ.

૨—શિક્ષણ

જેમ સ્વરાજ્ય સંસ્થાઓપરત્વે માઇસોર સર્વ રાજસ્થાનોમાં અગ્રપદે છે, તેમ શિક્ષણવિષયમાં પણ માઇસોર બીજાં રાજસ્થાનોને અને બ્રિટિશ હિંદના પ્રાંતોને મુકાબલે અગ્રપદજ ભોગવે છે. છેલ્લાં પચીસ વર્ષમાં માઇસોરે શિક્ષણમાં અજબ પ્રગતિ કરી છે. શહેરો અને ગામોને માટે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજીઆત તો ક્યારનું થઈ ચૂક્યું છે; હવે એ કાયદાનો ગામડાંઓમાં અમલ થઈ રહ્યો છે. નીચલા ધોરણોનું માધ્યમિક શિક્ષણ પણ મફત કરવામાં આવ્યું છે. હાઇસ્કૂલો અને કૉલેજોમાં વિદ્યાર્થીઓને મોટા પ્રમાણમાં વેતનો અને માફીઓ બક્ષવામાં આવે છે. આજે માઇસોર રાજ્યમાં શાળાઓનું પ્રમાણ એટલું બધું વધી ગયું છે કે રાજ્યના કુલ ક્ષેત્રફળના દરેક સાડાત્રણ ચોરસમાઇલે અને રાજ્યની વસ્તીના પ્રત્યેક ૭૨૬ માણસો દીઠ એક એક શાળા આવે છે.

૧૯૦૨માં માઇસોરમાં કુલ ૨૨૩૨ શાળાઓ હતી અને શિક્ષણની પાછળ રાજ્યકુલ રૂ. બાર લાખ ખર્ચતું. આજે માઇસોર રાજ્યમાં કુલ ૮૦૦૦ કરતાં વધારે શિક્ષણ-સંસ્થાઓ છે અને રાજ્યનું કુલ શિક્ષણખર્ચ ૬૦ લાખ રૂ. કરતા વધી જાય છે. રાજ્યના શિક્ષણખર્ચનું પ્રમાણ કુલ ઉપજના ૧૫ ટકા આવે છે. આ પ્રમાણ બ્રિટિશહિંદના પાંચેક પ્રાંતો કરતાં પણ ચડી જાય તેવું છે. બિહાર અને ઓરિસ્સામાં કુલ ઉપજના ૧૪ ટકા શિક્ષણ પાછળ ખર્ચાય છે; સંયુક્ત પ્રાંતોમાં સાડાતેર ટકા, મુંબઈ અને પંજાબમાં ૧૩ ટકા, બંગાળામાં લગભગ ૧૨ ટકા, આસામમાં ૧૦ ટકા, મધ્યપ્રાંતોમાં ૬૫ ટકા અને બર્મામાં ૯ ટકા ખર્ચાય છે. રાજ્યના શિક્ષણ લેવા લાયક ઉંમરના ૩૬ ટકા જેટલા છોકરા અને છોકરીઓ આજે શિક્ષણ લે છે.

રાજ્ય કન્યા-કેળવણી પ્રત્યે ખૂબ ધ્યાન આપે છે. કન્યા-કેળવણીએ હમણાંનાં વર્ષોમાં

પ્રગતિ પણ સરસ કરી છે. રાજ્યમાં બધી જાતની મળીને ૭૮૮ કન્યાશાળાઓ છે અને તેમાં આશરે ૩૯,૦૦૦ કન્યાઓ શિક્ષણ લઈ રહી છે.

આદિકર્ણાટકોને નામે ઓળખાતા દલિત વર્ગોનાં બાળકોનાં શિક્ષણ માટે તો ખાસ કાળજી રાખવામાં આવે છે. રાજ્યે તેમના માટે ૬૦૫ ખાસ શાળાઓ ઉઘાડી છે અને તેમાં ૧૬,૬૦૦ બાળકોમાં ૨૫૦૦ તો કન્યાઓ છે. આ કોમનાં બાળકોને રાજ્યની તમામ શિક્ષણ-સંસ્થાઓમાં પણ કશાજ ભેદભાવ વિના પ્રવેશ આપવામાં આવે છે. રાજ્ય તરફથી માયસોર, બાંગલોર, તુમકુર અને ચીકામાંગલુરમાં આ બાળકોને માટે ખાસ મફત છાત્રાલયો પણ ચાલે છે. અંત્યજ બાળકોને આવી સામાન્ય કેળવણી આપવા ઉપરાંત બીજું ઔદ્યોગિક શિક્ષણ-વણકરી, સુથારી કામ, [illegible]કામ, [illegible]નું કામ, [illegible] વગેરેનું શિક્ષણ-આપવામાં આવે છે.

અંત્યજ બાળકોને અને તેમનાં માતાપિતાઓને શિક્ષણમાં રસ લેતા કરવા અર્થે માયસોર રાજ્ય તરફથી અનેકવિધ ઉત્તેજનાત્મક પ્રવૃત્તિઓ થઈ રહી છે. અંત્યજ બાળકોને ખાસ સ્કોલરશિપ આપવા ઉપરાંત કપડાં, પુસ્તકો અને તમામ જાતનાં શિક્ષણસાધનોની લહાણી કરવામાં આવે છે. ઉપરાંત, એ કોમના મોટા છોકરાઓને, કમાણી તૂટી જાય એ બીકે તેમનાં માબાપ ભણવા મોકલતાં નહિ હોવાથી, રાજ્યે એ ખોટ પૂરી પાડવા માસિક વેતન બાંધી આપ્યાં છે.

આ શિક્ષણ-પ્રચાર ઉપરાંત, રાજ્ય આ કોમની બીજી જરૂરિયાતો પણ સહાનુભૂતિભર્યું ધ્યાન આપી રહ્યું છે. રાજ્યે આ કોમને પ્ર. પ્ર. સભામાં અને સર્વ પ્રજાકીય સંસ્થાઓમાં પ્રતિનિધિઓ મોકલવાનો [illegible] છે અને તેમની દાદ-ફરિયાદને બહુજ કાળજીપૂર્વક સાંભળે છે. [illegible] સહકારી મંડળીઓ સ્થાપવા માંડી છે અને [illegible] તેમને મફત જમીનો આપી, સહકારી ધોરણ ઉપર તેમનું નવું [illegible] છે. આદિકર્ણાટકમાં સમાજ-સુધાર કરાવવા રાજ્યે [illegible] છે. [illegible] માયસોર પ્રજાપ્રતિનિધિ સભાની બેઠક વખતે [illegible] દિવાન શ્રી મીરઝાએ કહ્યું કે 'આ દલિત કોમની નિર્બળ દશા, [illegible] છે અને તે [illegible] તેમ રાજ્યની તાકાત વધે છે.' માયસોરના [illegible]

[illegible] મુસલમાન [illegible]

[illegible]

મૈસૂરની અતિ વિસ્તૃત શિક્ષણપ્રગતિનો પૂરેપૂરો ખ્યાલ આપે તેટલી હકીકતોનો મેં લેખમાં ઉપયોગ કર્યો છે; પણ ખાસ કરીને આખા હિંદુસ્તાનમાં અત્યજ્ઞોદ્ધારનું જે કામ ચાલી રહ્યું છે તેમાં મૈસૂર રાજ્ય તરફથી અતિ ઉત્સાહથી થઈ રહ્યું છે અને તેના જે મનોહર પરિણામ આવી રહ્યાં છે તેનું જાત-અનુભવથી બયાન કરતો શ્રી. મહાદેવ દેસાઈની કલમમાંથી ટપકેલો એક ફકરો તો ભાગ્યે જ આપવો રહી ગયેલો તે અહીં ઉતારી આગળ ચાલીશું:–

"આ ભાગોમાં અંત્યજોનું રૂઢ નામ આદિકર્ણાટક, આદિઆંધ્ર, આદિદ્રાવિડ પડ્યું છે. સરકાર તો પોતાના 'અસ્પૃશ્યો'ને એમના આ નામથી વર્ણવે છે, અને જેટલું રાજ્યથી થઈ શકે તેટલું કરવામાં બાકી નથી રાખતી. એની આસપાસના ઉપર બહુ અસર નથી એ સાચું, પણ ધીમે ધીમે અસર થશે. કેળવણીની અનેક સંસ્થાઓ તેમને માટે ખાસ બનાવવામાં આવી છે. બાળકોને શિષ્યવૃત્તિ મળે છે, મફત કપડાં મળે છે, મફત રહેવાનું મળે છે. બધી શાળાઓ તેમને માટે ખુલ્લી છે. ૬૦૫ ખાસ શાળાઓ છે. એ વર્ગોને માટે ખાસ સહકારી મંડળીઓ લગભગ સવાસો ઉપર સ્થાપવામાં આવી છે. તેમને જમીન ખરીદવાની, ઘરો બાંધવાની, ખેતીનાં હથિયાર ખરીદવાની ખાસ સગવડો આપવામાં આવી છે; અને હિંદુ રાજા જ નહિ, પણ દિવાન મુસલમાન છતાં પણ તે પણ આ આદિકર્ણાટકોને શુદ્ધ પવિત્ર હિંદુઓ બનાવવાને મથી રહેલ છે. આ કોમનાં બાળકોનાં છાત્રાલયો સ્થળે સ્થળે છે, જ્યાં વિદ્યાર્થીઓને રહેવાની, ખાવાપીવાની, પુસ્તક, ફી, કપડાં આદિ તમામ વસ્તુની મફત સગવડ મળે છે; સરકાર દરેક બાળક ઉપર લગભગ ૨૦૦ રૂપિયા વર્ષે ખર્ચે છે. બાંગલોરના આવા છાત્રાલયના વિદ્યાર્થીઓ ગયે અઠવાડિયે ગાંધીજીને મળવા આવી ગયા. ઘણાના કપાળે ભસ્મ હતી, સૌ તેજસ્વી લાગતા હતા, સૌમાં સ્ફૂર્તિ લાગતી હતી અને તેમાંના કોઈ અસ્પૃશ્ય જાતિના હોય એમ કહેવું મુશ્કેલ હતું. કેટલાકે સંસ્કૃત શ્લોકો સંભળાવ્યા, કેટલાકે કાનડા, તામિલ, તેલુગુ અને હિંદીમાં ભજન સંભળાવ્યાં–એમના શુદ્ધ, સંસ્કારી ઉચ્ચાર અને મધુર કંઠ સાંભળી જે લોકો એમને અસ્પૃશ્ય ગણે છે, તેમનાં દુર્ભાગ્ય ઉપર દયા આવી. શ્રીરામાનુજે એમને માટે સાધુઓના પ્રબંધોનો બનેલો 'તામિલ-વેદ' રચેલો છે. તે આ વર્ગોમાં ખૂબ વંચાય છે. આ ઉપરાંત એક આજકાલથી ન વટલાયેલો સંસ્કારી બ્રાહ્મણ આ બાળકોની વચ્ચે રહી તેમને હિંદુ ધર્મના બધા સંસ્કારોનું જ્ઞાન આપે છે. આટલા પ્રેમથી જ્યાં પાલન થતું હોય ત્યાં બાળકોમાં સ્વતંત્રતા કેળવાય એમાં નવાઈ શી?"

૩–ખેતીવાડી

માઇસોર જેમ પોતાની પ્રજાના શિક્ષણની આટલી સરસ કાળજી રાખી રહ્યું છે, તેમ તેના ખેડુતની ખેતીવાડીની સુધારણા અને વિકાસ માટે પણ ભારે પરિશ્રમ લઇ રહ્યું છે. રાજ્યની ખેતીવાડીની ખીલાવટ માટે રાજ્યે ખાસ ખેતીવાડી ખાતું સ્થાપ્યું છે. આ ખાતું તેની સમર્થ વ્યવસ્થા અને ઉત્સાહભરી ઉદ્યમશીલતા તેમજ અગાધ સાધનવિપુલતાએ કરીને આખા હિંદુસ્થાનમાં અદ્વિતીયજ છે, એવો એના અવલોકનકારોનો અભિપ્રાય છે. આવા સમૃદ્ધ ખેતીવાડીખાતાની સ્થાપનાથી રાજ્યની ખેતી-પ્રગતિને ભારે વેગ મળ્યો છે. આ ખાતા તરફથી બાંગલોરમાં, એક નિષ્ણાત કૃષિવિષયક રસાયણશાસ્ત્રીના અધ્યક્ષપણા નીચે, ખેતીવાડીની એક જબ્બર પ્રયોગશાળા ચાલી રહી છે. આ ખાતા તરફથી રાજ્યનાં જુદાંજુદાં સ્થળોએ પ્રયોગ-ખેતરોમાં ડાંગર, બટાટા, શેરડી વગેરે પાક ઉતારવામાં આવે છે અને દરેક જાતના પાકને નુકસાન કરનારાં જંતુઓનો નાશ કરવાનો પ્રયોગ ચાલે છે. જ્યાં કૉફીનોજ મુખ્ય પાક લેવામાં આવે છે એવા રાજ્યના એક મથકમાં, હમણાં કૉફી માટે એક નવું પ્રયોગ-ખેતર ચલાવવું શરૂ કરવામાં આવ્યું છે અને કૉફીનો પાક વધારેમાં વધારે કેમ લઇ શકાય તે, તેમજ કૉફીના પાકને નુકસાન કરનારા જંતુઓનો કેમ નાશ કરી શકાય તે, ખેડુતોને બતાવવામાં આવે છે. કૃષિ-શિક્ષણ માટે ખાસ એક કૃષિ-શાળા ચલાવવામાં આવે છે. એ શાળામાં વિદ્યાર્થીઓને ત્રણ વર્ષ સુધી ખેતીનું સપ્રયોગ શિક્ષણ અપાય છે અને પછી એ અભ્યાસક્રમ પૂરો કરનાર વિદ્યાર્થીને ખાસ ડિપ્લોમા એનાયત થાય છે. બીજાં ત્રણ પ્રયોગ-ખેતરો ઉપર પણ ખેડુતનાં બાળકો માટે ટુંકા અભ્યાસક્રમનો પ્રબંધ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત

રાજ્યના હુન્નર-ઉદ્યોગ ખાતા તરફથી જરૂર પડ્યે સલાહસૂચના પણ આપવામાં આવે છે. આ બધાને પરિણામે વણાટનાં કારખાનાંઓ, તેલની મીલો, ચોખાની મીલો, દવાનાં કારખાનાંઓ, વાર્નિશ અને રંગના કારખાનાંઓ, સ્લેટ-પેન્સીલનાં કારખાનાંઓ વગેરે એટલી મોટી સંખ્યામાં ચાલી રહ્યાં છે કે તેમનો માત્ર નામોલ્લેખજ ઘણી જગ્યાને રોકી લે તેમ છે.

આ ખાતાની ખાસ વિશિષ્ટતા તો એ છે કે, કોઈ નવો હુન્નર શરૂ કરવા પ્રજાજનો આગળ આવતા ન હોય અગર અમુક કારણોને લીધે સંકોચાતા હોય તો આ ખાતું પોતે રાજ્ય તરફથી એ હુન્નર શરૂ કરે છે અને એ રીતે તેની ઉપયોગિતા, લાભકારકતા વગેરે લોકોને બતાવી, તે પ્રત્યે તેમનામાં આત્મવિશ્વાસ ઉત્પન્ન કરે છે. આ ઉદ્દેશથી રાજ્યે એક ધાતુકામનું કારખાનું, એક સાબુનું કારખાનું, એક બટનનું કારખાનું, એક વણાટનું કારખાનું અને એક ઔદ્યોગિક 'વર્કશોપ' ચલાવવા માંડેલાં, તેમાંથી ધાતુકામનું કારખાનું અને બટનનું કારખાનું, સફળ પ્રયોગ પછી ખાનગી પ્રજાજનોને સોંપાઈ ગયાં છે અને આજે તે સંતોષકારક રીતે ચાલી રહ્યાં છે.

("સૌરાષ્ટ્ર" ના તા. ૨૪-૯-૨૭ તથા ૧-૧૦-૨૭ ના અંકોમાંથી)

૧૦-નાગપંચમી

જે સ્વભાવથીજ ક્રુર છે, જેનો નાશ કરવાને મહારાજ જનમેજયને સર્પસત્ર કરવો પડ્યો, દૂધ પીને પણ જે વિષનો ત્યાગ કરતા નથી, તે સર્પની પૂજાનો આ દિવસ છે. ઉપકારનો બદલો અપકારથી વાળનાર આ જીવની પૂજાને માટે એક ખાસ દિવસ આપણે શામાટે રાખ્યો હશે?

'સાપ' શબ્દ સાંભળતાંજ લોકો તેને મારવા માટે દંડો લઈ તૈયાર થઈ જાય છે. જનસમાજમાં જેવો ભૂતપ્રેતોનો વહેમ પ્રવેશેલો છે, તેવોજ આ સર્પનો પણ છે. દેશના કેટલાક ભાગોમાં સર્પની સંખ્યા વિશેષ છે; પરંતુ એથી વિશેષ તો તે વિષેના વહેમો છે. શકુનવિદ્યાની માફક સર્પવિદ્યામાં પણ પ્રત્યક્ષ પ્રમાણને બદલે શબ્દપ્રમાણને લોકો વધારે માને છે. બધાય સાપ કંઈ વિષયુક્ત હોતા નથી; અને જે સર્પો વિષવાળા હોય છે, તેમાં બધાય સરખા પ્રમાણના વિષવાળા નથીજ હોતા-અર્થાત્ દરેક જાતના સર્પના દંશથી માણસ મરણ પામતો નથી. આથી સાપના મંત્ર જાણનારાઓ વધી પડ્યા અને તેથી સર્પ પોતેજ ડરપોક બન્યા છે. આવી સ્થિતિમાં જ્યારે આપણે જોઈએ છીએ કે, સાપ નીકળતાંજ તેને મારવા માટે પાંચ-દસ માણસો દંડા લઈને નીકળી પડે છે, ત્યારે મનુષ્યના અજ્ઞાનપર અને તેના દીર્ઘદ્વેષ પર નિઃશ્વાસ છૂટે છે. સાપ તો વિષધર છેજ, પરંતુ મનુષ્યનું દીર્ઘદ્વેષરૂપ વિષ તેથી ઉતરે તેવું નથી હોતું. મનુષ્યનો દીર્ઘદ્વેષ સાપથી કેટલાયગણો તીવ્ર કહી શકાય.

નાગપંચમીનો ઉત્સવ આ દીર્ઘદ્વેષરૂપ વિષનો નાશ કરવાનો એક ઉપાય છે વર્ષાઋતુનો મુખ્ય માસ શ્રાવણ છે. શ્રાવણની વર્ષાઝડીમાં સર્પ ખાસ કરીને બહાર નીકળે છે. તે બિચારા વરસાદના પાણીથી બચવાને માટે પોતાનાં દરોનો ત્યાગ કરી આશ્રયસ્થાન શોધતા શોધતા મનુષ્યનાં ઘરોમાં આવે છે. તે સિવાય તેમને અન્ય આશ્રય નહિ હોવાથી તેમને તે ઘરોનો આશ્રય લેવો પડે છે; પરંતુ એ તો એકાંતપ્રિય પ્રાણી છે. મુમુક્ષુઓને મનુષ્યોના ત્યાગનો ઉપદેશ દેતી વખતે સર્પનું ઉદાહરણ આપવામાં આવે છે. આમ સર્પ એ એકાંતમાંજ રહેનારૂં પ્રાણી છે; પરંતુ બિચારૂં લાચારીથી વરસાદની ઝડીઓમાંથી બચવાને માટેજ અતિશય સંકોચાતું અને ડરતું ડરતું તે મનુષ્યોના શરણે રક્ષણની ભિક્ષાર્થે તેનું અતિથિ થાય છે. હિંદુઓમાં માન્યતા છે કે, પરમેશ્વર અતિથિનાં રૂપો લઈને મનુષ્યની પરીક્ષા કરે છે, અને આથીજ હિંદુઓમા અતિથિસત્કારનું ભારે મહત્ત્વ છે. જો અતિથિ દુષ્ટતાને માટે પ્રસિદ્ધ હોય તો ભક્તની સત્વપરીક્ષાનોજ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. શું તે વખતે અમારે અતિથિની સાથે દુષ્ટતાનું વર્તન આચરવું? કદીજ નહિ. નાગપંચમીનો ઉત્સવ અમારી સમક્ષ એ આદર્શ રજુ કરે છે કે "અમારી પાસે ભલે દુષ્ટ મનુષ્ય

આવે તોપણ અમારામાં રહેલી સઘળી દયા અને સુજનતાને એકત્ર કરી તેનો સદુપયોગ કરવો, એજ ઇષ્ટ છે." અમારે અમારી સુજનતા કદી લજવી નહિ જોઇએ.

સેન્ટ ફ્રાન્સિસના સંબંધમાં કહેવાય છે કે, તે સાધુ પુરુષ એવા તો શાંત અને દયાળુ હતા કે સર્પ પણ તેમની ગોદમાં સુખપૂર્વક સૂઇ રહેતો! શું આ અહિંસાનું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ નથી? એથી વધુ ઉદાહરણ જોઇએ તો ભગવાન શેષ નારાયણનું આપણી સમક્ષ ક્યાં નથી? ભગવાન વિષ્ણુ તો તેમની બનાવેલી શય્યા પર સૂતા હતા અને આ અહિંસાની પરમાવધિ! ભક્તનાં લક્ષણ વર્ણવતાં કહેવાયું છે કે "તેજ ભક્ત છે, કે જે કોઈની ઘૃણા કરતો નથી અને કોઈ તેની પણ ઘૃણા કરતું નથી!" ભક્તને ઓળખવાની એ બે કસોટી છે. પ્રથમ કસોટી અર્થાત્ લોકોની ઘૃણા ન કરવી, એ તો સરળ વાત છે; કારણ કે તે તો તેના પોતાના અધિકારનીજ વાત છે. પરંતુ બીજી કસોટી અત્યંત કઠિન છે. લોકો આપણા પર ઘૃણા ન દર્શાવે, એ કંઇ પોતાના હાથની વાત નથી. આથી આપણે એવી રીતે વર્તવું જોઇએ, કે લોકો આપણાપર પુષ્કળ પ્રેમ કરે; અને એ તો અતિશય કઠિનજ છે. સેન્ટ ફ્રાન્સિસનું ઉદાહરણ પહેલી કસોટીનું ઉદાહરણ છે; પરંતુ ભગવાન વિષ્ણુનું ઉદાહરણ તો બીજી કસોટીનું અત્યુત્તમ ઉદાહરણ છે. બન્ને ઉદાહરણોમાં નાગપૂજા છે. એકમાં નાગની પૂજા કરવામાં આવી છે અને બીજામાં નાગે પોતે પૂજા કરી છે. નાગપંચમીનું થોડા શબ્દોમાં વર્ણન કરવું હોય તો शान्ताकारं भुजगशयनम्......

કહે છે કે, જેના મસ્તક પર નાગ પોતાની ફણાની છાયા ધરે, તે ચક્રવર્તી બને છે. અમે કહીએ છીએ કે, કેમ ન થાય? સર્પની ફણાની છાયામાં શાન્તાકાર વૃત્તિથી શયન કરનાર વ્યક્તિ સાક્ષાત્ અહિંસાની મૂર્તિ છે. નાગપંચમીનો આ સંદેશ છે. નાગપંચમીનો સંદેશ જેણે ઝીલ્યો, તેના હૃદયમાં પ્રેમનું સામ્રાજ્ય સ્થપાય છે. આથી એવો સનાતન સિદ્ધાંત છે કે, જેના હૃદયમાં પ્રેમનું સામ્રાજ્ય છે, તે સમસ્ત સંસારનો રાજા છે, તે सर्वलोकैकनाथ છે; કેમકે તે પોતે પોતાનો નાથ છે!×

જે કોઇ નાગપંચમીનું રહસ્ય સમજી વિચારપૂર્વક તેનું પાલન કરશે, તેના હૃદયમાંથી દ્વેષભાવ નાશ પામશે અને તેને સ્વારાજ્યસિદ્ધિ પ્રાપ્ત થશે. इति श्रीभुजगशयनार्पणमस्तु ।

("વૈદિક ધર્મ" પરથી શ્રાવણ–૧૯૮૪ના "પ્રબોધ" માંનો રા. રત્નશંકર પંડ્યાનો અનુવાદ)

૧૧–दांतना दुखावानो तात्कालिक इलाज

દર્દીને દાંતના ડાક્ટરની મદદ મળી શકે તે પહેલાં દુખતા દાંતોનું દર્દ અટકાવવાની ઘણી જરૂર છે. એ વખતનો તાત્કાલિક ઇલાજ ગરમ શેક છે. શરીરના લગભગ દરેક કીસમના દુખારા વખતે ગરમ શેક વેદનાને શાંત કરી શકે છે; કેમકે કુદરતના કાયદાની રૂએ ગરમીથી દુખાવો નરમ પડે છે. એજ મુજબ દાંતના દુખારા માટે પણ ગરમ પાણીની કોથળીનો શેક અથવા ગરમ રેતીનો શેક ઘણીક વાર રામબાણ થઇ પડે છે.

અગર જો આ ઇલાજથી દાંતોના દુખારાનું દર્દ નરમ પડે તો તે પછી દાંતને હવા અને શરદી ન લાગે તેને માટે ખાસ સંભાળ રાખવી જરૂરી છે.

કેટલાક નામાંકિત તબીબોનો એવો મત છે કે, ગરમ શેકથી અગર જો દાંતનું દર્દ નરમ ન પડે તો ગરમ પાણીથી પગ શેકવાથી તાત્કાલિક અસર થઇ શકે છે.

(દૈનિક "હિંદુસ્થાન"માંથી)

× આમાં ભગવાન શંકરનું ઉદાહરણ પણ ઉમેરી શકાય. સેન્ટ ફ્રાન્સિસ જેમ તેમને સુખપૂર્વક સુવાડતા; ભગવાન વિષ્ણુ જેમ નાગપર શયન કરતા; તેમ એકાન્તનિવાસી ભગવાન શંકર તેમને પોતાના કંઠે ધારણ કરતા.
અનુવાદક

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

१३–राजा प्रह्लाद का न्याय

પ્રાચીનકાલ મેં સ્વયંવર કી પ્રથા થી. જબ કિસી રાજા કી કન્યા વિવાહોચિત અવસ્થા કી હો જાતી થી તબ વહ સ્વયંવર રચાતા થા. સ્વયંવર મેં સભી રાજે આતે થે ઔર લડકી જિસકો પસંદ કર ગલે મેં જયમાલ ડાલ દેતી થી, ઉસીકે સાથ ઉસકા બ્યાહ હોતા થા.

એક સમય એક રાજા કી લડકી કા સ્વયંવર રચાયા ગયા. રાજા પ્રહ્લાદ કે પુત્ર વિરોચન તથા અંગિરા કે પુત્ર સુધન્વા દોનોં ઉસ સ્વયંવર મેં ગયે. વહાં અનેકોં બ્રાહ્મણ, રાજા તથા રાજકુમાર ઉપસ્થિત થે, નિશ્ચિત સમય પર ઉસ રાજા કી કન્યા સ્વયંવર–ભવન મેં આયી. રાજકુમારી ને બ્રાહ્મણકુમાર સુધન્વા કે સાથ વિવાહ કરના સ્વીકાર કિયા; ઇસ પર વિરોચન ને ઉસ રાજકુમારી સે કહા–"તુમ કૌનસા ગુણ દેખ કર ઉસ બ્રાહ્મણકુમાર સે વિવાહ કરના ચાહતી હો? વહ નિર્ધન હૈ, ઉસકે યહાં તુમ્હેં કષ્ટ હોગા. અચ્છા હોગા કિ તુમ હમારે સાથ સાદી કરો. મૈં રાજકુમાર હૂં ઔર ઉસસે શ્રેષ્ઠ હૂં." યહ સુન કર ઉસને કહા–"અચ્છા હોગા, કલ આપ લોગ દોનોં આદમી હમારે મહલ મેં આવેં, જો શ્રેષ્ઠ હોગા ઉસીકે સાથ મૈં શાદી કરૂંગી."

દૂસરે દિન દોનોં ઉસકે યહાં પહુંચે. પહલે વિરોચન પહુંચે, બાદકો સુધન્વા ભી આયે. રાજકુમારી કેશિની ને દોનોં કા અચ્છા આદરમાન કિયા. વિરોચન ને સુધન્વા સે અપને પાસ હી બૈઠને કો કહા; પરંતુ સુધન્વા ને કહા–"હમ તુમ્હારે પાસ નહીં બૈઠેંગે, ક્યોંકિ હમ તુમ સે શ્રેષ્ઠ હૈં."

વિરોચન ને પૂછા—"યહ કૈસે?"

સુધન્વા ને ઉત્તર દિયા—"જબ કભી હમ તુમ્હારે પિતા કે યહાં જાતે હૈં તો વે અપના આસન છોડ કર ઉઠ જાતે હૈં ઔર પહલે હમ કો બિઠાકર તબ સ્વયં બૈઠતે હૈ."

વિરોચન ને કહા—"યહ નહીં; કિસી વિદ્વાન કે યહાં ચલ કર પૂછા જાય કિ હમ દોનોં મેં કૌન શ્રેષ્ઠ હૈ? ઔર પ્રાણોં કી બાજી રહે."

સુધન્વા ને કહા—"બહુત અચ્છા! પરંતુ દૂસરે કે પાસ જાને કી કૌન આવશ્યકતા હૈ? ચલો ન તુમ્હારે પિતા મહારાજ પ્રહ્લાદ સે હી પૂછા જાય કિ હમ દોનોં મેં કૌન શ્રેષ્ઠ હૈ? જિસકો શ્રેષ્ઠ બતા દેંગે વહી શ્રેષ્ઠ સમઝા જાયગા." અંત મેં યહી નિશ્ચય હુઆ કિ પ્રાણોં કી બાજી રખ કર મહારાજ પ્રહ્લાદ સે પૂછા જાય કિ દોનોં મેં કૌન શ્રેષ્ઠ હૈ.

યહ નિશ્ચય કર વે દોનોં મહારાજ કે યહાં પહુંચે. મહારાજ ને સુધન્વા કી બડી ખાતિર કર કે ઉનકે આને કા ઉદ્દેશ્ય પૂછા. સુધન્વા ને કહા:–

"હે રાજન્! હમમેં ઔર આપકે પુત્ર મેં ઇસ બાત કે લિયે પ્રાણોં કી બાજી લગી હુઇ હૈ કિ હમ દોનોં મેં કૌન શ્રેષ્ઠ હૈ. કૃપયા આપ ઇસ બાત કા ન્યાય કર દેં."

સુધન્વા કી યહ બાત સુન કર મહારાજ પ્રહ્લાદ બડે ધર્મસંકટ મેં પડે. યદિ સત્ય કહતે હૈં તો એકલૌતે પુત્ર કે પ્રાણોં સે હાથ ધોના પડતા હૈ ઔર યદિ પુત્ર કા મોહ કરતે હૈં તો અસત્ય કા આશ્રય લેના પડતા હૈ. રાજા ઇસી સોચ વિચાર મેં પડે થે. અંત મેં ઉન્હોંને નિશ્ચય કિયા કિ ચાહે પુત્ર સે ભલે હી હાથ ધોના પડે; પર અસત્ય નહીં બોલેંગે. અતએવ વે બોલે–"હે પુત્ર વિરોચન! સુધન્વા કે માં–બાપ દોનોં હી તુમ્હારે માં–બાપ સે શ્રેષ્ઠ હૈં; ઇસ લિયે સુધન્વા તુમસે શ્રેષ્ઠ હૈ."

રાજા કા યહ ન્યાય સુન કર ચારોં ઓર સે 'ધન્ય ધન્ય' કી આવાજ આને લગી, સભી રાજા કે ન્યાય કી પ્રશંસા કરને લગે, સુધન્વા ભી બહુત પ્રસન્ન હુઆ–ઉસને કહા–"હે રાજન્! આપકી ન્યાયપ્રિયતા દેખ કર મૈં બહુત પ્રસન્ન હૂં, આપને પુત્ર કે પ્રાણ કા મોહ ન કર કે ભી સત્ય કી રક્ષા કી, ઇસલિયે મૈં આપકે પુત્ર કો પ્રાણદાન દેતા હૂં; પર ઉન્હેં કેશિની કે પાસ ચલ કર મેરી શ્રેષ્ઠતા સ્વીકાર કરની પડેગી. વિરોચન ને પિતા કી આજ્ઞાનુસાર કેશિની કે પાસ જા કર સુધન્વા કી શ્રેષ્ઠતા કા સ્વીકાર કર લિયા.

પ્રાચીનકાલ મેં રાજા ઐસે ન્યાયી હોતે થે કિ એકલૌતે પુત્ર કે પ્રાણ કા મોહ છોડ કર ભી સત્ય કી રક્ષા કરતે થે. ("મનોરમા"ના એક અંકમાં લેખકઃ–શ્રી૦ બમ્મનપ્રસાદ સિંહ)

૫૪–ઉંદર કરડવાથી ઉપજતો તાવ

[illegible]

આ તાવ [illegible] મળી આવે છે. [illegible]

ઉંદર કરડવાથી પછી પાંચ દિવસે [illegible] કરડેલી જગ્યા સૂજી જાય છે અને આસપાસની ચામડી [illegible] થઈ જાય છે. [illegible] ગાંઠોને [illegible] થાય છે, [illegible] ઉલટી પણ આવે છે. ઘણું કરીને તાવ ૧૦૪° થી ૧૦૫° સુધી ચઢી જાય છે, અને [illegible] દિવસ સુધી તાવ રહીને એકદમ તે ઉતરી જાય છે. [illegible] પછી કોઈ દહાડું નથી. [illegible] ચાંદાઓમાં એ થાય છે કે, ચામડી ઉપર ઠામઠામ [illegible] જાય છે, [illegible] ઉપર અને હાથ ઉપર ખાસ થાય છે.

પછી વખત જતાં [illegible] 'ન્યુરાઈટીસ' પણ થઈ જાય છે, ચામડીની સેન્સિટિવનેસ તીવ્ર થાય છે, સ્નાયુઓ અને સાંધામાં દુખાવો થાય છે અને સોજા ચઢે છે. મરણપ્રમાણ સેંકડે દસ ટકા જેટલું હોય છે. મરણ થતા પહેલાં સન્નિપાત થાય છે. [illegible]

તાવ હોય ત્યારેજ તેના જંતુઓ લોહીમાં મળી આવે છે, નહિ તો નહિ. શ્વેતકણ લોહીમાં ૨૫૦૦૦ સુધી વધી જાય છે અને "ઇઓસીનોફીલ" નામની જાતના શ્વેતકણ વધી જાય છે. આ દરદની ચિકિત્સા કરવાને "સાલ્વરસન" નો પ્રયોગ થાય છે. જે દરદીઓ મરી જાય છે તેમાં માલૂમ પડ્યું છે કે, લસિકાગ્રંથિઓ મોટી થઈ જાય છે, બરોળ પણ મોટી થાય છે, ફેફસું લોહીથી ભરાઈ જાય છે, ફેફસાંમાં લોહીની નસો [illegible] પણ જાય છે, [illegible] થઈ જાય છે.

ઇલાજઃ—"સાલ્વર્સન" ની પીચકારીઓ પાડવાથી સારૂં કામ કરે છે. "નોવાર્સેનોબીલોન"નું એકજ અંતઃક્ષેપન ઘણું ખરૂં બસ થઈ રહે છે. જ્યાં ઉંદર કરડ્યો હોય ત્યાં તરતજ કાર્બોલિક લોશનથી ધોઈ નાખી અગર "પોટેશિયમ પરમેંગેનેટ"થી ધોઈ નાખી [illegible] કાર્બોલિક એસિડ લગાડીને ડંખ બાળી દેવો જોઈએ.

("વૈદ્યકલ્પતરુ"ના એક અંકમાં લખનારઃ–ડૉ. ચંદુલાલ સેવકલાલ, વડોદરા.)

९५-शुद्धि और अछूतोद्धार की विफलता

શબ્દ બહુત કડે હૈં-ઘોર નિરાશાપૂર્ણ હૈં-પરંતુ સચાઇ હૈ, ચાહે કડવી હૈ. બહુત સે ભાઈ પૂછેંગે—હમ સંવાદપત્રોં મેં રોજ શુદ્ધિ ઔર અછૂતોદ્ધાર કે સમાચાર પઢતે હૈં કિ આજ અમુક સ્થાન મેં ઇતને લોગ શુદ્ધ હુએ, ઔર આજ અમુક સ્થાન મેં ઇતને અછૂતોં કો યજ્ઞોપવીત દિયે ગયે; ફિર તુમ કૈસે કહતે હો કિ શુદ્ધિ ઔર અછૂતોદ્ધાર આન્દોલન સફલ નહીં ? ઉત્તર મેં હમારા નિવેદન હૈ કિ કિસીકો જૂઠા કહને કી આવશ્યકતા નહીં. પરમેશ્વર ને આપકો આંખેં દી હૈં. આપ સ્વયં દેખ સકતે હૈં કિ ઇસ સમય હિંદૂસમાજ મેં દૂસરે ધર્મોં સે શુદ્ધ હો કર આનેવાલે લોગોં કી સંખ્યા કિતની હૈ? આજ તક જિતને ભી લોગ મુસલમાનોં ઔર ઇસાઇયોં સે શુદ્ધ હો કર આયે હૈં, જિનકી શુદ્ધિ કે સમાચાર સંવાદપત્રોં મેં મોટે અક્ષરોં સે છપતે રહે હૈં, ઉનકી સંખ્યા કમ સે કમ પાંચસૌ તો હોગી; પરંતુ ઉનમેં સે મુઝે બીસ કે નામ તો ગિના દીજિયે, જો આજ ભી હિંદૂ હોં. કયા વે સબકે સબ વાપસ નહીં લૌટ ગયે? ગત દિસંબર માસ મેં લાહૌર મેં તીન-ચાર મુસલમાન શુદ્ધ હુએ થે. ઉનમેં સે એક પં० વિદ્યાનંદ-અરબી કે બહુત બડે મૌલવી કહે જાતે થે-ઉસ સમય ઉનકી શુદ્ધિ પર બડા હર્ષ પ્રકટ કિયા ગયા થા. સારે મુસ્લિમ જગત કો ચૈલંજ દિયા ગયા થા; પરંતુ આજ વહ વિદ્યાનંદ કહાં હૈ? 'તેજ' કે મુનશી પ્રેમચંદ, ભૂતપર્વ શેખ ઇન-આમુલહક, આજ કહાં હૈં? હમારી પ્રતિજ્ઞા હૈ કિ ૧૫ પ્રતિ સૈંકડા સે ભી અધિક લોગ પીછે લૌટ ગયે હૈં.

મલકાનોં કી શુદ્ધિ પર બડા ગર્વ કિયા જાતા હૈ. થી ભી વહ બડે ગર્વ કી બાત; પરંતુ ખેદ હૈ જો લોગ સચાઇ કો જાનતે હૈં વે બડે ચિંતાતુર હૈં. મલકાનોં કી શુદ્ધિ કી જો રિપોર્ટ સમય સમયપર સંવાદ-પત્રોં મેં છપતી રહી હૈ ઉસકે અનુસાર શુદ્ધ હોનેવાલોં કી ગિનતી ઢાઇ લાખ સે કમ નહીં પહુંચતી. પરંતુ મુઝે એક ભાઇ સે-જો શુદ્ધિ કે પ્રચારક હૈ-યહ જાન કર બડા દુઃખ હુઆ કિ જિન મલકાનોં કે સાથ હિંદુઓં કા ખાનપાન હૈ ઉનકી સંખ્યા ઇસ સમય બીસ હજાર સે અધિક નહીં. બાકી મલકાનેં પૂર્વવત્ અલગ કે અલગ હૈં. ન ઉનકી બેટી કોઈ હિંદૂ લેતા હૈ ઔર ન અપની ઉનકો દેતા હૈ. જબ વે શિકાયત કરતે હૈં તો ઉન્હોંને કહા યહ જાતા હૈ કિ તુમ આપસ મેં હી વ્યાહ-શાદી કર લિયા કરો. વે કહતે હૈ કિ યદિ હમેં મલકાનોં મેં હી વ્યાહ શાદી કરની થી તો ફિર તુમ્હારે સાથ મિલને કા ઢોંગ કરને કી આવશ્યકતા હી કયા થી? ફલતઃ ઇન લોગોં મેં સે બહુત સે કો અપની પૂર્વ અવસ્થા મેં લટકતે હુએ કિસી ઠોકર કી રાહ દેખ રહે હૈં.

કલકત્તે મેં હિંદૂ-મિશન નામ કી કોઇ સંસ્થા હૈ. ઉસકે પ્રમુખ કાર્યકર્તા એક સંન્યાસી માલૂમ હોતે હૈં. ઉનકે દ્વારા કી જાનેવાલી શુદ્ધિયોં કી જો રિપોર્ટ સમાચાર-પત્રોં મેં છપા કરતી હૈ વહ ઇતની અવિશ્વાસ્ય હોતી હૈ કિ પઢકર હંસી આતી હૈ. સ્વામીજી મહારાજ એક એક દિન મેં તીસ તીસ હજાર ઇસાઇયોં કો હિંદૂ બના ડાલતે હૈ. ઇસ મિશન કે કાર્ય કે વિવરણ કો પઢ કર મુઝે ભી બડા આશ્ચર્ય હોતા થા; પરંતુ જબ પતા લગાયા તો સારી બાતેં હવાઈ કિસ્સે ઔર શેખચિલ્લી કી કહાનિયાં જાન પડી, જો ભોલે ભાલે હિંદુઓં ઔર વિશેષતઃ મારવાડિયોં કો પ્રસન્ન કર કે અપના સ્વાર્થ સિદ્ધ કરને કે લિયે ગઢી ઔર પ્રકાશિત કી જાતી હૈ. વાસ્તવ મેં બીસ હજાર તો દૂર રહે, બીસ કી ભી શુદ્ધિ નહીં હોતી. કયા ઐસે ખયાલી પુલાવ સે હિંદૂ સમાજ કા કુછ વાસ્તવિક હિત હો સકતા હૈ?

અબ જરા અછૂતોદ્ધારપર દૃષ્ટિ ડાલિયે, જિસકે લિયે બડે બડે ધન-કુબેર અપને ખજાને ખોલે રખતે હૈં.

ઇસ આંદોલન કી વિફલતા કા એક બડા પ્રમાણ યહ હૈ કિ જિનકો અછૂત કહા જાતા હૈ ખુદ ઉનકે અંદર ઇસકે વિરુદ્ધ ભાવ ઉત્પન્ન હો ગયા હૈ. ઉનકા કહના હૈ કિ વર્ણધારી હિંદૂ હમારે ઉદ્ધાર કે બહાને હમમેં ફૂટ ડાલ રહે હૈં ઔર હમેં અપમાનિત કરતે હૈં. વે હમેં સમાજ મેં સમતા કા અધિકાર દેને કો તૈયાર નહીં. સરકાર મેં કેવલ હિંદુઓં કી સંખ્યા અધિક દિખા કર હમારે રાજનીતિક અધિકાર આપ હડપ કર જાના ચાહતે હૈં. હમમેં સે જિન લોગોં કો યે

'શુદ્ધ' કર લેતે હૈં વે હમસે તો અલગ હો જાતે હૈં; પરંતુ ગે ઉનકો કોઇ સામાજિક અધિકાર નહીં દેતે. ઇસ લિયે વે બિચારે ન ઇધર કે રહતે હૈં ઔર ન ઉધર કે.

અછૂત લોગ અબ અપને કો 'આદિધર્મી' યા 'આદિહિંદુ' કહને લગે હૈં. વે હિંદુઓંસે અલગ હો કર મુસલમાનોં ઔર સિક્ખોં કી ભાંતિ અપને રાજનીતિક અધિકાર સરકાર સે માંગ રહે હૈં, ક્યોંકી ઉનકો વિશ્વાસ હો ગયા હૈ કિ ઇસ સમય હિંદૂ અપના સ્વાર્થ સિદ્ધ કરને કે લિયે હી ઐસી ચાપલૂસી કર રહે હૈં; અન્યથા ઇનકી હમેં કુછ દેને-દિલાને કી ઇચ્છા બિલકુલ નહીં.

પિછલે દિનોં લાલા-લાજપતરાય ને એસંબ્લી મેં કહા થા કિ યદિ સરકાર હમેં એક કરોડ રુપિયા દે દે તો હમ એક હી વર્ષ મેં અછૂતપન દૂર કર સકતે હૈં. ઉસકે ઉત્તર મેં અછૂતોં કે ગુરુમુખી પત્ર 'આદિડંકા' ને લિખા થા કિ સત્યુગ, ત્રેતા ઔર દ્વાપર મેં હિંદુઓં કા ચક્રવર્તી રાજ્ય થા. ક્યા ઉન તીન યુગોં મેં આપકો એક કરોડ રૂપયા નહીં મિલા? ઉસ સમય હમારા ઉદ્ધાર કરના તો દૂર રહા, હમેં શિક્ષા તક પ્રાપ્ત કરને કા અધિકાર ન થા. વેદ-મંત્ર કી ધ્વનિ સુન લેને સે કાન મેં પીઘલા હુઆ શીસા ભર દિયા જાતા થા. મંત્ર કા ઉચ્ચારણ કરને પર જીભ કાટ ડાલી જાતી થી. હિંદુઓં ને ઉસ સમય હમારા કુછ ન કિયા તો અબ એક કરોડ રૂપયા લે કર હમારા ક્યા કર દેંગે? યહ સબ ધોખા હૈ, હમ લોગોં કો દાસ બના કર દબાએ રખને કી ચાલેં હૈં.

હો સકતા હૈ કિ ઐસી જલી કટી બાતેં ઉનકો હિંદૂઓં કે શત્રુઓં ને સિખાયી હોં; પરંતુ વિચારણીય વિષય યહ હૈ કિ ક્યા ઉનકે ઇસ કથન મેં કુછ સચાઇ નહીં? હમારી પ્રતિજ્ઞા હૈ કિ કોઇ ભી માતા કા લાલ છાતીપર હાથ રખ કર ઉનકે કથન કો જૂઠા સિદ્ધ નહીં કર સકતા. અછૂતોદ્ધાર કે લિયે હિંદૂઓં કી ઓર સે જો ભી પ્રયત્ન હો રહે હૈં, ઉન સબકી તહ મેં એક ભાવ કામ કર રહા હૈ. હિંદૂ યહ તો ચાહતે હૈં કિ અછૂતોં કી દશા પહલે સે અચ્છી હો જાય; પરંતુ વે યહ નહીં ચાહતે કિ વે હમારે બરાબર હો જાય. દૂસરે શબ્દોં મેં વે રહેં દાસ કે દાસ; હાં જરા સાફ સુથરે હો જાયં. એક મહામૂર્ખ વ્યભિચારી ઔર મદ્ય-માંસાહારી બ્રાહ્મણ ઔર બનિયા હિંદુઓં કી દૃષ્ટિ મેં એક સુશિક્ષિત, સદાચારી ઔર ધર્માત્મા ચમાર સે સદા અચ્છા હૈ. મુંહ સે એક ચમાર કો અપના ભાઇ કહતે હુએ ભી હિંદુ હૃદય મેં ઉસે નીચ ઔર જઘન્ય સમઝતા હૈ.

કોઈ પચ્ચીસ વર્ષ હુએ મહાત્મા મુન્શીરામ (જિનકા નામ બાદ કો સ્વામી શ્રદ્ધાનંદ હુઆ)ને કુછ રહતિયા પરિવાર શુદ્ધ કીયે થે ઉસ સમય લોગોં ને ઉનકે હાથ કા લે કર ખાયા ભી થા. પરંતુ આજ ઉનકી અવસ્થા ક્યા હૈ? વે ફિર અછૂત કે અછૂત હૈં. કોઇ હિંદુ ઉનકે સાથ ખાન-પાન નહીં કરતા. શુદ્ધ હુએ રહિતીયા બિરાદરી કે એક યુવક શ્રીયુત ઉદયચંદજી મેટ્રિક્યુલેશન પાસ હૈં, મેરે મિત્ર હૈં. ઉન્હોંને મુઝે બતાયા કિ શુદ્ધ હો કર હમ બડી આફત મેં ફંસ ગયે હૈં. જિસ બિરાદરી કો હમ અશુદ્ધ સમઝ કર છોડ આયે હૈં ઉનસે તો હમ મિલતે નહીં, ઇધર હિંદુ લોગ હમેં લેતે નહીં. ઇસ લિયે બ્યાહ-શાદિ કે લિયે હમેં બડી દિક્કત રહતી હૈ. ઇતની દેર સે શુદ્ધ હો જાને પર ભી ક્રિયાત્મક રૂપ સે હમ અછૂત કે અછૂત હી હૈં.

ગુરુદાસપુર જિલે મેં ડોમ નામ કિ એક અછૂત જાતિ વસતી હૈ. કઈ વર્ષ હુએ ઉન્હેં શુદ્ધ કિયા ગયા થા; પરંતુ ઉનકો અપને શરીર કા એક અંગ બનાને કે સ્થાન મેં હિંદુઓં ને "મહાશય ડોમ" કે નામ સે ઉનકી એક અલગ જાતિ બના દી હૈ, જો પૂર્વવત્ અછૂત કી અછૂત હૈ. ઉસ જિલે મે "મહાશય" શબ્દ અછૂત કા પર્યાયવાચી હો ગયા હૈ. ઇસલિયે વહાં કોઇ ભી હિંદુ આર્ય-સમાજી અપને નામ કે સાથ 'મહાશય' શબ્દ કા પ્રયોગ સહન નહીં કરતા.

અબ આપ સ્વયં ભી સોચિયે કિ યે બાતેં અછૂતોદ્ધાર કી સફલતા કી દ્યોતક હૈ યા વિફલતા કી? જિસ અછૂતોદ્ધાર પર આજ લાખોં રૂપયે ખર્ચ કિયે જાતે હૈં, ક્યા ઉસમેં કુછ સ્થાયીત્વ હૈ? ક્યા ચમાર કો 'હરિસંતાન' યા મેઘ કો 'ભક્ત' કહને સે અછૂતપન દૂર હો જાયગા?

મૌલાના મુહમ્મદઅલી ને ભાઈ પરમાનંદજી સે ઠીક કહા થા કિ આપકી શુદ્ધિ ઇસ્લામી 'તબ્લીગ' કા મુકાબલા નહીં કર સકતી. દેખિયે-મૈં આજ એક ભંગન કો મુસલમાન કર કે અપની બેગમ બના સકતા હૂં. મૈં કિસી ભી મુસલમાન બનનેવાલે યોગ્ય હિંદૂ કે સાથ અપની કન્યા કા

વિવાહ કર સકતા હૂં. ક્યા આપ યા માલવીયજી મેં યહ સાહસ હૈ? યદિ નહીં, તો ફિર આપ શુદ્ધિ કા શોર મચા કર હમેં ક્યોં ચિઢાતે હૈં? મૌલાના કો ભાઇજી ને ક્યા ઉત્તર દિયા સો હમ નહીં જાનતે, પરંતુ હમારી અંતરાત્મા કહ રહી હૈ કિ સારે હિંદુ-સમાજ કે પાસ ઇસકા કોઇ ઉત્તર નહીં.

કુછ વર્ષ કી બાત હૈ, જ્વાલાપુર (હરિદ્વાર) મેં એક મૌલવી સાહબ ઔર સ્વર્ગીય પં. મુરારીલાલ કા શાસ્ત્રાર્થ હો રહા થા. મૌલવી સાહબ આર્યસમાજી પંડિત કી પ્રબલ યુક્તિયોં કી તાબ ન લા સકે. વે બહુત ઘબરા ગયે. પંડિત કી વિજય પર હિંદુ જનતા ફૂલી ન સમાતી થી. અંત કો મૌલવી સાહબ ને ઉચ્ચ સ્વર સે કહા—પંડિતજી મહારાજ! મૈં કહતા હૂં, ઇસ્લામ સચ્ચા હૈ ઔર આપ કહતે હૈં વૈદિકધર્મ. મેરી ઔર આપકી યુક્તિયાં જનતાને સુન લી; પરંતુ દોનોં ધર્મોં મેં સે વાસ્તવ મેં કૌન સચ્ચા હૈ ઇસકા નિર્ણય અભી હો જાતા હૈ. મૈં; વૈદિક ધર્મ કો સચ્ચા સમઝ કર અભી ઇસ્લામ કો છોડતા હૂં ઔર હિંદૂ બનતા હૂં. મેરે લડકે ભી હૈ ઔર લડકીયાં ભી. આપ મેરી લડકીયાં લીજિયે ઔર મેરે લડકોં કો અપની લડકિયેં દીજિયે. તબ મૈં માનૂંગા આપકા ધર્મ સાર્વભૌમ ઔર આપકી યુક્તિ સચ્ચી હૈ. યદિ યહ સાહસ નહીં, તો આપ આઇયે ઇસ્લામ મેં આપ અપની લડકીયેં ભી ન દીજિયે, મૈં આપકે લડકે કો અપની લડકી દેતા હૂં.

મૌલવી સાહબ કે યે શબ્દ ક્યા થે? પંડિતજી કે લિયે નીલે આકાશ સે બિજલી કા ગિરના થા. પંડિતજી ચૂપ રહ ગયે, ઉનસે કુછ ભી ઉત્તર ન બન પડા. તબ મૌલવી સાહબ ને કહા-ક્યા ઇસી બલ પર ઇસ્લામ કે પ્રબલ પ્રવાહ કો રોકના ચાહતે હો? ઇસ્લામ એક જીવિત-જાગૃત ધર્મ હૈ. વહ તુમ્હારે ઇન વિતંડાવાદોં સે કુચલા નહીં જા સકતા.

આજ તક હિંદુ-સમાજ કે પાસ મૌલવી સાહબ કે ચૈલેંજ કા કોઇ ઉત્તર નહીં હૈ. આજ કલ જિતને ભી મુસલમાન પુરુષ શુદ્ધ હો કર આર્ય ધર્મ મેં આતે હૈં ઉનમેં સે અધિકાંશ મુફ્તખોર ઔર નિકમ્મે હોતે હૈં. ફિર મુસલમાન સ્ત્રીયેં તો કેવલ વહી શુદ્ધ હોતી હૈં, જિનકા કીસી કે સાથ પહલે હી આપાર બિગડ ચૂકા હોતા હૈ. કોઇ ભી સંભ્રાન્ત મુસ્લીમ પરિવાર શુદ્ધ નહીં હોતા. મેરે ઇન શબ્દોં સે કદાચિત્ શુદ્ધિ-સભા કે કાર્ય-કર્તા રુષ્ટ હો જાયેંગે, પરંતુ યહ એક અસી સચ્ચાઇ હૈ જિસકો ઉલટાયા નહીં જા સકતા.

ફિર, ક્યા કારણ હૈ કિ સંભ્રાન્ત મુસલમાન પરિવાર વૈદિક ધર્મ મેં નહીં જાતે? દો શબ્દોં મેં ઇસકા કારણ હૈઃ-હિંદુઓં કી જાત-પાંત. ઇસ જાત-પાંત કે કારણ હિંદુ ઉન નયે આનેવાલે ભાઇયોં કો પૂરે અધિકાર નહીં દે દેતે-ઉનકે સાથ રોટી-બેટી કા સંબંધ કરને કો તૈયાર નહીં હોતે. મનુષ્ય એક સામાજિક પ્રાણી હૈ ઔર વ્યાહ-શાદી કે બિના સારી આયુ વ્યતીત કરના ઉસકે લિયે કઠિન હૈ. ઇસ લિયે વે લોગ વૈદિક ધર્મ મેં આના પસંદ નહીં કરતે. દૂસરે હિંદૂ હો જાને પર ભી વે ક્રિયાત્મક રૂપ સે આજન્મ અહિંદુ નહી બને રહતે હૈં. ઉનપર સે મુસલમાન હોને કા કલંક સારી ઉમ્ર નહીં જાતા. ઉધર હિંદૂ ભી વિપક્ષ હૈં. ઇનકી વ્યાહ-શાદી સબ અપની તંગ જાત કે ભીતર હી હોતી હૈ; ક્યોંકિ નવાગંતુક ભાઇયોં કી કોઇ જાત નહીં હોતી, ઇસ લિયે કોઇ હિંદૂ ઉનકો અપની લડકી દેને કો તૈયાર નહીં હોતા. યદિ હિંદૂ જાત-પાંત કે ઢકોસલે કો છોડ કર ગુણ-કર્માનુસાર વિવાહ કરને લગ જાયેં તો થોડે હી કાલ મેં લાખોં મુસલમાન પ્રતિષ્ઠિત ઔર કુલીન પરિવાર વૈદિક ધર્મ કો ગ્રહણ કર લેંગે.

હિંદૂઓં કી જાત-પાંત ને કેવલ શુદ્ધિ ઔર અછૂતોદ્ધાર કો હી નિષ્ફલ નહીં કર દિયા; વરન્ ઇસકે કારણ હિંદૂ સંગઠન ભી અસંભવ રહા હૈ. ઇસ સમય પ્રત્યેક હિંદૂ ક્રિયાત્મક રૂપ સે કેવલ અપની જાત કો હી હિંદૂ ઔર અપના ભાઇ સમઝતા હૈ. બાકી હિંદૂ ઉસકે લિયે સબ અહિંદૂ હૈં. વહ ઉનકે સાથ રોટી-બેટી કા સંબંધ નહીં કર સકતા. ઇતના હી નહીં, યે જાત એક-દૂસરે કો નીચ સમઝતી ઔર ઘૃણા કી દૃષ્ટિ સે દેખતી હૈ. ઇનકા આપસ મેં પ્રેમ તથા ભ્રાતૃભાવ કે સૂત્ર મેં પિરોયા જાના અસંભવ હૈ.

પંજાબ મેં હાઇકોર્ટ કે ચીફ જજ સર શાદિલાલજી હૈ. એક દિન એક અજન્માભિમાની ખત્રી વકીલ કહ રહે થે કિ સર શાદિલાલ ચીફ જજ હો ગયે તો ક્યા હુઆ? હૈ તો વે બનિયે

હી. કોઇ ઇનસે પૂછે કિ ઇનકી ઇસ ભક્તિ કા કુછ મતલબ હૈ ? હૈ તો બનિયે હી, યહ બાત ક્યા હુઈ ?

હમારે જાત-પાંત-તોડક-મંડલ મેં પ્રત્યેક જાત કે લોગ મભાસદ હૈં. એક બાર એક 'મહાજન' જાતિ કે સજ્જન કો અપની લડકી કે લિયે વર કી જરૂરત થી. ઉસને મંડલ કો લિખા કિ વર ઔર ચાહે કિસી જાતિ કા હો, પરંતુ સુનાર ઔર અરોડા નહીં હોના ચાહિયે. મૈંને પૂછા—ક્યોં ? ઉત્તર મિલા—યે લોક બડે ગંદે ઔર ઓર કમીને હોતે હૈ. મૈંને કહા—કોઇ એક મનુષ્ય ગંદા યા નીચ હો સકતા હૈ, ન કિ સારી કી જાતિ. ઇસ પર ઉસને કહા—નહીંજી, જાતિ કી જાતિ કમ્બખ્ત હૈ. દેખિયે, કૈસી બુરી ધારણા હૈ !

ઉપર કે ઇન કતિપય દ્દષ્ટાંતોં સે આપકો હમારે હિંદુ-મનોભાવ કા કુછ પતા લગ ગયા હોગા. ઐસી અવસ્થા હૈ ! કૌન માન સકતા હૈ કિ હિંદુઓં કા ભી કભી સચ્ચા સંગઠન હો સકતા હૈ ?

હિંદુઓં કે સારે અનિષ્ટ કા મૂલકારણ ઉનકે સમાજરૂપી શરીર કા રાજરોગ હૈ-જન્મમૂલક જાત-પાંત, અછૂતપન, સંગઠન કા અભાવ, શુદ્ધિ કી વિફલતા, પ્રેમાભાવ, મુસલમાનોં દ્વારા પીટાના યે સબ ઉસ મહારોગ કે બાહરી લક્ષણ હૈં. યે ખુદ રોગ નહીં, પરંતુ હમારે નેતાલોગ મૂલ રોગ કી ચિકિત્સા પર ધ્યાન ન દે કર ઉસકે બાહરી ચિન્હોં દૂર કરને કા યત્ન કર રહે હૈં. પરંતુ જબ તક શરીર કે ભીતર વિષમ માત્રા મૌજુદ હૈ, જબ તક રોગ કી જડ નહીં કટતી, તબ તક બાહરી લક્ષણોં કી ચિકિત્સા કરને સે રોગી સ્વસ્થ નહીં હો સકતા. દૂસરોં કો સુધારના સુગમ હૈ, પરંતુ આત્મસુધાર કોઇ ઉચ્ચ આત્મા કા હી કામ હૈ; ઔર અછૂતોદ્ધાર મેં કેવલ રૂપયે હી દે દેને પડતે હૈં. અપને પર કોઇ જિમ્મેદારી નહીં આતી. પરંતુ જાત-પાંત તોડના આત્મસુધાર હૈ. ઇસકે દ્વારા હમ ક્રિયાત્મક રૂપ સે યહ દિખલાના હૈ કિ હમારે અંદર જન્મ સે ઉંચ-નીચ કોઈ ભાવ મૌજુદ નહીં. હમ હિંદૂમાત્ર કો સચ્ચે અર્થોં મેં અપના બરાબર કા ભાઇ સમઝતે હૈં. હમારે લિયે હમારી તંગ બિરાદરી કે થોડે સે લોગ હી હિંદુ નહીં, વરન્ યહ સારા હિંદુસમાજ હમારી બિરાદરી હૈ. ઉસમેં હમ જહાં ચાહે ગુણ-કર્માનુસાર બ્યાહ-શાદી કર સકતે હૈં, ઇસલિયે આત્મશુદ્ધિ સે હિંદુ ઘબરાતે હૈં; પર યહ બાત એક ધ્રુવ સત્ય હૈ કિ યદિ હિંદુઓંને જાત-પાંત કો નષ્ટ ન કિયા તો યહ ઇનકો ખાતમા કર ડાલેગી.

("આર્યપ્રકાશ" તા. ૩૦-૯-૨૮ ના અંકમાં લેખક-શ્રી. સંતરામજી બી. એ.)

૧૬-બ્રાહ્મણનો પુત્ર ગોહત્યારો કેમ બન્યો ?

બંગાલ પ્રાંતના રાજશાહી જીલ્લાના 'વીરજાન' નામના ગામમાં નયનચંદરાય નામનો એક પ્રતિષ્ઠિત બ્રાહ્મણ જમીનદાર રહેતો હતો. તેને કાલિચંદ રાય (કાળો ચાંદ) નામનો એક યુવાન અને અત્યંત સ્વરૂપવાન પુત્ર હતો. તેના મસ્તક ઉપર ઘુંઘરીઆળા લાંબા કાળા કેશ, વિશાળ લલાટ અને મુખ ઉપર ઉગતી મૂછોની શ્યામ રેખાવડે તે પ્રાતઃકાલના ખીલેલા કમળસમાન અધિક દીપ્યમાન થઇ રહ્યો હતો. કાલિચંદ રાયનું આયુ લગભગ ૨૫-૨૬ વર્ષનું હતું. તે સંસ્કૃત, બંગાલી અને ફારસી ભાષાનો પ્રસિદ્ધ પંડિત ગણાતો હતો; એટલુંજ નહિ પણ તે સાથે તેની શરીરસંપત્તિ પણ એક પહેલવાન જેવી હતી અને તે તીરંદાજી તથા ઘોડેસ્વારી આદિ યુદ્ધવિદ્યામાં નિપુણ હતો.

હજી તો કાલિચંદ રાયનો વિદ્યાભ્યાસ સમાપ્ત થયો નહોતો, એવામાં તેના પિતા નયનચંદ રાયનો દેહાન્ત થઇ ગયો અને ઘરના કારભારનો સઘળો બોજો તેના ઉપર આવી પડયો. થોડા સમયથી જમીનની ઉપજ ઘટી ગયેલી હોવાથી તેને વિદ્યાભ્યાસ છોડી કોઇ ઉદ્યમ-ધંધો ખોળવાની ફરજ પડી.

એ સમયમા બંગાલમાં મુસલમાન બાદશાહ 'સુલેમાન'નું શાસન હતું. 'ગૌડ નગર'માં તેની રાજધાની હતી. એક દિવસ રાજ્યના ફોજદારની જગા ખાલી પડવાથી બાદશાહે તે માટે એક સુયોગ્ય વ્યક્તિને શોધી કાઢવા વજીરને આજ્ઞા કરી. તે વખતે ત્યાં બેઠેલા હરીબુદ્દીન નામના એક વિદ્વાન મૌલવીએ બાદશાહને કહ્યું કે-" નયનચંદ રાયનો પુત્ર કાલિચંદ રાય મારી પાસે ફારસી

બહુશ્રુત વિદ્વાન અને નેકચાલવાળો આદમી છે. તેના બાહુમાં ૧૦ યુવકો જેટલું બળ છે અને યુદ્ધકળામાં પણ તે એવો નિપુણ છે કે ભલા ભલા યોદ્ધાઓ તેની બરાબરી ભાગ્યેજ કરી શકે. માટે એ માણસનેજ તે જગાએ નિયત કરવો જોઇએ."

આ સલાહ પ્રમાણે બાદશાહે કાલિચંદ રાયને તેના ગામથી ગૌડ નગર બોલાવ્યો અને તેને કોટવાલની જગાએ નિયુક્ત કર્યો. કાલિચંદ રાય શાહી મહેલ પાસે એક મકાન રાખી રહેવા લાગ્યો અને પ્રામાણિકતાપૂર્વક પોતાની નોકરી કરવા લાગ્યો.

તેને નિત્ય પ્રાતઃકાળમાં સ્નાનસંધ્યાદિ નિત્યકર્મ કરવાનો નિયમ હતો. પશ્ચાત્ દરબારી વસ્ત્ર પહેરીને ઘોડેસ્વાર થઇ અથવા પાલખીમાં બેસીને દરબારમાં જતો.

કાલિચંદ રાય જ્યારે નિત્ય પ્રાતઃકાળે મહાનંદા નદીમાં સ્નાન કરવા જતો, ત્યારે તેને શાહી મહેલની નીચેથી પસાર થતા માર્ગ ઉપર થઇને જવું પડતું હતું. તે નદીસ્નાન કર્યા પછી શ્વેત વસ્ત્ર પહેરી [illegible] પોતાના મકાન ઉપર આવતો. તેનું તેજસ્વી મુખ અને વિશાળ કપાળ ઉપર [illegible] સુંદર [illegible] કેશ અને અંગ ઉપર પવિત્ર શ્વેત ઉપવીત જોઇ માર્ગમાં [illegible] ઉપર [illegible]; પરંતુ આ સમયે એક વ્યક્તિ જેમ નયનાભિરામ [illegible], તેમ [illegible] તેના સુંદર સ્વરૂપસામું જોઇ રહેતી હતી. બાદશાહ [illegible] નિત્ય પ્રાતઃકાળે આ બ્રહ્મકુમારની મનોહર મૂર્તિનાં દર્શન કરવા માટે [illegible] અટારીમાં ઉભી રહેતી. કાલિચંદ રાયને મહાનંદામાં સ્નાન કરવા માટે [illegible] તે દૃષ્ટિમર્યાદામાં દેખાય ત્યાંસુધી એકીટશે તેની સામે જોઇ રહેતી [illegible] દૃષ્ટિ [illegible] થઇ જાય એટલે લાંબો શ્વાસ ભરીને બેસી રહેતી. [illegible] બ્રહ્મકુમાર [illegible] દેવ બની ગયો.

એક દિવસ [illegible] નિત્યના નિયમ પ્રમાણે અટારીમાં બેઠી હતી, તેની બાજુમાં [illegible], તે સમયે કાલિચંદ રાય [illegible] પાઠ કરતો કરતો ઘર તરફ [illegible] આ [illegible] દેવ તરફ એકધ્યાનથી જોઇ રહી હતી, [illegible]."

[illegible]

[illegible]

[illegible]

શાહજાદી—"તેનું સુંદર સ્વરૂપ તેની વીરતાની સાક્ષી આપે છે. કેવું સુંદર છે?"

મોતી—"શું તેના સુંદર દેખાવથીજ તેના સ્વભાવ ને ગુણોની પુરેપુરી પરિક્ષાને લાયક માનો છો?"

શાહજાદી—"તું મને આમ નાહક કેમ ચીડવે છે? તેની સાથે કેવા સુંદર સ્વભાવનો નથી!"

મોતી—"હું તો કંઇ ચીડવતી નથી, તેથી જાણે પૂછું છું છે?"

શાહજાદી—"પહેલવાન જેવી મજબૂત કાયા છે, ખૂબસૂરત જોબન છે, શરીરે ઉપર જેવા મનમોહક અલંકારો છે અને આંખમાં જે ગજબની મીઠાશ ઝળકી રહી છે તેથી જણાય છે કે, તે કોઈ મોટો અધિકારી અને લક્ષ્મીવાન છે. વળી તેના સુંદર શરીર ઉપર જનોઇ ધારણ કરેલું છે, તેથી તે કોઈ કુલીન બ્રાહ્મણ કે ક્ષત્રિયપુત્ર હોવાની ખાત્રી થાય છે. હિંદુઓમાં સર્વથી કુલીન બ્રાહ્મણ અને ક્ષત્રિય ગણાય છે. મોતી! આ સ્વરૂપ એક શાહજાદીના પતિ થવાને માટે યોગ્ય છે?"

મોતી—"પણ તે હિંદુ હોવાથી તમારી સાથે વિવાહ કરશે? તે કેમ બને તે, શાહજાદી જોજો, અને તમે કેટલા ખાનદાનની શાહજાદી!"

શાહજાદીએ આ વાતનો વિચારજ નહોતો કર્યો. તે મોતીના કથનથી ઘણી ગભરાઈ ચિંતાતુર થઈ અને એકદમ નિરાશામાં ડુબી ગઈ. શાહજાદીની આ દશા જોઈને દાસીને દયા આવી. તેણે કહ્યું – "શાહજાદી! હવે તમે તે પુરુષને પોતાના પતિતરીકે માની લીધો છે તો તેમાં તમારી કંઇ ભૂલ નથી થઈ; પરંતુ નાતજાતની આ મુશ્કેલી બહેતર વિચારવા જેવી છે, છતાં તમારા સમર્થ પિતાશ્રી વાતમાં સંમત થાય તો શાદી શી રીતે થઈ શકશે. શું હું આ સંબંધથી બેગમ સાહેબને વાકેફ કરું?"

શાહજાદી—"બહેન! તારી વાત અક્ષરે અક્ષર સાચી છે. બ્રાહ્મણનો પુત્ર મુસલમાનની દીકરીને પરણવા તૈયાર થાય એ બનવું અશક્ય લાગે છે. પરંતુ તું બેગમ સાહેબને સમજાવે તો ખુદાની મહેરબાનીથી કદાચ મારું કાર્ય સાજ થાય ખરું. બહેન! આ વાતમાં જો તું મને મદદ કરીશ, તો હું તારો કદી પણ ઉપકાર નહિ ભૂલું."

મોતીએ સમય જોઈને એક દિવસ આ વાત બેગમ સાહેબને કરી. બેગમ સાહેબ પ્રથમ તો વિચારમાં પડી ગયાં; પરંતુ અંતે તેમણે પુત્રીની ઇચ્છા પુરી કરવાનો નિર્ણય કર્યો.

એક દિવસ બાદશાહ આનંદમાં હતા, તે સમયે બેગમ સાહેબે તેમને પુત્રીની પ્રેમકથા સંભળાવી. તેઓ આ વાત સાંભળી હાલ વાર અજાયબ બની ગયા; પરંતુ પોતાના યૌવનકાળ અને તે સમયની પ્રેમલીલા આદિનું સ્મરણ થઇ આવતાં આ વાત તેમને બિલકુલ સ્વાભાવિક લાગી. તેઓ થોડી વાર વિચાર કરી બોલ્યા—"કાલિચંદ રાય છે તો બહાદુર અને નેક આદમી; પરંતુ તે બ્રાહ્મણનો પુત્ર આપણી દીકરીનો સ્વીકાર કરવા તૈયાર થશે?"

બેગમ—"આપની ઇચ્છા હશે તો કોઇ વાત અશક્ય નથી."

બાદશાહ—"પરંતુ પ્યારી! મને આશ્ચર્ય થાય છે કે, બંગાળના બાદશાહની શાહજાદીએ એક હિંદુ બ્રાહ્મણને કેમ પસંદ કર્યો?"

બેગમ—"પ્રેમને વળી કોઇ જાતની મર્યાદા હોય છે? પ્રેમ નાત-જાત, ઉંચ કે નીચ એવું કંઇ જોતોજ નથી તે તો પોતાના પ્રેમપાત્રનેજ સર્વસ્વ સમજે છે. શું આ વાત આપ જાણતા નથી?"

બાદશાહ—"એ વાત બરાબર છે, પરંતુ આ મામલો બહુ ગુંચવણભર્યો છે; કારણકે વિવાહ કરવા માટે શાહજાદી કદી હિંદુ થઇ શકશે નહિ અને કાલિચંદ રાયને માટે બળાત્કારે મુસલમાન બનાવવો પડે તે પણ ઠીક નહિ. એથી લોકોમાં આપણી નિંદા થવાનો સંપૂર્ણ સંભવ છે."

બેગમ—"શહેનશાહ! આ વાતનો મેં ખુબ વિચાર કરી જોયો છે. મારો એવો મત છે કે, કાલિચંદ રાય ભલે કાલિચંદ રાયજ રહે. તેને મુસલમાન બનાવવાની કશી જરૂર નથી. માત્ર તે શાહજાદી સાથે લગ્ન કરે એટલે બસ. પછી ભલે તે લગ્ન કોઇ મૌલવીના હાથે થાય કે કોઇ બ્રાહ્મણના હાથે થાય, તેમાં કાંઇ વાંધો છે?"

બાદશાહ—"બરાબર, એ વાત ઠીક કહી અને પોતપોતાનો ધર્મ સાચવી રાખે અને લગ્ન કરે તો કાંઇ વાંધો નથી."

આ પ્રમાણે વિચારણા થયા પછી બાદશાહે કાલિચંદ રાયને પોતાની પાસે બોલાવી તેને શાહજાદી સાથે વિવાહ કરવા માટે કહ્યું. કાલિચંદ રાયે કહ્યું કેઃ—"શાહનશાહ! હું બ્રાહ્મણ છું, આપ મુસલમાન છો. આ વાત બનવી અશક્ય છે. વળી કદાચ હું પોતે લગ્ન કરવા તૈયાર થાઉં, પણ મારાં સગાંવહાલાં અને નાતજાતવાળા કદી આ વાત સ્વીકારશે નહિ; માટે મહારાજ! મને ક્ષમા કરો. હું આપની આવી મહેરબાની માટે આપનો ઉપકાર માનું છું."

બાદશાહ—"મારી પુત્રી તારાવિના એક ક્ષણ વાર પણ જીવી શકે તેમ નથી. તેનું શું થાય?"

કાલિચંદ રાય—"તે ખરું મહારાજ! પણ હિંદુધર્મમાં આવું લગ્ન કરવાની આજ્ઞા નથી; મારો ધર્મ જતો રહે અને મારી જીંદગી બરબાદ થઇ જાય."

બાદશાહ—"બંગાલના બાદશાહનો જમાઇ થવામાં જીંદગી બરબાદ થઈ જાય?"

કાલિચંદ રાય—"મહારાજ! માફ કરો."

બાદશાહે જોયું કે! કાલિચંદ રાય મારૂં અપમાન કરી રહ્યો છે. તેણે ગુસ્સે થઇ કહ્યું–"કાલિચંદ! તું મારૂં અપમાન કરે છે. પરંતુ તેનું માઠું ફળ તારે ભોગવવું પડશે. તેનો કંઈ વિચાર કરીશ કે?"

કાલિચંદ રાયે અત્યંત નમ્રતાથી કહ્યું–"મહારાજ! આ વાત મારાથી કદી બની શકે તેવી નથી."

કાલિચંદ રાય કોઇ રીતે સમજે તેમ નથી, એમ બાદશાહને લાગવાથી તેમણે ગુસ્સે થઇ બહાર ઉભેલા સિપાઇને હુકમ કર્યો કે "આ બેવકુફને એકદમ પકડીને જેલમાં પૂરી દો અને કાલે સવારે તેને ફાંસીએ લટકાવી દો."

કાલિચંદ રાયને જેલમાં પૂરી દેવામાં આવ્યો. સવારે તેને ફાંસી દેવાશે એ વાત વિજળીને વેગે આખા શહેરમાં ફેલાઇ ગઈ. શાહજાદી આ સમાચાર સાંભળીને કંપી ઉઠી. પોતાના પ્રિયતમનો પોતાના માટેજ વધ થશે તે પછી પોતે કેમ જીવી શકશે? એ વિચારથી તે પાગલ જેવી બની ગઇ.

બીજી સવારે નિયત સમયે કાલિચંદ રાયને જેલખાનામાંથી બહાર કાઢવામાં આવ્યો. ફોજદારને ફાંસી દેવાતી જોવા માટે હજારો મનુષ્યો જેલખાના આગળ એકઠાં થઇ ગયાં. કાલિચંદ રાયને કોટડી બહાર કાઢી ખુલ્લા મેદાનમાં ઉભો કરવામાં આવ્યો હતો. ઘાતક હાથમાં તલવાર લઇને બાદશાહનો હુકમ આવવાની રાહ જોઇ રહ્યો હતો, એવામાં શાહજાદી પોતાના પ્રાણાધારનું રક્ષણ કરવા અને તેમ નહિ તો તેની સાથેજ પરલોકની યાત્રા કરવાના ઇરાદાથી ત્યાં આવી પહોંચી. કાલિચંદ રાયને બંદીવાન દશામાં જોઇ તે ભાન ભૂલી ગઈ અને લાજ–શરમ વગેરેનો કંઇ પણ વિચાર કર્યા વિના દોડીને તેના કંઠે વળગી પડી.

બસ, કાલિચંદ રાય શાહજાદીને હવે પરણી ચૂક્યો. બ્રાહ્મણોની દૃષ્ટિમાં તે પતિત થઇ ગયો. હજારો લોકો આ પ્રેમઘેલાં પંખી એક–બીજાને ભેટી પડેલાં જોઇ પ્રેમનો મહિમા ગાવા લાગ્યા. બાદશાહને આ સમાચાર મળતાં તે ખુલ્લી તલવારે ત્યાં આવી પહોંચ્યો, પરંતુ નજીક આવતાંજ કાલિચંદ રાય બોલી ઉઠ્યો.–"શાહનશાહ! હું આપના હુકમ પ્રમાણે ચાલવા તૈયાર છું, આપની પુત્રી સાથે લગ્ન કરવા તૈયાર છું."

કાલિચંદ રાયનાં આ વચનો સાંભળી બાદશાહનો ગુસ્સો ઉતરી ગયો. સિપાઇને હુકમ થયો–"બંધન છોડી નાખો." શાહજાદી નીચું મુખ રાખી કાલિચંદ રાયની બાજુમાંજ ઉભી રહી હતી. તેને બાદશાહે કહ્યું—"બેટા! મહેલમાં જાઓ. તારી ઇચ્છા પૂર્ણ થશે." લોકો જયજયકાર કરતા વીખેરાઇ ગયા; પરંતુ એક વાત ખુબ આશ્ચર્યકારક થઈ પડી. "કાલિચંદ રાય [illegible]"

બીજે દિવસે કાલિચંદ રાયે બાદશાહની સેવામાં હાજર થઇ પોતાનું [illegible] સમજાવવા માટે થોડા દિવસની રજા માગી. પંદર દિવસ માટે કાલિચંદ રાયને તે કામમાંથી રજા મળી.

કાલિચંદ રાયે મોટા મોટા પંડિતો અને શાસ્ત્રજ્ઞ બ્રાહ્મણોની એક સભા બોલાવી. તેમાં શાહજાદી દુલારીને શુદ્ધ કરવાનો પ્રશ્ન મૂક્યો. પંડિતોએ તરત [illegible] લાગી; પરંતુ તે સમયે એક પણ વેદોદ્ધારક ભગવાન દયાનંદ કે હિંદુજાતિનો રક્ષક શ્રદ્ધાનંદ નહોતો એટલે અજ્ઞાનાંધકારમાં ડૂબેલા ઢોંગીઆ પંડિતોએ નીચે જણાવ્યા પ્રમાણે નિર્ણય આપ્યોઃ–

"મુસલમાન બાદશાહની પુત્રી દુલારી કોઇ રીતે હિંદુ બની શકતી નથી, તેમજ કાલિચંદ રાય હિંદુ રહીને તેની સાથે કોઇ પણ જાતનો સંસર્ગ રાખી શકે નહિ. જો આ નિર્ણય પ્રમાણે તે ન વર્તે, તો તેને જ્ઞાતિમાંથી દૂર કરી તેની સાથેનો સર્વ વ્યવહાર બંધ કરી દેવો."

કાલિચંદ રાય આ નિર્ણય સાંભળી ઘણોજ ક્રોધિત થઈ ગયો. તેને ઇચ્છા થઇ આવી કે, ઘોડેસવારોને બોલાવી આ પંડિતોને પાંસરા કરૂં; પરંતુ તેમાં કેટલાક સ્વજનો તેમજ ગુરુજનો હોવાથી તે વિચાર તરતજ બદલાઇ ગયો.

મનુષ્ય સઘળું છોડી શકે છે, પરંતુ માતાપિતાદિ સ્વજનો, મિત્રજનો અને એવા નિકટનાં સગાં-વહાલાંથી સદાને માટે દૂર થવા તેની હિંમત ચાલતી નથી. આ સઘળાંનો સંબંધ જળવાઇ રહે અને શાહજાદી શુદ્ધ થાય એવો માર્ગ કાલિચંદ રાય શોધવા લાગ્યો. તેણે વિચાર્યું કે, જગન્નાથ પુરી જઇને ત્યાંના બ્રાહ્મણોની મારફતે શાહજાદીને શુદ્ધ કરવાની ગોઠવણ કરવી. એવી આશાથી તે જગન્નાથપુરી આવી પહોંચ્યો. અહીં તેણે વિદ્વાન બ્રાહ્મણોની સભા બોલાવી તેમની સામે પોતાનો પ્રસ્તાવ રજુ કરતાં જણાવ્યું કે-

"મહાશયો! દુનિયામાં આપણે કહીએ છીએ કે, સમસ્ત સંસારમાં વેદ એ સર્વથી અધિક પવિત્ર ધર્મગ્રંથ છે. વળી વેદવાણી પ્રભુપ્રેરિત છે. તેના પવિત્ર મંત્રો ગમે તેવા પતિતનો પણ ઉદ્ધાર કરવાની શક્તિ ધરાવે છે. કેવળ ગાયત્રીમંત્રથી મનુષ્યનાં પાપ દૂર થાય છે. આની આવી આપણે અનેક વાર કથાઓ અને વાર્તાઓ સાંભળી છે, તો શું આ શાહજાદી જેવી એક નિર્દોષ મહિલાને પાવન કરવા જેટલી ગાયત્રીમંત્ર કે વેદના કોઇ મંત્રમાં શક્તિ કે પવિત્રતા છે કે નહિ? વેદ ઇશ્વરની વાણી છે અને શાહજાદી અન્ય પ્રાણીઓની પેઠે ઇશ્વરનુંજ બાળક છે. તેને શુદ્ધ કરવા માટે ઇશ્વરની વાણી આજ્ઞા આપે છે કે નહિ તેનો નિર્ણય હું આપની પાસેથી જાણવા ઇચ્છું છું."

પંડિતોએ કાલિચંદ રાયની વિનતિ સ્વીકારી નહિ અને તેને મંદિરની બહાર ચાલ્યા જવાં કહ્યું. આથી કાલિચંદના હૃદયમાં બહુજ આઘાત થયો. તે મંદિરની બહાર ઓટલા ઉપર બેસીને વિચારમાં ડૂબી ગયો. તે હતો તો મૂર્તિપૂજક બ્રાહ્મણ! તેના હૃદયમાં હિંદુ દેવી-દેવતાઓ માટે અપૂર્વ શ્રદ્ધા ભરેલી હતી. તેણે જગન્નાથ દેવ પાસેથી શાહજાદીને શુદ્ધ કરવાની આજ્ઞા મેળવવાનો નિશ્ચય કર્યો અને પ્રાર્થના કરવા લાગ્યો:-"હે સર્વશક્તિમાન! હે સર્વાન્તર્યામિન્! હે જગતપિતા! તમારા દરબારમાં રાય અને રંક સરખાં છે. હે પ્રભુ! તારી પાસે ઉંચ નીચના કોઇ ભેદ નથી. તો આ શાહજાદીને આશીર્વાદ આપો."

આ પ્રમાણે ૭ દિવસસુધી અન્નજળનો ત્યાગ કરી કાલિચંદ રાય પ્રાર્થના કરતો મંદિરના ઓટલા ઉપર પડી રહ્યો, પરંતુ પેલા બ્રાહ્મણોએ બેસાડેલા દેવના મુખમાં જીભજ નહોતી. તેણે કંઇ પણ ઉત્તર ન આપ્યો. અનંતકાળપર્યંત બેસી રહેત તોપણ ઉત્તર મળત નહિ. કાલિચંદ રાયનું ભૂખ, ક્ષોભ અને અપમાનથી માથું ફરી ગયું. તેની નસોમાંથી હિંદુજાતિ અને હિંદુધર્મપ્રત્યે ક્રોધાગ્નિ સળગી ઉઠ્યો અને ક્ષણવારમાં તે બ્રાહ્મણ મટી જઈ રાક્ષસ બની ગયો. આઠમા દિવસે આવેશમાં આવી જઇને મંદિરના ઓટલા ઉપર ઉભો થઈ તે બોલવા લાગ્યો:-

"જે ધર્મમાં પીડિત માટે આશ્રય નથી, સહાનુભૂતિ કે પ્રેમ નથી, તે ધર્મજ નથી; અને હે જગન્નાથના પ્રભુ! હું સમજી ગયો કે તું કેવળ લાકડાનું પુતળુંજ છે! હું આજે પ્રતિજ્ઞા કરૂં છું કે, આ પાખંડ અને પ્રપંચનો ફેલાવો કરનારી મૂર્તિપૂજાનો, તેમજ તેના નામે પોતાનું પેટ ભરવાનો વેપાર કરનારા બ્રાહ્મણોનો સમૂળ નાશ કરવા માટે મારૂં તનમનધન હોમી દઇશ."

આ પ્રમાણે ક્રોધથી સળગી ઉઠેલો કાલિચંદ હિંદુધર્મનો ધ્વંસ કરવાની પ્રતિજ્ઞા લઇ ગૌડનગરીમાં આવી પહોંચ્યો. જે કાલિચંદ રાય ભગવાનની મૂર્તિ સામે તેનું ધ્યાન ધરીને હમેશાં લાંબો કાળ બેસી રહેતો, તે આજે મૂર્તિઓનો સંહાર કરવાને તૈયાર થઇ ગયો હતો. જે કાલિચંદ રાય બ્રાહ્મણ અને સદ્ગુરુઓના ચરણની રજ પોતાના મસ્તક ઉપર ધારણ કરવામાં મોટું પુણ્ય સમજતો હતો, તે આજે બ્રાહ્મણજાતિનો કટ્ટો વેરી બની ગયો અને જે કાલિચંદ રાય મ્લેચ્છોના

સ્પર્શથી દૂર ભાગતો હતો, તેણે બાદશાહ સુલેમાનની હાજરીમાં મૌલવીઓને બોલાવી, કલમો પઢી પોતાનું નામ "મહમદ ફર્મૂલી" (જેને બંગાલમાં કાળો પહાડ કહે છે) રાખ્યું અને શાહજાદી સાથે નિકાહ પઢીને કટ્ટર મુસલમાન બની ગયો.

વિવાહ પછી થોડા દિવસે તેણે ભારી સેના એકઠી કરી જગન્નાથપુરી ઉપર ચઢાઇ કરી. ઓરીસાનો રાજા તલંગ મુકુંદદેવ તેની સામે થયો, પરંતુ કાલીચંદની ભયંકર સેના આગળ તેનું કંઇ પણ ચાલ્યું નહિ. આખા ઓરિસા પ્રાંતમાં હાહાકાર મચી રહ્યો. કાલિચંદ જગન્નાથપુરી જઇ પહોંચ્યો. મંદિરની રક્ષા માટે પંડ્યાઓ તથા નગરનિવાસીઓએ થોડી વાર પ્રયત્ન કર્યો, પરંતુ તે સઘળા કપાઇ મુઆ. યવન સૈનિકોએ મંદિરને ધૂળભેગું કરી નાખ્યું અને અંદરથી જગન્નાથની કાષ્ટની મૂર્તિઓ બહાર લઇ આવ્યા. સમુદ્રકિનારે એક મોટો અગ્નિકુંડ સળગાવવામાં આવ્યો, તેમાં 'કાલિચંદે' પોતાના હાથે જગન્નાથ, બળરામ અને સુભદ્રાની મૂર્તિઓને હોમી દીધી. આ પ્રમાણે મંદિરને લૂંટી અને ઓરિસાને જીતી પઠાણ સેના ગૌડનગરીમાં પાછી આવી.

હજી પણ 'કાલિચંદ' નો ક્રોધાગ્નિ શાંત પડયો નહોતો. તેણે થોડા સમય પછી આસામના 'કામાખ્યા' નામના પ્રસિદ્ધ મંદિર ઉપર હુમલો કરી તેનો નાશ કર્યો અને હજારો લોકોને મુસલમાન બનાવ્યા.


આ પ્રમાણે ઓરિસા અને આસામમાં રમખાણ મચાવીને તે આખા હિંદમાં અત્યંત પરાક્રમી યોદ્ધાતરીકે ખ્યાતિ મેળવી શકયો. હિંદુઓ તેના નામથીજ ધ્રૂજવા લાગ્યા. તેને 'કાળા પહાડ' ના નામથી લોકો ઓળખતા હતા.

છેવટે તેણે હિંદુઓના સર્વથી પવિત્ર ગણાતા કાશીક્ષેત્રનો વિધ્વંસ કરવાનો નિશ્ચય કર્યો અને એક મોટી સેના લઇ તેના ઉપર ચઢી ગયો. અહીં વિશ્વનાથ, ભૈરવ, હનુમાન આદિ અનેક દેવો નિવાસ કરતા હતા; પરંતુ કોઇએ 'કાળા પહાડ' સામે આવવાની હિંમત કરી નહિ. દેવળો ઉપર દેવળો તૂટવા લાગ્યાં. તેના સૈનિકોએ કાશીમાં પ્રલયકાળ જેવો હાહાકાર મચાવી દીધો. બે–ચાર મંદિરો સિવાય સઘળાં જમીનદોસ્ત થઇ ગયાં. તેણે પોતાના સેનાપતિ રહિમખાનને પૂછ્યું–"વિશ્વનાથની મૂર્તિનું શું કર્યું?" રહિમખાને સલામ કરીને ઉત્તર આપ્યો–"જી હજુર! તેને પણ તોડી નાખી."

આ રીતે બ્રાહ્મણોની આ ઐતિહાસિક ભૂલથી હજારો હિંદુઓ વટલાયા અને હજારો ગાયો કતલ થઇ ગઇ. અત્યારે હિંદુઓ કરતાં અધિક મુસલમાનોથી બંગાળ ખીચોખીચ ભરાઇ ગયો છે, તે આ ભૂલનુંજ પરિણામ છે.

હજી પણ જે હિંદુભાઇઓ શુદ્ધિના કાર્યમાં આર્યસમાજને મદદ નથી આપતા તેઓ ઉપલી વાતમાંથી કંઇ સાર ગ્રહણ કરશે કે? *

("આર્યપ્રકાશ"ના તા. ૩૧–૯–૨૮ ના અંકમાં લેખકઃ–શ્રી. અષ્ટાવક્ર)



* ઉપલી ઐતિહાસિક ઘટના 'શુદ્ધિસમાચાર' માં પ્રકટ થએલી, તે ઉપરથી લેવામાં આવી છે.

૯૭–નામર્દીની વાણી અમને મંજુર નથી.

કોણ કહે છે કે, આ બધા હિંદુમુસ્લીમ ઝઘડામાં આપણને કોઈ મારી જાય, આપણું ખૂન કરી જાય, તોયે આપણે એની સામે ઝુઝવું નહિ? એમ કોણ કહે છે? કયો માનવી નામર્દાઈ-ની, નપુંસકવૃત્તિનતાની સલાહ આપવા નીકળે છે? પ્રાણહીન બનેલા આપણા આ દેશમાં નામર્દાઈનું આ ઝેર આજે આ કોણ રેડે છે? આપણાં પવિત્ર મંદિરો અને શાસ્ત્રોને નાશે, ધર્મના રક્ષણની હાક ગુંજાવનારી, ધર્મબાંધવોની ઈજ્જતઆબરૂને સુરક્ષિત રાખવાની તાકાત માગી નાખવાની આ સલાહ આપવાને આ અધર્મ આજે કોણ કરી રહ્યું છે? માણસની માણસાઈને જગાડનાર, રાખ નીચે છુપાઈ બેઠેલ અગ્નિને ફરી સતેજ કરનાર અત્યારે શરૂ થયેલ આ પાવક-યુગમાં પાણી રેડવાનું પાતક કોણ કરી રહ્યું છે?

પૂજનીય મહાત્માજીની આ સલાહ હોય તો અમે કહીએ છીએ, કે તે અમને માન્ય નથી; પણ અમને ખબર છે કે તે સલાહ તેમની નથી. તે તો એમ કહે છે કે, મરીને તમે તમારૂં, તમારા સ્નેહીસંબંધીઓનું, તમારી બહેન દીકરીનું, તમારી માલમીલ્કતનું, તમારી પ્રતિષ્ઠાનું, તમારા દેશબંધુઓનું તમે રક્ષણ કરી શકતા હો, તો એ મોટી સરસ માર્ગ છે. મહાત્માજી ફરમાવે છે કે, પોતે મરવું અને મરીને બીજાનું રક્ષણ કરવું. મહાત્માજી નિર્દેશ ફરમાવે છે કે, તેમ ન બને તેમ થવું અશક્ય હોય તો સામાને મારીને પણ જેનું રક્ષણ કરવાનું છે તેનું રક્ષણ કરવું; પરંતુ કોઈ પણ કિસ્સામાં 'રક્ષણ કરવાની' ફરજ માનવી ચૂકી શકે નહિ. રક્ષણ કરવું એ એનો ધર્મ છે. પ્રથમ દરજ્જે, સામાને ઈજા કર્યા સિવાય, પોતે મરીને એ રક્ષણ કરે; એ આત્મભોગનો માર્ગ છે–એ દૈવી માર્ગ છે. એ માર્ગનો અનુયાયી 'દેવમાનવ' બને છે; પણ માણસ 'દેવમાનવ' ન બની શકે, તો તેણે 'માણસ' તો અવશ્ય બનવુંજ જોઈએ. તેણે સામે આવનારને–પોતાની અને બીજાઓની આબરૂ–પ્રતિષ્ઠા–માલમીલ્કત લૂંટવા આવનાર લૂંટારૂને–પોતાના હાથનો ચમત્કાર બતાવવોજ જોઈએ. એ રક્ષણકાર્ય માટે હિંસાના હથિયારથી પણ સામાવાળા સામે ઝુઝવું જોઈએ. માણસમાત્રનો એ ધર્મ છે. એ ધર્મ ચૂકે તે મર્દ નથી, નામર્દ છે. રક્ષણ ન કરવું, ચૂપ બેસી રહેવું, માર ખાઈને મુંગા મરી રહેવું, પોતાની અને પોતાનાં બૈરાંછોકરાંની આબરૂ લૂંટાવા દેવી, એમાં સામા માણસના હાથે થતી હિંસામાં નપુંસકતાભરી મદદમારી કરવાનું મહાપાતક છે. એ માણસ નથી, એ હેવાન છે; એ નાચીઝ જીવજંતુ છે; એ મરવાને લાયક, રગદોળાઈ જવાને લાયક, શરમનો, નામોશીનો અવતાર કોઈ કહેવાતો માણસ છે. એવો માણસ સમાજને શરમરૂપ છે, તેની કોમને શરમરૂપ છે, તેના કુટુંબને શરમરૂપ છે. એવા માણસો વહેલા લૂંટાઈ જાય, વહેલા મરી ફીટી જાય, વહેલા રગદોળાઈ જાય, જગતનો ભાર વહેલો ઓછો થઈ જાય, એમાંજ જગતનું કલ્યાણ છે. મહાત્માજીનો સિદ્ધાંત અમે એ રીતે સમજીએ છીએ. એજ એમનો સિદ્ધાંત છે એવી અમને ખાત્રી છે. આજે કે ભવિષ્યમાં તેમ ન હોય તો અમને તે નામંજુર છે.

કહે છે કે, કોઈ જૈન સાધુજીનાં એ વચન છે કે 'આપણને મારનાર તરફ પણ આપણે ક્રોધ ન કરવો, એની સામે ન થવું, આપણે અખાડા ઈત્યાદિની પ્રવૃત્તિ ન કરવી.' એ સાધુજી કોણ છે એ જાણવાની શી જરૂર છે? જે હોય તેને આપણે કહી લઈએ કે, આપ જે માર્ગ પ્રબોધો છો તેને આપથી મહાવીરનું સમર્થન ટાંકો છો. મહાવીરને તપશ્ચર્યા અને યાતનાએજ પ્રભુ બનાવ્યા, એ અમે જાણીએ છીએ. એવી યાતનાઓ વીરત્વપૂર્વક સહન કરનારનેજ જૈનોએ તીર્થંકર માન્યા છે. આજે પણ એ માર્ગે પળનારને તીર્થંકર નહિ તો મહાન તપસ્વી સાધુપુરૂષતરીકે વંદન કરવા અમે તૈયાર છીએ; પણ મહારાજશ્રી! આપને એ ક્યાં માલૂમ નથી, કે એ સઘળા સિંહનાં સાધનો છે! એ સાધનો માત્ર બોધવાથી માણસ સિંહ નથી થઈ જતા; એ આપને માલૂમ છે કે નહિ? અને આજે આપણામા એક લાખે એક સિંહ પણ નથી; અને આપ ઇચ્છો છો એવા સિંહ થવાનો નથી એ પણ જાણો છો ને? તેમ, આપ એ પણ જાણો છોને કે, માનવીમાં

નબળાઈઓ ભરી છે, જગતમાં ચોમેર દંભ વ્યાપ્યો છે, મેંઢાથી પણ ગરીબ, જલ્લાદની છુરી પણ મુંગે મોંએ સહન કરી લેવાની ગુલામી મનોદશા ધરાવનાર પણ પોતે સિંહમાં ખપવા ખુશી છે ? આપ જાણો છોને કે, આપે બતાવેલા સિંહના સદ્‌ગુણના બહાના નીચે પોતાની પુરુષત્વહીનતા છુપાવવા આજ હિંદુમાત્ર તૈયાર થઈ જાય છે? મહારાજશ્રી! આપ દંભને ઉત્તેજન આપી રહ્યા છો, આપ પોતે આત્મવંચના કરી રહ્યા છો. આપના કાનમાં ખીલા મારવા આવનારની સામે મહાવીરના ગુણ મહાવીરના ભાવે બતાવવાની આપના પોતામાં તાકાત છે કે નહિ, એ કહેવાની જરૂર નથી; પણ આપના લાખો જૈનોમાં તો સામાન્યપણે એ તાકાત નથીજ, એ અમે જાણીએ છીએ. એ મહાવીર નથી થઇ શકતા; એટલેજ એમને માણસ બનાવવા પ્રયાસ ચાલે છે. આપને એમને માણસ રહેવા દેવા છે કે નહિ? કે આપ એમને દંભી નામર્દી રાખવા માંગો છો? આ ચાલ્યા આવતા જીવનકલહના યુદ્ધમાં આપ જૈન કોમને સાફ કરી નાખવા માગો છો? કોઈ પણ જૈન બહેન-દીકરીની આબરૂ કોઈ ગુંડાને હાથે નાશ પામે તેમાં આપ રસ અને આનંદ લેશો?

મહારાજથી તો વૈરાગ્યનોજ બોધ થઇ શકે, તેનાથી તો એકાંત અહિંસાજ પ્રબોધી શકાય, એ અખાડાઓની પ્રવૃત્તિઓને શી રીતે સમર્થન આપી શકે? વગેરે દલીલોનું પાંડિત્ય અમે જાણીએ છીએ-અને એથી પણ ઘણું વધુ જાણીએ છીએ. પગલે પગલે, શબ્દે શબ્દે અને ક્ષણે ક્ષણે શુદ્ધ સાધુતાના કેટલા ભંગ થઇ રહ્યા છે? એવી લાખ વાતો બતાવી શકાય, પણ તે જવા દઇએ; પરંતુ મહારાજોને એટલું તો કહીએ કે, તમે મર્દાઇ સિંચનારી પ્રવૃત્તિઓનું સમર્થન ન કરી શકો, સહાય ન કરી શકો, તો રહેવા દો; પણ મૂંગા તો રહી શકો કે નહિ? તમારી સલાહ કોણ લેવા આવે છે? તમે કૃપા કરીને તમારૂં શુદ્ધ કાર્ય કર્યા કરોને! અગર આપ પધારી જાઓ, આપના વિચારવાળાઓનો સંઘ કાઢી કોઈ જંગલ તરફ પ્રયાણ કરી જાઓ; અમારૂં જગત આપના વિના ચલાવી લેશે. અમારાં કાર્યોમાં અમારે આપનાં વિઘ્ન નથી જોઈતાં. ગુજરાતના જૈનોએ વસ્તુપાળ-તેજપાળો ઉત્પન્ન કર્યા છે, ગુજરાતના જૈનોએ મુંજાલ ઉપજાવ્યો છે, ગુજરાતના જૈનોએ શુદ્ધ સ્વરાજ્યો ચલાવ્યાં છે, લશ્કરો એકઠાં કર્યાં છે, યુદ્ધો ખેડયાં છે. આજે આબુજીના તીર્થ ઉપર લડવૈયાના પોશાકમાં અશ્વારૂઢ વસ્તુપાળની મૂર્તિ જૈન દેરાસરજીમાં ઉભી છે. એ લડવૈયાને, એના લડાયક ગુણોને, એનાં હથિયારને, એના અશ્વને જૈનો પૂજે છે. આ વસ્તુપાળ-તેજપાળ, એ મુંજાલસમા વીરોના વારસદાર જૈનો આજે તો હિંદુસ્થાનનું નામર્દમાં નામર્દ અંગ છે! એ નામર્દ અંગ મર્દ બને, હિંદુસ્થાન સ્વરાજ્ય મેળવવા પ્રયત્ન કરે, હિંદુસ્થાન આત્મરક્ષણ માટે તૈયાર થાય, ત્યારે આ અંગ પણ કૂચમાં સાથે હોય, એવું નવજીવન જૈનકોમની નાડીમાં રેડવાની પ્રત્યેક હિંદીની ફરજ છે. આજે તો, જૈનો જે રીતે દયાપાત્ર જંતુજીવન જીવે છે એમાં અને સૌ કોઇ અમે જૈન છીએ એટલે વિશેષ કરીને-જૈનોનો કાળ નજીક આવતો જોઈએ છીએ. એ છતાં, અમે આશાવાદી છીએ; અમને ગુજરાતની જૈન વીરતાનાં સ્વપ્નો આવે છે; અમે વસ્તુપાળ અને તેજપાળની મૂર્તિઓ જોઈ જૈન જુવાનોમાંથી નવયુગના વસ્તુપાળો-તેજપાળો નીપજાવવાની કામના સેવી રહ્યા છીએ. એવા વીરપુત્રોજ જૈન કોમને અમર નામ, અમર કીર્તિ, અમર જીવન અર્પી શકશે. જૈન કોમનો ઉદ્ધાર વીરત્વની સાધનામાં છે-સાધુજીની પેલી વંચક વાણીના સેવનમાં નહિ.

("સૌરાષ્ટ્ર" તા. ૧૩-૧૦-૨૮ ના અંકનો અગ્રલેખ)

१८–भगवान जीसस क्राइस्टनी जयंति*

ભગવાન જીસસ ક્રાઇસ્ટની જયંતિમાં હિંદુઓએ શા કારણથી ઉમળક અને આનંદ દર્શાવે છે? હિંદુધર્મ અને ખ્રિસ્તધર્મ વચ્ચે એવો કયો મહાન સંબંધ છે કે જે વડે અન્ય હિંદુ છતાં ભિન્ન બંધુઓ પ્રતિ આત્મભાવે જોડાય છે? પ્રાણીપદાર્થો સાથે એવો કોઈ સામાન્ય બુદ્ધિથી અગમ્ય અધ્યાત્મ સંબંધ હોય છે કે જે વડે ભલે તે દેશ, કાળ અને વસ્તુસ્થિતિમાં તે પ્રાણીપદાર્થો હોય તોપણ પરસ્પર આકર્ષાય છે. કવિ ભવભૂતિ કહે છે કે, પદાર્થોનો આધ્યાત્મિક સંબંધ બાંધનારાં નિમિત્તો અગમ્ય આંતર ભૂમિકાનાં હોય છે. જો તેમ ન હોય તો કેટલો મોટો અને બળવાન સૂર્ય અને કેટલું નાનું અને કોમળ કમળ, એ બેની વચ્ચે સ્નેહસંબંધ શી રીતે થાય? ચંદ્રમા ઉગે અને ચંદ્રકાન્ત શાથી ઝરે? ઉત્તર એટલોજ છે કે, આ દૃષ્ટાન્ત કરતાં આંતર સ્નેહનાં આકર્ષણનાં નિમિત્તો ઘણાં ઊંડાં હોય છે, અને તે જ્યારે સ્નેહના પરિણામને પ્રકટ કરે છે ત્યારે તેના ઊંડાણનું માપ અનુભવ કાઢી શકે છે.

ધર્મના વિશાળ વિષયના અભ્યાસમાં મને એવું સમજાયું છે કે, આપણે ધર્મના શુદ્ધ રૂપને ભૂલી અશુદ્ધ અંશને વળગી પરસ્પર વિગ્રહ અને ક્લેશ કરીએ છીએ. ધર્મભાવના આપણી સાચી "સૂઝ" વાળી હોય તો આપણા ધર્મના બાહ્યમાર્ગો ભલે તેટલા દેશકાળ અને નિમિત્તોને લઇ જુદા હોય તોપણ અંતરવિચારવડે પરસ્પરના ધર્મની ભાવનાની કદર કરી શકીએ; એટલુંજ નહિ પણ અપધર્મમાં તણાતાં આપણે બચી શકીએ.

ધર્મભાવના મનુષ્ય પ્રાણીમાં આગંતુક નથી, પણ સાહજિક છે. જેમ ક્ષુધા અને તૃષા દેહ સાથેજ પ્રકટ થાય છે, અને દેહ સાથેજ લય પામે છે; તેમ અલ્પજ્ઞ અને પરતંત્ર જીવચેતનને સર્વજ્ઞ અને સ્વતંત્ર પરમેશ્વર ચેતન સાથે અનુસંધાન કર્યાવિના સંતોષ થતો નથી. ધર્મભાવના એ એક જાતની અધ્યાત્મ ભૂખ છે. ભૂખ એ સ્વાભાવિક છે. વિકારી દેહમાં ભૂખ વિકારી થાય છે. અજીર્ણ વ્યાધિવાળાને ભૂખનું વિકૃત દુઃખ ભોગવવું પડે છે; પરંતુ સ્વસ્થ દેહમાં ભૂખ એ આરોગ્ય અને બળને પ્રકટ કરનાર છે. તેવી રીતે જ્યાંસુધી જીવને પરમેશ્વર સાથે જોડાવાની ઉંચી વાસના ન જાગે, ત્યાંસુધી ધર્મભાવના વિકૃત રૂપ પકડે છે; પરંતુ ભૂખ જેવી રીતે સ્વતઃ દોષરૂપ નથી, તેમ ધર્મભાવના પણ દોષરૂપ નથી. નીરોગ શરીરમાં ભૂખ એક ગુણ છે, તેમ નીરોગ મનમાં ધર્મભાવના પણ ગુણરૂપ છે.

મનુષ્ય પ્રાણીને જ્યાંસુધી અલ્પજ્ઞતા, પરતંત્રતા, અપૂર્ણતા વગેરે જણાયાં કરશે ત્યાંસુધી સર્વજ્ઞ, સ્વતંત્ર અને પૂર્ણ પરમેશ્વરને ભજવાને તે તલસ્યાજ કરશે. ધર્મની આવી સાચી ભૂખ ઉઘડવી તેનું નામ ધર્મજિજ્ઞાસા છે. હિંદુજાતિના મહર્ષિઓ ધર્મભાવનાનાં બે રૂપો માને છે–(૧) પ્રાકૃત એટલે પ્રકૃતિના વિકાસક્રમથી સમજણમાં આવતું જેને અંગ્રેજીમાં 'નેચરલ રીલિજીયન' એવી સંજ્ઞા મળે છે. (૨) અપ્રાકૃત એટલે પ્રકૃતિદ્વારા સમજાય તેવું નહિ, પણ અન્ય દ્વારથી સમજાય તેવું. અપ્રાકૃત ધર્મ ઐતિહાસિક મહાપુરુષોથી સમજાય તેવો હોય છે, અને પ્રસંગે પ્રતિભાવાળા દર્શનથી સંસ્કારી સત્પુરુષોને પરમેશ્વરદ્વારથી જાણે ઉતરી આવતો હોય એવો અપૌરુષેય વર્ગનો હોય છે. હિંદુઓ અપૌરુષેય વર્ગના ધર્મને વેદમાં સમાયેલો માને છે; ખ્રિસ્તીઓ પવિત્ર બાઇબલમાં ગ્રથિત થયેલો માને છે, મુસલમાન ભાઇઓ કુરાને શરીફમાં સમાયેલો માને છે.

પૌરુષેય ધર્મ એટલે મહાપુરુષોના ઉપદેશ અને સદાચારથી સમજાતા ધર્મના મૂળનો સ્વીકાર હિંદુઓએ કર્યો છે. શ્રુતિને એટલે વેદને તેઓ અપૌરુષેય ધર્મનું મૂળ માને છે અને સ્મૃતિ તથા સદાચારને પૌરુષેય ધર્મનું મૂળ માને છે. તે ઉપરાંત હિંદુઓ પોતાનું પ્રિય અથવા કલ્યાણ શામાં રહ્યું છે અને શુદ્ધ સંકલ્પવડે જે ઇચ્છાઓ અથવા કામના પ્રકટ થાય તેવડે પણ ધર્મતત્ત્વનો નિર્ણય થઇ શકે છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ વગેરે સઘળા ધર્મોની ધર્મ-

* તા. ૨૪-૧૨-૧૯૨૭ ના રોજ 'ખ્રિસ્તજયંતિ' ના પ્રસંગે પ્રમુખપદેથી શ્રી. નર્મદાશંકર દેવશંકર મહેતાએ આપેલા ભાષણનો સંક્ષિપ્ત સાર છે.

મયતા, પોતાનું જેવું હિત તેવું અન્યનું હોય છે, તે ધર્મો આપણને જેવા પ્રિય છે તેવા અન્યને પણ પ્રિય છે; એવા બુદ્ધિવડે થતા નિર્ણયથી સમજાય છે. આ કારણથી પોતાના પ્રિયપણાના ભાનથી અને અમુક વાસના સાચા સંકલ્પથી ઉત્પન્ન થઇ છે એવા અવલોકનવડે જે ધર્મતત્ત્વનો નિર્ણય થાય છે તેને પ્રાકૃત ધર્મ એટલે પ્રકૃતિના જ્ઞાનથી સમજાય તેવો ગણવામાં આવે છે. આ પ્રકારે હિંદુધર્મના વિચારકોએ (૧) પ્રાકૃત ધર્મનું દ્વાર, પ્રિયપણાનું ભાન અને સત્ય-સંકલ્પવડે ઉદય પામતી કામનાને માન્યું છે અને (૨) અપ્રાકૃત પૌરુષેય ધર્મનો આધાર, આપ્ત પુરુષના ઉપદેશ અથવા વાક્ય ઉપર અને તેમના સદાચાર ઉપર રાખ્યો છે અને (૩) અપ્રાકૃત અપૌરુષેય ધર્મનો આધાર શ્રુતિ અથવા વેદ ઉપર રાખ્યો છે.

હિંદુધર્મ એવો તો સંગ્રાહક છે કે તે સર્વને પોતામાં શમાવી દે છે. ભારતવર્ષે બ્રાહ્મણધર્મ, જૈનધર્મ અને બૌદ્ધધર્મને પોતાની મર્યાદામાં પ્રકટ કરી પોતાના કર્યા છે, તે સાથે ખ્રિસ્તી અને મુસલમાન ધર્મને આવાહન કરી તેણે નોતર્યા છે, અને તેમનો અતિથિતરીકે સત્કાર કર્યો છે. અતિથિતરીકે આપણે ખ્રિસ્તી ધર્મનો સત્કાર પ્રથમ દક્ષિણાપથમાં કર્યો છે. આર્યપ્રજા કરતાં દ્રાવિડ પ્રજાએ તે ધર્મનું આતિથ્ય વહેલું કર્યું જણાય છે. મલબારકિનારા ઉપર ખ્રિસ્તી સંપ્રદાયનો સીરીઅન પંથ ઇ. સ. ના લગભગ છઠ્ઠા સૈકાથી પ્રવેશ પામેલો છે. સીરીઅન, જેકોબાઇટ અને રિફોર્મ્ડ એટલે સુધરેલા સીરીઅન એ રીતે ત્રણ મુખ્ય વર્ગમાં એ પંથ ચાલે છે. હિંદુધર્મની બે મુખ્ય શાખાઓ છે. (૧) વેદવાદની અને (૨) આગમવાદની. સઘળા મહાપુરુષોથી પ્રબોધાયલા ધર્મસાહિત્યને હિંદુઓ આગમ વ્યૂહમાં ગણે છે. જેમકે જૈનાગમ, બૌદ્ધાગમ, વૈષ્ણવ અથવા સાત્વત આગમ, શૈવાગમ. દ્રાવિડદેશમાં વેદનું જેટલું પ્રામાણ્ય છે તેટલું આગમોનું પણ છે. તામીલ દેશમાં જે શૈવ સિદ્ધાન્તના નયનાર અને શિવાચાર્યો થયા છે તેમણે "વેદાન્ત સિદ્ધાંત સમરસ" એવા ભાવથી નિગમ અને આગમની એકવાક્યતા કરી છે અને તેમાં શિવસિદ્ધાન્તનાં મૂળતત્ત્વો સાથે ખ્રિસ્ત સંપ્રદાયનાં મૂળતત્ત્વોનો સજાતીય સંબંધ છે. વેદાન્તદર્શનના બ્રહ્મવાદ કરતાં શૈવ સિદ્ધાન્તના પરમેશ્વરવાદ સાથે ખ્રિસ્તધર્મના પાયાના સિદ્ધાન્તો ઘણા મળતા આવે છે. શૈવસિદ્ધાન્ત પ્રમાણે ત્રણ મુખ્ય તત્ત્વો છે અને તેને શૈવો (૧) પતિ એટલે પરમેશ્વર, (૨) પશુ એટલે જીવ અને (૩) પાશ એટલે પશુને બંધન ઉત્પન્ન કરનાર નિમિત્તો એવાં નામો આપે છે.

જેવી રીતે ખ્રિસ્ત સિદ્ધાન્ત પ્રમાણે પરમેશ્વર જગતના અંતર્યામી છે, અને જીસસ ક્રાઇસ્ટમાં દેવનો આત્મા પૂર્ણપણે પુત્રભાવે પ્રકટ થઈ મનુષ્યપ્રજાને પ્રભુ સાથે સંયોજન કરાવે છે એવું મંતવ્ય છે; તેવીજ રીતે શૈવ સિદ્ધાન્તમાં પણ સ્વતંત્ર પતિ અથવા શિવ ગુરુદ્વારથી પશુ એટલે જીવનું સમુદ્ધરણ કરે છે, અને એવી એક પણ જીવકલા નથી કે જેમાં શિવકલા પેઠેલી ન હોય, એવું માનવામાં આવે છે. જીવ શિવને ઝંખે તેના કરતાં શિવ જીવને પોતામાં સાયુજ્ય ભાવ પમાડવા અત્યંત કરુણાથી શક્તિપાત કરી ખેંચે છે. જેમ પરમેશ્વર અને પતિત મનુષ્યના [illegible]નું સંયોજન ભગવાન જિસસ ક્રાઇસ્ટના તારક અવતારી આત્માથી થાય છે એવું [illegible] સંપ્રદાયનું મન્તવ્ય છે, તેમ શૈવ સિદ્ધાન્તમાં પણ શિવચૈતન કોઇ દિવ્ય સિદ્ધ અથવા મનુષ્યયોનિના શરીરમાં ઉતરી આવી પશુ એટલે જીવોના પાશને તોડે છે. પશુપાશવિમોચન [illegible] અંતરથી જેટલા સહજ થાય છે તેના કરતાં ઈશ્વરનો પ્રસાદ વધારે [illegible] સામાન્ય વેદાન્ત સિદ્ધાન્તમાં જીવ તે અવિકૃત બ્રહ્મ જ છે અને તેનું [illegible] નથી, ત્યારે શૈવ સિદ્ધાન્તમાં એવું માનવામાં આવે છે કે, જીવાત્માને [illegible] શિવ સાથે [illegible] દૂર થતાં [illegible] છે. વેદાન્તો [illegible] છે. શૈવ સિદ્ધાન્ત [illegible]માં છે. [illegible] નથી. [illegible] જીવનું [illegible] શિવના [illegible] છે. [illegible] સિદ્ધાન્તનું [illegible] શૈવ સિદ્ધાન્ત [illegible] આવે છે.

વેદાન્ત [illegible] શૈવ સિદ્ધાંત ખ્રિસ્ત [illegible] જીવના [illegible] સંબંધમાં

વધારે મળતો આવે છે. જ્યારે વેદાન્તશાસ્ત્ર પાપ એ અજ્ઞાન અથવા અવિદ્યાથી જીવમાં ઊભું થયેલું છે એવું માને છે, ત્યારે શૈવ સિદ્ધાંત એવું માને છે કે, જીવનો સ્વાભાવિક "આણવમલ" નામનો દોષ, જેમ ધાતુમાં કાટનો સ્વભાવ દોષ હોય તેમ, જીવની સાથે લાગેલો હોય છે એટલે પાપ એ જીવનો ભાવમય દોષ છે. વેદાન્તના કહેવા પ્રમાણે અજ્ઞાનથી ઊભો થયેલો દોષ નથી. શૈવ સિદ્ધાંતનું મંતવ્ય છે કે, જ્ઞાનવડે અજ્ઞાનની નિવૃત્તિ થવા છતાં મનુષ્યો પાપાચરણ કરે છે અને તે જીવના સ્વભાવમલ અથવા આણવમલને લીધે થાય છે. અજ્ઞાનને કરીને મનુષ્યો અશુભ કર્મ કરે છે એ વાત ખરી છે; પરંતુ સમજણ અથવા જ્ઞાનનો ઉદય થવા છતાં પણ જીવ આણવ-મલથી જ્યાંસુધી લપાયેલો રહે છે ત્યાંસુધી સર્વથા પાપ પ્રવૃત્તિથી તે અટકતો નથી. જીવના આ આરંભના સહજ દોષ અથવા આણવમલની નિવૃત્તિ પરમેશ્વરના શક્તિપાત અથવા અનુગ્રહથીજ થઇ શકે છે. જીવના માયાદોષથી પ્રકટ થતાં પરિણામો અને કર્મવડે થતા સંસ્કારો પ્રયત્નવડે દૂર થઈ શકે છે, પરંતુ સ્વભાવગત અથવા આણવમલ તો પરમેશ્વરની કરુણા અથવા પ્રસાદથીજ દૂર થાય છે. આ મુદ્દામાં ખ્રિસ્ત સિદ્ધાંત અને હિંદુઓનો શૈવ સિદ્ધાંત અત્યંત મળતો છે.

ત્રીજું વ્યાપક અને નિરાકાર પરમાત્મા સાથેનો જીવનો સંબંધ દેહધારી અને સાકાર પરમેશ્વરના પુત્રમાં શ્રદ્ધાભક્તિવડે જીવાત્મા સાધી શકે છે. આ ખ્રિસ્ત સિદ્ધાંતમાં મુક્તિનું દ્વાર "ગુરુ-ઈશ્વર" છે એ શૈવસિદ્ધાન્તનું પ્રતિબિંબ હિંદુઓને સારી રીતે સમજવા જેવું છે. હિંદુઓ ખ્રિસ્ત-ચર્ચના ખ્રિસ્ત ધર્મને કદાચ ભિન્ન દેશકાળમાં ઉદ્દભવેલ હોવાથી ન માને તોપણ જિસસ ક્રાઇસ્ટના જીવનમાં ગુંથાયેલી ધર્મભાવનાને તો પોતાનીજ કરી માની શકે એમ છે. પરમેશ્વરવાદના નીચે પ્રમાણે પાંચ મુદ્દાઓમાં ખ્રિસ્તીઓ હિંદુઓના સમાનગોત્રવાળા ગણાય તેમ છેઃ–

(૧) પતિ અથવા પરમેશ્વરનું અસ્તિત્વ બન્નેને સંમત છે.

(૨)પરમેશ્વર દેહધારી થાય છે અને પુરુષોત્તમભાવ જીસસ ક્રાઇસ્ટમાં જેવો મૂર્તધારી યથાર્થ ખ્રિસ્તીઓનું પવિત્ર મંતવ્ય છે, તેમ પરમેશ્વર નાનામોટા અવતારી થાય છે અને જીવોનો ઉદ્ધાર કરવા તે મથે છે–આ ભૂમિકા હિંદુઓની પાયામાં એક છે. જો કે બન્ને મત ઉપર બંધાયેલી ઇમારત ભિન્ન દેશકાળને લઇને ભિન્ન લાગે છે.

(૩) પરમેશ્વરનું જગતકર્તૃત્વ ખ્રિસ્તીઓને અને સેશ્વરવાદી હિંદુઓનું સમાન કક્ષાનું છે.

(૪) પરમેશ્વર અથવા ભગવાન અનેક કલ્યાણગુણોના આધાર છે એ નિર્ણય જેવો ખ્રિસ્તીઓનો છે તેવો હિંદુ શૈવો અને ભાગવતોનો પણ છે.

(૫)પરમેશ્વર મનુષ્યના આત્માનો પ્રેમ અને કરુણાથી જીસસ ક્રાઇસ્ટના દ્વારવડે ઉદ્ધાર કરે છે. મંતવ્ય જેવું ખ્રિસ્તીઓનું છે, તેવું પરમેશ્વર-ગુરુદ્વારથી શક્તિપાત અથવા અનુગ્રહ કરી જીવને શિવસાયુજ્ય આપે છે. આ હિંદુઓનો સમાન કક્ષાનો સિદ્ધાન્ત છે.

હિંદુ ધર્મની ઉંડી સમજણવાળા સદ્ગૃહસ્થો આ પાંચ મુદ્દામાં ખ્રિસ્ત સંપ્રદાય સાથે એકમત-વાળા હોવાથી ભગવાન જિસસ ક્રાઇસ્ટની જયંતિમાં મુદિતા ભાવનાથી જોડાઈ પોતાના ધર્મ-જ્ઞાનની વિશુદ્ધિ કરી શકે એમ છે. ધર્મના આચરણનાં બાહ્યરૂપોમા અનેક ભેદો છતાં હિંદુઓ અને ખ્રિસ્તીઓનો પરમેશ્વરમા અનન્ય શરણતાનો ભાવ બન્નેના ધાર્મિક આત્માઓનું સંયોગી-કરણ કરનાર હોવાથી ખ્રિસ્તીઓના આવા જયંતિપ્રસંગે હિંદુઓને સ્વાભાવિક રીતે આનંદ થાય એમાં આશ્ચર્ય નથી.

ખ્રિસ્ત સિદ્ધાન્તના તત્ત્વત્રયો-પરમેશ્વર પિતા, તેમના પુત્ર અને તેમનો અંતર્યામી આત્મા, પ્રાચીન અધિદૈવ, અધિભૂત અને આધ્યાત્મિક, એવા ત્રણ ઔપનિષદ વ્યૂહ સાથે, તથા પરાપ્રકૃતિ વાસુદેવમાંથી કાર્ય વ્યૂહરૂપે સંકર્ષણ એટલે જીવવ્યૂહ પ્રદ્યુમ્ન એટલે અંતઃકરણવ્યૂહ અને અનિરુદ્ધ એટલે અહંકારવ્યૂહ એવા ત્રણ ભાગવત મતના ત્રણ કાર્યવ્યૂહો સાથે, અને શૈવોના પરશિવમાંથી પ્રકટ થનારા શક્તિતત્ત્વ, સદાશિવતત્ત્વ અને ઈશ્વરતત્ત્વ નામના તત્ત્વત્રયો સાથે તેમના સ્વભાવ ધર્મોને લક્ષમાં લઈએ તો મળતા આવે છે. જેવી રીતે ખ્રિસ્તીઓમાં 'બેપ્ટીઝમ' નામનો ધર્મસંસ્કાર છે, તેવો શૈવોમાં શૈવી દીક્ષાનો ક્રમ મુક્તિમાર્ગમાં આવશ્યક મનાયો છે.

જેવી રીતે મૂળનો સાદો બૌદ્ધ ધર્મ હીનયાનમાં ગુંથાયેલો રહી મહાયાનમાં તેણે સાર્વભૌમ રૂપ પકડયું છે; જેવી રીતે બ્રાહ્મણોનો ત્રૈવર્ણિક સનાતન ધર્મ યજ્ઞકાંડમાં મર્યાદિત રહી બ્રહ્મકાંડમાં સાર્વભૌમ બન્યો છે; તેવી રીતે આરંભમાં એક વ્યક્તિએ પ્રાચીન યાહુદી ધર્મની સુધારણા કરી જે શુદ્ધ અને સાદુ નૈતિક ધર્મનું સ્થાપન કર્યું તેવા ભગવાન ઇસુખ્રિસ્તનો ધર્મ પણ પાછળની ગ્રીક-રોમન પ્રજાના તાત્ત્વિક સિદ્ધાંતોથી વિપુલ બની હવે સાર્વત્રિક ધર્મ બન્યો છે. હાલના ખ્રિસ્તી ધર્મની આપણે વ્યાખ્યા આપીએ તો એવી થઇ શકે કે "ભગવાન જીસસ ક્રાઇસ્ટના અવતારી પુરુષે મનુષ્યના આત્મા અને પરમાત્માનો સંબંધ શી રીતે પુનઃ સિદ્ધ થાય તેવા નીતિતત્ત્વનું વિવેચન કરનારો સર્વ ભૂમંડળમાં મનુષ્યોને ઉપયોગી થઈ પડે તેવો સંસારના દુઃખથી ભીતરની નિવૃત્તિ કરાવનારો એકેશ્વરવાદવાળો ઐતિહાસિક ધર્મ." આ ધર્મ એક પુરુષના મૂળવચન ઉપર બંધાયેલો પૌરુષેય ધર્મ છતાં તેમાં સાર્વભૌમ ધર્મતત્ત્વના અંશો ગુંથાયેલા હોવાથી તે એકદેશી ધર્મ નથી, પરંતુ સાર્વત્રિક ધર્મ બનેલો છે. આ સાર્વત્રિક ધર્મભાવનામાં ભગવાન જીસસ ક્રાઇસ્ટના આલંબન ઉપર ભક્તિનું બળ છે. જેવી રીતે રામકૃષ્ણની મૂર્તિના આલંબન ઉપર હિંદુઓની એકેશ્વર ભાવના રચાઇ છે, તેવી રીતે જીસસના મૂર્તરૂપ ઉપર ખ્રિસ્તીઓની એકેશ્વર ભાવના છે. ભજનીય વસ્તુ અથવા પરમેશ્વર એક અને તેનાં રૂપો અનેક હોઇ શકે. ભક્તિ અથવા પરમેશ્વરસંબંધી પરમ પ્રીતિનું રૂપ એક અને ભજનના પ્રકારોમાં અને ઉપાસનાની પદ્ધતિમાં ભેદ આવો પરમેશ્વરવાદનો સિદ્ધાંત જેઓ સમજી જાણે તેવા હિંદુઓ સમાનભાવથી ખ્રિસ્તી બંધુઓની ભાવનાની વાસ્તવ કદર કરી શકે. જેઓને ભજનીયના રૂપભેદમાં મિથ્યા આગ્રહ છે, તેઓ એકેશ્વરવાદના સમરસને ઓળખી શકે તેમ નથી.

એવા જયંતિના પ્રસંગે ખ્રિસ્તી બંધુઓ હિંદુઓને પ્રેમભાવથી બોલાવી ખ્રિસ્ત ધર્મના મર્મો સમજીને અને હિંદુઓ પોતાના વ્યાપક ધર્મતત્ત્વને ખ્રિસ્તી ભાઇઓને સમજાવે તો "હું અને તમે" એવા ભેદવાન ભાવો કરતાં "આપણે' એવા ભાવથી શુદ્ધ ધર્મરસ મનુષ્યના આત્માને કેવું સંતર્પણ આપી શકે છે તે આપણે સિદ્ધ કરી શકીએ. જેને પરમેશ્વરની ભક્તિ સાચી લાગી છે તેઓ પોતાના ઈષ્ટ જ્ઞેય-ધ્યેયમાં પારકાના ઇષ્ટ જ્ઞેય-ધ્યેયની એકવાકયતા કર્યાવિના નહિ રહે.

९९–बालक की वीरवाणी

પઢ અંગરેજી હોના ચાહતા ગુલામ નહીં,
માતૃ-ભાષા સંસ્કૃત મુઝકો પઢા દો માં.
કોટ હેટ આદિક મેં ધન વ્યર્થ ફૂંકના હૈ,
ખદ્દર કી ધોતી ઔર કુરતા બના દો માં.
હૌવા કનકટા કી ગપોલિયાં હૈં ઝૂઠી 'दत्त'
બલશાલી અભિમન્યુ કી કથા સુના દો માં.
લેકે નામ ભૂતોં કા સપૂતોં કો ડરાતી હો કયા,
જૂતોં-માર દૂંગા ઉસે કહીં જો દિખાદો માં.

("વિશ્વમિત્ર"ના એક અંકમાં લેખકઃ—શ્રી ઉમાદત્ત સારસ્વત 'दत्त'.)

१००–इसुख्रिस्तनी वाणी

૨૫ મી ડિસેમ્બર–એ તો આશા અને નવીન ચૈતન્યનો તહેવાર. પ્રત્યેક દેવળ અને ખ્રિસ્તી કુટુંબમાં આજે આનંદની ઊર્મિઓ ઉછળી રહી છે. મહાન ઉત્સવનો દિવસ છે. આજે તેમની જન્માષ્ટમી છે–એકહજાર નવસો સત્તાવીસ વર્ષની વાત છે. એજ દિવસે પાપ, દુરાચાર, દંભ–પાખંડ અને અનીતિમાં ડુબેલા યહૂદી સમાજનો ઉદ્ધાર કરવા માટે મહાત્મા ઇસુખ્રિસ્ત આ સંસારમાં અવતર્યા હતા. જ્યારે તેમણે પોતાના સાર્વભૌમ ધાર્મિક સિદ્ધાંતોનો પ્રચાર કરવા માંડયો, ત્યારે પોતાના વિલક્ષણ વિશ્વપ્રેમ અને સાધુતાથી સમસ્ત સામ્રાજ્યમાં ખળભળાટ મચાવી દીધો હતો. સમ્રાટનું સિંહાસન ડોલી ઉઠયું હતું અને ધર્માંધ, દંભી, પાખંડી ધર્માધિકારીઓના બાર વાગી ગયા હતા.

પ્રત્યેક મહાપુરુષ એજ પ્રમાણે ભુલવણીમાં ભટકતા સંસારને જગાડવાને આવે છે અને તેના ચાલ્યા ગયા પછી તેના અનુયાયીઓ તેના શબ્દોના મનગમતા અર્થ કાઢીને ફરીથી એક નવી ધર્મ–જાળ ખડી કરી દઇ મૂળ વાતોને ભુલાવી દે છે. આત્મા નીકળી જાય છે અને તેઓ શરીરને પકડીને બેસી રહે છે. આજે કૃષ્ણ, ખ્રિસ્ત અને મહમ્મદનો અવાજ ફરીથી વાયુ-મંડળમાં ગુંજી રહ્યો છે અને ભટકતા સમાજને સન્માર્ગે બોલાવી રહ્યો છે. આજે ખ્રિસ્તનો જન્મદિવસ છે. આજથી બે હજાર વર્ષ પહેલાં સંસારની જેવી સ્થિતિ હતી તેવીજ સ્થિતિ આજે પણ છે. તેથી તેમના ઉપદેશ આજે પણ તે વખતના જેટલાજ ઉપકારક છે.

ખ્રિસ્તનું સૌથી પ્રસિદ્ધ અને મહત્ત્વપૂર્ણ પ્રવચન તો તેમણે પોતાના બાર શિષ્યોને દીક્ષા આપ્યા પછી તેમને પર્વત ઉપર લઈ જઈને સમજાવેલું તેજ છે. તેમણે એ પ્રવચનમાં પોતાના જીવનનું સંપૂર્ણ રહસ્ય ભરી દીધેલું છે. જરા એકાગ્રચિત્તે એ યુગનિર્માતાની વાણી સાંભળો.

"તેઓ સાચેજ ધન્ય છે કે જેઓ આ સંસારમાં દીન–દુઃખી, નમ્ર, સ્વધર્મ સમજવા આતુર, દયાળુ, શુદ્ધ હૃદયવાળા અને શાંતિ તથા એકતાના ઉપાસક છે. કેમકે તેઓજ મોક્ષના સાચા અધિકારી છે, તેઓજ સાચી શાંતિ પ્રાપ્ત કરી શકશે, તેઓજ પ્રભુના પુત્ર બનવા યોગ્ય છે અને તેઓજ ધર્મરાજ્યમાં રહી શકશે."

"જેમને સ્વધર્મપાલનમાં અત્યાચાર સહન કરવા પડયા છે તેમનું જીવન ધન્ય છે. કેમકે તેઓજ સાચા ખરી સ્વારાજ્યના અધિકારી છે."

"ભાઈઓ! જ્યારે લોકો તમારી નિંદા કરે, તમારા ઉપર જુલમ ગુજારે અને માર રસ્તે ચાલવા ખાતર તમારા ઉપર જુઠા આરોપો મૂકે ત્યારે તમારી જાતને ભાગ્યશાળી સમજજો. કેમકે તેથી તમારું કલ્યાણજ થશે. સંસારમાં જેટલા જેટલા સંતો થઈ ગયા છે તેમણે તિરસ્કાર અને કષ્ટો સહીનેજ સાધુતા પ્રાપ્ત કરી છે."

"ભાઇઓ! તમને દુનિયાઇસંપત્તિ સુખ આપી શકશે નહિ. એનું અભિમાન ના કરશો. એ જ્યારે જશે (કે જ્યારે મરશો) ત્યારે તમને એનાથી સુખ નહિ થાય."

"આ લૌકિક સુખથી તમે તમને ભાગ્યશાળી સમજશો નહિ. કેમકે એ સુખ તો તમને એક દિવસ રડાવશેજ, કે જે વખતે એ સુખનો કાળનો અનુભવ તમારા દુઃખને કોઇ પણ પ્રકારે ઘટાડી શકશે નહિ."

"પોતાની પ્રશંસા સાંભળીને કદીપણ ફુલાઈ જશો નહિ. કેમકે એથી તમને સાધુતા નહિ મળે."

"ભાઇઓ! તમે પોતાને દીન અને દયાપાત્ર માનશો નહિ. તમે તો આ સંસારનું નિમક–મીઠું છો. નિમકજ સૌ રસોના સારરૂપ છે; પરંતુ જો તે સ્વાદરહિત થઈ જાય તો તે કોઇપણ કામનું નહિ રહે–માટી થઈ જાય માટે તમે પણ તમારું સત ખોઇને તમારા મૂલ્ય અને મહત્ત્વને ગુમાવી દેશો નહિ."

"તમે તો આ દુનીઆનું નૂર છો. જેમ પર્વત ઉપર વસેલું શહેર છુપાવ્યું છાનું નથી અથવા મીણબત્તીને ઢાંકી કરી રાખી શકાતી નથી, તેને તો ઉંચે સ્થાને અથવા બારીમાંજ રખાય છે; એજ

१०१–धर्मना इजारदारोने

ઓ હિંદુધર્મના સ્વાર્થી, દુરાચારી, બેજવાબદાર અને ઠગ ઇજારદારો! તમારા અત્યાચારોની હવે પરાકાષ્ઠા થઇ ચૂકી છે, તમારી છેતરપંડીઓથી હિંદુધર્મ આજે ખળભળી ઉઠ્યો છે, તમારી અકર્મણ્યતા અને અસાવધતાને લીધે અમારી જાતીયતા શિથિલ અને અમારી ધાર્મિકતા જીર્ણ થઈ ગઈ છે. તમારી સ્વાર્થ અને દૂષિત મનોવૃત્તિઓને લીધે આજે હિંદુસમાજ અશાંત, જકડાયલો અને મરવા પડેલો છે!

તમે ધર્મનું રક્ષણ કરવાનું અને ધર્મમાર્ગના માર્ગદર્શક થવાનું વચન આપ્યું હતું. આ પુણ્ય સંકલ્પના ઝળહળતા પ્રકાશમાં હિંદુજાતિએ તમારે ચરણે પોતાનાં ધન, જન અને સર્વસ્વ વૈભવ ન્યોછાવર કરી દીધાં હતાં. તે તમને પોતાના આગેવાન ગણતી અને તમે તેના ભાગ્યનિર્માતા, તેના રાજ્યશ્રીના ઐશ્વર્યના મુકુટમણિ હતા. તમારા પ્રત્યે તેની આ સુંદર મનોવૃત્તિ જોઇને તમે પણ મુગ્ધ થઇ ગયા અને સેવાની તમારી નિઃસ્પૃહ ભાવનાઓ વધારે પ્રબળ વેગથી ખીલી નીકળી. પછી તો શી વાત? તમારી પાવનકારી–સેવા અને તમારી નિસ્પૃહતાનું સૌન્દર્ય જોઇને રાજા પોતાનો રાજવૈભવ, પ્રજા પોતાની ભક્તિ અને તમારા ધર્મના અનુયાયીઓ તમારે ચરણે સર્વસ્વ ન્યોછાવર કરવાને આતુર થઇ ગયા. મંદિર અને મઠો સ્થપાયાં. આ મંદિરોનાં દર્શન કરવાં તથા ત્યાં પૂજા ચઢાવવી, મઠોને માટે રાજ્યની આવકનો અમુક ભાગ આપવો એ રાજા અને પ્રજાને માટે એક ધાર્મિક બાબત બની ગઇ. લોકકલ્યાણ, સાર્વજનિક શિક્ષણ વગેરે નિમિત્તે તથા તમને પણ આર્થિક મુશ્કેલીઓથી મુક્ત કરવાને માટે તીર્થસ્થાનોની બધી આવક તમારાં પૂજ્ય ચરણોમાં ચઢાવવામાં આવી. તમે હજારો વર્ષસુધી તમારી આ મહત્ત્વપૂર્ણ જવાબદારી આદર્શ રીતે સંભાળી. તમારો અતુલ ત્યાગ, તમારી અદ્ભુત નિઃસ્પૃહતા, તમારૂં અજોડ મનોબળ અને તમારી અજોડ સાધના જોઇને સંસાર દિંગ થઇ ગયો. હિંદુજાતિનો હજારો વર્ષનો ગૌરવભર્યો ઇતિહાસ તમારા બલિદાનના અતુલનીય તેજથી ઝગઝગે છે. તમારી નિષ્કામ સેવાનો સુંદર અને જ્વલંત ઇતિહાસ અમારી દૂર દૂરની જ્યોતિનો ઝાંખો પ્રકાશ દર્શાવી રહ્યો છે. તમારી કૃતજ્ઞતાના ભાર નીચે દબાયલી હિંદુજાતિ આજ પણ તમને પોતાના માર્ગદર્શક માને છે અને તમારો સહેજ ઇશારો થતાંજ પોતાનું સર્વસ્વ અર્પણ કરવાને તૈયાર છે. તમારી એ અતીત સ્મૃતિઓને યાદ કરીને પ્રત્યેક હિંદુબાળક આજ પણ તમારી સમક્ષ પોતાનું ગૌરવભર્યું મસ્તક નીચું નમાવે છે અને તમારી શઠતા, તમારી છેતરપીંડી અને તમારા હજારો અવગુણો દેખતાં છતાં અંધવિશ્વાસ અને અંધભક્તિથી તમારી સેવા–પૂજા કરે છે; પરંતુ તેના બદલામાં તમે તેમને શું આપી રહ્યા છો? જાતીપતન, વિધર્મીઓથી થતાં અપમાન અને ધાર્મિક મૃત્યુ!!!

તમારી ક્રૂરતા, તમારી નિષ્ઠુરતા, તમારા અત્યાચાર અને વ્યભિચારની તમારી દૂષિત મનોવૃત્તિઓને લીધે આજે હિંદુજાતિ મરવા પડી છે. આજે એ સતી હિંદુ મહિલાઓ કે જેઓ તમારા ઉપર અતિશય ભક્તિ રાખે છે અને જેમનીદ્વારા તમારા પેટપૂજા થાય છે, તેઓ ગુંડાઓ દ્વારા ભ્રષ્ટ અને અપમાનિત બની રહી છે. આજે હિંદુઓનાં નાનાં નાનાં બાળકોને ગુંડાઓ ઉપાડી [illegible] છે, મંદિરોનાં અપમાન થઇ રહ્યાં છે અને તમે તે [illegible] [illegible] અને તમારા [illegible] [illegible] છો! [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ધાર્મિકતાની [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે?


[illegible] [illegible] હિંદુજાતિ [illegible] [illegible]

ક્યાં સુધી કહી શકશે ! અમારા પ્રાચીન ઇતિહાસના જ્યોતિર્મય અધ્યાયોને અમારી આધુનિક અકર્મણ્યતા, અમારી આધુનિક કલુષિત મનોવૃત્તિઓ ક્યાંસુધી મલિન કર્યાં કરશે ? સંસારની બીજી જાતિઓ, સંસારના બીજા ધર્મોના અનુયાયીઓ-કે જેમનું અમારા ઉન્નતિના જમાનામાં કંઇ અસ્તિત્વજ નહોતું. તેઓ અમારા આ ભીષણ પતનને જોઇને અમારી જાતિયતા અને ધાર્મિકતાની ક્યાંસુધી મશ્કરી કરી શકશે ! આ સભ્યતાના યુગમાં અમારી અસભ્યતાનો અંધકાર કે જેને તમે બળપૂર્વક અમારા શિર ઉપર ઠોકી માર્યો છે, તે ક્યાંસુધી અમને પથભ્રષ્ટ કર્યા કરશે ! એનો જવાબ સુંદર અને કલ્યાણકારી છે. સંસારનો ઇતિહાસ અમારી શુભ આશાઓને ખૂબ સારી પુષ્ટિ આપે છે. આજે અમારી ધાર્મિક સંસ્થાઓનું જે પ્રમાણે ધાર્મિક પતન થયું છે, બરાબર તેના જેવુંજ મધ્ય યુરોપના ઐતિહાસિક સમય(મિડલ એજ)માં રોમન કેથોલિક સંપ્રદાય અને તે સંપ્રદાયની ધાર્મિક સંસ્થાઓનું થયું હતું. આજે જે પ્રમાણે અમારા ધર્માચાર્ય પંડ્યા-પૂજારી અને મહંતોનું નૈતિક અને આધ્યાત્મિક પતન થયું છે, તેના જેવુંજ તે સમયના રોમન કેથોલિક પાદરીઓનું પણ થયું હતું. આજે જેમ પંડ્યા, પુરોહિત અને મહંતોને વૈતરણી પાર કરાવવાનો અને પાપનો નાશ કરાવવાનો ઇજારો મળી ગયો છે, તેમ તે સમયમાં પાદરીઓ પણ અજાણ લોકોને સ્વર્ગની ટીકીટો વેચાતી આપીને સ્વર્ગનું દ્વાર ઉઘાડી આપતા હતા. તાત્પર્ય એ છે કે, હાલમાં જેમ હિંદુજાતિની ધાર્મિકતા ઉપર અંધારાં છવાયાં છે, તેજ પ્રમાણે મધ્ય યુરોપના એ ઐતિહાસિક સમયમાં રોમન કેથોલિક ધર્મનું વાતાવરણ ભયંકર અંધકારથી છવાયેલું હતું. પરિણામે લોકોના હૃદયમાં પોપ સામ્રાજ્યના વિરુદ્ધના ભાવો પેદા થવા લાગ્યા અને તે પ્રથમ વ્યક્તિગત રૂપમાં પ્રગટ થયા. ત્યારબાદ વ્યક્તિરૂપમાંથી સમષ્ટિરૂપમાં ફેરવાઇ ગયા અને લોકોના હૃદયમાં પોપ તથા રોમન કેથોલિઝમની વિરુદ્ધમાં હીલચાલ ચાલવા લાગી. આ હીલચાલની સાથેજ લ્યૂથરના પ્રોટેસ્ટંટ-સમાજનો આવિર્ભાવ થયો અને આજે યુરોપનો મોટો ભાગ પ્રોટેસ્ટંટ ધર્મને માને છે. હિંદુધર્મના પતનનો ઇતિહાસ તે સમયના રોમન કેથોલિક ધર્મના ઇતિહાસને બરાબર મળતો આવે છે. એ પ્રોટેસ્ટંટ ધર્મ એક સુધારક સંપ્રદાય હતો. હિંદુધર્મની પતિત દશામાં પણ આર્યસમાજ-બ્રહ્મસમાજ વગેરે સુધારક સંપ્રદાયોની ઉત્પત્તિ થઇ છે. જો નિષ્પક્ષભાવે કહીએ તો આજે હિંદુજાતિની જાગૃતિનાં જે ચિહ્નો દેખાય છે તેનું ઘણુંખરું શ્રેય આર્યસમાજનેજ છે. અમારા અંતરમાં આર્યસમાજપ્રત્યે શ્રદ્ધા છે; કેમકે તેનામાં ત્યાગ, સાહસ, પુરુષાર્થ, વીરતા અને જીવન છે.

અમે ઉપર કહી ચૂક્યા છીએ કે, અમે મંદિરોના વિરોધી નથી. અમે સાથે સાથે એ વાત પણ કહીએ છીએ કે, અમે મૂર્તિપૂજાને ખરાબ માનતા નથી. આ સ્થળે અમે એ પણ કહી દેવાનું અમારું કર્તવ્ય સમજીએ છીએ કે, અમે પુરોહિતો, પંડ્યાઓ અને મહંતોના એટલેસુધી વિરોધી નથી કે જ્યાંસુધી તેમના ભુંડા સ્વાર્થોમાં હિંદુજાતિનાં સાર્વજનિક હિત અને હિંદુધર્મનો નાશ ન થાય. અમે હરગીજ નથી ઇચ્છતા કે મહાધિપતિઓ, પંડ્યાઓ અને પૂજારીઓને કોથળામાં બાંધીને હિંદી મહાસાગરમાં ડુબાવી દેવામાં આવે. પરંતુ અમે એ પણ નથી ઇચ્છતા કે આજે ધાર્મિકતાને નામે વ્યભિચારનાં તાંડવનૃત્ય ખેલાય; હિંદુધર્મની અનંત છાયામાં અસામ્ય, ઘૃણા, તિરસ્કાર અને અપમાનનાં દારુણ દશ્યો ખડાં કરવામાં આવે; ભગવાનને ભક્તિપૂર્ણ અંજલિ ચઢાવવા ઇચ્છતા અંત્યજ કહેવાતા હિંદુઓ લંપટ અને ગુંડા જેવા પંડ્યા-પૂજારીઓને લીધે પોતાની ધાર્મિક ઉત્કંઠા પૂર્ણ કરી ન શકે. અમે એ પણ કદી સહી શકીશું નહિ કે, એક બાજુ અમારાં મંદિરો લૂંટાય, તેમાંની મૂર્તિઓ ગુંડાઓને હાથે ભંગાય, પૈસાને ખાતર સંગઠનનું કાર્ય કરનારાઓ અને ધાર્મિક પ્રચારકોનો અભાવ રહે અને બીજી બાજુ હિંદુજાતિ અને હિંદુસમાજના પૈસાનો મોટો ભાગ પંડ્યા-પૂજારી અને મહાધિપતિઓ મોજશોખમાં ઉડાવે તથા સમાજમાં વ્યભિચાર ફેલાવીને તેને ભયંકર પતનના ખાડામાં નાખી દે. અમે તો આજે બ્રાહ્મણસમાજ તથા હિંદુધર્મના પુરોહિતો, પંડ્યાઓ અને મહંતો વગેરેનું ધ્યાન હિંદુજાતિના આ ભીષણ પતન તરફ ખેંચીએ છીએ અને સાથે સાથે તેમને વિશ્વાસ આપીએ છીએ કે, આપ આપની સુધારણા કરો; નહિ તો હિંદુજાતિની ભાવિ ક્રાન્તિમાં આપનું અસ્તિત્વ નાબુદ થઇ જશે. આજસુધી હિંદુજાતિના ઉત્થાન-

ની દોરી આપના હાથમાં હતી; પરંતુ આપે આપની જવાબદારીને ભયંકર રીતે ઠોકરે મારી છે અને આજે તેનાં ભુંડાં પરિણામો અમારી સમક્ષ મોજુદ છે. હવે આપના અત્યાચારોની અવધિ આવી રહી છે. આપના પાપનો ઘડો ભરાઇ ગયો છે. હિંદુજાતિ હવે પોતાના જીવન–મૃત્યુના સવાલને તમારી ઉપર રાખી શકે તેમ નથી. તે આજે જાગૃત થઇ છે. તેની છાતી ઉપર શત્રુઓના ક્ષત્તાપ્રહારોના ઘા હજુ તો તાજા અને લીલા છે. પોતાની સતી–સ્ત્રીઓનાં અપમાન તેણે બહુ જોયાં અને હવે તેની આંખોમાં પ્રતીકારનો અગ્નિ સળગી રહ્યો છે. હવે તે પોતાની અંધશ્રદ્ધા, અંધભક્તિ આપને ચરણે ભેટ કરી શકે તેમ નથી. તેની સમક્ષ આજે બેજ સવાલ ઉભા છે— જીવન અથવા તો મૃત્યુ ! જો તેને જીવવું છે તો તે અપમાન, તિરસ્કારભર્યા કલુષિત અને બહિષ્કૃત જીવનને ધારણ કરી શકે તેમ નથી. તેના કરતાં તો મૃત્યુજ હજાર દરજ્જે સારૂં છે. કુતરાંઓના જેવા જીવન કરતાં તો એ લાખ દરજ્જે સારૂં છે કે જે પોતાના જાતીય અને ધાર્મિક અસ્તિત્વને મિટાવી દે. તેથી આજે તે જાગૃત થઇ છે અને મરવા જીવવાને માટે તત્પર છે. સ્વતંત્રતા–કલુષિત ધાર્મિકતાની પરાધીનતાથી મુક્ત થવાને યુદ્ધ મંડાશેજ. એ સમય હવે દૂર નથી કે જ્યારે હિંદુસમાજ પાખંડવાદ અને આડંબરોના સ્વેચ્છાચારોથી સ્વતંત્ર થવાનો અવિરલ પ્રયત્ન કરશે. તે પ્રયત્નનું મુખ્ય અંગ તીર્થસ્થાનોની સુધારણાજ હશે, અને જ્યારે ધર્મ ઉપર બલિ ચઢાવનારા નવયુવકો અને નવયુવતીઓનાં રણદુંદુભી વાગવા માંડશે, જ્યારે હિંદુજાતિ પોતાના વ્યક્તિત્વને સમજીને પોતાની ધાર્મિક અને સામાજિક પરતંત્રતાની બેડીઓ તોડવાને તત્પર થશે, જે વખતે સમસ્ત હિંદુસમાજ પોતાનાં માન અને મર્યાદાને ખાતર જીવન સમર્પણ કરવાના ગગનવેધી સંગીતથી બલિવેદીનું આવાહન કરશે અને જે ક્ષણે હિંદુધર્મના સઘળા અનુયાયીઓ પોતાના જાતીય અને ધાર્મિક ચૈતન્યની ઝગઝગતી ઉત્તેજનામાં યુદ્ધનો ઝંડો હાથમાં લઇને સમરાંગણમાં કૂદી પડશે; તે વખતે ભગવાનનું સિંહાસન પણ ડોલી ઉઠશે; તે વખતે આ પૃથ્વી ઉપરની કોઇપણ શક્તિ ધર્મને ખાતર ઉત્સુક બનેલા હિંદુઓની સાચી ધાર્મિકતાને રોકી શકશે નહિ; તે વખતે વિજય તેમનાં ચરણોમાં આળોટશે અને હિંદુજાતિ, હિંદુસમાજ અને હિંદુધર્મના સઘળા શત્રુઓ કંપી ઉઠશે. એ પુણ્યપ્રકોપમાંથી એક નવીન જીવનનો પ્રાદુર્ભાવ થશે. તે જીવનમાં વિરોધી શક્તિઓ ઉલટા પ્રવાહમાં વહેવા લાગશે અને તે પ્રવાહમાંથી એક આશામય ભાવિ પ્રગટશે. તે વખતે સમસ્ત હિંદુજાતિનું વાતાવરણ ચેતનાના અંબારથી ઝગમગી ઉઠશે અને તે પ્રકાશમાં હિંદુસમાજ પોતાનું ખાસ વ્યક્તિત્વ સ્થાપવામાં અવશ્યજ શક્તિવાન બનશે. તે વિશાળ વ્યક્તિત્વની સમક્ષ, તે નવચેતનાના પ્રકાશમાં અંધકારનું આવરણ સદાને માટે નાબુદ થઇ જશે અને પ્રત્યેક હિંદુ પોતાની માતાઓ અને બહેનોના સંરક્ષણની પરમ પુનિત જવાબદારી ગૌરવપૂર્વક ઉઠાવશે અને એક પ્રલયકારી જયઘોષથી ગર્જી ઉઠશે કે:—“ **કોણ કહે મા અબળા તુહને !** ”

(‘ચાઁદ’ ના સપ્ટેમ્બર ૧૯૨૭ ના અંકમાંના અગ્રલેખનો અનુવાદ.)



૧૦૨–યોગી હરિદાસ ૪૦ દિવસ ભૂમિમાં દટાયા હતા.

આલમમાં અદ્ભુત અજાયબી

એક નજરોનજર જોનાર સાધુ હરિદાસના આ ચમત્કારનો અજાયબ બનાવ વર્ણવે છે કે, હિંદમાં હઠ યોગ યોગની સાધના આજેય થઈ શકે છે. તેણે પૂર્વના [illegible] [illegible] ૪૦ દિવસસુધી જમીનમાં દાટીને રાખી [illegible] કે તેને [illegible] મહારાજાની હુકમથી હરિદાસને દાટવામાં આવ્યા, આ વખતે [illegible] [illegible] હતા.

સાધુ હરિદાસે યોગ સાધવી, પછી તેમને [illegible] અને [illegible] સીવી લઈ એક લાકડાની પેટીમાં નાખી તેને મજબૂત ખીલાથી ઠોકી અને તે ઉપર [illegible] મહારાજાની સીલ-મહોર કરી.

આ પછી પેટીને ઇંટોનું બનાવેલું ભોંયરું હતું તેમાં ઉતારી અને ઉપર માટી તથા રેતી નાખી અને જેમ સાધારણ રીતે કબરો બને છે તેવી રીતે તે બંધી કરી. આ જમીન ઉપર જવ વાવ્યા અને તેમાંથી સાધુના અંદર પુરાયા પછી છોડ ઉગી નીકળ્યા.

આ કબરની દેખરેખ રાખવા માટે એક [illegible] ગોઠવવામાં આવ્યું અને તે રાત્રિદિવસ ચોકી-પહેરો કરતું હતું. ૪૦ દિવસ વીત્યા બાદ મહારાજાની સમક્ષ એ કબર ખોદી અને સાધુને બહાર કાઢ્યા અને તે વેળા પણ અંગ્રેજ અને ડૉક્ટરો હાજર હતા. બહાર કાઢ્યા તે વખતે સાધુની કેવી સ્થિતિ હતી તે નજરોનજર જોનાર એક અંગ્રેજ "વક્ર" નામના પત્રમાં નીચે મુજબ જણાવે છે:-

૪૦મે દિવસે હું મહારાજા રણજિતસિંહની સાથે આ ફકીરને દાટ્યો હતો તે સ્થળે ગયો. લાહોરના એક મહેલની નજીક કબરમાં આ સાધુને દાટ્યો હતો, તેની આસપાસ ખુલ્લી ઓસરી હતી અને તેમાં વચલા ઓરડામાં સાધુની સમાધિ હતી. હાથીની સ્વારીમાં બધા દરબારીઓ સાથે મહારાજા નીચે ઉતરી મને બધા ઓરડા તપાસવા કહ્યું અને જેવી સ્થિતિમાં તે મુક્યા હતા તેવા અનામત મને માલમ પડ્યા. પેટીની ત્રણ બાજુએ મજબૂત સીલના ખીલા ઠોકીને જેવી રીતે મૂકી હતી, તેવીજ આબેહુબ માલમ પડી. તાળાં ઉપર મહોરી ચોડી ગઈ હતી, હવા આ ઓરડામાં મુશ્કેલ દાખલ થતી નહોતી, ઉપરાંત સાધુને ખોરાક આપી શકાય તેવી મુશ્કેલ સગવડ નહોતી, વળી તે ઉપરાંત દિવાલો કે ઓરડામાં કોઇ દાખલ થયું નહોતું. એ બનાવ બાબતથી જોઇ શકાતું હતું.

મહારાજા રણજિતસિંહે, પોતે સીલ કરી હતી તે આબેહુબ છે એમ ચોક્કસ જણાવ્યું અને પોતે અંગ્રેજની માફક આ અખતરો ફતેહમંદ થશે નહિ એમ ધારતા હતા; તેથી ખડેપગે રાત્રિદિવસ ચોકી-પહેરો રાખ્યો હતો. ઉપરાંત દરરોજ રાજ્યનો અધિકારી આવીને બરોબર બરાબર છે કે નહિ તે જોઈ જતો હતો.

આ પ્રમાણે ત્યાંની સ્થિતિ જોયા પછી અમે સામે ખુરશીપર ઓસરીમાં બેઠાં અને મજુરોએ ખોદવાનું શરૂ કર્યું. એક અધિકારીએ સીલ તોડી અને તાળું ખોલ્યું. જ્યારે ઓરડાનો દરવાજો ખોલવામાં આવ્યો, ત્યારે અંદરથી અંધારું દેખાતું હતું. મહારાજા અને હું એ ઓરડામાં દાખલ થયા અને એક બત્તી સાથે લીધી. ત્રણ ફુટ નીચે ભોંયરામાં ઉતરી, જ્યાં ત્રણ ફુટ પહોળી અને ૪ ફુટ લાંબી લાકડાની પેટી પડી હતી ત્યાં પહોંચ્યા. આ પેટીને તાળું લગાવ્યું હતું અને સીલ મારી હતી. આ પેટી ખોલ્યા પછી અમે શણના કપડામાં વિટેલું માનુષી શરીર જોયું, તેને માથે દોરી બાંધી હતી અને તે ખોલતાં તોપોની સલામતી આપવામાં આવી હતી. આસપાસ એકઠા

[illegible] લોકોની [illegible] દેવતાને ઘસી આવી. લોકોની મનોભિલાષાને સંતોષ આપ્યા પછી એ સમૂહને [illegible] કરવામાં આવ્યો અને ફકીરના શિષ્યે એ શરીરને બહાર કાઢી પેટીને અઢેલીને મૂક્યું; અને જેમ હિંદુઓના દેવોની મૂર્તિ સમાધિ અવસ્થામાં બેઠેલી હોય તેમ રાખી. અમે પછી [illegible] [illegible]. [illegible] તો નાનું હતું કે માંડમાંડ બેસી શકાતું હતું અને હાથપગ [illegible] [illegible] [illegible] હતા.

પછી શિષ્યે તે શરીર ઉપર ગરમ પાણી છાંટવા માંડ્યું, પરંતુ મને છળભેદની ભ્રાંતિ થઈ; [illegible] મેં મહારાજને આ શરીર [illegible] બહાર કાઢવા કહ્યું. અમે કોથળો ખોલ્યો તો ભીનો [illegible] માલૂમ પડ્યો. [illegible] હાથપગ [illegible] ગયેલા અને ઠંડા લાગતા હતા, મ્હોં સીધું અને [illegible] [illegible] હતું. મેં આ પછી ડૉક્ટરોને બોલાવી એ મુડદાની તપાસ કરાવી; [illegible] નાડીના [illegible] સંભળાયા નહિ અને હાથ કે છાતીમાં કશી હીલચાલ નહોતી. માત્ર [illegible] [illegible] માલૂમ પડી અને [illegible] કોઈ જીવનના સંચારનાં ચિહ્નો જણાયાં નહિ.

શિષ્યે [illegible] [illegible] [illegible] અને હાથપગને લાંબા–ટૂંકા કરવા માંડ્યા. શિષ્યે [illegible] [illegible] [illegible] અને એ પ્રમાણે ગરમ રોટલાને બે ત્રણ વખત ઉપરાઉપરી મૂક્યો, [illegible] [illegible] [illegible] તેણે [illegible] નાખ્યાં અને છરીવડે [illegible] [illegible] [illegible] [illegible] [illegible]; પરંતુ વારંવાર તે પાછી ગાલી જતી, તોપણ [illegible] [illegible] પ્રયાસ કર્યો.

આ પછી [illegible] [illegible] [illegible] ધીરે ધીરે મસળ્યાં. પછી તે ઉઘાડ્યાં તો માલૂમ પડ્યું કે [illegible] [illegible] [illegible] [illegible]. [illegible] વખત ગરમ રોટલો પાછો મૂક્યા પછી શરીરમાં [illegible] શરૂ થઈ, [illegible] [illegible] [illegible] કુદરતી રીતે સજીવનપણાની નિશાની જણાવા માંડી. [illegible] [illegible] [illegible] [illegible] શરૂ થયા અને તે પછી શિષ્યે ઘી [illegible] ઉપર મૂક્યું અને [illegible] [illegible].

[illegible] [illegible] [illegible] [illegible] અને મારી મહારાજ રણજિતસિંહને જોયા. પછી [illegible] [illegible] [illegible] કહ્યું કે "કેમ મહારાજ સાહેબ! હવે મારી [illegible] માન્ય કરો છો કે નહિ?"

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] અમૂલ્ય [illegible] આપી. ને ઉપરાંત બે સોનાનાં [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આપવામાં આવે છે.

[illegible] [illegible].

([illegible])

१०३–जोइ लो आ जादु छे के मानसिक बळ?

હિંદુ સાધુઓ અને મિસરના ફકીરો જે અનેક પ્રકારના યોગ વગેરેના ચમત્કારો બતાવે છે, તેવા થોડાક ચમત્કારો વિલાયતની દુનિયાને બતાવવા માટે અને જો વૈજ્ઞાનિકોથી બને તો એ ચમત્કારોનાં મૂળ તે લોકો શોધી કાઢે એટલા માટે રહેમાન બે નામનો એક ફકીર યુરોપ અને અમેરિકાના જુદા જુદા દેશોમાં ફર્યો હતો. એ ચમત્કારોનું સચિત્ર વર્ણન ૧૯૨૬ના સપ્ટેમ્બરના 'પોપ્યુલર મિકેનિક્સ' નામના અમેરિકન માસિકમાં આપ્યું છે. તેનો સાર નીચે પ્રમાણે છેઃ—

રહેમાન બેના પ્રયોગોથી ઇંગ્લૅંડ અને ફ્રાન્સના સાયન્ટિસ્ટો છક્ક થઇ ગયા હતા. તેણે લંડનમાં ૨૭ ડૉકટરોને ભેગા કરીને પોતાના ગાલમાં મોટા મોટા સોયા ઘોંચ્યા અને ડૉકટરોને પણ પોતાના શરીરના ગમે તે ભાગમાં સોયા ઘોંચવાની પરવાનગી આપી. તેણે અગાઉથીજ જણાવી દીધું હતું કે, કોઇ પણ જખમમાંથી લોહી વહેવાનું નથી અને ડૉકટરોએ જોયું તો રહેમાન બેના હુકમ પ્રમાણે ઠેકઠેકાણે સોયા ઘોંચવા છતાં કોઇ પણ જખમમાંથી લોહી નીકળ્યું નહિ; પણ એક ડૉકટરે માગણી કરી કે એક જખમમાંથી લોહી વહેવા દેવું, અને તે પ્રમાણે રહેમાન બેની રજાથી એક જખમમાંથી લોહી નીકળ્યું. જ્યારે સોયા ખેંચી લેવામાં આવ્યા, ત્યારે તે જગાએ કોઈ પણ જાતની નિશાની જણાઇ નહિ.

રહેમાન બે કહે છે કે **"જો દરેક માણસ પોતાની ઇચ્છાશક્તિ ઉપર પૂરતો કાબુ મેળવે તો તે પણ મારા જેવા ચમત્કાર કરી શકે."**

રહેમાન બેના અનેક ચમત્કારો પૈકી એક ચમત્કાર એ છે કે, તીક્ષ્ણ અણીવાળા ખીલાઓની બાણશય્યા ઉપર તે સૂઇ જાય છે અને પોતાની છાતી ઉપર મોટો પથ્થર મૂકાવી મોટા મોટા હથોડાઓથી તે ભંગાવે છે. વિજ્ઞાનના નિયમ પ્રમાણે મોટો પથ્થર હોય તો તેના ઉપર હથોડો મારતાં છાતીને કશી અસર થાય નહિ, પણ બાણશય્યા ઉપર સૂઇને આવો ખેલ કરવો એ ચમત્કારિક છે. જ્યારે બાણશય્યા ઉપરથી રહેમાન બે ઉઠ્યો, ત્યારે ખીલાનાં નિશાન તેના શરીર ઉપર સ્પષ્ટ દેખાયાં હતાં, પણ થોડીજ વારમાં એ નિશાન અદૃશ્ય થયાં હતાં.

ડૉકટરોની હાજરીમાં રહેમાન બેએ પોતાની નાડીનો વેગ મરજી મુજબ ઓછોવત્તો કરી બતાવ્યો. એક હાથની નાડી ધીમે ધીમે વધારે વેગથી ચાલતી જણાઇ, જ્યારે બીજા હાથની નાડી તેજ વખતે ઓછા વેગવાળી થતી ગઇ. ત્યાર પછી તેણે પોતાની ગરદન દબાવી અને મુડદા જેવો થઇ પડ્યો અને ડૉકટરોને કહેવડાવ્યું કે, તેઓ પોતાના શરીરમાં કોઇ પણ ઠેકાણે જીવ છે કે કેમ તે ખોળી કાઢે. ડૉકટરોએ ખાત્રી કરી લીધા બાદ, તે પાછો જીવતો થયો. તેની નાડી પાછી ચાલવા માંડી, શ્વાસોચ્છ્વાસ ચાલવા માંડ્યો અને ફકીર પાછો પહેલાં જેવો જાગૃત થઇને ઉભો થયો.

આના કરતાં પણ, વધારે ચમત્કારિક ખેલ તેણે એ કર્યો કે, પોતે પેટીમાં સૂઇ ગયો અને બીજા માણસોએ તેની ઉપર રેતી ભરી અને દાટી દીધો. પ્રેક્ષકોના કહેવાથી ડૉકટરો પાંચ મિનિટ થોભ્યા; પછી એ ફકીરને રેતીમાંથી બહાર કાઢતાં તે જીવતો થયો!

'પોપ્યુલર મિકેનીક્સ' કહે છે કે "સાયન્સને હજીસુધી આના યોગ્ય ખુલાસા મળ્યા નથી. સાયન્સની અત્યાર સુધી થયેલી પ્રગતિ પ્રમાણે તો જે એમ માનવામાં આવે છે કે, કુદરતી નિયમ પ્રમાણે અમુક થવુંજ જોઇએ અને અમુક વગર તો જીવાયજ નહિ" વગેરે સિદ્ધાંત પૌરસ્ત્ય સાધુઓના કહેવા પ્રમાણે ખોટાજ છે. તેઓ કહે છે કે, આત્મસંયમથી થોડા વખતસુધી બધું બની શકે છે. જીવને ઉંચો પણ મૂકી શકાય છે અને મરણમાં આવે ત્યારે પાછો બોલાવી શકાય છે.

ચાર્લ્સ બર્ટ્રમ નામનો એક અંગ્રેજ જાદુગર પચાસેક વર્ષ પહેલાં આખી દુનિયામાં ફર્યો, ત્યારે જોગીઓ અને ફકીરોના આવા ચમત્કારો શીખવા માટે તેણે ઘણી મહેનત કરી હતી અને અમેરિકન જાદુગર કેલરની માફક તેણે પણ કહ્યું હતું કે, જાદુગરતરીકે પ્રખ્યાત થયેલા હિંદુસ્તાની જાદુગરોમાં તો કંઇ દમ નથી, અને ફકીરોના ચમત્કારો તો કોઇ રીતે સમજી શકાય તેમ નથી. એક સાધુ એક હાથ ઉંચો રાખીને ફરતો હતો. તેણે બર્ટ્રમના સવાલના જવાબમાં કહ્યું કે, એ હાથ ૯ વર્ષ થયા ઉંચો ને ઉંચોજ છે અને હજી બીજા ૭ વર્ષસુધી ઉંચોજ રહેશે. ત્યારપછી એ

[illegible] ઊંચો રાખવામાં આવશે. તેનો હાથ નિર્જીવ જેવો [illegible] હતો અને [illegible] તપાસ કરતાં સાધુનું કહેવું ખરું જણાયું હતું. બીજો એક ફકીર [illegible] ઉપર [illegible] વીતાવતો હતો-જ્યારે એક ફકીર ત્રીસ વર્ષ થયાં [illegible] બે સાધુઓ મળ્યા હતા. તે પોતાના બંને હાથને કેટલાંક [illegible] ઊંચા રાખી [illegible] હતા અને તેનો પુરાવો તેની આંગળીઓના નખ, હથેળી [illegible] ઉપરથી મળતો હતો. તે સાધુઓ કહેતા કે, આ બધામાં [illegible] કે, શરીર [illegible] મનને વધારે શક્તિશાળી બનાવવું, ઇંદ્રિયો ઉપર જય [illegible] હતું.

[illegible] આ ચમત્કારોના ખુલાસા મેળવવા મગજ [illegible] જાદુગરો ફતેહમંદીથી કરી શક્યા છે, [illegible] એ તો હવે જુની વાત ગણાય છે.

[illegible] જાદુગરો કરી બતાવે છે તેનું વર્ણન કેટલાંક વર્ષ [illegible] આવ્યું હતું. તેનો આશય એવો હતો કે, દેવતા ઉપર [illegible] આશ્ચર્ય થઇ જાય છે, છતાં ઉપરથી [illegible] દેવતા ઉપર ચાલવાથી પગને કશી ઇજા આવતી નથી; [illegible] પાથરીને ચાલતા લોક અને પ્રેક્ષકોની આંખમાં [illegible] ઓગળતી ધાતુ ગણી બતાવી સાધુઓ [illegible] કરે છે, તેમાં પણ ઘણું ભેદ છે. [illegible] બને છે, કે જે મગજ અગર ઉકળતા પાણીની મદદથી પણ [illegible] અકસ્માત્ આગ લાગે ત્યારે કોઈ પણ માણસની મદદગાર [illegible] 'ઓટોમેટિક સ્પ્રિંકલર્સ' રાખવામાં આવેલા [illegible] છે અને એ ધાતુ સાધારણ ગરમીથી [illegible] જાય છે અને [illegible] ગરમી નથી, તેથી [illegible] નથી, પણ 'ઓટોમેટિક' [illegible] ફેરવતા રહે કે જેમ, એ [illegible] જાદુગરો [illegible] પણ અમુક તે [illegible] છે.

[illegible]

१०४–मेडम लेनिननी महत्त्वाकांक्षा

આઝાદ દેશભાઈઓની સેવા

રશિયાના રાષ્ટ્રવિધાયક સાથેના તેના પરિચયની કહાણી, બળવાખોર શિક્ષિકાના હાથ નીચે અભ્યાસ, ખૂબ ફાંફાં માર્યા છતાં જેને એક પત્રકાર મળી શકી નહિ તેનો તેને અચાનક મેળાપ ક્યાં અને કેવી રીતે થયો?

(જાહેરજીવનમાં આગેવાની લઈ કીર્તિનો મોહ નહિ રાખનારા રશિયાના તારણહાર મહાન લેનિનની વિધવા ક્રાડ્પસ્કાની કે જે કોઈ પણ પત્રકારને કદીએ મુલાકાત આપતી નથી, તેને એની હવેન્રોલ નામની એક સ્ત્રીપત્રકાર કેવી રીતે અચાનક મળી અને તે મુલાકાત દરમિયાન મેડમ લેનિને રશિયાના શિક્ષણપ્રચારના કાર્યની, પોતાના બાલ્યકાળની, લેનિન સાથેના પ્રથમ પરિચયની ને બીજી અનેક વાતો કેવી રોમાંચક રીતે કહી સંભળાવી, તેનું રસિક બ્યાન આ લેખમાં તે પત્રકાર આપે છે.)

બોલ્શેવિઝમના પ્રણેતાતરીકે રશિયાની ભૂમિમાં ને પરદેશોમાં લેનિનની કીર્તિ ચોમેર ગવાઈ છે, પણ તેની પત્ની તેના જેટલી હજી જાહેરમાં આવી નથી. અત્યારસુધીમાં તેણે માત્ર એકજ વાર જાહેરમાં સ્થાન લીધું હતું ને તે માત્ર લેનિન અવસાન પામ્યો ત્યારે લેનિનના હજારો ભક્તો તેના શબપર ફૂલો ચઢાવીને પસાર થતા હતા ત્યારે ૭ દિવસોસુધી અખંડ રાત્રિના ઉજાગરા કરીને તે શબની સમક્ષ તે પૂતળાની પેઠે બેઠી હતી. રશિયાનું ભાવિ સંગીનપણે ઘડવામાં વર્ષોસુધી લેનિન જહેમત ઉઠાવતો હતો ત્યારે, તેમજ તેના અવસાન પછી તેની પ્રિયતમાએ જાહેરમાં આગળ આવવાનો વિચારસરખો પણ નથી કર્યો. રશિયાનાં બજારોમાં જાણીતા બળવાખોરો–લેનિન ને ટ્રોટસ્કી તથા સ્ટેલીન ને કેમેનેફની છબીઓ સસ્તા ભાવે વેચાતી મળી શકશે, પણ મેડમ લેનિનની છબી જોઈતી હોય, તો તેને માટે ભટકી ભટકીને થાકી જઈએ, તોપણ તેની છબી ભાગ્યે મળે. એ પરથીજ ખાત્રી થશે કે, જાહેરમાં આવવાની તેને બીલકુલ ઉત્કંઠા છેજ નહિ.

તેણે બહાર આવી આગેવાની લેવી હોત, તો તે તેને માટે બહુ સહેલું હતું. રશિયાના રાષ્ટ્રવિધાયક લેનિનની સાથેજ તે રશિયામાં કાર્ય કરી પોતાના પતિના જીવતાંજ આગળ પડતું સ્થાન લઈ શકત ને તેના અવસાન પછી પતિવ્રતા રાણીતરીકે રશિયામાં પોતાની કીર્તિ ફેલાવી શકત; પણ લેનિનની પત્ની કે જેનું નામ એન. કે. ક્રાડ્પસ્કાની આઇસ્કાનોવા છે, તે શાંતિ ચાહે છે ને પોતાના કાર્યમાં નિશદિન મશગુલ બની બહારની ધાંધલને અવગણે છે. લેનિનની પત્નીતરીકેના તેના જીવનમાં દુનિયાને રસ પડશે, એ ખ્યાલ તેને આવતોજ નથી ને તેથીજ દુનિયાના અનેક દેશોનાં વર્તમાનપત્રોના પ્રતિનિધિઓ કે જેઓ રશિયા જાય છે અને તેની મુલાકાત લેવાની ઇચ્છા દર્શાવે છે, તેને તે પોતે સાફ સાફ ના કહેવરાવી દે છે.

અચાનક મેળાપ

પણ હું તેને અચાનકજ મળી શકી. રશિયામાં અજ્ઞાનતા ટાળવા માટે થતા ઉપાયો વિષે ખબરો મેળવવાનો મેં પ્રયાસ કર્યો અને તે વિષે સત્તાવાર વિગતો મને કોણ પૂરી પાડશે તે વિષે મેં ખબર કાઢી, ત્યારે સોવિયેટ સરકારના કેળવણી ખાતામાં તપાસ કરવા માટે મને જણાવવામાં આવ્યું; એટલે કેળવણીખાતાના મકાન પાસે હું ગઈ. ત્યાં મેં ગેલેરીઓમાં ને ઑફિસોમાં આંટા માર્યા, પણ મારે જોઈતી ખબર મને ક્યાં મળશે તે હું જાણી શકી નહિ. કેમકે તે વખત બપોરનો હતો ને ઑફિસમાંના અમલદારો ને બીજા માણસો મોટે ભાગે ખાણું–નાસ્તો લેવા બહાર ગયા હતા; એટલે હું ખૂણેખાંચરે તપાસ કરીને આખું મકાન ફરી વળી, ત્યારે છેવટે એક પ્રૌઢ સ્ત્રી એક ઑફિસમાં શાન્તિથી કામ કરતી હતી તેને મળી. મારે જે કામવિષે પૂછવું હતું, તે તેને જણાવ્યું. મેં તો જર્મન–ફ્રેંચ ને રશિયન ભાષાનો શંભુમેળો કરીને આ બધું કહ્યું, પણ તે એ બધું કેમ સમજી શકી તે હજી હું જાણી શકી નથી; પરંતુ મારા શબ્દો સાંભળીને તે તરતજ પાસેની રૂમમાં ગઈ ને થોડી વારે પાછી ફરી તથા મને એ રૂમમાં લઈ ગઈ. તે રૂમના

મુખદ્વાર આગળ મેડમ લેનિન એ નામની પટી ચોંટાડેલી જોઇ હું તો ચકિતજ બની ગઈ!

મેડમ લેનિન—અરે જેને મળવા માટે મેં ખૂબ ફાંફાં માર્યાં, રશિયાના મારા પ્રવાસદરમિયાન જેની મુલાકાત લેવાનો મેં પહેલો ને મક્કમ કાર્યક્રમ ઘડેલો તોપણ તે વ્યર્થ ગયો હતો અને ચારે પાસ ચળવળ જગાવી તેની મુલાકાત માટે આકાશ-પાતાળ એક કરવા હું મથી, તે મેડમ લેનિન-આમ અચાનક રીતે મળી ગઇ એ જોઇ મને નવાઇ લાગે નહિ!

એક પળ હું ગભરાઇ, મને લાગ્યું કે મારે ત્યાંથી તરતજ તેની માફી માગી ચાલ્યા જવું જોઇએ; પણ તેના મમતાળુ મુખ સામે મેં જોયું તો તેની સ્નેહાળ આંખમાં હેતભાવ નીરખ્યો એટલે મને હિંમત આવી અને હું ધામે રહીને તેની પાસે ગઇ. હું કેળવણીને લગતી જે ખબર મેળવવાને આવી હતી તે મા મેં તેને વિગતવાર કહ્યું. તેને મારી વાતમાં રસ પડયો; કેમકે તેના પોતાનાજ ખાતાનું આ ક્ષેત્ર હતું. આ કામ માટે મેં કેવી રીતે ત્રાસજનક પ્રયાસ કર્યો તેની કહાણી મેં એને સંભળાવી એટલે એનું હાસ્ય તેનાથી રોક્યું રોકી શકાયું નહિ. મેં તેની સામે ફરી વાર જોયું. તેનું સ્મિતભર્યું મુખ, શાંત સૌમ્ય નયનો, ભુરખા વાળોની લટ ને વિશાળ ભાલ—એ પળવારમાં મેં જોઇ લીધાં અને તેની છબી ઉપરથી તેને કલ્પી હતી, તેના કરતાં તે તદ્દન જુદી લાગી. તેના મુખના એક ખૂણાપર સહેજ કરચલી પડી [illegible], તે જોતાં તેને થોડો જખમ થયો હોય એમ લાગ્યાવિના નહિ રહે. તેણે સાદો કાળો ગાઉન પહેર્યો હતો. શરીરપર કાંઇ ઝવેરાત હતું નહિ. તેની વાતો કરવાની કળાપરથી અને હલન-ચલનપરથી તે સુશિક્ષિત અને સંસ્કારી બાઇ છે, તેની ખાત્રી થયાવિના રહે નહિ અને અગાધ કાર્યશક્તિ-જેને પ્રતાપે લેનિનની સેક્રેટરી-તરીકે રશિયાના કપરા સમયમાં તેણે કામ કર્યું-તેનું ભાન થાય. તેના જીવન અને કાર્યવિષે ટુંક હકીકત જણાવવાને માટે મેં એને કહ્યું ત્યારે તેણે સ્વાભાવિક સ્મિત કર્યું ને જવાબ આપ્યો કે "નવા રશિયામાં અમે જુદા વ્યક્તિત્વથી કામ કરતાંજ નથી, પણ સર્વે જણાં સામટાં મળીને કામ કરીએ છીએ ને દરેક જણ જાહેરસેવામાં જીવન સમર્પણ કરે છે. હું ધારું છું કે, પશ્ચિમ યુરોપમાં આ દૃષ્ટિબિંદુ સમજાતું નથી—" ને તોપણ પોતાના રોમાંચક જીવનના કેટલાક પ્રસંગો તેણે કહેવાનો પ્રયાસ કર્યો.

બાળપણ અને અભ્યાસકાળ

તેનું બાળપણ સેંટ પિટર્સબર્ગમા—જ્યાં તે જન્મી ત્યાં—વીત્યું; ને ત્યાં એક બળવાખોર સ્ત્રીશિક્ષિકાના હાથ હેઠળ શાળામાં શિક્ષણ મેળવ્યું. આમ બાળપણથીજ બળવાની ભાવના તેના હૃદયમાં વિકાસ પામી. શિક્ષણના ક્ષેત્રમાં તેનું જીવન વીતાવવાની પ્રેરણા આપનાર પણ આજ શિક્ષિકા હતી; એટલે અભ્યાસ પૂરો થતા તેણે શિક્ષિકાની પદવી મેળવી અને અઠવાડીઆમાં ચાર દિવસોએ અને રવિવારે પીટર્સબર્ગની ઉદ્યોગશાળામા તે શીખવવા જતી.

એ વિખ્યાત શાળામાં રશિયન ભાષા, સામાન્ય ઇતિહાસ અને ગણિતનું શિક્ષણ તે આપતી. એ નિશાળ મહાન છે અને હજારો વિદ્યાર્થીઓ ત્યા આવતા હોવાથી તેને ત્રણ વિભાગમાં વહેંચી નાખવામાં આવી હતી. તેમાનો એક વિભાગ સ્ત્રીઓ માટે ને બે પુરુષો માટે હતા.

લેનિન સાથે પરિચય

પણ શાળામાં શીખવતી વખતે તેને રાજકારણમાં રસ પડવા માંડ્યો અને નવી સંસ્થાઓના બંધારણમાં તેણે ધ્યાન આપવા માંડ્યું [illegible] આવેલ. [illegible] ગામનો કાયદાનો વિદ્યાર્થી [illegible] કરતો. એક જુવાન [illegible] એક આગેવાન કાર્યકર્તા હતો. એ એ જુવાન [illegible] વર્ષનો સહવાસ અને [illegible] અપૂર્વ ઉત્સાહની રોમાંચક [illegible]. મેડમ લેનિને કહ્યું. [illegible] લાગ્યું. તેના મુખપર [illegible] કહ્યું કે [illegible], એજ સમયમાં હું [illegible] તેણે [illegible].

રશિયામાં શિક્ષણપ્રચાર

[illegible]

અત્યારે વૈજ્ઞાનિક શિક્ષણવિભાગની પણ તે પ્રમુખ છે, પણ પોતાના એ હોદ્દાનુસાર દરરોજ ઘણ-ઘણાંની સાથે તેણે રશિયાની અજ્ઞાનતા ટાળવાના કાર્યમાં રચનાત્મક કામ કર્યું છે. તેનું ચિત્ત અન્ય બે કાર્યમાં પરોવાયેલું રહે છે. તેણે મને પુસ્તકો વિશે જણાવ્યું છે કે "ક્રાન્તિ થતાં પહેલાં રશિયાની ૧૪૦૦ સાલની પ્રજામાં ભાગ્યે જ કોઈ ભણેલું હતું; પણ તે પછી ૨૫ ૬૦ લાખ માણસો અક્ષર-જ્ઞાનને પામ્યા છે. ગામડાંમાં તો આજે એક પણ અભણ ભાગ્યે જ હશે. શરૂઆતમાં તો પ્રજાને ભણવાનું ગમતું જ નહોતું; તેમને શિક્ષણ લેવાના કાર્યમાં રસ લેતા કરવા માટે તેમની અનેક જાતના ખર્ચ, ભોજન અને તેમને મફત ખાવાનું આપતા. આજે સમગ્ર રશિયામાં અજ્ઞાન ટાળવા માટે ૪૦,૦૦૦ મફત વાચનાલયો કામ કરે છે. છેલ્લાં બે વર્ષમાં સરકારે ૬૦૦ લાખ રૂપિયા તો ખર્ચ્યા છે. રશિયામાં આજે પ્રજામાં જ્ઞાન મેળવવાની પિપાસા વધતી જાય છે અને ઘણાં ગામડાંઓને પૂરતાં પ્રમાણમાં સાહિત્ય-પુસ્તકો અને છાપાંઓ—અમે પૂરાં પાડી શકતાં નથી. આ જ પણ શહેરનાં જેવાં અનેક ગામડાંઓમાં જૂના છાપાંની એક કે બે નકલોની ખાસ ફેરફેરી ચાલે છે." આ બધી ખબરો આપતાં મેડમ લેનિનના મુખપર સંતોષની જે સુરખી દેખાતી, દેખાય.

રશિયન ઓરડાઓ

પરંતુ રશિયન ઓરડાઓને કામે લગાડવાના ને સુધારવાના પ્રયત્નો મેં જાણ્યું, ત્યારે તેના દિલમાં નિરાશા ફેલાવી. તેણે કહ્યું કે "તે પ્રશ્ન ખરેખર વિકટ છે, પણ અમારે તેનો નિવેડો લાવવો જ પડશે, અને અમે ધીમે ધીમે એમાં સારી પ્રગતિ કરી છે, બેકાર કુટુંબોના રહેઠાણના ઓરડાઓને અમે સમજાવીને કામે લગાડ્યા છે અને તેમને અમે ગોઠવણ પ્રમાણે આપીએ છીએ. આ પ્રશ્નનો નિવેડો લાવવા માટે બીજાં અનેક મોટાં મકાનોની ખાસ રહેવાની ઘણી જરૂર રહે છે; પરંતુ જો નૈતિક બળ હોય તો બહુ ઝડપથી પ્રગતિ થઈ, એમ હું માનું છું. તમે જોતાં હશો કે, અમે રશિયામાં કામ કામ ને કામ જ કર્યે જઈએ છીએ—જાણે કામ પૂરું ન થતું હોય તો જાણે પાછું હાથ ધરીએ છીએ અને જ્યારે લેનિન—મારા પતિ—જીવતા હતા, ત્યારે અમે દેશપાર થયેલાં ને તે વખતે લંડનમાં કે પેરિસમાં, જીનિવામાં કે સ્વિટ્ઝર્લેન્ડમાં—જ્યાં જઈએ ત્યાં અમને એક દિવસ આ કાર્ય કરવું પડશે એવી ઝંખના હતી અને સાઈબિરિયાના એ એકાંત દિવસોમાં આશાના તંતુપર ધીરજ રાખી કેમ જીવવું તે પણ અમે શીખ્યાં."

તેની આકાંક્ષા

આ સુશીલ બાઈની વાણીમાં એકસરખી વહેતી ગઈ. કાર્ય કરવાનો ઉત્સાહ કેટલો હોય શકે, તે તેના મુખપરથી હું જોઈ શકી. મેં તેને પૂછ્યું કે "રશિયા છોડીને તમે પરદેશમાં જવાનાં છો, એવી વાત કેટલાક વખતપર છાપાંઓમાં આવી હતી એ ખરી છે?"

"જરા પણ નહિ" તેણે કહ્યું "મારા દેશને હું ખૂબ ચાહું છું ને અહીંજ હું સુખી છું. મારા પતિની મરજીથી હું રશિયા કદીયે છોડવાની નથી. મારી જીંદગીમાં મેં ખૂબ-ખૂબ પર્યટન કર્યું છે ને હવે મારા જીવનમાં મને માત્ર એકજ આકાંક્ષા છે ને તે એ કે, મારા બાકીના વર્ષમાં દેશબાંધવોના હિતમાટે મને સોંપાયલું કાર્ય કરવું."

મેડમ લેનિનની મુલાકાત લઈ હું મારે મુકામે આવી ને તરતજ ટેલિફોનની ઘંટડી વાગી. મેં ટેલિફોન હાથમાં લીધો. મોસ્કોમાંની મારી એક સ્ત્રીમિત્ર, કે જેને મેં મેડમ લેનિનની મુલાકાત કોઇપણ ભોગે ગોઠવવાનું જણાવ્યું હતું, તેનો એ ટેલિફોન હતો. તેણે મને ખેદભરે અવાજે જણાવ્યું કે "બહેન! મેડમ લેનિન સાથે તમારી મુલાકાત ગોઠવવાના વારંવાર અનેક પ્રયાસ કર્યા છતાં પણ મારાથી તે બની શક્યું નથી; હું નથી ધારતી કે તમે તેને મળી શકશો." પરંતુ તેને ક્યાં ખબર હતી કે, મેડમ લેનિનને હું મળી આવી હતી!

(તા. ૩૧-૭-૧૯૨૮ ના દૈનિક "હિંદુસ્થાન"માંથી)

૧૦૫–વ્યાયામપ્રેમીઓનું યાત્રાસ્થાન–અમરાવતી

હિંદુસ્થાનની એક અજોડ વ્યાયામસંસ્થા

હનુમાન વ્યાયામપ્રસારક મંડળનો પરિચય

સૌરાષ્ટ્રમાં યુવકપ્રવૃત્તિ અને વ્યાયામપ્રેમ પ્રસારવાનાં સ્વપ્નાં સેવનારાઓને, એ કાર્ય કયી રીતે થઈ શકે તેનું દૃષ્ટાંત પૂરૂં પાડનારૂં એક વ્યાયામપ્રસારક મંડળ આજે વરાડના પાટનગર અમરાવતીમાં અસ્તિત્વ ધરાવે છે. એ મંડળનું પૂરૂં નામ શ્રીહનુમાન વ્યાયામપ્રસારક મંડળ છે. नायमात्मा वलहीनेन लभ्यः એ એનું ધ્યેયસૂત્ર છે. જેટલો અદ્દ્ભુત તેનો જન્મઇતિહાસ છે તેટલીજ તાજુબ કરનારી તેની આજસુધીની નાની આવરદાની સિદ્ધિઓ છે. હિંદભરમાં એ અજોડ સંસ્થા મનાય છે. લાલાજી સમા નેતાવર તેને 'વિસ્મય' કહે છે. મહાત્માજી તેના મુખ્ય વ્યાયામમંદિરની ઉદ્દઘાટન ક્રિયા કરવા અમરાવતી દોડયા જઈ તેના ઉપર શુભાશિષો વર્ષાવે છે. પ્રત્યેક હિંદી નેતા, જેને આ વ્યાયામપ્રસારક મંડળના અસ્તિત્વનું જ્ઞાન છે તે તેનાપ્રત્યે પૂર્ણ આદર અને પ્રેમથી જુએ છે. આજે વરાડમાં દોઢસો કરતાં વધારે શાખાઓ ધરાવતી અને વરાડની બહાર એટલીજ બીજી પ્રશાખાઓ પાથરનારી, હિંદભરમાં પોતાના બાહુઓ ફેલાવતી આ અદ્દ્ભુત સંસ્થાના જન્મ અને જીવનવિકાસનો ઇતિહાસ જાણવા જેવો છે.

* * * *

વરાડ રાષ્ટ્રીય લડતમાં સદા અગ્રેસર સ્થાન રાખવાનો અને બીજા કોઇ પ્રાંતથી ઉતરતો નહિ એવો હિસ્સો આપતું હોવાનો દાવો કરે છે. હિંદુસ્થાનમાં વીસમી સદીનું પ્રભાત ઉગ્યું અને તેના પ્રથમ દશકના ઉત્તરાર્ધમાં બંગાળાએ સ્વદેશીની ચળવળ શરૂ કરી અને તેની પાછળ સ્વાધીનતા અને શરીરબળની જમાવટના સંદેશ છૂટયા ત્યારે વરાડમાં પણ એ આંદોલન મચેલું. વરાડ અભિમાન લે છે કે, ૧૯૦૮ની સાલમાં તેને ગામે ગામ અખાડો નંખાયો હતો અને એ અખાડાઓમાં ગામના તમામ જુવાનો બલધર્મનો મહિમા સમજવાને આવતા. ગામેગામ જુવાનોમાં સ્વદેશીની અને શરીરજમાવટીની ઝંખના જાગી હતી; શસ્ત્રની તાલિમ લેવાની, સ્વાધીનતાના લડવૈયા બનવાની તાલાવેલી પ્રગટી હતી. વરાડના વૃદ્ધો ૧૯૦૮ નો એ જુવાળ જોઇ હર્ષઘેલા બની જતા. પણ પછી ૧૯૦૯ થી એ જુવાળ ઉતરવા માંડયો. બ્રિટિશ શાસકોએ દમનનાં ચક્રો ગતિમાં મૂક્યાં. ગામેગામ સરકારના લોખંડી મુક્કાએ અખાડાનો ભુક્કો કરી નાખ્યો. પાણીદાર જુવાનો જેલમાં ગયા. સ્વદેશી, અખાડો, બજરંગ–ઉપાસના, એ બધું બંધ પડી ગયું. ૧૯૧૪સુધી એ સ્થિતિ રહી.

* * * *

૧૯૧૪ની સાલમાં વરાડના પાટનગર અમરાવતીના એક નાના મકાનમાં ત્રણ ચાર જુવાન છોકરા ભેગા થયા. તેમને થયું કે, આજનું બધું દૌર્બલ્ય ખંખેરી નાખવા આપણે કંઇક સંગીન પ્રવૃત્તિ આરંભવીજ જોઇએ. દેશના જુવાનોમાં પ્રાણ આવે, ઢીલી પાટલીએ અને સ્ત્રૈણ ચાલે ચાલવાના મોહમાંથી તેઓ છૂટે, તેઓ દેશદાઝથી સળગતા સશક્ત જોધમલ્લો બને, એ અર્થે અખાડાપ્રવૃત્તિ એજ સાચી પ્રવૃત્તિ છે એમ તેમને થયું; અને તેમણે વૈદ્યબંધુઓના અગ્રેસરપણા હેઠળ એક ખાનગી અખાડો શરૂ કર્યો.

૧૯૧૪ થી ૧૯૧૭સુધી એ અખાડો ખાનગી રહ્યો. તેમાં થોડા જુવાનો નિયમસર હાજરી આપતા અને શરીર કસવાને માટે કસરત કરતા. અખાડાનો જે મામુલી ખર્ચ આવતો તે, તેનો લાભ લેનારા શ્રીમંત છોકરાઓ તેમની પાસેની વધારાની વસ્તુઓના વેચાણમાંથી પૂરો કરતા. વૈદ્યબંધુઓનો આ અખાડો આ રીતે ચૂપકીથી આગળ વધતો ગયો અને ચાર વર્ષમાં તો અમરાવતીમાં મશહુર બની ગયો.

* * * *

૧૯૧૭માં વૈદ્યબંધુઓનું જાહેર વ્યાયામમંડળ બન્યું. શ્રીહનુમાન વ્યાયામપ્રસારક મંડળતરીકે

તેની અનેક શાખાઓ સ્થાપી. હિંદના નવજુવાનોમાં વ્યાયામનો પ્રેમ ઉત્પન્ન કરી તેમને બળવાન, તેજસ્વી અને નિર્ભય બનાવવાનો તેનો ઉદ્દેશ હતો. શ્રીહનુમાન વ્યાયામપ્રસારક મંડળે 'રાજકીય, સામાજિક અગર ધાર્મિક બાબતોમાં કોઈ પણ પ્રકારનો પ્રત્યક્ષ સંબંધ ન રાખવાની અને જાતિ, ધર્મ, પંથ, પક્ષ ઇત્યાદિ ભેદભાવોમાં ન માનવાની' નીતિ નક્કી કરી પોતાનું કામ આરંભ્યું. એને પરિણામે આજે દશ વર્ષમાં આ મંડળ વધારે ને વધારે જાણીતું થઈ ગયું છે. ૧૯૨૭ની આખરસુધીમાં તેની ૧૨૭ શાખાઓ સ્થપાઈ છે અને દિવસે દિવસે એ સંખ્યા વધતી જાય છે. મંડળના સંચાલકોનો વિચાર વરાડમાં ક્રમે ક્રમે ગામેગામ વ્યાયામશાળાઓ સ્થાપવાનો છે. આજે આ હનુમાન વ્યાયામપ્રસારક મંડળની વરાડમાં જેટલી શાખાઓ છે, તેમાંની પ્રત્યેક સંસ્થામાં અમરાવતીની મુખ્ય સંસ્થામાં તૈયાર થયેલા વ્યાયામશિક્ષક કામ કરી રહ્યા છે. આ બધી સંસ્થાઓમાં મળીને કુલ ચાર હજાર જેટલા જુવાનો નિયમિત વ્યાયામ કરી બલધર્મનો મહિમા ગાઈ રહ્યા છે. આ બધી સંસ્થાઓની માતૃસંસ્થા—અમરાવતી હનુમાન વ્યાયામમંદિરમાં અત્યારે ૬૦૦ વિદ્યાર્થીઓ પ્રતિદિન તાલીમ લઈ રહ્યા છે.

હનુમાન વ્યાયામપ્રસારક મંડળની આટલી વરાડની શાખાઓ ઉપરાંત, વરાડની બહાર પણ તેની શાખાઓ પથરાઈ છે. પૂના, મીરજ, સોલાપુર, જબલપુર, નાગપુર, નાશિક, સંગમનેર, ચવનમાળ, અમલનેર, વડોદરા, ભરૂચ વગેરે સ્થળોએ તેની શાખાઓ છે; જેની સંખ્યા પચાસ સુધી પહોંચે છે. એ ઉપરાંત જ્યાં ખાસ શાખા ન નંખાઈ હોય, પણ સ્થાનિક શાખાની સાથે અગર બીજી રીતે, આ મંડળમાં તૈયાર થયેલા વ્યાયામશિક્ષક અખાડો ચલાવી રહ્યો હોય એવાં સ્થળો સો જેટલાં સ્થળો છે.

* * * *

હિંદભરમાં વ્યાયામનો વધારે ને વધારે પ્રચાર થઈ શકે તે ઉદ્દેશથી શ્રીહનુમાન વ્યાયામપ્રસારક મંડળ તરફથી સને ૧૯૨૪ થી ઉનાળાની રજાઓમાં શારીરિક તાલીમનો વર્ગ ચલાવવામાં આવે છે. એ વર્ગ આ ચાર વર્ષમાં બહુજ લોકપ્રિય નીવડ્યો છે. સને ૧૯૨૪ માં એ વર્ગમાં ૩૨ વિદ્યાર્થીઓ આવેલા; ૧૯૨૫માં ૫૦, ૧૯૨૬માં ૨૫૦, ૧૯૨૭માં ૪૦૫ અને ૧૯૨૮માં ૫૦૩; એ પ્રમાણે વિદ્યાર્થીસંખ્યા થયેલી. આ વર્ગમાં હિંદુસ્તાનના દરેક ભાગમાંથી વિદ્યાર્થીઓ જાય છે. આ વર્ષે કાઠિયાવાડમાંથી આમરેલીથી ભાઈ ભગવાનજી મહેતા અને રાજકોટથી ભાઈ છોટાલાલ માંકડ ગયેલા. તે બન્ને વ્યાયામપ્રેમી બંધુઓ ઉપર આ મંડળની અને તેના આ વર્ગની સરસ છાપ પડી છે. શ્રી. માંકડ એક પત્રમાં એક મિત્ર ઉપર લખે છે કે, 'હિંદુસ્થાનના જૂદા જૂદા પ્રાંતોમાંથી આવતા પાંચસો જેટલા ભાઈઓ છાવણીઓ નાખીને લશ્કરી ઢબે દોઢ માસ સુધી સાથે રહે અને દરરોજ ઘડીઆળના કાંટાની નિયમિતતાની સાથે હરિફાઈ કરે એવી નિયમિતતા અને નિયમબદ્ધતાથી કવાયત કરે એ દૃશ્ય અદ્ભુત બની રહે છે. એકજ ઉદ્દેશથી, એકજ વિચારના અને એકજ વિષયનું સેવન કરનારા પાંચસો હિંદી જુવાનો લશ્કરી ઢબ સાથે વ્યાયામની તાલીમ લે અને સાથે ભારતોદ્ધારનાં સ્વપ્નો સેવે, એ વાતાવરણનો ખ્યાલ શબ્દોમાં હું ન આપી શકું. એ જાતે જોવું જોઈએ અને અનુભવવું જોઈએ....કાઠિયાવાડમાં આવું પવિત્ર અને મહત્ત્વશીલ જીવન જીવતા વ્યાયામપ્રેમીઓની છાવણીઓ નંખાઈ હોય એવા દિવસ ક્યારે આવશે?'

* * *

આ શારીરિક તાલીમના વર્ગમાં આવનારાઓ માટે ત્રણ વર્ષનો અભ્યાસક્રમ રખાયો છે. ત્રણ ઉનાળાની રજાઓ આ મંડળની વ્યાયામશાળામાં ગાળી કોઈ પણ ભાઈ સરસ વ્યાયામ-શિક્ષક બની શકે છે. આ સંસ્થામાં પૂર્વ અને પશ્ચિમની બન્ને વ્યાયામપદ્ધતિઓના જૂદા જૂદા ત્રીસ વિષયોનું જ્ઞાન અપાતું હોવાથી, એ શિક્ષક કોઈ પણ અખાડામાં વ્યાયામવિશારદ-તરીકે દીપી નીકળે છે. આ સંસ્થામાં મુખ્યત્વે સ્વરક્ષણની તાલીમ અપાય છે. એ ઉપરાંત તરવાર, લાઠી, ભાલા, લકડી, જમૈયા, પટ્ટા, પટ્ટા તેમજ બોક્સીંગ, જુજુત્સુ વગેરેનું ખાસ જ્ઞાન આપવામાં આવે છે, એ તેની ખાસ વિશિષ્ટતા છે. આવી તાલીમનું એક વર્ષ પૂરું

કરનારને 'વ્યાયામપ્રવેશ'ની, બે વર્ષ પૂરાં કરનારને 'વ્યાયામપટુ'ની અને ત્રણ વર્ષ પૂરાં કરનારને 'વ્યાયામવિશારદ'ની પદવી અપાય છે. આ શારીરિક તાલીમના ઉનાળાના વર્ગનો ખાસ ઉદ્દેશ વ્યાયામના શિક્ષકો તૈયાર કરવાનો છે અને તેના પહેલાં ચાર વર્ષમાં બારસો ભાઇઓને તે લાભ અપાઈ શક્યો છે. શ્રીહનુમાન વ્યાયામપ્રસારક મંડળનો આત્મા કોણ છે? મંડળના મૂળ-સ્થાપક વૈદ્યબંધુઓમાંના એક ભાઇ અંબાદાસ પંત વૈદ્ય એ મંડળના આત્મા છે. એમની વય માત્ર ૨૭ વર્ષની છે. જેને આ જમાનાના નમુનેદાર યુવક કહી શકાય તેવા, નિરભિમાની, આદર્શઘેલા, દિવસરાત સંસ્થાની પાછળ તનતોડ પરિશ્રમ કરનારા આ બાંધવને જોઇને કોઇ એમ ન માને કે, તે શ્રીહનુમાન વ્યાયામપ્રસારક મંડળ જેવી હિંદની અનોખી વ્યાયામસંસ્થાનો આત્મા છે. ભાઇ અંબાદાસ પંતે આ સંસ્થાની પાછળ જીવન અર્પી દીધું છે. તેણે હિંદુસ્થાનના પ્રાંતે પ્રાંતમાં ભમીને, જોવા જેવી વ્યાયામ સંસ્થાઓની મુલાકાત લઇને એ અનુભવ મેળવ્યો છે અને બીજી બાજુ દશ વર્ષસુધી વ્યાયામનો બધી દૃષ્ટિએ શાસ્ત્રીય અભ્યાસ કરી એ વિષયમાં પારંગત બન્યા છે. એ જ્ઞાનસંચય પછી તેમણે વ્યાયામશિક્ષકો માટે ત્રણ વર્ષનો અભ્યાસક્રમ યોજ્યો છે અને તે પ્રમાણે સંસ્થામાં શિક્ષણ અપાઇ રહ્યું છે.

× × × × ×

શ્રીહનુમાન વ્યાયામપ્રસારક મંડળના આત્મા અંબાદાસ પંત વૈદ્યની સાથે નાના મોટા દોઢસો કાર્યકર્તાઓ કામ કરી રહ્યા છે. બધાજ ૧૬ થી ૩૦ વર્ષ વચ્ચેની ઉંમરના, નવલોહીયા, દેશદાઝથી સળગતા જુવાનો છે. બધાની વચ્ચે વર્તતો એકરાગ તાજુબ કરી નાખે તેવો છે. નાના-મોટા, શ્રીમંત–ગરીબ વગેરે કોઇ પણ પ્રકારના ભેદવિના બધાજ ભાઇઓ વ્યાયામમંદિરમાંનું બધુંજ કામ હાથે કરે છે.

આ દોઢસો એકલોહીયા નવજુવાન દેશભક્તો, અંબાદાસ પંત પછી તેના મુખ્ય સહાયકોમાં અમરાવતીના પ્રસિદ્ધ ડૉ. શિવાજી ગણેશ પટવર્ધન, લક્ષ્મણ કોકર્ડેકર, હરિહર દેશપાંડે, ખેડકર, પાટીલ, પેંડકે અને સબકાળ વગેરે આવે છે. ડૉ. પટવર્ધનને માસિક હજાર–દોઢ હજારની તળીળી કમાણી છતાં, તે નિયમિત વ્યાયામશાળામાં હાજરી આપે છે અને તેની વિચારણાઓને દોરે છે. ડૉ. પટવર્ધન તેની કમાણીમાંથી પણ તેની પ્રિય સંસ્થાને સારો હિસ્સો આપે છે. ભાઇ હરિહર વામન દેશપાંડે તિલક વિદ્યાપીઠના સ્નાતક છે અને તે 'ફિઝિકલ કલ્ચર ઇન્ફર્મેશન બ્યુરો' (શરીરવિકાસની માહિતી પૂરૂં પાડનારૂં ખાતું) અને સંસ્થાનો સંપાદકીય વિભાગ સંભાળે છે; અને શ્રીઅંબાદાસ પંત વૈદ્ય તથા ડૉ. પટવર્ધનના અનેક સહાયકોમાંના હાલ કાઠિયાવાડમાં ભ્રમણ કરી રહેલા ભાઇ લક્ષ્મણ કોકર્ડેકર પણ સંસ્થાનું હરેક કામ સંભાળે છે. ભાઇ હારહર દેશપાંડે અને ભાઈ લક્ષ્મણ કોકર્ડેકરે આ સંસ્થાને જીંદગી અર્પણ કરી છે.

શ્રીહનુમાન વ્યાયામપ્રસારક મંડળનું તંત્ર તેના કાર્યકારી મંડળના હાથમાં છે. તેના અધ્યક્ષ ત્યાંના લોકપ્રિય ડૉ. પટવર્ધન છે.

આ સંસ્થાના મુખ્ય વ્યાયામમંદિર–શ્રીહનુમાન વ્યાયામમંદિરમાં નાના મોટા કુલ ૬૦ તો અધ્યાપકો છે. આ બધા અધ્યાપકોની ખાસ વિશિષ્ટતા એ છે કે, તેમાંનો દરેક વ્યાયામ-વિદ્યાના એક એક વિભાગનો ખાસ નિષ્ણાત (સ્પેશિયાલિસ્ટ)જ હોય છે. બધાજ અધ્યાપકો કશું વેતન લેતા નથી.

આ સંસ્થા તરફથી બીજી જે પ્રવૃત્તિઓ થઈ રહી છે તેમાં (૧) ફિઝિકલ કલ્ચર ઇન્ફર્મેશન બ્યુરો, (૨) વ્યાયામ વસ્તુભંડાર, એ મુખ્ય છે. આ સંસ્થાને અમરાવતીની મ્યુનિસિપાલિટિ રૂા. ૪૦૦ ની વાર્ષિક ગ્રાન્ટ આપે છે.

× × × × ×

શ્રીહનુમાન વ્યાયામપ્રસારક મંડળના ભાવનાભક્ત અને ઉત્સાહભર્યા જુવાન ચાલકોને તેમના પરિશ્રમનો આવો સુંદર પરિપાક આવેલો જોઈ, મંડળને માટે એક પ્રમુખ વ્યાયામમંદિર હોવાનો મનોરથ જાગ્યો. તેમણે એ મનોરથને સિદ્ધ કરવા કમર કસી. તેમનું કામ તો ક્યારનુંયે વરાડભરમાં

મજબૂર થઈ ગયું હતું, જેથી તેમના વ્યાયામમંદિરના ભાગોમાં વસ્ત્રાભ્યાસ પણ આવતા લાગ્યા. અમરાવતીની મ્યુનિસિપાલિટિએ મકાનભાડામાં સાત હજાર રૂપિયાની મદદ આપી, ૧૯૨૬ ની સાલમાં પંદરેક હજારને ખર્ચે નવું વ્યાયામશાળા તૈયાર થઈ. આખરે વિજયશ્રીઓ સાથે કામ કરી શકે એટલા વ્યાયામમંડળનો તેમાં વસવાટ અને ૧૯૨૬ના ડિસેમ્બરમાં મહારાષ્ટ્ર શૌદ્ધી-મહાસભામાં હાજરી આપવા જતા હતા ત્યારે તેઓશ્રીએ અમરાવતી જઈ એ વ્યાયામમંદિરને ખુલ્લું મૂકવાની ક્રિયા કરી.

આ વ્યાયામમંદિરની પાછળ તેના સંચાલકોનાં અનેક સ્વપ્નોની સૃષ્ટિ ડૂબી છે. આ વ્યાયામમંદિરમાંથી હિંદભરમાં વ્યાયામપ્રગતિ બનાવવાના, હિંદની પ્રત્યેક ભાષામાં વ્યાયામનું સાહિત્ય પ્રગટ કરવાના, હિંદની યુદ્ધપ્રણાલિની લગામો હાથમાં લેવાના અને વ્યાયામમંદિરને હિંદને માટે વ્યાયામ મહાવિદ્યાલય બનાવવાના તેના સંચાલકોના અભિલાષ છે.

પણ ગયા પહેલાંના મહિનામાં દૈવયોગે તેમના માર્ગમાં એક ભયંકર અંતરાય આવ્યો છે. જુન માસમાં અમરાવતીમાં મેઘરાજાએ દારુણ તોફાન મચાવ્યું. તેમાં તેમના ઝાપટામાં આ વ્યાયામમંદિરને પણ ભારે જરા પહોંચી છે. પંદર હજારને ખર્ચે બેજ વર્ષ પહેલાં તૈયાર કરેલા એ મંદિરનો ઉપરનો ભાગ વરસાદના તોફાને નાશ કરી નાખ્યો, તેમજ મકાનમાંનાં તમામ વ્યાયામસાહિત્યો અને વ્યાયામગ્રંથોનું સત્યાનાશ વાળી નાખ્યું. મંડળને પંદરથી વીસ હજારનું નુકસાન થયું.

કાઠિયાવાડી નૃપતિઓ અને શ્રીમંતોનો, હિંદુસ્થાનની આવી અનેક સંસ્થાના પ્રમુખ વ્યાયામ-મંદિરના પુનરુદ્ધાર માટે યથાશક્તિ ફાળો આપવાનો ધર્મ છે.

× × × × ×

હિંદુ મહાસભા પણ આ મંડળપ્રત્યે બહુજ આદર ધરાવે છે. હિંદુ મહાસભા તરફથી હિંદમાં જ્યાં જ્યાં અખાડાઓ સ્થાપવાના હોય ત્યાં ત્યાં આ મંડળના વ્યાયામશિક્ષકોનેજ મોકલવા-માં આવે છે. આજસુધીમાં બંગાળ, મધ્યપ્રાન્ત, મહારાષ્ટ્ર, બિહાર, સંયુક્ત પ્રાંત, કર્ણાટક, ખાનદેશ વગેરે પ્રાંતોમાં આ મંડળના ભાઈઓ કામ કરી આવ્યા છે અને વરાડની તમામ મ્યુનિસિપલ શાળાઓમાં આ સંસ્થામાં તાલીમ પામેલા ભાઈઓનેજ કસરતશિક્ષક તરીકે લેવામાં આવે છે.

આ મંડળ તરફથી થોડાજ માસ પહેલાં રૂા. દશહજારના ખર્ચે એક છાપખાનું ખરીદવામાં આવ્યું છે. મુદ્રણાલય વસાવવાનો મુખ્ય હેતુ વ્યાયામનું વાઙ્મય પ્રસિદ્ધ કરવાનો છે. મંડળ તરફથી વ્યાયામ સર્વસંગ્રહ પ્રસિદ્ધ કરવાની પણ યોજના છે. તેને અંગે કેટલુંક લખાણ તૈયાર પણ થઇ ગયેલું; પણ ગયા તોફાનમાં વ્યાયામમંદિર તારાજ થયું તેની સાથે એ બહુમૂલ્ય લેખો પણ નાશ પામ્યા. હવે તો વ્યાયામમંદિર ફરી વાર ઉભું કરી, મંડળના સંચાલકો તેમના સ્વપ્નોની સિદ્ધિની દિશામાં પુનઃપ્રયત્ન શરૂ કરશે.

× × × × ×

વ્યાયામપ્રેમનું આંદોલન આજે હિંદુસ્થાનભરમાં પૂર્ણવેગથી પ્રસરી રહ્યું છે. ઠેરઠેર બજરંગ-ઉપાસનાનો બ્રહ્મધર્મ સ્વીકારનારા જુવાનો નજરે ચડે છે. સૌરાષ્ટ્ર પણ બજરંગ-ઉપાસનાનો બ્રહ્મધર્મ સમજતો જાય છે. તેના જુવાનોમાં શરીરજમાવટનો શોખ વધતો જાય છે. તેનાં પાટનગરો-માં વ્યાયામમંદિરો ઉઘડી રહ્યાં છે. ભાવનગર, અમરેલી, રાજકોટ, પોરબંદર, ધોરાજી વગેરે શહેરોમા નિષ્ણાત વ્યાયામપ્રેમીઓ અખાડાઓ ચલાવી રહ્યા છે. બીજાં સ્થળોએ અખાડાની માગણી થઈ રહી છે. આમ સૌરાષ્ટ્રમાં અખાડાવૃત્તિ વિસ્તરતી જાય છે, ત્યારે તેને એક શિસ્ત નીચે લાવવા, બધા અખાડાઓમાં એકજ ધોરણ દાખલ કરવા, સૌરાષ્ટ્રની વ્યાયામપ્રવૃત્તિનું નેતૃત્વ હાથ લેનારી અમરાવતીના આ હનુમાન વ્યાયામપ્રસારક મંડળ જેવી કોઇ મધ્યસ્થ સંસ્થાનો જન્મ નહિ થાય? સૌરાષ્ટ્રના સ્વામી રાવ, માંકડ, ભગવાનજી વગેરે એ જરૂરતનો વિચાર કરે અને આ વ્યાયામમંડળના અહેવાલમાંથી પ્રેરણા લઇ એકાદ મધ્યસ્થ સંસ્થા સ્થાપી સૌરાષ્ટ્રભરમાં વ્યાયામ પ્રચારે એવી આશા સાથે આ પરિચય-લેખ સમાપ્ત થાય છે.

('સૌરાષ્ટ્ર' તા-૧૧-૮-૧૯૨૮ ના અંકમાંથી)

૧૦૬–પંજાબકેસરી લાલા લજપતરાય

નિશ્ચેતનોમાં નવચેતના સંચારનારી રણભેરીનું રણગાન પૂરું થયું...... પણ એના પ્રેરક સૂરના દિગન્તવ્યાપી પડઘા ગિરિઓ ને ગવ્હરો, અરણ્યો ને વનરાઈઓ, નદીતીરો ને જનપદો મધ્યે હજી ગાજીજ રહ્યા છે! હજી એ રણભેરી બજે છે! નવચેતનાનો મંત્ર ગુંજે છે! એ રણભેરી અમર છે!

× × × × × ×

હિમાલયના હિમશ્વેત ગૌરીશંકર સમા ઉન્નત ગિરિશૃંગ ઉપર ઉભીને, પચાસ પચાસ વર્ષસુધી, એકજ સૂરે અવિરામ રણભેરી બજાવનાર એ જોદ્ધો પડ્યો. નરોમાં નરોત્તમ, પુરુષોમાં પુરુષસિંહ, યોદ્ધાઓમાં યોદ્ધાવર, શહીદોમાં શહીદ–શિરોમણિ નરકેસરી લજપતનો દેહ પડ્યો.

આજથી ત્રેસઠ વર્ષપૂર્વે પંજાબના એક અજાણ્યા ગામમાં જન્મેલા એ હિંદી પુત્રમાં એવું કયું અદ્‌ભુત તત્ત્વ હતું કે આજની જુવાન પેઢીનો જ્યારે જન્મ પણ નહોતો થયો તે કાળમાં, સને ૧૯૦૫–'૦૬ના કાળમાં, જ્યારે 'વંદે માતરમ્'નો ઉચ્ચાર એ ભયંકર ગુન્હો ગણાતો અને હિંદી રાષ્ટ્રવાદનાં કિરણો હજી મુંબાઇ–કલકત્તાસમાં નગરોની મોટીમોટી મહેલાતોની અટારીઓનેજ અજવાળતાં હતાં ત્યારે, કાઠિયાવાડનાં નાનાં નાનાં ગામડાંઓમાં ચુસ્ત સનાતની બ્રાહ્મણો પણ પ્રતિદિન પ્રભાતે શિવપૂજાની સાથે આ નરવીરની અને તિલક મહારાજની છબીની અનન્ય ભક્તિભાવપૂર્વક પૂજા કરતા? પંજાબના એ નરે હિંદુસ્તાનના ખૂણેખૂણાનાં ગામગામડાંમાં વસતા સામાન્ય ગામડીઆઓનાં દિલ ઉપર, આજથી એક આખી પચ્ચીસી પહેલાં એવું કયું કામણ કર્યું હતું કે આ વિદેશી સરકારના વહીવટદારો તેને પકડીને માંડલેના કિલ્લાને માર્ગે લઇ જતા હતા ત્યારે–

'લાલાજી હીરો હિંદુસ્તાનનો, પાપીએ નાખ્યો કેદજી!'

એવી પુણ્યપ્રકોપથી ભભુકતી લોકકવિતામાં લોકહૃદયની પ્રેમલાગણી આવો પારદર્શક આવિર્ભાવ પામતી? દેશને ચરણે જીંદગીની પળેપળ અર્પી દઇ નરસિંહ લજપતરાયે નિજના ચારિત્ર્યબળથી, નિજની નિર્ભયતાથી, નિજના સિંહ–સ્વભાવથી, હિંદની પ્રજાનાં માન આજસુધી કદાચ કોઇ પુરુષે જીત્યાં નથી એવાં જીત્યાં હતાં.

સત્તાવન–અઠ્ઠાવનનો બળવો બુઝાયા પછી સાત વર્ષે, એ બળવા વેળા પ્રગટેલા હિંદના આત્મતત્ત્વના અવતારસમો લજપત, ઇ. સ. ૧૮૬૫માં પંજાબના લુધિયાણા જીલ્લાને ખૂણે જગરાન નામના નાનકડા ગામમાં મુનશી રાધાકૃષ્ણ લાલાને ત્યાં જન્મ્યો. ગરીબ પણ જૂના ને ખાનદાન અગ્રવાલ વણિક કુટુંબના એ લાલા રાધાકૃષ્ણ સરકારી હાઇસ્કૂલમાં ઉર્દુના શિક્ષક હતા અને તેમની ટુંકી કમાણીમાંથી એમનાં પત્ની ઘણીજ ત્રેવડથી સુખપૂર્વક ગુજરાન ચલાવતાં. માતાની એ વ્યવસ્થાશક્તિ, ત્રેવડ અને કુટુંબવાત્સલ્યનાં લજપતરાયે ધરાઇ ધરાઇને વખાણ કરતાં અનેક વખત કહ્યું છે કે 'મોટા થયે મારી આવક જ્યારે હજારોની થઇ ત્યારે પણ એ શરૂઆતની કરકસરવાળી જીંદગીના કરતાં લેશમાત્ર વધુ સુખકર આબાદી અમે જાણી નથી; એટલો મારી માતાનો હાથ એ ટુંકી આવકમાં પણ બરકત ને રસ પૂરતો.'

બાર વર્ષની બાળવયે લજપતે મહર્ષિ દયાનંદનાં પ્રવચનો સાંભળેલાં અને તેમાં ભારતરાષ્ટ્રનો પુનરુદ્ધાર કરવાની પ્રેરણાનું પાન કરેલું. બાળક લજપતને પિતા રાધાકૃષ્ણે પણ એ માર્ગે યોગ્ય ઉત્તેજન આપ્યાજ કર્યું અને પૂરાં પંદર વર્ષનો ન થયો ત્યાં તો પોતાના આ પરાધીન દેશના ઉદ્ધારનાં સ્વપ્નાં સેવતો, દેશોદ્ધારની અનેક યોજનાઓ ઘડતો એ કટ્ટર દેશભક્ત બન્યો.

એકવડા બાંધાના, નબળી તબિયતવાળા એ કુમારનું અભ્યાસજીવન તીવ્ર અને તેજસ્વી બુદ્ધિના ચમકારથી ઝળકતું હતું. સહવિદ્યાર્થીઓમાં સદા મોખરે રહીને લાલાએ અઢાર વર્ષની કોમળ વયે કાયદાની પરીક્ષા પસાર કરીને વકીલાત માંડી.

પણ, 'મારો આ પ્રિય દેશ હિંદુસ્તાન આજ પરાધીન દશામાં છે, એની પ્રજા આજે પતિત છે, એનાપર પરદેશી સત્તાનો પંજો ચોંટેલો છે અને એની સમૃદ્ધિ ને નૂર સતત ચૂસાયે જાય છે', એ દર્દભરી વસ્તુસ્થિતિનું ભાન એના મગજપર સદા ધમકારા કર્યાજ કરતું હતું.

એટલે અભ્યાસ દરમિયાનજ એણે મહર્ષિ દયાનંદના ઝુંડા નીચે દેશના સૈનિકતરીકે પોતાની ભરતી કરી દીધી. ૧૮૫૭ના ગદરના પ્રથમ સ્વાતંત્ર્યયુદ્ધમાં આકરો પરાજય મળ્યા પછી હિંદી પ્રજા નિરાશ ને ભગ્નહૃદય બની હતી; અંગ્રેજી કારભારીઓની અસર નીચે હિંદુસ્તાનના મનુષ્યત્વનો ધીમે ધીમે પણ સ્થિરગતિએ નાશ થઈ રહ્યો હતો; ખડિયામાં ખાપણ લઈને ભમનાર શૂરા યોદ્ધાઓની અને સ્વાધીનતાના પ્રેમમાં દુનિયામાં કોઈથી ઉતરે નહિ એવા બહાદુર સ્વાતંત્ર્યપ્રેમીઓની કોમ કારકુનો અને મહેતાઓની કોમ બની રહી હતી. એ જોઈ જેમ દયાનંદ ઉકળી ઉઠ્યો ને એ વિનાશક્રિયાને અટકાવવા કમર કસી; તેમ તેનો અનુયાયી લજપત પણ ઉકળી ઉઠ્યો, ને જો જીંદગીની કુરબાનીથી આ ક્રિયા અટકી પડતી હોય તો તે રીતે પણ તે અટકાવવા કટિબદ્ધ થયો.

લજપતરાયના એ જુવાનીના દિવસોમાં પંજાબમાં આર્યસમાજનું પરિબળ હતું. લડાયક જુસ્સાથી ઉભરાતા આર્યસમાજીઓ દયાનંદના બોધ મુજબ ભારતીય પ્રજાના નવવિધાનના કાર્યમાં એકાગ્ર બન્યા હતા. એ કાર્યની ત્રણ પંજાબી જુવાનોએ સરદારી લીધી. લાલા હંસરાજ, ગુરુદત્ત વિદ્યાર્થી અને લાલા લજપતરાય, આર્યસમાજના આ ત્રણે સરદારો, જેમને પૂરાં વીસ વર્ષ પણ નહોતાં થયાં, જેમના મ્હોં ઉપર મૂછનો દોરો પણ નહોતો ફુટ્યો એવા ભાવનાભિખ્ખુ જુવાનો હતા. 'જુવાન! જગતનું પુનર્વિધાન કરવાની જુમ્મેદારી તારે શિરે છે; નૂતન જગતનું સર્જન તારે હાથે થવું જોઈએ' એ યુગાદેશને લજપત, હંસરાજ અને ગુરુદત્તની ત્રિપુટિએ બરાબર ઝીલ્યો અને પંજાબમાં પ્રથમ સામાજિક અને ધાર્મિક સુધારણાનું કામ હાથ લીધું.

નવયુગના સંદેશવાહક સરખા એ ત્રણે જુવાનોએ, મુડદાંઓમાં પ્રાણ પૂરતી, સ્વાધીનતાને માટે શોણિત માગતી એ અજબ પ્રેરણાવંત વાણીના બળે પંજાબીને ખડો કરી દીધો. ત્રણે જુવાનો અભ્યાસ કરતા, વિદ્યાલયમાં મોખરે રહેતા, ભાષણો કરવા ભટકતા, વેદાર્થના વાદવિવાદ કરતા અને આજે લાહોર તો કાલે હીસાર એમ સર્વત્ર ભટકીને આગામી જંગને માટે જનસમુદાયને ઢંઢોળતા. હંસરાજ યોજનાઓ યોજતા, ગુરુદત્ત પ્રેરણા અર્પતો અને લજપતરાય કર્મવીરના વેગથી એ યોજનાઓને સ્થૂલાકાર આપતા. આમ સ્વામી દયાનંદ પછી આર્યસમાજની સંસ્થા અને પ્રવૃત્તિને આ ત્રણે જણે એટલી ચેતનવંત ને પ્રબળ બનાવી મૂકી કે એ સંસ્થાના સર્જનહારતરીકે મહર્ષિ દયાનંદ પછી કોઈનું નામ મૂકી શકાય તો એ ત્રિપુટીનું જ. પોતાની ભાવનાના રંગ, અંતરનું જોમ, અંગનું ચેતન અને કમાણીનું સઘળું ધન એ પ્રવૃત્તિ પાછળ રેડી રેડીને એ ત્રણે જુવાનોએ પંજાબમાં સામાજિક, ધાર્મિક અને કેળવણીનાં નવસર્જન માંડ્યાં. એમના અદમ્ય ઉત્સાહ ને અથાક પરિશ્રમે ૧૮૮૬ના જુનની પહેલી તારીખે લાહોરમાં 'દયાનંદ ઍંગ્લો વેદિક કૉલેજ'નો પાયો નંખાયો. હિંદી ભાષાનો પ્રચાર કરવો, સંસ્કૃત અને અંગ્રેજી જ્ઞાન ફેલાવવું તથા ઔદ્યોગિક જ્ઞાનપ્રત્યે પ્રેમ ઉત્પન્ન કરવો—એવા ઉદ્દેશથી પંચનદોના મુલકમાં મંડાયેલી આ કૉલેજ તે કાળે તો પંજાબમાં એક અને અદ્વિતીય હતી અને આજે પણ વિદ્યાર્થીસંખ્યા અને શિક્ષણની ઉત્તમતામાં તે સૌથી પહેલી ઉભી છે. લજપત, હંસરાજ ને ગુરુદત્તની ત્રિપુટિએ તો આ કૉલેજ સરકારી શિક્ષણખાતાથી સ્વતંત્ર રહીને રાષ્ટ્રપ્રેમના પાઠ શીખવતા રાષ્ટ્રીય શિક્ષણનો પ્રયોગ કરવા ધારેલી; પણ આ ભાવના પૂર્ણપણે પાર ન ઉતરી. આજે એ કૉલેજ પંજાબ યુનિવર્સિટિ સાથે જોડાયેલી છે; પણ એ છતાં, ત્રણ જુવાનિયાઓ એક કૉલેજ સ્થાપે અને તેના પાયા આવા સુદૃઢ નાખે, એ વસ્તુ તો દુનિયાના ઇતિહાસમાં પણ વિરલ છે. લજપતનું ઘડતર એવાં જબ્બર કામો આરંભી શકે અને પાર ઉતારી શકે એવી અસામાન્ય ધાતુનું હતું.

દરમિયાન પંજાબ યુનિવર્સિટિની કાયદાની પદવી લઈને લજપતરાયે હીસારમાં વકીલાત માંડી દીધી હતી. કુનેહભરી વેધકબુદ્ધિ અને તેજસ્વી વક્તૃત્વશક્તિને પ્રભાવે તેણે પોતાના ધંધામાં સારી પ્રતિષ્ઠા જમાવી અને હીસારના વકીલોમાં અગ્રણીપદ મેળવ્યું; પણ ધંધો કરતાં તેને બીજી ઉચ્ચતર વસ્તુઓની પરવા-લગની વધુ હતી, એટલે સમૃદ્ધિની ટોચે ઉછળતી વકીલાતના ધંધાની મહત્ત્વાકાંક્ષા તજીને તેણે પ્રાંતના સમુદ્ધારના કાર્યમાં જ જીવનશક્તિ રોકવા માંડી. અહીં પણ

તેને અનુકૂળ અને સહૃદયી મિત્રો તથા સહકારીઓ મળી રહ્યા. તેમાં પોતાની આખી જીંદગીની કમાણી શિક્ષણ અને બીજાં ક્ષેત્રોમાં અર્પણ કરી દેનાર દાનવીર પંડિત લજપતરાય તથા 'પંજાબી-પત્ર'ના આદ્યસ્થાપક લાલા જસવંતરાયના પિતા લાલા ચૂડામણિ એ બે મુખ્ય હતા. લાલા ચૂડામણિએ ભટકતા કંગાલો અને કામધંધાવગરના રખડુઓ માટે સ્થાપેલી પંજાબની ઉદ્યોગ-શાળા તો પ્રખ્યાત છે.

આ બધા મિત્રોની સાથે કેવળ પ્રગતિમાન પંજાબનાંજ નહિ, પણ સ્વાધીન ભારતનાં સ્વપ્નાં સેવતા જુવાન લજપતને હવે હીસારનું ક્ષેત્ર સંકુચિત લાગવા માંડ્યું. વળી દયાનંદ કૉલેજ-ની સ્થાપના કર્યા પછી લજપતરાયનું બધું લક્ષ એ કૉલેજને સુદૃઢ બનાવવા અને વિસ્તારવા તરફ વળ્યું, એટલે તેણે ૧૮૯૨ના પ્રારંભમાં લાહોરમાં જઇ અખાડો નાખ્યો. પોતાની અસામાન્ય બુદ્ધિપ્રતિભા, સંસર્ગમાં આવનારની અંદર ચેતનની ચીનગારી, દેશદાઝ, સરળ અને નિખાલસ સ્વભાવ તથા મોહક વ્યકિતત્વના પ્રભાવે, જુવાન લજપતરાયે જોતજોતામાં લાહોરમાં પોતાને માટે માનવંતું સ્થાન કરી લીધું અને પંજાબની વડી અદાલતના ધારાશાસ્ત્રીઓમાં મોખરે પ્રકાશવા લાગ્યા. લક્ષ્મીદેવીએ તેમનાપર સમૃદ્ધિનાં હાસ્ય વેર્યાં, પણ હમેશાં સાદી રહેણીના ચાહનાર લાલાજી-એ પોતાનું કુટુંબ ગરીબ હતું છતાં, પોતાની વકીલાતની આવકમાંથી ખર્ચજોગી રકમ રાખી બાકીની દયાનંદ કૉલેજના દ્રવ્યકોષમાં ભરવા માંડી; અને એ ઉપરાંત પંજાબનાં અન્ય ગામો અને શહેરોમાં શારદામંદિરો-કુમારો અને કુમારીઓ માટેની શાળાઓ-સ્થાપવા અપાર જહેમત લેવા માંડી. આજે આર્યસમાજ વાર્ષિક દશ લાખ રૂપિયા ખર્ચી સંખ્યાબંધ સંસ્થાઓ ચલાવે છે, જેમાંનો મોટો ભાગ પંજાબમાંજ છે. પંજાબની એ સંસ્થાઓમાંની ઘણીયેની ઇંટો ઉપર લજપતનું નામ અમર અક્ષરે લખાયેલું છે. દલિતોનાં દુ:ખ હરવા અને પીડિતોની પીડા હરવામાટે પોતાનો જન્મ છે, એવી પ્રબળ અસ્મિતાની પ્રેરણા નીચે દેશકાર્ય કરી રહેલા લજપતરાયની જુવાનીનો પ્રથમ દશકો આર્યસમાજની પતાકા નીચે આવું રચનાત્મક કાર્ય કરવામાં વ્યતીત થયો અને તેમનું નામ જોતજોતામાં પંજાબભરમાં ગવાવા લાગ્યું..

પણ સ્વાધીનતાની ઝંખના ઝંખતા જુવાન લજપતરાયને આયસમાજનું ક્ષેત્ર હવે સંકુચિત પડ્યું. દિનરાત દેશહિતનું ચિંતન કરતા લજપતરાયને સૂઝ્યું કે, આ બધી પ્રવૃત્તિઓ ઠીક છે. દુષ્કાળપીડિતોને અન્ન આપવું, અનાથોને આશ્રય આપવો, શિક્ષણસંસ્થાઓ સ્થાપવી, સમાજ-સુધારો કરવો, જુવાનોને દેશપ્રેમપ્રેરિત બનાવવા-એ બધું સુકાર્ય છે; પણ જ્યાંસુધી દેશની રગેરગમાં પ્રસરી ગયેલું પરાધીનતાનું ઝેર મારી શકાય નહિ; જ્યાંસુધી હિંદી પ્રજાજનો તેના ઘરમાં ગુલામ મટી માલિક બને નહિ, ત્યાંસુધી ધ્યેય તો દૂરજ રહેશે. ઉંડા અભ્યાસ અને અવલોકન પછી લાલાજીએ અગ્નિના અક્ષરોએ પોતાની જીવનપોથીમાં સિદ્ધાંત લખ્યો કે 'પ્રત્યેક હિંદીએ સૌથી પ્રથમ હિંદની રાજકીય પરાધીનતા મિટાવવા મથવું જોઇએ; રાજકીય પરાધીનતા-ના નાશની સાથે બીજી બધીયે પરાધીનતાઓનો નાશ થશે.' અને આમ લાલાજીએ રાજકીય યોદ્ધાના રણસાજ સજ્યા. તે દિવસથી-વીસમી સદીના આરંભવર્ષના તે દિવસથી તે આ નવે-મ્બર માસની ૧૭મી તારીખના શનિવારે એમણે બ્રિટિશ સામ્રાજ્યની બર્બરતાના પ્રતિનિધિ બ્રિટિશ સિપાઇની લાઠીના મારને પરિણામે છેલ્લી સોડ તાણી ત્યાંસુધી-બ્રિટિશની છાતીને કંપાવતા, હિંદના આત્માની વેદનાને ગરવી વાણીમાં વ્યક્ત કરતા, હિંદની સ્વાધીનતાની ઝંખનાનો ઢંઢેરો પીટતા, સિંહની ત્રાડે ત્રાડતા લાલાજી રાજકીય અને સ્વદેશીય લડવૈયાજ રહ્યા.

જીવનભર સ્વાધીનતાના રણાંગણમાંજ ઝુઝવાનો નિરધાર કર્યા પછી લજપતરાયે દેશદેશના સ્વાતંત્ર્યવીરોની દોસ્તી કરવા માંડી અને ઇતિહાસની કિતાબોમાં કોઇ સમાનધર્મીની રાહ જોતા પડેલા મૅઝિની અને ગેરીબાલ્ડી, વૉશિંગ્ટન અને લિંકન વગેરે વીરોની મૈત્રી સાધી. લજપતરાયે એમના જીવનની પારાયણ કરી. ખાસ કરીને છેલ્લી શતાબ્દિના ઇટાલિયન શહીદો-મૅઝિની અને ગેરીબાલ્ડીએ એનાપર ભારે અસર કરી અને પોતાના આત્માના અમર રસની શાહીમાં લેખિની બોળીને લજપતરાયે એ બંને વીરોની પ્રેરક જીવનકથાઓ લખી. હિંદી ઇતિહાસમાંથી પણ લજપત-

રાયે 'અમર મહાજનો'નો પરિચય કર્યો અને તેમની પણ જિવનકથા લખી. એમની લખેલી એ અશોક અને શિવાજી, દયાનંદ અને કૃષ્ણચંદ્રની જીવનકથાઓ આજસુધી પંજાબના જુવાનો વાંચે છે અને જીવનની પ્રેરણા અનુભવે છે.

મૅઝિનીરૂપી દેશદાઝની જ્વાળાથી પ્રજ્વલિત બનીને, મૅઝિનીના હિંદી અવતારસમા લજપતરાય રાજકીય ક્ષેત્રમાં ઊતર્યા અને ૧૮૮૮ની સાલથી મહાસભામાં ભાગ લેવો શરૂ કર્યો. એ વર્ષની અલાહાબાદની મહાસભા વેળા તેણે સર સૈયદ અહમદને ઉદ્દેશીને લખેલા પત્રો હજુયે મશહૂર છે. એ પત્રોમાં લજપતરાયે સર સૈયદ અહમદની મનોદશાના પલટા ઉપર–રાષ્ટ્રવાદી સર સૈયદ કોમીવાદી સર સૈયદ બન્યા તે પરિવર્તન ઉપર–સખ્ત ટકા લગાવ્યા છે. લજપતરાયના એ પત્રોથી એ કાળમાં દેશભરમાં સનસનાટી થયેલી. જુવાન લજપતરાયનો અભ્યાસ, તેની કલમની શક્તિ, દેશદાઝ અને સૌથી વિશેષ નિર્ભયતાએ તે કાળના રાજકીય કાર્યકરોના દિલ ઉપર ઊંડી અસર કરી.

આ અરસામાં ૧૮૯૭માં હિંદમાં દુષ્કાળ પડ્યો. લાલાજીએ પોતાના દુષ્કાળપીડિત દેશબાંધવોની વહારઅર્થે જબ્બર રાહતપ્રવૃત્તિ આદરી. ૧૮૯૯–૧૯૦૦માં પડેલા બીજા દુષ્કાળ વેળા પણ એ માનવતાની મૂર્તિએ હિંદુસ્તાનના પ્રાંતોમાં ભમીને ભૂખ્યાંઓની ભૂખ ભાંગી અને વસ્ત્રહીનોને વસ્ત્રો પૂર્યાં. મધ્યપ્રાંત, બંગાળ, રાજપૂતાના વગેરે સ્થળોએ અસંખ્ય હિંદુ અનાથોને લજપતરાયે પોતાની રક્ષા નીચે લીધા. એ વેળા વિદેશી પાદરીઓ હિંદુ અનાથ બાળકોને ભરમાવી તેમને ઈસાઈ ધર્મમાં વટલાવવાની પ્રવૃત્તિ ચલાવતા જોઈ, લજપતરાયે પાદરીઓની એ વટાળપ્રવૃત્તિની સામે ત્રાડ પાડી અને હજારો હિંદુ બાળકોનો હિંદુત્વનો વારસો કાયમ રાખ્યો. લજપતરાયના ઉગ્ર રાજકીય પ્રચારકાર્યની સાથોસાથ, જનસમૂહના સુખદુઃખમાં હમદર્દીભર્યો ભાગ લેનારી તેમની આ પ્રવૃત્તિએ તેમને પ્રજાના સાચા નાયક બનાવ્યા. લજપતરાય તેમની પાંત્રીસ વર્ષની વયે અખિલ હિંદમાં નામના ધરાવતા નેતાવર બન્યા.

૧૯૦૫ની બનારસ મહાસભામાં પંજાબના એ કેસરીએ સૌથી પહેલી રણગર્જના કરી, જેનાં આંદોલનોએ ઘડીભર બ્રિટિશ સામ્રાજ્યના પાયા ડોલાવ્યા. લૉર્ડ કર્ઝને બંગાળના ભાગલા પાડ્યા પછી બરાબર સિત્તેરમે દિવસે લાલાજીએ બનારસની એ મહાસભાની વ્યાસપીઠ ઉપરથી આગામી નૂતન રાષ્ટ્રીય હીલચાલની રૂપરેખા બતાવી. લાલાજી આગામી બળવાના મુખનાદ બન્યા. બંગભંગના એ કારણે બંગાળાની પ્રજા ખળભળી ઊઠી, હિંદુસ્તાનના રાષ્ટ્રીય ઉત્થાનના ઇતિહાસમાં નવો તબક્કો મંડાયો. 'હિંદ આમાર, જનની આમાર, ધાત્રી આમાર, આમાર દેશ'ના જયનાદોથી ભારતનું ગગન–અને સાથેસાથે બ્રિટિશ સામ્રાજ્યવાદીઓની છાતી ભેદાઈ રહ્યાં. લાલાજીએ બંગાળની એ બળવાપ્રવૃત્તિના આગેવાનોમાં સ્થાન લીધું. બ્રિટિશ હાકેમના આ કાર્યની સામે, બંગાળમાં બીપીનચંદ્ર પાલે, દક્ષિણમાં તિલક મહારાજે અને પંજાબમાં લાલા લજપતરાયે ઉગ્ર વિરોધની ત્રાડો દીધી અને એની ગર્જનાના પડઘાથી દેશભરની દિશાઓ ગાજી ઊઠી. લાલ, બાલ અને પાલની એ ત્રિપુટીએ આખા હિંદની પ્રજામાં નવચેતન મૂક્યું. એ ચેતનની હુંફે હિંદનો જુવાનવર્ગ ખડો થઈ ગયો અને જાણે 'બળવો થશે? ક્રાંતિ થશે? સામ્રાજ્યનો અસ્ત થશે?' એવી બીતિથી બ્રિટિશ કારભારીઓ ધ્રૂજી રહ્યા. લાલ, બાલ અને પાલની ત્રિપુટિએ નવો ઇતિહાસ રચ્યો, નવી પ્રજા ઘડી, નવું ભારતવર્ષ સર્જ્યું.

સ્વદેશ અને દેશબાંધવો માટેની તેમની આ લાગણીની જ્વાળાઓ જોઈ, તેમની સહૃદયતા ને ફનાગીરીથી મુગ્ધ થઈ, ૧૯૦૫ની મહાસભાએ વિલાયતમાં પ્રચારકાર્ય કરવા માટે ગોપાલકૃષ્ણ ગોખલેની સાથે સર્વાનુમતે તેમની પસંદગી કરી અને ગોખલે ને લજપતરાયનું પ્રતિનિધિમંડળ યુરોપને પ્રવાસે ઊપડ્યું.

પંજાબનો સિંહ ગોખલેજીની સંગે વિલાયત પહોંચ્યો અને બ્રિટિશ સામ્રાજ્યવાદે હિંદી પ્રજાનું કેવું કચ્ચરઘાણ વાળી નાખ્યું છે, એ પંજાબકેસરીએ તેની જ્વાળાઝરતી વાણીમાં વિલાયતી પ્રજાને સમજાવ્યું. લજપતરાયે સંખ્યાબંધ સભાઓ સમક્ષ ભાષણ કર્યાં ને વિલાયતના

સર્વ પક્ષના અગ્રેસરોના મનપર ઉંડી છાપ પાડી ખબર કરી કે 'હિંદી પ્રજા હવે જાગી છે અને પોતાપરની સામ્રાજ્યવાદની ઝુંસરી ફગાવી દેવા માગે છે.'

ઇંગ્લૅંડનો પ્રવાસ પૂરો કરીને લજપતરાય યૂરોપના બીજા દેશોની મુસાફરીએ નીકળ્યા અને પછી અમેરિકાનું નિરીક્ષણ કરવા ઉપડ્યા. એમણે ત્યાંની શિક્ષણસંસ્થાઓનો તલસ્પર્શી અભ્યાસ કર્યો અને હિંદમાં શિક્ષણકાર્ય કરતી સંખ્યાબંધ આર્યસમાજી સંસ્થાઓમાં કયી કયી દિશામાં સુધારા–વધારા થઇ શકે તે જોયું. ઉઘાડી આંખોએ બધું જોતા અને સ્વાધીનતાની ધગશથી સળગતા લજપતરાય ઉપર યૂરોપ–અમેરિકાના આ પ્રવાસે ઉંડી અસર મૂકી, તેને નવી દૃષ્ટિ આપી અને બેવડા ઉત્સાહની ભરતીથી ઉભરાતા હૃદયે લજપતરાય હિંદ આવ્યા.

આ અરસામાં પંજાબમાં સરકારે વધારેલી જમીનમહેસુલ અને નહેરના પાણીના દરસંબંધી સરકારી નીતિની સામે લોકોનો પોકાર ઉઠ્યો. 'પંજાબી' પત્રની કટારોમાંથી લજપતરાયની લેખિનીએ અંગ્રેજી મહેસુલવહીવટ સામે વજ્રના પ્રહારો કરવા માંડ્યા. પંજાબના ગોરા કારભારીઓને આ બળવાખોર, બ્રિટિશ સામ્રાજ્યના પાયા હચમચાવતો લાગ્યો; એટલે તેને ઠેકાણે પાડવા પોતાના રાક્ષસી ભાથામાંથી ૧૮૧૮ના રેગ્યુલેશન થ્રી નામનું શસ્ત્ર કાઢ્યું અને એ કાયદાની રૂએ ૧૯૦૭ના મે મહિનાના એક દિવસે લજપતરાયને પંજાબની સરકારે અચાનક એમના ઘરમાંથી ગુપ્ત રીતે ઉઠાવીને બ્રહ્મદેશમાં માંડલેના કિલ્લામાં પૂર્યા. હિંદમૈયાની સેવા કરવાનો–સ્વદેશપ્રેમ આચરવાનો 'ગુન્હો' કરનાર દેશભક્તોની જીંદગીની મજલદરમિયાન વચમાં માંડલેની તુરંગો આવે છે એ આપણે અત્યારે જાણીએ છીએ; પણ જે કાળે જેલ જવું એ આજની પેઠે લ્હાવ નહોતો ગણાતો તે સમયમાં એ દેશપારી ને કારાવાસને મર્દાનગીથી ભોગવી લઇને તેનો ડર કાઢી નાખનાર લાલાજી પ્રથમ હતા.

લજપતરાયની આ અચાનક દેશપારીથી આખો દેશ ખળભળી ઉઠ્યો. અખબારોએ, જાહેરસભાઓએ, જાહેર સંસ્થાઓએ, વિદ્યાર્થીમંડળોએ–ચોમેરથી સરકારના આ હીચકારા કૃત્યસામે વિરોધનો મારો ચલાવ્યો. હિંદમાં કોઇ અજબ જાગૃતિ આવી. લજપતરાય થોડા મહિના માંડલેમાં સરકારની મહેમાનગતી ભોગવી પાછા આવ્યા અને 'મારી દેશપારીની કથની' માં એ વીતકની આખી કથા હિંદી પ્રજા પાસે મૂકી. લજપતરાયની ચૈતન્યદાયી લેખિનીએ લખાયેલી એ કથની વાંચી હિંદી પ્રજાએ નવી પ્રેરણા મેળવી; આજેયે હિંદી જુવાન એ પુસ્તકના વાચનથી નવપ્રેરણા મેળવે છે.

દેશને નામે અપૂર્વ ત્યાગ અને અનન્ય તપશ્ચર્યાના કરવૈયા સમરવીર તરીકે, તરુણ હિંદીઓના પૂજાસ્પદ રાષ્ટ્રીય અસ્મિતાના અવતારતરીકે, માંડલેથી પાછા પધારીને લાલાજીએ ફરી એટલીજ ઉતાવળથી દેશકાર્યની ધુરા હાથ ધરી અને ૧૯૦૭ ની સુરતની ઐતિહાસિક મહાસભામાં ભાગ લીધો. તિલક મહારાજ, અરવિંદ ઘોષ, ખાપર્ડે વગેરેના જહાલ પક્ષના નેતાવરતરીકે સુરતે એ પંજાબકેસરીનું અદ્ભુત સ્વાગત કર્યું અને ત્યાર પછી લજપતરાય, રણમેદાનમાં સાચો રણવીર પહેલી હરોળમાં ઉભે તેમ, દેશહિતની પ્રત્યેક પ્રવૃત્તિમાં મોખરે રહેવા લાગ્યા. હિંદુસ્તાનમાં તિલક–લજપતયુગ બેઠો, તે છેક ૧૯૨૦માં ગાંધીયુગનો આરંભ થયો ત્યારે એ યુગ પૂરો થયો. જો કે લજપતરાય તો ગાંધીયુગમાં પણ તેમના અનેરા પ્રકાશેજ પ્રકાશતા રહ્યા; એ યુગના નવા સૂર્યમંડળમાં પણ તેમનું સ્થાન અવિચળ રહ્યું.

માંડલેના કારાવાસ પછી લાલાજીના જીવનમાં એથીયે વધારે આકરા મહત્ત્વનો એવો જ બીજો પ્રસંગ આવ્યો સને ૧૯૧૪માં. એ વેળા યૂરોપીય મહાયુદ્ધનો આરંભ થયો હતો. લાલાજી અમેરિકાના પ્રવાસે ઉપડ્યા હતા અને પ્રવાસ પૂરો કરી હિંદ પાછા ફરવાની તૈયારી કરતા હતા, એવામાં અચાનક બ્રિટિશ વહીવટદારોએ એ નરસિંહના હાથમાં ફરમાન મૂક્યું:–'યુદ્ધ ચાલે ત્યાં સુધી તમને હિંદમાં પ્રવેશ કરવાની મનાઇ છે.' લાલાજી ક્રાંતિવાદી છે, મોટા ભાગે ગદરની સરદારી લે તેવા છે, તેની સરદારી નીચે બંગાળનાં કાવતરાં ચાલે છે, એવી એવી માન્યતાએ સરકારી મંડળોમાં પ્રવર્તતી; એટલે વિગ્રહદરમિયાન લાલાજીને હિંદમાં પાછા આવવાની મના હતી. લાલાજીને ફરજિયાત દેશપારી ભોગવવી પડી. લગભગ આઠ સાલ સુધી હિંદુસ્તાનથી દૂર

હજાર માઈલ દૂર, કુટુંબપરિવારથી ત્યજાઈને, આર્થિક મુંઝવણમાં, અજાણ્યા જનસમુદાયની વચ્ચે લાલાજીને પુરાઈ રહેવું પાડ્યું; પણ એ ફરજિયાત દેશનિકાલીના દિવસે દિવસનો ઉપયોગ લાલાજીએ સ્વ-દેશની સેવાઅર્થે કર્યો. લેખિનીથી અને વક્તૃત્વથી હિંદની પરાધીન હાલત સંબંધમાં ગેમપેો અમે-રિકામાં અને યુરોપમાં અદ્ભુત પ્રચારકાર્ય કર્યું. આઠ વર્ષના એ અમેરિકાવાસ દરમિયાન લાલાજીએ, હિંદની દુર્દશા પુરવાર કરતા આંકડાઓ અને હકીકતોથી ભરેલી દશ લાખ વિવિધ પત્રિકાઓ, પુસ્તિકાઓ ને અખબાર-લેખો પ્રગટ કર્યાં, 'યંગ ઇંડિયા' (તરુણ ભારત) નામનું એક પુસ્તક લખ્યું—જે પુસ્તકને હજી ઉંક ગયા વર્ષ સુધી હિંદમાં લાવવાની મનાઈ હતી—અને હિંદુસ્તાનમાં રહી જેટલું ન થઈ શકે તેટલું હિંદુસ્તાનની બહાર રહીને કરી હિંદી પ્રજાને અને અમેરિકન રાષ્ટ્રને તાજુબ કરી દીધાં.

છતાં પોતાના દેશબંધુઓની વચ્ચે વસવા અને તેમની પ્રત્યક્ષ સેવા ઉઠાવવા તલસતા લાલાજીને એથી સંતોષ નહોતો. સ્વદેશના વિજોગથી એમને અપાર વેદના થતી. મહાયુદ્ધ બંધ થયું, પણ એમના દેશનિકાલની અવધ આવી નહિ. અહીં દેશમાં રૌલેટ કાયદા સામે સત્યાગ્રહ પોકારાયો, પંજાબમાં જલિયાંવાલા બાગની કતલ થઈ. એ ગોઝારા બનાવના સમાચાર લાલાજીને અમેરિકા પહોંચ્યા અને એ દેશભક્તે મહાત્માજીના 'યંગ ઇંડિયા' પત્રમાં એક પત્ર લખી પોતાની એ વેદના ઠાલવી:—'અત્યારે, જ્યારે મારા દેશબંધુઓ જબ્બર અંતરાયોની સામે મહાન વિગ્રહ-આરંભી રહ્યા છે ત્યારે, મારો હિસ્સો પૂરવાને હું હિંદમાં નથી એ વિચારે હું બહુ અકળાઉં છું; હું કોઈ ભારે અપરાધ આચરી રહ્યો હોઉં એમ મને લાગે છે...' આખરે શહેનશાહના દફ્તરોએ લાલાજીને માટે પોતાના પ્રિય વતનમાં પાછા ફરવાનું શક્ય બનાવ્યું અને ૧૯૨૦ ના ફેબ્રુઆરી માસની ૨૦ મી તારીખે લાલાજીએ હિંદમાં પગ મૂક્યો.

આઠ વર્ષના વિજોગ પછી લાલાજીએ મુંબાઈના કિનારે ઉતરી હિંદ ઉપર પહેલી નજર કરી તો હિંદની સારી શિકલ બદલાઈ ગઈ હતી. નૂતન હિંદ, નૂતન પ્રજા, નૂતન ભાવનાઓ અને મનોરથોની વિરાટ મૂર્તિઓ પ્રગટ થતી જોઈ એ પુરુષવરનો આત્મા પ્રસન્ન બન્યો. હિંદને કિનારે પગ મૂકતાં એણે નવું હિંદ સર્જાતું જોયું; સ્વરાજ્યને માટે અધીરો બનેલો જનસમાજ જોયો; અધિકારો અને હક્કોની અસ્મિતાથી દેદીપ્યમાન નવી પ્રજા જોઈ. જલિયાંવાલા બાગની કતલની સામે હિંદ અભૂતપૂર્વ રોષથી સળગી રહ્યો હતો, ગાંધીજી અસહકારની—સેતાની સરકારની જડ ઉખેડી નાખવાની—વિપ્લવવાણી ઉચ્ચારી રહ્યા હતા અને એના પડછંદાઓથી હિંદની દિશાઓ ગાજી રહી હતી. આવી વેળાએ લાલાજીસમા જીવનભરના અઠંગ બળવાખોરનું સ્થાન ગાંધીજીની પડખેજ હોય; અને લાલાજીએ એ સ્થાન તત્કાળ લઈ લીધું.

દેશે ૧૯૨૦ની કલકત્તાની ખાસ મહાસભાવેળા લાલાજીને પ્રમુખપદે પધરાવ્યા. લાલાજીએ એ માનવંત આસનેથી પંજાબના હત્યાકાંડપરત્વે બ્રિટિશ સરકાર ઉપર માનવતાના દેવાળાનો, અસત્યનિષ્ઠતાનો, રાક્ષસીપણાનો, બર્બરતાનો—એમ અનેક આરોપો મૂક્યા અને જીવનભર સિંહની ત્રાડે વિદેશી વહીવટદારોની છાતી વિંધનારા એ કેસરીએ સિંહત્રાડ નાખી કે 'જે અમલદારોએ મારા દેશના જુવાનો પાસે નાકલીટીઓ ખેંચાવી છે, જે અમલદારોએ મારા દેશબંધુઓને ફટકા માર્યા છે, જે અમલદારોએ અનેક રીતે હિંદી પ્રજાને અપમાની છે તે અમલદારો સાથે મહોબ્બત કેળવવા હું હરગીઝ તૈયાર નથી. મારા હૃદયમાં કારી જખમ થયો છે; હું હતાશ બન્યો છું. અસહકારનો ઝંડો ફરકાવવો એજ અમારે માટે ધર્મ્ય વસ્તુ છે.' ત્યાર પછી નાગપુર મહાસભા થઈ અને હિંદી પ્રજાએ અસહકારનો નિરધાર પોકાર્યો. તે દિવસથી લાલાજી અસહકાર-જંગમાં મહાત્માજીની જમણી ભુજા બન્યા. બંગાળમાં દેશબંધુ ચિત્તરંજન અને પંજાબમાં લજપતરાય એ બંને નેતાવરોએ અસહકારને અજબ જોર આપ્યું.

અસહકાર-જંગના એ દિવસોમાં લાલાજીની અવસ્થા થતી જતી હતી, પંજાબનો એ સિંહ વૃદ્ધ બનતો જતો હતો; પણ તેનું શૌર્ય વૃદ્ધ નહોતું બનતું જતું. શૌર્ય અને સાહસ, નિર્ભયતા અને નિશ્ચયબળમાં તો એ લાલાજી દયાનંદ કૉલેજ સ્થાપનાર જુવાન લજપતજ રહ્યા હતા. જુવાનના ઉત્સાહથી લાલાજી અસહકારના કાળમાં બબ્બે વાર જેલ ગયા અને બીજી જે જે આપદાઓ

ને માનતાંયે સહેવી પડે તે પ્રસન્નચિત્તે સહી.

અસહકારનો જુવાળ ઉતર્યો; લાલાજી જેલમાંથી પાછા ફર્યા; દેશબંધુએ સ્વરાજ્યપક્ષ સ્થાપ્યો; ધારાસભાઓનો સર કરવાનો કાર્યક્રમ યોજ્યો. લાલાજી એ નવા સંગ્રામમાંયે મોખરે રહ્યા. વડી ધારાસભામાં બેઠા પછી, એ પણ જીંદગીની છેલ્લી ઘડીસુધી લાલાજી સદા દેશહિતાર્થે લડેલા સિપાઈ જ મનાય છે.

દૈવને કાંઈ જેનું ઉન્નત ઉન્નત પુરુષની સાથું હતું એવા લાલાજીના જીવનનો છેલ્લો પ્રસંગ પણ એ નરસિંહના ઉન્નત મસ્તક ઉપર લાગી લાઠીનો યશમુકુટ પહેરાવનારો બની ગયો. આ દેશનું ભવિષ્ય ઘડવાને માટે હિન્દુસ્તાનના બ્રિટિશ ટાપુઓમાંથી આવેલા સાત પરદેશીઓના બનેલા 'સાયમન કમિશન'ને તેના લાહોરના આગમન વખતે આવકાર આપવાને પંજાબની પ્રજાનું સરઘસ લાહોર સ્ટેશને ગયું. તેને મોખરે લાલાજી, માલવીયજી અને બીજા સ્થાનિક પ્રખ્યાત નેતાઓ હતા. [illegible] 'સાયમન પાછો જાઓ'ની ગગનભેદી ગર્જનાઓ [illegible]. લાલાજીના હૃદયભાગ ઉપર લાઠીના પ્રહાર [illegible] લાલાજીને ઉગાર્યો; એમ ન થયું હોત [illegible] લાલાજીએ સમ્પૂર્ણ ઉચ્ચાર્યું છે. એ પ્રહાર [illegible] તેમનું હૃદય ભાંગી પડી ગયું; [illegible] છે કે, એ પાશવી લાઠીના ઘાના પરિણામે [illegible] "લાલાજીએ મને કહ્યું [illegible] તેની સાથે ને તેમના સરઘસના મોખરે [illegible] આ બધાં [illegible] સાયમન [illegible] બ્રિટિશ [illegible]

[illegible]

એણે હિંદુસમાજમાં નવપ્રાણ પૂરતાને હિંદુમંડળની પ્રગતિની સરદારી લીધી; હિંદુને તાકાત જમાવવાનો મંત્ર શીખવ્યો; એણે લાહોરની દયાનંદ કૉલેજ જેવી સંખ્યાબંધ શિક્ષણસંસ્થાઓ સ્થાપવામાં હિસ્સો પૂર્યો; અને ઉસ્ટે ઉસ્ટે પોતાની મિલકતની પાઈએ પાઈનું દાન કરી દઈ લાહોરમાં પોતાની માતાના નામથી મહિલાઓ માટે એક ઇસ્પિતાલ સ્થાપીને અને પોતાના વતનમાં પિતાના નામથી એક હાઈસ્કૂલ સ્થાપીને એ આત્માએ તૃપ્તિ અનુભવી. લાલાજીએ ઇતિહાસ રચ્યો છે—સદી પછી લોકો માનતાં અચકાશે એવો અદ્ભુત ઇતિહાસ રચ્યો છે. લાલાજી, આ સીદીઓના સપનારને મન, અને કદાચ બીજા ઘણાયને મન, તિલક અને ચિત્તરંજનથીયે મહાન વિભૂતિ હતા. સ્વપ્નો, યોજનાઓ ને સિદ્ધિઓમાં એ પંજાબકેસરી લજપતનું સ્થાન લેનિન સરખાઓની હરોળમાં છે.

મહાન લજપત તેના દેશબંધુઓની વચ્ચેથી ચાલ્યો ગયો; માનવોનાં જન્મ અને મૃત્યુ ઉપર શાસન કરતા દેવતાઓએ તેને ઉંચકી લીધો. આજે, જાણે અર્ધી સદીસુધી, કોઈ ગિરિશૃંગ ઉપર ઉભી રણભેરી બજાવનાર એ શૃંગની પાછળ અદૃશ્ય બની જાય છે; ઘડીભર લાગે છે કે, એ રણભેરીનું રણગાન પૂરૂં થયું છે. પણ ના—

એ રણગાનના પ્રેરક સૂરના હિમન્તવ્યાપી પડઘા, ગિરિઓ ને કન્દરો, અરણ્યો ને વનરાઈઓ, નદીનાળાં અને જનપદોની મધ્યે હજી ગાજી રહ્યા છે; અને જ્યાંસુધી ભારત સ્વાધીન નહિ બને ત્યાંસુધી ગાજ્યા કરશે, લજપતની રણભેરી બજ્યા જ કરશે. એ રણભેરી અમર છે.

("કુમાર" ના કાર્તિક સં. ૧૯૮૫ ના અંકમાં લેખક:—શ્રી. કકલભાઈ કોઠારી)

૧૦૭—"વીરોનો પણ વીર"

('સૌરાષ્ટ્ર' તરફના લાલાજીના જીવનચરિત્રમાંથી)

ઇ. સ. ૧૯૦૭ નો મે મહિનો ચાલતો હતો; રાવલપિંડીના પાંચ નેતાઓને કારાગૃહમાં પૂરવામાં આવ્યા હતા. એ પાંચેને માટે જામીન મેળવવા, ઉશ્કેરાયેલા પ્રજાસાગરને શાંત પાડવા અને જરૂર પડે તો જેલમાં મિત્રોનો સાથ કરવા લાજપતરાય યત્નશીલ હતા.

એક જણે કહ્યું "તમારા લાયલપુર ખાતેના ભાષણમાંથી 'રાજદ્રોહ'નું ટીપું નીચોવવા માટે જમીન-આસમાન એક થઈ રહ્યાં છે."

બીજાએ કહ્યું "કુકા લોકોના આગેવાન ભાઈ રામસિંગના જેવી તમારી પણ વલે કરવાની ગોઠવણ ચાલી રહી છે." (ભાઈ રામસિંગ શીખોના એક ધાર્મિક સંપ્રદાયનો નેતા હતો. એ સંપ્રદાયપર રાજદ્રારી વિપ્લવખોરીનો સંદેહ હતો. ૧૮૭૨માં એને ૧૮૧૮ના કાયદા નં. ૩ની રૂએ, મુકર્દમો ચલાવ્યા વગર એને બ્રહ્મદેશ કાળાપાણીએ ઉપાડી જવામાં આવ્યો હતો, ત્યાં તુરત એ મરણ પામ્યો હતો.)

ત્રીજા મિત્રે સલાહ આપી કે "લાહોરમાંથી નીકળી જઈએ, વાદળું પસાર થઈ જવા દઈએ."

લાજપતરાયે જવાબ આપ્યો "નહિ, નહિ! એ કાયદાની ચુંગાલમાં આવવા જેવું એક પણ કામ મેં કર્યું નથી. મને કાયદેસર સરકારની આંગળી અડકી શકેજ નહિ, મને કશો ભય નથી. મારા મગજમાં તો એકજ વિચાર ઘૂમે છે કે, રાવલપિંડીવાળા પાંચ મિત્રોને માટે કાંઈક કરી છૂટું. અત્યારે એ પાંચે જણા બંદીખાનામાં છે ને હું સુખે ઘરમાં નિદ્રા કરૂં છું, એ વિચાર મને જંપવા દેતો નથી. હું રાવલપિંડી જઈને જેમ બને તેમ તેઓની નિકટમાં રહું તો ઠીક."

લાલાજી આ વિચાર કરે છે ત્યાં એમને સમાચાર મળ્યા કે, એ પાંચે જણાના સ્નેહી-સંબંધીઓ ઇચ્છે છે કે લાજપતરાય દૂરજ રહે તો ઠીક. તેઓનું માનવું છે કે, પાંચ જણાપરની આ આફત લાલાનીજ રાવલપિંડીની હાજરીને આભારી છે; અને તેઓ લાલાજી સાથેનો સંબંધ ત્યજી દેવા ઇચ્છે છે.

લાજપતરાયે આ માગણીને શિરપર ચડાવી, પરંતુ હૃદય રહેતું નહોતું. એણે પાંચ પરદેશ

થયેલાઓને કારાગૃહમાં સંદેશો પહોંચાડ્યો કે "મારી જરૂર પડે ત્યારે તૈયારજ ઉભો છું; અત્યારે નથી આવતો, કેમકે મને ના પાડવામાં આવી છે."

× × × ×

પોતાનાપર ઘેરાતાં વાદળાંની વાતો વધવા લાગી. ૧૮૧૮નો કાળો કાયદો ઉઘાડીને વાંચી જોયો, માથું ધૂણાવ્યું: "ના, ના, આમાં જણાવેલું મેં કદીજ કર્યું નથી. મને પકડેજ નહિ. હું એવો કયો મોટો માણસ!"

છતાં અફવાઓ વધવા લાગી. કદાચ ગામતરૂં કરવું પડશે એવું માનીને લાલાજીએ તૈયારી કરવા માંડી. તૈયારી શી શી કરી?

૧–પત્ની તો બહાદૂર છે, એ નહિ મુંઝાય. એ તો બચ્ચાંને હિંમતથી ઉછેરશે, એની મને ચિંતા નથી.

૨–પિતાજીનો પ્રેમ અપરંપાર છે. એ ડોસો ઝૂરી ઝૂરીને મરશે; માટે એનાપર હિંમત દેનારો પત્ર લખી કાઢયો:–

"વહાલા પિતાજી!

ઉલ્લાસ ઔર વિષાદ, દોનોં કાવ્ય કે વિષય હો સકતે હૈં. ઉલ્લાસ મેં કવિ ઉપર ઉડતા હૈ, ઔર વિષાદ મેં અપને ભીતર હી ડૂબતા હૈ. ઉલ્લાસ મેં વહ સમીર-સા સ્વચ્છંદ હો જાતા હૈ, કામના કી તરહ ઉસકી કલ્પના પરમ મધુર હો જાતી હૈ ઔર ઉસકે મનોવેગ મેં તીવ્ર ચપલતા કેલિ કરને લગતી હૈ. વહ પ્રકૃતિ કે નાના રૂપોં મેં આનંદ તથા હર્ષ કી હી માત્રા પાતા હૈ. ઉસકે સમ્મુખ પ્રકાશ-હી-પ્રકાશ રહ જાતા હૈ. વિષાદ કી દશા મેં હમ અપને હી ભીતર ડૂબ જાતે હૈં. હૃદય મેં એક પ્રકાર કી ઘોર ક્રાંતિ મચ જાતી હૈ. હમારા મન તનિક ભી બાહર નહીં લગતા. હમ 'પીર' સે વ્યાકુલ હો જાતે હૈં, વ્યથા સે વિહ્વળ હો જાતે હૈં, ઔર ઇસી અવસ્થા

મેં હમેં અપની વ્યથા–કથા દૂસરોં પર પ્રકટ કર હૃદય કો હલકા કર રોને કી ઇચ્છા સ્વભાવતઃ હોતી હૈ. વિષાદ સે આક્રાંત હૃદય કી કરુણ અભિવ્યક્તિ મેં હી અમર કાવ્ય કા બીજ સન્નિહિત હૈ.

અબ યહાં પર યહ જાન લેના પરમાવશ્યક હૈ કિ ક્યા કારણ હૈ જો શૃંગાર, બીભત્સ, વીર આદિ રસોં કી અપેક્ષા કરુણ કા પ્રભાવ હમારે હૃદય પર શીઘ્ર હી પડ જાતા હૈ, ઔર સભી રસોં કી અપેક્ષા યહ દેર તક ઠહરતા હૈ? યહ મનોવિજ્ઞાન કા પ્રશ્ન હૈ. સચ તો યહ હૈ કિ સંસાર મેં હમ સુખ કી અપેક્ષા દુઃખ કા અનુભવ અધિક કરતે હૈં. ઈશ્વર ને તો સંસાર મેં સુખ કી અપેક્ષા દુઃખ અધિક બનાયા–યહ કહના સર્વથા અનુચિત તથા અવિશ્વસનીય હૈ. બાત ઐસી હૈ કિ બહુધા હમ સુખ સે રહતે હુએ ભી અપને કો દુઃખાક્રાન્ત માનતે હૈં; પરંતુ ઐસા કભી–કભી હી હોતા હોગા કિ દુઃખ મેં રહતે હુએ ભી હમ અપને કો સુખમય માનેં. દુઃખ ઔર સુખ સાપેક્ષિક [illegible] પ્રકૃતિકી બાત હૈં. સુખ ઔર દુઃખ રાત–દિન કી ભાંતિ એકદૂસરે કે વિપરીત ભાવ હૈં. બાહ્ય ઉપકરણોં કા હમારી ચિત્ત–વૃત્તિયોં પર જો પ્રભાવ પડતા હૈ, વહ કિસી–ન–કિસી રૂપ મેં પ્રકટ હોતા હૈ. ઇસી પ્રકટીકરણ કા નામ સુખ–દુઃખ હૈ. સુખ–દુઃખ, દોનોં ક્ષોભ ઉત્પન્ન કરનેવાલે હૈં, શાન્તિ–ભંગ કરનેવાલે હૈં. યહી કારણ હૈ કિ દુઃખ કી અવસ્થા મેં દુઃખ સહ લેના તો સ્વાભાવિક હી હૈ પરંતુ સુખ કી અવસ્થા મેં ભી પ્રાયઃ હમારા ધ્યાન દુઃખમય હી પ્રતીત હોતા હૈ. જિસ અવસ્થા મેં હમ રહતે હૈં, ઉસી અવસ્થા મેં દૂસરે કો દેખકર હમેં આનન્દ મિલતા હૈ, વિશેષતઃ દુઃખ કી દશા મેં. કરુણ–રસ ભાવવ્યાપાર કી સબસે અધિક [illegible]

[illegible]

વાયુ કી વિશ્વવ્યાપકતા કે સમાન હમેં બ્રહ્મ કી વ્યાપકતા કા આભાસ પાને કો ઉપનિષદોં ને હમેં અવશ્ય પ્રેરિત કિયા હૈ; પરંતુ સાથ હી સાથ યહ ભી કહ દિયા કિ शरवत्तन्मयो भवेत् । અદ્વૈતવાદ ચિંતન કી પરાકાષ્ઠા દ્વારા હી પ્રાપ્ત હો સકતા હૈ. ઇસમેં હમારી વૃત્તિયોં કો અનુરંજિત એવં પ્રસન્ન કરને કી ક્ષમતા નહીં. ધારણા કી પૂર્ણ યોજના હી અદ્વૈતવાદ કી સીઢી હૈ. કુછ દેર કે લિયે ભલે હી હમ સર્વાત્મભાવ મેં આત્મા ઔર પરમાત્મા કી એકત્વ-ભાવના કા અપને હૃદય કે અનુભૂતિ-ખંડ મેં આવાહન કર સકેં; પરંતુ ખાતે-પીતે, સોતે-જાગતે, ઉઠતે-બૈઠતે-અર્થાત્ જીવન કી પ્રત્યેક ક્રિયા મેં, આનંદ કી પુટ દેને કે લિયે દ્વૈત-ભાવ સે દૂર હી ચલના પડેગા. વિદ્યા ઔર વિનય સે સંપન્ન બ્રાહ્મણ, ગૌ, હસ્તી, કુત્તે ઔર શ્વપચ મેં સમાન રૂપ સે વિશ્વાત્મા કા નિવાસ હૈ-ઇસ ધારણા મેં પૂર્ણ વિશ્વાસ કે લિયે જરા કઠિનતા કા સામના કરના પડેગા; પરંતુ—

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् । यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥
मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु । मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः ॥

આદિ ભગવદ્વચનોં મેં હમારે હૃદય કી જિજ્ઞાસા-વૃત્તિ તુષ્ટ હો જાતી હૈ; હમ જાન જાતે હૈં કિ વિશ્વ કા મંગલ ભગવાન કા મુખ્ય કર્મ હૈ. શિવ, કલ્યાણ કા અવતાર ભગવાન કા પ્રધાન સ્વરૂપ હૈ. વહ હમારે સભી કર્મોં કા પ્રસાર એવં પરિષ્કાર, સંવર્દ્ધન એવં અનુશાસન કિયા કરતા હૈ. ઉપનિષદોં મેં ઐસે વાક્ય અધિક હૈં, જિનમેં દ્વૈત-ભાવ કો લે કર હમારે ઔર પરમેશ્વર કે બીચ મધુર સંબંધ કા સુંદર વિવેચન હૈ. વિશ્વ કે કોલાહલ સે હમારે પ્રાણ ઇતને ઊબ-સે જાતે હૈં કિ હમેં શાંતિ ઔર શીતલતા કી અપેક્ષા હોતી હૈ. પ્રેમ કે બાહર શાંતિ એવં શીતલતા હૈ હી કહાં? ઐસી મધુર પ્રેમ કા વર્ણન ઉપનિષદોં મેં ભરા પડા હૈ. સદાચાર પ્રેમ કી મધુર જ્યોતિ હૈ, જિસકી વિશદ વ્યાખ્યા ઉપનિષદોં મેં વિદ્યમાન હૈ. ઉપનિષદોં મેં હમારે હૃદય કી નિરંતર શાંતિ એવં મધુર શીતલતા કા અપાર સાધન હૈ. યહી કારણ હૈ કિ આજ હજારોં વર્ષ બીત ગયે, આજ ભી ઉત્સુકતા એવં ઉલ્લાસ કે સાથ હમ ઉપનિષદોં કી મધુર ધારા મેં અવગાહન કરતે હૈં, ઔર હમારા હૃદય અમરત્વ કા પાન કર કૃતકૃત્ય હો જાયા કરતા હૈ! શંકરાચાર્ય કે જ્ઞાન-પ્રધાન અદ્વૈતવાદ મેં હમારે હૃદય કા અનુરંજન નહીં હોતા. ઉસ વિશદ મહત્તા મેં હમ ચકિત હો જા સકતે હૈં, કિંતુ રમ નહીં સકતે. પરંતુ રામાનુજ કે ભક્તિ-પ્રધાન વિશિષ્ટાદ્વૈત મેં હમારી જિજ્ઞાસા-વૃત્તિ કો તૃપ્તિ મિલતી હૈ, હમારે હૃદય કો એક વિશેષ પ્રકાર કા આશ્વાસન અથ-ચ આનંદ પ્રાપ્ત હોતા હૈ. વે હમારે હૃદય કો અપને રંગ મેં રંગ દેતા હૈ ઔર ઉલ્લાસ તથા ઉમંગ કા ઉદ્રેક કરતા હૈ. યહી કાવ્ય હૈ; ઉસીમેં અમરત્વ કા રસ હૈ, ઉસીમેં વહ પાવનત્વ તથા શીતલતા હૈ, કિ જિસે પાને કે લિયે હમારા હૃદય સદૈવ લાલાયિત રહતા હૈ. ઇસીસે હમ કાવ્ય મેં અમરત્વ કહતે હૈં.

રામાયણ ઔર મહાભારત, દોનોં મહાકાવ્ય જીવનપૂર્ણ આલોચના હૈં. ઉનમેં જીવન કી પ્રત્યેક દશા કા વિશદ વિવેચન હૈ. વાલ્મીકિ ઔર વ્યાસ, દોનોં અપને કાવ્ય મેં રમ ગયે હૈં, ઉન્હોંને અપની આત્મા નિરૂપિત કર દી હૈ. ઉનકે કાવ્યોં કે નામ તક અવિનાશી હૈં. દોનોં મહર્ષિ ઉનીમેં લુપ્ત હો ગયે હૈં. દોનોં કાવ્યોં મેં કવિત્વ? મહર્ષિ-કવિયોં ને અપને હૃદય કી છાપ દી હૈ, જિસને હમારી અંતરાત્મા કો ઇન કાવ્યોં મેં સદ્બુદ્ધિ કી ઉપલબ્ધિ દે દી હૈ. સીતા કા સતીત્વ ઔર દ્રૌપદી કી વિચારશીલતા કિસકો મુગ્ધ નહીં કર દેતી? રામ-જૈસા આદર્શ મર્યાદા-પુરુષોત્તમ તથા યુધિષ્ઠિર-સા સત્યવાદી જનને કી શ્રદ્ધા કિસકે હૃદય મેં નહીં જગતી હોગી? ભરત-જૈસા આદર્શ ભ્રાતા કે લિયે સાહિત્ય મેં મિલેગા? સચ તો યહ હૈ કિ ઇન મહાકાવ્યોં કો પઢતે સમય હમારી ભૌતિકતા નષ્ટ હો જાતી હૈ. હમ સ્વયં કો ભૂલ કર દેખને લગતે હૈં, કવિ અપને રંગ મેં હમેં રંગ દેતા હૈ. કાવ્ય મેં યહી અદ્ભુત હૈ.

કામ ઔર આદિ મેં [illegible] [illegible], [illegible] [illegible] [illegible]. [illegible], [illegible] [illegible] હૈં; પરંતુ [illegible] હૈ કિ [illegible] [illegible] ઔર [illegible] કે [illegible] કા અધ્યયન કરતે હૈં, [illegible] [illegible] હી [illegible] કે નહીં? [illegible]

સોક્તિ ઔર શ્લેષ કે સહારે માઘ ને એક હી શ્લોક મેં કઈ બાતેં કહ દી હૈં. ચમત્કાર કા ઉત્કૃષ્ટ ઉદાહરણ સંસ્કૃત-સાહિત્ય કે ઇન પિછલે ખેવે કે કવિયોં મેં પ્રચૂર પરિમાણ મેં મિલતા હૈ. ઇનકે અધ્યયન મેં હમારે મસ્તિષ્ક કા પૂરા વ્યાયામ હો જાતા હૈ; પરંતુ કાલિદાસ ઔર ભવભૂતિ મેં જો રસાત્મકતા હૈ, જો ભાવ-પ્રવણતા હૈ, જો રમણીયાર્થ-પ્રતિપાદક શબ્દોં કી પ્રચૂરતા હૈ, વહ અન્યત્ર દુર્લભ હૈ. કાલિદાસ કા જીવન શૃંગારમય થા; શૃંગાર કે દોનોં પનોં કી મધુરતા સે ઉનકા હૃદય ઓતપ્રોત થા. મેઘદૂત વિપ્રલંભ-શૃંગાર કા ઉત્કૃષ્ટ નમૂના હૈ. વિરહ જૈસી મધુર કહોતી કિસી ઔર કવિ ને નહીં કહી. હંસદૂત, પવનદૂત, મયૂરદૂત આદિ દૂતકાવ્યોં મેં હમેં વૈસી ભાવુકતા તથા સરસતા નહીં મિલતી. યે તો મેઘદૂત કે અનુકરણ-માત્ર હૈં. અનુકરણ મેં સજીવતા કહાં? રઘુવંશ-મહાકાવ્ય મેં હમ કવિ કો માનવજીવન કા સૂક્ષ્માતિસૂક્ષ્મ વિશ્લેષણ કરતે પાતે હૈં. બાહ્ય પ્રકૃતિ ઔર અંતઃપ્રકૃતિ, દોનોં કે સાથ કવિ કે હૃદય કા પૂર્ણ સામંજસ્ય હૈ. કહીં-કહીં તો હમ કવિ કો પ્રકૃતિ કી સ્વચ્છંદ સુષમાઓં મેં કોકિલા કી ભાંતિ કૂકતે હુએ પાતે હૈં, ઔર કહીં-કહીં માનવ-હૃદય કી મૂલ અભ્યંતર ભાવનાઓં કે બીચ ભ્રમર-સા ગુંજાર કરતે હૈં. કુમારસંભવ ઔર શાકુંતલા તો સ્વર્ગ કી ચીજ હૈં. વે તો કામના કી તરહ સુંદર ઔર કલ્પના કી તરહ મધુર તથા ભાવના કી તરહ કોમલ હૈં. સાધના ઔર તપસ્યા દ્વારા હી સચ્ચી ઉપલબ્ધિ હો સકતી હૈ-યહી દોનોં કાવ્યોં કા વિષય હૈ. પ્રેમ મેં મોહ, આસક્તિ તથા બાહ્ય સૌંદર્ય કા કોઇ સ્થાન નહીં-ઇસી સત્ય કો કવિ ને કુમારસંભવ ઔર શાકુંતલ મેં પ્રદર્શિત કરને કા પ્રયત્ન કિયા હૈ; ઔર ઇસ પ્રયત્ન મેં વહ ખૂબ સફલ હુઆ હૈ. ભગ્નમનોરથા સતી પાર્વતી કી કઠિન તપશ્ચર્યા પઢ કર કિસકા હૃદય કરુણા કે જલ સે પરિપ્લાવિત નહીં હો જાતા? ભગવાન મારીચ કે આશ્રમ મેં—"वसने परिधूसरे वसाना नियमक्षाममुखी धृतैकवेणिः" શકુંતલા કો દેખ કિસકા હૃદય પિઘલ નહીં જાતા? મહર્ષિ કણ્વ કે આશ્રમ મેં રૂપ, યૌવન ઔર લાવણ્ય સે પરિપૂર્ણ શકુંતલા હમારે હૃદય પર અપના પ્રભાવ અમિટ રૂપ સે નહીં ડાલ સકતી; પરંતુ યહાં વેદના, પ્રતાડના તથા પ્રસાખ્યાન સે વ્યથિત-હૃદયા શકુંતલા હમારે હૃદય કા ભૂષણ બન કર, સમ્રાજ્ઞી બન કર હમારે હૃદય કો તપોવન બના કર, મારીચ કે આશ્રમ મેં હમારી અંતરાત્મા પર અપની અમિટ છાયા ડાલતી હૈ, ઔર હમ સદા કે લિયે ઉસકે પક્ષપાતી બન જાતે હૈં. હમારાં હૃદય કરુણાર્દ્ર હો જાતા હૈ. યહીં કવિ ને અમરત્વ બિખેર દિયા હૈ.

ભવભૂતિ કી રચનાઓં મેં કવિ કા શબ્દોં પર અપાર અધિકાર ઝલકતા હૈ. સચ પૂછીએ, તો ભવભૂતિ કે સમાન કિસી ભી સંસ્કૃત-કવિ મેં શબ્દોં પર અધિકાર હૈ હી નહીં. ભવભૂતિ કી રચનાઓં મેં શબ્દ-માધુર્ય ઇતની અધિક માત્રા મેં હૈ કિ ઉનકે શ્લોકોં કો તનિક જોર સે પઢિએ, ઐસી ધ્વનિ નિકલેગી કિ માલૂમ હોગા, જૈસે આપકે સમ્મુખ ચિત્ર ખડા હો. શ્લોકોં મેં ચિત્ર ખીંચને કી કલા મેં ભવભૂતિ સર્વશ્રેષ્ઠ કવિ કહે જા સકતે હૈં. 'क्वणत्कनककिंकिणीझणत्झंकारिणं धनुः' જૈસે વાક્ય ભવભૂતિ મેં ભરે પડે હૈં, જિસસે વર્ણ્ય વિષય કા જીતા-જાગતા ચિત્ર હમારી આંખોં કે સામને નાચ જાતા હૈ, ઔર હમ કવિ કી પ્રખર પ્રતિભા દેખ વિસ્મયાભિભૂત હો જાતે હૈં. પરંતુ ઇસસે હમારા અભિપ્રાય યહ નહીં કિ ભવભૂતિ અપને શબ્દ-કાવ્ય યા ચિત્ર-કાવ્ય કે કારણ હી અમર હો ગએ. ઇસકે વિપરીત કલ્પના વાસ્તવિકતા પર પર્દા ડાલના ઔર વિદ્વાનોં કી આંખ મેં ધૂલ ઝોંકના હોગા. હમારે આચાર્યોં મેં ભલે હી 'કાવ્ય ક્યા હૈ?' ઇસ વિષય મેં વિવાદ હોતા રહા હો; ઔર ભલે હી કોઇ ધ્વનિ કો, કોઇ અલંકાર કો ઔર કોઈ રસ કો કાવ્ય કી આત્મા માનતા હો; પરંતુ ઇસ વિષય મેં સભી આચાર્ય સહમત હૈં કિ કાવ્ય કા પ્રધાન વિષય પ્રભવિષ્ણુતા હૈ—હમારે હૃદયપર અપના પ્રભાવ ડાલ કર હમારે હૃદય કો અપને રંગ મેં રંગ લેના હી કવિ કી અપૂર્વ સફલતા કહી જાતી હૈ. ભવભૂતિ મેં, અધિકાંશ રચનાઓં મેં, વે હી બાતેં મિલતી હૈં, જિન્હેં મૈત્ર્ય આરનાક જીવન કી આલોચના કહતે હૈં, ઔર પરસ્વત્વ જ્ઞાન કી મૂલ-અભ્યંતર જ્યોતિ બતલાતે હૈં. ભવભૂતિ કો 'હૃદય કી બાત' કહ દેને મેં બડી સફલતા મિલી હૈ. ઉનકી રચનાએં હમારે હૃદય કો સ્પર્શ કરનેવાલી

હોતી હૈ. કાલિદાસ કી અપેક્ષા ભવભૂતિ મેં વાસ્તવિકતા કી માત્રા અધિક હૈ. અભિજ્ઞાન-શાકુંતલ કે ચતુર્થ અંક મેં શકુંતલા કા તપોવન સે બિદા લેના, અપની આજ્ઞાકારી સખિયોં સે બિદા હોના ઔર લતા-પુષ્પોં કી સુષમા સે હૃદય કા મધુર સંબંધ વિચ્છિન્ન હોના-યહ સભી કરુણ-રસ કે ભીતર હૈ; ઔર કરુણા કા સ્ફુરણ-માત્ર કરા કર કવિ ઉસકે પરિપાક કે લિયે ઉસે સ્વતંત્ર છોડ દેતા હૈ. પરંતુ ઉત્તર-રામચરિત મેં ભવભૂતિ ને તીસરે અંક મેં તો કરુણ કા ઈતના ગાઢા રસ બહાયા હૈ કિ પાઠક સ્વયં ફૂટ-ફૂટ કર રોએ બિના રહ હી નહીં સકતા. કાલિદાસ હમારે હૃદય કો પસીજતે હુએ દેખના ચાહતે હૈં; પરંતુ ભવભૂતિ તો હમારી આંખોં મેં આંસૂ દેખ કર હી સંતુષ્ટ હોતે હૈં. ઉત્તર-રામચરિત કે કવિત્વ મેં દાર્શનિકતા કહીં-કહીં ઈતની બઢ ગઇ હૈ, જીવન કી આલોચના ઈતની અધિક હો ગઈ હૈ કિ દાર્શનિકતા કી ખૂ઼ ફૂટ નિકલતી હૈ, ઔર પરિણામવાદ તથા વિવર્તવાદ કી ઉલઝનોં મેં હમારા હૃદય લગ જાતા હૈ. કહીં-કહીં તો અપૂર્વ-બાત કહ દી ગઇ હૈ, જિસે સંસ્કૃત કે અન્ય કવિયોં મેં પાના દુર્લભ હી હૈ-

न किंचिदपि कुर्वाणः सौख्यैर्दुःखान्यपोहति। तत्तस्य किमपि द्रव्यं यो हि यस्य प्रियो जनः॥

ભવભૂતિ અપને ચિત્રકાવ્ય કે લિયે ભલે હી સંસ્કૃત-સાહિત્ય કે અદ્વિતીય કવિ માને જાય; પરંતુ વહ અપની ઉન્હીં રચનાઓં કે દ્વારા અમર હો ગએ હૈં, જિનમેં 'હૃદય કી બાત' કહી ગઇ હૈ, જિનસે હમારા હૃદય ઉદ્વેલિત ઔર ઉલ્લસિત હો જાતા હૈ-

व्यतिषजति पदार्थानान्तरः कोऽपि हेतुः। न खलु बहिरुपाधीन्प्रीतयः संश्रयन्ते॥

તથા પ્રેમ કી વહ પરિભાષા, જિસમેં કવિ ને અપના હૃદય ખોલ કર રખ દિયા હૈ, કવિ કો ઉસકે ચિત્ર-કાવ્ય કી અપેક્ષા અમર બનાને મેં અધિક સફલીભૂત હુઆ હૈ, વહ હૈ-

अद्वैतं सुखदुःखयोरनुगुणं सर्वास्ववस्थासु यद्विश्रामो हृदयस्य यत्र जरसा यस्मिन्नहार्यो रसः।

પિછલે એવે કે સંસ્કૃત કવિયોં ને કવિતા-કામિની કો અલંકારોં સે ઈતના લાદ દિયા કિ બસ અલંકાર-હી અલંકાર રહ ગએ, કાવ્ય કા સ્વાભાવિક સૌંદર્ય છિપ ગયા ઔર હમારા હૃદય ભી ઉનકી ઓર સે એક પ્રકાર વિરક્ત-સા હો ગયા. હૃદય તો સંસાર મેં સબસે અધિક સ્વાર્થી પદાર્થ હૈ. જહાં ઈસકે અનુકૂલ દૃશ્ય મિલે, અનુકૂલ બાતેં મિલીં, વહાં વહ ઝટ ઉન્હેં અપને ભીતર છિપા લેતા હૈ, સ્વીકાર કર લેતા હૈ; પરંતુ જહાં વિપરીત ભાવ દીખે કિ ચટ વહ અપના દ્વાર બંદ કર લેતા હૈ. સંસ્કૃત-સાહિત્ય મેં એક કવિ ઔર હૈં, જિન્હેં ભારતવર્ષ હી નહીં, યોરપ તક ઉલ્લાસ એવં આનંદ કે સાથ પૂજતા હૈ-વહ હૈં મહાકવિ જયદેવ. ગીતગોવિંદ મેં જો મિઠાસ હૈ, વહ અન્યત્ર કિસી ભી સાહિત્ય મેં દુર્લભ હૈ. સંગીત કી ઉસ મધુર ધારા કા, જો ગીતગોવિંદ મેં બહી હૈ, રસ-પાન કરને કે લિયે કૌન નહીં લાલાયિત રહતા? આજ ભી જબ હમારે જીવન મેં ઉદાસીનતા બઢને લગતી હૈ ઔર સરસતા તથા મધુરતા અદૃશ્ય કે ગર્ભ મેં વિલીન હોને લગતી હૈ, તો અંતરાત્મા કો કેવલ ગીતગોવિંદ સે પરિતોષ મિલતા હૈ! જીવન કો આનંદ એવં પ્રેમ સે ભર દેને કે લિયે ગીતગોવિંદ કા એક પદ ભી પર્યાપ્ત હૈ. જયદેવ કી દેવવાણી કી સ્નિગ્ધ પિયૂષધારા મેં અવગાહન કર આજ ભી હમ જન્મ સફલ કરતે હૈં, ઔર કવિ કી મધુર વાણી કી મિઠાસ કા આસ્વાદન કર અમર પદ પ્રાપ્ત કરતે હૈં. દેખિયે, કિતની મિઠાસ હૈઃ-

ललितलवंगलतापरिशीलन ...

विहरति हरिरिह सरस ...

तथा-रतिसुखसारे गतमभि ...

तं हृदयेशम्।

धीरसमीरे यमुनातीरे वसति वने वनमाली; गोपीपीनपयोधरमर्दनचंचलकरयुगशाली।ध्रुव।

ગીતગોવિંદ મેં આદિ સે અંત તક ઐસી હી મધુરતા લબાલબ ભરી પડી હૈ. ઈસ વિષય પર અગલી સંખ્યા મેં ઔર ભી કુછ લિખા જાયગા. ઈસ બાર ઈતના હી.

("સુધા"ના શ્રાવણ સં૦ ૧૯૮૪ ના સંપાદકીય લેખમાંથી.)

૧૧૧–दारु पीनाराओ

(ગઝલ)

પિતા ત્રિકાલની સંધ્યા કરે ભસ્મ ટીલાં તાણી, પુત્ર પરદેશમાં આવી પીએ છે દારૂનાં પાણી;
વિદેશે પુત્રને મૂકે ઉંચી આશે બિચારાઓ, થતાં અંકુશથી અળગા બને દારૂ પીનારાઓ!
નઠારાંની નકલ કરવા અમારા લોક શૂરા છે, વિદેશીના ગુણો ગ્રહવા હમેશાં જે અધુરા છે!
હતા સાંજે સવારે જે પ્રભુમંદિર જનારાઓ! પધારે છે પીઠાંઓમાં અહીં દારૂ પીનારાઓ.
દીસે તિલાંજલિ આપી જુની નિજ સંસ્કૃતિ છોડી, રહ્યા છે મૃગજળ સરિખા સુધારા પાછળે દોડી.
સુધારો શું સુખી કરશે અકલહીણા ખટારાઓ, અહીં પરદેશમાં આવી બને દારૂ પીનારાઓ.
બની વિશ્વાસઘાતી નિજ બંધુ છેતર્યે શૂરા! સડેલાં નિજ મંતવ્યો બધામાં વર્તવે પૂરા!
દીસે છે સિવિલીઝેશન તણા લીધા ઈજારાઓ! જરૂર નિજ દેશને દારિદ્ર દીએ દારૂ પીનારાઓ!
બીચારા દેશબંધુને નથી જુવાર ખાવાને, મળે છે ભાઇને પાગલ થવા પૈસા ઉડાવાને.
પરંતુ ચાર દિવસ ચાંદનીના છે જનારા હો! નક્કી નાલાયકી મળશે જરૂર દારૂ પીનારાઓ.

(તા. ૨૩–૯–૨૮ ના 'ગુજરાતી'માં લખનાર–શ્રી. દેવકૃષ્ણ પીતાંબર જોશી)

૧૧૨–महामाया को जगाओ

"જિસ દેશ અથવા રાષ્ટ્ર મેં નારી–પૂજા નહીં, વહ દેશ યા રાષ્ટ્ર કભી મહાન અથવા ઉન્નત નહીં હો સકતા. નારીરૂપી શક્તિ કી અવગણના કરને સે હી આજ હમારા અધઃપતન હુઆ હૈ. જહાં સ્ત્રિયોં કા આદર ન હો, જહાં સ્ત્રિયોં દુઃખ મેં સમય બીતા રહી હોં, ઉસ સમાજ અથવા દેશ કી ઉન્નતિ કી આશા રખના દુરાશા માત્ર હૈ. ઇસ લિયે, સ્ત્રિયોં કો જાગૃત કરના ચાહીએ. સ્ત્રિયોં મહામાયા કી પ્રતિમા હૈં. જબ તક ઉનકા ઉદ્ધાર ન હોગા, હમારે દેશ કા ઉદ્ધાર હોના અસંભવ હૈ."

—સ્વામી વિવેકાનંદ



૧૧૬–વૌઠાનો મેળો

લોકોની અસાધારણ ભીડ

એક ખબરપત્રી લખે છે કે, [illegible] વૌઠાના મેળામાં આવેલાં માણસોની સંખ્યા [illegible] થઈ હતી. [illegible] આ મેળામાં [illegible] લોકોની સગવડ [illegible] કરવાનું–એટલે કે [illegible], [illegible], [illegible], [illegible] કરવા, ખાસ [illegible] ગાડાં [illegible] કરવાં, [illegible] રાખવા [illegible] કરવાનું જે કાર્ય [illegible] કર્યું તે [illegible] લીધું અને તે બોર્ડના પ્રતિનિધિ [illegible] તાલુકા લોકલ બોર્ડના પ્રમુખે [illegible] કરવાની હતી; પણ [illegible] વધુ [illegible] આવી. નદીના પટમાં ઉભેલાં [illegible] તેથી લોકોને [illegible] નાખી હતી. જેથી મોટી [illegible] થોડે [illegible] ઉપર [illegible] આ ઉપરાંત [illegible] પાણી [illegible] વાહનોના [illegible] માટે [illegible] કરેલો હતો. [illegible] તાલુકા પ્રતિનિધિએ જે [illegible] ઉપર કરેલો હતો તે રસ્તો [illegible] આ વખતે પ્રતિનિધિએ દુરસ્ત કરાવ્યો હતો. [illegible] જોવામાં આવ્યાં હતાં તે [illegible] ને પાણી [illegible] હોવાથી અંદરના [illegible] જોખમ થાય તેવી હોવાથી સ્ત્રી–પુરુષ વચ્ચેની મર્યાદા જળવાતી નહોતી. નદીની પાસે કેટલેક સ્થળે ઉંડી [illegible] જેવી હતી અને નહા-નારાઓ પડે ને લપસી જાય તથા હેરાન થાય તેવી હતી; તેથી આ કામ, દુકાનોનાં ભાડાંની લગભગ બે હજારની આવક ખાનાર બોર્ડનું હતું; છતાં તે તાલુકા બોર્ડે કર્યું નહિ. એટલે સ્વયંસેવકવિભાગે આખી રાત જાગી નદીની પાસે સરખી કરી [illegible] લોકોને નહાવાની સગવડ કરી આપી હતી. દૂર દૂર ભાવનગર ને બારડોલી જેટલા છેટેથી આવનારા તમામ સ્વયં-સેવકો વગેરેની સંખ્યા ૧૫૦ ઉપરાંતની હતી. આખી રાત ને દિવસ તેમણે ફરતા રહી ચોકી કરી, તમામ પ્રકારની જરૂરિયાત જાણી જેને તેને સહાય કરી હતી; અને ખુદ મામલતદાર સાહેબના તંબુ આગળનો ઉંડો ઢાળ કે જ્યાં ગાડાં આડું ચડવાનાં બેસી જઈ હેરાન થતા તે ઢાળ તથા બીજા અનેક ઢાળો તેમણે સરખા કરાવ્યા હતા. વળી આ ઉપરાંત ભૂલાં પડેલાં બાળકો સ્વયંસેવકોના પડાવે આવ્યાં હતાં અને બીજાં તેથીએ વધુ રસ્તામાં ભૂલાં પડતાં તેમને ઓળખી-તાની જોડે જઈ તેમનાં માબાપ ને વાલી વગેરેને જણસો સાથે સોંપ્યાં હતાં. બીલ સેવામંડળ-વાળા વૈદ ઇશ્વરલાલ અને ખાસેજના ડૉક્ટર કમળાશંકરે સેંકડો દરદીઓની સારવાર કરી હતી; જ્યારે સરકારી દવાખાનું ક્યાં છે તેની લોકોને ખબર પણ નહોતી. શ્રી. આનંદપ્રિયજી તેમની ટુકડી સાથે સ્વયંસેવકોને સહાય કરવા આવ્યા હતા તેમના કાર્યકર્તાઓ ભાઈ ભૂધરશંકર ને કાલિદાસ કે જેઓ, આ મેળામાં ધાંધલ મચાવી તોફાન કરી તથા ત્રાગાં કરીને દુકાનદારોને ત્રાસ આપી બે આના ઉઘરાવનાર ફકીરોનો સખ્ત વિરોધ ઉઠાવવામાં દુકાનદારોને સહાયભૂત થયા હતા; તેના બદલામાં એસિસ્ટંટ સુપ્રિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસે તેમને પકડી પોલીસના પહેરામાં કલાકોસુધી બેસાડી રાખ્યા હતા અને કયા પ્રકારનો આરોપ મૂકવો તે નિર્ણય થઇ શકેલો નહિ; અને જામીન ઉપર છૂટવાની આ ભાઇઓએ ના પાડી ત્યારે આખરે થાકીને ઓળખાણ લઇ તથા જાતજામીન લઇ છોડી મૂક્યા હતા. ફોજદારનું વલણ સારૂં હતું, પણ આ સાહેબલોક કે જેમને ગુજરાતના મેળાની ખાસિયતોનું કાંઇ જ્ઞાન હોય નહિ તેમનું વર્તન પસંદ કરવા યોગ્ય નહોતું. છેલ્લાં બે વર્ષ થયાં ધારાળાઓ તોફાન કરે છે તેવું તોફાન ચાલુ સાલ પણ થવાની તૈયારીમાં હતું, પણ ખંભાત તરફના એક બાહોશ જમાદાર, ધોળકાના ફોજદાર, ભાવનગરવાળા સ્વામી રાવ, મી૦ ડાહ્યાભાઇ પટેલ, વસંતરાવ, ચિદાનંદજી અને અન્ય સ્વયંસેવકોના એકત્ર પ્રયાસથી તે કાબુમાં આવ્યું હતું. આવાં તોફાનો જાણી જોઇને કોઇ ગુંડાઓ કરાવે છે તેની ખાત્રી તે ટોળામાં પડેલા

એક મુસલમાન ગુંડાને સ્વામી રાવ અને મી૦ ડાહ્યાભાઇએ ખેંચી બહાર કાઢ્યો ત્યારે જણાયું: આ ગુંડો તે ટોળામાં દાખલ થઇ દારૂ પીનાર છાકટાની માફક લથડીઆં ખાઇ વધાવવામાં મદદ કરતો હતો. ખંભાત બારાની એક હોડી ઉંધી વળી જતાં એક બાળકનો જાન ગયો હતો. એક બળદ પાણી પીને આફરો ચડતાં અને તેનું માથું નદીના ચીકણા કાદવમાં પેસી જવાથી મરણ પામ્યો હતો. સ્વયંસેવકો તરફથી પુષ્કળ સાહિત્ય મફત વહેંચાયું હતું. ભાવનગરના સ્મશાનગૃહનાં સ્વર્ગનરકનાં ૧૯ ચિત્રોનો એક ખંડ અલગ કાઢ્યો હતો, જેનો લાભ હજારો લોકોએ લીધો હતો. જાદુઈ ફાનસથી ગૌસેવાનાં તેમજ રામાયણ વગેરેનાં ચિત્રો બતાવવામાં આવ્યાંહતાં, મર્દાનગીના ખેલો કરી બતાવ્યા હતા, ભજન-કીર્તન ગવાયાં હતાં, હિંદુધર્મ વિષેના ખેડુતોનાં કામનાં અનેક વ્યાખ્યાનો થયાં હતાં. અંધકવિ હંસરાજભાઇએ બંને દિવસ પોતાનાં કાવ્યો ગાઇ-ગવરાવી જનતાનાં મનરંજન કરી ખાદીના સંસ્કારો રેડ્યા હતા. લાલાજીના અવસાનનિમિત્તનું સ્વરચિત હૃદયદ્રાવક કાવ્ય ગાઈ સંભળાવી તેમણે લાલાજીવિષે વિવેચન કર્યું હતું. શિવાનંદજીએ બારડોલીની લડતનો ખ્યાલ ખેડુતોને આપી તેમને એકઠા કરવા ને નિડર થવા સમજાવ્યું હતું. સ્વયંવકોની છાવણીનો દેખાવ અતિશય આકર્ષક હતો. એક પરિષદના ભવ્ય મંડપ જેવી વ્યવસ્થા હતી. તે છાવણી ઠીક શણગારાઇ હતી.

આ પ્રમાણે આખા મેળામાં સ્વયંસેવકોનું સુંદર કામ આ વખતે જેટલું સ્પષ્ટ તરી આવતું હતું તેટલુંજ તેમના કાર્યમાં વિઘ્ન આણવાનું લોકલબોર્ડના પ્રેસિડેન્ટ સાહેબ તથા કેટલાક પોલીસ અધિકારીઓનું વિરોધી કાર્ય પણ તરી આવતું હતું અને સ્વયંસેવકોની છાવણીમાં જે થોડા ભાગમાં નાના પ્રદર્શનરૂપે ખાદી ગોઠવી હતી અને તે જમીન ઈજારી હતી છતાં તેનું કોઇથી ના આકારી શકાય તેટલું બધું ભાડું રૂા.૭૪-૪-૦ સવા ચુંમોતેર લેવાનો તુમાર ઉપસ્થિત કરીને રકમ અનામત લેવરાવી સ્વયંસેવકોને હેરાન કરવામાં આવ્યા હતા. રેવન્યુ ખાતા હસ્તકના છેલ્લા સાત વર્ષના વહીવટમાં જે સરકારી ધોરણપર કામ ચાલતું હતું તે સરકારી ધોરણ તોડી નાખી સ્વયંસેવકોની સુંદર સેવા, તેમનો સહકાર એ બધાના પરિણામમાં ઉપલો શિરપાવ લાલની વ્યવસ્થા કરનાર બોર્ડે આપ્યો.

રામાયણનાં જે ચિત્રો જાદુઇ ફાનસથી બતાવાયાં હતાં તે ચિત્રો સરકારી કેળવણી ખાતાએ મોકલી આપ્યાં હતાં અને ઢોરના ડૉક્ટરોએ પણ ઢોરના રોગસંબંધી ચિત્રો બતાવી થોડુંક વિવેચન કર્યું હતું.

("મુંબઇ સમાચાર" તા. ૯-૧૨-૧૯૨૮ ની અઠવાડિક આવૃત્તિમાંથી)

૧૧૪—પ્રકીર્ણ વાતો

સળગાવવા માટે કાકડી—ત્રાગેલી મીણબત્તીનો વધી ગયેલો રસ ઉપયોગમાં [illegible] અનેક કરતા છે. એક તો એ કે, એને જુદો એક વાસણમાં ફરી ઓગાળી તેમાં વાતની [illegible] સળીઓ બનાવી સૂકવી રાખવી. દેવતા સળગાવવા માટે કાકડીને બદલે એ સળીઓ કામમાં લઈ શકાય.

સાપ માટે—[illegible] રાખવાથી સાપ નાસી જાય છે એમ કહેવાય છે. એક અનુભવનો મત છે કે, કાર્બોલિક ઍસિડની વાસથી પણ સાપ દૂર નાસે છે.

ડાઘ માટે—[illegible] ડાઘ ઉપર તરતજ ડુંગળીનો રસ [illegible] તો તે નીકળી જાય છે એમ કહેવાય છે.

[illegible] માટે—[illegible] કબાટ કે [illegible] મૂકી રાખવાથી [illegible]

("કુમાર" ના એક અંકમાંની [illegible])

૧૧૫-સત્યનો અવધૂત

“ दुर्गीमर्वी मविरा मत ” એમના એક અદ્ભુત આત્મા હતા. તેમના પ્રકાર અનેક અનેક વર્ષોના અવિરત સમાગમ જાતિ-જીવન-ઘડતર કરતાં જતાં તેમના ગુણોની મહિમા અવર્ણનીય છે એમ કહી શકાતા નથી. દિનપ્રતિદિન ... છે અને ભારતના ... સદ્ગુણાવલિનાં એ નવનવીન કિરણો વિચારકના હૃદયમાં સ્થાન લેતાં જાય છે, અને તેનો વિચાર કરતાં કરતાં જનેને આનંદસમાધિમાં ડૂબતા મેં અનુભવ્યા છે. તેમના માટે દયાનંદ એ નામ કોઈ ચમત્કારપૂર્ણ અને લોકોત્તર ગૌરવમય લાગે છે; અને એ ... તેમનાં ભાવ નયનો ... અંતઃકરણો ... કમળની પેઠે ખુલી જાય છે, હૃદય આનંદ-સાગરને હિલોળે ચડે છે અને જાણે કે એ આનંદસાગરને ભરતી-ઓટ હોય તેમ તેમનાં ભિન્ન ભિન્ન ... આપોઆપ નીકળી પડે છે. કદાચ આવા આનંદના ... ઉપનિષદ્કારે આમ ગાતાં ગાતાં તેને વાણીમાં ઉતારવાની અશક્તિ વર્ણવી છે કે:—

न शक्यते वर्णयितुं गिरा तदा स्वयं तदन्तःकरणेन गृह्यते ॥

× × × ×

કોઈ તેને મહાન સુધારકતરીકે ઓળખે છે, કોઈ તેને મહાન યોગીતરીકે પીછાને છે; કોઈ તેને બ્રહ્મવેત્તાતરીકે નમે છે તો કોઈ તેને આદર્શ સમર્થ સંન્યાસી કહી વંદે છે; કોઈ તેના બ્રહ્મચર્ય ઉપર મુગ્ધ છે તો કોઈ તેની તર્કપટુતા અને વક્તૃતા ઉપર ફિદા છે; કોઈ તેના સંયમનો પ્રશંસક છે તો કોઈ તેના વૈતાનિક સિદ્ધાંતો ઉપર આફ્રિન છે; કોઈ તેના રાક્ષસી બળવાળા સુંદર અને સુડોલ શરીરથી અંજાય છે, તો કોઈ તેનાં પ્રખર માનસિક બળ અને ઉદ્દીપ્ત આત્મિક બળને ઉપાસે છે; કોઈ તેને રાષ્ટ્રનિર્માતાતરીકે, કોઈ તેને દેશભાષાના પ્રચારકતરીકે, કોઈ તેને ‘ यद्रूपात्वं स्वराज्ये ’ ના આદિ ઉદ્ઘોષકતરીકે તો કોઈ તેને ધર્મ-સામ્ય-વાદના પ્રેરકતરીકે પ્રણમી પોતાનો ભક્તિભાવ પ્રદર્શિત કરે છે. દરેક પોતાની શક્તિ-રુચિ અનુસાર તેનાં ચરણોમાં પોતાનાં ભાવપુષ્પોને આનંદાશ્રુ સાથે સમર્પે છે. દયાનંદ એ અર્વાચીન ભારતનો રાષ્ટ્ર-દેવ છે એમ સમજી હું હૃદયની ભાવનાઓથી તેનું આરાધન કરું છું અને એ રાષ્ટ્રદેવનાં સિંહાસન સત્ય-ઉજ્જ્વલ સત્ય-તીખાં સત્યનાં છે એમ સમજી તેની સત્ય-નિષ્ઠા ઉપર જીવનનાં સાસાજનો હું ઓવારી નાખું છું. એ અલૌકિક અને અદ્ભુત, એ તપસ્વી અને સત્યના અડગ પૂજારીની સત્યનિષ્ઠાવિષેજ આજે અહીં લખીશ, અને તે પૂર્વે તે પરમ પિતા પ્રભુને વિનવીશ કે, દીપાવલિના આ અવસરે આજથી ૫૨ વર્ષ પહેલાંની દીપમાલાઓ વચ્ચે, કેવળ સત્યને ખાતર પોતાનો જીવન-પ્રકાશ બુઝાવી નાખી જે યતિવરે મહાપ્રયાણ આદર્યાં, તેની કલ્યાણપ્રદ સ્મૃતિથી અમારા વ્યવહાર-જીવનમાં તેનાં સત્યનાં તેજકિરણોમાંનાં થોડાં ઘણાં પણ પ્રગટે એવી હે નાથ! કૃપા કરો. અસ્તુ.

× × × ×

સત્યનો એ પરમ ઉપાસક હતો, જન્મથી તે સત્યને વરી ચૂક્યો હતો, સત્ય તેના જીવનનો મંત્ર હતો અને સત્યમય તેનું આદ્યોપાન્ત જીવન હતું.

ચૌદ વર્ષના જીવનપ્રભાતની સુરભી સાથે તેના માનસ-સરમાં સત્યનું સહસ્રદલ-કમલ પાંખડીઓ ઉઘાડવા લાગ્યું અને પ્રભુએ તેનાં કમલનયનોમાં તેજના અંબાર આંજ્યા, અને સત્યના આ જાગ્રત પૂજારીએ મૃદુસ્વરે શિવાલયમાં શિવ-પિંડી પાસે સૂતેલા પિતાજીને ધીરેથી જગાડી એક શિવરાત્રિની અર્ધરાત્રિએ, મૂર્તિની સત્યતાવિષે કાયા પલટાવી નાખતો वज्रादपि કઠોર અને कुसुमादपि मृदु પ્રશ્ન પૂછીજ નાખ્યો!

સત્યનો રસિયો બાલ પિતાની ધમકીથી સમસમી ગયો; પણ તેનું હૃદય મૂર્તિની સત્યતાવિષે જ્વાલામુખીની જ્વલંતતાથી પ્રજ્વલિત થઈ ઉઠ્યું અને આત્માનો અવાજ પારખ્યો કે, જે શિવ “ मान्यः स मे स्थावरजंगमानां सर्गस्थिति प्रत्यवहारहेतु. ” હોવાનું કહ્યું છે તે એક મૂષકથી-ઉંદરથી પોતાનું રક્ષણ કરી ન શકે એ ત્રિકાળમાં નજ બને તે નજ બને! એ નિર્ધાર કરી સત્યના બાલપૂજારીએ ધ્રુવની સમાન सत्यं शिवं सुन्दरम्નાં દર્શન કરવા માનસિક આરાધના આદરી.

કેવળ આજ સત્યપ્રાપ્તિ માટે તેને ગૃહનાં બંધન શતશત વૃશ્ચિકવેદનાસમ સાલ્યાં અને એક સંધ્યા-સમયે માતપિતાનાં આશા, લાડ, સંપત્તિ અને વિલાસને છોડી, એકાકી સત્યની અહાલેક જગાવવા કમનીય યૌવનના પ્રભાતે ૧૯ મા વર્ષે માયાના પાશો તોડી વછોડી ચાલી નીકળ્યો, તે આમરણાંત પાછાં પગલાં નજ ભરવાની ભીષ્મપ્રતિજ્ઞાએ એ ગયો.

× × × ×

સિદ્ધપુરના મહામેળા વખતે એક શિવાલયમાં બાવાઓ અને જોગીઓની ઠઠ જામી છે. કોઇ ભાંગમાં તો કોઇ ગાંજામાં ચકચૂર છે, કોઇ સાફીમાં રત છે તો કોઇ ચરસમાં બેફામ છે, તો કોઈ શરીરે રાખોડી રમાવી, જટાજૂટ વધારી ચીમટા અફાળતા 'અહાલેક બમ ગિરનારી'ની બૂમો પાડતા સાધુતાનો વેશ ભજવે છે તો કોઇ ગૃહસ્થીને પણ શરમાવે તેવાં વસ્ત્રાભૂષણોથી સજ્જ થઇ ભક્તજનોને સંન્યાસનું માહાત્મ્ય સમજાવે છે. જ્યાં ત્યાં મોટા મોટા અખાડાઓ અને ધૂણીઓવાળા સંન્યાસના લીલામનું એ પ્રચંડ બજાર ભરાયું હતું. તેમાં એક લંગોટીમાત્ર સંપત્તિ-શાળી યુવક બ્રહ્મચારી અખાડે અખાડે અને ધૂણીએ ધૂણીએ રખડે છે અને સત્યને જાણવાની તેની આત્મતૃષાને છીપાવે તેવા હૃદયના ગુરુદેવની શોધમાં લાંઘણો કરતો ફરે છે અને એક જગ્યાએ વેદાંતની ચર્ચા સાંભળવા લલચાઇ ત્યાં બેસે છે. ત્યાં તો દુર્વાસા મુનિને પણ બાજુએ મૂકે તેવા રૌદ્રસ્વરૂપ પિતૃદેવનાં દર્શન થાય છે, અને કુપિત થયેલાં પિતૃ–નેત્ર–દ્વયમાંથી ઝરતા અંગારાઓને પોતાની દયાભીની આંખમાં સમાવી લે છે અને યથેચ્છ પ્રહારોને પુષ્પ ગણી વધાવી લે છે.

તરુણ બ્રહ્મચારી બંદીવાન બને છે અને પિતાજીને ઘેર પાછા ફરવા સ્વીકૃતિ આપે છે. આખા જીવનની આ એકજ પળ છે, જ્યાં દયાનંદને–હાં હાં દયાનંદને–જૂઠું બોલવું પડે છે! અને લાગ મળતાં પુનઃ જેને ખાતર અસત્ય બોલેલ તે અનંત સત્યની શોધમાં છટકી જાય છે!

× × × ×

પણ આથી કોઇ સત્યવક્તા ઋષિને અસત્ય બોલ્યાનો આરોપ ના કરજો; રે એ પાપમાં કદી ના પડજો! એ અનૃતને તેણે કદી છુપાવ્યું નથી, એ અનૃતથી તેને કોઈ પાર્થિવ લાભો હાંસલ કરવાના ન હતા. આ પ્રસંગને તેમણે પોતાના આત્મચરિતમાં સ્પષ્ટવાદિતાથી આપ્યો છે, એટલે તેમના ઉપર જૂઠનું આળ લાગી શકતું નથી. મને તો એ પ્રસંગથી તેની સત્યવાદિતા વધુ સ્પષ્ટ થતી લાગે છે અને કદાચ તેને કોઇ ક્ષુદ્ર અપરાધ ગણે તોયે કવિવર કાલિદાસ કહે છે તેમ—

एको हि दोषो गुणसन्निपाते निमज्जतीन्दोः किरणेष्विवाङ्कः ।

અનંત ગુણરાશિમાં આ અતિક્ષુદ્ર દોષનું અસ્તિત્વજ ક્યાં ભાસે છે? ક્ષીરસાગરમાં એક ક્ષુદ્ર લવણ–કણિકાનું અસ્તિત્વ ક્યાં છે?

"नरो वा कुंजरो वा" ની પેઠે આ પ્રસંગ હતો; ધર્મ અને અધર્મનું ત્યાં પાર્થિવ યુદ્ધ હતું, મોહ–પાશનાં માનવી બંધનો અને સત્યની શોધમાં નીકળેલ આત્માની આરાધનાનું અહીં દૈવી યુદ્ધ હતું; છતાં યુધિષ્ઠિરને સંસારધર્મનો વિચાર કરતાં **ધર્મરાજ** કહી સંબોધે છે તેમ હુંય અમરતાનો વિચાર કરતાં ઋષિરાજને સત્યાવતાર કહું તો જરાય અનુચિત હોવાની કોઇને આશંકા સરખી ન આવજો.

કેમકે ઋષિ પોતાના દોષોને સ્વયં ખુલ્લા કરવાનું પસંદ કરે છે કે, એક વખતે તેમને ભાંગ પીવાની પણ આદત પડી ગયેલી. હુક્કાપાનની પણ લહેજત તેમણે ભોગવ્યાનું સ્વીકાર્યું છે; પણ સત્યને છોડવાનું કદી વિચાર્યું સરખુંયે નથી. ભલા! આવી આદતો ન લખને તો કોણ જાણવા ગયું હતું? પણ ના, એ તો સત્યનો પૂજારી છે, અને જ્યારે આત્મચરિત્ર લખે છે, ત્યારે પોતાના દોષોનો સ્વીકાર કર્યેજ છૂટકો. તેને એ તમા હોતી નથી કે, લો.કો એથી તેના વિષે કેવું બોલશે? જે માણસ પોતાની જાત ઉપર સત્યને ખાતર આટલો તીવ્ર થઇ શકે છે, તેને બીજાઓ ઉપર તીવ્રતર થવાનો નૈસર્ગિક હક્ક છે; અને એ તીવ્રતા જ્યારે સત્યની સરાણપર ચડે છે ત્યારે તીવ્રતમ થઇ જાય છે. જર્મનીના મહાન વિચારક કવિ નીટ્શેએ એટલા માટેજ કહ્યું છે કે, તમામ સંસારના નવયુગપ્રવર્તકો કઠોરજ હોય છે અને કઠોર થવું તેમને માટે આવશ્યક પણ છે.

('પ્રચારક'ના સપ્ટેંબર–૧૯૨૭ ના અંકમાં લેખકઃ–સ્નાતક સત્યવ્રત)

૧૧૬–ભાઈ કે કસાઈ ?

........૧૯૨૧ માં એ જમાનો હતો. ખિલાફતનો અહિંસક સંગ્રામ મંડાયો હતો! હિંદની મુસ્લીમ કોમની પ્રત્યે હિંદુઓના નિર્મળ પ્રીતિ હેતના અપરંપાર પૂર ઉભરાઈ રહ્યાં ! [illegible] કરતાં મસ્જિદને ઈશ્વરનો અખંડ [illegible] જતી ઉઠી હતી. જગતની અનુપમ જન્મભૂમિ હિંદ અખિલ [illegible] હિંદને માટે પોતાનાં [illegible] કામ દીધાં હતાં. એ અદ્ભુત અને અપૂર્વ રણક્ષેત્ર ઉપર [illegible] યાન ચામડીના દ્વિતીય સ્વરૂપ મહાત્માજી પોતાની વિજય પતાકા ફરકાવતા હતા. જગત ઝાંખી થયું, ઇતિહાસ ઝાંખો થયો, ભાગ્યમાંથી કાળ પણ ઘડી એક ઝાંખો થયો, [illegible] પાદર પોતાના ગળાંમાં [illegible] ઉપર [illegible] હતી ! [illegible] ઝાંખી ગઈ ! [illegible] પણ [illegible] ઝળહળી રહે છે !

એકાએક નિર્મળ આકાશમાં મેઘના કાળા વાદળ એમ [illegible] રમખાણ ફાટી નીકળ્યું, અને સર્વત્ર કેરના બીજ વેરાયાં ! જેમ એક સ્વર્ગીજનના સોહીના બુંદબુંદમાંથી અનેકશઃ રક્ત-બીજો પેદા થાય એમ ઠામઠામ કોમી ઝેર, કોમી દ્વેષ અને કોમી ઝઘડાંનો [illegible] સર્વ પ્રગતિ, સર્વ પ્રવૃત્તિ, સર્વ ચેતન અને સર્વ ઉત્સાહને ગળાટી દેતો, [illegible] યુગ હતો વર્તતો આવ્યો !

એ હળાહળ ઝેર આપણા કોઇ ભયંકર પાપે આજ ગુજરાતમાં મુખ્યપણે ઉતરે છે ! ભુલાઇ જાય છે એ કાળજુનો મિત્રપ્રેમ, ભૂલાઇ જાય છે એ બધાં સ્નેહનાં સૌમ્ય અને કાચા સૂત્રનાં મજબૂત બંધનો કે જેથી એક માણસ બીજાને પોતાનું સર્વસ્વ અર્પણ દેવા તૈયાર થાય છે ! આજ તો હિંદુ પોતાના રક્ષણને માટે આરજી કરી, કલેક્ટરનાં ચરણ ચૂમી સરકારી મિલિટરીની માગણી કરે છે, કચેરીમાં કેસો ચલાવવા નાણાં વેરવા તૈયાર થયો છે. છાપાંમાં પોતાની નિર્બળતાને ઝાપટે ચઢાવવા વાણીના ખેલ કરી રહ્યો છે, મુસલમાન પોતાના દીન, પોતાના મઝહબ અને પોતાના ભાઇ સામો ઉભો થઈ ગયો છે. જે પોતાના દેશને માટે મરી શકતો નથી, જે પોતાના અધિકાર માટે પરદેશીઓ પાસે માત્ર ભીખજ માગે છે, જે માતૃભૂમિને માટે મરી શકતો નથી, મરવાની તાકાત પણ ધરાવતો નથી, તે આજ મસ્જીદના પત્થરો માટે મૂર્તિપૂજક ગણી હિંદુઓ ઉપર તરવાર તાણી ગુંડાશાહી બેઠી રહ્યો છે ! હિંદુઓ એક હાકોટો પડતાંજ પોતાના દેવની પાલખીઓને રસ્તામાં મૂકી પલાયન થઇ જાય છે, અને પોતાના દેવની એ પથ્થરપૂજા માટે વિદેશી ગોરાલોકોની અદાલતો-ને આંગણે ભાઇઓ વિરૂદ્ધના મુકદ્દમાના સફેદ હાથીઓ બાંધે છે ! મુસલમાનો પણ પોતાની બાદશાહીના નંદનવનને ઉખેડી નાખનારાઓને ભુલી જાય છે. પોતાના બાદશાહોના શિકાર કર-નારાઓ પાસેથી ભિક્ષા માગે છે !

કોઇ જાણતું નથી કે, આ કોમી કલહ શામાટે થાય છે ! હિંદુઓને પોતાના દેવોનાં અભિમાન હોય તો એ દેવોને માટે મરી ફીટવા તૈયાર થવું જોઇએ; પરંતુ હિંદુઓ તો પોતાના દેવની પાલખીને સૌથી પહેલાંજ રસ્તામાં ફેંકી દે છે ! મુસ્લીમોને જો પોતાની મસ્જીદનું ખરૂં અભિમાન હોય તો તો એ ભાઇઓએ યાદ કરવું ઘટે છે કે, તેઓ જાતેજ તેમના પોતાના તહેવારોમાં મસ્જીદો આગળ ચોવીસે કલાક ધાંધાટ કરે છે અથવા તો તેને નામે પોતાના બંધુઓનાં લોહી રેડી તેને તો પ્રથમજ અપવિત્ર કરે છે ! આ કારણો એ ખરાં કારણોજ નથી. એ તો માત્ર અણકામણાનાં બહાનાંજ છે, બને પક્ષનો એ ચોખ્ખો દંભ છે, નર્યું મિથ્યાભિમાન અને ગર્વ છે અને એ સિવાય એમાં કાંઇજ સાર કે સત્ય નથી!!

*મુસ્લીમ અધિપતિના આધિપત્ય નીચે પ્રકટ થતું આ સામ્યવાદી સાપ્તાહિક પહેલાં મુરદાબાદ-

---

* આ લેખ એક ઈસ્લામી બંધુના તંત્રીપણા નીચે રાણપુરથી પ્રકટ થતા "સૌરાષ્ટ્રમિત્ર"માંથી "આર્ય-પ્રકાશ" તા. ૨૧-૧૦-૨૮ ના અંકમાં લેવાયલો તેમાંથી લીધો છે.

[illegible] કોઈ અધિકાર ધરાવે છે તેનો ઉપયોગ આ સ્થાને આમારેમાટે [illegible] નથી.

[illegible] ! તમારા [illegible] સમતોલપણું ગુમાવો ના ! તમારું ભાન ભૂલો ના ! પારકાની [illegible] પારકાની બુદ્ધિએ [illegible] માફક દોરાયા હવે દોરાઓ ના ! જે હિંદુઓ સાથે [illegible] વિદેશીઓના શરણે [illegible], તે ઉપર કાંઈક વિચાર કરો !

[illegible] ના જમીનદારીની વાડી વેડફી નાખનારા, તમારા એ ગુરુ [illegible]. [illegible] શિકાર કરનારા વિદેશીઓ સાથે રંગુનની [illegible] આર્તનાદ તમે સાંભળી શકતા નથી ? [illegible] હિંદુઓ ક્યાં હતાં ? બંગાળાની એ [illegible] કાંસીને [illegible] હસતાં હસતાં ગળી જનાર [illegible] ? નિરાધાર [illegible] શિકારી [illegible] શિકારીઓ જ–બદૂનો જેની [illegible] અને [illegible] ભાઈબંધ [illegible] જ્યારે તેના [illegible] પોતાને માથે [illegible] ? [illegible] ના હોય ! એ તો [illegible] હિંદુ હતો !

[illegible] ! [illegible] નાં [illegible] [illegible] કે [illegible] ?

[illegible]

મહાભારતનો સંગ્રામ જેણે વાંચ્યો અને વિચાર્યો છે, શિયા અને સુન્નીના, દિલ્હી અને દક્ષિણના કજીયાઓ જેણે વિચાર્યા છે તે જાણે છે કે, કલહ એ તો કોલસા સમો છે. બીજાને તો ગરમી આપે પણ પોતાને બાળે તેવો ! દુર્યોધનને હાંકી કાઢનાર યુધિષ્ઠિરને પણ એ રુધિરપ્રદિગ્ધ રાજ્ય ન પચ્યું. દક્ષિણની બાદશાહીના પાયા ખોદી નાખનાર દિલ્હીથી પણ મુગલાઈની જાહોજલાલી ન પચાવી શકાઈ ! આમ કોમી કુસંપ એ ખુદ કોમના પાયા પહેલાંજ ખોદી કાઢે છે. ઈશ્વરી ન્યાય એવોજ છે કે, બીજાનું ભૂરૂં ઈચ્છનાર બીજાનું ભૂરૂં તો કરી શકે કે નાયે કરી શકે; પણ પોતાનું તો ભૂરૂં કરે છેજ! ખાડો ખોદનાર જો તેમાં પહેલાં પડતો ન હોત તો તો હજારો વર્ષોથી ચાલી આવતી આ સૃષ્ટિ ક્ષણભર ટકી ન શકે એવી રીતે સ્વાર્થી મનુષ્યો તેને ચગદોળે ચડાવી ચૂકત !

આ કોમી કલહનો અંત એકજ આવવાનો. આખર જતા હિંદુઓ મુસ્લીમ સાથે સંબંધ નહિ રાખે-કોઈ પ્રકારનોયે અને મુસ્લીમોએ સંબંધ નહિ રાખે હિંદુ સાથે કોઈ પ્રકારનો. એકજ વતનના બે પક્ષના અંદર અંદરના દરેકે દરેક બાબતમાં સચોટ બહિષ્કારનું ફળ શું આવશે? જીવતાં જાગતાં અજગરો પોતાની સનાતન આકાંક્ષાઓની વજ્રમેખ શેષનાગના માથા ઉપરજ ચોંટાડશે અને હિંદના ભાગ્યહીન કપાળે ચિરંજીવ ગુલામીની લોખંડી જંજીરોજ રહેવાની છે.

જે હિંદુ અને મુસ્લીમ બદમાશો ઝગડે છે તેઓ તો નથી માનતા મસજીદને કે નથી માનતા મંદિરને! એમને નમાજની પણ દરકાર નથી, સંધ્યા કે ધર્મધ્યાનની પણ પરવા નથી. માત્ર મૌખિક દીન કે ધર્મને આગળ ધરી બે કોમો ગાજણ 'દીન ઉપર આફત' કે 'ધર્મના રસાતાળ' જવાના ગપ્પી ગોળાઓ ગબડાવી પોતાનું કામ તેઓ કાઢી લે છે' બે ભાઈઓ અથડી મરે છે, કજીયાદલાલો રાજી થાય છે; કારણ કે કજીયા થાય તોજ એ કજીયાદલાલોની રોજી ચાલી શકે છે!

હિંદુઓ અને મુસ્લીમો વચ્ચેના કોમી કલહને વધુ સ્વરૂપ આપી, તેવી ખબરોને વધારે પ્રાધાન્ય આપી એંગ્લો-ઇંડિયન પત્રો આ કોમી કલહનો એટલો તો પ્રચાર કરે છે કે આપણે તટસ્થતાથી વિચારતાં સમજી શકીએ છીએ કે, આપણી કોમી એકતા તેઓને જરાપણ રૂચતી નથી. "હું કરૂં" એમ અજ્ઞાનથી શકટનો ભાર ખેંચવાની મિથ્યાભિમાની મનોવૃત્તિ જો વિસારી દઈએ તો આપણને એમ ભાસ્યા સિવાય નહિ રહે કે, આપણે એ એંગ્લો-ઇન્ડિયન પત્રોની આંગળીને ઇશારે નાચનારા મર્કટોથી સહેજ પણ વધારે નથી; તેમને મન આપણી એટલીજ કિંમત છે કે જેટલી કિંમત મદારીને મન માંકડાની હોય છે.

બાળ જગતને ઉછેરવાને લડાઈના વખતમાં તેમને કોમી એકતાનો આડંબર જોઈએ છીએ; અને ૧૯૧૬માં લખનૌમાં કોલકરારો થ.વ છે. આ.જ તેમને એ એકતા અણગમતી છે, તેમના સ્વાર્થથી વિરૂદ્ધ લાગે છે અને આપણે સહીએ છીએ. આપણી પામરતા અને ગુલામી એટલી તો અધમ અને ભયંકર રીતે ગજબની છે કે, જો હિંદના એ રાજનૈતિક સત્તાધારીઓ આવતી કાલ આપણને એક બાજુ બેસાડી ખવરાવવા માગે તો એકમાસમાં હજાર બ્રાહ્મણો અને હજાર મૌલવીઓ વેદ અને કુરાનમાંથી પરસ્પર ભોજનવ્યવહાર અને બેટીવ્યવહારની આવશ્યકતા બતાવ્યા સિવાય રહે નહિ. આપણા અર્વાચીન ઋષિઓના અવતારસમા નેતાઓ આપણે માટે સર્વસ્વનો હોમ કરી ફકીર થઈ જનારા નરકેશરીઓની નિંદા ખુદ આપણેજ હાથે જે કરાવી શકે છે તેની શક્તિની બહાર કશુંએ હોઈ શકવાનો સંભવ નથી.

જે સુવર્ણસિંહાસન ઉપર પૃથ્વીરાજ, અકબર, ઔરંગઝેબ, આદિ બેઠા છે; તે અત્યારે તો બધે દૂરદર્શનના કાંટે પાયા ખુદ આપણાજ કોદી અને માંજરી સ્થિર અને પડુ સ્થિર રહ્યા જાય છે.

રાજકોટજ રાજ્યતંત્ર મરે જી શકે અને રાજતંત્રને મરે રાજને ત્યાગી પણ શકે! પરંતુ ગુલામો તો ગોઠવાના ટુકડા મેળવજ ભટી શકે. બીજાઓ માત્ર ધૂળ જેવા કાગળના ટુકડા માટે લડે! આપણે પણ જે ગુલામની અંદર ગુલામો સંપૂર્ણ ઉપભોગ જેવા કરે છે તેની કરામતથી

૧૧૭–સંગીતની અસરવિષે ગાંધીજીના વિચાર

સંગીતથી મને શાન્તિ મળી છે. એવા પ્રસંગોનું સ્મરણ છે કે, જ્યારે હું કંઇ કારણથી ઉદ્વેગ પામ્યો હોઉં ત્યારે સંગીત સાંભળતાં મન શાન્ત થયું છે. સંગીતથી ક્રોધ શમે છે એવો પણ અનુભવ થયો છે. એવાં તો કેટલાંયે સ્મરણો છે, કે જેમને વિષે એમ કહી શકું કે, ગદ્યમાં લખાયેલી વસ્તુઓની અસર નથી થઈ ત્યારે તેજ વસ્તુવિષેનાં ભજનો સાંભળતાં થઇ છે. મેં જોયું છે કે, બદસૂરૂં કે બેસૂરૂં ભજન ગવાયું છે ત્યારે તેના શબ્દોનો અર્થ જાણતાં છતાં તે ન સાંભળ્યા બરોબર લાગ્યું છે; અને તેજ ભજન જ્યારે મધુર સુરમાં ગવાયું છે, ત્યારે તેમાં રહેલા અર્થની અસર મારા મન ઉપર બહુ ગંભીર થઇ છે. ગીતાજી જ્યારે મધુર સુરમાં એકઅવાજે ગવાય છે, ત્યારે તે સાંભળતાં હું થાકતોજ નથી; અને ગવાતા શ્લોકના અર્થ હૃદયમાં વધારે ને વધારે ઉંડા ઉતરે છે. મધુર ગવાયેલું રામાયણ બચપણમાં સાંભળ્યું તેની અસર આજ સગી ચાલુ છે. એક વેળા 'હરિનો મારગ છે શૂરાનો' એ ભજન એક મિત્રે જ્યારે ગાયું ત્યારે તેના અર્થની જે અસર મારી ઉપર થઇ તે આગળ ઘણી વાર તે સાંભળેલું તેના કરતાં બહુ વધારે ગંભીર થઇ. સન ૧૯૦૭માં ટ્રાન્સવાલમાં મારી ઉપર માર પડ્યો હતો, જખમને ટાંકા દઇને ડાક્તર ચાલ્યો ગયો હતો, હું પીડાતો હતો. પોતે ગાઇને કે મનન કરીને જે દુઃખને શમાવી નહોતો શકતો તે દુઃખ ઓલિવ ડોકની પાસેથી એક પ્રખ્યાત ભજન સાંભળીને હું શમાવી શક્યો. આ વાત આત્મકથામાં લખાઇ ગઈ છે.

આમ મારા લખવાનો કોઇ એવો અર્થ ન કરે કે, મને સંગીત આવડે છે. સંગીતનું મારૂં જ્ઞાન શૂન્યવત્ છે, એમ કહી શકાય. સંગીતની પરીક્ષા હું કરી શકું છું એમ પણ ન કહી શકાય. કેટલુંક સંગીત મને સારૂં લાગે છે, અથવા સારૂં સંગીત ગમે છે એ મારે સારૂ એક કુદરતી બક્ષીસ છે.*

મારી ઉપર સંગીતની અસર આમ બિનઅપવાદ સરસજ થઇ છે તે ઉપરથી હું એવો સાર કઢાવવા નથી ઇચ્છતો કે, બધાની ઉપર એવીજ અસર થાય છે અથવા થવીજ જોઇએ. ઘણાઓએ ગાયનોવડે પોતાના વિષયવિલાસને ઉત્તેજન આપ્યું છે, એ હું જાણું છું. એ ઉપરથી એમ સાર કાઢી શકાય કે, જેવી જેની ભાવના તેવું તે પામે. તુલસીદાસે ઠીકજ ગાયું છે કે–

जडचेतन गुणदोषमय विश्व किन्ह करतार, संत हंस गुण गहहिं पय परिहरि वारि विकार ।

પરમેશ્વરે તો જડ, ચેતન–બધાને ગુણદોષવાળા સર્જ્યાં છે; પણ વિવેકી હોય તે કથામાંથી હંસ જેમ દૂધમાંથી પાણી છોડી મલાઈ લઈ લે છે, તેમ દોષને છોડી ગુણને આરાધશે.

("નવજીવન" તા. ૨૫–૧૧–૧૯૨૮ ના અંકમાં લેખકઃ–મહાત્મા ગાંધીજી)

* આ કુદરતી બક્ષીસ પામર મનુષ્યોમાં અને હરણ, સર્પ ઇત્યાદિમાં પણ હોય છે. અલબત્ત, સંગીતનો વિષય ખરાબ હોય તો અસર પણ ખરાબ થઇ અધોગતિ થાય છે અને સારો હોય તો સારી થઇ ઉન્નતિ થાય છે–અર્થાત્ સદુપયોગ અને દુરુપયોગ એજ સારા કે નરસા ફળનું કારણ હોય છે. આવું છતાં વેશ્યાદિદ્વારા હલકટ વિષયો ગવાતા હોવાથી અનેક માણસો ગાયનમાત્રને હલકું ગણે છે. તેઓ સદુપયોગને દુરુપયોગની સમજણ ધરાવતા નથી. દેવર્ષિ નારદે યોગના એક સત્વર સિદ્ધિના સાધનરૂપે તેની રચના કરી છે; બ્રહ્મવિદ્યા વિષે અને કર્મયોગ, ભક્તિયોગ તેમજ વીરત્વવિષે પણ સંગીત કેટલું બધું અસરકારક છે, તે જો સર્વ કોઇ જાણે તો બને ત્યાંસુધી સંગીતદ્વારાજ દરેક પ્રકારનું શિક્ષણ અપાય, એવી આ હકીકત છે. બનારસી ઉપરાંત મહાત્મા નઝીરની પણ અનેક ગઝલો એકદમ દિલને હલાવે અને અનુભવીને અંતર્મુખ પણ કરી દે એવી છે. આ સેવક તો ગાયન તરફના આકર્ષણને લીધે બચપણથીજ ખરાબ બગડતો. બિન્દુ–અખંડાનંદ

૧૧૮–રાંદેરમાં એક માસનો ઉપવાસ

ફક્ત પાણી ઉપર રહેવા છતાં શક્તિ જેવી ને તેવીજ

રાંદેરના રહીશ ભાઇશ્રી ગણપતરામ અમૃતરામ જોષી(જ્ઞાતે ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણ)એ ગયા અધિક શ્રાવણ માસમાં ૨૯ ઉપવાસ ફક્ત પાણી પીને કરેલા છે. આ ઉપવાસોમાં એઓશ્રીએ તદ્દન અન્નનો તેમજ ફળનો ત્યાગ કરેલો હતો. પોતે આકાશમાંથી બારોબાર ઝીલેલું વરસાદનું પાણી હમેશ ત્રણથી ચાર શેર જેટલું ફક્ત લેતા હતા.

કોઇ કહેશે કે, શ્રીયુત જોષીએ તો ફક્ત ૨૯ ઉપવાસ કર્યા છે, પણ તેના કરતાં વધારે પણ ઉપવાસ કરનારા માણસો છે. દાખલાતરીકે ઘણાખરા શ્રાવક લોકો પર્યુસણના તહેવારોમાં લગભગ ચાલીસ–બેતાલીસ ઉપવાસો કરે છે, અને તે પણ એકલા પાણીથીજ કરે છે; તો પછી શ્રીયુત જોષીએ ૨૯ ઉપવાસ કર્યા તેમાં શી નવાઇ છે?

આ શંકાના સમાધાનમાં મારે જણાવવું જોઇએ કે, શ્રીયુત જોષીના ઉપવાસોમાં તથા શ્રાવક લોકોના ઉપવાસોમાં નીચે મુજબ ઘણોજ ફેર છે અને તેથીજ આ લેખ લખવાનો હેતુ છે. શ્રાવક તથા અન્ય સાધારણ પુરુષ જ્યારે ઉપવાસો કરવા લાગે છે, ત્યારે જેમ જેમ ઉપવાસ વધતા જાય છે, તેમ તેમ ઉપવાસ કરનારની માનસિક તથા શારીરિક શક્તિ ઓછી થતી જાય છે; અને છેવટે તે એટલી બધી નબળી પડી જાય છે કે, ઉપવાસ કરનારને પથારીવશ થઇ જવું પડે છે. શરીર તદ્દન અશક્ત અને પાતળું પડી જાય છે. હાલવા–ચાલવાની બીલકુલ શકિત રહેતી નથી. અરે છેવટે પોતે પોતાની મેળે પાણી પણ પી શકે તેટલી તાકાત તેનામાં રહેતી નથી. તેને પાણી પાવાને માટે ખાસ એક માણસની જરૂર પડે છે અને જેમ કોઇ ઘણીજ લાંબી માંદગીમાં પડેલ માણસની સારવાર કરવા એક બીજા માણસને ખાસ તેની પથારી પાસે રહેવું પડે છે, તેવીજ રીતે તેની પણ સ્થિતિ થઈ જાય છે.

આથી તદ્દન ઉલટું શ્રીયુત જોષીની બાબતમાં બન્યું છે. આખા મહિના સુધી પોતે ફક્ત પાણીથી ઉપવાસ કર્યા છતાં પોતાના ઉપવાસ પહેલાં જેટલી શક્તિ હતી, તેટલીજ શક્તિ ઉપવાસના અંતસુધી કાયમ રહી હતી–એટલે કે, પથારીવશ ન થતાં ગમે ત્યાં એક સશક્ત માણસની પેઠે હરીફરી શકતા હતા. આ બાબત તેમના ઉપવાસમાં ખાસ મહત્ત્વની છે. તેમની કાયમ રહેલી શકિતના થોડા દાખલા નીચે આપું છું:–(૧) ઉપવાસ ચાલતા હતા તે દરમિયાન તે હમેશાં તાપી નદીએ ચાલીને નહાવા જતા હતા. (૨) ઘરનાં તથા બહારનાં બધાં કામકાજ જરાપણ નબળાઇ તથા બેચેની અનુભવ્યાવગર હમેશાં તે કરતા હતા. (૩) પંદરમે ઉપવાસે તો તે ત્રણ માઇલ સુધી ફરવા માટે ચાલીને જતા હતા. (૪) છવ્વીસમે ઉપવાસે અધિક માસની ઉજાણીમાં પોતાને ઘેર જ્ઞાતિભોજન તેમણે કરાવ્યું હતું તે વખતે સવારથી સાંજસુધી જરાપણ વિશ્રામ લીધાસિવાય પોતાના અસલના આનંદી સ્વભાવથી સઘળું કામકાજ કરવામાં મચ્યા રહ્યા હતા.

આ દાખલાઓ ઉપરથી કોઇને જાણવાની ઉત્સુકતા થાય કે, આટલા બધા ઉપવાસો પછી પણ આટલી પોતાની અસલ શકિત કેવી રીતે શ્રી. જોષીએ જાળવી રાખી હશે? આ રીતે જનસમૂહને જણાવવા તથા જેને ઉપયોગી થાય તેના લાભાર્થેજ આ લેખ પ્રગટ કરવાનો મુખ્ય ઉદ્દેશ છે.

શ્રી. જોષી અન્ડરગ્રેજ્યુએટ છે. તેમની ઉંમર અત્યારે ૪૭ વર્ષની છે. ઉપાવાસ પહેલાં તેમનું વજન ૩ મણ ૭ શેર હતું; અને ૨૯ ઉપવાસ પછી તેમનું વજન ૨ મણ ૨૪ શેર રહ્યું છે. જ્યારે શ્રી. જોષીને પૂછવામાં આવ્યું કે, આવા લાંબા વખતના ઉપવાસ કરવાનો તમને ક્યાંથી વિચાર આવ્યો અને તમો તમારી અસલ શ .ત તેટલાજ પ્રમાણમાં કેદસુધી જાળવી રાખવામાં કેવી રીતે ફતેહ પામ્યા?

તેના જવાબમાં શ્રી. જોષીએ કહ્યું કે, મેં હિંદુશાસ્ત્રોમાં અનેક ઠેકાણે ઉપવાસના ફાયદાઓ વાંચ્યા છે. તેની સાથે અમેરિકામાં શારીરિક શક્તિનું જ્ઞાન ધરાવનાર મહાન બર્નાર્ડ મેકફેડનના સઘળાં પુસ્તકોનો બારીકીથી અભ્યાસ તથા અવલોકન મેં કરેલું હોવાથી અને તે પુસ્તકોમા પણ

ઉપવાસનું અતિશય મહત્વ માન્યું હોવાથી તથા આજ અહિંસામાં ... સારો અભિપ્રાય છે. જેમ મેં આપેલું હોવાથી મને પણ તેઓના નિયમોને અનુસરીને ઉપવાસ કરવાની ઇચ્છા થઈ આવી. ઉપવાસના દિવસોમાં પેટની ગરમી શાંત રાખવાને સાધારણ રીતે નીચેના મુજબ નિયમો ખાસ પાળવાની જરૂર છે.

(૧) "એનીમા-કુંડ"ના પ્રયોગથી દરરોજ ખાસ ખાત્રીપૂર્વક શરીરની અંદરનાં આંતરડાંને એ દિવસમાં એક વખત તો સાફ કરવાં જોઈએ. "એનીમા-કુંડ"નો પ્રયોગ દરેક ડૉક્ટરને જાણીતો છે; માટે જેને જાણવાની ઇચ્છા હોય, તેમણે તે કેમ કરવો તે ડૉક્ટરને પૂછી માહિતગાર થવું. જે લોકો આ પ્રયોગથી આંતરડાં સાફ કરતા નથી, તેઓને રોગોની તથા નબળાઈ થવાનો સંભવ છે.

(૨) શરીરને ઠંડું રાખવા માટે ઉપવાસના દિવસોમાં પાણી વારંવાર પીવું જોઈએ. વરસાદનું આકાશથી ઝીલેલું પાણી અથવા તો ઉકાળેલું પાણી પીવું.

(૩) શુદ્ધ તથા ખુલી હવામાં ખાસી કસરત હમેશાં કીધી કરવી જોઈએ અથવા તો શરીરને થોડી વાર ઘસીને ગરમ બનાવવું જોઈએ.

(૪) કેટલીક વખત શારીરિક ગરમી શરીરના કોઈ ભાગમાં ભરાઈ રહી જાય છે અને તેથી રોગની ઉત્પન્ન થાય છે. આ શાંત કરવાને દિવસમાં બે-ત્રણ સ્નાન કરવાં તે લાભકારક છે.

(૫) ઉપવાસના દિવસોમાં દરેક માણસે બનતાંસુધી પોતાનું મન પોતાના રુચિવાળા વિષયમાં રોકવું જોઈએ.

આંતરડાંમાં થોડી રહેલો મળ ખુબવાટે કરીને રોગોની તથા અશક્તિ ઉત્પન્ન કરે છે તેના ઉપાયતરીકે "એનીમા-કુંડ"ના પ્રયોગોથી આંતરડાં ખાસ સાફ કરવાં જોઈએ. સત્તાવીસમે ઉપવાસે પણ શ્રી. જોશીએ જ્યારે ઉપરના પ્રયોગથી આંતરડાં સાફ કર્યાં ત્યારે સાધારણ પ્રમાણમાં કાળો મળ નીકળી આવ્યો હતો. શ્રી. જોશીને પોતાના ઉપવાસ દરમિયાન એવો અનુભવ થયો છે કે, જેમ જેમ ઉપવાસ વધતા જાય છે, તેમ તેમ શારીરિક શક્તિનો ઘટાડો થવાને બદલે સંચય થતો જાય છે અને શરીરમાંથી માત્ર નકામો મળ તથા ચરબી ઓછી થાય છે.

શ્રી. જોશીને શારીરિક તથા માનસિક નિયમોનું એટલું સારું જ્ઞાન અને પાકો અભ્યાસ છે કે, તે પોતે હિંમતથી કહેતા કે "અમુક નિયમ પાળીને હું ઓગણત્રીસ ઉપવાસ પછી પણ ત્રીસમે દિવસે બારેમાં બારે ખોરાક ખાઈને પચાવવાને શક્તિમાન છું."

જે લોકો ધાર્મિક દૃષ્ટિથી અથવા શારીરિક શક્તિઓ સંચય કરવાને ઉપવાસ કરવાની ઇચ્છા રાખે છે, તેમની જાણ તથા લાભાર્થે જ આ લેખ પ્રગટ કરવામાં આવ્યો છે. આ બાબતમાં જેને કંઈપણ પૂછવું હોય, તે જો શ્રી. જોશીને પૂછશે તો તે ખુશીથી તે બાબતનો ખુલાસો કરશે.
(તા. ૧૬-૯-૨૮ના અઠવાડિક "મુંબઈસમાચાર"માં લેખક—શાહ અંબાલાલ ... બી. એ.)



૧૧૯–બૈરાંનું પંચ

"ઓ કાકી! ઓ કાકી! સાંભળતાં કેમ નથી? હું ક્યારની તમને બોલાવ બોલાવ કરૂં છું. નવરાત્રિની શરૂઆત થઈ ગઇ છે. આપણે બેચરા માતાના મંદિરે ગરબા ગાવા જઇશું કે નહિ?"

"કેમ નહિ? માતાજીનાં દર્શન થાય ને ગરબા ગવાય, ગરબા ના ગાઇએ તો માતાજી ગુસ્સે થાય." એમ કહી ચંચળ કાકીએ પોતાના ઘરની છોકરીઓને તથા વહુઓને મંદિર જવા તૈયાર કરી.

નવરાત્રિમાં દુર્ગાની પૂજા ને ગરબાઓની ધમાલ ખૂબ જામી; રંગબેરંગી સાલ્લાઓમાં ગામની ભામિનીઓ ગરબા ગાવા જાય છે, એટલે તમાશા જોવાની ઇચ્છાવાળા લહેરી લાલાઓ ગુંડા પ્રકૃતિવાળા કેટલાક ફાટેલાઓ પણ બની–ઠની ત્યાં પહોંચવા લાગ્યા.

માતાજીને રાજી કરવાની ધનમાં–ગરબાની ધમાલમાં સ્ત્રીઓ ગુલ્તાન બને એટલે પેલા લોકો જાત જાતની મશ્કરીઓ અને ઠઠ્ઠા કરવા મંડી પડે. વધારે ભીડ જામે તો ગુંડા લોકો આમતેમ હાથ નાખવાની પણ કોશીશ કરે.

ગરબા ચાલતા હતા, એટલામાં ચંચળ કાકી પોતાની વહુઓ, છોકરીઓ સાથે રેશમી સાડીઓમાં રમઝમ કરતાં આવી પહોંચ્યાં. ત્યાં ભેગા થયેલાઓની નજર તે તરફ જતી. એકે પોતાના સાથીદારને ધક્કો માર્યો ને તે ચંચળ કાકીની દીકરી સુવીરા ઉપર પડ્યો. બધા હસવા લાગ્યા ને ચંચળ તથા તેની વહુ અને દીકરીઓ પેલાને ગાળો દઇને છેવટે ગરબો ગાવા ગયાં. એટલામાં કૉલેજમાં ભણનાર રમણદેવ બાજુ થઇને જતો હતો ત્યાં ગુંડાઓએ ફરી મશ્કરી શરૂ કરી તે બીજી બાઇ ઉપર પડ્યા. રમણદેવથી આ સહન ન થયું. તેણે તો તરતજ પેલા ગુંડાને મેથીપાક જમાડી તેમની રેવડી દાણાદાણ કરી નાખી. મેથીપાકનો સ્વાદ ચાખી ગુંડાઓ ચાલતા થયા એવામાં રમણ બહેનોને ઉદ્દેશી બોલ્યો–'બહેનો! આ શું કરો છો?'

ચંચળ બોલી:–'નવરાત્રિમાં માતાજીના ગરબા ગાઇએ છીએ.'

'કયી માતાજીના?' રમણે પૂછ્યું.

દીવાળી બોલી ઉઠી:–'અંબા માતાજી, દુર્ગા માતાજી.' દુર્ગાની છબી સામેજ હતી તેને બતાવી રમણે ગંભીરતાપૂર્વક પૂછ્યું–'જુઓ છો? જુઓ છો?'

'શું ભાઇ? શું છે?' સ્ત્રીઓ બોલી.

'માતાજીના હાથમાં શું છે?'

એકસ્વરથી બધાં બોલી ઉઠ્યાં–'કેમ, માતાજીના હાથમાં ત્રિશૂલ, શંખ, ભાલો, તલવાર, ફૂલ વગેરે હોય છે.'

'ઠીક, દુર્ગા માતાજીને રીઝવવાં હોય તો તમે પણ તલવાર, શંખ, ભાલો, ત્રિશૂલ રાખતાં શીખો; કદી આવા ગુંડા તમારી મશ્કરી કરે તો ત્રિશૂલ, ભાલો અને તલવારથી તેમને ઉડાવી દો; એકલાં હો તો શંખ ફુંકી તમારી સહચરોને બોલાવો જેથી બધાં તલવાર–ભાલાવડે દુષ્ટોનો નાશ કરે; અને સારા માણસોનું પુષ્પોથી સ્વાગત કરો. આમ કરશો તોજ માતાજી રાજી રહેશે.'

રમણનો આ ઉપદેશ સાંભળી બધાં બૈરાં અચરજ પામી બોલી ઉઠ્યાં કે 'હાય, બાપ! બૈરાંઓથી હથિયાર રખાય કે?'

રમણ હસી પડ્યો 'ના રખાય તો સ્ત્રી થઈ માતાજી આઠ જાતનાં હથિયારો કેમ રાખે!'

'જુઓ, તમારા ઉપર પેલા ગુંડા પડાપડી કરતા હતા તમારે તે વખતે દુર્ગામાતાનું અનુકરણ કરી તેમને પ્રસાદ આપવો હતો ને!'

'નવરાત્રિના ગરબા વર્ષોવર્ષ આવે છે. દુર્ગાની પૂજા કરવી હોય તો કેડે હથિયાર રાખો, એજ ખરી પૂજા છે. બાકી તાળીઓ પાડી પાડી જગતમાં તમારી હાંસી કરાવો એમાં શું મજા છે?' રમણની આ વાત સાંભળી બધાં બૈરાં વિચારમાં ને વિચારમાં ઘેર ગયાં. કહે છે કે, તે દિવસથી પછી તે ગામનાં બૈરાં કમ્મરે છુરા ને કિરપાણ રાખતાં થયાં ને તે દિવસે અંબાજી ખરાં રાતે તે ગામમાં જાગ્યાં. ("પ્રચારક" ના એક અંકમા લેખકઃ–શ્રી. આનંદપ્રિય આત્મારામ પંડિત)

१२०—वामन अवतारनो संदेश

"રાષ્ટ્રીય સ્વરાજ્યની પૂર્ણ પારદર્શક સુરાજ્યથી શાંત થઇ શકે નહિ."

વિદ્વાનોનો મત

વામન અવતારના વિષયમાં ઘણુંક વિદ્વાનો શંકા કરે છે કે, એને અવતાર શામાટે માન્યો છે? આ વામને એવું શું મોટું કામ કર્યું છે, કે જેથી એને અવતાર તરીકે પૂજ્ય માન્યો છે? બલિરાજા મોટો ધર્માત્મા હતો. તે બ્રાહ્મણ ને દાન-ધર્મ કરવામાં આગે હતો. એવા ધર્માત્મા રાજાને દાન લેવાના બહાને છળી વામને પાતાળ પગ તળે દબાવ્યો, એમાં તેણે શી બહાદુરી કરી? આ વામનના કામમાં તો કંઇ કપટ ને છળ દેખાય છે. બલિની યજ્ઞશાળામાં વામન બટુકના વેષમાં જાય છે, કપટ ભર્યું દાન માગે છે, રાજા તેને દાન આપવા તૈયાર થાય છે, એવી અવસ્થામાં બલિના માથા ઉપર પગ મૂકી, વામન એને દગો દઇ, એને પોતાના પગ નીચે દબાવે છે. શું આ ધર્મ છે? આમ દગો દેનાર કપટી વામનને અવતાર માનવો, એ તો બહુ આશ્ચર્યની વાત!

વામન અવતારના રહસ્યને નહિ સમજનાર વિદ્વાન આવી રીતે વામનના કામને વખોડે છે અને બલિનીજ પ્રશંસા કરે છે. એમનો પક્ષ જુઓ:—

૧–બલિરાજા અસુર હો, દેવ હો અથવા આર્ય હો; ગમે તે હો, પણ એટલું તો સ્પષ્ટ છે કે, તે ઉત્તમ ધર્માત્મા ક્ષત્રિય હતો;

૨–બલિરાજા નક્કી નિયમ ન્યાયી, કીર્તિવાળો અને પુણ્યશાળી રાજા હતો;

૩–બલિ અને ઇંદ્ર, એ બેઉ ક્ષત્રિય હતા;

૪–બલિનું ખાનગી અને રાજકીય ચરિત્ર પૂર્ણ નિર્દોષ હતું; પ્રાચીનમાંથી કોઇએ પણ બલિની નિંદા કરી નથી; એના રાજ્યમાં બધી ભૂમિ પ્રજા આનંદમાં મગ્ન હતી;

૫–બલિના રાજશાસનની સર્વેએ પ્રશંસાજ કરી છે; એના રાજ્યમાં પ્રજા આનંદમાં હરતી-ફરતી હતી અને ખૂબ યજ્ઞયાગ થતા હતા;

૬–આવા ધર્માત્મા રાજાને ધૂર્ત, ભિખારી વામને લાત મારી અને કપટથી એનું રાજ્ય લઇ લીધું;

૭–રાજા બલિએ વામનનું કંઇપણ બગાડ્યું ન હતું, છતાંપણ વામને બલિને પગ નીચે દબાવ્યો;

૮–વામને ક્ષત્રિયની હત્યા કરી, વિશ્વાસઘાત કર્યો અને લોકકલ્યાણકારી રાજ્યનો નાશ કર્યો;

૯–બલિનો નાશ કરવામાટે વામને એવું શું મોટું પરાક્રમ કર્યું, કે જેથી એની અવતારમાં ગણના કરવામાં આવે?

વામનને અવતાર માનવાવાળા માણુસો આ વિધાનો ઉપર જરૂર વિચાર કરે. જો આ વિધાનો કોઇ નિષ્પક્ષ માણસ આગળ રજુ કરવામાં આવે, તો એ પણ એમજ કહેશે કે, વામને રાજા બલિને લાત મારી, એના શિર ઉપર પગ મૂક્યો, ક્ષાત્રહત્યા કરી, એનો પરાભવ કર્યો, એ સત્ય છે; પરંતુ બલિ પણ રાજ્ય કરવાવાળો મોટો રાજા હતો—અર્થાત્ વામને અવશ્ય કંઇ અસાધારણ પરાક્રમ કર્યું હશે, કારણ કે કોઇ પણ રાજ્યકર્તા રાજા પોતાના માથા ઉપર એક સાધારણ માણસના પગથી કચરાવા પોતાની ઇચ્છાથી કદી તૈયાર હોય નહિ; તેથી કરીને વામને કંઇ વિશેષ પરાક્રમ કર્યું હશે, એમા શંકાજ નથી; પરંતુ આ પ્રશ્નનો સદાને માટે જવાબ હોવો ઘણોજ જરૂરનો છે; તેથી પ્રથમ વામન અવતારના પૂર્વની સર્વ રાજકીય સ્થિતિની પરીક્ષા કરી જોઇએ.

પ્રાચીન દેશવ્યવસ્થા

ત્રિવિષ્ટપ એટલે તીબેટમાં દેવજાતિનું રાજ્ય હતું, ભારતવર્ષમાં આર્યોનું રાજ્ય હતું, હિમાલયના મધ્યભાગ ઉપર ગંધર્વોનું રાજ્ય હતું, હિમાલયની પૂર્વબાજુએ ભૂતજાતિનું રાજ્ય હતું—જેને હાલ ભૂતાન કહે છે; હિમાલયની પશ્ચિમમાં પિશાચજાતિનું રાજ્ય હતું, તીબેટ તથા ભારતખંડની પશ્ચિમદિશામાં અસુર, દૈત્ય, દાનવ તથા રાક્ષસોનું રાજ્ય હતું. એ અસુર રાજ્ય ઇરાનથી સીરિયાસુધી ફેલાયલું હતું. મહારાષ્ટ્રના જે ભાગને હાલ દેશ કહે છે તે અગાઉ

महीपृष्ठ કહેવાતો અને કોંકણનું નામ महीतल, रसातल, भूतल વગેરે तल વા ताल પ્રત્યયાંત હતું. એ નામોમાં पाताल એ એક નામ છે.

તીબેટ, ભરતખંડ અને સમુદ્રકિનારે આવેલા દેશને સાધારણ રીતે ત્રિવિષ્ટપ, ભૂલોક અને પાતાલ કહેતા. ત્રિવિષ્ટપ સંપૂર્ણ ઇંદ્રને અધીન હતું. અતિપ્રાચીન કાળમાં અસુર, દૈત્ય, દાનવ અને રાક્ષસોને ત્રિવિષ્ટપના દેવો સાથે જે યુદ્ધો થયેલાં, તે બધાં દેવોનું રાજ્ય હરી લેવાને માટે થયેલાં હતાં. પછી ભારતીય આર્ય પોતાની ચાતુર્વર્ણ્ય સંસ્થાની અને યજ્ઞસંસ્થાની સાથે પ્રબળ થયા અને ગંધર્વાદિ પડોશી જાતિઓ નિર્બળ થઈ. જે વખતે ભરતખંડમાં દેવોનું રાજ્ય હતું અને આર્યોનો વિશેષ ઉદય થયો ન હતો તે સમયની રાજા બલિની કથા છે. બલિરાજાની કથાનો પૂર્વાપર સંબંધ સમજવાને આટલી હકીકત બસ છે.

રાજા બલિની જાતિ

રાજા બલિ આર્ય સંતાન ન હતો, તેમ તીબેટની દેવજાતિનો પણ ન હતો. અતિપ્રાચીન સમયમાં હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ નામના दैत्य જાતિના બાદશાહ હતા. ખરી રીતે તે ઇરાન-ની ઉત્તરના પ્રદેશોના બળવાન રાજા હતા. અમે કહી શકીએ છીએ કે, આજકાલ જેવા પઠાણ છે, તેવાજ તે હતા. જેમ મુસલમાનોએ વખતોવખત હિંદુસ્થાનપર ચઢાઇઓ કરી હતી, તેમ એ દૈત્યોએ પણ કરી હતી. હિરણ્યકશિપુનો પુત્ર પ્રહ્લાદ હતો. તેનો પુત્ર વૈરોચન હતો અને તેનો પુત્ર બલિ હતો. જેમ હિરણ્યકશિપુનો ભારતીય આર્ય ક્ષત્રિયોની સાથે બીલકુલ સંબંધ ન હતો, તેમ રાજા બલિનો પણ ન હતો; કારણ કે તે અસુરજાતિનો હતો. રાજા બલિ અસલ ક્ષત્રિય હતો એમ કહેવું તે તદ્દન ગાંડપણ છે, જેમ મહમૂદ ગજનીને અસલી ક્ષત્રિય કહેવો તેમ. બીજા દેશોમાં શૂરવીરો ભલે હો, પણ એમને ભારતીય આર્ય ક્ષત્રિયોની પેઠે ક્ષત્રિય કહેવા, એ ઇતિહાસનું અજ્ઞાનપણું કહેવાય. જે માણસો મહમૂદ ગજનવીને અસલ ક્ષત્રિય માનવાને તૈયાર હોય, તે બલિને પણ અસલ ક્ષત્રિય કહી શકે; કારણ કે તે બેઉ ભરતખંડની બહારના નિવાસી હતા અને ભારતીય આર્યોની સાથે શત્રુતા રાખનારા અસુરજાતિના હતા. જેમ હિરણ્યકશિપુ દેવોનો અને આર્યોનો શત્રુ હતો, તેમ બલિ પણ હતો. બેઉમાં ઔરંગઝેબ અને અકબરના જેટલો ભેદ હતો. એટલે તે ભેદ કેવળ રાજશાસનની પદ્ધતિમાં હતો, શત્રુતામાં ન હતો.

ઇરાનથી રશિયા સુધી અસુર, દૈત્ય, દાનવ અને રાક્ષસોનો દેશ હતો. એ બધાઓનો એક-માત્ર ઉદ્દેશ તીબેટના દેવરાજાને હરાવવાનો અને ભારતવર્ષમાં મનમાન્યો ઉપદ્રવ મચાવવાનો હતો. કારણ સ્પષ્ટજ છેઃ–ભારતવર્ષમાં ઉત્પન્ન થતા ધાન્યની જેમ તીબેટની દેવજાતિને જરૂર હતી, તેમજ અસુરજાતિને પણ હતી. એ કારણથી આ સુવર્ણપુરીપર અધિકાર જમાવવા માટે પ્રાચીનકાળમાં દેવ અને અસુરો વચ્ચે યુદ્ધ થયા કરતાં હતાં. પંદરમી તથા સોળમી શતાબ્દિમાં જેવો પ્રયત્ન અંગ્રેજ, ફ્રેંચ, પોર્ટુગીઝ વગેરે ભારતવર્ષમાં કરતા હતા, તેવોજ પ્રયત્ન અસુરાદિ તીબેટને માર્ગે થઇને કરતા હતા. બેઉની કોશીશોમાં ઘણીજ સમાનતા છે.

બલિની પ્રથમ ચઢાઈ

બલિ દેવજાતિનો ન હતો તેમ તે ભરતખંડનો નિવાસી પણ ન હતો. તે તીબેટની પશ્ચિમ બાજુના અસુર પ્રદેશનો નિવાસી હતો. તેણે દેવોને હરાવીને ભરતખંડપર રાજ્ય કરવાને તીબેટ ઉપર ચઢાઈ કરી, એની પહેલી ચઢાઈનું વર્ણન શ્રીમદ્‌ભાગવતના આઠમા સ્કંધના દશમા અધ્યાયમાં છે.

એ વખતે બલિ, નમુચિ, યાતુધાન, વૈરોચન, જંભ આદિ સર્વ અસુર, દૈત્ય, દાનવ અને રાક્ષસ એક થઇને દેવો ઉપર ચઢાઇ કરવા લાગ્યા હતા. દેવોનો મુખ્ય રાજા ઇંદ્ર હતો અને એને મદદ કરનાર મરુત, વરુણ, હયગ્રીવ આદિ અનેક દેવવીર હતા.

એ યુદ્ધ ઘણા દિવસો સુધી ચાલ્યું. એમાં બધા દેવોએ અદ્વિતીય સંઘશક્તિથી કામ કર્યું, તેથી બલિ હારી ગયો. એવું વર્ણન ભાગવતમાં (૮।૧૧-૪૭) આવ્યું છેઃ—

ह्रियेऽवशिष्टाः रणे तस्मिन्नारदानुमतेन ते । बलिं विपन्नमादाय अस्तं गिरिमुपागमन् ॥

યુદ્ધમાં બલિ મૂર્છિત થયો હતો. એના થોડાજ વીરો બચી ગયા હતા. ત્યારે નારદે તેમને કહ્યું કે, હવે તમે લોકો અહીંથી જતા રહો, નહિ તો તમારો નાશ થશે. નારદનું કહેલું એમને ઠીક લાગ્યું અને તે અસુર સૈનિકો મૂર્છિત બલિને લઇને પશ્ચિમના પર્વત પાછળ ભાગી ગયા.

બલિએ તીબેટ ઉપર હુમલો કર્યો તે પણ પશ્ચિમદિશાએથી અને અસુર સિપાઇઓ બલિને લઇને નાસી ગયા તે પણ પશ્ચિમ દિશામાં; તેથી સ્પષ્ટ છે કે, બલિનો દેશ તીબેટની પશ્ચિમમાં હતો. વર્તમાન રશિયા, તુર્કસ્તાન અથવા એની પાસેનો બીજો કોઈ દેશ બલિનો દેશ હશે. પોતાના દેશમાં પાછા જતાં રસ્તામાં ભૃગુઋષિના આશ્રમમાં તે કેટલાક માસ રહ્યો અને ત્યાં દવા-પાણી કરવાથી તે સારો થઈ ગયો. આ વિષયમાં ભાગવતમાં (૮-૧૫-૩) કહ્યું છે કેઃ—

पराजित श्रीरसुभिश्च हापितो हीन्द्रेण राजन् भृगुभिश्च जीवितः।
सर्वात्मना तानभजद् भृगून् बलिः शिष्यो महात्मार्थनिवेदनेन ॥

ઇંદ્રે બલિને પૂરો હરાવ્યો. એની સ્થિતિ મરી જવા જેવી થઇ હતી. ભૃગુના આશ્રમે પહોંચવાથી ત્યાં તેની સારવાર થવાથી તે જીવતો રહ્યો. તેથી તે ભૃગુને માન આપવા લાગ્યો.

મરવાની અણી ઉપર આવેલા તે બલિ ઉપર ભૃગુઋષિએ ઉપકાર કર્યો અને એના પ્રાણ બચાવ્યા; પણ એણે ભરતખંડ ઉપર ફરીને ચઢાઇ કરવાનો વિચાર છોડ્યો નહિ. શું, આ અસુરોના મનની પ્રવૃત્તિ વિચાર કરવા લાયક નથી? જેનો પ્રાણ પૃથ્વીરાજે બચાવ્યો હતો, તેજ મહમદ ગોરીએ પૃથ્વીરાજનો નાશ કર્યો!! અમારી સૂચના છે કે, વાચકગણ ઉપરની આ ઐતિહાસિક વાતની સાથે પૌરાણિક વાતની તુલના જરૂર કરે.

દીનદુઃખી ઉપર દયા લાવી તેને સહાય કરવાના વિચારથી ભૃગુઋષિએ ઘાયલ થયેલા બલિને પોતાના આશ્રમમાં રાખી એની સારવાર કરી, પણ એજ બલિએ આગળ ઉપર ભૃગુઋષિનું એવું અપમાન કરેલું, કે જેથી ઋષિની આંખ એકદમ ખુલી ગઇ અને એમણે બલિને શાપ દીધો. અહીં સ્પષ્ટ દેખાય છે કે, અસુર દૈત્યાદિ કેવી રીતે પોતાની જાતપર જાય છે. બલિ પોતાને દેશ ગયો અને એણે ફરીને દેવરાજ્ય ઉપર હુમલો કરવાની તૈયારી કરી.

બલિની બીજી ચઢાઈ

પહેલી ચઢાઇ નિષ્ફળ ગયેલી છતાં બલિએ ફરીને નવા ઉત્સાહથી બીજી ચઢાઇ કરવા માટે તૈયારી કરી. પહેલા કરતાં વધારે સારી તૈયારી થઇ એટલે બલિએ દેવોના દેશ ઉપર બીજીવાર ચઢાઇ કરી.

वृतो विकर्षन् महतीमासुरीं ध्वजिनीं विभुः। ययाविन्द्रपुरीं स्फृद्धां कंपयन्निव रोदसी ॥

ભાગવતના (૮-૧૫-૧૧) આ શ્લોકમાં એમ કહ્યું છે કે, બલિએ મોટી ભારે સેના સાથે સ્વર્ગે ઇંદ્રપુરી ઉપર ચઢાઇ કરી; પણ આ વખતે દેવોના સૈન્યની બિલકુલ તૈયારી ન હતી, તથા બલિની આસુરી સેનાને હરાવવાનું ઇંદ્રને અસંભવ લાગ્યું. જેમકે ભાગવત (૮-૧૫-૨૫)માં કહ્યું છે કે

भगवन्नुद्यमो भूयान् बलेर्नः पूर्ववैरिणः। अविषह्यमिमं मन्ये केनासीत् तेजसोर्जितः ॥

ઇંદ્રે કહ્યું કે, અમારા જૂના શત્રુ બલિએ હુમલો કર્યો છે. અમારી તો બીલકુલ તૈયારી નથી, તેથી એ હુમલાને પાછો હઠાવવો અસંભવિત લાગે છે.

ગયા યુરોપના મહાયુદ્ધમાં ફ્રાન્સની તૈયારીના અભાવમાં જેમ જર્મનીએ હુમલો કર્યો હતો, તેમ દેવવીર અપ્સરાઓની સાથે નાચમાં મગ્ન હતા અને બલિની આ ચઢાઇની બાબતમાં સાવ અસાવધાન હતા, એવે વખતે બલિએ ઘણી ચપળતાથી હુમલો કર્યો. દેવો એનો પ્રતિકાર કરી શક્યા નહિ, તેથી દેવતાઓ પોતપોતાનું ગામ છોડી જીવ બચાવવાને ભાગી ગયા અને જ્યાં છુપાઇ રહેવાની જગા મળી ત્યાં છુપાઇ રહ્યા.

देवेष्वथ निलीनेषु बलिर्वैरोचनः पुरीम्। देवधानीमधिष्ठाय वशं निन्ये जगत् त्रयम् ॥

'દેવતાઓ ભાગી ગયા, એમ જાણીને બલિએ ઇંદ્રની રાજધાનીમાં પ્રવેશ કર્યો અને ત્રિવિષ્ટપ, ભરતખંડ અને પાતાળ, એ ત્રણે સ્થાનો પોતાને તાબે કર્યાં.' (શ્રી. ભાગ૦ ૮-૧૫-૩૩)

આ પ્રમાણે યુદ્ધ કર્યા વગર બીજાઓની અસાવધાનતાનો લાભ લઇને બલિ દૈત્ય આવા મોટા પ્રદેશનો સ્વામી બની બેઠો. બલિ જાણતો હતો કે, એના દાદા હિરણ્યકશિપુ ક્રૂર નીતિથી કામ લેતો હતો, તેથી એનું રાજ્ય લોકપ્રિય ન થયું અને એનો વધ થયો; તેથી કરીને બલિએ સૌમ્ય નીતિનો આશ્રય લીધો. એણે અમલ કરવામાં એવો પ્રબંધ કર્યો કે, કોઇને દુઃખ દેવું નહિ અને બધા વશ રહે. આવી નીતિ અખત્યાર કરવામાં એનો ઉદ્દેશ એવો હતો કે, કોઇ દેવરાજા અથવા આર્યરાજા બળવો કરે નહિ અને પોતાનું રાજ્ય જાય નહિ. બલિની બાહ્ય નીતિ સૌમ્ય હતી, પણ એણે સારા સારા અધિકારની જગાઓ દૈત્યોનેજ આપેલી હતી. એનો અંદરનો પ્રબંધ એવો સખત હતો કે, દેવો અથવા આર્યોમાંથી કોઇપણ અમુક હદથી આગળ વધી શકે નહિ. બલિના રાજ્યમાં બહાર શાંતિ જણાતી હતી. કોઇને ખુલ્લેખુલ્લું કષ્ટ આપવામાં આવતું ન હતું. સર્વને એકસરખો ન્યાય મળતો હતો, એટલે આર્ય અને દેવની વચ્ચેના ઝગડામાં એ બરાબર ન્યાય આપતો, કોઇના ધર્મકર્મમાં આડે આવતો નહિ. કોઇ પણ દૈત્ય અગાઉની પેઠે આર્યોને હેરાન કરતો નહિ, તોપણ એની રાજનીતિનું ફળ એવું આવતું જતું હતું કે, ભારતીય આર્ય, તીબેટના દેવ અને પાતાલવાસી સર્પ આદિ જાતિઓ દિનપ્રતિદિન નાકૌવત અને બાયલી–કાયર થતી જતી હતી અને એમનામાં ફરી માથું ઉંચું કરવાની હિંમત અને શક્તિ હતી નહિ. એની નીતિજ એવી હતી કે, એ જાતિઓનો તેજોભંગ સદા થતો રહે અને તે સદા તાબે રહે.

હમેશ તેજોભંગ થતો હોવાથી તે તાબેદાર જાતિઓની સર્વ શક્તિઓ નિર્બળ થવા લાગી. એમને પુરુષાર્થ દેખાડવાનો અવસર નહિ રહેવાથી એમનું જીવન ઉત્સાહરહિત રહેવા લાગ્યું. કોઇને અમુક મર્યાદાથી આગળ કાર્યક્ષેત્ર મળતું હતું નહિ, તેથી એમની ચઢતી રોકાઇ ગઇ હતી અને ઉપભોગ પણ અટકી ગયો હતો. બલિ દૈત્યના કપરા બંદોબસ્તને લીધે અને એની અસાધારણ શક્તિને લીધે કોઇપણ આર્યવીર અથવા દેવવીર ઉઠી શકતો ન હતો. સર્વ વીરો ઘરમાં છુપાઇને બેઠા હતા અથવા જંગલોમાં નાસી ગયા હતા. સ્ત્રીઓ ઘરમાંજ બેસી પ્રાચીન વૈભવનું સ્મરણ કરી વિલાપ કરવા લાગી હતી.

પુરુષોના વિચાર

બલિથી પરાજિત દેવવીર અને આર્યવીર નિરુત્સાહ થઇ ગયા હતા. "બલિનું સુરાજ્યજ સારૂં છે, આપણને પણ અધિક ઉપભોગની શી જરૂર છે? દૈત્ય કર્તાકારવતા છે, એમના જેવું કર્તાકારવતાપણું આપણામાં ક્યાં છે? દેવોનું આર્યો ઉપર રાજ્ય હોય અથવા આર્યોનું દેવો ઉપર રાજ્ય હોય, એથી લાખ દરજ્જે આજ સારૂં છે કે, જે આર્ય નથી તેમ દેવ પણ નથી એવા દૈત્યનું રાજ્ય એ બેઉ ઉપર હોય; કારણ કે દેવોનું રાજ્ય થાય તો દેવવીરો આર્યોપર જુલમ કરશે અને આર્યોનું રાજ્ય થયું તો આર્યવીરો દેવો ઉપર અત્યાચાર કરશે. એ બેઉ સ્થિતિ બુરી છે; તેથી એ બેઉ જાતિઓ ઉપર જે બલિનું સુરાજ્ય છે તેજ ઠીક છે. બલિના રાજ્યમાં અમને કંઇ કષ્ટ નથી. બલિએ જાતે યજ્ઞયાગ ચલાવ્યા છે, તે અમારા યજ્ઞોમાં કંઇ હરકતકર્તા નથી. એનો એવો પ્રયત્ન છે કે, અમારી ધીરે ધીરે ઉન્નતિ થાય, તેથી ઠીક તો એ છે કે, બલિનું રાજ્ય સદાય રહે."

એ સમયના પુરુષોના વિચારો એવા હતા, તેથી કરીને બલિનું સુરાજ્ય સ્થાપિત થઇ ગયે કોઇ દેવવીરે અથવા કોઇ આર્યવીરે બલિનું રાજ્ય નષ્ટ કરવાને પ્રયત્ન કર્યો નહિ; પરંતુ દેવસ્ત્રીઓ અને આર્યસ્ત્રીઓ પૂર્વકાળના વૈભવનું સ્મરણ કરી કરીને અશ્રુપાત કરતી હતી આ જોઇને કેટલાકો કહેતા હતા કે આ તો જૂની પુરાણી રીતો પસંદ કરનારી મૂર્ખ અને પાગલ સ્ત્રીઓ છે. પણ કેટલાક તો એ સ્ત્રીઓના હૃદયમાં ધધકતા સ્વતંત્રતાના અગ્નિને જાણતા હતા.

સ્ત્રીઓનો શોક

માતાના હૃદયમાં જે વિચારો તીવ્ર હોય છે, તેજ વિચારો બાળકના હૃદયમાં જડ જમાવે છે. જો માતાના હૃદયમાં રાજ્યક્રાંતિના વિચારો તીવ્રતાથી વાસ કરે છે, તો બેએક પેઢીમાં ખચિત રાજ્યક્રાંતિ થયા વગર રહેતી નથી; પરંતુ જો સ્ત્રીઓ જાતેજ પારકા રાજ્યને ભૂષણ સમજે, તો રાજ્યક્રાંતિ થવી અસંભવ છે.

પરાજિત દેવોની અને અદિતિની સંપત્તિ પુત્રહિતનું અપહરણ કરી જનક, કેવી નરકની તથા શોક કરતી હતી, તે માટે નીચેનો ભાગવત (૮-૧૬-૨) નો શ્લોક જુઓ—

एवं पुत्रेषु नष्टेषु देवमातादितिस्तदा । हृते त्रिविष्टपे दैत्यैः पर्यतप्यदनाथवत् ॥

અર્થાત્ દૈત્યોએ સ્વર્ગનું રાજ્ય પડાવી લીધું અને અમારા પુત્રોનો સર્વનાશ થતાં આ વિચારમાં અનાથની પેઠે દેવમાતા અદિતિ મનમાં ને મનમાં બળતી હતી. તે અંદરો અંદર વિચાર કરતી હતી કે, અમારો પૂર્વનો વૈભવ ફરીને પ્રાપ્ત થાય; અમારા પુત્રોની સંપત્તિ ... એવી પરિસ્થિતિ ઉત્પન્ન થાઓ, કે જે સંપત્તિનો ઉપભોગ દૈત્ય આદિ આ વખતે કરે છે તે સંપત્તિનો ઉપભોગ અમારા પુત્રો કરે. સારાંશ એ કે, માતાઓના હૃદયમાં નિરંતર આ વિચાર ... હતા કે, અમારો ગત વૈભવ અમને ફરીને પ્રાપ્ત થાય.

આક્ષેપક કહે છે કે, બલિના રાજ્યમાં પ્રજા ઘણું સુખી હતી. અમે એને કહીએ છીએ કે, તે માતાઓના હૃદયમાં જે આગ સળગતી હતી તે ઉપર ધ્યાન આપો; પણ આ આગ એ કેવી રીતે એલાય શકવાનો? દેવમાતાઓના હૃદયની વ્યથા શી હતી અને કેવી તીવ્ર હતી! તે વાત લક્ષ્યમાં લખી શકે, કે જેઓ ... ... એમ જ કહેવાના કે, દૈત્યોનું રાજ્ય ચિરકાળ સુધી ભલે રહે. જો કદાચિત્ એ લોકોનો આત્મા બલિના રાજ્યમાં શરીર ધારણ કરી આવ્યો હોત તો સંભવ છે કે, તેઓ ઉપર કહેલી રાજ્યક્રાંતિકારી માતાઓનો તિરસ્કાર કરત. અમે માતાઓના વિરોધાત્મક રાજ્યક્રાંતિ શબ્દ એટલા માટે વાપર્યો છે કે, તે માતાઓ પ્રતિદિન ઈશ્વર પાસે રાજ્યક્રાંતિની પ્રાર્થના કરતી હતી.

સ્ત્રીઓની ઇચ્છા

પૂજન કરીને તેઓ સર્વશક્તિમાન ઈશ્વર પાસે એવું માગતી હતી કે, અમારી ગઈ લીધેલી સ્વતંત્રતા પુનઃ પ્રાપ્ત થાઓ. જેમકે:—

तस्मादीश भजन्त्या मे श्रेयश्चिन्तय सुव्रत । हृतश्रियो हृतस्थानान् सपत्नैः पाहि नः प्रभो ॥
परैर्विवासिता साऽहं मग्ना व्यसनसागरे । ऐश्वर्यं श्रीर्यशः स्थानं हृतानि प्रबलैर्मम ॥
यथा तानि पुनः साधो प्रपद्येरन् ममात्मजाः । तथा विधेहि कल्याणं धिया कल्याणसत्तम ॥

આ ભાગવત (૮-૧૬:-૧૫,૧૬,૧૭) ના શ્લોકોમાં એમ કહ્યું છે કે, હે ઈશ્વર! હું તમારી ભક્તિ કરું છું. તેથી એવું કરો, કે જેથી મારું કલ્યાણ થાય. હે પ્રભુ! બળવાન શત્રુએ અમારી સઘળી સંપત્તિ હરી લીધી છે અને અમને સ્થાનભ્રષ્ટ કરી દીધાં છે, અમને વૈભવના શિખરપરથી દુઃખના સાગરમાં ફેંકી દીધાં છે, અમને શહેરમાં ફાવે ત્યાં હરવા ફરવાની સ્વતંત્રતા નથી. બળવાન શત્રુએ અમારાં ઐશ્વર્ય, સંપત્તિ, યશ અને સર્વ સ્થાનો હરી લઇને અમને નિરાશ્રિત બનાવી દીધાં છે. અમારા નવજવાનોને પ્રાચીન વૈભવ મળો, તેઓ અગાઉની પેઠે ઐશ્વર્યસંપન્ન થાઓ, એમની ધવલ કીર્તિ ચારે દિશાઓમાં ફેલાય અને એમના સઘળા અધિકાર એમને પાછા મળો.

બલિના રાજ્યમાં પરાજિત દેવમાતાઓની પ્રતિદિનની આ પ્રાર્થના સર્વને માટે વિચારણીય છે. આ પ્રાર્થનાનો દરેક શબ્દ બતાવે છે કે, બલિદૈત્યે કેવો મોટો અનર્થ દેવરાજ્યમાં કર્યો હશે અને એણે પરાજિત લોકોને કેવી અધમ દશાએ પહોંચાડ્યા હશે. આ વિષયમાં નીચે લખેલા શબ્દોનું મનન કરો—

૧-हृतश्रियः ॥ દૈત્યે એમની સર્વ સંપત્તિ હરી લીધી હતી, તેથી દૈત્ય હમેશાં ધનવાન થતા હતા અને દેવો ધનહીન થતા હતા.

૨-हृतस्थानाः ॥ દેવરાજ્યના સારા સારા હોદ્દાઓ અને અધિકારો દૈત્યોએ લઇ લીધા હતા, જેથી દેવપુત્રોને તાબેદારીનું કામ કરવું પડતું.

૩-विवासिताः ॥ દૈત્યોએ દેવોને દેશમાંથી કાઢી મૂક્યા હતા.

૪-व्यसने मग्नाः ॥ સર્વને દુઃખસાગરમાં ફેંકી દીધા હતા.

૫-ऐश्वर्य, संपत्ति, यश અને स्थान ॥ આ બધી વસ્તુ દેવોને મળતી ન હતી, પણ તે

[illegible]

રનિવાસમાં આવી અનેક કથાઓ પ્રસિદ્ધ છે. આવી વિપરીત [illegible] ચાર માસના કહેવામાં ચોગ રહે છે. જેને એ ચોગ [illegible] આવે, તો કંઈ ડર રહેતા નથી, પણ તે ન [illegible] થાય, તો સમૂળ નાશ થાય છે. વામનના 'વિપાક [illegible]' [illegible] ભરતખંડ અને પાતાલ-એ બધુ દેશ માગવાની એની મતલબ હતી; પણ એ વાત બલિના ખ્યાલ-માં આવવી અશક્ય હતી, કારણ કે બલિને ખબર ન હતી કે, [illegible] કોષ [illegible] રચ્યું છે અને એમાં અનેકાનેક દેવવીર પણ જન્મ્યા છે, તેથી કરીને બલિ-રાજ્ય અસાવધાન હતા.

જોકે બલિ પોતે અને એના સર્વ વીરો અસાવધાન હતા, તોપણ તે મોટો સમ્રાટ હોવાથી એ યજ્ઞમંડપની આસપાસ અને અંદર પણ સેંકડો રાક્ષસ સૈનિક તૈયાર હાજર હતા. તેઓ કોઈ આપત્તિ આવે તે વખતે બલિની રક્ષા કરવાને હાજરજ હતા, પરંતુ એમાંના કોઈને પણ ક્રાંતિની શંકા સરખી હતી નહિ. એવી શુભ રીતે વામને કાવતું રચ્યું હતું. વામને આવી સાવધાનતા ન રાખી હોત તો તે બલિનું રાજ્ય ઉથલાવી શકત નહિ.

જ્યારે વામને જોયું કે, શત્રુના વીરો અસાવધાન છે અને પોતાના પક્ષના વીરો અસ્ત્રશસ્ત્ર-સહિત ત્યાંજ પૂરેપૂરી રીતે તૈયાર છે, ત્યારે એ સમજી ગયો કે, આજ અવસર અનુકૂળ છે; ત્યારેજ

એણે "ત્રિપાદ ભૂમિ" નું દાન માગ્યું. તે જાણતો હતો કે, યજ્ઞના સોમનું સવન જ્યાંસુધી થયું નથી, ત્યાંસુધી પોતાને અનુકૂળ પરિસ્થિતિ છે.

બલિ અને વામન વચ્ચે દાન માટે થોડો વિનોદ થયો, તે પછી વામન બલિના સંમુખ દાન લેવાને બેસી ગયો. આ વખત સુધી બલિના મનમાં કોઇ પ્રકારની શંકા ઉઠી ન હતી. બલિના પુરોહિતને વામનની બાબતમાં સંદેહ થયો. કદાચિત્ વામનના ષડયંત્રના સંબંધમાં કંઇ વાત એના જાણવામાં પણ આવી હશે, તેથીજ તેણે બલિને ચેતવવાને યત્ન કર્યો; પણ બલિએ એના કહેવા ઉપર કંઇ લક્ષ આપ્યું નહિ. જો બલિ પોતાના પુરોહિતનું કહેવું સમજી ગયો હોત, તોપણ હવે એ વામનના પંજામાંથી છૂટે એ અસંભવિત થઇ ગયું હતું.

યોગ્ય અવસર જોઇને વામને બલિને નીચે નાખ્યો અને એના માથા ઉપર પોતાનો પગ મૂક્યો. આ ઘટના એવી ચાલાકીથી અને સ્ફૂર્તિથી બની કે પ્રથમ તો કોઇના સમજવામાં પણ આવ્યું નહિ કે, આ શું થયું ? ઋત્વિજ લોકો યજ્ઞ કરવામાં મગ્ન હતા, બીજા બ્રાહ્મણો વેદઘોષમાં લીન હતા અને પ્રેક્ષક લોકો વાર્તાલાપમાં લાગેલા હતા. એવે સમયે વામને બલિદૈત્યને જમીન ઉપર પછાડયો. આ ઘટના પ્રથમ પહેરેદાર સૈનિકોએ જોઇ, એટલે તેઓ એકદમ બૂમ પાડી ઉઠયા. જેમકે

अनेन याचमानेन शत्रुणा वटुरूपिणा । सर्वस्वं नो हृतं भर्तुः न्यस्तदंडस्य बर्हिषि ॥
तस्मादस्य वधो धर्मः भर्तुः शुश्रूषणं च नः । इत्यायुधानि जगृहः बलेः अनुचरा सुराः ॥
ते सर्वे वामनं हन्तुं शूलपट्टिशपाणयः ॥

આ ભાગવત (૮–૨૧) ના શબ્દોમાં એ કહ્યું છે કે "અહો, આ યાચના કરનાર બટુરૂપી બ્રાહ્મણ શત્રુ વિશ્વાસઘાત કરી અમારા રાજાનું સર્વસ્વ હરણ કરી ગયો છે. અમારે રાજાની રક્ષા કરવીજ જોઇએ; તેથી આ બ્રાહ્મણકુમારનો વધ કરવો એ અમારો ધર્મ છે. એમ બોલીને બલિના દૈત્ય સેવકોએ શૂલ, પટ્ટિશ આદિ પોતાનાં આયુધો હાથમાં લીધાં અને તેઓ તુરત તૈયાર થઇને વામનનો વધ કરવા માટે તેની તરફ દોડયા."

આ વર્ણનથી સ્પષ્ટ થાય છે કે, વામને "રાજ્યની ભિક્ષા" માગી અને બલિએ ખુશીથી આપી, એ વાત સાચી નથી. વામન પણ સંપૂર્ણ ભવિષ્ય પહેલેથીજ જાણતો હતો. ચતુર વામન સમજતો હતો કે, રાજ્યની ભિક્ષા કોઇ કોઇને આપે નહિ અને ભીખ માગીને મળેલું રાજ્ય કોઇ ચલાવી પણ શકે નહિ; તેથી તો એણે મંડપમાં પોતાના વીરોને અગાઉથીજ મોકલ્યા હતા અને આ રીતે કઠિન પ્રસંગમાં પોતાની રક્ષાને માટે અને પોતાના વિચારની સફળતાને માટે જોઇતી સહાયતાનો પ્રબંધ પહેલેથીજ કરી રાખ્યો હતો. એના અનુમાન મુજબજ એની તૈયારી એ વખતે એને સહાયકારી નીવડી.

तान् अभिद्रवतो दृष्ट्वा दितिजानीकपान् नृप । प्रहस्यानुचरा विष्णोः प्रत्यषेधन्नुदायुधाः ॥

આ ભાગવત(૮–૨૧)ના શ્લોકમાં કહ્યું છે કે, દૈત્યો પોતાના નેતા વામનપર હુમલો કરે છે, એ જોઇને કંઇક હસીને પોતાનાં આયુધો ઉપાડી વામનના અનુયાયીઓએ દૈત્યસૈનિકોને રોક્યા.

જો વામન પ્રથમથીજ પૂરેપૂરો તૈયાર ન હોત, તો આજ સમયે એનો અંતજ આવી ગયો હોત. વામને આ પ્રસંગનું અનુસંધાન પૂરી રીતે કર્યું હતું, અને પોતાની તૈયારી યોગ્ય દિશામા કરી હતી. બલિદૈત્ય અને એના સેવકો પૂરા અસાવધાન હતા. વામનના અનુયાયીઓ પણ જાણતા હતા કે, આવો હુમલો જરૂર થવાનો; તેથી વામનનો વિજય ઘણી જલદીથી થયો. વામને દૈત્યોને સંપૂર્ણ તાબે કર્યા પછી બલિને પકડી રસીથી બાંધી કેદ કર્યો. ભાગવત (૮—૨૧) માં પણ કહ્યું છે.—

बबन्ध वारुणैः पाशैः बलिं सौत्येऽहनि क्रतौ । हाहाकारो महानासीद् रोदस्योः सर्वतो दिशम् ॥
गृह्यमाणेऽसुरपतौ विष्णुना प्रभविष्णुना ॥

"સોમરસનો હવન કરવાને દિવસે બલિને વરુણપાશવડે કસીને બાંધ્યો. બલિ જેવા મહા-

[illegible]

[illegible]

इत्युक्ता [illegible] ॥

[illegible]

આ [illegible] ... જીતવ, સુતલ આદિ [illegible] ... સુતલ તે [illegible] ઉપર આવે છે, કે [illegible] ... હોત પોતાની [illegible] પુરી [illegible] ... રાખીને માત્ર સ્થાપનનું કામ કર્યું હતું. [illegible] ... પોતાના દેશમાં ગયા હોત, તો તે જરૂર [illegible] કરત, અને પુનઃ [illegible] ... ઇતિહાસની પુનરાવૃત્તિ ન થાય, તેટલા માટે વામને બલિને [illegible]; પણ [illegible] ... નજરોમાં રાખ્યો. બલિના [illegible] પણ [illegible] ... નહિ. એની આ વાત ખરેખર વખાણવાજોગ છે.

પ્રથમ યુદ્ધમાં બલિએ હાર ખાધેલી, તે વખતે જો ઇંદ્ર પણ એમ કર્યું હોત, તો દેવોને પરાધીનતાના સંકટમાં આવવાનો સમય આવત નહિ. ઇંદ્રે તે વખતે જય કરી, તેનું [illegible] એને ઘણું વેઠવું પડયું. વામન ઇંદ્રની આ ભૂલનું ભયંકર પરિણામ પુરી રીતે જાણતો હતો, તેથી એણે કોઇ પણ અસુરને અસુરના દેશમાં પાછો જવા દીધા નહિ; પણ તે સઘળાને કેકયમાં નજરકેદમાં રાખ્યા અને ત્યાં એણે એમના આરામ માટે યોગ્ય વ્યવસ્થા કરી. એ પછી ઇંદ્રનું રાજ્ય ઇંદ્રને સોંપ્યું અને આર્ય રાજામહારાજાઓને પોતપોતાના રાજ્યમાં મોકલી દીધા. વામને સર્વને ઉત્તમ રાજનીતિનો ઉપદેશ કર્યો અને પોતે તો તપસ્યા કરવા ચાલ્યા ગયા, પોતે રાજ્યનો લોભ કર્યો નહિ. વામનનો આ સ્વાર્થત્યાગ અપૂર્વ છે. તાત્પર્ય એ છે કે, ઇતિહાસની દૃષ્ટિએ અમે વિચાર કરીએ છીએ, ત્યારે અમારે આ સ્પષ્ટ કહેવાની જરૂર પડે છે કે, વામનના આ મહાન કાર્યની સાથે બીજા કોઇના કાર્યની તુલના થઇ શકતી નથી. સત્ય ઇતિહાસ આ પ્રમાણે છે. જેવું ખરી રીતે બન્યું હતું તેવું વર્ણન ઉપર આપેલું છે. વામનમાં શૌર્ય, વીર્ય, પરાક્રમ, તેજ આદિ

અનેક ગુણ હતા. એનું જેટલું વર્ણન કરાય તેટલું ઓછુંજ હશે. એટલા માટે અમે કહીએ છીએ કેઃ—

વામનાવતારનો સંદેશ

"સ્વકીય સ્વરાજ્યની ભૂખ પરકીય સુરાજ્યથી શાંત થતી નથી અને શાંત થવી જોઇએ નહિ." આવો રાજનીતિનો અત્યંત મહત્ત્વનો સિદ્ધાંત અતિપ્રાચીન કાળમાં આખા સંસારને વામનાવતારે દેખાડ્યો છે. વામનની પૂર્વે બીજા કોઇએ પણ આ સિદ્ધાંત જગતને દેખાડ્યો ન હતો. આ મહાન સિદ્ધાંતને કારણેજ, જ્યાંસુધી સંસારની હયાતી છે ત્યાંસુધી રાજનીતિજ્ઞ પુરુષો વામનના ગુણોનું ગાન અવશ્ય કરશેજ.

જે સમયે દેવવીર અને આર્યવીર બલિના રાજ્યમાં તાબે રહેવામાં ભૂષણ માનતા હતા, તે સમયે વામન બટુએ કહ્યું કે, પોતાનું સ્વરાજ્ય ગમે તેવું ખરાબ હોય, તોપણ તે પરકીય રાજાના સુવ્યવસ્થિત રાજ્યથી કંઈગણું અધિક લાભકારી છે. જે પાઠકો મૂળકથા વિસ્તારથી જાણવા ઇચ્છતા હોય, તેઓ ભાગવતમાં જુએ અને વામનાવતારનો આ સંદેશ જાણી એનું મનન કરે.*

("બુદ્ધિપ્રકાશ"ના ઑગસ્ટ-સપ્ટેમ્બર ૧૯૨૮ના અંકમાંથી)

૧૨૧—વર્ધાને પગલે ચાલી અંત્યજોને ન્યાય આપો.

હિંદુ કાર્યકર્તાઓને અરજ

શ્રી રતનબહેન મહેતા નીચે પ્રમાણે લખી જણાવે છે કેઃ—

પ્રિન્સીપાલ પ્રમથનાથ તથા ભૂષણશર્મા અને બનારસ યુનિવર્સિટિના ઓરિએન્ટલ કૉલેજના બીજા ચાર પ્રૉફેસરો કે જે મશહુર પંડિતો છે, તેઓએ લેખિત જાહેરનામું બહાર પાડ્યું છે કે, વર્ધા ખાતે આવેલા લક્ષ્મીનારાયણના મંદિરમાં અંત્યજોને દાખલ કરવાનું શેઠ જમનાલાલ બજાજે જે પગલુ ભર્યું છે, તે હિંદુ શાસ્ત્રાનુસાર છે. બનારસ યુનિવર્સિટિના પ્રિન્સિપાલ આનંદશંકર ધ્રુવે અને ધર્મચુસ્ત ભારતભૂષણ પંડિત મદનમોહન માલવીયાએ શેઠ જમનાલાલ બજાજની ચળવળને અંતઃકરણપૂર્વક ટેકો આપ્યો છે; તો અહીં મુંબઈ શહેરમાં—માધવબાગમાં લક્ષ્મીનારાયણના મંદિરમાં અંત્યજોને દાખલ કરવાનું શુભ પગલું તેના કાર્યકર્તાઓ ભરશે?

અંત્યજો હિંદુધર્મ પાળે છે; રામજયંતિ, કૃષ્ણજયંતિ અને તુલસીવિવાહ વગેરે આપણા સઘળા તહેવારો હિંદુ પ્રમાણે પાળે છે અને તે પ્રમાણે વર્તે છે; તો હિંદુધર્મ પાળનારાઓને આપખુદીથી પોતાનાં જાહેર મંદિરોમાં દેવનાં દર્શન કરતા અટકાવવા, એ તેમના તરફ એક મોટો અન્યાય થાય છે. દેવોનાં મંદિરો ભક્તજનોને સારૂ ખુલ્લાં મૂકાય છે, જે દેવની મૂર્તિને તેમના કાર્યકર્તાઓ પોતે બાંધી લે છે. હિંદુના દેવનાં દર્શન કરવાનો અધિકાર હિંદુધર્મ પાળનારાઓનો બધાનો છે; પરંતુ દેવનાં દર્શનમાં પણ ભિન્નતા અને ખોટા ઉંચ-નીચનો ખ્યાલ પેસી ગયો છે. દેવનાં દર્શન કરવામાં કોઇ ઉંચ કે નીચ છેજ નહિ. આપણી અજ્ઞાનતાને લીધે ઉંચનીચપણું માની બેઠેલા છીએ; અને તેને લીધે આપણે સાતકરોડ હિંદુધર્મ પાળનારાઓને આપણાં દેવસ્થાનોમાં દેવનાં દર્શન કરવાનો અટકાવ કરી અન્યાય કરી રહ્યા છીએ; હિંદુઓમાંથી કેટલીક જાતો ક્યાં માંસ કે મદિરાનો ઉપયોગ કરતી નથી? જેવા કે પરભુ, શેણવી, બંગાલી વગેરે. આપણા હિંદુધર્મ પાળનારા રાજા-રજવાડાઓ છડે ચોક તાજમહાલ હોટેલમાં રહી બબરચી અને અન્ય હલકી વર્ણોના હાથનું ખાવાનું ખાઇને આપણાં દેવાલયોમાં જવાનો હક્ક ધરાવી શકે છે; ત્યારે ધર્મપર એનાથી પણ વધારે પ્રેમ રાખનારા શ્રદ્ધાળુ અને નીતિવાન અત્યંજોને શા સારૂ દેવસ્થાનોમાં દર્શન કરવાની છૂટ નથી મૂકતા? આશા છે કે, અહીં મુંબઇ શહેરમાં દેવસ્થાનોના કાર્યવાહકો આ કામને સારૂ છૂટ મૂકી તેઓ તરફનો અન્યાય થતો દૂર કરશે અને શેઠ જમનાલાલ બજાજને પગલે ચાલી અહીં દેવસ્થાનોમાં અત્યંજોને દાખલ કરવાની છૂટ આપશે.

(દૈનિક "હિંદુસ્થાન"ના તા. ૨૮-૮-૧૯૨૮ ના અંકમાંથી)

---

* "વૈદિકધર્મ" માસિકમાંથી.

१२२–स्वामी विवेकानंदजी

ભારતવર્ષેઃ સ્વામી વિવેકાનંદના નામથી કોણ અજાણ્યું હશે! એઓ ધર્મપ્રચારક હતા. ...જસુધારક હતા, મહાપુરુષ હતા. એમના મુખમાંથી આર્ય ઋષિમુનિઓએ યુગયુગાંતરમાં ...ન કરેલો જ્ઞાનરાશિ સરિતાનાં સ્રોતની માફક વહેતો હતો. ભગવાન શ્રીરામકૃષ્ણ પરમહંસજીની ...તનો તેમનામાં સંચાર થતાં જે કોઈ અપૂર્વ ચારિત્ર્યસૃષ્ટિ ઉત્પન્ન થઇ હતી તે વિચારતાંજ ...ર રોમાંચ ખડાં થાય છે! તેમના મુખમાંથી જ્યારે ગૌમુખીની જળધારાની માફક વેદ, વેદાંત, ...નિષદ્ અને સકળ વિશ્વના ધર્મશાસ્ત્રનો સાર બહાર નીકળતો ત્યારે ખરેખર સૌ કોઈ આશ્ચર્ય-...ત બની જતું. ધર્મનિષ્ઠા, કઠોર બ્રહ્મચર્ય અને ગુરુકૃપાનું સંમેલન થતાં તેઓ તેજોગર્ભ જ્ઞ...ાન બની ગયા હતા. એમના જેટલું વક્તૃત્વ અને લેખનશક્તિ ભાગ્યેજ બીજાનામાં હશે. ...ો જ્યારે અમેરિકામાં ભારતવર્ષના પ્રતિનિધિસ્વરૂપે ગયા ત્યારે 'મેકિસમ' બંદુક બનાવનારા ...મેરિકનો એ અપૂર્વ તેજોમય સંન્યાસીને જોઇ વિસ્મિત થઈ ગયા હતા.

"જ્યારે વિવેકાનંદજી ઉઠયા ત્યારે તેઓએ જોયું કે, તેમને નેપોલિયનની સાથે કામ લેવાનું ...ું. તે સમયનો તે સિંહ હતો. ઉંદરની સાથે બિલાડી રમે તેમ તેઓ તેમની સાથે ખેલતા હતા."

સત્યસંધ સ્વામીજીની વાણી ઘણી વાર ભવિષ્યકથનતરીકે માનવામાં આવી છે. વર્તમાન-...ગમાં તેમનાં કથનો વિશેષ પ્રમાણમા પ્રત્યક્ષ માલૂમ પડે છે; અને તે સર્વ વિચારણીય થઇ પડયાં ... વિવેકાનંદ જેવા એક યુગપ્રવર્તક મહાપુરુષ, ભારતવર્ષના વિશેષ સદ્ભાગ્યે આપણી આ પતન ...મેલી જાતિમાં જન્મ પામ્યા હતા. તેમની વજ્રગર્ભ ભક્તિદ્વારા તેમણે સમસ્ત જગતને જાગ્રત ...રવાનો પ્રયત્ન કર્યો હતો. સ્વદેશપર તેમને કેટલો પ્રેમ હતો તેનું પ્રમાણ આંકી શકાય એમ ...થી!'સ્વદેશપ્રેમ, સ્વદેશપ્રેમ'ની બૂમો મારવાથીજ કાંઈ સ્વદેશપ્રેમ વ્યક્ત થતો નથી. સ્વદેશના પ્રેમને માટે ... કરવું જોઇએ, તે સ્વામી વિવેકાનંદના ચરણોમાં બેસીને તેમના વિચારોનું મનન કરીને યુગો-...ર્યંત શીખવા જેવું છે. તેઓને આ દેશની ધૂળની એક રજકણ પણ પ્રિય હતી. આ દેશનું જે ...ંઇ ઉતરતું હોય તેને તે ઉચ્ચપદે લાવતા. આ દેશને જગતમાં કોઈ મહત્ સ્થાન આપવાને માટેજ ...ણે તેઓ ઉત્પન્ન હતા ! આ દેશના ગુણદોષ તેમણે જેવી રીતે ભારતવર્ષમાં બતાવી આપ્યા છે, ...વી રીતે કોઇએ કદી પણ બતાવ્યા હશે કે કેમ એ શંકાસ્પદ છે. તેમનો સ્વદેશપ્રેમ અંધ ન ...તો. તેઓએ સ્વદેશને જગતની સભાઓમા શ્રેષ્ઠ, વરેણ્ય, ગરીયાન્ કરવા પ્રયત્ન કર્યો હતો; ...રંતુ તેમ કરવામાં કેવળ મોટે અવાજે દેશનાં જયદુંદુભી વગાડયે ચાલે એમ ન હતું. આપણે ...આપણી મેળે આપણી જાતને મોટા કહેવાથી આપણે મોટા છીએ એમ ચોક્કસ મનાય નહિ; ...પરંતુ તેઓ વિદેશીઓ આગળ આપણો આધ્યાત્મિક આદર્શ નિર્ભયતાથી કહેતા, તેજ પ્રમાણે ...આપણી આગળ આપણા દોષસંબંધી પણ વધારે ભારપૂર્વક કહેવા ચૂકતા નહિ. તેઓ સત્ય કહેતાં ...કદી સંકોચ પામ્યા નથી. તેઓ કહેતા કે, જેઓ સત્યનો આશ્રય કરે તેજ વિગતભીઃ છે–અર્થાત્ ...તેમને કશાનો ભય નથી. તાળીઓ પડાવવાના લોભે તેઓ અપ્રિય પણ સત્ય બોલતાં અચકાયા નથી. ...ઉલટું જ્યાં દોષ, ત્રુટી, અભાવ, વગેરે આંગળી કરી બતાવી આપવાની જરૂર હોય ત્યાં તેઓ ...ફટકા લગાવવામાં પણ કાંઈ કસર રાખતા નહિ. હજારો વર્ષથી જડતા અને આળસે આપણી ...જાતિનું હૃદય અકડાવી નાખેલું જોતાં સ્વામીજીએ વિચાર કર્યો કે, એ જડતા ટાળવી હોય તો મુક્ત–...હસ્ત આઘાત કરવાજ પડશે, ત્યારેજ તેમા પુનઃ ચૈતન્ય આવી શકશે; પરંતુ આપણી જડતા, એ ...ચાબુકના પ્રહારથી ટળી શકી નહિ, એ આપણું દુર્ભાગ્ય ! તેમાં સ્વામીજીનો કંઇ દોષ નથી. તેઓ ...જે ખરાબ માનતા હતા–જેને કુસંસ્કાર કહેતા હતા તેનો મૂળમાંથી ઉચ્છેદ કરવામાં તેમણે સહજ ...પણ પાછી પાની કરી નથી ! જગતની સભાઓમા ઉભા રહી તેમણે ભારતવર્ષના પ્રતિનિધિ-...તરીકે ભૂતકાલીન સંસ્કૃતિનું ગૌરવ હૃદયમા રાખી આર્ય ઋષિમુનિઓના આદર્શોથી ઉભરાતા હૃદયે ...જણાવ્યું હતું કે "ભારતવર્ષમાં ધર્મપ્રાણતા છે, આધ્યાત્મિકતા છે, ભક્તિનું પ્રસ્રવણ છે, જ્ઞાનનો

અખૂટ ભંડાર છે, હિમાલય જેટલી સ્થિર અટલ શ્રદ્ધા છે…એ સર્વ બીજે ક્યાં છે ?" વિશ્વના વિવિધ લોકો મૌનપણે વિસ્મયથી આ ઉદ્દગાર સાંભળી રહ્યા હતા; પરંતુ તેવીજ રીતે આ દેશના લોકોને તેમણે કહ્યું હતું કે "આ કેવો તમારો ધર્મ કે જેના અસ્તિત્વમાં દેશના ગરીબો, કંગાલો, નારાયણહરિ કરનારા ભિક્ષુકો ભૂખે મરે ? એવો કેવો તમારો ધર્મ કે જેમાં લોકો આઠ વર્ષની કન્યાનું લગ્ન કરી આનંદમાં મગ્ન બને છે ? એવો કેવો તમારો ધર્મ, કેવો ઈશ્વર કે જેના બહાના હેઠળ એક જાતિ બીજી જાતિના મોં સામે અવજ્ઞાથી નજર કરી, તેને ખાવાને અન્ન પણ ન આપી શકે ? જુઓ, પાશ્ચાત્ય જગત તરફ એક વાર દૃષ્ટિપાત કરો ! તેઓ દારિદ્ર, ગરીબાઇ, ભૂખમરો વગેરે આપત્તિઓ પોતાના દેશમાંથી ટાળવા માટે હમેશાં તત્પર રહે છે. તેઓ સ્ત્રીજાતિને પગતળે કચડતા નથી, ત્યારે તેઓ ત્રિભુવનવિજયી થયા છે !"

સ્વામીજીએ જે સર્વ વાતો કરી છે તેમાંથી ત્રણ બાબત મનપર અજબ અસર કરે છે. એક તો દારિદ્રયમોચન, બીજું જાતિભેદનું કઠોર બંધન અને ત્રીજું જાતિનો શારીરિક ઉત્કર્ષ; અને એ ત્રણ બાબતનો અત્યારે બરાબર વિચાર કરવા જેવો છે. મનુષ્ય ગમે તે કોટિનો હોય, પરંતુ તેને જીવન ટકાવી રાખવાને અન્નનું સાધન અને શારીરિક બળની તો ખાસ આવશ્યકતા છેજ. આપણે મોજશોખમાં લાખો-કરોડો રૂપિયા ગુમાવી દઇએ છીએ, આપણાં દેવમંદિરો અખૂટ ધનભંડારથી ભરેલાં છે, મોટાં શહેરોના શ્રીમંતો હૉસ્પિટલો બાંધવામાં હજારો રૂપિયાની હોળી કરે છે; પરંતુ પોતાના પાડોશીઓ ભૂખે મરી જાય છે તે પર કોઈ લક્ષ આપતું નથી. સ્વામીજીએ આપણાં દુઃખ-દારિદ્ર દૂર કરવાને સચોટપણે જે પ્રયત્નો કર્યા છે, તે ઘણા જણ જાણે છે; પરંતુ જો આપણે આપણા દેશભાઇઓની સ્થિતિ તરફ નજર ન કરીએ તો આપણો સ્વદેશપ્રેમ કેવો કહેવો ? સ્વામીજીના ઉપદેશ સાંભળી, વાંચી એ તરફ જો સર્વેએ દૃષ્ટિ ફેરવી હોત તો ભારતવર્ષની સ્થિતિ અત્યારે અનેક રીતે સુધરી જાત એમાં શંકા નથી; પરંતુ હાય ! આપણે નિર્બળ છીએ, આપણે કષ્ટ સહન કરવાને અશક્ત છીએ, આપણે આત્મરક્ષણ કરવા અસમર્થ છીએ, આપણે સ્વામીજીનું રક્ષણ કરવા શક્તિમાન નથી ! શી આ સર્વનાશક નિર્બળતા આપણી હિંદુજાતિનો નાશ કરી રહી છે ? સ્વામીજી કહેતા કે **वीरभोग्या वसुंधरा**-બળવાન થાવ, વીર બનો ! 'સ્વતંત્રતા, સ્વતંત્રતા' કરી બૂમો પાડવાથી સ્વતંત્રતા કદી પણ આપોઆપ હાથમાં આવવાની નથી ! સ્વતંત્રતા પ્રાપ્ત કરવા જેટલું અને આત્મરક્ષણ કરવા જેટલું બળ જે પળે આપણામાં આવશે તેજ પળે સ્વતંત્રતા આપણા કંઠમાં વિજયવરમાળા આરોપશે, પછી એવી કોઇની શક્તિ નથી કે જે આપણને પરતંત્ર રાખી શકે!

[illegible] સંબંધી વાત કરતાં તેઓએ કહેલું કે:—

"**नायमात्मा बलहीनेन लभ्यः** જાગો, ભાઇ ! જાગો, એક વાર આત્મબળથીજ ઉઠીને ઉભા થાવ, અને મનવાંછિત ફળ મેળવો." આપણે સ્વામીજીનો ઉપદેશ સાંભળવા છતાં કર્મભાવના [illegible] થઇ શકતા નથી. [illegible] આપણને બહેરા બનાવી મૂક્યા છે. [illegible] આપણા કાનમાં [illegible] પહોંચી શકતી નથી. [illegible] કરી [illegible] છીએ, [illegible] છીએ, આપણામાં [illegible] નથી વગેરે [illegible] છીએ; પરંતુ આપણા દેશમાં [illegible] અભાવ છે અને [illegible] અભાવ છે, [illegible] તેમાંજ લય પામે છે.

[illegible]

[illegible]

આપણે સાંભળી ન સાંભળી કરીએ છીએ; આજ તેનું પ્રાયશ્ચિત્ત વેઠવા ભારતવર્ષ ખુલ્લે વાંસે ઉભું છે! આપણે મોઢેથી ફાવે તેટલો સામ્યવાદનો પ્રચાર કરીએ; પરંતુ જાતિભેદ આપણને ભેદભાવની પ્રખર-અવસ્થામાં ઘસડી જાય છે. આપણે મોઢે શિવોऽहं કહીએ, સોऽहं કહીએ; અને કાર્ય કરતી વખતે આપણા શિવ અનેક બની જાય છે. બ્રાહ્મણ શિવ, વાણિયા શિવ, કાયસ્થ શિવ, મોચી શિવ–સૌ શિવ! આપણને હજી બરાબર ખ્યાલ પણ નથી કે, આ જાતિભેદ ગામડામાં કેટલો વિકટ થઈ પડયો છે! એવાં અનેક સ્થળ છે કે જ્યાં શૂદ્રની કાળી ઝુંપડીઓ આગળ થઈને બ્રાહ્મણ પસાર થતાં પણ અચકાય છે, અભડાય છે! આપણો જાતિભેદ દેવતાઓપર્યંત પહોંચી ચૂકયો છે; તો પછી બીજી બાબતોની તો વાતજ શી? જે જાતિની આવી સ્થિતિ હોય તેની ઉન્નતિ થવાની આશા કયાંથી રાખી શકાય? ધ્યાન ધરો, સ્વામીજીના તે તેજઃપુંજ કલેવરનું ધ્યાન ધરો. આ પતિત જાતિના પરસ્પર દ્વેષ અને વેરઝેર જોઇ તેમનાં ચક્ષુઓમાંથી અગ્નિની જ્વાળાની માફક કેટલાં ઉષ્ણ ચક્ષુઓરૂપી તણખા ઝરે છે! એ સર્વ છતાં આપણે તેમની વાત ગ્રાહ્ય કરતા નથી. સ્વામી વિવેકાનંદજીના સ્વદેશપ્રેમની તુલના શી રીતે થઈ શકે? એ અનુરાગ, એ સત્ય સંકલ્પનિષ્ઠા, એ સેવાનું ગૌરવ અન્યત્ર કયાંયે જોવામાં આવતું નથી. આપણે ત્યાં તો એ સ્વદેશપ્રેમનો છાંટો પણ નથી, આપણામાં જેઓ સ્વદેશપ્રેમી છે તેમાંના ઘણાને પરદેશી વસ્તુઓ અનિવાર્ય થઇ પડી છે. પરદેશી પાણીવિના તેમના આધિવ્યાધિ મટતા નથી; પરદેશી ભાવના, પરદેશી પોશાકવિના એક દિવસ પણ તેઓ ટકી શકતાં નથી; અને એવા લોકો દેશના મુખ્ય નેતાતરીકે આગળ પડે છે! આ બાબત કદાચ કોઇકને ખુંચશે; પરંતુ તે કહ્યાવિના નથી રહેવાતું. વળી સરકારી નોકરીનો સ્વીકાર કરવા ઉપરાંત ખિતાબની બેવડી ગુલામગીરી વહોરી લેવી એ પોતાની ઇચ્છાપર અવલંબે છે; આ વાત જો આપણા ચિત્તમાંથી ખસી ગઇ હોય તો સ્વામીજીના આદર્શ વિચારી જોવાની જરૂર છે; અને આપણે જો હજી પણ એ આદર્શ નહિ ગ્રહણ કરીએ તો ઉન્નતિની કોઈ પણ કાળે આશા રાખવી વ્યર્થ છે. દેશનું દારિદ્ર-દુઃખ-નિવારણ કરવા જતાં આપણે જો એમની વાણીનું અનુસરણ કરીએ તો વિવેકાનંદજીનો આ દેશમાં જન્મ લેવો સાર્થક છે, નહિ તો વ્યર્થ! સ્ત્રીઓની સ્થિતિને જો આપણે ઉન્નત ન કરીએ, શિક્ષણના વિષયમાં વિસ્તૃત પ્રમાણમાં પ્રયત્ન ન કરીએ, આપણે જો દુષ્ટ રૂઢિરિવાજોની જાળમાં જકડાઇ જઇ આપણાથી ઉતરતી જાતિને અસ્પૃશ્ય રાખી મૂકીએ તો સ્વામીજીનું શિક્ષણ, એમનો ઉપદેશ, આદર્શ એ સર્વ મહોદધિના મધ્યજળમાં ગુમ થઈ જશે, એમાં શંકા નથી! ભારતવીર! જાગો! જાગો!!

("જ્ઞાનપ્રચાર"ના એક અંકમાં લેખકઃ-શ્રી. "જ્યોતિ")



૧૨૩-હિંદના ઉદ્ધારની ચાવી
રાષ્ટ્રીય કેળવણી

દરેક દેશના ઉદ્ધારની ગુરુ ચાવી રાષ્ટ્રીય કેળવણી છે; અને રાષ્ટ્રીય કેળવણીનો આરંભ દેશનાં બાળકોથી થવો જોઇએ. બાલ્યાવસ્થામાં સારા-નરસા સંસ્કારો જેટલી સહેલાઇથી ઘર કરી શકે છે તેટલી સહેલાઈથી તે મોટી વયે દાખલ થઈ શકતા નથી. આથી જો દેશનો ઉદય કરવો હોય તો નાનાં બાળકોને પ્રથમથીજ રાષ્ટ્રીય કેળવણી આપવી જોઇએ.

જાપાનમાં અભ્યાસની શરૂઆતમાંજ શિક્ષક નીચેના સવાલ-જવાબો વિદ્યાર્થીઓ જોડે કરે છે.

સ-તમે ક્યાં જન્મ્યા છો?

જ-જાપાનમાં.

સ-તમારૂં શરીર ક્યાંના અન્નપાણીથી પોષાય છે?

જ-જાપાનનાં.

સ-તો પછી જાપાન તમારી માતા થઈ કે નહિ?

જ-જરૂર, જાપાન અમારી માતા છે.

સ-એ માતાના રક્ષણમાટે તમારે પ્રાણ પણ આપવા પડે તો આપો કે નહિ?

જ-ખચિત, માતૃભૂમિની ખાતર પ્રાણ પણ આપવાને અમે તૈયાર છીએ.

આનું નામ ખરી રાષ્ટ્રીય કેળવણી! જાપાનનાં કુમળાં મગજવાળાં એ બાળકોની નસેનસમાં પોતાના દેશપ્રત્યે આવી સુંદર ભાવના પ્રસરેલી હોય તો પછી કયો પરદેશી એ દેશનો વાળ પણ વાંકો કરી શકે?

× × × ×

હિંદની અર્વાચીન સ્થિતિ રાષ્ટ્રીય કેળવણીની બાબતમાં ખરેખર શોચનીય છે. હજી તો આપણે ત્યાં જાગૃતિકાળ શરૂ થાય છે. રાષ્ટ્રીય કેળવણીના ગણેશ આપણા દેશમાં હજી હમણાંજ મંડાયા છે. વળી તેની પ્રગતિમાં એટલાં બધાં વિઘ્નો નડવા લાગ્યાં છે કે, તેનું ભાવિ અત્યારથી કલ્પવું મુશ્કેલ છે.

બ્રિટિશ સરકાર તરફથી હિંદનાં બાળકોને તથા યુવકોને જે શિક્ષણ આપવામાં આવે છે, તે તેઓને નિર્માલ્ય અને નિઃસત્ત્વ બનાવી મૂકે છે, એ વાત તો નિર્વિવાદ છે. હિંદના અનેક મહાપુરુષોએ પોકારી પોકારીને સરકારી શિક્ષણપદ્ધતિ સામે વિરોધ બતાવ્યો છે. થોડાજ સમયપર મુંબઇમાં ભાષણ આપતાં આચાર્યશ્રી પ્રફુલ્લચંદ્ર રાયે નીચેના સ્મરણીય ઉદ્ગારો કાઢ્યા હતા.

"કેટલાક હિંદી વિદ્યાર્થીઓ સિવિલ સર્વિસની પરીક્ષા આપવાને અને બીજા કેટલાકો બેરીસ્ટરો થવાને વિલાયત જાય છે અને હજી આપણા લોકોમાં વિલાયતી ડીગ્રીઓનો મોહ રહ્યો છે, એ ખરેખર શોચનીય દશા છે. સિવિલ સર્વિસ અને કાયદાની ડીગ્રીઓ આપણા દેશને કયી રીતે ઉપયોગી છે?"

"યુનિવર્સિટી એ તો સંશોધનો કરવાનું ધામ હોવું જોઇએ; પણ હાલની શિક્ષણપદ્ધતિમાં જેટલો સમય ગાળવામાં આવે છે તેથી યુવકોની શક્તિનો ભયંકર દુર્વ્યય થઇ રહ્યો છે."

"કાયદાના ગ્રેજ્યુએટોના તો રાફડા ફાટવા લાગ્યા છે અને હવે તો વકીલોની સંખ્યા કરતાં, તેઓનાં કુળોની સંખ્યા વધી પડી છે. જો મને ચોવીસ કલાક માટે સરમુખત્યાર બનાવવામાં આવે તો હું બધી કાયદાની કૉલેજોને જમીનદોસ્ત કરી નાખું."

'ચીનાઇ વિદ્યાર્થીઓનું અનુકરણ કરો.'

આચાર્યશ્રી રાય ચીનાઈ વિદ્યાર્થીઓનું દૃષ્ટાંત આપી, હિંદી વિદ્યાર્થીઓનો જ્ઞાન મેળવવાનો એકમાત્ર હેતુ, એ જ્ઞાન દેશની સ્વતંત્રતા મેળવવામાં દેશની સેવાર્થે વાપરવાનો હોય છે. હિંદી વિદ્યાર્થીઓએ પણ આ હેતુ પોતાની દૃષ્ટિસમક્ષ રાખીને શિક્ષણ લેવું જોઇએ. ચીનાઇ વિદ્યાર્થીઓએ સામાન્ય જનતામાંથી અભણપણું દૂર કરવાને મંડળો સ્થાપ્યાં છે અને તે મંડળોનો

હજારો મૌલવીઓ લાભ લેતી રહ્યા છે. સરકાર આપણી મદદે આવે ત્યાંસુધી રાહ જોયાથી હિંદુઓનું કશું વળવાનું નથી; કારણ કે એમ રાહ જોવામાં તો યુગોના યુગો વહી જશે. આપણે આ માર્ગમાં કેળવણીનો પ્રચાર કરવાની બાબતમાં ચીનાઈ યુવકોને પગલે ચાલવું જોઇએ. ચીનાઓએ તો મંદિરોજ શાળાઓ બનાવી દીધી છે અને મંદિરનાં ચોગાનોને રમતગમતનાં મેદાનો બનાવ્યાં છે.

હાલના હિંદી ગ્રેજ્યુએટોની દુર્દશા તરફ સહાનુભૂતિ બતાવતાં આચાર્ય શ્રી રાય બોલ્યાઃ—

હિંદી ગ્રેજ્યુએટોની દુર્દશા

"હિંદી યુનિવર્સિટિઓના એક સામાન્ય ગ્રેજ્યુએટ કરતાં વધારે દયાજનક પ્રાણી મળવું એ મુશ્કેલ છે. તેઓની પંડિતાઇ અને મિલ્ટન તથા શેક્સપિયર વિષેનું જ્ઞાન ઑફિસમાં ચાલતા પત્રવ્યવહારમાં વપરાય છે અને તેઓને બદલામાં માત્ર ચાકરિયા જેટલી કમાણી મળે છે."

"શિક્ષણની ચાલુ પદ્ધતિ પોકળ છે. શિક્ષણ પરદેશી ભાષામાં અપાય છે અને જે વખતે વિદ્યાર્થિઓ સત્યાસત્ય હકીકતોનું સંશોધન કરતા હોવા જોઇએ તે વખતે તેઓ શબ્દો શીખવાને મથી રહ્યા હોય છે. આધુનિક કેળવણીનો માર્ગ, વિદ્યાની કબર ભણી દોરી જનારો છે."

ધગધગતી ભાષામાં રજુ થયેલા હૃદયના આ ઉદ્ગારો, સરકારી શિક્ષણપદ્ધતિની અસંગીનતાને સારી રીતે ઉઘાડી પાડે છે અને રાષ્ટ્રીય કેળવણી માટેની આવશ્યકતા પણ એટલીજ સચોટપણે પુરવાર કરી બતાવે છે.

રાષ્ટ્રીય કેળવણી કેવી હોવી જોઇએ?

રાષ્ટ્રીય કેળવણીની ઘણી યોજનાઓ આજે આપણા દેશ સમક્ષ પડેલી છે, પણ એ બધીનો વિચાર અત્રે થઇ શકે તેમ નથી. આપણે તો ટુંકમાં રાષ્ટ્રીય કેળવણીનું સ્વરૂપ નિરખી જઇશું. પ્રથમ તો રાષ્ટ્રીય કેળવણીનો મુખ્ય હેતુ, બાળકોમાં દેશભક્તિ ઉત્પન્ન કરવાનો હોવો જોઇએ. રાષ્ટ્રીય કેળવણી એવી રીતની અપાવી જોઇએ, કે બાળકો નિર્માલ્ય અને નિઃસત્ત્વ ન બનતાં તેજસ્વી, બુદ્ધિમાન અને નિડર બને. આજકાલના સરકારી કેળવણી પામેલા યુવકો નોકરી કરવામાંજ જીવનની સાર્થકતા માને છે. રાષ્ટ્રીય કેળવણી પામેલો યુવક નોકરીના મૃગજળ પાછળ ફાંફાં ન મારતાં સ્વાવલંબી બનવો જોઇએ. સ્વાવલંબન એ મનુષ્યજીવન અને રાષ્ટ્રજીવનના ઉદયનું મુખ્ય પગથીઉં છે. સરકારી કેળવણીમાં ધર્મશિક્ષણ અને શરીરરક્ષણના વિષયો પરત્વે ભારે અવગણના જોવામાં આવે છે. આ ખામી રાષ્ટ્રીય કેળવણીમાં ન હોવી જોઇએ. બળવાન શરીરવગર યુવક કશું કરી શકવાનો નથી અને સત્ય ધર્મની તેને ઝાંખી પણ નહિ હોય તો તે પોતાનો કર્તવ્યમાર્ગ બરાબર ઓળખી શકવાનો નથી; માટે રાષ્ટ્રીય કેળવણીમાં આ બે વિષયોપરત્વે ખાસ ધ્યાન અપાવું જોઇએ. બાળકોને બ્રહ્મચર્યનું મહત્ત્વ સારી પેઠે સમજાવવું જોઇએ અને તેના કડક પાલનમાટે ખાસ પગલાં લેવાવાં જોઇએ. બ્રહ્મચારી યુવકો અને યુવતીઓની નાની સંખ્યા પણ જો દેશોદ્ધાર અર્થે બહાર પડે તો પચીસ વર્ષનું કાર્ય એક વર્ષમાં કરી શકે. અખંડ બ્રહ્મચારીઓ ભગવાન ઇસુ ખ્રિસ્ત, ભગવાન શંકરાચાર્ય અને આધુનિક મહાપુરુષ સ્વામી વિવેકાનંદજી બ્રહ્મચર્યના પ્રતાપે કેટલું બધું કાર્ય કરી શક્યાં એ તો સૌને વિદિતજ છે. આ ઉપરાંત રાષ્ટ્રીય કેળવણી માતૃભાષામાંજ અપાવી જોઇએ. સરકારી કેળવણી અંગ્રેજી ભાષામાં અપાતી હોવાથી વિદ્યાર્થીઓના મગજપર જે બોજો આવી પડે છે તે અસહ્ય હોય છે. આટલા ખાતર માતૃભાષાદ્વારાજ બાળકોને શિક્ષણ મળવું જોઇએ, જેથી તે પોતાને મળતા જ્ઞાનનું સ્વરૂપ સંપૂર્ણ રીતે સમજી શકે.

આ રાષ્ટ્રીય કેળવણીની ટુંકી રૂપરેખા છે. તેમાં મુખ્ય મુખ્ય મુદ્દાઓ રજુ કરેલા છે. બીજા ઘણા અગત્યના નાના મોટા મુદ્દાઓ રહી ગયેલા હશે; પરંતુ એ બધાનો વિચાર કરવાનો આ લેખનો ઉદ્દેશ નથી.

છેવટે સરકારી શિક્ષણપદ્ધતિની મોહજાળમાં ફસાયેલાં માબાપોને એટલીજ વિનતિ કરવાની કે, એ મોહજાળને ફગાવી દઇ-બહાર નીકળો અને તમારાં બાળકોને દેશભક્તિના પાઠો શીખવો;

[illegible] મનુભૂમિના સાચા સેવક બનજો.

[illegible] તો ઘણું કરી શકો. તમે ઘરમાંજ તમારાં [illegible] સમજાશો તો તમે [illegible]

[illegible] તમે જો [illegible] સાચા સેવક બનો [illegible] આવી [illegible] શીખવવા [illegible]

[illegible] આ દિશામાં ઘણું કાર્ય કરી શકો છો. [illegible] અને [illegible]

[illegible] ખરી [illegible]

[illegible] – શ્રી. [illegible])

[illegible]–નવા જમાનાના જુવાનોને

[illegible]

[illegible]

[illegible]

१२५–कसर शी वातनी छे ?

દેશની વર્તમાન અવસ્થાથી કોઈને સંતોષ નથી. જો કે દશ વર્ષ પહેલાંના કરતાં આજે દેશમાં જીવન અને બળ બહુ વધારે છે; પણ તે દેશનું દુર્દૈવ ફેરવી નાખે–સ્વરાજ્યને જલદી સાધે–એવા કાર્યમાં નથી રોકાયાં. એ જીવન અને એ બળ આજે મારી સમજ પ્રમાણે દેશનો રંગ ચડાવવાને અને આગળ ધપાવવાને વપરાવા કરતાં જ્યારે તો દેશને પાડવામાં અને પાછો હઠાવવામાં વપરાય છે. એ તો નિ:સંશય વાત છે કે, આ જે કંઈ થયે જાય છે તે સારાને માટેજ છે; અને કોઈને કોઈ દિવસ આપણે એ આશયપણાને સ્પષ્ટરૂપે જોઈ પણ શકીશું. પણ એક બેચેન હૃદય કે જેને પરાધીનતા કાંટાની પેઠે ખુંચે છે, જેને સ્વરાજ્ય વિના કંઈપણ સારૂં લાગતું નથી, તે આ સ્થિતિથી શી રીતે સંતોષ પામી શકે ? જ્યારે દેશમાં કોઈ પણ કામ ઉત્સાહ, દૃઢતા, કાળજી અને ગંભીરતાપૂર્વક થતું દેખાતું નથી, જ્યારે પ્રસંગ જોઈને રંગ બદલવાની નીતિ કોઈ પણ કામનાં મૂળ નાખવા દેતી નથી, જ્યારે ભાઈ ભાઈઓમાં–ઘરમાં–ખુનામરકી તો રોજની વાત થઈ પડી હોય, ત્યારે આ વ્યાકુળ હૃદય અધીરતા અને આતુરતાથી ફાટી પડવા લાગે તો શું આશ્ચર્ય ?

આ તોફાન અને અરાજકતાના યુગમાં ધન્ય છે એ માનવોને કે જેઓ દેશની મૂળભૂત નબળાઈઓને દૂર કરવાના કામમાં પોતાની જાતને ખપાવી રહ્યા છે. સ્વરાજ્યસંગ્રામમાં વિજય મેળવવાની દૃષ્ટિથી જ્યારે અમે અમારા દેશ અને સમાજની દશા ઉપર વિચાર કરીએ છીએ, ત્યારે અમને અનેક દૂષણો અને ઉણપો દેખાઈ આવે છે. જ્યાંસુધી આપણે તેને પૂરતા પ્રમાણમાં દૂર કરી શકીશું નહિ, તેનું મૂળ સ્વરૂપ સમજી શકીશું નહિ, ત્યાંસુધી આપણા બળનો પૂરેપૂરો ઉપયોગ થશે નહિ. આપણી ધર્મભાવનાઓ હજી દોષવાળી છે, આપણી સમાજવ્યવસ્થા વિશૃંખલ અને સામાજિક જીવન છિન્નભિન્ન છે. અમારી રાજનૈતિક કાર્યપદ્ધતિ પરાવલંબી છે. તેમાં સુધારો કરવાની ભારે જરૂર છે; વિધવાઓ અમારા ઉપર શાપ વરસાવી રહી છે, સાત કરોડ અસ્પૃશ્યો રાત્રિદિવસ અમારા ઉપર નિસાસા નાખે છે, વળી આળસ અને અકર્મણ્યતા અમારો અમૂલ્ય સમય બરબાદ કર્યે જાય છે; એ બધાના ઉપાય કરવા જરૂરના છે. આ દિશાઓમાં દેશની સમસ્ત હજુ કામ તો અથાગ પડેલું છે. લોકોની ભ્રમભરી ધારણાઓ અને કુકલ્પનાઓ સાથે લડીને તેમને સાચા અને અમલી કામ તરફ પ્રેરવાના છે. સરકાર સાથે લડાઈ લડવાનું છોડી દઈને હાલમાં તો આપણે આપણાજ સમાજ સાથે–તેની બુરાઈઓ સાથે–લડવાની જરૂર ઉત્પન્ન થઈ છે.

પણ આને માટે ખામી શી બાબતની છે ? મારી બુદ્ધિ પ્રમાણે તો આ પાંચ–છ વર્ષના સાર્વજનિક જીવનનો અનુભવ મને જે સમજાવે છે, તે ઉપરથી માલમ પડે છે કે, આ કામ જેટલું યોગ્ય, પ્રમાણિક, મહેનતુ અને ધગશવાળા કાર્યકર્તાઓની ઓછપથી અટકી રહ્યું છે, તેટલું પૈસાને ખાતર અટકી રહ્યું નથી. બીજા શબ્દોમાં કહીએ તો ત્યાગ અને તપોમય જીવન ગાળનારા, વિદ્યા અને તપશ્ચર્યા બન્નેનો મેળ પોતાના જીવનમાં મેળવનારા દેશસેવકોની ખોટ છે. વ્યાખ્યાન આપનારા, માન અને મોટાઈ ઇચ્છનારા જેટલા કાર્યકર્તાઓ મળે છે તેટલા ધીરજ, દૃઢતા અને ધગશપૂર્વક કોઈ એક કામમાં પોતાની જાતને અર્પણ કરનારા સાધુચરિત અને સત્યાચરણી કાર્યકર્તાઓ ઓછા મળે છે. ગમે તો ખાદી કે ખાદીદ્વારા જનતાનું સંગઠન હોય, અસ્પૃશ્યોદ્ધાર હોય, અનાથો અને વિધવાઓની બાબત હોય, શારીરિક અવનતિનો પ્રશ્ન હોય કે સ્ત્રીસુધાર અને આત્મરક્ષણની બાબત હોય; પણ જ્યાંસુધી દેશમાં ત્યાગી અને તપસ્વી, જ્ઞાની અને શૂરવીર, વિવેકી અને કરકસરીઆ અને દેશની પરતંત્રતા જેના અંતરમાંથી રાતદહાડો આંસુ વહાવતી હોય એવા દેશસેવકો નહિ પાકે ત્યાંસુધી દેશની દશા જલદી સુધરી શકવાની નથી. કામ ત્યારેજ સારૂં થાય છે કે જ્યારે કામ કરનારાઓ સારા હોય છે. સારા કામ કરનારાઓને ધનની મુશ્કેલી નથીજ રહેતી. દેશને જો આજે વધારેમાં વધારે જરૂર હોય તો તે મુંગો સમર્પણધર્મ બજાવનારા ત્યાગી કાર્યકર્તાઓની છે. મને તો દેશમાં આજે આ બાબતનીજ ભારે ઉણપ દેખાઈ આવે છે. લોકો કહે છે કે, પૈસા ઓછા

છે. હું કહું છું કે, સારા કાર્યકર્તાઓની ઓછપ છે. કેટલાય નવયુવકો કામ અને રોટીની શોધમાં ઘેરઘેર ઘૂમે છે, પણ તેઓ પોતાને દેશની સેવાને લાયક બનાવતા નથી. જેમણે સેવાનું વ્રત લીધું છે તેઓ પણ જેટલી સેવાના ફળ તરફ દૃષ્ટિ રાખે છે તેટલી સાચા સેવકની યોગ્યતા વધારવાનો પ્રયત્ન કરવા તરફ રાખતા નથી. યોગ્યતા અને ગુણની કદર સૌ જગાએ થાય છે; તેથી કાર્યકર્તાઓએ પોતાની યોગ્યતા અને ગુણોની વૃદ્ધિ કરવી જોઇએ અને નવયુવકોએ પોતાની જાતને દેશસેવાને લાયક બનાવવા માટે રાતદિવસ કડીતોડ પ્રયત્ન કરવો જોઇએ.

× × × ×

('ત્યાગભૂમિ'ના માગશર ૧૯૮૪ના અંકમાંનો શ્રી. જમનાલાલજી બજાજના લેખનો અનુવાદ.)

૧૨૬–પોલ પત્રિકા

"ધાર્મિક સડાઓ નાબુદ કરવા, વ્યવસ્થિત ચળવળ ઉપાડવાના" અભિલાષથી 'પોલ પત્રિકા'નો શ્રી. નાગરદાસ ગઢીઆ નામના નવજુવાન લેખકે આરંભ કર્યો છે. ધર્માચાર્યો અને ધર્મગુરુઓના ડોળ, ઢોંગ તેમજ બીજાં ધતીંગોપ્રત્યે ધિક્કાર વરસાવવા તૈયાર થયેલ 'પોલ પત્રિકા'ના જુવાન તંત્રી જનતાને ખાત્રી આપે છે કે "કોઇ પણ ધર્મ કે ધર્મગુરુ પ્રત્યે અમારે દ્વેષ કે ઝેર નથી." "વ્યક્તિગત નિંદા કે બીભત્સ ટીકાઓથી" દૂર રહેવાની પણ એમની એટલીજ તૈયારી છે અને માત્ર પ્રજા એમને 'જરૂર સાંભળે' એટલીજ એમની માગણી છે.

ધર્મને નામે હિંદુસમાજમાં પારાવાર પાખંડ ચાલી રહેલાં છે. તેને તોડી ફાડીને છિન્નભિન્ન કરી નાખ્યા વિના સમાજનો છૂટકો કે ઉદ્ધાર નથી; એટલે અમે 'પ્રવાસી પાગલ'ને પગલે ચાલીને આ પત્રિકા પ્રકટ કરવા તૈયાર થયેલા ભાઇ નાગરદાસને ધન્યવાદ આપીએ છીએ અને ઇચ્છીએ છીએ કે, આવા યુવાનો ગુજરાતમાં અને હિંદુસ્થાનમાં ઘણાજ નીકળો.

પ્રવાસી પાગલના હેતુને માટે અમને માન હતું; પરંતુ તે હેતુની સિદ્ધિ માટે એમણે ધારણ કરેલી શૈલી સાથે અમે જરાયે મળતા થતા નહોતા. અલબત્ત, ઘણા જમાનાના જામી ગયેલા કચરાને સાફ કરવા અને અંધશ્રદ્ધાનાં જૂનાં જાળાંને ઉસેટી નાખવા માટે કડક ભાષાની જરૂર અમે સ્વીકારીએ છીએ; પરંતુ કડક અને જોશભરી ભાષા બીભત્સ બનવી જોઇએ એવો કશોજ નિયમ નથી અને 'પોલ પત્રિકા'ના હાલના તંત્રી એ વાત અગાઉથી સમજી ગયેલા લાગે છે. એથી અમારી ખાત્રી છે કે, એમને ધારેલા કાર્યમાં સારી સફળતા અને સંગીન સહાય ચારે તરફથી મળશેજ.

'પોલ પત્રિકા'ની સર્વાંગે સફળતા ઇચ્છતા તેના તંત્રીને અમે ધન્યવાદ આપીએ છીએ અને પ્રત્યેક હિંદુને અને ખાસ કરીને નવજુવાન હિંદુને આ પત્રિકાને અપનાવી, તેણે ઉપાડેલા સુયોગ્ય કાર્યમાં મદદ કરવા અમે ભલામણ કરીએ છીએ.

(દૈનિક "હિંદુસ્થાન"ના તા. ૧-૯-૧૯૨૮ ના અંકમાંથી)



१२७-विधर्मीओना प्रचार

ગુજરાતના હિંદુઓમાં હવે હિંદુત્વની ભાવના જાગૃત થઇ છે, એ જોઈ અમને આનંદ થાય છે; પણ આ ભાવના મોટેભાગે હજી શબ્દોમાંજ રહી છે. સંગઠનનાં ભાષણોમાં હાજરી આપવી અને એક-બે હિંદુસંગઠનનાં વર્તમાનપત્રોના ગ્રાહક થઇ જવામાંજ અમારૂં કર્તવ્ય પૂરૂં થઇ ગયું, એમ અમે માનીએ છીએ. શુદ્ધિ ને સંગઠનમાં અમે પૂરી સહાનુભૂતિ દર્શાવીએ છીએ; પણ કંઇ કરવાનું આવતાં અમે લાચાર ગણી જઇએ છીએ, અને જાણે અમને હિંદુસંગઠન સાથે કંઇજ લાગતુંવળગતું ના હોય એવી અમારી વર્તણુ થાય છે. અમે જ્યારે બોલીએ છીએ ત્યારે 'હિપ્પ, હિપ્પ'ના પોકારોથી આકાશ ગુંજાયમાન કરી દઇએ છીએ. ત્યારે જુઓ! વિધર્મીઓ બીજી બાજુ પોતાનો પ્રચાર આગળ ધપાવવા શાંતપણે એકીટસે કામ કરતા હોય છે.

ખ્રિસ્તીઓ વ્યવસ્થિત રીતે જે પ્રચારનું કામ કરે છે, તેનાં વખાણ તો હિંદુઓ પણ કરે છે; પણ જે સગવડો અને સાધનો તેમને હોય છે, તે પોતાના હિંદુસંગઠનના પ્રચારકોને કરી આપવાની લાગણી થતાં કંઇ કરતા નથી.

હિંદુસંગઠનમાં પૈસા આપવાની વખતે અમારા ગજવાં ખાલી થઇ જાય છે અને અમે તો બધી વાતોના નિરીક્ષક બનીને કહીએ છીએ કે, ઓહો! તમે બહુ સારૂં કર્યું. ના, આ તમે બહુજ ખરાબ કર્યું. અને પછી નપાટ માારી બેસી રહીએ છીએ અને કંઇજ કરતા નથી.

ખ્રિસ્તી મિશનોના કામના આંકડા અમે રજુ કરશું. હિંદમાં થતા પ્રચારની બધી હકીકત અમારી પાસે છે. એટલે પત્રિકાના વાચકો જાણી શકશે કે, તેમણે શું કરવું જોઇએ!

ખ્રિસ્તીઓનું કામ મોટે ભાગે દેશવાસમાં છે. તેમણે પોતાની જાળ ત્યાંજ પાથરેલી છે. આ વખતે અમે નડીઆદ તાલુકાની સમાલોચના કરીશું. ખ્રિસ્તીઓ એક તાલુકામાં જેટલું કામ કરે છે તેટલું અમે આખા હિંદુસ્તાનમાં કરતા નથી.

નડીઆદ તાલુકામાં ૯૫ ગામ છે તેમાં અંત્યજોની વસ્તીવાળાં ૯૩ ગામ છે, જેમાં ૧૩૭૬૦ અંત્યજો છે. કુલ વસ્તીના ૯ ટકા અંત્યજો છે.

ધર્મવાર આંકડા જુઓ:—

	પુરુષ	સ્ત્રી	બાળક
હિંદુ અંત્યજો	૨૦૬૦	૨૨૦૬	૩૬૧૨
ખ્રિસ્તી અંત્યજો	૧૩૦૫	૧૩૯૯	૨૬૫૦
ખોજા અંત્યજો	૬૬	૬૦	૧૦૯

એટલે એકંદરે ૧૦૯૯ હિંદુ અંત્યજો ખ્રિસ્તી થઇ ગયા છે. ૨૯૦ હિંદુ અંત્યજો મુસલમાન-ખોજા થઇ ગયા છે. રોમનકેથોલિક, મુક્તિફોજ, મેથોડિસ્ટ અને આઇ. પી. મિશન એ ચાર મિશનો તેમાં કામ કરે છે. આ મિશનો શાળાઓ, દવાખાનાં અને પ્રચારકો રાખી કામ કરે છે, તાલુકામાં ૫૦ ખ્રિસ્તી શાળાઓ છે અને સંખ્યાબંધ ખ્રિસ્તી ઉપદેશકો છે. ખોજાની શાળા પણ છે. અંત્યજ સેવામંડળની ૬ શાળાઓ છે. તે ઉપરાંત બીજી એકે હિંદુસંસ્થાની શાળા નથી. એકજ તાલુકામાં ખ્રિસ્તીઓ કેટલું સંગીન કામ કરી રહ્યા છે તે આ પરથી સમજાશે.

હિંદુઓ આ સ્થિતિ સુધારવા કંઇ મદદ કરશે કે પછી હરિજન, સમાચાર વગેરે પુસ્તકો વાંચી ઉપલા વર્ણનમાં તેમના સાહિત્યપ્રચારનું વર્ણન કર્યું નથી.

આવા પ્રચારથી એકલા અંત્યજોજ પટલાતા નથી, બલ્કે ઉચ્ચ વર્ણના હિંદુઓ પણ સપાટામાં આવી જાય છે.

માટે હિંદુસ્તાનના દરેક પ્રાંતમાં હિંદુઓએ જાગૃત થવું.

("પ્રકાશ"ના એક અંકમાં લેખક-શ્રી. આ. પંડિત)

૧૨૮–મિ. હેન્રી ફૉર્ડના મનનીય વિચારો

અમેરિકાના ઉદ્યોગવિકાસના એક આગેવાન મિ૦ હેન્રી ફૉર્ડે એક વર્તમાનપત્રકાર સાથે વાતચીત કરતાં પુનર્જીવનવિષે બહુજ સુંદર અને સ્પષ્ટ વિચારો દર્શાવ્યા હતા.

વિદ્વત્તાના જરાએ આડંબર કે અભિમાનવિના તેમણે કહ્યું કે "વિશ્વમાં કયાંઇક એક એવી વિભૂતિ છે, જે આપણને-પૃથ્વીપરના મનુષ્યોને પ્રેરણા આપે છે."

પોતાના આ વિચારોને વધારે સ્પષ્ટ રીતે સમજાવતાં તેમણે કહ્યું કે "આજના સુધારા પહેલાં લોકોમાં સત્યનો અંશ વધારે હતો. દાખલાતરીકે અમેરિકાના મૂળ વતનીઓ કોઈ અદૃશ્ય દૈવી શક્તિને પૂજતા અને એવી દૈવી શક્તિનું અસ્તિત્વ તો જરૂર છેજ. ભલે તમે તે શક્તિને ઈશ્વર કહો, વિભૂતિ કહો, ઉત્પાદક શક્તિ કહો કે બુદ્ધિનિધિ કહો; પરંતુ એ અદૃશ્ય આત્મા-પરમાત્મા-જ આપણા વિચારો અને કાર્યોનો પ્રેરક છે."

"ત્યારે શું આપણે આપણા આત્માના સુકાની નથી?" પત્રકારે પ્રશ્ન કર્યો.

મિ૦ ફૉર્ડે તદ્દન સરળ ભાવે કબૂલ કર્યું કે "નહિ, મને પોતાને તો એમ લાગે છે કે મેં કશું કામ મારી પોતાની ઇચ્છાથી નથી કર્યું. મારી અંદર તેમજ બહાર રહેલી કોઇ અદૃશ્ય શક્તિની પ્રેરણાથીજ હું તો દોરવાયો છું."

પોતાની આવી અટલ શ્રદ્ધાવિષે ખુલાસો કરતાં તેમણે કહ્યું કે "શ્રદ્ધા એ તો પૂર્વના જ્ઞાનનું અવશેષમાત્ર છે. આપણા પૂર્વજોને જ્ઞાન હતું. તેઓને એવું જ્ઞાન હતું, કે જે આજે આપણે તો ગુમાવી બેઠા છીએ. આપણને તો સ્મરણમાત્ર રહ્યું છે. આપણે આજે તો એટલુંજ કહી શકીએ છીએ કે 'અમને શ્રદ્ધા છે' અથવા 'અમે માનીએ છીએ;' પરંતુ એક કાળ એવો હતો કે જ્યારે આપણે કહી શકતા કે 'અમે જાણીએ છીએ.'"

"પુનર્જીવનનો સિદ્ધાંત એ જ્ઞાનનો અવશેષ છે?" પત્રકારે પ્રશ્ન કર્યો.

"પુનર્જીવન એ તો સર્વ જ્ઞાનનું સત્ત્વ છે" મિ૦ ફૉર્ડે ઉત્તર વાળ્યો "હું છવ્વીસ વર્ષનો થયો ત્યારથી મેં એ સિદ્ધાંતનો સ્વીકાર કર્યો છે. ઓરલેન્ડો સ્મિથના પુસ્તક ઉપરથી મને એ સિદ્ધાંત હાથ લાગ્યો. એ સિદ્ધાંત જાણ્યા પહેલાં હું તદ્દન બેચેન હતો. આ વિષયમાં ધર્મમાં કાંઈ નહોતું. છેવટ મને તો ન જણાયું. કામથી પણ મને સંતોષ ન થયો. જો એક જીવનમાં મળેલો અનુભવ બીજા જીવનમાં કામ ન લાગે તો કામ કરવાનો પણ કાંઇ અર્થ નથી. પરંતુ જ્યારે મને પુનર્જીવનનો સિદ્ધાંત સમજાયો ત્યારે કેમ જાણે મને કોઇ વિશ્વવિશાળ યોજના હાથ લાગી હોય એવું લાગ્યું. મને લાગ્યું કે, મારા વિચારોનો અમલ કરવા માટે હવે તક છે. હવે મારે મન સમય અમર્યાદિત બની ગયો. હવે હું ઘડિયાળના કાંટાઓનો ગુલામ રહ્યો નહોતો. જગતમાં યોજનાઓ ઘડવા અને કાર્ય કરવા માટે હવે જોઇએ એટલો સમય હતો."

"ધંધામાં તો હું છેક ચાળીસમે વર્ષે પડયો-એટલે કે 'ફૉર્ડ યંત્ર' રચવાનું મેં તે વખતે શરૂ કર્યું; પરંતુ તે પહેલાં બધો સમય હું એની તૈયારીજ કરી રહ્યો છું. વિશાલ દૃષ્ટિબિંદુથી એજ લાભ થાય છે કે તે માણસને તૈયારી કરવાનો સમય આપે છે. મારૂં ઘણું ખરૂં જીવન તૈયારી કરવામાંજ ગયું છે; કેમકે હું જાણું છું કે, મારી સામે ભાવી અનંત છે."

આમ વાતચીત તત્ત્વજ્ઞાનમાં ઉંડી ઉતરતી જતી હતી અને પત્રકાર તો પુનર્જીવનના સિદ્ધાંતના સ્પષ્ટીકરણ માટે ઉત્સુક હતો; એટલે તેણે પ્રશ્ન કર્યો "મી. ફૉર્ડ! હું અહીં તમને મળવા આવતો હતો ત્યારે તમે સરકાર પાસેથી ખરીદેલાં વહાણો જોયાં કે જેમાંથી તમે હવે ફૉર્ડનાં યંત્રો બનાવી રહ્યા છો. શું આ વહાણોનું પુનર્જીવન છે? અથવા રૂપાંતર થયેલા ફૉર્ડયંત્રોને સ્મરણ પણ હશે કે તે એક વખત વહાણો હતાં?"

આ બાલીશ પ્રશ્નથી મિ. ફૉર્ડથી સહેજ હસી જવાયું. તેમણે ખુલાસો કરતા જણાવ્યું કે, "પુનર્જીવનનો મારો ખ્યાલ એવો નથી."

પત્રકારે ફરી પૂછ્યું "પણ જેમ વહાણો ભાંગીને તેમાંથી 'ફોર્ડયંત્ર' બને છે તેમ 'જીવન-શક્તિઓ ભાગી તૂટીને ફરી પાછી એકઠી થાય છે એમ તમે કહો છો?'

મી૦ ફોર્ડે સમજાવ્યું "તમારી સરખામણી ખોટી છે. આપણો દેહ ખરી વસ્તુ નથી. આપણું ચારિત્ર્ય એ ખરી વસ્તુ છે. પછી એ ચારિત્ર્યને તમે જીવનશક્તિ કહો કે આત્મા કહો. એ ખરી વસ્તુનો-આત્માનો નાશ થતોજ નથી."

"પણ કમનસીબે હજુસુધી કોઇ વિજ્ઞાનશાસ્ત્રી આત્માને દેહથી અલગ પાડીને બતાવી શક્યો નથી. ગમે તેવા સૂક્ષ્મદર્શક યંત્રથી તે દેખાતો નથી કે ગમે તેવા ત્રાજવાથી તે તોળી શકાતો નથી." પત્રકારે પોતાની મુંઝવણ દર્શાવી.

"એક વસ્તુ અદૃશ્ય છે-આપણે તેને જોઇ શકતા નથી એનો અર્થ એવો નથી કે, તે વસ્તુનું અસ્તિત્વજ નથી." મિ૦ ફોર્ડે ખુલાસો કર્યો "જેમ પ્રભુ અદૃશ્ય છે, વિજળી અદૃશ્ય છે અને છતાં એ બન્નેનું અસ્તિત્વ છેજ; તેવી રીતે આત્મા અદૃશ્ય છે, છતાં તેનું અસ્તિત્વ તો છેજ. કયી શક્તિ તમને અહીં ખેંચી લાવી એ તમે જોઇ શકતા નથી; છતાં એ શક્તિના અસ્તિત્વનો તમે ઈન્કાર કરી શકશો નહિ."

"તમે કહેશો કે પવનનું વજન કરી શકાય છે અને વિજળીનું પણ માપ કાઢી શકાય છે. તેનો મારો જવાબ એ છે કે, કોઇક દિવસ આપણે આત્માનું પણ માપ કાઢી શકીશું; એટલુંજ નહિ પણ મારી તો એવી શ્રદ્ધા છે કે, એક કાળે આત્માનું માપ થઇ શકતું હતું. આપણી અત્યારની 'શ્રદ્ધા' એ જૂના ભૂતકાલીન અને ગુમાવેલા જ્ઞાન ઉપરજ રચાયેલી છે."

તત્ત્વજ્ઞાનની આવી ઝીણી માથાકૂટમાં રમુજ ઉમેરવા પત્રકારે કહ્યું કે "મારા તત્ત્વજ્ઞાનના પ્રોફેસર એમ કહેતા કે, જડ એટલે શું? જેમાં આત્મા ન હોય તે; અને આત્મા એટલે શું? જે જડ નથી. આપ આ દ્વંદ્વમાં માનો છો?"

જડ-ચેતનના આ દ્વંદ્વનું ખંડન કરતાં મિ૦ ફોર્ડે કહ્યું "નહિ, વિશ્વની વસ્તુમાત્રમાં ઐક્ય છે. જડ અને ચેતન એકજ વસ્તુ છે અથવા વધારે સ્પષ્ટ કહીએ તો એકજ વસ્તુનાં બે સ્વરૂપો છે. વસ્તુમાત્ર દેખાવમાં જડ છે. પરંતુ તેનું બારીકમાં બારીક પૃથક્કરણ કરો અને એમાંની ચેતનશક્તિ દેખાશે. આમ જડ એ ચેતનનું ભિન્ન સ્વરૂપ છે અને ચેતન એ જડનું ભિન્ન સ્વરૂપ છે. મૂળમાં બન્ને એક છે."

"પરંતુ જેમ આ 'ફોર્ડયંત્ર'ને સ્મરણ નથી કે પહેલાં તે વહાણ હતું, તેમ આપણને પણ આપણા આગલા જન્મનું કશું સ્મરણ રહેતું નથી; અને એવા સ્મરણવિના આત્મા અમર છે, એમ કેમ માની શકાય? જો જડ વસ્તુ અવિનાશી હોય-તેનો કદી નાશ ન થતો હોય તોજ દેહ અમર બની શકે." પત્રકારે પોતાની શંકા રજુ કરી.

"તમે ભૂલો છો" મિ. ફોર્ડે કહ્યું "શરીરને પોતાની શક્તિથી અને આત્માને પોતાની ઉર્મિથી આગલા જીવનના અનુભવોનું સ્મરણ રહે છે અને તેનો ઉપયોગ કરે છે."

"ત્યારે તમને તમારા આગલા જન્મોનું સ્મરણ છે?" પત્રકારે પૂછ્યું.

"મને તો શું પણ આપણને સૌને આપણા આગલા જન્મોનું ઝાંખું સ્મરણ તો હોયજ છે. આપણને ઘણી વખત આગલા જન્મમાં જોયેલા કોઇ દૃશ્યનું કે અનુભવેલા બનાવનું સ્મરણ થઇ આવે છે, પરંતુ તે બહુ અગત્યનું નથી; પણ એ અનુભવોનું સત્વ, તેનું સ્વરૂપ, તેનાં પરિણામો કિંમતી છે અને તેની આપણા જીવનમાં ઉંડી ઉંડી છાપ હોય છેજ."

"જૂના કાળની ઘણી વાતો આપણે ભૂલી જઇએ છીએ, પરંતુ તેની છાપ આપણા અંતરમાં તો હોય છે. કોઇક રોમાંચક બનાવ બનતાં પહેલાં ઉંડે ઉંડે રહેલાં સ્મરણો ઉપર તરી આવે છે; વસ્તુતઃ તે હૃદયમાં તો હોય છેજ અને આપણા જીવનમાં તે અગત્યનો ભાગ ભજવે છે." મિ. ફોર્ડે કહ્યું.

"ત્યારે તમારો આત્મા આગલા અનેક જન્મોમાં દુનિયાના અવનવા ભાગોમાં ફરી આવ્યો ફરી તે બધા દેશો જોવા જવાની તમને ઇચ્છા નથી થતી?" પત્રકારે પૂછ્યું.

"નહિજ. એ દેશોની મને કશીજ કિંમત જણાતી નથી. મને તો મોટરોમાં રસ પડે છે,

કેમકે મનુષ્યો પૃથ્વી ઉપરની છેલ્લામાં છેલ્લી અને નવામાં નવી વસ્તુ છે અને સૌથી નવી વસ્તુ હોય તેમાં મને રસ પડે છે. વિજ્ઞાનશાસ્ત્રીઓની શોધ પ્રમાણે મનુષ્યજીવન ૨૩ અબજ વર્ષથી પૃથ્વીપર છે; અને એટલા કાળમાં તો આત્મા અનેક અનુભવો મેળવે છે."

"ત્યારે તમારા અભિપ્રાય પ્રમાણે જીવનનો હેતુ શો છે?" પત્રકારે પૂછ્યું.

"મારા માનવા પ્રમાણે જીવનનો હેતુ અનુભવ મેળવવાનો છે. મનુષ્ય ખોરાક અને શારીરિક સુખ–સગવડ કરતાં કાંઇ વધુ શોધે છે. માત્ર ખોરાક અને આરામથી મનુષ્યને સંતોષ થતો હોય તો તેટલું તો તેને સહેજે મળી રહે છે. બહુ થોડા માણસો માત્ર દેહની જરૂરીઆતો મળી રહેવાથી તૃષ્ણારહિત થઈ મોક્ષ પામે છે. આપણે બધાય પુનર્જીવન પામ્યાજ કરીએ છીએ, દરેકની પાછળ કંઇક હેતુ રહેલો હોય છે અને તેથી જીવન–પરંપરા ચાલુ રહે છે."

"દરેક જીવનના અનુભવોથી આપણે શીખતા જઇએ છીએ. સફળતા અને નિષ્ફળતા, બન્નેમાંથી આપણે કંઇક શીખીએ છીએ, બલ્કે સફળતા કરતાં નિષ્ફળતાથી વધારે શીખીએ છીએ. ફાંસીને માંચડે જતાં જતાં એક માણસે કહ્યું હતું કે, 'મારે માટે આ બહુ સારો પાઠ છે.' તેનું આ કથન ખોટું નહિ હોય. ફાંસીએ લટકીને પણ માણસ કંઇક અનુભવ મેળવે છે. આત્મા ખોટનો નહિ પણ નફાનો હિસાબ રાખે છે. આત્માના ચોપડામાં ખોટ પણ અનુભવરૂપી નફામાં ગણાય છે."

"સંત ફ્રાંસિસની માફક તમે પણ એમ માનો છો કે, પશુઓમાં આત્મા છે?"

"જરૂર, શામાટે નહિ!"

"પણ, મિ. ફૉર્ડ! જો તમે બીજે જન્મે પણ મનુષ્યજીવન પામો તો તમે તમારું જીવન જૂદુંજ ઘડવાનો પ્રયત્ન કરો કે નહિ?"

"પણ તેમાં સવાલજ 'જો'નો છે. 'જો'નો હું વિચારજ કરતો નથી. મારા માનવા પ્રમાણે પ્રત્યેક જીવનમાં લેવાના અનુભવો પણ ભાવીએ નિર્માણ કરી મૂકયા હોય છે. આપણે આપણું જીવન ઘડતા નથી. આપણને કદાચ અગાઉથી ભાન થાય છે, પરંતુ નિર્માણ આપણે કરી શકતા નથી."

"ત્યારે શું રાષ્ટ્રોને પણ એજ નિયમ લાગુ પડે છે?"

"એમાં જરાયે શંકા નથી."

"તો જગતનાં મહાયુદ્ધોની ભયંકર આફતો માટે તમે અમુક રાષ્ટ્રને દોષ આપો નહિ ને?"

"બીલકુલ નહિ."

"જીવનમાં તમને શા કામમાં સૌથી વધુ આનંદ આવે છે?"

"અમુક કામ મને આનંદ આપે છે તેટલા માટે હું કાંઇ કરતો નથી પણ અમુક કામ કરવાની જરૂર છે, તે માટેજ કરૂં છું. હું સહેલો માર્ગ પસંદ કરતો નથી, પરંતુ કઠિન માર્ગ પસંદ કરૂં છું. આપણને મનગમતું કામ કરીએ એમાં આપણે કાંઈ ભલું કરતા નથી."

"ત્યારે તમે કામમાંથી નિવૃત્ત થવા ઇચ્છતા નથી?"

"મને ભય રહે છે કે, તદ્દન કામવગરના બેસી રહેવાનું દુઃખ હું કદી સહન કરી શકીશ નહિ. કંઇક ને કંઇક કામ કરવાનું તો હોયજ છે. યુવાની એ જીંદગીની દોલત છે, પરંતુ અનુભવવિના યુવાનો જગતનો કારભાર ચલાવી શકે નહિ. જો માણસો ૩૦–૫૦ વર્ષે કામ કરવું છોડી દે તો કદાચ સંસ્કૃતિની અવદશાજ થાય. અનુભવીઓ જગતના વ્યવહારને નિયમમાં અને સુયોગ્ય ગતિમાં રાખે છે. ૫૦ વર્ષ નીચેના માણસોમાં દુનિયાનો વ્યવહાર ચલાવવા જેટલો અનુભવ હોતો નથી, એટલે જો ૫૦ વર્ષ ઉપરના માણસો કામ કરવું છોડી દે તો દુનિયાનો વ્યવહાર કદાચ બંધ પડે."

"તમને સાહિત્યમાંથી કાંઈ જાણવાનું મળ્યું?"

"વિજ્ઞાનનાં પુસ્તકોમાંથી ઘણું જાણવાનું મળ્યું; તેમજ 'ઇન ટયુન વિથ ધી ઇન્ફિનિટ'.*

* આ સંસ્થા તરફથી ગુજરાતીમાં સ્વતંત્રાનુવાદરૂપે આ પુસ્તક પ્રભુમય જીવન એ નામથી ત્રીજી વાર હમણાં નીકળ્યું તે આગલી આવૃત્તિ કરતાં વિશેષ સંશોધનપૂર્વક અને સરલ ભાષામાં તથા માત્ર ચાર આનામાં (પાકા પૂંઠા સાથે છ આનામાં) નીકળ્યું છે. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય.

માંથી પણ મને જાણવાનું મળ્યું છે."

"બાઈબલને તમે ધાર્મિક ગ્રંથ ગણો છો?"

"બાઈબલને હું અનુભવોની નોંધપોથી માનું છું. બાઈબલ વાંચતાં આપણને એટલું આશ્વાસન મળે છે કે, જીવનમાં આપણે જેવી ઠોકરો ખાધી છે તેવી બીજાઓને પણ ખાવી પડી છે; એટલે બાઈબલ અનુભવોનું ખરૂં પુસ્તક છે."×

"તમે માનો છો કે તમારા જીવનને અંતે તમને તમારી મહેનતોનો બદલો મળશે?"

"જીવનના અંતવિષે હું કાંઈ જાણતો નથી. અંત તો બહુ દૂર છે, પરંતુ આપણે જેને માટે લાયક હોઈશું તેટલું આપણને મળે છેજ અને મળ્યાજ કરશે."

("બે ઘડી મોજ" તા. ૨-૧૨-૨૮ના અંકમાંથી)

૧૨૯–वगीचामां मजुर मोकलनार एजंट

સાહેબ! થોડા વખતપર સરકારી કામને અંગે સુરત જીલ્લાના કીમ સ્ટેશને જવાનું થયું હતું. ત્યાં મજુર પૂરા પાડનાર મિ૦ સેન્ડફોર્ડ નામના એક યૂરોપીયન સાથે થયેલી વાતચીતનો સાર નીચે પ્રમાણે છેઃ–

"હું આયર્લૅન્ડનો વતની છું. મારૂં નામ સેન્ડફૉર્ડ. લશ્કરી નોકરીમાંથી ફારગત થઈ હાલ હું આસામના ચ્હાના બગીચામાં મજુર મોકલનાર એજંટતરીકે કામ કરૂં છું. ત્યાં મોકલવામાં આવતા દરેક કુટુંબ દીઠ મને રૂ. ૬૦ કમીશન મળે છે. તમે જો એક સ્ત્રી ને એક પુરૂષ એવું કુટુંબ મેળવી આપો તો હું તમને દરેકુટુંબ દીઠ વીસ રૂપીઆ આપું.

આ વર્ષે વરસાદનું નામજ નહોતું. શહેરમાં સારી પેઠે કૉલેરા ચાલતો હતો. એકાદ ઉલટી અને ઝાડો થતાંમાં તો મામલો ખલાસ! એક પછી એક ઠાઠડીઓ નીકળ્યા 'રામ બોલો ભાઈ રામ' થયા કરે. સ્મશાનમાં બાળવાની પણ જગા નહિ! પરંતુ શહેરની સેવા સમિતિએ ખૂબ કમાલ કરી. મારી શાળાના હેડમાસ્તર એ સેવા સમિતિના પ્રમુખ હતા. હું પણ એ સેવા સમિતિમાં પહેલેથી સ્વયંસેવક થયેલો હતો. ફિનાઇલ અને દવાઓની શીશીઓ તથા કામળા લઈને મહોલ્લે મહોલ્લે ફરવાનું કામ મને સોંપાયું હતું. બસ, સવારના ૭ થી રાતના દશ સુધી એજ કામ કે, મહોલ્લાઓમાં જવું, દીન-દુઃખી અને અનાથોને તથા રોગીઓને દવા આપવી, તેમની સફાઈ કરવી, ગટરો, ખાબોચિયાં, નાળાં અને ભંડારીઓમાં ફિનાઇલ છાંટવું અને મચ્છર તથા માખીઓ પેદા ન થવા દેવાં. એ રીતે આજ એક મહોલ્લો તો કાલે બીજો. એમ રોજનો કાર્યક્રમ હતો.

એક દિવસ મને વિચાર આવ્યો કે "અમે શહેરમાં તો આમથી તેમ ફર્યા કરીએ છીએ, દવા આપીએ છીએ, સફાઈ કરીએ છીએ; પરંતુ શહેરની બહાર, લગભગ જંગલમાં તથા ભાગ્યાં તૂટ્યાં ઘાસનાં ઝુંપડાંમાં રહેનારા જે ભંગીઓ અને અંત્યજો તેમનું શું થતું હશે? તે બિચારાઓ ઉપર તો શું નું શુંય વીતતું હશે તેની કોને ખબર!" મેં મારો આ વિચાર પ્રમુખ સાહેબને જણાવ્યો અને કહ્યું કે—"કાલે આપણે અંત્યજોના મહોલ્લામાં ફરવા જવું જોઈએ. તેમના તરફ પણ આપણે ધ્યાન રાખવું જોઈએ."

પ્રમુખ સાહેબે મોં મરડીને કહ્યું—"હું બતાવું છું તેજ તમે કર્યા કરો, બીજી બાબતમાં માથું મારતા નહિ. તેઓ તો અંત્યજ છે, ભગવાનેજ તેમને અસ્પૃશ્ય બનાવ્યા છે; એટલે આપણે ત્યાં જવાની જરૂર નથી. આપણે તો તેમને અડકવું પણ જોઈએ નહિ. તેઓ તેમના પૂર્વજન્મનાં ફળ ભોગવી રહ્યા છે. તમે આ ઝગડામાં પડતા નહિ. પહેલાં પોતાના પાડોશીઓનું

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

૧૬૯–મૃત્યુના ભય વિષે એક ગ્રીકી ગ્રંથકારનો મત

("નવજીવન"ના એક અંકમાં લખનાર મહાત્મા ગાંધીજી)

જો આપણા શાસ્ત્રોમાં મૃત્યુનો ભય બિલકુલ ન રાખવાનું, મૃત્યુને મિત્રની જેમ ભેટવાનું શીખવવામાં આવ્યું છે તોપણ મૃત્યુથી જેટલા આપણે ડરીએ છીએ તેટલો ભાગ્યે બીજી પ્રજા નહીં ડરતી હશે એવી મારી માન્યતા મેં 'નવજીવન'માં જાહેર કરી છે. આપણા દેશમાં આ ભય એટલો છે કે જ્યારે મૃત્યુનો ભય અવશ્ય છોડી દેવાની અતિ આવશ્યકતા છે. જો આપણે આ દેશને ગુલામીમાંથી છોડાવવા ઇચ્છતા હોઈએ, તો આપણે મૃત્યુની ભેટ ઉમંગ અને આનંદપૂર્વક કરવાની શક્તિ કેળવવી જોઈએ. લેકી નામના ઇતિહાસકારે યુરોપીય નીતિનો ઇતિહાસ લખ્યો છે. તેમાંથી મૃત્યુવિષેના કેટલાક ફકરાઓ કાકાસાહેબે તારવી કાઢ્યા છે તેમાંના એકનો છૂટો અનુવાદ નીચે આપું છું—

"પૂર્વજોમાં મૃત્યુ પછી આત્માનું અસ્તિત્વ શું હોય છે એને વિષે મતભેદ હતો; પણ મૃત્યુ એ આવશ્યક અને કુદરતી રીતે મળેલો આરામ છે, એને વિષે તે બધાનો એકમત હતો. તેઓ એમ માનતા હતા કે, મૃત્યુથી ભયભીત થવું એ એક પ્રકારનો રોગ છે. આ તત્ત્વજ્ઞાનીઓ વળી એમ પણ કહેતા કે, મૃત્યુ જ એક એવા પ્રકારની વસ્તુ છે કે જે વર્તમાનમાં આપણને દુઃખ દેવાને સર્વથા અસમર્થ છે; કેમકે આપણે જ્યાંલગી હયાત છીએ ત્યાંલગી મૃત્યુની હયાતી હોતીજ ન થી. જેમ જ્વરાદિ ઉપાધિઓ છતાં આપણને દુઃખ દઇ શકે છે, તેમ મૃત્યુનો ક્લેશ હયાતીમાં હોઇજ ન શકે. જ્યાં મૃત્યુ છે ત્યાં આપણે નથી. કેટલાક એમ માને છે કે, જન્મ પછી મૃત્યુ આવે છે. આ ખોટી માન્યતા છે. મૃત્યુ જન્મ પહેલાં પણ હતું, એટલે મૃત્યુ અને જન્મ, જન્મ અને મૃત્યુ એ ક્રમશઃ હમેશને સારુ ચાલવાની વસ્તુ છે. જે મીણબત્તીને આપણે ઓલવી નાખીએ છીએ તે આપણે તેને પ્રગટાવી તેના પહેલાં જેવી હતી તેવી પાછી થઇ રહે છે. એજ પ્રમાણે મરણ પામેલ મનુષ્યને વિષે સમજી લેવું. મનુષ્ય પણ જન્મ્યા પહેલાં જેવો હતો તેવો મૃત્યુ પછી થઇ રહે. આ સ્થિતિ દુઃખદાયક નથી, પણ સુખદાયક છે. એટલે મૃત્યુ એ બધાં દુઃખોનું નિવારણ છે એમ સમજવું ઘટે છે. કાં તો મૃત્યુથી સુખમાં વૃદ્ધિ થાય છે અથવા તો દુઃખનો અંત તો આવેજ છે. મૃત્યુ ગુલામને બંધનમાંથી છોડાવે છે, જેલનો દરવાજો ખોલે છે, વેદનાઓને શાંત કરે છે, ગરીબના તરફડાટનો અંત લાવે છે; અરે, એ તો કુદરતે બક્ષેલી ઉત્તમ ભેટ છે. ભલે એ મનુષ્યને સર્વથા ચિંતામુક્ત કરે છે; અને કદાચ એને આપણે દુઃખદાયક બનાવ સમજીએ તોપણ તેનો અર્થ એટલોજ નહિ કે, જે જનમવાટ આપણે ભોગવી લીધી તેનો અંત આવ્યો? મૃત્યુને આપણે ભેટવા તૈયાર થઇએ અથવા તેનાથી ભાગીએ તે એક રીતે શાપ છે અથવા તો અપશુકન છે એમ માનવાનું કશું કારણ નથી; કેમકે પેલી મીણબત્તીની માફક આપણે તો જેવા હતા તેવા થઇ રહેવાની વાત છે. એ તો આપણને બનાવતી વખતેજ કુદરતે આપણે સારુ જે કાયદો ઘડી મૂક્યો એ કાયદાને અનુસરવાની વાત થઈ. તેથી ડરવું શું?"

આ લેખમાંથી બીજો ઉતારો આ છે–

"જ્ઞાની સૉક્રેટિસ કહે છે કે, મૃત્યુ એ કાં તો જીવનનો અંત આણે છે, અથવા આત્માને શરીરના પંજામાંથી છોડાવે છે. પહેલી સ્થિતિ ખરી હોય તોય એ સુખદ તો છેજ, અને બીજી સ્થિતિ ખરી હોય તો એ સુખની પરિસીમા છે. એપિક્યુરસે કહ્યું છેઃ 'મૃત્યુને વિષે તમે બેફિકર થવાની ટેવ પાડો; કેમકે સારું અને નરસું એ માનસિક વૃત્તિ છે, અને મૃત્યુ એ વૃત્તિનો અંત છે.' સિસરો કહે છેઃ 'કાં તો મૃત્યુ પછી આત્મા રહે, અથવા મૃત્યુની સાથે તેનોય અંત છે. જો મૃત્યુ પછી આત્મા રહેતો હોય તો એ સુખી છે. જો તેનો નાશ થતો હોય, તો એ દુઃખી છે એમ કહેવું એ તો મૂર્ખાઇનું વચન છે; કેમકે જેનો નાશ થયો છે તેને દુઃખનું જ્ઞાન કે ભાન ક્યાંથી હોય?' સેનેકા કહે છેઃ 'જો મનુષ્યોને મૃત્યુ પછી લાગણીઓ રહેતી હોય તો તે મૃત્યુ થતાં જેલખાનામાંથી છૂટ્યો ગણાય; અને છૂટો થઇને એ ઉંચો રહી શરીરધારી મનુષ્યોનાં કૃત્યો નિ-

હાળે છે, પોતાના પગ તળેની ચાલી રહેલી લીલા જોયા કરે છે; અને જે વસ્તુઓ મૃત્યુ પહેલાં સમજવી તેને સારૂ મુશ્કેલ હતી તે હવે સમજતો થાય છે. ત્યારે આમ જે સુખી છે, તેને સારૂ હું શોક કેમ કરૂં? એના નશીબને હું જો રડું તો જે સુખી છે એનો દ્વેષ કરૂં છું એમ ગણાય. અને જો એમ માનીએ કે, મૃત્યુ પછી કંઇ અવશેષ છેજ નહિ, તો એવી સ્થિતિનો શોક કરવો એ ગાંડપણ નહિ તો બીજું શું કહેવાય?"

આ ઉતારાઓમાંથી આપણે બીજો કંઇ પણ સાર ન ખેંચી શકીએ, તોપણ પશ્ચિમમાં થયેલા મહાન પુરુષોએ મોતને એક સુંદર સ્થિતિતરીકે વર્ણવેલ છે એનો વિચાર કરીને આપણે મોતનો ભય છોડવાની ટેવ તો પાડવીજ ઘટે છે. અને જરા ઉંડા ઉતરીને વિચારીએ તો આટલો સાર તો આપણે કાઢી પણ શકીએ છીએ કે, પ્રિયજનનાં મૃત્યુ થાય છે ત્યારે તેમની આપણે કલ્પેલી કે ખરી અવદશાને રડતા નથી, પણ આપણે આપણા સ્વાર્થને રડીએ છીએ. બાળક કે બુઢ્ઢા ગમે તેનું મૃત્યુ થાય તેમાં રડવાનું કારણ તો એજ હોઇ શકે ના કે આપણને તેનો સહવાસ નહિ મળે, અથવા તેની સેવા નહિ મળે! એટલા બધા સ્વાર્થને વશ આપણે કેમ રહીએ?

१७०–" लजपतराय " स्वर्गे संचर्यो !

("ગુજરાતી"માં લેખકઃ–ખત્રી અબા મોહંમદ જુસબ "નયન")

(હરિગીત છંદ)

નિજ વતનના જતને સદા, તન મન ધને પરિશ્રમ કર્યો;
પ્રેમી અટલ રણધીર, "લજપતરાય" સ્વર્ગે સંચર્યો. ૧
નિજ દેશના ઉદ્ધારમાં, તલ્લીન જે પ્રતિપળ રહ્યો;
સ્વાતંત્ર્ય–ચાહક વીર, "લજપતરાય" સ્વર્ગે સંચર્યો. ૨
કારાગૃહે કષ્ટો સહ્યાં, પરવા તજી નિજ સુખ તણી;
ટેકી પ્રબળ બળવીર, "લજપતરાય" સ્વર્ગે સંચર્યો. ૩
ચળવળ કરી, બહુ બળ ધરી, પણ પૂર્ણ નવ બાજી થઇ;
આશાસહિત ગંભીર "લજપતરાય" સ્વર્ગે સંચર્યો. ૪
શસ્ત્રો રહિત, ડર વિણ લડયો, સ્વાતંત્ર્યના સમરાંગણે;
સાચો અડગ શુરવીર, "લજપતરાય" સ્વર્ગે સંચર્યો. ૫
તુજ શોકમાં રડતાં સહુ, વળી તિમિર પ્રસર્યું નભ વિષે;
જગ–દશ્ય સૌ અસ્થિર, "લજપતરાય" સ્વર્ગે સંચર્યો. ૬
તુજ વિરહમાં ભૂમિકા તણી, સહુ સંતતિ અતિશય રડે;
હૃદયો બન્યાં અસ્થિર, "લજપતરાય" સ્વર્ગે સંચર્યો. ૭
અણમૂલ અતુલ શિખ પાઠ તું, સ્વાતંત્ર્યનો શીખવી ગયો;
અમ દિલવિયોગી તીર, "લજપતરાય" સ્વર્ગે સંચર્યો. ૮
"પંજાબનો નરકેસરી," રે! પુનરપિ મળશે નહિ;
કેવાં બન્યાં! તકદીર! "લજપતરાય" સ્વર્ગે સંચર્યો. ૯
ભારતતનુજ! નિદ્રા તજો, યત્ને સુસંપે સહુ ધસો;
અમ "નયન" કેરૂં હીર, "લજપતરાય" સ્વર્ગે સંચર્યો. ૧૦

१७१–जगतने ध्रुजावनार महान नेपोलियन

આ બારામાં જાણેલી કેટલીક હકીકત

નેપોલિયનની કાર્યવ્યવસ્થાને આધુનિક ઇતિહાસવેત્તાઓએ હજુ સમજ્યાં નથી એમ વિધાન એક વિદ્વાને ૨૮ વર્ષ ઉપર કહેલું. એ પછી તેમણે ઘણું ઊંડું કામ થયું છે, પણ હજુ ઘણું કરવાનું બાકી છે. એ કામને અને જગતને ઘણો લાભ થશે. વેટિકન પુસ્તકાલયે નેપોલિયનના પત્રો મેળવ્યા છે; પરંતુ હું જાણું છું ત્યાં સુધી હજુ એ પ્રસિદ્ધિ પામ્યા નથી. નેપોલિયને ઇટલીનીનું રાજ્ય સ્થાપ્યું હતું; એ કારભારનો ઘણો ભાગ હજુ અંધારામાં પડ્યો છે. નેપલ્સ, મીલાન, વેનિસ વગેરે સ્થળે નેપોલિયનના ઇતિહાસને અજવાળનારાં ઘણાં પડ્યાં છે; એના ઉપર અજવાળું ક્યારે પડશે ત્યારની વાત ત્યારે. નેપોલિયને ઇટલીનું રાજતંત્ર ચલાવ્યું હતું એ આખો વિષય ઐતિહાસિક દૃષ્ટિએ બહુ અગત્યનો છે. કોઇ મહાન ઇતિહાસકાર પોતાની બુદ્ધિના અદ્ભુત સ્પર્શથી એને સજીવન કરે એમ આપણે ઇચ્છીએ.

મારું વિદ્યાર્થીજીવન મેં પારિસમાં ગાળ્યું હતું. ત્યાં મને એક બુઢ્ઢાનો ભેટો થયો. એના પિતાએ નેપોલિયનના લશ્કરમાં સિપાહીગીરી કરી હતી. આ માણસ જ્યારે નેપોલિયનની કથા વાંચતો ત્યારે તેનું હૈયું ભરાઇ આવતું અને તેનાં અશ્રુ ગાલની કરચલીઓમાં વહેતાં, એનું વૃદ્ધ શરીર આવેશથી ધ્રુજી ઊઠતું.

મોસ્કોનાં સંસ્મરણો

મારા એ વૃદ્ધ મિત્રને પોતાના બાળપણના અનુભવની કથા કહેવાનું બહુ ગમતું. પોતાને નેપોલિયનની કથા સાથે તથા મોસ્કોના યુદ્ધ સાથે સંબંધ છે એ વિચારથી એનું હૃદય ફુલાતું. પોતાના પિતા તથા જૂનકાળની કરુણ કથાના ઇતિહાસનાં ચિત્ર એની અંતરદૃષ્ટિ નીહાળતી અને તે સાથે એ વૃદ્ધને એક પ્રકારનું ઘેન ચડતું. પૂર્વની સ્મરણસૃષ્ટિને તાજી કરતો કરતો એ કોઇ વાર મદિરાનો પ્યાલો પીતો, કોઇવાર એકાદ સીગારેટ પીતો અને કંઇ કંઇ જુસ્સાના ઉભરા અનુભવતો.

નેપોલિયનની કથામાંથી લોકોનો રસ ઓસરી ગયો હોય એવું હજી તો નથી જણાતું. હમણાંજ નેપોલિયનવિષે બે પુસ્તકો બહાર પડ્યાં છે; એક જર્મનીમાં અને બીજું રશિયામાં. જર્મન પુસ્તક પ્રખ્યાત લેખકની કલમથી લખાયું છે, પણ નાયકને મુખેજ એની જીવનકથા કહેવડાવવાની કળા એ લેખકની પોતાની નથી. મી૦ જોન્સ્ટન નામના અમેરિકન વિદ્વાને 'ધી કોર્સિકન' નામનું પુસ્તક લખ્યું છે તેમાં એજ કલાનો એણે ઉપયોગ કર્યો છે; છતાં એ પુસ્તક લોકપ્રિય નથી થઇ શક્યું, એ નવાઇ જેવું છે. નેપોલિયનના જીવનનો નમુનેદાર અભ્યાસ જેવો આ પુસ્તકમાં મળે છે તેવો બીજે ભાગ્યેજ મળી શકશે; પણ એમાં ચિત્રો નથી મૂક્યાં, એ એનો દોષ છે. જર્મન લેખકનું પુસ્તક આ દૃષ્ટિએ ચડીઆતું છે. એમાં ઘણાં સુંદર ચિત્રો છે. બાકી અનેક દૃષ્ટિએ મી૦ જોન્સ્ટનનું 'ધી કોર્સિકન' ચડી જાય છે એમાં શક નથી.

પરંતુ રશિયામાં બહાર પડેલું પુસ્તક તો જૂદીજ જાતનું છે, એના લેખકની દૃષ્ટિજ જૂદી છે. એ લેખકનું નામ મેરેકોવેસ્કી છે. એ તો નેપોલિયનના આત્માસંબંધીજ વિચાર કરવા ઇચ્છે છે. જગતે નેપોલિયનના આત્માનો વિચારજ નથી કર્યો, એમ એ કહે છે. જર્મન કવિ ગેટેને નેપોલિયનના આત્માનું દર્શન થઇ શક્યું હતું. ગેટે કહેતો—"નેપોલિયનનું જીવન એટલે કોઇ દેવાંશી વ્યક્તિનું વિરાટ પગલું. એની આંતરદૃષ્ટિ સદા પ્રફુલ્લીજ રહેતી. એના જેવું ભાવી ભૂતકાળમાં કોઇનું નથી થયું અને ભવિષ્યમાં કોઇનું નહિ થાય."

મી૦ લીઓન બ્લોય નામનો એક બીજો મહાબુદ્ધિશાળી લેખક છે એમ આપણો રશિયન લેખક જણાવે છે. ટોલ્સ્ટોય અને કાર્લાઇલ જેવા નેપોલિયનના વિરોધી લેખકોનું કોઇ સાંભળતું નથી.

મેરેકોવેસ્કી નેપોલિયન વિષે જે કહે છે તે બધો રાજનૈતિક પ્રલાપ છે, એમ ટુંકામાં કહી

ચરકાર. નેપોલિયનના જીવનનો એનો અભ્યાસ સુંદર છે અને પોતાના એ સુંદર અભ્યાસનો સુંદર ઉપયોગ પણ કરે છે; પણ એની પ્રકૃતિજ કંઇ એવી છે કે એ ઇતિહાસને શુદ્ધ દૃષ્ટિએ દેખી શકતોજ નથી. ખ્રિસ્તી ધર્મની દૃષ્ટિ મનુષ્યના આત્મામાં જે જાતની આગમ્યતા જુએ છે તેજ જાતની આગમ્યતા નેપોલિયનની કથામાં છે, એમ એ માને છે; અને કહે છે કે, નેપોલિયનના આત્માને પામવા માટે પ્રજાના આત્માને પામવો એજ રસ્તો છે.

પરંતુ નેપોલિયન વાસ્તવિક રીતે જેવો હતો તેવોજ પ્રજા એને જોઇ શકી હોય એ વાત શંકાસ્પદ છે. આ શંકા મેરેકોવેસ્કીને થતી નથી, તેથી નેપોલિયનની પ્રશંસા કરવામાં એ વિવેકની મર્યાદાનું ઉલ્લંઘન કરી નાખે છે.

દરેક યુગ, દરેક પ્રજા, દરેક લેખક નેપોલિયનના ચારિત્ર્યનું મૂલ્ય જૂદી જૂદી દૃષ્ટિએ આંકે છે. [illegible] નેપોલિયન વિષે જૂદું જૂદું કહે છે. રશિયામાં [illegible] વિજયી થયું છે ત્યારે રશિયાનો સાક્ષર મેરેકોવેસ્કી પણ એક ભિન્ન દૃષ્ટિ [illegible]

[illegible] વિચાર કરતી વખતે એના લેખકના પ્રજાત્વની પણ આપણે ગણતરી કરવાની છે. [illegible] રંગનો પાશ આ પુસ્તકને પાને પાને બેઠો છે. નેપોલિયને [illegible] કે, હું તો રશિયાની ગુલામી નાબુદ કરી નાખું. મેરેકોવેસ્કી કહે છે કે, [illegible] નાબુદ કરી હોત તો રશિયાને જે નરકયાતના આ યુગમાં સહેવી [illegible] મેરેકોવેસ્કી માને છે કે, [illegible] નેપોલિયને નિયમમાં રાખ્યો [illegible] કર્યું હતું કે પાછળથી અરાજકતાના [illegible]

[illegible] રશિયન પ્રજા નિહાળી રહી છે. [illegible]

[illegible]

१७४-साधु टी० एल० वसानी

સિંધ-પ્રાન્ત ભારત કે પશ્ચિમ મેં એક પિછડા હુઆ ભાગ કહા જાતા હૈ. દેશ કે મધ્ય-ભાગ સે કુછ દૂર હોને કે કારણ તથા બીચ મેં મરુભૂમિ કે પડ જાને સે હમ લોગોં કો ઇસ પ્રાન્ત કે વિષય મેં બહુત કમ જાનકારી હૈ; પર સિંધ કા હૃદય ઉતના નીરસ નહીં જિતની ઉસકી ભૂમિ હૈ. પંદ્રહવીં શતાબ્દી મેં ભારત મેં ચાર બડે સંતોં ને જન્મ લિયા. પંજાબ મેં નાનક, મહારાષ્ટ્ર મેં તુકારામ તથા પૂર્વ-બંગાલ મેં ચૈતન્ય ને પ્રકટ હો કર ધર્મ ઔર ભક્તિ-માર્ગ કા પ્રચાર કિયા. ઇસી સમય સિંધ મેં ભી એક બડે સૂફી મહાત્મા ને જન્મ લિયા. ઉનકા નામ શાહ લતીફ થા. ઉનકી કવિતા ઔર ભક્તિ પ્રથમ શ્રેણી કી થી. શાહ લતીફ કા નામ ઇને ગિને બહુત કમ લોગ જાનતે હૈં; ક્યોંકિ હમારા જ્ઞાન સિંધ કે બારે મેં બહુત થોડા હૈ. શાહ લતીફ કો રાષ્ટ્રીય કવિ માનના ચાહિયે. ઉનકી એક પદ પંક્તિ બહુત પ્રસિદ્ધ હૈ—

ઉમર વતન પંહિંજે ખિઆરુન કૂખડવેં.

અર્થાત્ હે ઉમર! વતન કા ભૂલના બહુત મુશ્કિલ હૈ. શાહ લતીફ કે બાદ સ્વામી સચલ ઔર દલપત આદિ ઉત્તમ રત્ન સિંધ મેં ઉત્પન્ન હુએ. ઇસી ભૂલે હુએ સિંધ ને યુવક ભારત કો શક્તિ કા સંદેશ સુનાનેવાલે સાધુ વસ્વાની કો જન્મ દિયા હૈ.

વસુ એક ગોત્ર કા નામ હૈ. ઉસીમેં સિંધી ભાષા કા 'આની' પ્રત્યય લગાને સે વસ્વાની બનતા હૈ. વસ્વાનીજી કે વિષય મેં અભી તક સંસાર કો સિવા ઉનકે વિચારોં કે ઔર કુછ જ્ઞાત નહીં હૈ. સાધુજી આત્મચરિત લિખના યા લિખવાના અભારતીય પ્રથા સમઝતે હૈં. ઉનકે મત મેં વ્યક્તિરૂપ કી જીવનકથા જગત કે લિયે મહત્ત્વ કી નહીં, ઉનકે વિચારોં કા હી શાશ્વત મૂલ્ય હૈ. વિચાર ભી ભગવાન કી પ્રેરણા સે ઉનકે મુખ સે નિકલને લગતે હૈં. ઉન પર વસ્વાની કી દેહ કા કુછ સ્વત્વ યા અપનાપન નહીં હૈ. સત્ય વિચાર અજર-અમર હૈં, વે સબકે હૈં.

સાધુજી કી આયુ લગભગ પચાસ વર્ષ કી હોગી. ઉન્હોંને ત્યાગ ઔર તપ કે મહત્ત્વ કો અપને જીવન કે શુરુ મેં હી સમઝ લિયા થા. બ્રહ્મચર્ય ઔર તપસ્યા ઉનકા સ્વભાવ હી બન ગયે હૈં. ઉનકે મુખ પર અપૂર્વ તેજ ઝલકતા રહતા હૈ. ઉનકા કદ પૂરા ઔર દેહ સુંદર બની હુઈ હૈ. રંગ ચમકતા હુઆ નેત્રોં કો તૃપ્તિકર હૈ. કેશ કુછ કુંચિત હૈં, મુખ પર સદા હાસ્ય કી રેખા દિખાઈ પડતી હૈ; નેત્રોં સે ફૂટતી હુઈ જ્યોતિ નિકલતી રહતી હૈ. દો હી ચાર મિનટ કે સંમિલન સે વે કિસી ભી આગંતુક કો અપની વિનય ઔર મીઠી વાણી સે મોહ લેતે હૈં.

સાધુજી કે સાથ કુછ દિન રાજપુર-શક્તિ-આશ્રમ મેં રહને કા મુઝે સૌભાગ્ય પ્રાપ્ત હુઆ. જિતના ઉનકે સંયમી જીવન સે મેરા પરિચય બઢા, મૈંને ઉસે ઉતના હી ખરા ઔર ઉજ્જ્વલ પાયા. તપસ્યા ઉનકે જીવન કા મૂલ-મંત્ર હૈ; પરંતુ ઉનકા બાર બાર યહી ઉપદેશ થા કિ કોરી તપસ્યા બિના પ્રેમ કે અહંકાર કો ઉત્પન્ન કરતી હૈ. તપ ઔર સંયમ જબ નિરુદ્દિષ્ટ હોતે હૈં તબ ઉનકે કરનેવાલે મેં અભિમાન ઉત્પન્ન હોતા હૈ. જબ તપ કે સાથ પ્રેમ મિલા રહતા હૈ તબ મનુષ્ય સબકે સાથ વિનય ઔર શીલ કા ભાવ રખતા હૈ. ઇસ લિયે વિનય વસ્વાનીજી કી દૂસરી વિશેષતા હૈ. કોઈ ભી ઉનસે મિલ કર ઉનકી વિનય પર મુગ્ધ હુએ બિના નહીં રહ સકતા. એક બાર આશ્રમ મેં સાધુજી કે આને સે પહલે એક આશ્રમવાસી ને સાત દિન તક ઉપવાસ કિયા. જ્યોં હી સાધુજી સે ઉસકા સાક્ષાત્કાર કરાયા ગયા, વે આનંદ સે ઉસકે ચરણોં પર ગિર ગયે. આત્મ-વિસ્મૃતિ કી વસ્વાનીજી મેં હદ હૈ. જુલાઈ કે મહીને મેં આશ્રમ મેં અલીગઢ-યુનિવર્સિટી કે એક મુસલમાન પ્રોફેસર આયે. હિંદૂ કહાર ને કહા બર્તન કૈસે માંજૂં? સાધુજી કો યહ પતા ચલા, આપ અપને હાથ સે ઉસકે જૂઠે બર્તન સાફ કરને લગે. લડકોં ને યહ દેખ કર કહા કિ બર્તન હમ સાફ કર લેંગે; પર ત્યાગી ફકીર ને કહાઃ—'નહીં', તુમ્હારે માતા-પિતા હૈં. ઉન્હેં ઇસમેં આપત્તિ હો સકતી હૈ; મેરે કૌન હૈ જિસકી જાત-પાંત બિગડને કા ભય હો?'

તુલસીદાસજી કી ઇસ પંક્તિ સે ભાવ કિતના મિલતા હૈ—

કાહૂ કી બેટી સોં બેટા ના બ્યાહબ,કાહૂ કી જાતિ બિગારી ન સોઉ.

સાધુજી નિત્ય ૩।। બજે કે કરીબ ઉઠ જાતે હૈં; ઉસ સમય ઉનકે પાસ કોઇ નહીં રહતા, ઇસ લિયે ઉનકે બનાયે હુએ સિંધી ભજન હમારે હિસાબ સે ખો જાતે હૈં. વે નિત્ય એક ભજન નયા બના કર ગાતે હૈં. ઉસે વે પુષ્પ કી તરહ અપને પ્રભુ કે ચરણોં મેં અર્પણ કર દેતે હૈં. સૂર, તુલસી ઔર મીરાં કે ગીતોં કી તરહ યે પદ્ય ભી—ભક્તિ કે આવેશ ઔર તન્મયતા કી દશા મેં બનતે હૈં; સાધુજી કે સર્વોત્તમ વિચાર ઉન્હીં મેં ગુંથે રહતે હૈં. ગાને કે પીછે ગાનેવાલા સ્વયં ઉન્હેં ભૂલ જાતા હૈ, ઇસ લિયે પ્રયત્ન કરને પર ભી ઉનકી રક્ષા કા કોઈ ઉપાય ન હો સકા.

સાધુજી કી ખદ્દર સે અનન્ય ભક્તિ હૈ. જો ઉનકે સમ્પર્ક મેં આતા હૈ ઉસસે વે ખદ્દર પહનને કા અનુરોધ કરતે હૈં. અનેક આશ્રમવાસિયોં ને અપને જીવન મેં ખદ્દર પહનને કા વ્રત લિયા હૈ. આશ્રમ કી વર્દી ભી ખાદી કી હી બનાઇ ગઈ હૈ. સાધુજી કા આહાર બહુત પરિમિત હૈ; કભી કભી વે મુઝે ભી અપને હી કમરે મેં ખાને કો કહતે થે. તબ ઉનકા સૂક્ષ્મ સાત્વિક આહાર દેખ કર બડા આશ્ચર્ય ઔર આનંદ હોતા થા. હર સમય કામ મેં લગે રહના ઉનકી વિશેષતા હૈ. વે પરિમિત સંભાષણ કરતે હૈં ઔર જબ કોઈ ઉનકે પાસ નહીં હોતા તબ ઉનકા હર એક ક્ષણ પઢને યા ધ્યાન-ઉપાસના મેં હી બીતતા હૈ. સપ્તાહ મેં એક બાર બૃહસ્પતિવાર કો વે ઉપવાસ કરતે ઔર મૌન રહતે હૈં. વે કહા કરતે હૈં કિ જ્યોં જ્યોં મનુષ્ય આધ્યાત્મિકતા મેં બઢતા હૈ, ઉસકે નાડી-પુન્જ અધિક સૂક્ષ્મગ્રાહી ઔર મૃદુ હોતે જાતે હૈં. સપ્તાહભર બોલને ઔર બહિર્મુખ કાર્ય કરને સે જો થકાન આતી હૈ ઉસકા નિરાકરણ ઉપવાસ ઔર મૌન સે અવશ્ય કરના ચાહિયે.

સાધુજી કી લેખનશક્તિ અદ્ભુત હૈ, વે કરીબ પચાસ પુસ્તકેં લિખ ચૂકે હૈં; ઉનકી ખ્યાતિ પૂર્વ ઔર પશ્ચિમ સર્વત્ર ફૈલ ગઇ હૈ. ઇસકે અતિરિક્ત સમાચારપત્રોં મેં ઉન્હોંને હજારોં લેખ લિખે હોંગે; સાધુજી કે લેખોં મેં ભારતવર્ષ કી પ્રાચીન આત્મા પદ પદ પર ઝલકતી હૈ. ઉસ આત્મા કો આધુનિક ભારત કે લિયે સાધુજી નયે વેશ મેં ઉત્પન્ન હુઆ દેખના ચાહતે હૈં. ઉનકી આશાયેં યુવક પર હૈં. યુવકોં કા બ્રહ્મચર્ય તપસ્યા હોના ચાહિયે. ભોગ કી પ્રવૃત્તિ ને ભારત કે યુવકોં કો અશક્ત બના દિયા હૈ. શારીરિક, માનસિક ઔર આત્મિક શક્તિ કા સંચય સબસે બડા ધર્મ હૈ; યહી શક્તિસંદેશ સાધુજી કી પુસ્તકેં દેતી હૈં. ઇસીકી સફલતા કે લિયે શક્તિ-આશ્રમોં કી સ્થાપના હો રહી હૈ.

પરંતુ લિખને સે ભી અધિક ઓજસ્વી સાધુજી કા ભાષણ હોતા હૈ. બોલતે સમય [illegible] ઉનકા આત્મિક [illegible] જાતા હૈ. સ્વર ગંભીર ઔર શબ્દ માનો અગ્નિમય હો કર નિકલતે હૈં. જિન્હોંને એક બાર ભી ઉન્હેં બોલતે સુન લિયા હૈ વે માનતે હૈં કિ સાધુજી [illegible]

[illegible]

[illegible]

સ્વામી આદિ કિતને હી ત્યાગી યુવા ઉનકે કદમ કદમ મેં સહાયક હૈં. પ્રચાર કા એક મુખ્ય સાધન શક્તિ-આશ્રમોં કી સ્થાપના હૈ. ઇનકા અધિવેશન મઇ સે સિતમ્બર તક રહતા હૈ. સ્કૂલ-કાલેજોં કે વિદ્યાર્થી, માસ્ટર, પ્રોફેસર, નૌકર ઔર નિઠલ્લે પેશા સબ તરહ કે લોગ શક્તિ આશ્રમોં મેં ભર્તી હો કર આતે હૈં. સ્કૂલ-કાલેજોં કી અધૂરી શિક્ષા કે છૂટે હુએ અંગોં કી પૂર્તિ કરના ઇન આશ્રમોં કા ઉદ્દેશ હૈ. જીવન મેં નિયમિતતા, રાષ્ટ્રીયતા, માતૃભૂમિ તથા દીનોં કી સેવા, સંસ્કૃતિ કા જ્ઞાન, સ્વત્વ-સામર્થ્ય, સ્વાસ્થ્ય, વ્યાયામ, લાઠી, મુદ્દગર આદિ ખેલ આદિ બાતોં પર આશ્રમ મેં ભરપૂર ધ્યાન દિયા જાતા હૈ. મધ્યવિત્ત વિદ્યાર્થિયોં કો ૩૦-૩૫ રૂપયા માસિક ખર્ચ કર કે ભી પહાડી સ્થાનોં મેં રહને ઔર પ્રકૃતિ કે સહવાસ મેં આ કર કિતની શિક્ષા કી પૂર્તિ કરને કા અપૂર્વ અવસર પ્રાપ્ત હોતા હૈ. ગત વર્ષ દો સૌ કે લગભગ છાત્રોં ને અકેલે રાજપુર કે શક્તિ-આશ્રમ મેં આ કર લાભ ઉઠાયા. સાધુ વસ્વાની કી દિવ્ય આત્મા દિગ્દિગંત મેં સંકલિત હુએ છાત્ર-પરિવાર કો અપને તેજ સે આલોકિત કરતી રહતી હૈ. મેરા અનુભવ હૈ કિ કિતને હી નવયુવક શક્તિ-આશ્રમ મેં આ કર સાધુજી કે સંપર્ક સે બિલકુલ બદલ ગયે. વે માતૃ-ભૂમિ ઔર દરિદ્રોં કી સેવા કી મહત્ત્વ ભાવના લે કર લૌટે. રાજપુર જૈસે રમણીય સ્થાન મેં જિતને અધિક છાત્ર એકત્ર હોં ઉતના હી અચ્છા હૈ. શિક્ષા કે લિયે પહાડી સ્થાનોં કે ઉપયોગ કા માર્ગ પહલે-પહલ રાજપુર કે શક્તિ-આશ્રમ ને હી દિખાયા હૈ. આશા હૈ રાજપુર ઔર તત્સદૃશ પ્રાકૃતિક સ્થલોં મેં સ્થાયી આશ્રમ ખોલને કા આંદોલન દૃઢતા કે સાથ અગ્રસર હોગા.

ઇન શક્તિ-આશ્રમોં કે વિષય મેં એક સંમતિ દેના હમ અપના કર્તવ્ય સમઝતે હૈં. જિસ તરહ યુવક છાત્રોં કી અધિકાધિક સંખ્યા બઢી આતી હૈ, વૈસે હી પ્રોફેસરોં કો ભી આના ચાહિયે. યુવક આંદોલન મેં છાત્ર ઔર અધ્યાપક દોનોં હી દો પહિયોં કી તરહ હૈં. યદિ ભિન્ન ભિન્ન વિષયોં કે જાનનેવાલે અધ્યાપક સ્વેચ્છા સે અપની ગર્મી કી છુટ્ટિયાં યહાં બિતાવેં તો મુદ્દત મેં હી શક્તિ આશ્રમ અચ્છે કાલેજોં કે રૂપ મેં પરિણત હો જાવેં. તીન મહીને તક રહનેવાલી ઇન સંસ્થાઓં મેં માતૃ-ભાષા મેં હી વિભિન્ન સંસ્કૃતિ-સંબંધી વિષયોં કે વ્યાખ્યાનોં કા પ્રબંધ હોના ચાહીએ. જો બાત સરકારી વિદ્યાલયોં મેં ઇચ્છા રહતે હુએ ભી હમેં પ્રાપ્ત નહીં હોતી વહ અપને હી સહયોગ સે સહજ મેં પ્રાપ્ત કર સકેંગે. ગત વર્ષ કુછ પ્રોફેસરોં કે આ જાને સે યહ પ્રબંધ અચ્છા ચલા થા, પર અભી ઇસ ઓર અધિક ઉન્નતિ કી આવશ્યકતા હૈ. શક્તિ-આશ્રમ કે વિષય મેં જિન્હેં અધિક જાનને કી ઇચ્છા હો વે શ્રી આનંદસ્વામી, મંત્રી ભારત-યુવક-સંઘ, કાશી કો લિખ કર સબ કુછ જાન સકતે હૈં.

(ફેબ્રુઆરી ૧૯૨૯ ના "સરસ્વતી"માં લેખકઃ-શ્રી. વાસુદેવશરણ)



१७५–मैं भारत की सन्तान हूं–साधुवर वास्वानी का आदेश

"મૈં ભારત કી સંતાન હૂં." યદિ યુવક ભારતીય આદર્શ કો સમઝેં ઔર ઉસે અપને દૈનિક વ્યવહાર મેં લાને લગે, તબ તો ફિર ભારતવર્ષ એક નવીન રાષ્ટ્ર હી હો જાયે.

એક વિદ્યાર્થી ને પ્રસન્નચિત્ત સે મેરા અભિવાદન કિયા. મૈંને સોચા કિ હમારે દેશ કે આધ્યાત્મિક પુત્રોં કે લિયે આશ્રમોં કી સ્થાપના કૌન કરેગા?

વર્તમાન કાલ મેં ભારતીય આર્દર્શોં કે જ્ઞાન એવં આધુનિક જીવન કી સામાજિક એવં આર્થિક શક્તિયોં કે જ્ઞાન સે ભરપૂર આશ્રમોં કી આવશ્યકતા હૈ. ઐસે આશ્રમોં કો મૈં શક્તિ–આશ્રમ કી સંજ્ઞા દૂંગા. ભારતીય યુવક સંઘ કા પ્રધાન ઉદ્દેશ્ય ઐસે આશ્રમોં કી સ્થાપના કરના હૈ.

મૈં ઉસ દિન કી પ્રતીક્ષા મેં હૂં જબ ઐસે પૂર્ણ આશ્રમ અશુભ ભારત કે યુવકોં કો સ્થાન–સ્થાન પર સત્ય ઔર પ્રેમ કે પ્રસાર કે લિયે–નિર્ધનોં, અછૂતોં તથા ગ્રામીણોં કી સેવા કે લિયે અપની ઓર આકર્ષિત કરેંગે. મિટ્ટિ યા પથ્થર કે રૂપ મેં ભી પરમાત્મા કો માનને એવં ઉસકી પૂજા કરનેવાલે યુવક ધન્ય હૈ. બ્રહ્મચર્ય સે પરિપકવ એવં સેવાભાવ સે ઐસે યુવક હી ભવિષ્ય મેં રાષ્ટ્રનિર્માણ કરેંગે.

"મૈં ભારત કી સંતાન હૂં." સાયં–પ્રાતઃ પ્રતિદિન યહી મંત્ર કા જપ કરો. તુમ ભારત કી સંતાન હો. તુમ્હારે અંગપર, તુમ્હારે શરીરપર ઉસીકા અધિકાર હૈ; અતઃ ઉસે શુદ્ધ, કોમલ ઔર શકિત-સંપન્ન રખ્ખો! મૈં તુમસે શકિત, દૃઢતા એવં સ્વાસ્થ્ય કે આશ્રમ મેં શિક્ષા પાને કી આશા કરતા હૂં.

તુમ ભારત કી સંતાન હો. તુમ્હારે મસ્તિષ્કપર ઉસકા અધિકાર હૈ. અતઃ અધ્યવસાય કરો, વિચાર ઔર નિરીક્ષણ કરો. વર્તમાન યુગ કે સંસારકી શકિતયોં કા અર્થ સમઝો. સાથ સાથ ઉન આદર્શોં કા મૂલ્ય એવં સંદેહ ભી સમઝો, જિનકે કારણ ભારતવર્ષ અતીત કાલ મેં એક મહાન્ રાષ્ટ્ર થા. તુમ ભારત કી સંતાન હો, અતઃ ચારિત્રગઠન કરો. સાદગી ઔર હિંમત કા અભ્યાસ ડાલો. સત્ય–નિષ્ઠા કે પીછે ભેદ–ભાવ કો ભૂલ જાઓ. તુમ ભારત કી સંતાન હો; અતઃ ઉસકે લિયે અપના મસ્તિષ્ક, હૃદય ઔર ઇચ્છાશકિત–સબ કુછ અર્પણ કર દો. યે સબ ઉસીકે હૈં. અતઃ દરિદ્ર નારાયણોં સે ઘૃણા ન કરો; બલ્કિ માતા કી સંતાન સમઝ કર ઉનકા અભિવાદન કરો.

અતીત ભારત હી નહીં, પ્રાચીન ગ્રીસ મેં ભી વયોવૃદ્ધ મહાપુરુષોં કે હાથ મેં શિક્ષાપ્રણાલી નિર્ધારિત કરને કા અધિકાર થા. એથન્સ નગર મેં ઇસકા એક મહોત્સવ ભી હોતા થા. આધુનિક કાલ કે અધિકાંશ યુવક બી૦ એ૦ (બૅચલર ઑફ આર્ટ્સ) હોતે હૈં, પર ન તો વે બૈચલર (કુમાર) હી હોતે હૈં ઔર ન ઉન્હેં કલા (આર્ટ્સ) કે 'ક' કા હી જ્ઞાન રહતા હૈ. એથન્સ કે યુવકો કો મનુષ્ય કી ઉપાધિ દી જાતી થી ઔર વહાં કે યુવક "એથન્સ કે મનુષ્ય" (મેન ઑફ એથન્સ) કહલાતે થે. ઉન્હેં એક પ્રતિજ્ઞા કરની હોતી થી. જિસે 'સોલોન કી પ્રતિજ્ઞા' (ઓથ ઓફ સોલોન) કહતે થે. ઉસ પ્રતિજ્ઞા કે અનુસાર વે ન તો હથિયારોં કો છોડ સકતે થે ઔર ન અપને ભાઇયોં કા તિરસ્કાર કર સકતે થે. ભારતવર્ષ કો ભી આજ ઐસે હી 'મનુષ્ય' કી આવશ્યકતા હૈ, જો ઐસે હી જ્ઞાન કા પ્રસાર કરે. નવયુવકો! મનુષ્યત્વ કો પ્રાપ્ત કરો, શકિત કા ઉપાર્જન કરો ઔર ઉસસે ભારતીય આદર્શ પ્રાપ્ત કરો. તુમ્હારી હી શકિત સે ભારત લોક કી સેવા કરને મેં સમર્થ હોગા.

("હિંદૂપંચ"ના એક અંકમાંથી)

१७६—शक्तिनी उपासनानी जरूर—साधु वसवाणीनो संदेशो

સાધુ વસવાણીએ બિહારના વિદ્યાર્થીઓની પરિષદના પ્રમુખસ્થાનેથી આપેલા ભાષણનો સાર નીચે પ્રમાણે છે:—

તમે આજે તમારા પ્રમુખસ્થાન માટે એવા માણસને પસંદ કર્યો છે કે જેને એકાંતતા ને નીરવતા પ્રિય છે. હું માનું છું કે, ચુપકીદી–નીરવતામાં પણ તાકાત છે. હિંદની ભાવી પ્રજા પરિષદો અને ધારાસભાઓના કાગળ પરના ઠરાવોને લીધે તૈયાર થવાની નથી; પરંતુ તમારા વિદ્યાર્થીઓમાંના કેટલાકની શાંત–ચૂપ અને ગંભીર પ્રતિજ્ઞાઓથીજ હિંદની ભાવી પ્રજા તૈયાર થશે.

ભાગ્યવિધાતા

યુવાનોજ જગતના ભાગ્યવિધાતા છે. એક્ય થયેલા ઈટાલીનો ઉદ્ધાર કરવાને મુસોલિની અને તેના ફેસિસ્ટો આવ્યા ત્યાર પહેલાં તેનાં મૂળ તો મેઝિની અને ગેરિબાલ્ડીના જુવાન સાથીઓએ નાખી દીધાં હતાં. જ્યારે જગતનો ઉદ્ધાર કરવાની ભીષણ પ્રતિજ્ઞા લઈ ભગવાન બુદ્ધ અને ભગવાન શંકરાચાર્યે ગૃહત્યાગ કર્યો, ત્યારે તેઓ પણ યુવાનજ હતા. દુનિયાનો ઇતિહાસ સાક્ષી પૂરે છે કે, જગતને ઉદ્ધારનાર અને સંસ્કૃતિના રક્ષણહાર યુવાનો છે.

આજ વિશ્વાસથી અને આજ આશાથી હરદ્વાર ખાતે ભારતયુવક સંઘની સ્થાપના કરવામાં આવી છે.

આ સંઘ કોઇ પણ જાતના, રંગના કે કોમના ભેદને માનતો નથી. આ સંઘનો મંત્ર માત્ર એકજ છે અને તે 'શક્તિ' છે. આજે હિંદની પ્રજાને જો કોઈ અનિવાર્ય જરૂર હોય તો તે શક્તિની છે–બળની છે. હિંદના જુવાનોને મારી એકજ વિનતિ છે કે, બળવાન થાઓ. જુવાનો! તમે ભૂતકાળની મહાન સંસ્કૃતિથી પોષાયેલા છો. વિજ્ઞાનના તમે માલીક છો અને ભવિષ્યના વિધાતા થવાનું તમારૂં ભાગ્ય સર્જાયેલું છે. આજે પૂર્વ અને પશ્ચિમ એવા ભાગ્યવિધાતા માંગે છે કે જે માનવોને યુદ્ધની ભીષણ આગમાંથી–ઔદ્યોગિક લૂંટના ભૂતાવળમાંથી બચાવે અને વિશ્વવ્યાપી બંધુતાની સંસ્કૃતિની સ્થાપના કરે.

પશ્ચિમનું આંધળું અનુકરણ કરશો નહિ, પરંતુ શક્તિ મેળવજો; કારણ કે સાચું સ્વરાજ શક્તિમાંથી જન્મ પામે છે–અનુકરણમાંથી નહિ.

યુવાનોનો આદર્શ

હિંદના યુવાનોની ચળવળ એવી હોવી જોઈએ કે જેમાં હિંદના આદર્શોનો પડઘો પડતો હોય. વળી શક્તિ એજ ધર્મ છે અને તેથી રાષ્ટ્રવાદને નામે ધર્મનો નાશ કરવાને બદલે રાષ્ટ્રવાદને તમારા ધર્મનું એક અંગ બનાવી દો; અને જો તમારો રાષ્ટ્રવાદ જ્યારે પવિત્ર–વધારે ઉમદા આત્મવાન અને વધારે બળવાન થશે, અને કૃષ્ણ ભગવાને કહ્યું છે તેમ નિષ્કામવૃત્તિથી જ્યારે આપણે રાષ્ટ્રવાદનું પાલન કરીશું ત્યારે હિંદનો રાષ્ટ્રવાદ અજિત થશે અને દુનિયાની કોઇ પણ શક્તિ તેનો વિરોધ કરી નહિ શકે. માટે નિષ્કામ સેવાનો મંત્ર લઇને તમે ગામડાઓમાં ખેડુતો પાસે જાવ. કારણ કે સાચું હિંદ આજે ગામડાંઓમાંજ વસે છે. પ્રજાનો ઉદ્ધાર અને પુનર્રચના મૂળમાંથીજ થવી જોઇએ. આજ ગામડાંઓમાં ભૂખમરો, ગરીબાઇ અને અજ્ઞાનતા પ્રજાનો નાશ કરી રહ્યાં છે. તેમનું રક્ષણ કરવું તે હિંદનું રક્ષણ કરવા બરોબર છે. તેમનો ઉદ્ધાર કરવો તે હિંદનો ઉદ્ધાર કરવા બરોબર છે.

(દૈનિક "હિંદુસ્થાન"માંથી)

૧૭૭-ભગિની નિવેદિતા

સન્ ૧૯૦૭ કે જનવરી મહીને મેં 'માર્ડન-રિવ્યૂ' માસિક પત્ર કા પહલા અંક પ્રકાશિત હુઆ થા. ઉસકે કઇ મહીને પહલે સે ઉસકે લિયે લેખ ઔર ચિત્ર ઈત્યાદિ સંગ્રહ કરને શુરુ કર દિયે થે. ઉસ જમાને મેં નટેસન કા 'ઇન્ડિયન-રિવ્યૂ' સચ્ચિદાનંદ સિંહ કા 'હિંદુસ્તાન-રિવ્યૂ' ઔર મળબારી કા 'ઇસ્ટ ઍન્ડ વેસ્ટ' કુલ જમાયે તીન હી પ્રધાન અંગ્રેજી માસિક પત્ર નિકલતે થે. ઇસ લિયે ઐસી એક બાત ઉડી કિ હમારા પત્ર થોડે હી દિનોં મેં લેખોં કે અભાવ સે બંદ હો જાયગા. કૌન ઉસમેં લિખેગા ? કાફી સંખ્યા મેં ઔર અચ્છે લેખ મિલેંગે યા નહીં, ઈસ વિષય મેં મુઝે ભી કુછ-કુછ સંદેહ થા; પરંતુ મૈંને જબ બિના પૂંજી કી હાલત મેં નૌકરી સે ઇસ્તીફા દે કર અંગ્રેજી માસિક પત્ર ચલાને કા સંકલ્પ કિયા થા, તબ પ્રતિજ્ઞા કર લી થી કિ દૂસરા કોઇ લેખ ન ભી દે, તો ભી મૈં અપને સંગ્રહ કિયે હુયે અનેક તથ્યોં દ્વારા લેખ લિખ કર પત્ર કો ચલા કર દેખૂંગા કિ પત્ર ચલતા હૈ યા નહીં? મેરે લેખોં મેં સાહિત્યિક ઉત્કર્ષ ન રહેગા, યહ મૈં જાનતા થા; કિંતુ ઈતના મુઝે ભરોસા થા કિ જાનને યોગ્ય બહુતસી બાતેં સંગ્રહ કર કે દે સકૂંગા; ઔર જો બાત પ્રમાણિત કરના ચાહૂંગા, ઉસકી સમર્થક યુક્તિયોં દે સકૂંગા. પરંતુ સિર્ફ મેરે હી ઐસે લેખોં સે તો પત્ર ઉત્કૃષ્ટ નહીં બન સકતા. ઇસ લિયે લેખક ઔર લેખ સંગ્રહ કરને કી કોશિશ કરની શુરુ કી.

તબ ભગિની નિવેદિતા સે મેરા પરિચય ન થા. અપને અંગ્રેજી માસિક મેં લેખ દેને કે લિયે જિન લોગોં સે મૈંને અનુરોધ કિયા થા, ઉનમેં અન્યતમ થે આચાર્ય જગદીશચંદ્ર બસુ. મૈં ઉનકા છાત્ર રહ ચૂકા થા, ઈસ લિયે ઉનસે અનુરોધ કરને મેં મુઝે સંકોચ નહીં હુઆ. ઉનકો મૈંને યહ બાત ભી જતલાઇ થી કિ બહુત સે લોગ કહતે હૈં કિ અચ્છે લેખ મુઝે કાફી નહીં મિલેંગે, આર ઈસ લિયે પત્ર બંદ હો જાયગા. ઉન્હોંને સ્વયં અધિક ન લિખ સકને પર ભી કભી કભી લિખને કો કહા ઔર ભગિની નિવેદિતા સે લિખને કે લિયે અનુરોધ કિયા. નિવેદિતા ને દૃઢતા કે સાથ કહા—"લેખોં કા અભાવ જિસસે ન હો, ઐસી કોશીશ કી જાયગી." ઉસકે બાદ વે અપને નામ સે તથા બિના નામ કે—જિતને દિન વે જીવિત રહીં—'માર્ડન-રિવ્યૂ' મેં અનેક લેખ, ટિપ્પણિયોં ઔર ચિત્ર—પરિચય આદિ લિખતી રહી થીં.

ઉનકે રાજનૈતિક સિદ્ધાંત જાનને કા મૌકા મુઝે મિલા થા, પરંતુ ઉસ વિષય મેં વિશેષ કુછ લિખના નહીં ચાહતા. સાધારણ તૌરપર ઇતના કહા જા સકતા હૈ કિ ભારતવર્ષ કી પૂર્ણ સ્વાધીનતા કે લિયે ઉનકા કાફી પ્રયાસ થા; સ્વાધીનતા કી પતાકા કો નીચે ગિરાને સે ઉનકે હૃદય પર ચોટ પહુંચતી થી. હાં, ફિલહાલ ઔપનિવેશિક સ્વરાજ્ય યા અભ્યંતરીણ જાતીય આત્મ-કર્તૃત્વપર ઉન્હેં કોઈ આપત્તિ ભી નહીં થી; કિંતુ ઉસે ઉચ્ચતમ યા ચરમ લક્ષ્ય કહને કો વે તય્યાર નહીં થીં. ઉનકે રાજનૈતિક સિદ્ધાંતોં કે વિષય મેં એક બાત ઔર કહની હૈ, વહ યહ કિ વે હર હાલત મેં અહિંસા કી પક્ષપાતી નહીં થીં; આવશ્યકતાનુસાર સ્થાન-વિશેષ મેં બલ-પ્રયોગ ઔર યુદ્ધ કો વે આવશ્યક સમઝતી થીં. વે યોદ્ધા-પ્રકૃતિ કી મનુષ્ય થીં. અકસર ઉનકી બાતચીત ઔર લેખોં સે યહ બાત પ્રકટ હોતી થી. ધાર્મિક વિષયોં મેં ભી વે સત્ત્વગુણ કે સાથ રાજસિકતા કા સંમિશ્રણ પસંદ કરતી થીં. ઉનકી 'એગ્રેસિવ હિંદુઇઝમ' નામક પુસ્તક ઇસ બાત કી સાક્ષી દેતી હૈ. પરંતુ જૈસે વે તેજસ્વિની થીં, વૈસે દયાવતી ભી થીં.

લેખોં ઔર ચિઠ્ઠી-પત્રી સે પરિચય હોને કે બહુત દિન બાદ ઉનસે મેરા સાક્ષાત્ પરિચય હુઆ થા. ઇલાહાબાદ સે કલકત્તા આને કે બાદ મૈં ઉનસે મિલા. તબ આચાર્ય વસુ ઔર ઉનકી સહધર્મિણી કે સાથ આપ દમદમ કે 'ફેયરી હાલ' નામક ભવન મેં રહતી થીં. મૈં સુબહ દસ બજે ખા-પી કર દમદમ પહુંચા. કિસ કારણ સે પહુંચા સો અભી ઠીક યાદ નહીં પડતા. મૈં એક કિરાયે કી 'ઘોડા-ગાડી' પર બૈઠ કર દમદમ ગયા થા. રેલમેં નહીં, 'ફેયરી હાલ' પહુંચ કર ખબર દેતે હી નિવેદિતા બાહર નિકલ આઈ. ઉસ સમય સબ ભોજન કર રહે થે, ઉનકા ખાના-પીના કરીબ-કરીબ ખતમ હો ચૂકા થા. ઉનકે બાહર આને પર મૈંને ઉન્હેં નમસ્કાર કિયા, ઉન્હોંને

ઉસકા ત્યાગ કિયા. ઉસકે બાદ પહલે તો ઉન્હોંને કિરાયે કી ગાડી કે કોચવાન કો ગાડી કો વિશ્રામ દેને કે લિયે કહા તથા કોચવાન કો ભી આરામ કરને કે લિયે કહા. ઠીક સ્મરણ નહીં રહા—શાયદ કોચવાન ને ભી પ્રાપ્ત થા કિ ઉસને ખાના ખાયા યા નહીં!

મૈં જબ અંદર ઉનકે ભોજન-ગૃહ મેં પહુંચા, તો મુઝસે ભી પૂછા, ભોજન કર ચૂકે યા નહીં? યહ માલૂમ હોને પર કિ ખા-પી કર આયે હૈં, તબ ઉન્હોંને કો કહા તથા એક ઠંડા 'સ્ક્વેર' કા ગ્લાસ આ રહી થી, મુઝસે ભી ઉસે પાને કે લિયે કહા. ઉસકે બાદ ડ્રોઇંગ-રૂમ કે બરામદે મેં બૈઠ કર અનેક વિષયોં મેં બાતચીત હુઇ થી. વહાં પર એક આરામ-કુર્સી પડી હુઈ થી. ઉસપર મુઝે બૈઠને કે લિયે કહા. મૈંને ઉનસે અનુરોધ કિયા કિ આપ હી આરામકુર્સી પર બૈઠિયે; ઇસ પર ઉન્હોંને કહા—"નહીં, યહ નારિયોં કે બૈઠને કી નહીં હૈ, પુરુષોં કી હૈ."

થોડે પર ઉનકી દીન દયા કી બાત ભી મુઝે ઔર એક બાત યાદ આ ગયી. એક દિન (કલકત્તે મેં) મુક્તિયા-સ્ટ્રીટ સે કર્નવાલિસ સ્ટ્રીટ જા રહા થા, દેખા તો, ઉધર સે ભગિની નિવેદિતા ઔર ઉનકે સાથ એક અન્ય પાશ્ચાત્ય મહિલા આ રહી હૈં. મદનમિત્ર લેન કી મોડ કે પાસ એક ભિખારી પડા હુઆ અધમરી હાલત મેં સિસક રહા થા. જિતને ભી લોગ આ-જા રહે થે, પર કિસીકો ભી ઉસ પર દયા ન આતી થી. નિવેદિતા ઉસે દેખતે હી ઠહર ગઈ ઔર પાસ કી દુકાન સે દૂધ લે કર ભિખારી કો પિલા કર ઉસે ઉઠાને કી કોશિશ કરને લગીં. વહ મિઠાઇ કી દુકાન અબ વહાં નહીં હૈ, ઉસ જગહ બડા પક્કા મકાન બન ગયા હૈ.

નિવેદિતા કો ધર્મ-વિજ્ઞાન, સમાજ-વિજ્ઞાન, શિક્ષાતન્ત્ર તથા ચિત્ર, સ્થાપત્ય ઔર ભાસ્કર્ય કે વિષય મેં વિશેષ જ્ઞાન થા. ઇન વિષયોં પર વે લેખ ભી લિખા કરતી થીં. ઇનકે સિવા રાજનૈતિક વિષયોં પર તો વે બહુત હી અચ્છે લેખ લિખ સકતી થીં. ઉનકે લેખ મેં કોઇ પરિવર્તન ન કરકે પ્રાયઃ જ્યોં-કા-ત્યોં છાપતા થા; દો-એક મેં શાયદ કુછ પરિવર્તન ઔર પરિવર્ધન કિયા થા, ઐસા યાદ પડતા હૈ. ટિપ્પણી, મંતવ્ય યા નોટ વે જો લિખા કરતી થીં, ઉનમેં સે કિસી-કિસી મેં કુછ પરિવર્તન ઔર પરિવર્ધન કર દેતા થા. ઇસકા કારણ થા હમારે દેશ કા 'રાજદ્રોહ' વિષયક કાનૂન. ક્યોંકિ વે બહુધા ખૂબ સ્પષ્ટ ભાષા મેં કઠોર સત્ય લિખા કરતી થીં. ઉન્હોંને પરિવર્તન ઔર પરિવર્ધન કા અધિકાર સિર્ફ મુઝે હી ઔર યહ કહ કર દિયા થા કિ "આપકી વિવેચના પર મુઝે વિશ્વાસ હૈ." ઉનકી લિખી હુઇ આજ-આજ ટિપ્પણી મેરે દ્વારા 'સંપાદિત' હો કર બિના-હસ્તાક્ષર કે પ્રકાશિત હોને કે કારણ અબ ઉનકો છાંટ નિકાલના મુશ્કિલ હૈ; હાં, જો ઉનકી લેખનશૈલી ઔર ચિંતાધારા સે વિશેષ પરિચિત હૈં, વે ભલે હી છાંટ લેં.

વે હમારે પત્ર મેં લેખ દિયા કરતી થીં, ઇસીસે એક વિષય મેં મેરી આંખેં ખુલ ગઇ થીં. મૈં પહલે-પહલ રવિવર્મા કી તસ્વીરોં કી નકલ તથા ઉસ ઢંગ કી ઔર-ઔર તસ્વીરેં ભી છાપા કરતા થા. ઉન્હોંને લગાતાર મેરે સાથ તર્ક-યુદ્ધ કરકે મેરે અંદર યહ સમઝ પૈદા કર દી કિ રવિવર્મા કે તથા ઉસ ઢંગ કે અન્ય ચિત્રોં કી રીતિ ભારતીય નહીં હૈ, ઔર પાશ્ચાત્ય ઢંગ કે ચિત્રો કે દેખે ભી ઉનમેં કોઇ ઉત્કર્ષ નહીં હૈ. પત્રોં કે સિવા ઇન સબ બાતોં મેં તથા અન્ય વિષયોં મેં ઉનકે સાથ જો મૌખિક વાર્તાલાપ હોતા, ઉસમેં બોલને કા કામ વે હી જ્યાદા કરતીં, મૈં જ્યાદાતર શ્રોતા કા કામ કરતા થા. આચાર્ય વસુ હંસતે હુએ કહતે—"વે ચાહતી હૈં કિ તુમ ભી ખૂબ તર્ક કરો ઔર તર્ક મેં ઉનસે તુમ પરાસ્ત હોઓ, તબ વે બહુત ખુશ હોંગી." નિવેદિતા સુન કર હંસતીં. ઇસ બાત કો વે અચ્છી તરહ દિખલાતી થીં કિ ગ્રીક-ગાન્ધાર મૂર્તિ-શિલ્પ ભારતીય મૂર્તિશિલ્પ સે શ્રેષ્ઠ નહીં હૈ, ઔર ગાંધાર મૂર્તિ-શિલ્પ કી ઉપરિ કારીગરી ગ્રીક હોને પર ભી ઉસમેં જિતની ભી સજીવતા હૈ, વહ ભારતીય હૈ. ઉન્હોંને કઇએક સચિત્ર લેખ મેં યહ બાત દિખલાઇ થી કિ અજંતા ગુફા-વિહાર કી પ્રાચીરપર અંકિત ચિત્રાવલી કે સિવા ગુફાઓં કે સ્થાપત્યાદિ ભી પ્રશંસનીય હૈં. અંગ્રેજ લોગ ઇસ બાત કી કોશિશ મેં હૈં કિ સબકા ઐસા વિશ્વાસ હો જાય કિ ભારતવર્ષ મેં લોગોં કી વસ્તી બડી ઘની હૈ ઔર યહાં જનસંખ્યા કી વૃદ્ધિ ભી બહુત અધિક હોતી હૈ. ઇસીસે યહ દેશ દરિદ્ર હૈ. નિવેદિતા ને દિખાયા થા કિ કુલ મિલા કર યહ બાત

સત્ય નહીં હૈ કિ નિખિલ-ભારત ધની વસ્તી હૈ. 'કિંડર-ગાર્ટન' કી પ્રણાલી સે ભારતીય ચીજોં કે બારે મેં કૈસે બચ્ચોં કો શિક્ષા દી જા સકતી હૈ, ઇસ બાતપર આપને અચ્છા પ્રકાશ ડાલા થા.

બરીસાલ કે દુર્ભિક્ષ કે સમય ભગિની નિવેદિતા ને અપની આંખોં સે અકાલ-પીડિતોં કી અવસ્થા ઔર ઉન્હેં સહાયતા પહુંચાને કી વ્યવસ્થા દેખ કર 'ગ્લીમપ્સિસ ઑફ ફેમિન એન્ડ ફ્લડ ઇન બંગાલ' શીર્ષક દે કર 'માડર્ન-રિવ્યૂ' મેં કઇએક લેખ લિખે થે. ઉનમેં સે 'ટ્રેજેડી ઑફ જ્યુટ' શીર્ષક લેખ મેં આપ હી ને પહલે-પહલ ધાન કે બદલે પાટકી ખેતી સે હાનિયાં દિખલાઇ થીં. ઇનમેંસે એક લેખ મેં ઉન્હોંને ઐસા સંકેત કિયા થા કિ પ્રજાઓં કે હાથ મેં ઇસકે અંતિમ પ્રતીકાર કા ઉપાય ટૈક્સ ન દેના હૈ.

આપકી વર્ણન-શક્તિ ઔર લેખનશૈલી બહુત હી ઉમદા થી; પરંતુ કોઇ ઉનકી પ્રશંસા કરતા, તો ઉન્હેં અચ્છા નહીં લગતા થા. એક બાર શ્રીયુત દિનશા વાચ્છાને બંબઈ કે 'કૈસર-એ-હિંદ' પત્ર મેં ઉનકી વર્ણન-શક્તિ કી પ્રશંસા કી થી. ઉસપર ભગિની નિવેદિતાને મુઝસે કહા થા—"વર્ણન-શક્તિ કે લિયે ખ્યાતિ પાને કા યદિ મેરા લક્ષ્ય હો, તો મૈં અપના દાહિના હાથ કાટ ડાલૂંગી." વસ્તુતઃ વે પાઠકોં કો અનુપ્રાણિત કરને ઔર શિક્ષા દેને કે લિયે લિખા કરતી થીં.

અનેક પ્રસિદ્ધ લેખક પાસ તથ્ય ઔર ચિંતા-પ્રણાલી કે લિયે આપકે ઋણી હૈં.

ભારતીય અનેક રીતિ-નીતિયોં કો હમ જન્મ સે હી દેખતે આ રહે હૈં, ઇસ કારણ અભ્યાસવશ હમ ઉનકે ભીતરી ગૂઢ તત્ત્વોં કો નહીં પહચાન સકતે, ઉનકે પ્રાણ ઔર અર્થ હમેં ઢૂંઢે નહીં મિલતે. ઇન સબ વિષયોં મેં ભગિની નિવેદિતા કે અંતર્દષ્ટિ થી. વે બીચ-બીચ મેં ચૂકતી ન થીં, યહ બાત નહીં; પરંતુ બહુધા વે અનેક રીતિ-નીતિ ઔર ક્રિયા-કલાપ અનુષ્ઠાનોં કે ભીતરી પ્રાણ કો પહચાન લેતી થીં, જિસે હમ નહીં પહચાન પાતે.

ભારતીય દેશી ચીજોં કે પ્રતિ ઉનકા ગહરા અનુરાગ થા. એક બાર ઉન્હોંને મુઝે સુબહ હી ભેંટ કરને કો કહા. બોસપાડા લેન મેં ઉનકા એક પુરાના મકાન થા, વહાં જા કર ખબર દેતે હી વે બાહર આ ગઈં. ઉન્હેં દેખતે હી મૈં સમઝ ગયા કિ વે પૂજા-પાઠ ઔર જપ કર રહી થીં. ઉસકે બાદ હમ દોનોં ને નીચે આ કર જલપાન કિયા. ઉન્હોંને મુઝે પનીર ખાને કો દિયા. મૈંને કહા—"મુઝે ઇસકે ખાને કા અભ્યાસ નહીં." ઉન્હોંને કહા—"ખાઓ, યહ ઢાકે કા બના હુઆ હૈ, વિદેશી નહીં હૈ." ઇસ પ્રકાર દેશી હોને કે કારણ મુઝે કુછ નયા ખજૂર કા ગુડ ભી ખાના પડા. કહીં પર ઉન્હેં એક અધેલે કા કાલા મિટ્ટી કા દીપક મિલ ગયા થા. ઉસકે સૌંદર્ય-પર મુગ્ધ હો કર ઉન્હોંને ઉસે બડે જતન સે રખ છોડા થા.

ઉનકા બન્ધુ-પ્રેમ ઔર હિતૈષિતા અસાધારણ થી. ચિત્ર કે સૌંદર્ય કો સમઝ કર ઉસકી વ્યાખ્યા કરને કી જો શક્તિ હમ લોગોં મેં નહીં, વહ નિવેદિતા મેં વિશેષ રૂપ સે થી. ઇસી લિયે મૈં ઉનસે અક્સર ચિત્ર-પરિચય લિખને કા અનુરોધ કિયા કરતા થા. [illegible] ઉનકે પાસ ચિત્રોં કા પ્રૂફ ભેજ કર [illegible] કે ભાવ [illegible] ચિત્ર-પરિચય લિખ કર [illegible] અનુરોધ કરના પડતા થા. [illegible] ઉન્હોં [illegible] ચિત્ર-પરિચય લિખ કર [illegible] કહા કિ—"ઐસા કરના ઠીક નહીં, [illegible]" [illegible]

[illegible]

[illegible]

१७८–जैन समाजनो चळकतो सीतारो

આસો મહિનાની અમાવાસ્યાની અંધારી રાત્રિમાં આકાશપટ સ્વચ્છ સુંદર શોભી રહ્યું હોય, કોટીગમ ધૂરની માળાની સાડીના રૂપેરી ભરતકામ સમા અનેક નાના મોટા તારલીઆઓ તેની શોભામાં કોઈ એર વધારો કરી રહ્યા હોય, ને ત્યાંમાં એક એવો તેજસ્વી તારો હોય કે જે પોતાના પ્રકાશથી જગતની દૃષ્ટિ પોતા તરફ ખેંચી રહ્યો હોય. માનવસમાજ પણ તેના પ્રકાશથી આનંદી તેના વિશેષ દર્શનાર્થે, દર્શનની મોટી આશા લઈ રહ્યો હોય, તેજ વખતે અચાનક અજાણ્યો એ તેજસ્વી તારો ખરી પડતાં અનંત આકાશપટમાં ક્યાંક સમાઈ જાય અને એ જોનારાંને જે દુઃખ—જે લાગણી થાય તે અકથ્ય અને અનિર્વચનીય હોય છે. એ લાગણી અને એ દુઃખ એના સાચા પરીક્ષક અને પ્રેક્ષક સિવાય બીજાને ન અનુભવી શકે, એ સહેજ વાત છે.

આવોજ એક જૈન સમાજનો ચળકતો સીતારો પોતાના તેજસ્વી-સુંદર કાર્યશક્તિથી અને માનવતાના વિશિષ્ટ ગુણોથી જગતને મુગ્ધ કરી, જગતની દૃષ્ટિને પોતાના ગરવ-કાર્ય તરફ આકર્ષી અચાનક અજાણી રીતે આ જીંદગી પૂરી કરી કાળની અનંત શાંતિની ગોદમાં સમાઈ ગયો છે. આજે તે મહાન સીતારાને ખરત રૂપે નવ નવ વર્ષનાં વહાણાં વાયાં છે. એ સીતારો તે બીજું કોઈ નહિ કિંતુ સૌરાષ્ટ્રમાં આવેલ જૈનોના મહાન યાત્રાના ધામ પાલિતાણામાં શ્રી સિદ્ધગિરિની છાયામાં શોભતા શ્રી યશોવિજયજી જૈન ગુરુકુલના સ્થાપક પિતા અને સંચાલક પરમ ગુરુવર્ય મુનિમહારાજ શ્રી ચારિત્રવિજયજી (કચ્છી). આજે તેઓ વિદ્યમાન નથી પણ તેમના યશઃદુંદુભીને જાગતું ગુરુકુળ આજે ઊભું છે. તેમાં ૧૦૬ જૈન અનાથ બાળકો જ્ઞાન પ્રાપ્ત કરે છે. અત્યાર સુધીમાં તે મહાન ગુરુકુળમાં સેંકડો વિદ્યાર્થીઓ આશ્રય મેળવી વિદ્યા પ્રાપ્ત કરી પોતાના જીવનને સફળ બનાવી ગયા છે.

ગુરુકુળમાં રહી સુંદર ધર્મભાવના, મહાન સેવાધર્મ અને આદર્શ માનવગુણો પ્રાપ્ત કરી અનેક શુભ કાર્યો કરે અને સાચા શાસનસેવક તૈયાર થાય તેવીજ કેળવણી ત્યાં અપાય છે.

જન્મ

આ મહાન વિભૂતિનો જન્મ વીરભૂમિ કચ્છપત્રીમાં (તા. મુંદ્રા) વિક્રમ સં. ૧૯૩૪ ના આસો વદી ૧૪-કાળી ચૌદશે થયો હતો. તેમના પિતાનું નામ ઉકાશાહ અને માતાનું નામ સુભાગાબાઈ હતું. તેઓશ્રીનું મૂળ નામ ધારશીભાઇ હતું. તેમને એક બીજા નાનાભાઇ હતા, જેમનું નામ મોણશીભાઇ છે. જ્યોતિષીઓ ઘણી વાર કહે છે કે "કાળીચૌદશે જન્મેલ બાળક ઘાંણુ જીવે નહિ અને જીવે તો જરૂર મહાપુરુષ-મહાન વિભૂતિ થાય." આ કહેવત ધારશીભાઇ માટે બરાબર સફળ થઇ.

બાળક ધારશીને તેઓ મોટી ઉંમરના થતાં તેમના માબાપે નિશાળે મૂક્યા. કચ્છની તે વખતની નિશાળો એટલે ઘેટાં-બકરાં પૂરવાનું પાંજરૂં. બાળક ધારશીને એ જડ કેળવણીમાં રસ પડતો નહિ એટલે પોતે નિશાળને બદલે ખેતરો, વાડીઓ, બાગ-બગીચામાં અને ઝાડોની નીચે જઇ કુદરતી દશ્યનો આનંદ-મઝા ભોગવતા. બાલપણથી તેમનામાં એક અપૂર્વ શક્તિ હતી કે કુદરતી વસ્તુ નિહાળી તેના ગુણ-દોષ જાણવા તેમને વનસ્પતિનું ઝાડનું બહુ અદ્ભુત જ્ઞાન હતું. તેઓ સોબતીઓ સાથે જંગલમાં રખડતા, રમતા અને બધાના ઉપરી જેવા બની પોતાની પ્રભુતા-સત્તા દરેક ઉપર જમાવતા. અંતે માબાપના આગ્રહથી થોડું શીખી નામું લખવાનું જ્ઞાન પ્રાપ્ત કરી પોતાના ભાગ્યની પરીક્ષા અર્થે અલબેલી મુંબઇ નગરી મોહમયી તરફ ઝુકાવ્યું. મુંબઇ આવી થોડો વખત નોકરી કરી ત્યાં આ ચાલાક છોકરાને શેઠે પોતાની દુકાનમાં ભાગ કરી આપ્યો. તેઓ નાની ઉંમરે મુંબઈ આવેલા છતાં કચ્છી સાહસપ્રિયતા, શૂરવીરતા અને ધીરજે તેમને ધંધામાં આગળ ધપાવ્યા. તેમનું શરીર મજબૂત બાંધાનું અને કસાયેલું હતું; તેમજ બુદ્ધિ અને ભાગ્ય અનુકૂળ હતાં. પછી શું પૂછવું?

તેમનો સેવાધર્મ અને ત્યાગ

જેમ દેશવીર ગાંધીજીને દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહે નવી દિશા સૂઝાડી; સંત ફ્રાન્સિસને ગરીબો અને રક્તપિત્તિયાની સેવાએ સાચો ત્યાગમાર્ગ સૂઝાડયો; ગેરીબાલ્ડી, ડી વેલેરા, વીર મુસોલિની ઈ૦ દેશભક્તોને ત્યાંની જડ નોકરશાહીએ જગાડયા; તેમ ધારશીભાઇને મુંબઇના પ્લેગે જગાડયા. ૧૯૫૫-૫૬ માં મુંબઇમાં ભયંકર પ્લેગ ચાલતો હતો. ધારશીભાઇના કુટુંબનાં ૧૫-૧૭ માણસોને એ પ્લેગે પોતાના પંજામાં ક્રમશઃ સપડાવ્યાં. માત્ર ધારશીભાઇ બાકી રહ્યા હતા. તેમણે દુકાન બંધ કરી માંદાઓની માવજત ખૂબ પ્રેમ અને ધીરજથી કરી. રાત અને દિવસના ઉજાગરા વેઠી ખડે પગે કુટુંબની ચાકરી કરી. બીજાં સગાંવહાલાં ત્યાં જોવા આવતાં ડરે, ત્યારે આ યુવાન દરદી પાસે જઇ આશ્વાસન આપી તેના પગ દાબે, દવા પાય અને બીજી પણ અનેક પ્રકારની માવજત કરતા. અંતે ક્રૂર કાળે એક પછી એક એમ બધાંને ઝડપ્યાં. ધારશીભાઇએ એ બધાંને સ્મશાન ભેગાં કર્યાં. કુટુંબીઓનું અકાળ મૃત્યુ તેમનું મર્મસ્થાન ભેદી નાખતું. સ્મશાનયાત્રા કરી આવ્યા કે તરતજ ધારશીભાઇને પ્લેગે પોતાનો ક્રૂર પંજો માર્યો. ઘરમાં કોઇ નહોતું, એક મિત્ર બહારથી ખબર પૂછી જતો. બધાની દુઃખી અવસ્થા પોતે નિહાળી હતી, જાણી હતી અને કુટુંબીઓની શું દશા થઈ તેનું તેમને ભાન હતું. ઘરમાં કોઇ પાણી પાનાર પણ નહોતું. "માત્ર પ્રભુનું નામસ્મરણ એજ તેમનું સાથી કે કુટુંબી હતું."

પ્રભુના નામનો અખંડ જાપ શરૂ રાખ્યો, એજ દવા એમ માની લીધું. એ પ્રભુનામે એક દિવ્ય ધ્વનિ પ્રગટ થયો અને તેઓને નવો માર્ગ સૂઝયો. યદિ હું આ રોગમાંથી બચું તો સાધુ થાઉં. અંતે કહેવત છે કે, રામ રાખે તેને કોણ ચાખે? પ્રભુનામસ્મરણ-ઔષધિ અને ત્યાગની બુટ્ટીના પ્રતાપથી તેજ રાત્રે પ્લેગની ગાંઠ ફાટી અને બગાડ નીકળી ગયો, અને જીવન-દીપક બુઝાવાને બદલે ફરીથી મંદમંદ પ્રકાશ્યો. ધીમે ધીમે આરામ થયો. ત્યારપછી તરતજ દુકાને જઇ હિસાબ પતાવી દેશ તરફ હંકાર્યું, અને સ્ટીમરમાં માંડવી આવ્યા. રસ્તામાં સમુદ્રના તરંગોની માફક તેમનું મન વિચારતરંગોમાં ઝોલાં ખાતું હતું. ક્યાં સાધુ થવું? સાધુ થયા પછી શું કરવું? હવે ઘેર જઇશ તો માબાપ સાધુ નહિજ થવા દે. પોતે માંડવી બંદર ઉતર્યા ત્યાં રસ્તામાં દૈવયોગે તેમના દૂરના સગા કે જેઓ ઢુંઢક પંથના સાધુ થયા હતા તે મળ્યા. ઓળખાણ આપી ઉપાશ્રયે લાવ્યા. ધારશીભાઇએ ઉપાશ્રયે આવી પ્રતિજ્ઞા અને પોતાની ભાવના ગુરુને કહી સંભળાવી. ગુરુજીએ પ્રથમજ તેમની પાસે બીડી જોઈ. ધારશીભાઇને કહ્યું કે, તમારે બીડીઓ છોડવી પડશે. તેમણે તરતજ બહાર જઈ ખૂબ બીડીઓ પી બાકીની બીડીઓ અને બાકસને સળગાવી હોળી કરી દીધી અને સદાને માટે તેનો ત્યાગ કર્યો. ગુરુને આ ફેરફાર જોઈ આશ્ચર્ય થયું. દિવસની ૪૦ થી ૫૦ બીડી પીનાર છોકરો એકદમ ત્યાગ કરે એ તેની ઉચ્ચ ભાવનાને અને ત્યાગને સૂચવે છે. આ છોકરો છે તો પાણીદાર, જો એ સાધુ થાય તો સંપ્રદાયમાં રત્ન નીકળશે. છોકરો બુદ્ધિશાળી અને સાહસી છે, માટે દીક્ષા લે તો સારૂં; પરંતુ ભાવી જૂદું હતું. ધારશીભાઇના પિતાને પુત્ર માંડવીમાં છે તેના સમાચાર મળ્યા. તરતજ ગાડું લઇ બાળકને તેડવા આવ્યા અને પરાણે ઘેર લઈ જઇ સમજાવ્યું. આ યુવાવસ્થામાં જોગ શા? તારે તે શું દુઃખ છે કે અત્યારથી સાધુ થાય છે? શું તારે પણ ફુવજી થવું છે? ધારશીભાઇ મૌન રહેતા. તેમનો ત્યાગ-વૈરાગ્ય જોઇ પિતાની આંખમાં આંસુ આવતાં. અંતે ધારશીભાઇએ માબાપને મુંબઇની કરુણ કથની હૃદય ફફડી નાખે તેવી રીતે કહી સંભળાવી અને છેવટે ખૂબ સમજાવી દીક્ષાની રજા મેળવી. ગુરુને ત્યાં બોલાવ્યા અને માતપિતાએ દીક્ષા અપાવી. દીક્ષા વખતે તેમનું નામ ધર્મચંદ્રજી રાખવામાં આવ્યું. તેઓ મૂળથી ઢુંઢક સંપ્રદાયના હતા અને ઢુંઢક-સ્થાનકવાસી સાધુઓનોજ ખાસ સંસર્ગ હતો એટલે તેમણે ઢુંઢીઆના સાધુ પાસેજ દીક્ષા લીધી. સાધુ થયા પછી ટુંક વખતમાં બુદ્ધિશાળી ચાલાક ધર્મચંદ્રજીએ સાધુક્રિયા કરી શાસ્ત્રાભ્યાસ શરૂ કર્યો. તે વખતે સ્થાનકવાસી સંપ્રદાય વ્યાકરણને 'વ્યાધિકરણ' કહેતા એટલે પરબારા શાસ્ત્રાભ્યાસજ શરૂ કરતાં બે વર્ષમાં તો ઘણાં સૂત્રોના પાઠો મુખપાઠ કરી નાખ્યા.

[illegible]

[illegible]

[illegible]

[illegible] ... "ગુરુ[illegible] [illegible] ગુણાન્" [illegible] ...

સંસ્થાની સ્થાપના અને તેમની વિશિષ્ટ આવશ્યકતા

પાલિતાણે આવ્યા પછી તેમણે વિચાર્યું કે, પાલિતાણા તીર્થક્ષેત્ર છે તેમ વિદ્યાક્ષેત્ર-વિદ્યાપુરી [illegible] ન બની શકે ? શું પાલિતાણા વિદ્યાપુરી કાશી ન બની શકે ? જરૂર બનેલું [illegible] બની [illegible]કે, એની પાછળ અપૂર્વ કાર્યશક્તિ અને ભોગ જોઈએ. આ પ્રશ્ન વિચારી એક બાજુથી [illegible]ણે પ્રથમ એક સંસ્કૃત પ્રાકૃત પાઠશાળા ખોલી. જેમાં સાધુ-સાધ્વીઓ અભ્યાસ કરતાં અને [illegible] ગામનાં જૈન બાળકો અભ્યાસ કરતાં. સંસ્થાની વ્યવસ્થા સુંદર રીતે ચાલતી હતી. ઘણાં [illegible] સાધુ-સાધ્વી ભણવા આવતાં. આ વખતે કચ્છમાં ભયંકર દુષ્કાળ પડ્યો હતો. ઘણા લોકો મદદ [illegible] બહાર નીકળ્યા હતા. આ વખતે એક વૃદ્ધ ડોશી પોતાના બે નાનાં કુમળાં ફૂલ જેવાં બાળકો [illegible] પાલિતાણે આવેલા. તેણે પોતાનાં બાળકોને ક્યાંક મૂકવા ઘણી મહેનત કરી, પણ કોઈ સંસ્થામાં

તેમને સ્થાન ન મળ્યું. એ ડોસો પૂજ્ય ગુરુદેવને મળ્યો. આંખમાં આંસુ લાવી તેણે કહ્યું–"આ મારાં ફૂલ જેવાં બાળકોને સંભાળનાર કોઇક મળે તો મારા જીવનની મને દરકાર નથી. હું જીવું કે મરું તેની મને લેશમાત્ર ચિંતા નથી." મહારાજશ્રીનું હૃદય આ વચન સાંભળી પીગળ્યું–હાય! માનવીની આ દશા! ગુરુદેવના હૃદયમાં માનવસેવા ઉભરી નીકળી. ડોસાને આશ્વાસન આપી બાળકોને રહેવાને માટે બીજે તપાસ કરી, પણ ક્યાંય બાળકોને સ્થાન ન મળ્યું. મહારાજશ્રીને વિચાર આવ્યો કે, અહીં પાઠશાળા ચાલે છે તો તેને અંગે બોર્ડિંગ ખોલવામાં આવે તો ઘણો લાભ થાય. આવા સેંકડો અનાથ જૈન બાળકો તેનો લાભ લે. અહીં રહી ભણે, તૈયાર થાય અને ભવિષ્યમાં સમાજને સેવા અર્પે. એ તો નિયમ છે કે "જેના ઉપદેશકો બળવાન તેમનો ધર્મ બળવાન" આમ વિચારી પાઠશાળાને અંગે બોર્ડિંગ ખોલી અને પાઠશાળાનું નામ "શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા બોર્ડિંગ" રાખ્યું. બોર્ડિંગ થવાથી આજુબાજુના ઘણા ગરીબ જૈન બાળકો અભ્યાસ માટે દાખલ થવા આવ્યા. વિશેષ મદદ માટે પોતાના પરમ સ્નેહી અને વડીલ આચાર્ય વિજયધર્મસુરી પાસે માગણી કરી અને આચાર્યશ્રીએ પણ અમુક સમય સુધી મદદ આપવાની હા કહી. બાળકોનો અભ્યાસ સુંદર રીતે ઝડપથી આગળ વધતો ગયો. અધ્યયન–અધ્યાપનની બધી બાબતોમાં ગુરુદેવ જાતેજ દેખરેખ રાખતા. ટુંક સમયમાંજ આ સંસ્થામાંથી ચાર વિદ્યાર્થીઓ અઢારહજારી સિદ્ધહેમ વ્યાકરણ ભણી કલકત્તા યુનિવર્સિટીમાં વ્યાકરણની મધ્યમ પરીક્ષા આપવા ગયા અને તેમાંથી ત્રણ ઊંચે નંબરે પાસ થયા.

પાલિતાણામાં ભયંકર જળપ્રલય અને મહારાજશ્રીની ભગીરથ સેવા

આ વખતે સંસ્થાની ખૂબ પ્રગતિ થઇ હતી. સંસ્થા અત્યારે ઉન્નતિને શિખરે હતી. આખી જૈન કોમમાં અપૂર્વ અને અનુપમ સ્થાન સંસ્થાનું હતું. આ વખતે પાલિતાણામાં ૧૯૬૬ ના ભાદરવા વદ ૮ની રાત્રે ભયંકર હૃદયભેદક કારમો પ્રસંગ બન્યો. આ પ્રસંગે માનવતાની કસોટી હતી, ગુરુદેવ એ કસોટીમાંથી પસાર થયા.

બનાવ એમ બન્યો કે, રાત્રે ગાજવીજ વરસાદ–મુશળધાર વૃષ્ટિ શરૂ થઈ, આંખો પણ ન ઉઘડવા દે તેવા વિજળીના ચમકારા થતા હતા, ભયંકર કડાકા બોલતા હતા અને વાયુદેવનો મહાન પ્રકોપ ઉછળી રહ્યો હતો. વરુણદેવ અને વાયુદેવે પોતાના પ્રચંડ પ્રકોપમાં અનેક જીવોના બલિ લેવા શરૂ કર્યા, સેંકડો ઘર જમીનદોસ્ત થયાં અને હજારો માણસો, સ્ત્રીઓ અને બાળકો તણાવા લાગ્યાં. ઉપરથી ડુંગરનું પાણી જોસબંધ માર માર કરતું ધસ્યું આવતું હતું. બીજી બાજુ નદીનો બંધ તૂટ્યો, પાણી ગામમાં પેઠું. પાલિતાણાને ફરતી ત્રણ બાજુ નદી છે અને ચોથી બાજુથી ડુંગરનું પાણી ગામમાં ફરી વળ્યું છે. આખું ગામ બંબાકાર જળજળમય થઇ ગયું. તણાતા માનવીઓ બચાવો બચાવોના હૃદયભેદક કરુણ પોકારો પાડતા હતા; પણ કોઇને સાંભળવાની ફુરસદ ન હતી. આ વખતે સંસ્થા ઓસમાન શેઠના મકાનમાં હતી અને મકાન ખાસ મજબૂત હોવાથી તે પૂરેપૂરી સુરક્ષિત હતી. એ જળપ્રલય [illegible]

[illegible]

રિપોર્ટ સાને દવાખાનામાં રહેતા ડૉક્ટર મી૦ ટ્રિમ્સિજીએ પોતા પાસે નજરે જોઇ લખ્યો અને સવારેજ ત્યાંના એડમિનિસ્ટ્રેટર મી૦ મેજર સ્ટ્રોંગને મોકલ્યો. મેજર સ્ટ્રોંગ આ વાંચી ઘણો ખુશ થયો અને સંસ્થામાં મહારાજશ્રીને મળ્યા અને સહર્ષ ધન્યવાદ આપી જણાવ્યું કે, પાલિતાણા સ્ટેટ આપની સેવાનું સદા ઋણી રહેશે. આપને કાંઇ પણ કામ હોય તો મને ફરમાવજો. આમ કહી મહારાજશ્રીનો ફેરો લઇ વિદાય થયો. મહારાજશ્રીના જીવનની આ એક અમૂલ્ય તક હતી અને એ દયામૂર્તિએ એ તકનો લાભ લઇ પોતાની માનવસેવાનો સચોટ દાખલો જનતા સન્મુખ મૂક્યો છે. મનુષ્ય ઘણી વાર આખા જીવનમાં એકાદું કાર્ય એવું સુંદર કરે છે કે જેથી તે સદા અમર અને બીજાને દૃષ્ટાંતરૂપ બને છે. મહારાજશ્રીને ધીમે ધીમે પરિચય વધ્યો. તે એટલે સુધી કે મેજર સ્ટ્રોંગ મહારાજશ્રીને પોતાના ગુરુતરીકેનું માન આપતો. આ વખતે સંસ્થા જે મકાનમાં હતી તે મકાન સ્ટેટના તાબે જતાં તે ખાલી કરવાનો પ્રસંગ આવ્યો. મહારાજશ્રીએ મેજર સ્ટ્રોંગને બધી વાત કરી. મેજર સ્ટ્રોંગે ખુશી થઇ જણાવ્યું કે, સંસ્થાને માટે આપ ગમે ત્યાં જમીન પસંદ કરો. સંસ્થાને તદ્દન ઓછામાં ઓછા દરે આપીશ. અત્યારે જ્યાં એક હાથ જમીન મેળવતાં મુશ્કેલીઓ વેઠવી પડે છે ત્યારે, તે વખતે પણ એક હાથ જમીન મેળવવાના સાંસા હતા ત્યાં મહારાજશ્રીએ સંસ્થા માટે પાંચ વીઘાં જમીન મેળવી આપી અને સંસ્થાએ ત્યાંજ મેજર સ્ટ્રોંગના હાથે પાયો નંખાવી મહાન ગુરુકુળ થાય એજ ભાવનાથી સુંદર મકાન સંસ્થાએ ઉભું કર્યું.

ગુરુકુળ

ગુરુદેવની ભાવના હતી કે, આ સંસ્થા મહાન ગુરુકુળ થાય તો સારૂં. સમાજને ગુરુકુળની ખાસ જરૂર છે; પરંતુ જેમ દરેકને ભરતી–ઓટ આવે છે તેમ આ મહાન સંસ્થા માટે પણ બન્યું. સંસ્થાના આત્મા મહારાજશ્રીએ કચ્છ તરફ વિહાર કર્યો અને પાછળથી ગુરુકુળ ઉપર એવું ઘનઘોર વિપ્નવાદળ ચઢી આવ્યું કે જેથી સંસ્થાનો પાયો ડગમગી ગયો. મહારાજશ્રી કચ્છમાંથી પોતાના બે નૂતન શિષ્યો મુનિ મહારાજશ્રી દર્શનવિજયજી અને મુનિ મહારાજશ્રી જ્ઞાનવિજયજી-સહ મોટા મોટા વિહાર કરી જલદી પાલિતાણે આવ્યા. સંસ્થાની હીન હાલત જોઈ તેમના હૃદયમાં કારી ઘા થયો. જેમ માબાપ બાળકને પાળી પોષી મોટા કરે, તેમ આ સંસ્થાને ઉન્નતિના શિખરે મહાલતી મૂકી ગયા હતા, તેનેજ ગિરિકંદરામાં પડેલી જોઇ દુઃખ થાય તેમાં નવાઇ જેવું નથી; પરંતુ હિંમત ન હારતાં ધીરજથી સંસ્થાનું મકાન પોતાના હાથમા લઈ સંસ્થાને પદ્ધતિસર મૂકી અને પૂર્વની પદ્ધતિએ તેનું કામ સરળતાથી ચાલવા માંડ્યું. ત્યાંજ ધર્માત્મા ભાઇ જીવણચંદ ધર્મચંદ મહારાજશ્રીને મળ્યા અને ગુરુકુળસંબંધી વાતચીત થઇ. અંતે મહારાજશ્રીના કહેવાથી અને આચાર્ય શ્રી વિજયકમળ સુરીજી તથા યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગર સુરીજીની કિંમતી પ્રેરણાથી સંસ્થાનું સુકાન પોતાના હાથમાં લીધું અને મહારાજશ્રીની ઇચ્છાનુસાર સંસ્થાનું નામ "શ્રીયશોવિજયજી જૈન ગુરુકુળ" રાખ્યું. જેમાં અત્યારે ૧૦૬ બ્રહ્મચારી જૈન વિદ્યાર્થીઓ ભણે છે. શ્રી સિદ્ધગિરિની છાયામાં આ ગુરુકુળ દિનપરદિન ઉન્નતિના શિખરે ચઢતું જાય છે. શ્રી વીરધર્મની ઉદ્ઘોષણા કરતું, તેના સંસ્થાપક મહાત્મા પરમ ગુરુદેવના આત્મા સમું નિર્મળ, શ્રી ગિરિરાજની છાયામાં અજોડ અને એકાકીપણે ઉભું ઉભું શાન્તિથી મૂંગે મોઢે આર્હત્ ભક્તો તૈયાર કરી રહ્યું છે અને સમાજમા કોઈ અનેરી ભાત પાડી રહ્યું છે.

તેમની ઉપદેશશક્તિ

તેમનામાં અસાધારણ ઉપદેશક શક્તિ હતી. સુંદર મોહક વાણીથી જ્યારે તેઓ ઉપદેશ આપતા ત્યારે શ્રોતાઓ મુગ્ધ થઈ જતા. ગમે તેવા કૃપણ મનુષ્યને પણ બોધ આપી ગુરુકુળને મદદ અપાવતા. આ સિવાય અનેક જૈનેતર વિદ્વાનો તેમના પરિચયમા આવી જૈનદર્શનના સિદ્ધાંતો સમજ્યા હતા. લાકડીયાનરેશ, માળીયાનરેશ, મેજર સ્ટ્રોંગ, અંગીયાના બાવાજી, ડૉ૦ પદમશીભાઇ, સુ. નાથાભાઇ તથા ભાવનગરના મરહુમ મહારાજાના મામા શ્રી. ફતુભાઇ આદિ અનેક પ્રતિષ્ઠિત જૈનેતરો તથા રાજાઓને ઉપદેશ આપી જૈન ધર્મના સિદ્ધાંતોમાં રસ લેતા કર્યા

હતા. માળીયાનરેશે તો મહારાજશ્રીના ઉપદેશથી કચ્છના રણમાં કાંઠી ઉપર મુસાફરો માટે પાશેર દાળીયા, ગોળ તથા મીઠા પાણીની સગવડ કરી છે કે જે સગવડ હજારો મુસાફરોના આશીર્વાદરૂપ થઇ પડી છે. ખરા ધૂમ તડકામાં જ્યારે અંગારા સળગતા હોય અને ક્યાંય ઝાડ કે પાણી ન હોય, ત્યારે આ સગવડ કેટલી આશીર્વાદરૂપ છે તેની વાચકોજ કલ્પના કરી લે.

તેમનો સ્વર્ગવાસ

